

નમો અરિહંતાણં
નમો સિદ્ધાણં
નમો આયરિયાણં
નમો ઉવજ્ઝાયાણં
નમો લોએ સવ્વ સાહૂણં
એસો પંચ નમુક્કારો
સવ્વ પાવપ્પણાસણો
મંગલાણં ચ સવ્વેસિં
પઢમં હવઈ મંગલં

જિનાગમ પ્રકાશન યોજના

પ. પૂ. આચાર્યશ્રી ઘાંસીલાલજી મહારાજ સાહેબ
કૃત વ્યાખ્યા સહિત

DVD No. 2

(GUJARATI EDITION)

:: યોજનાના આયોજક ::

શ્રી ચંદ્ર પી. દોશી - પીએચ.ડી.

website : www.jainagam.com

SHREE ANUYOGDWAR SUTRAM



શ્રી અનુયોગદ્વાર સૂત્રમ

પ્રથમ વિભાગ

जैनाचार्य-जैनधर्मदिवाकर-पूज्यश्री-घासीलालजी-महाराज-

विरचितया अनुयोगचन्द्रिकाख्यया व्याख्यया समलङ्कृतं

हिन्दी-गुर्जर-भाषाऽनुवादसहितम्

श्री अनुयोगद्वारसूत्रम्

(प्रथमो भागः)

नियोजक :

संस्कृत-प्राकृतज्ञ-जैनागमनिष्णात-प्रियव्याख्यानि

पण्डितमुनि-श्रीकन्हैयालालजी-महाराजः

प्रकाशकः

साणंदनिवासी-श्रेष्ठिश्री डोसाभाई गोपालदासस्मरणार्थं

तत्पुत्रप्रदत्त-द्रव्यसाहाय्येन

अ० भा० श्वे० स्था० जैनशास्त्रोद्धारसमितिप्रमुखः

श्रेष्ठि-श्रीशान्तिलाल-मङ्गलदासभाई-महोदयः

मु० राजकोट

प्रथमा-आवृत्तिः	वीर-संवत्	विक्रम-संवत्	ईसवीसन्
प्रति १२००	२४९३	२०२३	१९६७

मूल्यम्-रू० २५-०-०

અનુયોગદ્વારસુત્ર ભાગ પહેલેકી

વિષયાનુક્રમણિકા

૧	મંગલાચરણ	૧
૨	વિષયોંકા વિવરણ	૧
૩	પાંચપ્રકારકે જ્ઞાનકે સ્વરુપકા નિરુપણ	૫
૪	શ્રુતજ્ઞાનકે સ્વરુપકા નિરુપણ	૧૧
૫	આવશ્યક કે અનુયોગસ્વરુપકા નિરુપણ	૨૦
૬	આવશ્યકકે નિક્ષેપકા નિરુપણ	૨૧
૭	નામાવશ્યકકે નિક્ષેપકા નિરુપણ	૨૨
૮	સ્થાપનાવશ્યક કે સ્વરુપકા નિરુપણ	૨૫
૯	નામાવશ્યક ઔર સ્થાપનાવશ્યક કે ભેદ કા કથન	૨૭
૧૦	દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૩૦
૧૧	નયભેદસે દ્રવ્યાવશ્યક કે સ્વરુપકા નિરુપણ	૩૬
૧૨	નો આગમસે દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૪૧
૧૩	જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૪૨
૧૪	ભવ્યશરીર દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૪૫
૧૫	જ્ઞાયક શરીર ભવ્યશરીર વ્યતિરક્તિ દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૪૬
૧૬	લૌકીક દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૪૭
૧૭	કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૫૦
૧૮	જ્ઞાયક શરીર ભવ્યશરીર વ્યતિરક્તિ લકિોત્તરીય દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૫૩
૧૯	ભાવાવશ્યકકા નિરુપણ	૫૬
૨૦	નો આગમ ભાવાવશ્યકકા નિરુપણ	૫૮

૨૧	કુપ્રાવચનીક ભાવાવશ્યકકા નિરુપણ	૫૯
૨૨	લોકોત્તરીય ભાવાવશ્યકકા નિરુપણ	૬૦
૨૩	ભાવાવશ્યક કે પર્યાય કા નિરુપણ	૬૩
૨૪	નામશ્રુત કા નિરુપણ	૬૪
૨૫	આગમસે દ્રવ્ય શ્રુત કા નિરુપણ	૬૪
૨૬	નોઆગમસે દ્રવ્યાવશ્યક કા નિરુપણ	૬૫
૨૭	જ્ઞાયક શરીર દ્રવ્યશ્રુત કા નિરુપણ	૬૬
૨૮	ભવ્યશરીર દ્રવ્યશ્રુત કા નિરુપણ	૬૬
૨૯	જ્ઞાયક શરીર ભવ્યશરીર વ્યતિરક્તિ દ્રવ્યાશ્રુત કા નિરુપણ	૬૭
૩૦	આગમસે ભાવશ્રુત કા નિરુપણ	૭૦
૩૧	લૌકીક નો આગમસે ભાવશ્રુત કા નિરુપણ	૭૧
૩૨	લોકોત્તરીય નો આાગમસે ભાવશ્રુત કા નિરુપણ	૭૨
૩૩	ભાવશ્રુતકે પર્યાયો કા નિરુપણ	૭૪
૩૪	સ્કન્ધાધીકાર કા નિરુપણ	૭૪
૩૫	દ્રવ્યસ્કન્ધ કા નિરુપણ	૭૬
૩૬	દ્રવ્યસ્કન્ધકે સચિત્ત રુપ પ્રથમ ભેદ કા નિરુપણ	૭૭
૩૭	અચિત્ત દ્રવ્યસ્કન્ધ કા નિરુપણ	૭૮
૩૮	મિશ્ર દ્રવ્યસ્કન્ધ કા નિરુપણ	૭૯
૩૯	અકૃત્સ્નસ્કન્ધ કા નિરુપણ	૮૦
૪૦	અનેક દ્રવ્યસ્કન્ધ કા નિરુપણ	૮૨
૪૧	આગમસે ભાવસ્કન્ધ કા નિરુપણ	૮૩
૪૨	નોઆગમસે ભાવસ્કન્ધ કા નિરુપણ	૮૩
૪૩	સ્કન્ધો કે પર્યાયો કા નિરુપણ	૮૪

૪૪	આવશ્યકકે છ અધ્યાયો કા નિરુપણ	૮૫
૪૫	આવશ્યક વ્યાખ્યાત હો ચુકે ઔર આગે વ્યાખ્યાત હોનેવાલે વિષય કા નિરુપણ	૮૬
૪૬	લૌકીક ઉપક્રમ કા નિરુપણ	૮૮
૪૭	સચિત્ત દ્રવ્યોપક્રમ કા નિરુપણ	૮૯
૪૮	દ્વિપદ સંબંધી દ્રવ્યોપક્રમ કા નિરુપણ	૯૦
૪૯	ચતુષ્પદ વિષયક દોનોં પ્રકારકે ઉપક્રમ કા નિરુપણ	૯૧
૫૦	અપદ વિષય દોનો પ્રકારકે ઉપક્રમ કા નિરુપણ	૯૨
૫૧	અચિત્ત દ્રવ્યોપક્રમ કા નિરુપણ	૯૨
૫૨	મિશ્ર દ્રવ્યોપક્રમ કા નિરુપણ	૯૨
૫૩	ક્ષેત્રોપક્રમ કા નિરુપણ	૯૩
૫૪	કાલોપક્રમ કા નિરુપણ	૯૪
૫૫	નોઆગમસે ભાવોપક્રમ કા નિરુપણ	૯૫
૫૬	શાસ્ત્રભાવોપક્રમ કા નિરુપણ	૯૯
૫૭	આનુપુર્વી આદિ કે સ્વરુપ કા નિરુપણ	૧૦૦
૫૮	નામાદિ આનુપુર્વી કા નિરુપણ	૧૦૦
૫૯	અનૌપનિધિકી દ્રવ્યાનુપુર્વી કા નિરુપણ	૧૦૬
૬૦	નૈગમવ્યવહારઅર્થપદ કા નિરુપણ	૧૧૦
૬૧	ભક્તસમૂત્કીર્તનતા કા નિરુપણ	૧૧૧
૬૨	ભંગોપદર્શનતા કા નિરુપણ	૧૧૩
૬૩	સમવતારકે સ્વરુપ કા નિરુપણ	૧૧૫
૬૪	અનુગમકે સ્વરુપ કા નિરુપણ	૧૧૭
૬૫	સત્પદ કા નિરુપણ	૧૧૮

૬૬	દ્રવ્યપ્રમાણ કા નિરુપણ	૧૧૯
૬૭	ક્ષેત્રપ્રમાણ કા નિરુપણ	૧૨૦
૬૮	સ્પર્શનાદ્વાર કા નિરુપણ	૧૨૨
૬૯	કાલદ્વાર કા નિરુપણ	૧૨૪
૭૦	અન્તરદ્વાર કા નિરુપણ	૧૨૫
૭૧	ભાગદ્વાર કા નિરુપણ	૧૨૯
૭૨	ભાવદ્વાર કા નિરુપણ	૧૩૨
૭૩	અલ્પ બહુત્વદ્વાર કા નિરુપણ	૧૩૩
૭૪	અર્થપદ કા નિરુપણ	૧૩૭
૭૫	ભંગ સમુત્કીર્તનતા	૧૩૮
૭૬	ભંગોપદર્શનતા કા નિરુપણ	૧૪૦
૭૭	સમવતારકે સ્વરુપ કા નિરુપણ	૧૪૦
૭૮	અનુપમકે સ્વરુપ કા નિરુપણ	૧૪૧
૭૯	પુર્વાનુપુર્વી આદિ તીન ભેદોં કા નિરુપણ	૧૪૫
૮૦	પુદગલાસ્તિકાયકોં અધિકૃત કરકે તીન દ્રવ્યો કા નિરુપણ	૧૪૭
૮૧	ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૫૦
૮૨	અર્થપદકી પ્રરુપણા	૧૫૧
૮૩	અર્થપદ પ્રરુપણા કે પ્રયોજન કા નિરુપણ	૧૫૩
૮૪	ભંગસમુત્કીર્તનતા કે પ્રયોજન કા નિરુપણ	૧૫૪
૮૫	ભંગોપદર્શનતા કા નિરુપણ	૧૫૪
૮૬	સમવતાર કા નિરુપણ	૧૫૬
૮૭	અનુગમ કા નિરુપણ	૧૫૬
૮૮	દ્રવ્યપ્રમાણ કા નિરુપણ	૧૫૭

૮૯	ક્ષેત્રપ્રમાણદ્વાર કા નિરુપણ	૧૫૮
૯૦	સ્પર્શનાદ્વાર કા નિરુપણ	૧૬૩
૯૧	કાલદ્વાર કા નિરુપણ	૧૬૩
૯૨	અન્તરદ્વાર કા નિરુપણ	૧૬૫
૯૩	ભાગદ્વાર કા નિરુપણ	૧૬૭
૯૪	ભાવદ્વાર કા નિરુપણ	૧૭૧
૯૫	અલ્પબહુત્વદ્વાર કા નિરુપણ	૧૭૨
૯૬	અનૌપનિધિકી ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૭૪
૯૭	ઔપોનિધિકી ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૭૬
૯૮	અધોલોક ગત ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૭૮
૯૯	તિર્યગ્લોક ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૭૯
૧૦૦	ઊર્ધ્વલોક ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ	૧૮૧
૧૦૧	કાલનુપુર્વી આદિ કા નિરુપણ	૧૮૪
૧૦૨	નૈગમવ્યવહારનયસંમત અર્થપદ કા નિરુપણ	૧૮૪
૧૦૩	નૈગમવ્યવહારનયસંમત ભંગસમુત્કીર્તન કા નિરુપણ	૧૮૭
૧૦૪	નૈગમવ્યવહારનયસંમત ભંગોપદર્શન કા નિરુપણ	૧૮૮
૧૦૫	સમસ્તારકે સ્વરુપ કા નિરુપણ	૧૯૦
૧૦૬	અનુગમકે સ્વરુપ કા નિરુપણ	૧૯૧
૧૦૭	ક્ષેત્રદ્વાર ઔર સ્પર્શનાદ્વાર કા નિરુપણ	૧૯૩
૧૦૮	કાલદ્વાર કા નિરુપણ	૧૯૬
૧૦૯	અન્તરદ્વાર કા નિરુપણ	૧૯૮
૧૧૦	અનૌપનિધિકી કાલાનુપુર્વી કા નિરુપણ	૨૦૧
૧૧૧	અર્થપદપ્રરુપણા આદી કા નિરુપણ	૨૦૧

૧૧૨	ઔપનિધિકી કાલાનુપુર્વી કા નિરુપણ	૨૦૨
૧૧૩	ઊત્કીર્તનાનુપુર્વી કા નિરુપણ	૨૦૫
૧૧૪	ગણનાનુપુર્વી કા નિરુપણ	૨૦૭
૧૧૫	સસ્થાંનાનુપુર્વી કા નિરુપણ	૨૦૮
૧૧૬	સામાચાર્યાનુપુર્વી કા નિરુપણ	૨૧૦
૧૧૭	ભાવાનુપુર્વી કા નિરુપણ	૨૧૪
૧૧૮	ઉપક્રમકે દુસરેભેદ નામ કા નિરુપણ	૨૧૫
૧૧૯	એક નામકે સ્વરુપ કા નિરુપણ	૨૧૬
૧૨૦	દિવનામ આદિકે સ્વરુપ કા નિરુપણ	૨૧૭
૧૨૧	ત્રિનામકે સ્વરુપ કા નિરુપણ	૨૧૮
૧૨૨	પર્યવનામકા નિરુપણ	૨૨૨
૧૨૩	પ્રકારાન્તરસે ત્રિનામ કા નિરુપણ	૨૨૬
૧૨૪	ચર્તુનામ કા નિરુપણ	૨૨૮
૧૨૫	પાંચનામો કા નિરુપણ	૨૩૦
૧૨૬	છ નામો કા નિરુપણ	૨૩૧
૧૨૭	ઔદયિકાદિ ભાવોંકે સ્વરુપ કા નિરુપણ	૨૩૨
૧૨૮	ઔપશમિક ભાવ કા નિરુપણ	૨૩૫
૧૨૯	ક્ષાયિક ભાવ કા નિરુપણ	૨૩૭
૧૩૦	ક્ષાયોપશમિક ભાવ કા નિરુપણ	૨૪૫
૧૩૧	પારિણામિક ભાવ કા નિરુપણ	૨૫૧
૧૩૨	સાન્નિપાતિક ભાવ કા નિરુપણ	૨૫૪
૧૩૩	દિવકાદિ સંયોગકા નિરુપણ	૨૫૪
૧૩૪	દિવકાદિ ત્રિકસંયોગજ સાંનિપાતિકભાવ કા નિરુપણ	૨૫૭

૧૩૫	ચતુષ્કસંયોગજ સાંનિપાતિકભાવ કા નિરુપણ	૨૬૩
૧૩૬	પંચક સાંનિપાતિકભાવ કા નિરુપણ	૨૬૬
૧૩૭	સપ્તનામ કા નિરુપણ	૨૬૮
૧૩૮	કારણદર્શનપુર્વક સ્વરોં કા નિરુપણ	૨૭૦
૧૩૯	સાત સ્વરો કે લક્ષણ કા નિરુપણ	૨૭૨
૧૪૦	સ્વરોંકે ગ્રામ એવં મુર્છના કા નિરુપણ	૨૭૩
૧૪૧	સ્વરકે ઉત્પત્તિ આદિ કા નિરુપણ	
૧૪૨	ગૌતમ હેય ઔર ઉપાદેય કા નિરુપણ	૨૭૪
૧૪૩	અષ્ટનામ કા નિરુપણ	૨૭૭
૧૪૪	નવનામ કા નિરુપણ	૨૮૦
૧૪૫	લક્ષણપુર્વક વીરરસ કા નિરુપણ	૨૮૧
૧૪૬	લક્ષણપુર્વકશ્રૃંગારરસ કા નિરુપણ	૨૮૧
૧૪૭	લક્ષણ સહિત અદભુતરસ કા નિરુપણ	૨૮૨
૧૪૮	લક્ષણ સહિત રૌદ્રરસ કા નિરુપણ	૨૮૪
૧૪૯	લક્ષણ સહિતબ્રીડનકરસ કા નિરુપણ	૨૮૫

મંગલાચરણ

અનુયોગદ્વાર સૂત્રનું ભાષાન્તર પ્રારંભ—

જેમણે ચાર ઘાતિયા કર્મોનો સંપૂર્ણતઃ ક્ષય કરીને કેવળજ્ઞાનરૂપી અનંત પ્રકાશને પ્રાપ્ત કરી લીધો છે, અને તે કારણે જેઓ મોક્ષમાર્ગના વિધાયક તથા અનંત અવ્યબાધ સુખના નિધાન (નિધિ) બનેલા છે, જેઓ ભવ્ય જીવોને મુખ્યત્વે જ્ઞાનનું દાન દે છે અને જીવોની રક્ષા કરવામા જે સદા તત્પર રહે છે, દેવો અને મનુષ્યો જેમના ગુણો ગાય છે, અને જેઓ શાન્તરસના નિદાન આદિકારણ છે એવાં અંતિમ તીર્થંકર શ્રી મહાવીર જિનેન્દ્રને હું નમસ્કાર કરું છું. ॥ ૧ ॥

જેઓ કરણસત્તરિ (સત્તર કરણ) અને ચરણસત્તરિ (સત્તર ચરણ)ના ધારક છે, સમસ્ત ૧૪ પૂર્વરૂપ સમુદ્રનો પાર જેમણે પામી લીધો છે, અત્યંત શ્રેષ્ઠ સમ્યગ્દર્શન-આદિ ગુણોથી જેઓ વિભૂષિત છે, જેમણે પોતાના સંસારનો અન્ત કરી નાખ્યો છે, જેઓ સમસ્ત લબ્ધિયોના ભંડાર છે, અને વિજ્ઞાન (વિશિષ્ટ જ્ઞાન)ની સિદ્ધિ જેમને થઇ ચુકી છે એવાં મુનિશ્રેષ્ઠ ગૌતમ ગણધરને હું નમસ્કાર કરું છું ॥ ૨ ॥

ત્રણ ગુપ્તિઓ અને પાંચ સમિતિઓ તથા સમસ્ત વિરતિને સદા ધારણ કરનારા, પૃથ્વીના જેવા સહિષ્ણુ, નિર્મલ ચારિત્રના આરાધક, સદોરકમુખવસ્ત્રિકા (મુહપત્તી) વડે જેમનું મુખચન્દ્ર સદા સુશોભિત રહે છે, જેઓ આ દુરન્ત સંસારમાં ભ્રમણ કરતાં જીવો માટે નૌકા સમાન છે, એવાં અપૂર્વ બોધવિશિષ્ટ ગુરૂદેવને હું નમસ્કાર કરું છું. ॥ ૩ ॥

વિષયો કા વિવરણ

ભવ્ય જીવોના ઉપકારને માટે, પ્રવચનના સિદ્ધાન્તનું સ્પષ્ટીકરણ કરનારી, અનુયોગદ્વાર સૂત્રની અનુયોગચન્દ્રિકા નામની સરળ વ્યાખ્યા, કે જે ભવ્ય જીવોને માટે આનંદપ્રદ છે, તેની હું ઘાસીલાલજી મુનિ, રચના કરું છું. ॥ ૪ ॥

ચાર ગતિવાળા આ સંસારમાં મનુષ્યજન્મની પ્રાપ્તિ થવી ઘણી દુષ્કર છે. તેની દુષ્કરતાનું શાસ્ત્રકારોએ નીચેના દૃષ્ટાન્ત દ્વારા પ્રતિપાદન કર્યું છે.

ધારો કે કોઇ એક દેવ ક્રીડામાં તત્પર બનેલો છે. તે વજ્રની મદદથી માણેકના સ્તંભને તોડી નાખીને તેના ચૂરેચૂરા કરી નાખે છે. ત્યાર બાદ તે ચૂર્ણને એક નળીમાં ભરી લે છે. ત્યારબાદ તે દેવ તે માણેકના ભૂકાથી ભરેલી નળીને લઇને મેરૂ પર્વતના શિખર ઉપર જઇને ઊભો રહે છે અને ફૂંક મારી મારીને તે નળીમાં ભરેલા માણેકના ભૂકાને ચારે દિશાઓમાં ઉડાડી દે છે. ત્યાર બાદ પ્રચંડ વાયુ ફુંકાવાને લીધે ચારે દિશાઓમાં વિખરાયેલા તે માણેકના પરમાણુઓ દૂર દૂર સુધી ઊડી જઇને વેર વિખેર થઈ જાય છે. હવે ધારો કે તે દેવ એવો વિચાર કરે કે સર્વ દિશાઓમાં વેરવિખેર પડેલા તે માણેકના પરમાણુઓને એકત્ર કરીને ફરીથી

તેમાંથી માણિક્ય સ્તંભનું નિર્માણ કરું. તો તે વેર વિખર થઈને પડેલા પરમાણુઓને એકત્ર કરીને તેમાંથી માણિક્ય સ્તંભનું નિર્માણ કરવાનું કામ તે દેવને માટે જેટલું દુષ્કર છે, એટલું જ દુષ્કર ચાર ગતિવાળા આ સંસારમાં ભટકતાં જીવોને માટે મનુષ્ય જન્મની પ્રાપ્તિરૂપ કાર્ય છે. એજ વાત સૂત્રકારે "चूर्णीकृत्य," ઇત્યાદિ શ્લોક દ્વારા પ્રકટ કરી છે.

આ રીતે અતિ દુર્લભ એવા મનુષ્યજન્મને પ્રાપ્ત કરીને, મિથ્યાત્વરૂપ અંધકારનો નાશ કરનાર, શ્રદ્ધારૂપી જ્યોતિને પ્રકાશિત કરનાર, તત્ત્વ અને અતત્ત્વના સ્વરૂપનું પ્રતિપાદન કરનાર, એવા ધર્મનું શ્રવણ કે જે જીવોને માટે અમૃતપાન સમાન હિતકર છે, જે ચમકતી એવી ચન્દ્રિકાના પ્રકાશસમાન હૃદયને આનંદદાયક છે, જાગૃત અવસ્થામાં જે સ્વપ્નદૃષ્ટ વસ્તુની પ્રાપ્તિના સમાન પ્રમોદકારક છે, જે ભૂમિની નીચે છુપાયેલા ખજાનાની પ્રાપ્તિસમાન સુખદાયક છે, જે સમસ્ત સંતાપોનું નાશક છે, એવા ધાર્મિક પ્રવચનનું ભાવિક જીવે શ્રવણ કરવું જોઇએ.

આ પ્રકારના ધર્મશ્રવણને પ્રાપ્ત કરીને, તેના પ્રભાવથી સંસારસાગરને પાર કરવાને માટે શ્રદ્ધાની ખાસ જરૂર રહે છે તે શ્રદ્ધાને અહીં નૌકા સમાન કહી છે, કારણ કે સંસારસાગરને પાર કરવામાં તે નૌકાની જરૂર સારે છે. એવી નૌકા સમાન, મિથ્યાત્વરૂપ ગહન અન્ધકારને ભેદવામાં સૂર્યસમાન, સ્વર્ગ અને મોક્ષના સુખ પ્રાપ્ત કરાવવામાં ચિન્તામણિ રત્ન સમાન ક્ષપકશ્રેણિ પર આરોહણ કરાવવામાં નિસરણી સમાન, એવી શ્રદ્ધા ધર્મતત્ત્વ પ્રત્યે હોવી જોઇએ. એવી શ્રદ્ધા જીવોના અનાદિ કાળથી સંચિત કર્મરૂપ શત્રુઓનો નાશ કરનારી અને કેવળજ્ઞાન અને કેવળદર્શનની પ્રાપ્તિ કરાવનારી હોય છે.

જળની જેમ સંચિત કર્મરૂપ રજને ધોનાર, મંત્રની જેમ ભોગરૂપ ભુજંગને દૂર કરનાર, પવનની જેમ ભવિષ્યકાલિન કર્મરૂપ વાદળોને અસ્તવ્યસ્ત કરી નાખનાર, પ્રાચી દિશા (પૂર્વ દિશા) સમાન કેવળજ્ઞાનરૂપ સૂર્યને પ્રકટ કરનાર, અને કલ્પવૃક્ષ સમાન આદિ અનંત મુક્તિના સામ્રાજ્યરૂપ ઇચ્છિત પદાર્થની પ્રાપ્તિ કરાવનાર એવા સંયમને પ્રાપ્ત કરીને તથા હેય અને ઉપાદેયરૂપ વસ્તુઓના સ્વરૂપના નિરૂપક અને અવ્યાબાધ સુખના જનક આચારાંગ આદિ આગમશાસ્ત્રોનું વિધિપૂર્વક અધ્યયન કરીને તથા સંસાર સાગરને તરી જવામાં મહાતરણિ (નૌકા) જેવા. શિવપદના સોપાન ન, સૂત્રના પરમાર્થને પ્રકટ કરનાર, સ્વ અને પર સમયના (જૈન સિદ્ધાંત અને સિદ્ધાંતોના) રહસ્યને પ્રકટ કરનાર, જેના પ્રભાવથી જીવને સિદ્ધિની પ્રાપ્તિ થાય છે, અનાદિ ભવ પરમ્પરાથી સંચિત અષ્ટવિધ કર્મોના સમૂહનો જેના દ્વારા વિનાશ થઇ જાય છે, તથા મિથ્યાત્વરૂપ અન્તરંગ ગ્રન્થિનું જે ભેદક હોય છે, અને સમ્યક્ જ્ઞાનરૂપ વર્ષા વરસાવવાને જે સમર્થ હોય છે, એવા પ્રવચનનું શ્રવણ કરવામાં તથા પઠન કરવામાં જીવે તત્પર રહેવું જોઇએ જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયોપશમથી ઉત્પન્ન થયેલી વિશદ પ્રજ્ઞા કે જે સમસ્ત તત્ત્વોના સ્વરૂપનું યથાર્થ દર્શન કરાવે છે, અને જેના દ્વારા દ્રવ્યોના સહવર્તી ગુણો અને ક્રમવર્તી પર્યાયોનું વાસ્તવિક ભાન થાય છે, એ વાતને સમજીને મોક્ષાભિલાષી જીવોએ પ્રવચનનું વ્યાખ્યાન કરવામાં પ્રયત્નશીલ રહેવું જોઇએ.

પ્રશ્ન–"અનુયોગ" શબ્દનો શો અર્થ થાય છે ?

ઉત્તર–ભગવાને અર્થરૂપ જે પ્રવચનની પ્રરૂપણા કરી છે, તેને અનુકૂળ અથવા તેની અનુસાર વકતાદ્વારા પ્રવચનનું જે કથન કરાય છે તેનું નામ અનુયોગ છે.

અહીં કથન કરવારૂપ વ્યાપારને યોગ કહેવામાં આવેલ છે. ભગવદ્ભાષિત અર્થને ગણધરોએ સૂત્રરૂપે ગ્રથિત કર્યો છે. પરન્તુ તે ગ્રંથનકાર્યમાં તેમણે પોતાની કલ્પનાથી કોઈ પણ વસ્તુનો ઉમેરો કર્યો નથી ભગવાનનું જે પ્રકારનું કથન હતું તેને અનુરૂપ કથન જ તેમણે કર્યું છે. ભગવાનના કથનમાં સહેજ પણ વધારો કે ઘટાડો કર્યા વિના. તથા વિપરીતતા અને ભાવવૈલક્ષણ્યનો પરિહાર કરીને તેમણે તે કથન અનુસારનું જ કથન સૂત્રરૂપે ગ્રંથિત કરેલું છે. તે કારણે ગણધરો દ્વારા કથિત સૂત્રોમાં ન્યૂનતા. અધિકતા આદિનો અલ્પ માત્રામાં પણ સદ્ભાવ નથી. આ પ્રકારે ભગવદુકત (અર્હંતો દ્વારા કથિત) અર્થને અનુરૂપ પ્રતિપાદન રૂપ જે વ્યાપાર છે તેનું નામ જ અનુયોગ છે. આ પ્રકારનો અનુયોગ પદનો અર્થ ફલિત થાય છે.

આ અનુયોગ નીચે પ્રમાણે ચાર પ્રકારના છે–(૧) ચરણકરણાનુયોગ, (૨) ધર્મકથાનુયોગ, (૩) ગણિતાનુયોગ અને (૪) દ્રવ્યાનુયોગ.

જે પ્રકારે ગણધર સુધર્માસ્વામીએ પોતાના શિષ્ય જંબૂસ્વામીની સમક્ષ ભગવદુકત અર્થને અનુરૂપ કથન કરવા રૂપ અનુયોગનું ઉપક્રમ આદિ ચાર દ્વારોનો આશ્રય લઈને કથન કર્યું છે; એજ પ્રમાણે અન્ય આચાર્યોએ પણ શિષ્યોના હિતને માટે સૂત્રાર્થનું કથન કરવા રૂપ અનુયોગ કરવો જોઈએ. જો કે આચાર્યોએ શિષ્યોને માટે સમસ્ત આગમોનો અનુયોગ કરવો જોઈએ, પરન્તુ આ સૂત્રમાં આવશ્યકનો અનુયોગ પ્રસ્તુત કરવામાં આવ્યો છે, કારણ કે આવશ્યકનો અનુયોગ કરવાને સમર્થ હોય એવા આચાર્ય અથવા મુનિજન સમસ્ત આગમોનો અનુયોગ કરવામાં સમર્થ બની જાય છે. તેથી અનુયોગની વિધિને જાણવાની ઇચ્છાવાળા મુનિઓએ આ અનુયોગદ્વાર સૂત્રનું અધ્યયન અવશ્ય કરવું જોઈએ. આ શબ્દનો અન્તર્ભાવ (સમાવેશ) દ્રવ્યાનુયોગમાં થયો છે. અનુયોગ શબ્દનો અર્થ વ્યાખ્યાત સમજવો.

આ વ્યાખ્યાનરૂપ અનુયોગના દ્વારોનું પ્રતિપાદન કરનાર જે સૂત્ર–આગમ–છે, તેનું નામ અનુયોગદ્વાર સૂત્ર છે. અનુયોગના જે ચાર દ્વાર છે, તે નીચે પ્રમાણે છે. (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય. વ્યાખ્યેય વસ્તુના નામનું કથન કરવું એટલે કે વ્યાચિખ્યાસિત વ્યાખ્યાથી યુકત કરવાની ઇચ્છાના વિષયરૂપ બનેલ શાસ્ત્રને તે તે રૂપે પ્રતિપાદન કરવાની શૈલી વડે ન્યાસદેશમાં લાવવું. તેને નિક્ષેપની યોગ્યતાવાળું બનાવવું તેનું નામ ઉપક્રમ છે. ઉપક્રાન્ત-ઉપક્રમના અન્તર્ગત ભેદોની અપેક્ષાએ વિચારાયેલી વસ્તુનો જ નિક્ષેપ થાય છે–અનુપક્રાન્તનો થતો નથી. જે ઉપક્રમિત અને વ્યાચિખ્યાસિત છે એવા છ પ્રકારના આવશ્યક આદિ શાસ્ત્રનું નામ સ્થાપના આદિ ભેદોથી નિરૂપણ કરવું. તેનું નામ નિક્ષેપ છે નામાદિના ભેદથી નિરુપિત શાસ્ત્રનું અનુકૂળ જ્ઞાન હોવું અને તેના અર્થનું અનુકૂળ કથન કરવું

તેનું નામ અનુગમ છે. અનેક ધર્માત્મક અર્થાત્ અનેક ધર્મના સ્વભાવવાળી વસ્તુની જે એકાંશના અવલંબનથી પ્રતીતિ કરાવે છે તેનું નામ નય છે.

નગરના દૃષ્ટાન્ત દ્વારા આ ચાર દ્વારોનું હવે સ્પષ્ટીકરણ કરવામાં આવે છે-

જે નગરને દરવાજો જ ન હોય તેને વાસ્તવિક રીતે તો નગર જ કહી શકાય નહીં. કોઈ નગરને માત્ર પૂર્વાદિ કોઇ એક જ દિશામાં એક જ દરવાજો હોય, તે નગરમાં દાખલ થવાનું કે તે નગરમાંથી બહાર જવાનું કાર્ય મુશ્કેલ બની જાય છે, કારણ કે હાથી, ઘોડા આદિ પ્રાણીઓ તથા મનુષ્યોની અવરજવરમાં સંઘર્ષ થવાને કારણે તે નગરમાં પ્રવેશ કરવાનું કે તે નગરમાંથી બહાર નીકળવાનું કાર્ય દુષ્કર બની જાય છે, તથા તે અવર-જવર કયારેક અનર્થોત્પાદક પણ બની જતી હોય છે. કોઇ નગરમાં પૂર્વ પશ્ચિમ બે દિશામાં બે દ્વારો હોય તો તે તે દિશામાં રહેલા પ્રાણીઓ અને મનુષ્યોને તો અવર જવર કરવાની અનુકૂળતા રહે છે, પરન્તુ અન્ય દિશાઓમાં જે પ્રાણીઓ અને મનુષ્યો રહેતા હોય છે, તેમને તો અવર-જવરમાં મુશ્કેલી જ પડે છે. અન્ય દિશાઓમાંથી નગરમાં પ્રવેશ કરતાં હાથી, રથ ઘોડા આદ પ્રાણીઓ અને નગરની બહાર જતા પ્રાણીઓ વચ્ચે સંઘર્ષ થયા જ કરે છે, તે કારણે તે નગરમાં પ્રવેશ કરવાનું અને તે નગરમાંથી નિર્ગમન કરવાનું કાર્ય મુશ્કેલ જ થઇ પડે છે. ત્યાં એકબીજા વચ્ચે ધક્કા ધક્કી થવાથી અનેક પ્રકારના અનિષ્ટો પણ ઉદ્ભવે છે. એજ પ્રમાણે જો તે નગરને ત્રણ દિશાઓમાં ત્રણ દરવાજા રાખ્યા હોય તો પહેલા અને બીજા પ્રકારના નગર કરતાં પ્રવેશ અને નિર્ગમમાં અધિક સરળતા તો રહે છે, પણ સંપૂર્ણ સરળતા તો રહેતી નથી. પણ જો નગરમાં આવવા-જવા માટે ચારે દિશાઓમાં ચાર દરવાજા રાખ્યા હોય, તથા બીજા માર્ગોને જોડતાં બીજાં પણ ઉપદ્વારો રાખ્યાં હોય, તો ત્યાં અવરજવરમાં કોઇ પણ પ્રકારનો સંઘર્ષ થતો નથી-કોઈ પણ બે પ્રાણીઓ વચ્ચે ધક્કાધક્કી ચાલતી નથી અને તે કારણે ત્યાં કોઇ પણ પ્રકારના અનર્થની શકયતા રહેતી નથી. ત્યાં પ્રાણીઓ અને મનુષ્યો સરળતાથી પ્રવેશ પણ કરી શકે છે અને નિર્ગમ પણ કરી શકે છે. એજ પ્રમાણે આવશ્યકરૂપ નગર પણ જો ઉપક્રમ આદિ ચાર દ્વારોથી રહિત હોય, તો જ્ઞાનના વિષયરૂપ બની શકતું નથી-એટલે કે તેનું વાસ્તવિક રહસ્ય જાણી શકાતું નથી. તેથી તેને યથાર્થરૂપે જાણવા માટે ઉપક્રમ આદ આ ચારે દ્વારોની પરમ આવશ્યકતા રહે છે. કેવળ એક ઉપક્રમ દ્વારથી જ, અથવા ઉપક્રમ અને નિક્ષેપરૂપ બે દ્વારોથી અથવા ઉપશમ, નિક્ષેપ અને અનુગમરૂપ ત્રણ દ્વારોથી તેનો અર્થ જાણી શકતો નથી અર્થાધિગમ (અર્થનું જ્ઞાન) થયા વિના તો કલેશ અને અનર્થને પાત્ર થવું પડે છે. જ્યારે ભેદ પ્રભેદ સહિત આ ઉપક્રમ આદિ ચારે દ્વારોનો તેમાં સદ્ભાવ હોય છે, ત્યારે તેની સહાયતાથી ઘણા થોડા સમયમાં જ અને સરળતાથી વાસ્તવિકરૂપે શાસ્ત્રના અર્થનો બોધ થઇ જાય છે, અને તેને લીધે તે શાસ્ત્ર શાશ્વત સુખપ્રદ પણ થઈ જાય છે. તેથી સૂત્રકારે પૂર્વોક્ત ઉપક્રમ આદિ ચાર દ્વારોને એનુલક્ષીને છ પ્રકારના આવશ્યકોનું પ્રતિપાદન કરવાને માટે આ સૂત્રને પ્રસ્તુત કર્યું છે.

આ શાસ્ત્રમાં પ્રવૃત્તિ થવાને નિમિત્તે ચાર બાબતોની આવશ્યકતા રહે છે. જે ચાર બાબતોની આવશ્યકતા રહે છે તે ચાર બાબતોને અનુબંધ ચતુષ્ટય કહે છે. તે ચાર બાબતો નીચે પ્રમાણે છે-વિષય, પ્રયોજન, સંબંધ અને અધિકારી. આ શાસ્ત્રનો જે અભિધેય છે તેનું નામ જ વિષય છે. તે વિષય ઉપક્રમ

આદિ ચાર અનુયોગ દ્વારરૂપ જ છે. પ્રયોજન એટલે ફળ. તે પ્રયોજન બે પ્રકારનું હોય છે. અનન્તર સાક્ષાત્ અને (૨) પરમ્પરા ફળ.

વાંચનારા અને શ્રવણ કરનારા ભવ્ય જીવોનું તેના દ્વારા કલ્યાણ થાય, એવી જે ભાવના તે શાસ્ત્રકારના હૃદયમાં હોય છે, તે ગ્રન્થકર્તાની અપેક્ષાએ તેનું સાક્ષાત પ્રયોજન છે. તથા તેનું અધ્યયન કરવાથી કે શ્રવણ કરવાથી અધ્યયન કરનારને કે શ્રોતાને જે બોધ થાય છે, તે તેમની અપેક્ષાએ તેનું સાક્ષાત પ્રયોજન ગણાય છે. ગ્રન્થ (શાસ્ત્ર) કર્તાને, ગ્રન્થનું અધ્યયન કરનારને અને તેનું શ્રવણ કરનારને જે પરમપદની પ્રાપ્તિ થાય છે, એજ તેનું પરમ્પરા પ્રયોજન ગણાય છે. શાસ્ત્રનો અને વિષયનો પ્રતિબોધ્ય-પ્રતિબોધકભાવ રૂપ સંબંધ હોય છે. વિષય પ્રતિબોધ્ય અને શાસ્ત્ર તેનું પ્રતિબોધક હોય છે. જિનાજ્ઞાનું આરાધન કરનાર જીવ તેનો અધિકારી ગણાય છે.

પાંચ પ્રકારકે જ્ઞાનકા નિરુપણ

શાસ્ત્રકારે શિષ્ટ પુરુષોના આચારનું પાલન કરવા માટે, શાસ્ત્રની નિર્વિઘ્ને પરિસમાપ્તિ કરવા નિમિત્તે અને શિષ્યોમાં શાસ્ત્રવિષયીભૂત અર્થજ્ઞાનની પ્રાપ્તિનો દૃઢ વિશ્વાસ જમાવવાને નિમિત્તે જો કે શાસ્ત્ર પોતે જ મંગળરૂપ હોવા છતાં પણ-આ શાસ્ત્રનો પ્રારંભ કરતી વખતે સૌથી પહેલાં મંગળ સૂત્રનો પાઠ કર્યો છે.

"नाणं पंचविहं पण्णत्तं" ઇત્યાદિ ॥ સૂ. ૧ ॥

શબ્દાર્થ—(**णाणं**) જ્ઞાન (**पंचविहं**) પ્રાચ પ્રકારનું (**पण्णत्तं**) કહ્યું છે. અહીં 'જ્ઞાન' શબ્દ ભાવસાધન, કરણસાધન અને કર્તૃસાધનરૂપ છે. ભાવસાધનમાં જ્ઞાનની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે. **"ज्ञातिः-ज्ञानम्"** જાણવું તેનું નામ જ્ઞાન છે. કરણસાધનમાં જ્ઞાનની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે-**"ज्ञायते अनेन इति ज्ञानम्"** આત્મા જેના દ્વારા પદાર્થોને જાણે છે તેનું નામ જ્ઞાન છે. આ કરણસાધન દ્વારા જ્ઞાનાવરણકર્મનો ક્ષય અથવા ક્ષયોપશમ લક્ષિત થાય છે, કારણ કે જ્ઞાનાવરણીય કર્મનો ક્ષય અથવા ક્ષયોપશમ થવાથી જ આત્મામાં જ્ઞાનનો પ્રાદુર્ભાવ થાય છે અથવા જ્ઞાનમાં સર્વથા નિર્મળતા પ્રકટ થાય છે. તેથી જ્ઞાનાવરણનો ક્ષય અને ક્ષયોપશમ જ્ઞાન રૂપ જ હોવાને કારણે અભેદ સંબંધની અપેક્ષાએ જ્ઞાનરૂપ જ નિવડે છે. તેથી કરણસાધનમાં પદાર્થોને જાણવામાં અત્યન્ત સાધક જે જ્ઞાન છે તેને જ અહીં ગ્રહણ કરાયું છે. એવું જ્ઞાન જ્ઞાનાવરણના ક્ષય અને ક્ષયોપશમ સ્વરૂપ જ હોય છે. એજ પ્રમાણે "પદાર્થ જેના વડે જાણી શકાય તે જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિ કરવામાં આવે તો પણ જ્ઞાનાવરણનો ક્ષય અને ક્ષયોપશમ જ્ઞાનરૂપ જ થઈ પડે છે, કારણ કે પદાર્થ જ્ઞાનદ્વારા જ જાણી શકાય છે. **"ज्ञायते अस्मिन्निति ज्ञानमात्मा"** "પદાર્થ જેમાં જાણી શકાય તેનું નામ જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિમાં આત્મા જ્ઞાનરૂપ પ્રતિપાદિત થાય છે. અહીં પરિણામ અને પરિણામવાળામાં અભેદ હોવાને કારણે આત્માને જ્ઞાનરૂપ માની લેવામાં આવ્યો છે, કારણ કે જ્ઞાનાવરણ કર્મના ક્ષય અથવા ક્ષયોપશમવાળા આત્માનું પરિણામ જ્ઞાન છે અને આત્મા તે પ્રકારના પરિણામવાળો છે. **"जानाति इति ज्ञानम्"** આ વ્યુત્પત્તિ અનુસાર પણ એજ અર્થ પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાં અર્થની અપેક્ષાએ પાંચ પ્રકારતા તીર્થંકરોએ પ્રરૂપિત કરી છે અને સૂત્રની અપેક્ષાએ પાંચ પ્રકારતા ગણધરોએ પ્રરૂપિત કરી છે. આ બાબતમાં ગણધરોએ પોતાના તરફથી કલ્પિત કરીને કંઈ પણ મિશ્રિત કર્યું નથી, એજ વાત સૂત્રકારે **"पण्णत्तं"** પદ દ્વારા પ્રકટ કરી છે. અથવા

તેથી કરણસાધનમાં પદાર્થોને જાણવામાં અત્યન્ત સાધક જે જ્ઞાન છે તેને જ અહીં ગ્રહણ કરાયું છે. એવું જ્ઞાન જ્ઞાનાવરણના ક્ષય અને ક્ષયોપશમ સ્વરૂપ જ હોય છે. એજ પ્રમાણે "પદાર્થ જેના વડે જાણી શકાય તે જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિ કરવામાં આવે તો પણ જ્ઞાનાવરણનો ક્ષય અને ક્ષયોપશમ જ્ઞાનરૂપ જ થઈ પડે છે, કારણ કે પદાર્થ જ્ઞાનદ્વારા જ જાણી શકાય છે. "**ज्ञायते अस्मिन्निति ज्ञानमात्मा**" "પદાર્થ જેમાં જાણી શકાય તેનું નામ જ્ઞાન છે," આ પ્રકારની વ્યુત્પત્તિમાં આત્મા જ્ઞાનરૂપ પ્રતિપાદિત થાય છે. અહીં પરિણામ અને પરિણામવાળામાં અભેદ હોવાને કારણે આત્માને જ્ઞાનરૂપ માની લેવામાં આવ્યો છે, કારણ કે જ્ઞાનાવરણ કર્મના ક્ષય અથવા ક્ષયોપશમવાળા આત્માનું પરિણામ જ્ઞાન છે અને આત્મા તે પ્રકારના પરિણામવાળો છે. "**जानाति इति ज्ञानम्**" આ વ્યુત્પત્તિ અનુસાર પણ એજ અર્થ પ્રાપ્ત થાય છે. જ્ઞાનમાં અર્થની અપેક્ષાએ પાંચ પ્રકારતા તીર્થંકરોએ પ્રરૂપિત કરી છે અને સૂત્રની અપેક્ષાએ પાંચ પ્રકારતા ગણધરોએ પ્રરૂપિત કરી છે. આ બાબતમાં ગણધરોએ પોતાના તરફથી કલ્પિત કરીને કંઈ પણ મિશ્રિત કર્યું નથી, એજ વાત સૂત્રકારે "**पण्णत्तं**" પદ દ્વારા પ્રકટ કરી છે. અથવા "**पण्णत्त**" આ પદની સંસ્કૃત છાયા "**प्राज्ञाप्तं**" છે. આ પ્રાજ્ઞાપ્તની અપેક્ષાએ જો વિચાર કરવામાં આવે તો તેનો અર્થ આ પ્રમાણે થાય છે-જ્ઞાનમાં પંચવિધતાની પ્રાપ્તિ ગણધરોએ પ્રાજ્ઞ તીર્થંકર સર્વજ્ઞ ભગવાન પાસેથી કરી છે.

અથવા તેનો અર્થ એવો પણ થાય છે કે-જ્ઞાનમાં આ પાંચ પ્રકારતા ભવ્ય જીવોએ પોતાની બુદ્ધિથી જ પ્રાપ્ત કરેલ છે. બુદ્ધિ વગર તો તેની પ્રાપ્તિ થઇ શકતી જ નથી. આ રીતે જે પ્રજ્ઞાપ્ત છે, એજ પ્રાજ્ઞાપ્ત છે. (**तं जहा**) જ્ઞાનના તે પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે—(**आभिणिबोहियनाणं**) (૧) આભિનિબોધિક જ્ઞાન—

આ જ્ઞાન વસ્તુ યોગ્ય દેશમાં હોય એવી અપેક્ષા રાખે છે, તથા પાંચ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી થાય છે. એજ વાત "**अभि**" અને "**नि**" ઉપસર્ગો દ્વારા પ્રકટ કરી છે. આ રીતે આભિનિબોધિક જ્ઞાનની વ્યાખ્યા આ પ્રમાણે થાય છે—"યોગ્ય દેશમાં સ્થિત (રહેલી) વસ્તુને ઇન્દ્રિયો અને મનની સહાયતાથી જાણનારા જ્ઞાનનું" નામ આભિનિબોધ છે. તે અભિનિબોધ જ આભિનિબોધિક

જ્ઞાન છે." અહીં જ્ઞાન પદ સામાન્ય જ્ઞાનનું વાચક છે અને અભિનિબોધ પદ ઇન્દ્રિયો અને મનની સહાયતાથી ઉત્પન્ન થનાર વિશિષ્ટ જ્ઞાનનું વાચક છે. તેથી "**आभिनिबोधिकं च तज्ज्ञानं च आभिनिबोधिकज्ञानं**" આ પ્રકારે તે બન્ને સામાન્ય વિશેષ જ્ઞાનોમાં સમાનાધિકરણતા થઈ છે. આ આભિનિબોધિક જ્ઞાનનું બીજું નામ મતિજ્ઞાન પણ છે.

(૨) શ્રુતજ્ઞાન—શબ્દના શ્રવણથી અથવા ભાષણ આદિ વડે જે જ્ઞાન ઉત્પન્ન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે. જ્ઞાનના પ્રભેદોના પ્રકરણમાં આવી જતું હોવાને લીધે અહીં શ્રુત શબ્દ વડે જ્ઞાનનું જ ગ્રહણ થયું છે—અહીં 'શ્રુત' પદ દ્વારા શબ્દ ગૃહીત થયેલ નથી. '**श्रूयते इति श्रुतम्**" આ પ્રકારની વ્યુત્પત્તિને આધારે શ્રુત પદ શબ્દરૂપ અર્થનું વાચક પણ સંભવી શકે છે, પરન્તુ તે શબ્દાર્થક શ્રુત અહીં ગ્રહણ કરવામાં આવ્યું નથી. કારણ કે તે શબ્દ પૌદ્ગલિક પર્યાયરૂપ હોવાથી અચેતન છે, પણ જ્ઞાન આત્માના નિજગુણરૂપ હોવાથી ચેતન છે.

શંકા—"શબ્દના શ્રવણ અથવા ભાષણ આદિથી જે જ્ઞાન થાય છે, તેને શ્રુતજ્ઞાન કહે છે," આ પ્રકારનું જે શ્રુતનું લક્ષણ અહીં બતાવવામાં આવ્યું છે તે અતિવ્યાપ્તિ દોષથી યુકત હોવાને કારણે ઉચિત નથી, કારણ કે તે લક્ષણનો સદ્‌ભાવ તો મતિજ્ઞાનમાં પણ હોય છે. તે શ્રોત્રેન્દ્રિય અને મનની સહાયતાથી થાય છે.

ઉત્તર–આ માન્યતા બરાબર નથી. કારણ કે–મતિજ્ઞાન પાંચે ઇંન્દ્રિયો અને મનની સહાયતાથી જ ઉત્પન્ન થાય છે, પરન્તુ શ્રુતજ્ઞાન તો માત્ર મનની સહાયતાથી જ ઉત્પન્ન છે—અન્ય ઇન્દ્રિયોની સહાયતાની તેને જરૂર રહેતી નથી. "શબ્દશ્રવણ અથવા ભાષણાદિથી જે જ્ઞાન થાય છે તેને શ્રુતજ્ઞાન કહે છે," આ પ્રમાણે જે કહેવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે શબ્દશ્રવણ અને ભાષણાદિ જન્ય જે શ્રોત્રેન્દ્રિય થી તેનું જ્ઞાન થાય છે તે મતિજ્ઞાનરૂપ હોય છે. અને તે મતિજ્ઞાનપૂર્વક તે વિષયને અનુલક્ષીને શબ્દશ્રવણ આદિના વિષયમાં વિશેષ ચિન્તન ચાલુ થઇ જાય છે તે તો માત્ર મનનું જ કાર્ય હોવાથી તેને શ્રુતજ્ઞાન કહે છે ઉદાહરણ દ્વારા આ વાતનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે—શબ્દવિષયક શ્રોત્રજન્ય જ્ઞાન થવાથી તેને વિષે મનમાં આ પ્રકારના વિકલ્પો ઉદ્‌ભવે છે. "આ કયા પ્રકારના શબ્દનું ઉચ્ચારણ થઈ રહ્યું છે ઊંચે સ્વરે શબ્દનું ઉચ્ચારણ થઈ રહ્યું છે કે ધીમે સ્વરે શબ્દનું ઉચ્ચારણ થઇ રહ્યું છે" આ પ્રકારના વિકલ્પો જે જ્ઞાનમાં ઉદ્‌ભવે છે તે જ્ઞાનને શ્રુતજ્ઞાન કહે છે.

શંકા—જેમ મતિજ્ઞાનની ઉત્પત્તિમાં ઇંન્દ્રિયો સાક્ષાત નિમિત્ત બને છે એમ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં તેઓ સાક્ષાત્ નિમિત્ત બનતી નથી. પરન્તુ પરમ્પરાની અપેક્ષાએ તો તેઓ શ્રુતજ્ઞાનમાં પણ નિમિત્ત રૂપ બને જ છે. જેમ કે સ્પર્શેન્દ્રિય આદિની સહાયતાથી ધારો કે મતિજ્ઞાનની પ્રાપ્તિ થઇ ગઇ છે, ત્યારબાદ તેમને વિષે વિશેષ વિચાર કરવારૂપ શ્રુતજ્ઞાન પણ ઉત્પન્ન થઈ જાય છે. આ રીતે વિચાર કરવામાં આવે તો મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાન વચ્ચે કોઇ ભેદ જ જણાતો નથી.

સમાધાન—આ પ્રકારની માન્યતા પણ બરી નથી. કારણકે આ કથન તો માત્ર ઔપચારિક કથન જ છે. વળી બીજું કારણ એ છે કે મતિજ્ઞાન તો માત્ર વિદ્યમાન વસ્તુમાં જ પ્રવૃત્ત થાય છે, પરન્તુ શ્રુતજ્ઞાન તો ત્રૈકાલિક વિષયોમાં પ્રવૃત્ત થાય છે. તથા મતિજ્ઞાનમાં શબ્દોલ્લેખન જ થાય છે, જ્યારે શ્રુતજ્ઞાનમાં તો સ્મરણ તર્કવિતર્ક આદિ પણ થાય છે એટલે કે જેવી રીતે શ્રુતજ્ઞાનની ઉત્પત્તિને સમયે સંકેત, સ્મરણ અને શ્રુતગ્રંથનું અનુસરણ અપેક્ષિત હોય છે, એવી રીતે ઇહા આદિરૂપ મતિજ્ઞાનમાં તે સંકેત, સ્મરણ આદિની અપેક્ષા રહેતી નથી. આ વાત પરથી એજ વાત નિશ્ચિત થાય છે કે લબ્ધિરૂપ મતિજ્ઞાનના સદ્‌ભાવમાં જ શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે–મતિજ્ઞાનનો અભાવ હોય તો શ્રુતજ્ઞાન ઉત્પન્ન થતું નથી. તેથી મતિજ્ઞાનને શ્રુતજ્ઞાનમાં કારણભૂત કહ્યું છે.

શંકા—જો મતિજ્ઞાન અથવા આભિનિબોધિક જ્ઞાનને જ શ્રુતજ્ઞાનના કારણરૂપ માનવામાં આવે, તો જેમ માટીરૂપ કારણ ઘટકાર્યરૂપે પરિણમી જાય છે, એજ પ્રમાણે મતિજ્ઞાન પણ શ્રુતજ્ઞાનરૂપે પરિણમી જશે, અથવા જે પ્રકારે માટી જ ઘડારૂપે પરિણમિત થઇ જાય છે, એજ પ્રમાણે મતિજ્ઞાન પણ શ્રુતજ્ઞાનરૂપે પરિણમિત થઇ જશે. તો પછી સૂત્રકારે શ્રુતજ્ઞાનને અહીં પૃથક્રૂપે (એક જુદા જ જ્ઞાનરૂપે) શા માટે પ્રતિપાદિત કર્યું છે ?

ઉત્તર—આ બન્ને દૃષ્ટાન્તો જ વિષમ છે, કારણ કે આ પ્રકારની માન્યતામાં તો મતિજ્ઞાનનો વિનાશ થવાની વાત માનવાનો પ્રસંગ ઉદ્ભવશે. આપણે એ વાતને તો પ્રત્યક્ષ દેખી શકીએ છીએ કે જ્યારે ઘટ (ઘડા)ની ઉત્પત્તિ થાય છે ત્યારે માટીના પિંડાનો વિનાશ થઇ જાય છે અને જ્યારે પટ (કાપડ)ની ઉત્પત્તિ થાય છે ત્યારે તંતુ-પુંજનો નાશ થઇ જાય છે. પરંતુ જ્યારે શ્રુતજ્ઞાન ઉત્પન્ન થાય છે ત્યારે મતિજ્ઞાનનો વિનાશ થઇ જતો નથી, કારણ કે એક આત્મામાં એક સાથે ચાર જ્ઞાનનો સદ્ભાવ હોઇ શકે છે, એવું સિદ્ધાન્તકારોએ સ્વીકારેલું છે. જો શ્રુતજ્ઞાનનો સદ્ભાવ હોય ત્યારે મતિજ્ઞાનનો અભાવ હોય છે એવું માનવામાં આવે, તો તે માન્યતા તો સિદ્ધાન્તની વિરૂદ્ધની માન્યતા પ્રતિપાદિત થાય છે. શાસ્ત્રોમાં એવુ કહ્યું છે કે.... **"जत्थ मई तत्थ सुयं, जत्थ सुयं तत्थ मई"** જ્યાં મતિજ્ઞાન હોય છે, ત્યાં શ્રુત-જ્ઞાન હોય છે જ્યાં શ્રુતજ્ઞાન હોય છે ત્યાં મતિજ્ઞાન હોય છે." આ રીતે શ્રુતના સદ્ભાવમાં મતિજ્ઞાનનો પણ સદ્ભાવ ભગવાને કહેલો છે. તેથી એવું માનવું જોઇએ કે મતિજ્ઞાન એ શ્રુતજ્ઞાનની ઉત્પત્તિમાં માત્ર અપેક્ષાકારણ (નિમિત્તરૂપ કારણ) જ છે. જે નિમિત્ત કારણો હોય છે તે ઉપાદાન કારણની જેમ સ્વયં કાર્યરૂપે પરિણમતા નથી. માત્ર ઉપાદાન કારણ જ કાર્યરૂપે પરિણમે છે. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો શ્રુતજ્ઞાનનો આ પ્રમાણે અર્થ ફલિત થાય છે.

જે મતિજ્ઞાનપૂર્વક હોય, પરમ્પરાની અપેક્ષાએ જે જ્ઞાન ઇન્દ્રિયોથી જનિત હોય છે પણ જેની ઉત્પત્તિમાં સાક્ષાત્ કારણભૂત મન હોય છે, એવું આપ્તવચનાનુસારી જે જ્ઞાન છે તેને શ્રુતજ્ઞાન કહે છે. **"श्रयते यत् तत् श्रुतम्"** આ વ્યુત્પત્તિ અનુસાર શ્રુત પદ દ્વારા પ્રવચન પણ ગ્રહણ થઇ જાય છે. તેથી આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો આપ્તવચન રૂપ શ્રુતનું જે જ્ઞાન છે તેને શ્રુતજ્ઞાન કહે છે, એવો ષષ્ઠી તત્પુરુષ સમાસ અહીં સમજવો જોઇએ. રાગ, દ્વેષ આદિથી રહિત વિશિષ્ટ વ્યક્તિને આપ્ત કહે છે. સર્વજ્ઞોને જ એવાં આપ્ત કહી શકાય છે. તે સર્વજ્ઞના વચનને આપ્તવચન કહે છે. તેમના દ્વારા પ્રતિપાદિત અર્થ રૂપ જે આગમ છે, તે આગમના નિર્ણયરૂપ જ્ઞાનને જ શ્રુતજ્ઞાન કહે છે. શ્રુતજ્ઞાનની પ્રાપ્તિમાં શબ્દરૂપ નિમિત્ત પરમ્પરા કારણ રૂપ હોય છે. તેથી નિમિત્ત કારણની અપેક્ષાએ શબ્દમાં પણ શ્રુત શબ્દનો વ્યવહાર થાય છે પરંતુ જ્ઞાનના ભેદોની વ્યવસ્થામાં શ્રુત શબ્દને શ્રવણજન્ય જ્ઞાનરૂપ અર્થનો વાચક લેવામાં આવેલ છે.

(૩) **"अवधानमवधिः"** અવધિજ્ઞાન—

ઇન્દ્રિયો અને મનનાં સહાયતા વિના કેવળ આત્મા દ્વારા જ દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવની મર્યાદાની અપેક્ષાએ રૂપી પદાર્થોને સાક્ષાતરૂપે ગ્રહણ કરનારું જે જ્ઞાન છે, તેને અવધિજ્ઞાન કહે છે. અથવા–અવધિજ્ઞાનમાં જે 'અવ' ઉપસર્ગ છે તો અધઃ શબ્દના અર્થનો વાચક છે. તેથી જે જ્ઞાન દ્વારા નીચેના વિષયનું વિસ્તૃત રૂપે **"धीयते"** જ્ઞાન થાય છે, તે જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-અવધિજ્ઞાનનું ક્ષેત્ર આંગળના અસંખ્યાતમાં

ભાગથી લઈને આખા લોક પર્યન્તનું છે, અને કતિપય પર્યાય સહિતના રૂપી દ્રવ્યને વિષય કરનારૂં જ્ઞાન છે. આ રીતે તે જ્ઞાન વિસ્તૃત વિષયવાળું છે. તેમાં જે વિસ્તૃત વિષયતા પ્રકટ કરવામાં આવી છે તે મનઃપર્યય જ્ઞાનની અપેક્ષાએ સમજવી, કારણ કે મનઃપર્યય જ્ઞાનનું ક્ષેત્ર માત્ર માનુષોત્તર પર્વત પર્યન્ત જ છે અને અવધિજ્ઞાન દ્વારા જેટલારૂપી દ્રવ્યને જોઇ શકાય છે તેના કરતાં મનઃપર્યય જ્ઞાનદ્વારા અનંતમાં ભાગના રૂપી દ્રવ્યને જોઇ શકાય છે.

અથવા—અવધિ એટલે મર્યાદા. આ અર્થમાં અવધિ અને જ્ઞાન, આ બે પદોનો તૃતીયા તત્પુરુષ સમાસ બન્યો છે. આ દૃષ્ટીએ વિચારવામાં આવે તો અવધીજ્ઞાનનો અર્થ આ પ્રમાણે થશે-જે જ્ઞાન મર્યાદિત પદાર્થોને જાણે છે, તે જ્ઞાનનું નામ અવધિ-જ્ઞાન છે. તે જ્ઞાન, રૂપી પદાર્થોને જ જાણે છે-અરૂપી પદાર્થોને જાણતું નથી, આ પ્રકારની રૂપી પદાર્થોને જ જાણવારૂપ આ મર્યાદા સમજવી. તેથી આ પ્રકારની વ્યવ-સ્થારૂપ મર્યાદાથી યુકત હોવાને લીધે આ જ્ઞાનનું નામ અવધિજ્ઞાન પડયું છે. અથવા-જે જ્ઞાન નીચેની બાજુએ અધિક વિષયને દેખી શકે છે તે જ્ઞાનને અવધિજ્ઞાન કહે છે. ઇન્દ્રિયો અને મનની સહાયતા વિના રૂપી પદાર્થોને જોઇ શકનારૂં આ અવધિજ્ઞાન, અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયથી ચારે ગતિના જીવોમાં ઉત્પન્ન થતું હોય છે.

શંકા--શાસ્ત્રકારોએ તો એવું કહ્યું છે કે મનુષ્ય અને તિર્યંચગતિના જીવોને જે અવધિજ્ઞાન થાય છે તે ક્ષયોપશમ નિમિત્તક હોય છે. છતાં આપ શા કારણે એવું કહો છો કે ચારે ગતિના જીવોને અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થઈ શકે છે?

સમાધાન-અવધિજ્ઞાનની ઉત્પત્તિ તો નિયમથી જ અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી જ થાય છે, પરન્તુ આ ક્ષયોપશમમાં જ્યાં વ્રત, નિયમ આદિ અનુષ્ઠા-નોની આવશ્યકતા રહે છે, ત્યાં તે અવધિજ્ઞાનને ક્ષયોપશમનિમિત્તક કહેવામાં આવે છે. એવા ક્ષયોપશમનિમિત્તક અવધિજ્ઞાનનો સદ્ભાવ મનુષ્ય અને તિર્યંચોમાં જ હોય જે અવધિજ્ઞાનમાં તેની આવશ્યકતા ન હોય પણ ભવ જ (જન્મ લેવો એજ) કારણ રૂપ હોય, ત્યાં આ ગુણોની અપેક્ષા વિના જ અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન ઉત્પન્ન થઇ જાય છે. એવા અવધિજ્ઞાનનો સદ્ભાવ દેવો અને નારકોમાં હોય છે. આ રીતે આ બન્ને પ્રકારના અવધિજ્ઞાનમાં અન્તરંગ કારણ તો સમાન જ છે. અવધિજ્ઞાનાવરણીય કર્મનો ક્ષયોપશમ જ તે બન્નેમાં અન્તરંગ કારણ છે. તે કારણે "અવધિજ્ઞાનાવરણીય કર્મના ક્ષયોપશમથી ચારે ગતિના જીવોમાં અવધિજ્ઞાન ઉત્પન્ન થાય છે." આ પ્રકારના કથનમાં કોઇ દોષ સંભવતો નથી.

(૪) મનઃપર્યવજ્ઞાન-परि+अव=પર્યવ. આ રીતે 'अव' ધાતુને 'परि' ઉપસર્ગ લાગવાથી 'પર્યવ' પદ બન્યું છે. 'अव' ધાતુ રક્ષણ, ગતિ, કાન્તિ, પ્રીતિ, તૃપ્તિ, અવગમ આદિ અર્થોમાં વપરાય છે. અહીં તેનો અવગમ અર્થ ગૃહીત થયો છે. અવગમ એટલે બોધ. અને 'પરિ' એટલે 'સર્વ પ્રકારે'

"મનના સઘળા પર્યાયોને સાક્ષાત્ જાણનારૂં જે જ્ઞાન છે, તેનું નામ મનઃ પર્યવજ્ઞાન છે." પર્યય અને પર્યાય આ બન્ને શબ્દો સમાનાર્થી છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-મનવાળા જીવો (સંજ્ઞી જીવો) કોઇ પણ વસ્તુનું મનની મદદથી ચિન્તવન કરે છે. આ પ્રકારના ચિન્તનકર્મમાં પ્રવૃત્ત થયેલું મન ભિન્નભિન્ન આકારોને ધારણ કરતું રહે છે. તે આકૃતિઓ જ મનના પર્યાયો છે. મનન એ પર્યાયોને સાક્ષાત્ જાણનારૂં જે જ્ઞાન છે તે જ્ઞાનનું નામ જ મનઃપર્યવજ્ઞાન છે.

દ્રવ્યમન અને ભાવમનના ભેદથી મન બે પ્રકારનું કહ્યું છે. આ બન્નેમાંનું જે દ્રવ્ય મન છે તે મનોવર્ગણારૂપ છે, તે મનોવર્ગણાઓને ગ્રહણ કરીને તેમના નિમિત્તથી સંજ્ઞી જીવ જે વિચાર કરે છે તે ભાવમનરૂપ છે. અહીં ભાવમન ગ્રહણ કરવામાં આવ્યું છે. અઢી દ્વીપવર્તી સંજ્ઞી પંચેન્દ્રિય જીવો દ્વારા વિચારવામાં આવેલી ભાવ-મનના પર્યાયોને મનઃપર્યવજ્ઞાની જીવ સાક્ષાત્ જાણે છે. જેમ કે કોઈ એવો વિચાર કરે કે "આત્મા કેવો છે? શું તે અરૂપી છે? શું તે ચેતના સ્વભાવવાળો છે? શું તે કર્મોનો કર્તા અને તે કર્મોનાં ફલોનો ભોકતા છે?" આ પ્રકારનું આ જ્ઞાનવિશેષ-રૂપ ને આત્માદ્વારા વિચારિત જે પરિણામવિશેષ છે, તે પરિણામવિશેષોને જાણનારૂં જે જ્ઞાન છે, તે જ્ઞાનનું નામ મનઃપર્યવજ્ઞાન છે. એટલે કે મનપર્યવજ્ઞાની જીવ આ સંકલ્પિત મનના પર્યાયોને સાક્ષાત જાણી શકે છે. આ કથન દ્વારા એ વાત સૂચિત થાય છે કે મનપર્યવજ્ઞાની જીવ મનની પર્યાયોને જ પ્રત્યક્ષરૂપે જાણે છે–ચિન્તનીય વસ્તુઓને જાણતો નથી.

પ્રશ્ન શું મનઃપર્યવજ્ઞાની જીવ ચિન્તનીય વસ્તુઓને જાણી શકતો નથી?

ઉત્તર—મનઃપર્યવજ્ઞાની જીવ ચિન્તનીય વસ્તુઓને પાછળથી અનુમાનદ્વારા જ જાણી શકે છે. જેવી રીતે કોઇ વિશિષ્ટ ક્ષયોપશમિક પ્રતિભાશાળી વિદ્વાન શાન્તભાવે કોઈ અન્ય વ્યકિતની મુખાકૃતિ, તેની ચેષ્ટાઓ આદિને પ્રત્યક્ષ જોઇને તેના મનોગત ભાવોને સામર્થ્યને અનુમાનથી જાણી લે છે, એજ પ્રમાણે મનઃપર્યવજ્ઞાની જીવ કોઈ અન્ય જીવના ભાવરૂપ મનને પોતાના મનઃપર્યવજ્ઞાન વડે પ્રત્યક્ષ કરીને અનુમાનથી તદ્ગત ચિન્તનીય બાહ્ય વસ્તુઓને પણ જાણી શકે છે. તે મનઃપર્યવજ્ઞાની જીવ એવું અનુમાન કરે છે કે આ વ્યકિતએ આ વસ્તુનું ચિન્તન કર્યું છે, કારણ કે તેનું મન તે વસ્તુના ચિન્તન સમયે જેવાં આકારોથી અવશ્ય યુકત હોવું જોઇએ એવા આકારોથી અવશ્ય યુકત છે. મન જ્યારે બાહ્યપદાર્થોનું ચિન્તન કરે છે, ત્યારે તે (મન) તે ચિન્તિત બાહ્યપદાર્થોના આકાર જેવા આકારવાળું થઇ જાય છે.

મનઃપર્યવજ્ઞાન અને અવધિજ્ઞાનમાં રૂપી પદાર્થોને જાણવાની અપેક્ષાએ, ક્ષાયો-પશમિકત્વની અપેક્ષાએ અને પ્રત્યક્ષત્વ આદિની અપેક્ષાએ સમાનતા છે. પરન્તુ કેટલીક બાબતોમાં તે અવધિજ્ઞાનથી જુદું પડે છે.

અવધિજ્ઞાન અવિરત સમ્યકૃદૃષ્ટિ જીવમાં પણ ઉત્પન્ન થઇ જાય છે, દ્રવ્યની અપેક્ષાએ તે સમસ્તરૂપી પદાર્થોને જોઈ શકે છે, ક્ષેત્રની અપેક્ષાએ અસંખ્યાત લોક તેનો વિષય બનાય છે, કાળની અપેક્ષાએ તે અતીત અને અનાગતકાળના અસંખ્યાત ઉત્સર્પિણી અને અવસર્પિણી કાળોને જાણે છે, તથા ભાવની અપેક્ષાએ તે સમસ્તરૂપી દ્રવ્યોમાંના પ્રત્યેક દ્રવ્યની અસંખ્યાત પર્યાયોને જાણે છે. મનઃપર્યવજ્ઞાનની ઉત્પત્તિ અવિરત અવસ્થાવાળા જીવમાં થતી નથી, પરન્તુ જે જીવ સંયત હોય છે તેને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. વળી પ્રત્યેક સંયત જીવને તે ઉત્પન્ન થાય છે એવો કોઈ નિયમ નથી. જેમ કે પ્રમત્ત સંયતને તે ઉત્પન્ન થતું નથી, પણ અપ્રમત્ત સંયતને જ ઉત્પન્ન થાય છે. અપ્રમત્ત સંયતમાં પણ આમર્ષ આદિ કોઈ એક લબ્ધિધારીને જ મનઃપર્યવજ્ઞાન ઉત્પન્ન થાય છે. દ્રવ્યની અપેક્ષાએ સંજ્ઞી પંચેન્દ્રિય જીવના મનોદ્રવ્યને તે વિષય કરે છે–જાણી શકે છે. ક્ષેત્રની અપેક્ષાએ

સમયક્ષેત્ર માત્રને જ તે વિષય કરનારું-જાણનારું-છે. કાળની અપેક્ષાએ અતીત (ભૂત) અને અનાગત (ભવિષ્ય) કાળના પલ્યોપમનો અસંખ્યાતમો ભાગ તેનો વિ ય છે. ભાવની અપેક્ષાએ તેનો વિષય મનોદ્રવ્ય સંબંધી અનંત પર્યાયો છે.

(૫) કેવળજ્ઞાન—આ જ્ઞાન એવું છે કે જેમાં ઇન્દ્રિયો અને મનની સહાયતાની અપેક્ષા રહેતી નથી, જ્ઞાનવરણીય કર્મના આત્યન્તિક (સંપૂર્ણતઃ) ક્ષયથી આ જ્ઞાન ઉત્પન્ન થાય છે. તેનો વિષય, ભૂત, ભવિષ્ય અને વર્તમાન, આ ત્રણે કાળ સંબંધી સમસ્ત દ્રવ્ય અને તેમની સમસ્ત (અનંત) પર્યાયો છે. અન્ય જ્ઞાનોની જેમ તે પ્રતિપ્રાતિ (એક વખત પ્રાપ્ત થયા બાદ જેનો વિનાશ થાય એવું) નથી. કેવળજ્ઞાનનું વિસ્તૃત નિરૂપણ નન્દીસૂત્રની જ્ઞાનચન્દ્રિકા નામની મેં લખેલી ટીકામાં કરવામાં આવ્યું છે, તો જિજ્ઞાસુ પાઠકોએ ત્યાંથી તે વાંચી લેવું.

આ પ્રકારે સૂત્રકારે શાસ્ત્રને પ્રારંભે જ પાંચ પ્રકારના જ્ઞાનોનું જે નિરૂપણ કર્યું છે તેનું કારણ એ છે કે જ્ઞાન પોતે જ મંગલરૂપ છે. સકલ કલેશોના ઉચ્છેદનમાં જ્ઞાન જ કારણભૂત બને છે. આ રીતે જ્ઞાનમાં પરમ મંગળતાનો સદ્ભાવ હોવાથી સૂત્રકારે શરૂઆતમાં જ તેની પ્રરૂપણા કરી છે. ॥ સૂ૦ ૧ ॥

શ્રુતજ્ઞાનસ્વરુપનિરુપણ

હવે સૂત્રકાર એ પ્રકટ કરે છે કે પાંચ પ્રકારના જે જ્ઞાન છે તેમાંથી શ્રુતજ્ઞાનનો જ ઉદ્દેશ, સમુદ્દેશ આદિને અવસરે અધિકાર છે-અન્ય ચાર જ્ઞાનોનો નથી.

"तत्थ चत्तारि" ઇત્યાદિ—

શબ્દાર્થ—(तत्थ) પૂર્વોક્ત પાંચ પ્રકારનાં જ્ઞાનોમાંથી (चत्तारि नाणाइं) ચાર પ્રકારનાં જ્ઞાન એટલે કે મતિજ્ઞાન, અવધિજ્ઞાન, મનઃપર્યવજ્ઞાન અને કેવળજ્ઞાન (ठप्पाइं) ઉદ્દેશ, સમુદ્દેશ આદિના અવસરે વ્યવહારયોગ્ય નથી. કારણ કે ચારે જ્ઞાનમાં ગુરુના ઉપદેશની અપેક્ષા રહેતી નથી, તેથી (ठवणिज्जाइं) તે ચારે જ્ઞાન સ્થાપનીય છે. એટલે કે તેમના ઉદ્દેશ આદિ કરવામાં આવેલ નથી આ વિષયને અનુલક્ષીને એવું સમજવું જોઇએ કે શ્રુતજ્ઞાન જ વાચના આદિ દ્વારા પોતાના વિષયભૂત પદાર્થોમાં સાક્ષાત પ્રવર્ત્તક અને નિવર્ત્તક હોય છે. જો કે અન્ય જ્ઞાન પણ પદાર્થોના સ્વરૂપનો બોધ કરાવે છે ખરાં, પરન્તુ તેઓ શ્રુતજ્ઞાનનો આધાર લીધા વિના પોતાના વિષયભૂત હેયોપાદેય વિષયથી સાક્ષાત રૂપે નિવર્ત્તક પણ હોતાં નથી. અને તેમાં પ્રવર્ત્તક પણ હોતાં નથી. તેથી તે જ્ઞાનોનો અહીં ઉદ્દેશ સમુદ્દેશ આદિમાં વિચાર કરવામાં આવ્યો નથી. એજ વિષયનું વિશદરૂપે વિવેચન કરવા નિમિત્તે સૂત્રકાર કહે છે કે-

(णो उद्दिसंति णो समुद्दिसंति) તે ચાર જ્ઞાન ગુરુજનો દ્વારા શિષ્યોને ઉપદિષ્ટ થતાં નથી, અને ગુરુજન તેમને એવું પણ કહેતા નથી કે તમે તેમનો સ્થિર રૂપે પરિચય કરો, (णो अणुण्णविज्जंति) તેમને સારી રીતે નિશ્ચય કરીને હૃદયમાં ધારણ કરો તથા અન્યને પણ તેનું અધ્યયન કરાવો.

અથવા-આભિનિબોધિક, અવધિજ્ઞાન અને કેવળજ્ઞાન સ્થાપ્ય છે, તે ચાર જ્ઞાનો ગુરુજનોને

આધીન નથી, તે કારણે તે ચારે જ્ઞાન ઉદ્દેશ આદિના વિષયભૂત નથી. તેથી તે ચારે જ્ઞાનોને સ્થાપનીય–અવ્યાખ્યેય કહેવામાં આવેલ છે. પરન્તુ શ્રુતજ્ઞાન તો અનેક અર્થવાળું હોવાથી, અતિ ગંભીરતા યુકત હોવાથી, અને વિવિધ પ્રકારના મંત્રાદિકોના અતિશયોથી સમન્વિત (યુકત) હોવ થી ગુરુજનોના ઉપદેશની અપેક્ષાવાળું છે. તે કારણે ગુરુજનોની સમીપે ઉદ્દેશ આદિરૂપ વિધિપૂર્વક પરમ કલ્યાણકારી શ્રુત જ ગ્રહણ કરવામાં આવે છે. બાકીના આભિનિબોધિક આદિ જે ચાર જ્ઞાનો છે તે તો પોત પોતાના આવરણીય કર્મના ક્ષયોપશમ અને ક્ષયથી પોતાની જાતે જ અવિર્ભૂત (પ્રકટ) થઇ જાય છે. તે ચારે જ્ઞાનની ઉત્પત્તિમાં આ ઉદ્દેશ સમુદ્દેશ આદિરૂપ કમની અપેક્ષા રહેતી નથી. તેથી આભિનિબોધિક જ્ઞાન અને અવધિજ્ઞાન આદિ જ્ઞાનોના ઉદ્દેશ કરવામાં આવતા નથી. પરંતુ જે (**सुयनाण स उद्देसो**) શ્રુતજ્ઞાન છે. તેના જ ઉદ્દેશ, (**समुद्देसो**) સમુદ્દેશ, (**अणुण्णा**) અનુજ્ઞા (**अणुओगो य**) અને અનુયોગ (**पवत्तइ**) હોય છે–અન્ય જ્ઞાનોના ઉદ્દેશ, સમુદ્દેશ આદિ હોતા નથી.

આ અધ્યયન આદિનો તમારે અભ્યાસ કરવો જોઇએ, આ પ્રકારના ગુરુના ઉપદેશરૂપ વચનને ઉદ્દેશ કહે છે. આ પઠિત સૂત્રાદિ ભૂલી ન જવાય તે માટે સ્થિર ચિત્તે તેમનો પરિચય કરો. વારંવાર તેનો પાઠ કરો, આ પ્રકા । ગુરુના વચનોને સમુદ્દેશ કહે છે.

હૃદયમાં આ સૂત્રને કદી પણ વિસ્મૃત ન થાય એવી રીતે ધારણ કરો અને અન્યને તેનું અધ્યયન કરાવો, આ પ્રકારના ગુરુના ઉપદેશરૂપ વચનોને અનુજ્ઞા કહેછે.

ભગવદુકતાનુરૂપતાને અનુયોગ કહે છે.

ભાવાર્થ–શ્રુતજ્ઞાન સિવાયના જે ચાર જ્ઞાનો છે તેમાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગનો-(આ ચાર વાતનો) સદ્ભાવ હોતો નથી, કારણ કે તે જ્ઞાનોની ઉત્પત્તિ ગુરુના ઉપદેશને લીધે સંભવી શકતી નથી. તે ચાર જ્ઞાનોની ઉત્પત્તિ તો ત્યારે જ થાય છે કે જયારે તે પ્રત્યેક જ્ઞાનના આવારક કર્મોનો ક્ષયોપશમ અથવા ક્ષય થઇ જાય છે. કેવળજ્ઞાનની ઉત્પત્તિ ત્યારે જ થાય છે કે જયારે જ્ઞાનવરણીય કર્મોનો સંપૂર્ણતઃ ક્ષયોપશમ થવાથી જ તે જ્ઞાન ઉત્પન્ન થાય છે. જો કે શ્રુતજ્ઞાન પણ તેનું આવરણ કરનારા કર્મના ક્ષયોપશમથી જ ઉત્પન્ન થતું હોય છે. છતાં પણ તેમાં ગુરુના ઉપદેશની અપેક્ષાએ જન્યતા માનવામાં આવી છે. તેથી જ શ્રુતજ્ઞાનમાં ઉદ્દેશ સમુદ્દેશ આદિનો સદ્ભાવ રહે છે. ॥ સૂ. ૨ ॥

"**जइ सुयनाणस्स**" ઇત્યાદિ

શબ્દાર્થ-(**जइ**) જો (**सुयनाणस्स**) શ્રુતજ્ઞાનમાં (**उद्देसो**) ઉદ્દેશ, (**समुद्देसो**) સમુદ્દેશ, (**अणुण्णा**) અનુજ્ઞા (**य**) અને (**अणुओगो पवत्तइ**) અનુયોગની પ્રવૃત્તિ (સદ્ભાવ) થાય છે, તો (**किं अंगपविट्ठस्स**) શું જે અંગપ્રવિષ્ટ શ્રુત છે તેમાં (**उद्देसो, समुद्देसो, अणुण्णा य अणुओगो पवत्तइ**) એ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગની પ્રવૃત્તિ થાય છે? કે જે (**अंगबाहिरस्स**) અંગબાહ્ય શ્રુતજ્ઞાન છે તેમાં (**उद्देसो, समुद्देसो अणुण्णा अनुओगो य पवत्तइ**) ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગની પ્રવૃતિ થાય છે?

ઉતર–(**अंगपविट्ठस्स वि उद्देसो जाव पवत्तइ**) આચારાંગ આદિ જે અંગ

પ્રવિષ્ટ શ્રુત છે તેમાં ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવર્તે છે, તથા (**अणंगपविट्ठस्स वि उद्देसो जाव पवत्तइ**) દશ વૈકાલિક આદિ જે અનંગપ્રવિષ્ટ શ્રુત છે તેમાં પણ ઉદ્દેશ, સમુદ્દેશ, અનુજ્ઞા અને અનુયોગ પ્રવર્તે છે, આ રીતે અંગપ્રવિષ્ટ અને અંગબાહ્ય, એ બન્ને પ્રકારના શ્રુતમાં ઉદ્દેશ આદિ ચારેનો સદ્ભાવ સમજવો. (**इमं पुण पट्ठवणं पडुच्च**) આ શાસ્ત્રમાં આ પ્રારંભની અપેક્ષાએ એવું કહેવામાં આવ્યું છે કે અનંગ પ્રવિષ્ટ શ્રુતમાં અનુયોગની પ્રવૃતિ થાય છે. ॥ સૂ. ૩ ॥

"**जइ अणंगपविट्ठस्स**" ઇત્યાદિ– ॥ સૂ. ૪ ॥

શબ્દાર્થ–પ્રશ્ન (**जइ अणंगपविट्ठस्स अणुओगो**) જો અનંગપ્રવિષ્ટ શ્રુતમાં અનુયોગની પ્રવૃતિ થાય છે, તો (**किं कालियस्स अणुओगो ?**) શું કાલિક શ્રુતમાં અનુયોગની પ્રવૃતિ થાય છે, કે (**उक्कालियस्स अणुओगो**) ઉત્કાલિક શ્રુતમાં અનુયોગની પ્રવૃતિ થાય છે ?

ઉત્તર–(**कालियस्स वि अणुओगो उक्कालियस्स वि अणुओगो**) કાલિક શ્રુતમાં પણ અનુયોગની પ્રવૃતિ થાય છે અને ઉત્કાલિક શ્રુતમાં પણ અનુયોગની પ્રવૃતિ થાય છે, (**इमं पुण पट्ठवणं पडुच्च उक्कालियस्स अणुओगो**) આ શાસ્ત્રમાં આ પ્રારંભની અપેક્ષાએ ઉત્કાલિકનો અનુયોગ કહ્યો છે.

ભાવાર્થ–અનંગ પ્રવિષ્ટ શ્રુતના અનેક ભેદ કહ્યા છે. તેમાંના બે ભેદો આ પ્રમાણે છે-(૧) કાલિકશ્રુત અને (૨) ઉત્કાલિક શ્રુત.

પહેલી પૌરૂષી (પહેલો પ્રહર) અને છેલ્લી પૌરૂષી (છેલ્લો પ્રહર)રૂપ કાળમાં અસ્વાધ્યાયકાળ જે કહ્યો છે તેટલા કાળને છોડીને, જેનું અધ્યયન કરવામાં આવે છે, એવા શ્રુતને કાલિક શ્રુત કહે છે. કાલિક શ્રુત નીચે પ્રમાણે કહ્યાં છે-

(૧) ઉત્તરાધ્યયન (૨) દશાશ્રુતસ્કંધ, (૩) બૃહત્કલ્પ, (૪) વ્યવહાર, (૫) નિશીથ (૬) જંબૂદ્વીપપ્રજ્ઞપ્તિ, (૭) ચન્દ્રપ્રજ્ઞપ્તિ, (૮) નિરયાવલિકા (૯) કલ્પાવતંસિકા, (૧૦) પુષ્પિતા, (૧૧) પુષ્પચૂલિકા (૧૨) વૃષ્ણિદશા વગેરે જે અંગબાહ્ય શ્રુત છે તેમનો કાલિકશ્રુતમાં સમાવેશ થાય છે, તથા આચારાંગાદિ જે ૧૧ અંગ છે તેમનો પણ કાલિકશ્રુતમાં જ સમાવેશ થાય છે. તે સિવાય બીજાં કેટલાક કાલિકસૂત્રો પણ છે, જેમનું કથન નન્દિસૂત્રમાં કરવામાં આવ્યું છે. તે સૂત્રો વિચ્છિન્ન થઈ ગયેલા હોવાથી અહીં તેમનો નિર્દેશ કરવામાં આવ્યો નથી.

હવે ઉત્કાલિક સૂત્રોનાં નામ આપવામાં આવે છે—

(૧) દશવૈકાલિક, (૨) ઔપપાતિક, (૩) રાજપ્રશ્નીય, (૪) જીવાભિગમ, (૫) પ્રજ્ઞાપના, (૬) નન્દિસૂત્ર, (૭) અનુયોગદ્વાર, (૮) આવશ્યકસૂત્ર અને (૯) સૂર્યપ્રજ્ઞપ્તિસૂત્ર, આ બધાં સૂત્રોનો ઉત્કાલિક શ્રુતમાં સમાવેશ થાય છે. આ સિવાય બીજાં કેટલાક ઉત્કાલિક સૂત્રો છે, જેમનાં નામ નન્દિસૂત્રમાં આપવામાં આવ્યાં છે. પરન્તુ તે સૂત્રો વિચ્છિન્ન થઈ ગયેલાં હોવાથી તેમનાં નામો અહીં પ્રકટ કર્યાં નથી. અસ્વાધ્યાય કાળ સિવાયના કોઈ પણ કાળે–દિવસે અથવા રાત્રે, જ્યારે ઇચ્છા થાય ત્યારે ઉત્કાલિકસૂત્રોનું અધ્યયન થઈ શકે છે. આ શાસ્ત્રમાં ઉત્કાલિકનો અનુયોગ જ પ્રસ્તુત હોવાથી પ્રકટ કરવામાં આવ્યો છે. ॥ સૂત્ર ૪ ॥

"जइ उक्कालियस्स" ઇત્યાદિ—

શબ્દાર્થ—પ્રશ્ન—(जइ उक्कालियस्स अणुओगो) જો ઉત્કાલિકશ્રુતનો અનુયોગ થાય છે, તો (किं आवस्सगस्स अणुओगो) શું આવશ્યકનો અનુયોગ થાય છે કે (आवस्सगस्सगवइरित्तस्स अणुओगो?) આવશ્યકથી ભિન્ન હોય એવાં શ્રુતનો અનુયોગ થાય છે.

ઉત્તર—(आवस्सगस्स वि अणुओगो) આવશ્યકનો પણ અનુયોગ થાય છે, અને (आवस्सगवइरित्तस्स वि अणुओगो) જે આવશ્યકથી ભિન્ન છે તેમનો પણ અનુયોગ થાય છે. (इमं पुण पट्ठवणं पडुच्च आवस्सगस्स अणुओगो) આ શાસ્ત્રમાં આ પ્રારંભની અપેક્ષાએ આવશ્યકનો અનુયોગ કહ્યો છે.

ભાવાર્થ—શિષ્ય અહીં એવો પ્રશ્ન પૂછે છે કે "હે ભગવન્! જો ઉત્કાલિક શ્રુતનો અનુયોગ થાય છે, તો કયા ઉત્કાલિક શ્રુતનો અનુયોગ થાય છે? શું આવશ્યકનો અનુયોગ થાય છે? કે આવશ્યક સિવાયના જે ઉત્કાલિક શ્રુત છે? તેમનો અનુયોગ થાય છે?"

આ પ્રશ્નનો ઉત્તર આપતાં આચાર્ય કહે છે કે "આ બન્નેનો અનુયોગ છે?"

અહીં ઉદ્દેશ, સમુદ્દેશ અને અનુજ્ઞાનું કથન કરીને સૂત્રકારે આવશ્યકમાં કેવળ અનુયોગનું જ જે કથન કર્યું છે તે અનુયોગના પ્રાપ્ત અવસરની અપેક્ષાએ કર્યું છે. આ આવશ્યક સાધુ સાધ્વી, શ્રાવક અને શ્રાવિકાએ પ્રાતઃ અને સાયંકાળ, એ બન્ને સમયે કરવા યોગ્ય કહેલ છે. સામાયિક આદિના ભેદથી આ આવશ્યક છ પ્રકારનો કહ્યો છે. આ વિષયને અનુલક્ષીને છ અધ્યયનવાળું એક સ્વતંત્ર સૂત્ર રચવામાં આવ્યું છે. તે સૂત્રનું નામ "આવશ્યક સૂત્ર" છે. તે સકલ સામાચારીનું મૂળ કારણ છે. અનુયોગના વિષયમાં આ પ્રમાણે વકતવ્યતા છે,

"निक्खेवेगट्ठ" ઇત્યાદિ—નામ, સ્થાપના આદિરૂપે અનુયોગનું કથન થવું તેનું નામ અનુયોગનો નિક્ષેપ છે. અનુયોગના પર્યાયવાચી શબ્દોનું કથન કરવું-જેમ કે

અનુયોગ, નિયોગ, ભાષા, વિભાષા વાર્તિક, આ બધા પદો અનુયોગના પર્યાયવાચક શબ્દો છે. નિરૂકિતપૂર્વક અનુયોગનો અર્થ કહેવો તેનું નામ "અનુયોગ નિરુકિત દ્વર્વક અનુયોગનો અર્થ કહેવો તેનું નામ "અનુયોગની નિરૂકિત" છે. તેમાં તીર્થંકરો દ્વારા પ્રરૂપિત અર્થનો ગણધરોકત શબ્દસમૂહરૂપ સૂત્રની સાથે અનુકૂળ અથવા નિયત સંબંધ પ્રકટ કરવાનો હોય છે. સૂત્રાર્થ કહેવાની પદ્ધતિનું નામ વિધિ છે. તેમાં ગુરૂએ સૌથી પહેલાં તો શિષ્યને સૂત્રનો અર્થ શિખવવો જોઇએ, એવું વિધાન છે. ત્યારબાદ શિખવવામાં આવેલા તે અર્થને નિર્યુકિતથી મિશ્રિત કરીને શિષ્યને શિખવવો જોઇએ. એટલે કે નિશ્ચયયુકત પદાર્થોના જ [વીતરાગ દ્વારા પ્રરૂપિત જે પદાર્થોના પદોના અર્થોના ગુરુની મદદથી શિષ્યે નિશ્ચય કરી લીધો હોય એવાં જ પદાર્થોનો) યુકિત પ્રદાનપૂર્વક જે કોઇ બીજો અર્થ થતો હોય તે પણ શિષ્યને કહેવો જોઇએ, ત્યારબાદ પ્રસંગ અને અનુપ્રસંગને અનુલક્ષીને તેના બીજાં જે જે અર્થ થતાં હોય તે સઘળાં અર્થ પણ પ્રકટ કરવા જોઇએ. આ બધી બાબતોને અનુયોગમાં

સમાવી શકાય છે એજ વાત "सुत्तत्थो" ઇત્યાદિ ગાથાઓ દ્વારા પુષ્ટ કરવામાં આવી છે. વિધિ સંબંધી વિસ્તૃત કથન અન્ય શાસ્ત્રોમાં આપવામાં આવેલું છે, તો જિજ્ઞાસુ પાઠકોએ આ વિષયનું વિશેષ કથન ત્યાંથી વાંચી લેવું જોઇએ. અનુયોગની પ્રવૃત્તિમાં નીચે પ્રમાણે ચાર ભાંગાઓ (વિકલ્પો) છે—

(૧) ઉદ્યમીગુરૂ અને ઉદ્યમી શિષ્ય, આ પહેલો ભાંગો છે.

(૨) ઉદ્યમી ગુરૂ અને નિરૂદ્યમી શિષ્ય, આ બીજો ભાંગો છે.

(૩) અનુદ્યમી ગુરૂ અને ઉદ્યમી શિષ્ય, ત્રીજો ભાંગો છે.

(૪) અનુદ્યમી ગુરૂ અને અનુદ્યમી શિષ્ય, આ ચોથો ભાંગો છે.

આ ચાર વિકલ્પોમાંથી જે પહેલો વિકલ્પ બતાવ્યો છે તે વિકલ્પ પ્રમાણેની પરિસ્થિતિમાં તો અનુયોગની પ્રવૃત્તિ થવાનું કાર્ય સર્વથા નિશ્ચિત જ હોય છે. ચોથા વિકલ્પમાં બતાવ્યા પ્રમાણેની જ્યારે પરિસ્થિતિ હોય છે, ત્યારે અનુયોગની પવૃત્તિ બિલકુલ ચાલી શકતી નથી. બીજા અને ત્રીજા વિકલ્પોમાં બતાવેલી પરિસ્થિતિમાં કયારેક અનુયોગની પ્રવૃત્તિ સંભવી પણ શકે છે અને કયારેક નથી પણ સંભવી શકતી.

હવે એ વાત પ્રકટ કરવામાં આવે છે કે કયા કયા ગુણોથી (વિશેષણોથી) સંપન્ન વિશિષ્ટ મુનિજનો દ્વારા આ અનુયોગમાં પ્રવૃત્તિ થઈ શકે છે-

"देसकुल जाई" ઇત્યાદિ—

(૧) જે મુનિ આર્યદેશમાં ઉત્પન્ન થયેલા હોય, (૨) જે મુનિના કુળજાતિ શુદ્ધ હોય-એટલે કે જેનો માતૃવંશ અને પિતૃવંશ વિશુદ્ધ હોય, (૩) રૂપ-જેમનો આકાર (દેખાવ) સુંદર હોય, (૪) સંહનની-જે મુનિ દૃઢ સંહનનવાળા હોય, (૫)

ધૃતિયુક્ત-અતિ ગહન વિષયના અર્થ વિષે પણ જેમના મનમાં કોઈ પણ પ્રકારની ભ્રાન્તિ ન હોય. તથા પરીષહો અને ઉપસર્ગોની નિશ્ચલતાપૂર્વક જે સહન કરનારા હોય, ૬, અનાશંસી વસ્ત્ર, સત્કાર આદિની આકાંક્ષાથી જેઓ રહિત હોય, ૭, અવિકત્થન-જેઓ આત્મશ્લાઘાથી રહિત હોય અથવા નકામું લાંબું ચોડું ભાષણ કરનારા ન હોય. ૮, અમાયી-જેઓ કપટભાવથી-માયાચારીથી રાહત હોય. ૯, સ્થિરપરિપાટી નિરન્તર અભ્યાસને કારણે જેમનો અનુયોગ કરવાનો કમ સ્થિરતા યુકત બન્યો હોય, અથવા ગુરૂપરમ્પરાથી પ્રાપ્ત જ્ઞાનના જેઓ પાઠક હોય, ૧૦, ગૃહીતવાક્ય-જેમના વચનો આદેય (ગ્રહણ કરવા યોગ્ય) હોય. ૧૧, જિતપરિષત્-ઘણી વિશાળ સભામાં પણ જેઓ ક્ષોભ અનુભવતા ન હોય. ૧૨, જિતનિદ્રઃ-જેમણે નિદ્રા ઉપર પણ વિજય પ્રાપ્ત કર્યો હોય એટલે કે રાત્રે પણ નિદ્રાને અધીન થયા વિના જેઓ સૂત્ર અને અર્થનું ચિન્તન કર્યા કરતા હોય. ૧૩, મધ્યસ્થ-જેઓ પક્ષપાતથી રાહત હોય, ૧૪. દેશકાલ

ભાવજ્ઞ-જેઓ દેશ, કાળ અને ભાવના જ્ઞાતા હોય, એટલે કે દ્રવ્ય, ક્ષેત્ર, કાળ અને ભાવના જેઓ જાણકાર હોય, ૧૫, "**आसन्नलब्धप्रतिभः**" શાસ્ત્રાર્થ કરવાને માટે પોતાની પાસે આવેલા પરમતવાદીને પરાસ્ત કરવાને યોગ્ય પ્રતિભાથી જેઓ સંપન્ન હોય-એટલે કે પરમતવાદીની સાથે જ્યારે ચર્ચા ચાલે ત્યારે તેના પ્રશ્નોનો યોગ્ય ઉત્તર આપીને તેના મતનું ખંડન અને પોતાના મતનુ (સ્વ સમયનું) સમર્થન કરવાને જેઓ સમર્થ હોય છે, ૧૬, "**नानाविधदेशभाषज्ञः**" જેમને અનેક દેશની ભાષાઓનું જ્ઞાન હોય, ૧૭, '**पञ्चविधआचारयुक्तः**" જ્ઞાનાચાર આદિ પાંચ પ્રકારના આચારોનું જેઓ પાલન કરનારા હોય. ૧૮, '**सूत्रार्थतदुभयविधिज्ञः**" — જેઓ સૂત્ર, અર્થ તથા તદુભય (સૂત્ર અને અર્થ બન્ને) સૂત્રાર્થની વિધિના જાણકાર હોય, ૧૯. "**आहरणहेतूपनयनयनिपुणः**" ઉદાહરણ, હેતુ ઉપનય અને નયમાં જેઓ નિપુણ હોય. ૨૦, "**ग्रहणकुशलः**" જેઓ શિષ્યને તત્વ ગ્રહણ કરાવવામાં કુશળ હોય, ૨૧, "**स्वसमयपरसमयवित्**" જેઓ સ્વસમય (જૈન સિદ્ધાંત) અને પરસમયનું (અન્યસિદ્ધાંતોનું સારૂં જ્ઞાન ધરાવતા હોય, ૨૨, "**गंभीरः**" જેઓ સ્વભાવે ગંભીર હોય, ૨૩, "**दीप्तिमान्**' જેઓ દીપ્તિમાન હોય—પરમતવાદીઓ જેમને પરાસ્ત કરવાને સમર્થ ન હોય, ૨૪, '**शिवः**" જેમનામાં ક્રોધનો અભાવ હોય અથવા અહીં તહીં વિહાર કરતા થકાં જેઓ જીવોનું કલ્યાણ કરનારા હોય, ૨૫, "**साम**" જેમની દૃષ્ટિ અથવા મુખમુદ્રા શાન્ત હોય, "**गुणशतकलितः**" અને જેઓ દયા દાક્ષિણ્ય આદિ સેંકડો ગુણોથી સંપન્ન હોય. એવા મુનિ જ દ્વાદશાંગરૂપ પ્રવચનના અર્થને સારી રીતે પ્રકટિત કરવાને સમર્થ હોય છે, આ ૨૫ ગુણોથી યુકત મુનિનાં વચનો ઘી વડે સિંચિત અગ્નિના સમાન તેજસ્વી હોય છે. પરન્તુ આ ગુણોથી રહિત જે સાધુ હોય છે તેના વચનો તેલથી રહિત દીપકના સમાન તેજરહિત (પ્રભાવ રહિત) હોય છે.

આ પ્રકારના ૨૫ ગુણોથી યુકત મુનિએ કયા શાસ્ત્રનો અનુયોગ કરવો જોઈએ, એ વાત પણ અહીં પ્રકટ કરવા અનુયોગના જે ઉપક્રમ આદિ દ્વાર છે. તે પણ તેમણે શિષ્યોને કહેવા જોઇએ. અનુયોગના પણ ભેદો શિષ્યોને બતાવવા જોઇએ. તે ભેદોનું નિરૂપણ સૂત્રકાર પોતે જ આગળ કરવાના છે. તેમણે શિષ્યોને અનુયોગનાં લક્ષણો પણ સમજાવવા જોઈએ. અનુયોગનાં લક્ષણો નીચે પ્રમાણે છે.

"**संहिता य**" ઇત્યાદિ—પદોનું અસ્ખલિત રૂપે ઉચ્ચારણ કરવું તેનું નામ સંહિતા છે. અન્યોન્યની અપેક્ષાવાળા વર્ણોથી નિરપેક્ષ જે સંહિતા છે તેનું નામ અથવા સુબન્ત અને તિઙન્તનું નામ પદ છે. પદના અભિધેયનું નામ પદાર્થ છે. પ્રકૃતિ પ્રત્યયના વિભાગરૂપ વિસ્તારનું નામ પદવિગ્રહ છે. પ્રશ્નને "ચાલના" કહે છે. પ્રશ્નના સમાધાનરૂપ ઉત્તરને પ્રસિદ્ધિ કહે છે. આ છ પ્રકારનું અનુયોગનું લક્ષણ છે. ગુરૂએ અનુયોગના આ છ લક્ષણો પણ શિષ્યને કહેવા જોઈએ. તથા "**अलिअमुवघाअजणणयं**", ઇત્યાદિ જે ૩૨ દોષ છે તે પણ કહેવા જોઇએ. આ ૩૨ દોષોથી અનુયોગ રહિત હોય છે, અને પણ શિષ્યોને કહેવું જોઇએ. વળી તેમણે શિષ્યોને એ પણ સમજાવવું જોઇએ કે અનુયોગનું શ્રવણ કરવા માટે કેવા કેવા મુનિને યોગ્ય ગણવામાં આવે છે. અનુયોગનું શ્રવણ કરવા માટે મુનિમાં નીચેની પાત્રતાઓ હોવી જોઇએ.

"बहुस्सुए चिरपव्वइए" ઇત્યાદિ—જે બહુશ્રુત—(શાસ્ત્રોનો જ્ઞાતા) હોય, ચિરકાલ નો દીક્ષિત હોય, ગીતાર્થ હોય, ચંચલતાથી રહિત હોય, સાધુની મર્યાદાનું દૃઢતા-પૂર્વક પાલન કરનાર હોય, બુદ્ધિશાળી હોય, પરીષહો, ઉપસર્ગો અને અન્યતીર્થિકો-થી જે અપરિભૂત (પરાસ્ત ન થાય એવો) હોય, વિદ્વાન હોય-એટલે કે અનેકશાસ્ત્રો ના અભ્યાસથી જેની બુદ્ધિ નિર્મળ થયેલી હોય, અનુયોગને પાત્ર હોય. ગુરૂએ જેને અનુયોગનું શ્રવણ કરવાની અનુજ્ઞા આપી હોય, અને જે ભાવની અપેક્ષાએ પરિણામયુકત હોય. એવા મહાભાગ મુનિને જ અનુયોગનું શ્રવણ કરવાને પાત્ર માનવામાં આવે છે. ગુરૂએ અનુયોગ શ્રવણ કરનારી પરિષદ કેવી હોવી

જોઇએ તે પણ શિષ્યને સમજાવવું જોઇએ. તેમણે તેને એ વાત સમજાવવી જોઇએ કે અનુયોગનું શ્રવણ કરનારી પરિષદમાં આ પ્રકારની યોગ્યતા હોવી જોઇએ-પરિષદના સામાન્ય રીતે ત્રણ પ્રકાર કહ્યા છે, તે પ્રકારો નીચે પ્રમાણે છે—૧, જ્ઞાયક પરિષદ, ૨, અજ્ઞાયક પરિષદ અને ૩. દુર્વિદગ્ધિકા પરિષદ આ વાત "जाणंतिया" ઇત્યાદિ ગાથા દ્વારા પ્રકટ કરવામાં આવી છે.

જ્ઞાયક પરિષદનું સ્વરૂપ આ પ્રકારનું હોય છે—

"गुणदोसविसेसण्णू" ઇત્યાદિ—જે પરિષદ ગુણ અને દોષોને વિશેષરૂપે જાણતી હોય છે, અને ખોટાં શાસ્ત્રોની માન્યતાઓને જે માનતી નથી—ખોટાં શાસ્ત્રોને

માનનારા લોકોના મતમાં જેને બિલકુલ શ્રદ્ધા હોતી નથી એવી પરિષદને જ્ઞાયક પરિષદ કહે છે. એવી પરિષદ ગુણગ્રાહી અને અગુણોથી રહિત હોય છે. આ પરિ-ષદમાં એકત્ર થયેલા મનુષ્યો ગુણસમૃદ્ધ હોય છે. જેવી રીતે રાજહંસ જલમિશ્રિત દૂધમાંથી દૂધને જ ગ્રહણ કરે છે અને જળનો પરિત્યાગ કરે છે. તેમ આ પરિષદ પણ દોષોનો પરિત્યાગ કરીને ગુણોને ગ્રહણ કરે છે. આ પરિષદના સભ્યો ધર્મની ધુરાને ધારણ કરવામાં વૃષભની જેમ સદા ઉદ્યોગશીલ રહે છે. તે કારણે તેમને ધીરૂ પુરૂષો માનવામાં આવે છે.

અજ્ઞાયક પરિષદનું સ્વરૂપ આ પ્રકારનું હોય છે—

"जा होइ पगइभद्दा" ઇત્યાદિ—જે પરિષદના સભ્યો સ્વભાવની અપેક્ષાએ ભદ્રભાવ (સરલતા)થી યુકત હોય છે. જેના સભ્યો મૃગશિશુ. સિંહશિશુ અને કુકડાના

શિશુ સમાન સરલભાવથી યુકત હોય છે. અને ખાણોમાંથી નીકળેલા રત્ન સમાન જે અસંસ્કૃત હોય છે. જે પરિષદોને ધર્મતત્વ સમજાવવાનું કાર્ય ઘણું જ સરલ હોય છે. એવા ગુણોથી યુકત પરિષદને અજ્ઞાયક પરિષદ કહે છે. "जा खलु अभाविता" કુશાસ્ત્રો આ પરિષદને ભરેકાવી શકતાં નથી અને તે પરિષદ સ્વ સિદ્ધાંતોથી અભિજ્ઞ પણ હોતી નથી. સિદ્ધાન્તને નામે તને ઝગડા કરતા પણ આવડતા નથી. ષટકોટ શુદ્ધ હીરા સમાન વિશુદ્ધ આ પરીષદ હોય છે.

દુર્વિદગ્ધ પરીષદનું સ્વરૂપ આ પ્રકારનું હોય છે.

'नय कृत्य वि" ઇત્યાદિ—કોઇ એક પુરૂષ અમુક વીષયમાં નીષ્ણાત નથી. તે વિષયમાં બીજી કોઇ એક વ્યક્તિ નિષ્ણાત છે, પરન્તુ પહેલી વ્યક્તિ બીજી વ્યક્તિને વસ્તુતત્ત્વ વિષે એ કારણે પૂછતી નથી કે તેને પૂછવાથી મારી અપ્રતિષ્ઠા થશે. આ પ્રકારના અભિમાનને કારણે તે તત્ત્વજ્ઞાન–પ્રાપ્તિમાં પ્રયત્નશીલ રહેતો નથી. એવો માણસ સાચા જ્ઞાનના સંસ્કારથી રહિત જ રહેવાને કારણે અવિદગ્ધ–અનિપુણ જ રહે છે. એવો માણસ હવાથી ભરેલી ધમણ સમાન અભિમાનથી ફૂલાયા જ કરે છે, આ પ્રકારના અધકચરા જ્ઞાનવાળાને અર્ધદગ્ધ કહે છે. આ પ્રકારના અર્ધદગ્ધ, છીછરા જ્ઞાનવાળા, ત્વરિતગ્રાહી (કોઇ વાત કહેવામાં આવે તો શીઘ્ર સમજી લેનારા પણ પાછળથી તેને ભૂલી જનારા) માણસો જ્ઞાનના અભિમાનમાં તત્પર રહેતા હોય છે. એવી વ્યક્તિયેાની સભાને દુર્વિદગ્ધા પરિષદ કહે છે આ કથનનો ભાવાર્થ એ છે કે જેઓ પોતાને વિશિષ્ટ તત્ત્વજ્ઞાની માની રહ્યા છે, અને જેવો વારંવાર સમજાવવા

છતાં પણ પોતાના દુરાગ્રહને છોડતા નથી, જેઓ જ્ઞાની પુરુષોની વાત સમજવાને પણ તત્પર નથી એવાં પુરુષોને દુર્વિદગ્ધ કહે છે અને એવા પુરુષોની સભાને દુર્વિદગ્ધ પરિષદ કહે છે. આ ત્રણ પ્રકારની જે પરિષદો કહી તેમાંની પહેલા બે પ્રકારની પરિષદો તો અનુયોગને પાત્ર ગણાય છે, પણ ત્રીજા પ્રકારની જે દુર્વિદ્ધ પરિષદ છે, તેને અનુયોગને પાત્ર ગણી નથી, અનુયોગને લગતું આ બધું કથન સૌથી પહેલાં કરવું જોઇએ. ત્યારબાદ જ અનુયોગાચાર્યે સૂત્રાર્થનું કથન કરવું જોઇએ. આ પ્રકારના તે અનુયોગના ૧૨ દ્વાર છે. તે બાર દ્વારોનું અનુયોગાચાર્યે શિષ્ય આગળ કથન કરવું જોઇએ. જો કે સૂત્રકારે બે ૧૨ દ્વારોનું કથન અહીં કર્યું નથી, છતાં પણ બાકીના દ્વારોને ઉપલક્ષિત કરવા નિમિત્તે **"कस्य शास्त्रस्य अयम् अनुयोगः"** "કયા સૂત્રનો આ અનુયોગ છે," આ સાતમાં દ્વારને હૃદયમાં ધારણ કરીને **"जइ सुयनाणस्स उद्देसो"** આ સૂત્રપાઠથી શરૂ કરીને **"इमं पुण पडुच्चणं पडुच्च आवस्सगस्स अणुओगो"** આ સૂત્રપાઠ પર્યન્તનું કથન કર્યું છે. **"स्थिर परिपाटी"** આ વિશેષણ

એ વાતનું સમર્થન કરે છે કે આ વિશેષણવાળો મુનિ કદી પણ સૂત્ર અને અર્થનું વિપરીત કથન કરતો નથી. જે મુનિ આદેયવચનથી યુકત હોય છે, તેમના થોડાં વચનો પણ મહા અર્થથી ભરેલા લાગે છે. "આહરણ' એટલે ઉદાહરણ અથવા દૃષ્ટાન્ત હેતુ બે પ્રકારનો હોય છે—(૧) જ્ઞાપકહેતુ અને (૨) કારક હેતુ ઘટનો અભિવ્યંજક દીપક ઘટના જ્ઞાપક હેતુરૂપ છે. ઘટનું નિર્માણ કરનાર કુંભકાર (કુંભાર) ઘટના કારકહેતુરૂપ છે. ઉપસંહારનું નામ ઉપગમ છે. નૈગમ આદિ સાત નય છે. । સૂત્ર ૫ ।

"आवस्सयं णं" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(आवस्सयं णं अंगम् अंगाइं ?)** આવશ્યક સૂત્ર શું એક અંગરૂપ છે, કે અનેક અંગરૂપ છે ? **(सुयं सुयाइं ?)** શું તે એક શ્રુતરૂપ છે, કે અનેક શ્રુતરૂપ છે ? **(खंधो खंधाइं ?)** શું તે એક સ્કંધરૂપ છે, કે અનેક સ્કંધરૂપ છે ? **(अज्झयणं अज्झयणाइं ?)** શું તે એક અધ્યયનરૂપ છે, કે અનેક અધ્યયનરૂપ છે ? **(उद्देसो उद्देसा ?)** શું તે એક ઉદ્દેશરૂપ છે, કે અનેક ઉદ્દેશરૂપ છે ?

ઉત્તર—(**आवस्सयं णं नो अंगं नो अंगाइं**) અનંગ પ્રવિષ્ટ શ્રુતરૂપ હોવાને કારણે આવશ્યકસૂત્ર એક અંગરૂપ પણ નથી, અને અનેક અંગરૂપ પણ નથી. (**सुयं नो सुयाइं**) તે એક શ્રુતરૂપ જ છે. અનેક શ્રુતરૂપ નથી, (**खंधा नो खंधा**) તે એક સ્કંધરૂપ છે, અનેક સ્કંધરૂપ નથી, (**णो अज्झयणं, अज्झयणाइं**) તે ૬ અધ્યયનોવાળું હોવાને લીધે તેને એક અધ્યયનવાળું કહી શકાય નહીં, પણ અનેક અધ્યયનવાળું કહી શકાય. (**नो उद्देसो, नो उद्देसा**) તે એક ઉદ્દેશરૂપ પણ નથી અને અનેક ઉદ્દેશરૂપ પણ નથી. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-આવશ્યક સૂત્ર એક શ્રુતસ્કંધાત્મક અને છ અધ્યયનવાળું છે, તે એક અંગરૂપ પણ નથી અને અનેક અંગરૂપ પણ નથી, તે અનેક શ્રુતસ્કંધરૂપ પણ નથી, તે એક અધ્યયનાત્મક પણ નથી, અને એક અથવા અનેક ઉદ્દેશરૂપ પણ નથી.

શંકા—"આવશ્યક સૂત્ર એક અંગરૂપ છે? કે અનેક અંગરૂપ છે?" આ બે પ્રશ્નો અહીં પૂછવા જોઈતા ન હતા, કારણ કે આપે જ આગળ એવી વાત કરી છે કે આવશ્યક સૂત્રને નન્દિસૂત્રમાં અનંગ પ્રવિષ્ટ (અંગબાહ્ય) સૂત્રરૂપે કહેવામાં આવ્યું છે. વળી આ ગ્રન્થના ત્રીજા સૂત્રમાં જ "**इमं पुण पट्ठवणं पडुच्च अंगपविट्ठस्स अणुओगो**" આ સૂત્રાંશ દ્વારા પણ આવશ્યક સૂત્રને અનંગ પ્રવિષ્ટ શ્રુત રૂપે પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. આ રીતે તેને અનંગપ્રવિષ્ટ શ્રુતરૂપ પ્રકટ કર્યા બાદ ઉપર્યુક્ત બે પ્રશ્નો શું અસ્થાને નથી? આ પ્રકારના પ્રશ્ન ફરી પૂછવામાં શું પુનરુક્તિ દોષની સંભાવના રહેતી નથી?

ઉત્તર—નન્દિસૂત્રમાં આવશ્યકસૂત્રને અનંગ પ્રવિષ્ટ શ્રુતરૂપ કહેવામાં આવ્યું છે, તેથી આ સૂત્રને અનુલક્ષીને અંગત્વ વિષયક જે બે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે, તે પ્રશ્નોને અયુક્ત ગણવા તે ઉચિત નથી, કારણ કે એવો કોઇ નિયમ તો નથી જ કે પહેલાં નન્દિસૂત્રનું વ્યાખ્યાન (કથન) કર્યા બાદ આ સૂત્રનું વ્યાખ્યાન કરવું ન જોઇએ. કદાચ એવું પણ સંભવી શકે છે કે પહેલાં આ અનુયોગ દ્વાર સૂત્રનું વ્યાખ્યાન કરીને ત્યારબાદ વ્યાખ્યાતા નન્દિસૂત્રનું વ્યાખ્યાન પણ કરે.

વળી એવું જ માની લેવામાં આવે કે નન્દિસૂત્રમાં આ સૂત્ર (આવશ્યક સૂત્ર) ની અંગબાહ્યતાનો નિર્ણય થઈ ગયો હોવાથી-અંગત્વ વિષયક જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તે નિરર્થક લાગે છે, એવી પરિસ્થિતિમાં તો "**जइ सुयनाणस्स**" ઇત્યાદિ ત્રીજા સૂત્રનો ઉપન્યાસ જ નિરર્થક બની જશે. નન્દિસૂત્ર અને અનુયોગદ્વારસૂત્રમાં પૌર્વાપર્ય ભાવનો સદ્ભાવ નથી, તેથી તેને અનુલક્ષીને અંગત્વ વિષયક જે પ્રશ્નો પૂછવામાં આવ્યા છે તે ઉચિત જ છે.

શંકા—મંગળનિમિત્તની અપેક્ષાએ તો નન્દિસૂત્ર જ પ્રથમ વ્યાખ્યાન કરવા યોગ્ય છે, તે કારણે તે બન્નેમાં પૌર્વાપર્ય ભાવનો સદ્ભાવ પણ સંભવી શકે છે.

ઉત્તર—એવી વાત પણ નથી, કારણ કે નન્દિસૂત્રમાં પણ પાંચ જ્ઞાનના કથનથી જેવી મંગળતાનો સદ્ભાવ છે, એવી જ મંગળતાનો આ સૂત્રમાં પણ સદ્ભાવ છે,

કારણ કે આ સૂત્રમાં પણ સૌથી પહેલાં પાંચ જ્ઞાનોનું જ કથન કરવામાં આવ્યું છે. આ દૃષ્ટએ વિચાર કરવામાં આવે તો મંગળભૂત નન્દિસૂત્રનું જ પ્રથમ વ્યાખ્યાન કરવું જોઇએ, એવી વાત પ્રતિપાદિત થતી નથી, કારણ કે આ પ્રકારના કથનથી કોઇ ખાસ પ્રયોજનને પુષ્ટિ મળતી નથી.

તથા એવી જ દલીલ કરવામાં આવી છે કે "**इमं पट्ठवणं**" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પણ આ અનુયોગ દ્વારમાં અનંગપ્રવિષ્ટતા પ્રતિપાદિત થાય છે, તેથી અંગત્વ વિષયક પ્રશ્નો અનુચિત જ છે, તો એ દલીલ પણ બરાબર નથી, કારણ કે જે શિષ્ય વિસ્મરણશીલ અને અલ્પબુદ્ધિવાળા હોય તેમના ઉપર અનુગ્રહ કરવાને માટે જ આ બે પ્રશ્ન પૂછવામાં આવ્યા છે. તે કારણે અંગત્વ વિષયક જે પ્રશ્ન પૂછવામાં આવેલ છે, તે બધા નિર્દોષ પ્રશ્નો જ સમજવા જોઇએ. ॥ સૂ. ૬ ॥

"**इमं पुण पट्ठवणं पडुच्च आवस्सगस्स अणुओगो**" આ સૂત્રપાઠ દ્વારા તેનું નામ આવશ્યકસૂત્ર છે, તે નિર્ણીત થઇ જાય છે, અને ત્યાર પછીના દસ પ્રશ્નો દ્વારા એ નિર્ણીત થઇ જાય છે કે આ સૂત્ર શ્રુતરૂપ છે, સ્કન્ધરૂપ છે અને છ

આવશ્યક કે અનુયોગસ્વરુપકા નિરુપણ

અધ્યયનવાળું છે. હવે આ સૂત્રમાં કયા કયા વિષયનો સમાવેશ થાય છે, તે પ્રકટ કરવા નિમિત્તે સૂત્રકાર કહે છે કે—"**तम्हा आवस्सयं**" ઇત્યાદિ—

શબ્દાર્થ—અહીં આવશ્યક સૂત્રનો અનુયોગ પ્રસ્તુત છે, અને તે આવશ્યક શ્રુતરૂપ, સ્કંધરૂપ અને અધ્યયનરૂપ છે. તમ્હા તેથી (**आवस्सयं निक्खिविस्सामि**) આવશ્યકનો હું નિક્ષેપ કરીશ, (**सुयं निक्खिविस्सामि**) શ્રુતનો નિક્ષેપ કરીશ, (**अज्झयणाइं निक्खिविस्सामि**) અને અધ્યયનોનો હું નિક્ષેપ કરીશ.

આ કમનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–જ્યારે આ શાસ્ત્ર આવશ્યક આદિરૂપે નિર્ણીત થઇ ગયું છે, ત્યારે આ આવશ્યક આદિ શબ્દોના અર્થ ખુલાસા સહિત સ્પષ્ટ કરવાનું જરૂરી બની જાય છે. તેના અર્થનું સ્પષ્ટરૂપે વિવેચન કરવાનું કાર્ય ત્યારે જ સરળ બની શકે કે જ્યારે પદોનો નિક્ષેપ કરવામાં આવે. નિક્ષેપ કર્યા વિના અર્થનું વિવેચન સ્પષ્ટતાપૂર્વક થઇ શકતું નથી. તેથી આ આવશ્યક આદિ પદોનો હવે નિક્ષેપ કરવામાં આવે છે.

નિક્ષેપનો અર્થ આવશ્યક શબ્દોના યથા સંભવ નામાદિ ભેદોનું નિરૂપણ કરવું તેનું નામ જ નિક્ષેપ છે. ॥ સૂ૦ ૭ ॥

ઉત્કૃષ્ટરૂપે અને જઘન્યરૂપે કેટલા નિક્ષેપ કર્તવ્ય (કરવા યોગ્ય) હોય છે, તે પ્રકટ કરવાને માટે સૂત્રકાર કહે છે કે—

"**जत्थ य जं जाणेज्जा**" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**जत्थ य जं जाणेज्जा**) જીવાદિરૂપ વસ્તુમાં નિક્ષેપા નિક્ષેપ (ન્યાસ)ને જાણતો હોય તો (**निरवसेसं निक्खेवं निक्खिवे**) તે જીવાદિરૂપ વસ્તુમાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવાદિરૂપ નિક્ષેપના સમસ્ત ભેદોનું નિરૂપણ કરવું જોઇએ. (**जत्थ वि य न जाणेज्जा तत्थ चउक्कगं निक्खिवे**) તથા જે વસ્તુમાં–જીવાદિરૂપ પદાર્થમાં–સમસ્ત નિક્ષિપોને (નિક્ષેપા નિક્ષેપ કરનાર ગુરુ)

જાણતા ન હોય, તે વસ્તુમાં પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ નિક્ષેપના ચાર ભેદોનું નિરૂપણ તો તેમણે કરવું જ જોઇએ.

ભાવાર્થ—જ્યાં નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આદિરૂપ નિક્ષેપ જાણી શકાય એમ હોય ત્યાં આ સમસ્ત ભેદોની અપેક્ષાએ વસ્તુનો નિક્ષેપ થાય છે. પરન્તુ જ્યાં આ બધાં ભેદો જાણી શકાતા ન હોય ત્યાં પણ નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવ, આ ચાર વસ્તુનો નિક્ષેપ તો કરવો જ જોઇએ, કારણ કે નામાદિક ચારે વસ્તુઓ તો સર્વવ્યાપક છે. એવી કોઇ પણ વસ્તુ નથી કે જેમાં નામાદિ ચતુષ્ટયનો સદ્ભાવ ન હોય.

લોકમાં અથવા આગમમાં જેટલા શબ્દોનો વ્યવહાર થાય છે તે ક્યાં કંઈ દૃષ્ટિએ કરવામાં આવતો હોય છે, આ સમસ્યાને હલ કરવાનું જ નિક્ષેપ-વ્યવસ્થાનું કામ છે. એક જ શબ્દના પ્રયોજન અનુસાર અનેક અર્થ થતા હોય છે. તે અર્થ

આવશ્યકકે નિક્ષેપકા નિરુપણ

જ તે શબ્દના ન્યાસ, નિક્ષેપ અથવા વિભાગરૂપ છે. જો નિક્ષેપા (નિક્ષેપ કરનાર ગુરુ) શબ્દનો અર્થ નામ, સ્થાપના, દ્રવ્ય, ક્ષેત્ર, કાળ, ભવ અને ભાવ આદિ રૂપે જાણતો હોય, તો તેનું એ કર્તવ્ય થઇ પડે છે કે તેણે શબ્દનો અર્થ સમજાવતી વખતે આ બધાં ન્યાસો (વિભાગો)નું વિશ્લેષણકરવું જોઇએ. જો નિક્ષેપા એ બધાં ભેદોથી પરિચિત ન હોય તો તેણે શબ્દાર્થનું નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપે તો અવશ્ય વિશ્લેષણ કરવું જ જોઇએ, કારણ કે એવો કોઈ પદાર્થ નથી કે જેમાં નામ આદિ ઉપર્યુકત ચાર નિક્ષેપોનો સદ્ભાવ જ ન હોય પ્રત્યેક પદાર્થ ઓછામાં ઓછા નામ, સ્થાપના, દ્રવ્ય અને ભાવરૂપ તો અવશ્ય હોય જ છે. આ નિક્ષેપોમાંથી વક્તા કયા નિક્ષેપરૂપ અર્થનું પ્રતિપાદન કરી રહ્યો છે એ વાત સરળતાથી સમજાઇ જાય છે. તેના દ્વારા પ્રકૃત અર્થનો બોધ અને અપ્રકૃત અર્થનું નિરાકરણ થવારૂપ ફળ શ્રોતાને પ્રાપ્ત થઇ જાય છે. ॥ સૂ. ૮ ॥

હવે સૂત્રકાર પોતાની પ્રતિજ્ઞા અનુસાર "આવશ્યક" આ શબ્દનો શો નિક્ષેપાર્થ છે, તે પ્રકટ કરે છે, કારણ કે તેમણે હમણાં જ (પૂર્વ સૂત્રમા) એવું વચન આપ્યું છે કે "હું આવશ્યક, શ્રુત, સ્કન્ધ અને અધ્યયનોનો નિક્ષેપ કરીશ."

"से किं तं आवस्सयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं आवस्सयं ?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે "હે ભગવન્ ! પૂર્વોક્ત આવશ્યકનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(आवस्सयं चउव्विहं पण्णत्तं) આવશ્યક ચાર પ્રકારના કહ્યા છે, (तं जहा) એ ચાર પ્રકારો નીચે પ્રમાણે છે—(नामावस्सयं, ठवणावस्सयं, दव्वावस्सयं, भावावस्सयं) (૧) નામ આવશ્યક, (૨) સ્થાપના આવશ્યક, (૩) દ્રવ્ય આવશ્યક અને (૪) ભાવ આવશ્યક. "अथ"શબ્દનો પ્રયોગ મંગળ, અનન્તર, આરંભ, પ્રશ્ન, અને કાત્સ્ન્ર્ય, આટલા અર્થમાં થાય છે. અહીં તેનો પ્રયોગ વાકયના ઉપન્યાસમાં થયો છે. ("किं") આ પદ પ્રશ્ન પૂછવા નિમિત્તે વપરાયું હોવાથી પ્રશ્નાર્થનું વાચક છે. જે અવશ્ય કરવા યોગ્ય હોય છે તેને આવશ્યક કહે છે. સાધુ, સાધ્વી, શ્રાવક અને શ્રાવિકા રૂપ ચતુર્વિધ સંઘને સવારે અને સાંજે (સાયંકાળે) અવશ્ય કર્તવ્ય (કરવા યોગ્ય) અમુક જે કાર્યો છે તેને આવશ્યક કહે છે. અથવા અવશ્ય શબ્દનો આ પ્રમાણે પણ અર્થ થાય છે—અચલ, અરુજ, અક્ષય, અવ્યાબાધ

અમન્દ આનંદના સંદોહરૂપ જે શાશ્વત શિવ સુખ છે તેને અવશ્ય કહે છે. જેના પ્રભાવથી જીવને તે શિવ સુખની અવશ્ય પ્રાપ્તિ થઈ જાય છે, તે વસ્તુનું નામ આવશ્યક છે. અથવા-ઇન્દ્રિયો અને કષાય આદિ ભાવશત્રુઓ જેના દ્વારા સર્વ પ્રકારે વશ થઈ જાય છે, તેનું નામ આવશ્યક છે. અથવા જ્ઞાનાદિ ગુણોનો સમૂહ અથવા મોક્ષ જેના દ્વારા સર્વ પ્રકારે વશ્ય (પોતાને અધીન) કરવામાં આવે છે, તેનું નામ આવશ્યક છે. અથવા 'आवस्सय' આ પદની સંસ્કૃત છાયા "आवासक" પણ થાય છે. એ દૃષ્ટિએ વિચારવામાં આવે તો આવશ્યકના અર્થ આ પ્રમાણે પણ થાય છે-જે ૨૦ સ્થાનોની આરાધના કરવામાં પોતાના આત્માને પ્રવૃત્ત રાખે છે તેનું નામ અવાસક છે, અને એવાં છ પ્રકારના જ આવશ્યક છે. અથવા શ્રુત ચારિત્રરૂપ ધર્મધ્યાનમાં જે આત્મા નિવાસ કરે છે તેને આવાસક કહે છે. તે આવાસકરૂપ આવશ્યક ચાર પ્રકારના કહ્યા છે. ॥ સૂ. ૬ ॥

નામાવશ્યકકે સ્વરુપકા નિરુપણ

હવે સૂત્રકાર નામ આવશ્યકનું સ્વરૂપ કેવું હોય છે, એ વાતનું પ્રતિપાદન કરવાને માટે નીચેના સૂત્રનું કથન કરે છે-"**से किं तं नामावस्सयं**" ઇત્યાદિ-

શબ્દાર્થ-શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે-(**से किं तं नामावस्सयं ?**) હે ભગવન્ ! પૂર્વોક્ત નામ આવશ્યકનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(**नामावस्सयं**) નામ આવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ છે-(**जस्स णं जीवस्स वा अजीवस्स वा, जीवाणं वा अजीवाणं वा**) જે કોઇ જીવનું અથવા અજીવનું, અથવા અનેક જીવોનું કે અનેક અજીવોનું, (**तदुभयस्स वा तदुभयाणं वा**) અથવા જીવ અજીવ બન્નેનું અથવા જીવોનું અને અજીવોનું (જીવો અને અજીવો બન્નેનું) (**आवस्सएत्ति नामं कज्जइ**) "આવશ્યક" એવું જે નામ રાખવામાં આવે છે. (**से तं नामावस्सयं**) તેને 'નામ આવશ્યક' કહે છે. નામ આવશ્યકમાં નામ જ આવશ્યક થઇ જાય છે. એટલે કે તે વસ્તુનું "આવશ્યક" એવું નામ રાખવામાં આવે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે કોઇ પણ જીવાદિકનું "આવશ્યક" એવું જે ગુણનિરપેક્ષ (ગુણની અપેક્ષાથી રહિત) નામ. ઇચ્છાનુસાર વ્યવહાર ચલાવી કરવામાં આવે છે તેને "આવશ્યકનો નામ-નિક્ષેપ" કહે છે. આ નામનિક્ષેપમાં વસ્તુને કેવળ "આવશ્યક" એવા નામ માત્રથી જ તે રૂપે ઓળખવામાં આવે છે. આ નામ નિક્ષેપમાં તેને અનુરૂપ હોય એવા ગુણોની આવશ્યકતા રહેતી નથી. કેવળ વ્યવહાર ચલાવવાને નિમિત્તે જ એવું કરવામાં આવે છે. તેથી "**नाममात्रेण आवश्यकं नामावश्यकं**" આ વ્યુત્પત્તિ અનુસાર તે આવશ્યકરૂપ વસ્તુને નામ માત્રની અપેક્ષાએ જ-એટલે કે નામ પુરતી જ આવશ્યક કહેવામાં આવે છે-જો કે આવશ્યકને અનુરૂપ ગુણોનો તે વસ્તુમાં અભાવ હોય છે. આ વિષયનું વિશેષ સ્પષ્ટીકરણ હવે કરવામાં આવે છે-જ્યારે કોઇ જીવાદિક વસ્તુનું 'આવશ્યક' એવું નામ રાખવામાં આવે છે. ત્યારે તે જીવાદિક વસ્તુને નામમાત્રની અપેક્ષાએ જ આવશ્યક

કહેવામાં આવે છે. આ રીતે તે જીવાદિરૂપ વસ્તુ નામરૂપ 'આવશ્યક' આ શબ્દનો વાચ્યાર્થ બની જાય છે. નામનું લક્ષણ આ પ્રમાણે કહ્યું છે.

"वस्तुनो यदभिधानं तन्नाम" વસ્તુનું જે વ્યવહારમાં નામ રહે તેનું જ નામ 'નામ' છે. જેમ કે કોઇ ઇન્દ્રાદિરૂપ વસ્તુનું "ઇન્દ્ર" એવું પાંચ અક્ષરોની આનુપૂર્વીરૂપ અભિધાન. આ નામનો પ્રથમ પ્રકાર છે નામના લક્ષણનો બીજો પ્રકાર આ પ્રમાણે છે-**"स्थितमन्यार्थे तदर्थनिरपेक्षं पर्यायानभिधेयं च"** કોઇગોવાળના પુત્રનું નામ કોઇએ 'ઇન્દ્ર પાડયું 'ઇન્દ્ર' પદ તો પરમ ઐશ્વર્યનું વાચક છે. ગોવાળના 'ઇન્દ્ર' નામના પુત્રમાં આ ઐશ્વર્ય કયાંથી સંભવી શકે ? તેમાં તો આ ગુણનો અભાવ જ હોય છે. આ રીતે તેનું આ નામ પોતાના અર્થની અપેક્ષાએ તો બરાબર લાગતું નથી. આ રીતે અર્થની અપેક્ષા રાખ્યા વિના પણ કોઇ વસ્તુ કે વ્યકિતને અમુક નામે ઓળખવામાં આવતી હોય છે. વળી શક્ર, પુરન્દર આદિ જે શબ્દો ઇન્દ્રના પર્યાયવાચી છે. તેમના દ્વારા પણ તે અનભિધેય છે. આ પર્યાયવાચી શબ્દો દ્વારા અભિધેય તો ઇન્દ્ર જ હોઇ શકે છે. આ રીતે ગોવાળના બાળકને ઇન્દ્ર એવું જે નામ રાખવામાં આવ્યું છે તે વાચ્યાર્થથી રહિત જ લાગે છે. શક્ર આદિને અનુલક્ષીને જયારે "ઇન્દ્ર" નામ વપરાય છે. ત્યારે તો તે નામ તેના વાચ્યાર્થથી યુકત લાગે છે. આ રીતે વાચ્યાર્થ સાથે મેળ ન ખાય અથવા જે નામમાં વાચ્યાર્થનો જ અભાવ હોય એવું નામ પણ કોઇ કોઇ વાર રાખવામાં આવતું હોય છે. નામના લક્ષણનો આ બંન્ને પ્રકાર સમજવો.

તથા જે નામ ઇચ્છા અનુસાર રાખવામાં આવે છે, તે નામને યાદૃચ્છિક નામ કહે છે. જેમકે કોઇ અર્થની અપેક્ષા રાખ્યા વિના જ **"डित्थ, डवित्थ"** ઇત્યાદિ, તે પ્રકારની વ્યુત્પત્તિથી રહિત નામો પણ રાખવામાં આવે છે. આ પ્રકારના નામો રાખવામાં તે નામ રાખનારની ઇચ્છા જ મુખ્ય ભાગ ભજવતી હોય છે. નામનું આ ત્રીજા પ્રકારનું લક્ષણ છે. આ રીતે પહેલા પ્રકારમાં "ઇન્દ્ર" નામ સાર્થક લાગે છે, બીજા પ્રકારમાં ગોવાળના પુત્રનું "ઇન્દ્ર" નામ તેના અર્થ પ્રમાણે ગુણથી સંપન્ન લાગતું નથી ત્રીજા પ્રકારના **"डित्थ, डवित्थ"** આદિ નામો કોઇ પણ પ્રકારના અર્થની અપેક્ષા વિના માત્ર નામ રાખનારની ઇચ્છાનુસાર રાખવામાં આવે છે. આ ત્રણ પ્રકારનાં નામ અવશ્ય કરણીય હોવાથી તેમને આવશ્યક કહેવામાં આવે છે.

શંકા—જીવનું "આવશ્યક" એવું નામ કેવી રીતે સંભવી શકે છે ?

ઉત્તર—જેમ કોઇ વ્યક્તિ પોતાના પુત્રનું નામ 'દેવદત્ત' રાખે છે, ભલે કે દેવે તેને તે પુત્ર આપ્યો હોતો નથી, પરન્તુ લોકવ્યવહાર ચલાવવાને એવું કોઇ પણ નામ રાખવું જ પડે છે, એજ પ્રમાણે જો કોઇ ગોવાળ આદિ વ્યક્તિ પોતાની ઇચ્છાથી પોતાના પુત્રનું નામ "આવશ્યક" રાખી શકે છે. તો આ પ્રકારનું નામ રાખવું તેનું નામ જ આવશ્યકનો નામનિક્ષેપ સમજવો. ખરી રીતે તો તે ગોવાળના પુત્રમાં આવશ્યક જેવા ગુણો તો હોતા નથી—એ પ્રકારના ગુણોથી તો તે રહિત જ હોય છે. એટલે કે ભાવાવશ્યકથી તે બાળક રહિત જ છે, છતાં પણ તેમાં 'આવશ્યક' એવા નામનું જ આરોપણ કરવામાં આવ્યું છે તે એક જીવને આશ્રિત નામ માત્રનું જ 'આવશ્યક' છે. આ નામ માત્ર ના આવશ્યકનો વાચ્ય તે ગોવાળપુત્ર છે. લોક વ્યવહાર ચલાવવા નિમિત્તે જ આવી કોઇ પણ 'સંજ્ઞા' તે બાળકને ઓળખવા માટે ઉપયોગી થઇ પડે છે એટલે જેમ 'દેવદત્ત' નામ રાખી શકાય છે, તેમ "આવશ્યક" નામ પણ શા માટે ન રાખી શકાય કોઈ એક અજીવમાં "આવશ્યક" એવો નામ નિક્ષેપ આ પ્રકારે ઘટાવી શકાય છે-આ સૂત્રમાં જ આગળ એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે આવશ્યક અને આવાસક, આ બન્ને સમનાર્થી પદો છે. આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો અજીવમાં "આવશ્યક" એવું નામ આ પ્રમાણે સુસંગત લાગે છે—

કોઇ એક શુષ્ક (સૂકા) અને અનેક બખોલોવાળી યુકત વૃક્ષમાં સર્પાદિક જીવોનો વાસ જોઇને એમ કહી દેવામાં આવે છે કે આ વૃક્ષ તો સર્પાદિકનું નિવાસસ્થાન છે અથવા સર્પાદિકના આવાસરૂપ છે. લોકમાં આ પ્રકારનો વ્યવહાર ચાલે છે. તેથી તે વૃક્ષાદિ અજીવ પદાર્થનું "આવાસક અથવા આવશ્યક" એવું નામ રાખવું તે એક અજીવમાં "આવાસક અથવા આવશ્યક" એવા નામ નિક્ષેપરૂપ સમજવું. ભલે કે તે વૃક્ષાદિ પદાર્થ અનંત પરમાણુ રૂપ અજીવ દ્રવ્યો વડે નિષ્પન્ન થયેલ હોય છે, છતાં પણ એક સ્કન્ધરૂપ પરિણતિનો આશ્રય લઇને તેને એક અજીવરૂપે પ્રકટ કરવામાં આવેલ છે. અહીં કોઇ એવી શંકા કરે કે અહીં તો એક અજીવ પદાર્થની અપેક્ષાએ આવશ્યક એવા નામનિક્ષેપની વાત ચાલી રહી છે, આપે તો શુષ્ક વૃક્ષમાં 'આવશ્યક' એવો નામનિક્ષેપ કર્યો છે, પરન્તુ તે શુષ્ક વૃક્ષ એક અજીવ પદાર્થરૂપ નથી. તે તો અનેક પરમાણુ પુંજમાંથી નિષ્પન્ન થયેલું હોવાથી અનેક અજીવ દ્રવ રૂપ પદાર્થ જ છે, તો આ શંકાનું સમાધાન આ કથન દ્વારા કરવામાં આવ્યું છે. અહીં એમ બતાવવામાં આવ્યું છે કે શુષ્ક વૃક્ષ ભલે કે અનેક પૌદ્ગલિક પરમાણુ-ઓના પુંજથી નિષ્પન્ન થયેલું છે, પરન્તુ અહીં તે પ્રકારની વિવક્ષા કરવામાં આવી નથી. અહીં તો તે બધાના સંબંધથી એક પરિણતિરૂપ થયેલા એક સ્કન્ધ દ્રવ્યની જ વિવક્ષા ચાલી રહી છે. તેથી તેને અહીં એક અજીવ દ્રવ્ય રૂપે જ પ્રતિપાદિત કરવામાં આવેલ છે, અનેક અજીવ દ્રવ્ય રૂપે પ્રતિપાદિત કરવામાં આવેલ નથી.

અનેક જીવોમાં "આવશ્યક" એવું નામ આ પ્રમાણે ઘટિત કરવું જોઇએ-

ઇંટો પકવવાના ભઠ્ઠા આદિની જે અગ્નિ હોય છે તેમાં અનેક મૂષિકાઓ (ઉંદરડીઓ) સંમૂર્ચ્છન જન્મ ધારણ કરે છે. તેથી તે ભઠ્ઠા આદિની અગ્નિને મૂષિકાવાસરૂપે પણ ઓળખવામાં આવે છે. આ રીતે તે અસંખ્યાત અગ્નિજીવોનું "આવાસક" એવું નામ સિદ્ધ થઇ જાય છે.

અનેક અજીવોનું આવાસક એવું નામ આ પ્રમાણે સિદ્ધ કહી શકાય છે.

અનેક અચિત્ત તણખલાંઓની મદદથી માળો બને છે, અને તેમાં પક્ષીઓ રહે છે, તે કારણે તેને પક્ષીઓના આવાસરૂપ ગણીને એવું કહેવામાં આવે છે કે "આ પક્ષીઓનો આવાસક છે." આ રીતે અનેક અજીવોમાં "આવાસક" એવો

આવાસનો નામનિક્ષેપ સિદ્ધ થઈ જાય છે. જીવ અજીવ, એ બન્નેમાં "આવાસક" આ નામનિક્ષેપ આ પ્રમાણે સિદ્ધ કરી શકાય છે.

જે રાજમહેલનો પ્રદેશ જળાશય, ઉદ્યાન અને જળયંત્ર (નળ) આદિથી યુક્ત હોય છે, તેને "રાજા આદિનું આવાસસ્થાન છે," એ રૂપે કહેવામાં આવે છે, ત્યાં જે ઉદ્યાન, જળાશય અને સચેતન રત્નાદિક વસ્તુઓ છે, તે તો સચિત્ત દ્રવ્યરૂપ જ છે, અને ઈંટની દીવાલો, અને અચેતન રત્નાદિકો વગેરે જે વસ્તુઓ છે, તે અચિત્તદ્રવ્યરૂપ હોવાથી અજીવ છે, એ બન્નેથી જેનું નિર્માણ થયું છે. એવા તે મહેલ આદિના પ્રદેશનું નામ આવાસરૂપ હોવાને કારણે "આવાસક"નું નિક્ષેપ બને છે. એજ પ્રમાણે જીવાજીવમાં પણ 'આવાસક' આ નામનિક્ષેપ આ પ્રમાણે ઘટાવી શકાય છે.

રાજપ્રાસાદથી યુક્ત સમસ્ત નગર "રાજાદિકનો આવાસ છે." આ રૂપે વ્યવહારમાં કહેવામાં આવે છે. તથા સૌધર્મ આદિ સમસ્ત કલ્પને ઇન્દ્રાદિકોના આવાસ રૂપ કહેવામાં આવે છે એ રીતે સંમિલિત અનેક અજીવો અને જીવોનું "આવાસક"

स्थापनावश्यकके स्वरुप का निरुपण

એવું નામ સિદ્ધ થઈ જાય છે. રાજપ્રાસાદ, નગર એને સૌધર્મકલ્પ આદિની અપેક્ષાએ જીવ અને અજીવો નાના હોવાને કારણે તે બન્નેને અહીં અજીવરૂપ એક શબ્દથી જ પ્રતિપાદિત કરવામાં આવેલ છે. તથા રાજમહેલ કરતાં નગર સાધર્માદિ કલ્પો વિશાળ હોવાને કારણે અનેક જીવ અને અજીવરૂપે વિવક્ષિત થયેલ છે. આ રીતે જીવ. અજીવ અને ઉભયમાં એકત્વ અનેકત્વનો આ વિચાર વિવક્ષાને અધીન રહીને થયેલો સમજવો. એજ પ્રકારે અન્યત્ર પણ જીવાદિકોનું 'આવાસક' નામ યથા સંભવ સમજી લેવું જોઇએ. અહીં આ જે સમજૂતી આપવામાં આવી છે. તે તો બહુ જ સંક્ષિપ્તમાં આપવામાં આવી છે. આ પ્રકારની આ નામ આવશ્યકની પ્રરૂપણા સમજવી.

સૂત્રકારે અહીં નામ આવશ્યકનું સ્વરૂપ જીવ અજીવ આદિ પદાર્થોના એકત્વ અનેકત્વની અપેક્ષાએ સમજાવ્યું છે. આ બાબતમાં પહેલાં તો એ સમજી લેવું જોઇએ કે પ્રત્યેક શબ્દનો અર્થ ચાર પ્રકારનો હોય છે. તે ચાર પ્રકાર નીચે પ્રમાણે છે.

(૧) નામરૂપ (૨) સ્થાપનારૂપ, (૩) દ્રવ્યરૂપ અને (૪) ભાવરૂપ શાસ્ત્રોની પરિભાષામાં તેને નામનિક્ષેપ કહેવામાં આવે છે. નિક્ષેપ એટલે નામ રાખવું અથવા ન્યાસ (વિભાગ) કરવો તેનું નામ નિક્ષેપ છે.

જેમાં વ્યુત્પત્તિની પ્રધાનતા હોતી નથી પણ જે માતા, પિતા અથવા અન્ય લોકોના સંકેતનો આધાર લઇને જાણી શકાય છે, એવું નામનિક્ષેપનું સ્વરૂપ અથવા એવો નામનિક્ષેપનો વિષય છે. જેમકે કોઇ વ્યક્તિમાં મહાવીર જેવાં ગુણોનો અભાવ હોવા છતાં પણ વ્યવહાર ચલાવવાને નિમિત્તે તેના માતા, પિતા આદિ લોકો તેનું નામ મહાવીર રાખી લે છે જે વસ્તુ અસલી વસ્તુના સમાન આકારવાળી છે, તે સ્થાપના નિક્ષેપનો વિષય છે. જેમકે જંબૂદ્વીપનો નકશો, અઢીદ્વીપનો નકશો, વૃક્ષ મહેલ આદિના ચિત્ર, આ બધા સ્થાપના નિક્ષેપના ઉદાહરણો છે.

જે પદાર્થ ભાવનો પૂર્વરૂપ કે ઉત્તરરૂપ હોય, તે દ્રવ્યનિક્ષેપનો વિષય છે. જેમકે જે અત્યારે શ્રાવકપુત્ર છે તે ભવિષ્યમાં શ્રાવક બનશે માટે તેને શ્રાવક કહેવો જોઇએ. આનું નામ દ્રવ્યનિક્ષેપ છે.

જે શબ્દના અર્થમાં શબ્દની વ્યુત્પત્તિ અથવા પ્રવૃત્તિનું નિમિત્ત વર્તમાનમાં બરાબર ઘટાવી શકાતાં હોય. તે ભાવનિક્ષેપનો વિષય છે જેમકે વર્તમાન સમયે મહાવીરતાનું કાર્ય કરનારને મહાવીર કહેવો, તે ભાવરૂપ નિક્ષેપ થયો ગણાય.

એજ પ્રમાણે જે જીવાદિ પદાર્થમાં 'આવશ્યક એવો એક પણ ગુણ નથી, તે જીવાદિ પદાર્થમાં 'આવશ્યક' એવા નામનો વ્યવહાર કરવો, તેને નામ આવશ્યક કહે છે. નામનો ત્રણ પ્રકારના લક્ષણોથી વ્યવહાર થાય છે–જ્યાં નામનું વ્યુત્પત્તિ અથવા પ્રવૃત્તિનું નિમિત્ત ઘટિત થતું હોય છે, તે નામ–નામનિક્ષેપનો વિષય બનવાને બદલે ભાવનિક્ષેપનો વિષય બની જાય છે. જેમકે પરમ ઐશ્વર્યથી સંપન્ન એવી કોઈ વ્યક્તિને "ઇન્દ્ર" એવા નામે ઓળખવી. આ નામનો પહેલો પ્રકાર છે.

નામનો બીજો પ્રકાર—જેનું નામ હોય એવી પ્રવૃત્તિના નિમિત્તનો અથવા વ્યુત્પત્તના નિમિત્તનો જેમાં સદ્ભાવ ન હોય, પરન્તુ સંકેત આદિનો સદ્ભાવ હોય તો તેને નામનિક્ષેપમાં પરિણુમિત કરવામાં આવ્યું છે. જેમકે ગોવાળના પુત્રનું 'ઇન્દ્ર'નામ.

ત્રીજા પ્રકારમાં 'डित्थ डवित्थ' આદિ રૂઢ શબ્દો કે જે વ્યુત્પત્તિથી રહિત છે અને બોલનારની ઇચ્છાનુસાર પ્રચલિત (ઉચ્ચારિત) થયેલ છે, તેમને ગણાવી શકાય છે. તેમાં પણ પ્રવૃત્તિનું નિમિત્ત અથવા વ્યુત્પત્તિનું નિમિત્ત હોતું નથી પણ રૂઢિનો જ સદ્ભાવ હોય છે. આ રીતે કેવળ બીજો પ્રકાર જ નામનિક્ષેપના વિષયરૂપ ગણી શકાય છે. તેથી જેમાં આવશ્યક જેવાં ગુણ નથી, તેમાં 'આવશ્યક' આ નામનો ન્યાસ કરવો તેને આવશ્યકનો નામનિક્ષેપ કહે છે. જીવાદિક પદાર્થોમાં આ નિક્ષેપ કેવા પ્રકારે ઘટિત કરવામાં આવ્યો છે, તે વિષયનું ટીકાકારે સૂત્રની ટીકામાં જ સ્પષ્ટીકરણ કરેલું છે. તેથી ભાવાર્થમાં તેનું સ્પષ્ટીકરણ કરવાની જરૂરત રહેતી નથી. ॥ સૂ૦ ૧૦ ॥

હવે સૂત્રકાર સ્થાપના આવશ્યકનું નિરૂપણ કરે છે—

"से किं तं ठवणावस्सयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—શિષ્ય ગુરૂને એવો પ્રશ્ન પૂછે છે કે-(से किं तं ठवणावस्सयं ?) હે ભગવન્! સ્થાપના આવશ્યકનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર—(ठवणावस्सयं) સ્થાપના આવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનું છે. જે કરવામાં આવે તેનું નામ સ્થાપના છે. જેમકે જંબૂદ્વીપનો નકશો, અઢીદ્વીપનો નકશો, વગેરે સ્થાપના આવશ્યકરૂપ છે. આવશ્યક પદના પ્રયોગદ્વારા અહીં આવશ્યક ક્રિયાવાળા શ્રાવક વગેરે ગૃહીત થયા છે, કારણ કે આવશ્યક ક્રિયા અને આવશ્યક ક્રિયાવાળામાં અભેદનો ઉપચાર કરવામાં આવ્યો છે. કાષ્ઠ પાષાણ આદિમાં આલેખવામાં–કોતરવામાં આવેલું તેનું ચિત્ર કે જે જ્ઞાનાદિ ગુણોથી સર્વથા વિહીન હોય છે, તે સ્થાપનાનિક્ષેપ છે. જેમાં આવશ્યક ક્રિયાને સંપાદન કરવાની આકૃતિરૂપે શ્રાવક આદિકોનાં ચિત્રો પથ્થર પર અથવા લાકડાનાં પાટિયાં વગેરે પર બનાવવામાં આવે છે, તેને જ સ્થાપના રૂપ આવશ્યક કહે છે. એજ વિષયને સૂત્રકાર "जण्णं" ઇત્યાદિ પદો દ્વારા સ્પષ્ટ કરે છે—

(जण्णं कट्ठकम्मे वा पोत्थकम्मे वा) જે આકૃતિ લાકડા પર કોતરી કાઢવામાં આવે તેમાં અથવા પુસ્ત પર (વસ્ત્ર પર) ચિત્રિત કરવામાં આવે તેમાં, અથવા વસ્ત્રમાંથી ઢીંગલીરૂપે બનાવવામાં આવે તેમાં અથવા-पोत्थकम्मेणि" પુસ્તકની અંદર પીછી વડે રંગાદિ પૂરીને બનાવવામાં આવે તેમાં, અથવા (चित्तकम्मे वा) ચિત્રરૂપે જેનું સર્જન કરવામાં આવે તેમાં, (लेप्पकम्मे वा) ભીની માટીમાંથી બનાવવામાં આવે તેમાં, (गंथिमे वा, वेढिमे वा, पुरिमे वा, संघाइमे वा) અથવા વસ્ત્રની ગાંઠોના સમુદાયથી

બનાવવામાં આવે તેમાં, અથવા એક, બે અથવા અનેક વસ્ત્રોને વેષ્ટન કરીને બનાવવામાં આવે તેમાં, અથવા પુષ્પોની આકૃતિરૂપે સજાવટ કરી કરીને જે આકાર બનાવવામાં આવે તેમાં, અથવા પિત્તળાદિ દ્રવ્યોને બીબામાં ઢાળીને જે આકાર બનાવવામાં આવે તેમાં અથવા આવે તેમાં, અથવા અનેક વસ્ત્રોના લીરાંઓ (ચિંદરડાંઓ)માંથી જે આકૃતિ બનાવવામાં આવે તેમાં (**अक्खे वा**) અથવા પાશાઓમાં અથવા (**वराडए वा**) કોડીમાં (**गो वा अणेगो वा**) એક અથવા અનેક આવશ્યક ક્રિયા યુકત એક-અનેક શ્રાવક આદિવડે (**सब्भावठवणा असब्भावठवणा**) કરવામાં આવેલી જે સદ્‌ભાવસ્થાપના અથવા અસદ્‌ભાવ સ્થાપના છે. (**आवस्सएत्ति ठवणा ठविज्जइ**) તેનું નામ આવશ્યકની સ્થાપના છે. (**से तं ठवणावस्सयं**) આ પ્રકારનું આ સ્થાપનાઆવશ્યકનું સ્વરૂપ છે. ॥ સૂ૦ ૧૧ ॥

નામાવશ્યક ઔર સ્થાપનાવશ્યકકે ભેદકા કથન

હવે સૂત્રકાર નામ નિક્ષેપ અને સ્થાપના નિક્ષેપ વચ્ચે શો તફાવત છે, તે પ્રકટ કરે છે. "**नामट्ठवणाणं**" ઇત્યાદિ—

શબ્દાર્થ—શિષ્ય ગુરૂને એવો પ્રશ્ન પૂછે છે કે "હે ભગવન્! નામ અને સ્થાપના વચ્ચે શો તફાવત છે? પૂર્વોકત કથન પ્રમાણે તો તે બન્ને વચ્ચે કોઇ ભેદ જ દેખાતો નથી, કારણ કે.....જેમ ભાવાવશ્યકના સ્વરૂપથી રહિત ગોવાળપુત્ર આદિમાં "આવશ્યક" એવો નામ નિક્ષેપ કરવામાં આવે છે, એજ પ્રમાણે ભાવાવશ્યકના સ્વરૂપથી વિહીન, કાષ્ઠ, પુસ્તક આદિમાં આવશ્યકશાસ્ત્રની તદાકારરૂપે અથવા અતદાકાર રૂપે સ્થાપના રૂપ નિક્ષેપ કરવામાં આવે છે. તેથી ભાવથી વિહીન દ્રવ્ય માત્રમાં ક્રિયમાણ હોવાને કારણે એ બન્ને વચ્ચે કોઇ પણ પ્રકારનો ભેદ દેખાતો નથી. આ પ્રકારની પ્રશ્ન કરનાર શિષ્યની માન્યતા અહીં પ્રકટ કરી છે.

ઉત્તર—(**णामं आवकहियं ठवणा इत्तरिया वा होज्जा, आवकहिया वा**) નામ યાવત્કથિત હોય છે, પરન્તુ સ્થાપના ઇત્વરિક (સ્વલ્પકાળ સુધી જ રહેનાર) અને યાવત્કાથત, એ બન્ને પ્રકારની હોય છે. સ્વાશ્રયભૂત દ્રવ્યના અસ્તિત્વકાળ સુધી નામ રહે છે. એટલે કે જેનું તે નામ રાખવામાં આવ્યું છે તે વસ્તુ અથવા વ્યકિતનું અસ્તિત્વ જ્યાં સુધી રહે છે. ત્યાં સુધી જ તે નામનું અસ્તિત્વ રહે છે. આ રીતે નામને યાવત્કથિત કહેવામાં આવ્યું છે. પરન્તુ સ્થાપના તો સ્વલ્પકાળ સુધી પણ રહે છે અને યાવત્કથિત (વસ્તુનું અસ્તિત્વ રહે એટલા માટે કાળ સુધી ટકનારી) પણ હોઇ શકે છે.

જેમકે કાષ્ઠ કર્મ આદિમાં આવશ્યકશાસ્ત્રની તદાકારરૂપ અથવા અતદાકારરૂપ કરેલી સ્થાપના યાવત્કથિત હોય છે–સ્વાશ્રયભૂત દ્રવ્યનું જ્યાં સુધી અસ્તિત્વ રહે ત્યાં સુધી જ તે સ્થાપનાનું અસ્તિત્વ રહે છે, તથા અક્ષ (પાશા) આદિમાં કરેલી અતદાકાર સ્થાપના બહુ જ ઓછા કાળ સુધી રહે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે—કોઇ સ્થાપનના સ્વાશ્રયભૂત દ્રવ્યનું અસ્તિત્વ રહેવા છતાં પણ વચ્ચેથી જ ગમે ત્યારે સમાપ્ત થઇ જતી હોય છે, ત્યારે કોઇ સ્થાપના એવી હોય છે કે જે પોતાના આશ્રયભૂત દ્રવ્યનું અસ્તિત્વ જ્યાં સુધી રહે ત્યાં મોજૂદ રહે છે.

આ પ્રમાણે નામ અને સ્થાપના નિક્ષેપમાં ભાવશૂન્યતાની અપેક્ષાએ આધારની સમાનતા હોવા છતાં પણ પોતપોતાના અવસ્થાનકાળની અપેક્ષાએ જ ભેદ રહેલો છે, એવું ભગવાને કહ્યું છે.

જો કે ગોવાળપુત્ર આદિનું અસ્તિત્વ રહેવા છતાં પણ કોઇ કોઇ વાર તેમના નામોમાં પરિવર્તન થયા કરતું હોય છે, એવું પણ જોવામાં આવે છે ખરું. આ દૃષ્ટિએ વિચારવામાં આવે તો એવી પરિસ્થિતિમાં તો નામમાં યાવત્કથિકતા રહેતી નથી, પરન્તુ આવું ભાગ્યે જ બને છે. અનેક વસ્તુઓ અથવા પદાર્થોમાં તો નામની યાવત્કથિકતા જ જોવા મળે છે–ઇત્વરિકતા (અલ્પ સ્થાયિત્વ) દેખાતી નથી. નામની અપેક્ષાએ ઇત્વરિકતા તો કેવળ વિરલતા રૂપે જ કોઇ કોઇ વસ્તુમાં જોવામાં આવે છે. આ રીતે નામની ઇત્વરિકતા અલ્પ સ્થલવ્યાપી હોવાથી ભગવાને અહીં તેની વિવક્ષા કરી નથી. જો નામમાં અલ્પકાલિકતા રૂપ આ ઇત્વરિકતાને સ્વીકારવામાં આવે તો ઉત્સૂત્રપ્રરૂપણાનો દોષ લાગે છે–એટલે કે એ પ્રકારની પ્રરૂપણા કરવી એ સૂત્ર વિરૂદ્ધની સિદ્ધાન્તોથી વિરૂદ્ધની પ્રરૂપણા કરી ગણાય, એમ સમજવું.

અહીં કોઇ એવી દલીલ કરે કે આ પ્રકારના કાળભેદની અપેક્ષાએ નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપ વચ્ચે જે ભેદ પ્રકટ કરવામાં આવ્યો છે, તે તો ઉપલક્ષણ માત્ર જ છે. કારણ કે આ સિવાય બીજી અનેક રીતે પણ તે બન્ને વચ્ચે ભેદ સંભવી શકે છે. તો આ પ્રકરનું તેનું જે કથન છે તેને ઉત્સૂત્ર પ્રરૂપણા રૂપ જ ગણી શકાય, કારણ કે તે પ્રકારની માન્યતા આગમની વિરૂદ્ધ જાય છે. જેમ નામ-નિક્ષેપમાં કોઇ કોઇ પ્રસંગે ઇત્વરિકતા (અલ્પકાલિનતા)નો સંભવ હોવા છતાં પણ ભગવાને ઉત્સૂત્ર પ્રરૂપણાના ભયથી તેનો ઉલ્લેખ કર્યો નથી–ત્યાં તો માત્ર યાવત્કથિકતા જ પ્રદર્શિત કરવામાં આવી છે અને એજ કારણે ઇત્વરિકતાનો ઉપલક્ષણરૂપે સ્વીકાર કરવામાં આવ્યો નથી, એજ પ્રમાણે સ્થાપનામાં પણ કાળ સિવાયની કોઇ પણ બાબતને ભેદ કારણરૂપે સ્વીકારવામાં આવે તો એ પ્રકારની પ્રરૂપણામાં પણ ઉત્સૂત્રપ્રરૂપણાનો જ પ્રસંગ પ્રાપ્ત થશે, કારણ કે સ્થાપના નિક્ષેપમાં કાળકૃત ભેદ સિવાયનો કોઇ પણ ભેદ જણાવાને કહ્યો નથી.

વળી કોઇ કોઇ માણસો એવું પણ કહે છે કે.....“પ્રતિમારૂપ સ્થાપનાને નિહાળવાથી ભાવોનો જેવો ઉલ્લાસ અનુભવવામાં આવે છે–જેવો ઉલ્લાસ ઉત્પન્ન થાય છે, એવો ભાનોનો ઉલ્લાસ (એ પ્રકારનું મનઃપરિણામ)–તે નામ માત્રના શ્રવણથી ઉત્પન્ન થતો નથી. નામનિક્ષેપ અને સ્થાપનાનિક્ષેપ વચ્ચે આ પ્રકારનો જ તફાવત છે. જેમકે ઇન્દ્રની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હોય તો લોકો તેની સમક્ષ વિવિધ પ્રકારની યાચના કરે છે, તેની પૂજા કરે છે અને પોતાની ઇચ્છિત વસ્તુઓની પ્રાપ્તિ કરી લે છે, પરન્તુ નામ ઇન્દ્ર આદિમાં એવું જોવામાં આવતું નથી. આ રીતે તે બન્ને પ્રકારના નિક્ષેપોમાં આ પ્રકારનો ભેદ પણ રહેલો છે. એટલું જ નહીં પણ તે બન્ને નિક્ષેપો વચ્ચે રહેલો ભેદ દર્શાવતા બીજાં કેટલાક કારણોનો પણ સદ્ભાવછે.

તો આ પ્રકારનું કથન પણ આગમ વિરૂદ્ધનું કથન હોવાથી ઉત્સૂત્રકથન જ ગણાય છે. આ પ્રકારની આગમ વિરૂદ્ધની પ્રરૂપણા કરનાર વ્યકિત અનન્ત સંસારની જનક બને છે. આગમમાં આ પ્રકારનું જે કથન આવે છે કે.....

“તથારૂપ અર્હંત ભગવંતોના નામ અને ગોત્રનું શ્રવણ કરવાથી મહાફલની પ્રાપ્તિ થાય છે,” આ કથન નામનિક્ષેપના વિષયરૂપ નથી. કારણકે “अरहंताणं भगवंताणं” ઇત્યાદિ કથન દ્વારા એ બતાવવામાં આવ્યુ છે કે તથારૂપ ભાવરૂપ અર્હંતમાં પ્રયુકત નામના જ શ્રવણથી મહાફલની પ્રાપ્તિ થાય છે–કેવળ નામ નામના જ શ્રવણથી મહાફલની પ્રાપ્તિ થતી નથી. નહીં તો કોઇ પણ વ્યકિતને માટે (દાખલા તરીકે ગોવાળના પુત્રને માટે) ‘અર્હંત’ આ નામનો ઉપયોગ કરવામાં આવે, તો તેના નામનું શ્રવણ કરવાથી પણ મહાફલની પ્રાપ્તિ થઇ જવી જોઇએ ! પણ અહીં તો એવું બનતું નથી. તે નામદ્વારા માત્ર તે ગોવાળપુત્ર રૂપ અર્થની જ પ્રતીતિ થાય છે. આત્મપરિણામોની શુદ્ધિ રૂપ મહાફળની પ્રાપ્તિ તેના નામ શ્રવણથી થતી નથી. તેથી એવું માનવું જોઇએ કે ભાવરૂપ અર્હંત નામના જ શ્રવણથી જીવોને આત્મપરિણામોની શુદ્ધિરૂપ ફળની પ્રાપ્તિ થાય છે, કારણ કે એજ તેનો હેતુ છે. સાધારણ નામનિક્ષેપમાં આ હેતુતા સંભવી શકતી નથી.

વળી કોઇ માણસ અહીં એવી દલીલ કરે કે અર્હંત નામનિક્ષેપ ભલે આત્મ પરિણામોની શુદ્ધિમાં કારણભૂત ન થતો હોય, પણ તેના શ્રવણથી ભગવાન અર્હંતના નામનું સ્મરણ તો થઇ જાય છે, એટલું તો આપે માનવું જ પડશે।

તો આ પ્રમાણે કહેવું તે પણ ઉચિત નથી, કારણ કે ભાવનિક્ષેપથી રહિત એવા નામનિક્ષેપથી અર્હંત ભગવાનનું સ્મરણ થવાની વાત અસંભવિત છે.

તેથી "तहारूवाणं अरहंताणं" ઇત્યાદિ પાઠમાં નામ અને ગોત્ર એ બન્નેની સાથે ભગવાન અર્હંતના સંબંધને છઠ્ઠી વિભક્તિના પદના પ્રયોગ દ્વારા પ્રકટ કરનાર સૂત્રકારે નામનિક્ષેપની વિવક્ષા કરી નથી, પરન્તુ ભાવનિક્ષેપ જિનના બોધક એવા નામની વિવક્ષા કરી છે. કારણ કે એજ નામના શ્રવણથી શ્રોતાને મહાફલની પ્રાપ્તિ થવાનું સંભવી શકે છે. એજ પ્રમાણે સ્થાપના પણ ભાવરૂપ અર્થથી વિહીન જ હોય છે, કારણ કે ભાવનિક્ષેપરૂપ અર્થની સાથે તેનો કોઇ સંબંધ જ હોતો નથી.

જો અહીં એવી દલીલ કરવામાં આવે કે પહેલાં ભાવજિનના અસ્તિત્વકાળમાં જે તેમના શરીરની આકૃતિ હતી, એ આકૃતિ જ સ્થાપનાનિક્ષેપમાં વિદ્યમાન રહે છે, તેથી તેના દ્વારા આશ્રયાશ્રયી ભાવરૂપ સંબંધનો બોધ થઇ જાય છે, તો એ પ્રકારની માન્યતા પણ ઉચિત નથી, કારણ કે વર્તમાન કાળે સ્થાપના નિક્ષેપમાં જો આશ્રયીનો જ સદ્ભાવ ન હોય તો તેના દ્વારા ભાવજિનની સાથે આશ્રયાશ્રયી ભાવરૂપ સંબંધનો બોધ જ કેવી રીતે થઇ શકે ! ભાવજિનની સાથે જ્યારે તે આકૃતિ વિદ્યમાન હતી ત્યારે જ આ પ્રકારનો સંબંધ અસ્તિત્વ ધરાવતો હતો. હા, એવું સંભવી શકે છે કે જે પ્રકારે ભાવજિનના દર્શન કરનાર કોઇ વ્યક્તિમાં ભાવોલ્લાસનો ઉભળકો આવી જાય છે, એજ પ્રમાણે ભક્તિભાવપૂર્વક તે આકૃતિનું સ્મરણ કરનાર વ્યક્તિમાં પણ ભાવોલ્લાસનો ઉભળકો આવી જાય ખરો, કારણ કે આકૃતિનો ભાવજિનની સાથે સંબંધ છે. જો ભાવજિનની સાથે તે આકૃતિને સંબંધ ન હોય, તો તે પ્રતિમા ભાવજનક અને અનેક ગુણોનું સ્મરણ કરાવવાને સમર્થ કેવી રીતે બની શકે ! પરન્તુ સ્થાપનાનો ભાવજિનની સાથે આશ્રયાશ્રયી ભાવરૂપ કોઇ સંબંધ તો છે જ નહીં કે જેના દ્વારા તેનો બોધ થઇ જાય, ભાવજિનના આત્માનું તેમાં આવાહન કરવું-સ્થાપન કરવુ, એ તો જિનાજ્ઞાની વિરૂદ્ધનું કૃત્ય ગણાય. એવી પ્રવચનવિરૂદ્ધની વાત કરવી જોઇએ નહીં. તેથી સર્વથા કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યકની જેમ પ્રતિમાપૂજન કરનાર અને કરાવનાર મિથ્યાદૃષ્ટિયુક્ત બની જાય છે અને સમ્યક્ત્વથી રહિત જ રહે છે, સ્થાપનાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ છે. તેનો ભાવાર્થ સ્પષ્ટ હોવાથી વિશેષ સ્પષ્ટીકરણની જરૂર રહેતી નથી. ॥સૂ૦ ૧૨॥

द्रव्यावश्यक का निरुपण

હવે સૂત્રકાર દ્રવ્યાવશ્યકનું નિરૂપણ કરે છે—

"से किं तं दव्वावस्सयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે....

"से किं तं दव्वावस्सयं?" હે ભગવન્! પૂર્વ પ્રક્રાન્ત (પૂર્વ પ્રસ્તુત વિષય) દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(दव्वावस्सयं दुविहं पण्णत्तं) દ્રવ્યાવશ્યક બે પ્રકારનો કહ્યો છે. તે તે પર્યાયોને જે પ્રાપ્ત કરતું રહે છે તેનું નામ દ્રવ્ય છે. એટલે કે જે વિવક્ષિત અતીત (ભૂત કાલિન), અનાગત (ભવિષ્યકાલિન) ભાવનું કારણ હોય છે, તે દ્રવ્ય-નિક્ષેપ છે. જેમકે રાજગાદીનો જેની પાસે ત્યાગ કરાવવામાં આવ્યો છે તેને નરેશ કહેવો તે ભૂતકાલિન પર્યાયની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ છે, તથા વર્તમાન કાળે જે રાજા નથી. પણ ભવિષ્યમાં રાજા બનવાનો છે તેને અત્યારથી જ રાજા કહેવો તે ભાવિષ્યકાલિન પર્યાયની અપેક્ષાએ દ્રવ્યનિક્ષેપ છે. જેમ કે રાજાના પુત્રને રાજા કહે

વામાં આવે છે. દ્રવ્યનિક્ષેપમાં વિવક્ષિત (અમુક) પર્યાયને જે અનુભવિત કરી ચુકી છે એવી વસ્તુ તથા વિવક્ષિત પર્યાયનો જે ભવિષ્યકાળમાં અનુભવ કરશે. એવી વસ્તુ તેના વિષયરૂપે પરિગણિત થઇ છે. એજ વાત સામાન્યરૂપે કથિત દ્રવ્યના લક્ષણમાં આ પ્રકારે જાણવાને માટે બતાવવામાં આવી છે-તત્ત્વજ્ઞોએ એવું કહ્યું છે કે લોકમાં ભૂતપર્યાયનું અથવા ભવિષ્યની પર્યાયનું જે કારણ છે, તેનું નામ દ્રવ્ય છે. તે દ્રવ્ય સચેતન પણ છે અને અચેતન પણ છે. તેનો ભાવાર્થ આ પ્રમાણે સમજવો.

જેમકે કોઇ એક જીવ પહેલાં સ્વર્ગમાં ઇન્દ્રની પર્યાયે ઉત્પન્ન થયો હતો. ત્યારબાદ તે ભવનું આયુષ્ય પૂરૂં થતાં, ત્યાંથી ચ્યવીને તે મનુષ્યલોકમાં મનુષ્યની પર્યાયે ઉત્પન્ન થઇ ગયો. જેમ અમાત્યના પદથી ચ્યુત થયેલી વ્યક્તિને અમાત્ય કહેવામાં આવે છે. એમ મનુષ્યની પર્યાયે ઉત્પન્ન થયેલા તે મનુષ્યને તેની ભૂતકાલિન ઇન્દ્રરૂપ પર્યાયને કારણે ઇન્દ્ર કહેવો, તેનું નામ જ દ્રવ્યનિક્ષેપ છે. જેમ ભવિષ્યકાળમાં રાજા બનવાનો હોય એવા રાજકુમારને 'રાજા' કહેવામાં આવે છે, એજ પ્રમાણે જે જીવ ભવિષ્યમાં ઇન્દ્રની પર્યાયે ઉત્પન્ન થવાનો હોય તેને ભવિષ્યકાલિન ઇન્દ્ર પર્યાયનું કારણ હોવાને લીધે ઇન્દ્ર કહેવો તે પણ દ્રવ્યનિક્ષેપનો વિષય છે જો કે રાજકુમાર અત્યારે રાજા નથી, પરન્તુ ભવિષ્યમાં રાજા થવાનો છે, છતાં પણ તેને રાજકુમારની અવસ્થામાં પણ જે રાજા કહેવામાં આવે છે તે ભાવિ રાજપર્યાયની પ્રાપ્તિરૂપ કારણની અપેક્ષાએ જ કહેવામાં આવે છે. એજ પ્રમાણે અચેતન કાષ્ઠ આદિમાં પણ ભૂત–ભવિષ્ય પર્યાયની કારણતાની અપેક્ષાએ દ્રવ્યતા ઘટિત કરી લેવી જોઇએ. આ પ્રકારે દ્રવ્યરૂપ આવશ્યકનું નામ દ્રવ્યાશ્યક છે તે દ્રવ્યાશ્યક બે પ્રકારનો છે-(૧) આગમની અપેક્ષાએ અને નો આગમની અપેક્ષાથી બે પ્રકારના સમજવા. ભાવાર્થ સ્પષ્ટ છે. ॥ સૂ૦ ૧૩ ॥

હવે સૂત્રકાર આગમની અપેક્ષાએ દ્રવ્યાશ્યકના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

'**से किं त**" ઇત્યાદિ—

શબ્દાર્થ-(**से**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે (**किं तं आगमओ दव्वावस्सयं** ?) આગમની અપેક્ષાએ જે દ્રવ્યાવશ્યક કહ્યો છે તેનું કેવું સ્વરૂપ છે ? એટલે કે દ્રવ્યાવશ્યકના જે બે ભેદ બતાવવામાં આવ્યા છે, તેમાંથી જે પહેલો ભેદ બતાવ્યો છે તેનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(**आगमओ दव्वावस्सयं**) આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનું છે-(**जस्सणं आवस्सएत्ति पदं सिक्खियं**) જે સાધુએ આવશ્યકશાસ્ત્રનું ગુરુની સમક્ષ વિનયપૂર્વક અધ્યયન કર્યું છે, (**ठियं**) તેને સારામાં સારી રીતે પોતાના

સ્મૃતિપટલમાં ઉતાર્યું છે, (**जियं**) શબ્દ અને અર્થની અપેક્ષાએ જેને તેણે સારી રીતે જાણી લીધેલ છે, (**मियं**) જેના શ્લોકોની, પદોની અને વર્ણોની સંખ્યાનું પ્રમાણ જેણે સારી રીતે સમજી લીધું છે, (**परिजियं**) આનુપૂર્વી અને અનાનુપૂર્વી પૂર્વક જેણે તેને બધી તરફથી અને બધા પ્રકારે પરાવર્તિત કરી લીધું છે, (**नामसमं**) પોતાના નામની જેમ જે તેને કદી પણ પોતાના સ્મૃતિપટમાંથી દૂર કરતો નથી, (**घोससमं**) જે રીતે ગુરૂ મહારાજે ઉદાત્ત આદિ ઘોષસ્વરોનું ઉચ્ચારણ કર્યું હોય, એજ પ્રકારે તેના ઘોષાદિ સ્વરોનું જે સુંદર રીતે ઉચ્ચારણ કરતો હોય, (**अहीणक्खरं**) એક પણ અક્ષરની હીનતા ન રહે એવી રીતે જેણે તેનું અધ્યયન કર્યું છે, (**अणच्चक्खरं**) બોલતી વખતે–પાઠ કરતા વખતે જે પોતાના તરફથી એક પણ અક્ષર તેમાં ઉમેરીને બોલતો નથી–એટલે કે તેમાં જે પ્રમાણે લખ્યું હોય એ પ્રમાણે જ તેનું ઉચ્ચારણ કરે છે.

(**अव्वाइद्धक्खरं**) જેનું તેણે એવી રીત અધ્યયન કર્યું છે કે તેના ઉચ્ચારણ વખતે અક્ષરોનો વ્યતિક્રમ થઇ જતો નથી, (**अक्खलियं**) જેનો પાઠ કરતી વખતે વચ્ચે વચ્ચે અટકીને તેનું ઉચ્ચારણ કરતો નથી પણ પાણીના પ્રવાહની જેમ અસ્ખલિતરૂપે જે તેનું ઉચ્ચારણ કર્યે જાય છે, (**अमीलियं**) અન્ય શાસ્ત્રવર્તી પદોને તેની સાથે સેળભેળ કરીને જે તેનું ઉચ્ચારણ કરતો નથી-જેમકે સામાયિક સૂત્રમાં દશવૈકાલિક કે ઉત્તરાધ્યયનના સૂત્રોનું ઉચ્ચારણ કરવું તેનું નામ મિશ્રિત દોષ છે, આ દોષો ન થાય એવી રીતે સામયિક પાઠનું ઉચ્ચારણ થવું જોઇએ. અથવા પાઠ કરતી વખતે જ્યાં પદાદિનો વિચ્છેદ થતો નથી, તેનું નામ મિલિત છે અને તે પ્રકારે ઉચ્ચારણ ન કરવું તેનું નામ અમિલિત છે. એટલે કે તે આવશ્યકસૂત્રના પાઠનું એવી રીતે ઉચ્ચારણ કરે છે કે જેના ઉચ્ચારણમાં પદાદિનો વિચ્છેદ સારી રીતે લક્ષિત થતો રહે છે, (**अवच्चामेलियं**) એક જ શાસ્ત્રમાં જુદા જુદા સ્થાનો પર લખવામાં આવેલા એકાર્થક સૂત્રોને એક જ સ્થાનમાં લઇને તે શાસ્ત્રનો પાઠ કરવો તેનું નામ "વ્યત્યાગ્રેડિત છે. અથવા આચારાંગ આદિ સૂત્રનો પાઠ કરતી વખતે વચ્ચે વચ્ચે પોતાની બુદ્ધિથી રચેલાં તેના જેવાં જ સૂત્રોનું ઉચ્ચારણ કરવું તેનું નામ પણ વ્યત્યાગ્રેડિત છે અથવા બોલતી વખતે જ્યાં વિરામ લેવો અને વિરામ ન લેવાનો હોય ત્યાં વિરામ લેવો તેનું નામ પણ વ્યત્યાગ્રેડિત છે. આ પ્રકારના વ્યત્યાગ્રેડિત દોષનું જેના દ્વારા તે આવશ્યક શાસ્ત્રનું અધ્યયન કરતી વખતે સેવન કરાયું નથી, એટલે કે આ દોષના ત્યાગપૂર્વક જેણે આવશ્યકશાસ્ત્ર અધ્યયન કર્યું છે. (**पडिपुण्णं**) સૂત્રની અપેક્ષાએ બિન્દુ માત્ર આદિથી અન્યૂન અને અર્થની અપેક્ષાએ અધ્યાહાર અને આકાંક્ષા આદિથી રહિતરૂપે તે આવશ્યકશાસ્ત્રનું જેણે સારી રીતે જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે.

(**पडिपुण्णघोसं**) ઉદાત્ત આદિ ઘોષોનું યથાસ્થાન જ્ઞાન પ્રાપ્ત કરીને જેણે તે શાસ્ત્રનું સારી રીતે પરાવર્તન કર્યું છે, '**घोससमं**' અને "**पडिपुण्णघोसं**" આ બન્ને વિશેષણોમાં પુનરુકિત દોષ એ કારણે માનવો જોઇએ નહીં કે પહેલું વિશેષણ શિક્ષા કાળને આશ્રિત કરીને વપરાયું છે અને બીજું વિશેષણ પરાવર્તન કાળને

આશ્રિત કરીને વપરાયું છે. (कंठोट्ठविप्पमुक्कं) બાલક અથવા મૂંગા માણસના જેવું અસ્પષ્ટ ઉચ્ચારણ જે કરતો નથી–પરન્તુ બિલકુલ સ્પષ્ટ સ્વરથી જે તેનું ઉચ્ચારણ કરે છે, (गुरुवायणोवगयं) ગુરૂની પાસે રહીને જેણે આ આવશ્યક શાસ્ત્રની વાચના કરી છે–એટલે કે ગુરૂની સમક્ષ જેણે સૂત્ર અને અર્થનું અધ્યયન કર્યું છે અને આ રીતે જેને આવશ્યક સૂત્રનું જ્ઞાન પ્રાપ્ત થયું છે, આ રીતે પૂર્વોક્ત શ્રુત ગુણ રૂપ વિશેષણોના અનુસાર જે સાધુએ આવશ્યકશાસ્ત્રનું જ્ઞાન પ્રાપ્ત કરી લીધું છે. અને તેથી (से) તે સાધુ (तत्थ) તે આવશ્યકશાસ્ત્રમાં (वायणाए पुच्छणाए परियट्टणाए धम्मकहाए) શિષ્ય અધ્યયનરૂપ વાચન વડે પૂર્વાધીત (પહેલાં જેનું અધ્યયન કરવામાં આવ્યું છે તેને પૂર્વાધીત કહે છે) સૂત્રાદિમાં સંશય થાય ત્યારે ગુરૂને તે વિષે પ્રશ્ન કરવારૂપ પૃચ્છાવડે અથવા વિશોધિત સૂત્રનું વિસ્મરણ ન થઈ જાય તે ખ્યાલથી ગુરૂને પ્રશ્ન કરવારૂપ પૃચ્છના વડે અધીત સૂત્રનો ફરી ફરીને પાઠ કરવારૂપ પરિવર્તના વડે અને દુર્ગતિમાં પડતાં જીવોને સુગતિમાં ધારણ કરાવનાર ધર્મકથાવડે–એટલે કે અહિંસાદિ ધર્મની પ્રરૂપણાવડે વર્તમાન (વિદ્યમાન) છે. આ રીતે આગમની અપેક્ષાએ તે સાધુને દ્રવ્યાવશ્યક કહેવામાં આવ્યો છે.

અહીં એવી શંકા ન કરવી જોઈએ કે વાચનાદિ ક્રિયાઓ વડે તે આવશ્યક સૂત્રમાં વર્તમાન તે સાધુ આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક કેવી રીતે સંભવી શકે છે ? સૂત્રકારે આ સૂત્રપાઠ દ્વારા તે શંકાનું સમાધાન કર્યું છે—

(नो अणुप्पेहाए) વાચનાદિરૂપ ક્રિયાઓ વડે આવશ્યક શાસ્ત્રમાં વર્તમાન રહેલો એવો તે સાધુ શાસ્ત્રના અર્થનું અનુચિન્તન કરવારૂપ અનુપ્રેક્ષાની અપેક્ષાએ તેમાં વર્તમાન હોતો નથી તે કારણે તે આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક છે. (कम्हा अणुपयोगो दव्वमिति) કારણ કે શાસ્ત્રનું એવું વચન છે કે "अनुपयोगो द्रव्यं" આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

જીવ જેના દ્વારા વસ્તુનો પરિચ્છેદ કરે છે (વસ્તુનું જ્ઞાન મેળવે છે) તેનું નામ 'ઉપયોગ' છે. 'युज्' ધાતુને उप ઉપસર્ગપૂર્વક કરણ અર્થ घञ् પ્રત્યય લગાડવાથી ઉપયોગ શબ્દ બને છે. જીવના બોધરૂપ વ્યાપારનું નામ ઉપયોગ છે. તે ઉપયોગનો જ્યાં સદ્ભાવ નથી તેને અનુપયોગ કહે છે. તે અનુપયોગપૂર્વક તે આવશ્યકશાસ્ત્રમાં યુક્ત હોવાને કારણે તે આવશ્યકશાસ્ત્રના જ્ઞાતાને દ્રવ્યની અપેક્ષાએ આવશ્યક (દ્રવ્યાવશ્યક) માનવામાં આવે છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જે સાધુએ આવશ્યક શાસ્ત્રને સારી રીતે જાણી લીધું છે–સારી રીતે તેનું અધ્યયન કરી લીધું છે. તેનો પૂર્ણરૂપે જાણકાર થઈ ગયો છે, એવા સાધુને તે આવશ્યકશાસ્ત્રમાં વાચના. પૃચ્છના, પરિવર્તના અને ધર્મકથા રૂપે વર્તમાન માની લેવામાં આવે છે, છતાં પણ આવશ્યકના ઉપયોગથી રહિત હોવાને કારણે તેને આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક કહેવામાં આવે છે. આ વાતનો વધુ ખુલાસો આ પ્રમાણે સમજવો– વાચના, પૃચ્છના, આદિ ઉપયોગપૂર્વક પણ થાય છે અને અનુયોગપૂર્વક પણ થાય છે પરન્તુ અહીં દ્રવ્યાવશ્યકનું પ્રકરણ ચાલતું હોવાથી તેમને અનુપયોગપૂર્વક જ

ગૃહીત કરવામાં આવેલ છે. ભાવશૂન્યતાનું નામ અનુપયોગ છે દ્રવ્ય જ ઉપયોગથી રહિત હોય છે. તેથી તે આવશ્યક શાસ્ત્રનો જ્ઞાતા સાધુ તેમાં વાચના આદિરૂપે વર્તમાન હોવા છતાં પણ ઉપયોગથી રહિત હોવાને કારણે દ્રવ્યાવશ્યક જ કહેવાય છે. અનુપ્રેક્ષા તો ઉપયોગપૂર્વક જ થાય છે. તેથી તેમાં (અનુપ્રેક્ષામાં) વર્તમાન સાધુ દ્રવ્યાવશ્યક નથી, પણ ભાવાવશ્યક છે.

શંકા—જ્યારે આપ આગમને આશ્રિત કરીને દ્રવ્યાવશ્યકની પ્રરૂપણા કરો છો. ત્યારે એવું લાગે છે કે દ્રવ્યાવશ્યકને આગમરૂપ કહેવાયાં આવ્યું છે, એવું આપ પ્રતિપાદન કરી રહ્યા છો. પરન્તુ એ વાત યુકત લાગતી નથી કારણ કે આગમ તો જ્ઞાનરૂપ હોય છે અને જ્ઞાન ભાવરૂપ હોય છે. તેથી આગમમાં દ્રવ્યતા કેવી રીતે ઘટાવી શકાય છે?

ઉત્તર—આગમના આ ત્રણ કારણો માનવામાં આવ્યાં છે–(૧) આત્મા, (૨) આત્માધિષ્ઠિત દેહ અને (૩) ઉપયોગ રહિત સૂત્રના ઉચ્ચારણરૂપ શબ્દ–સાક્ષાત આગમ નહીં. આગમના આ ત્રણ કારણો છે વાથી કારણમાં આગમરૂપ કાર્યનો ઉપચાર કરવામાં આવ્યો છે. તે કારણે તેમને આગમરૂપ કહેવામાં આવેલ છે. વિવક્ષિત ભાવનું જે કારણ હોય છે તે દ્રવ્ય જ હોય છે. તેથી આવશ્યકમાં ઉપયોગ રહિત આત્માને આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક કહેવો એમાં કોઈ દોષ નથી, એ તો નિર્દોષ કથન જ ગણી શકાય.

શંકા—આવશ્યકમાં અનુપયુકત આત્માને આપ આગમની અપેક્ષાએ લઈ દ્રવ્યાવશ્યક કહો, એમાં અમને કંઈ વાંધો નથી; પરન્તુ સૂત્રકારે જે શિક્ષિત આદિ શ્રુતગુણોનું વર્ણન કર્યું છે. તે વર્ણન કરવાની અહીં શી આવશ્યકતા હતી? તે શ્રુતગુણકથન તો વ્યર્થ જ લાગે છે, કારણ કે આ શ્રુતગુણ કથન વડે આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યકની સિદ્ધિમાં કોઇ સંગતિ દેખાતી નથી.

ઉત્તર—આ પ્રકારનો આક્ષેપ પણ સંગત લાગતો નથી, કારણ કે સૂત્રકાર આ શ્રુતગુણ વર્ણન વડે એ સૂચિત કરવા માંગે છે કે–આ પ્રકારે નિર્દોષરૂપે પણ શાસ્ત્રનું ઉચ્ચારણ કરનારો સાધુ કે જે તેમાં અનુપયુકત જ રહેલો છે, તેનું તે દ્રવ્ય ત

દ્રવ્યાવશ્યક જ છે, તો સદોષ શાસ્ત્રનું ઉચ્ચારણ કરનારની તો વાત જ શી કરવી! જે તે શાસ્ત્રમાં ઉપયોગયુકત છે એવો સાધુ પણ જો સ્ખલિત આદિ દોષથી દૂષિત થયેલા શાસ્ત્રનું ઉચ્ચારણ કરે છે, તો તેનું તે દ્રવ્યશ્રુત ભાવશ્રુત જ છે. એજ પ્રમાણે અનુપયુકત સાધુરૂપ જીવની પ્રત્યુપ્રેક્ષણાદિ ક્રિયા નિર્દોષ હોય તો પણ તથાવિધ (તે પ્રકારના) ફલની પ્રદાતા સંભવી શકતી નથી. પરન્તુ જે સાધુ તે પ્રત્યુપ્રેક્ષણાદિ ક્રિયાઓને તેમાં ઉપયુકત બનીને કરે છે, એવો સાધુ કદાચ મતિ વિકલતા આદિને કારણે સદોષ હોય તો પણ તેની તે ક્રિયાઓ કર્મમળને દૂર કરવાને સમર્થ જ હોય છે.

શંકા—અનુપયુકત સાધુને દ્રવ્યાવશ્યક માની લઈએ, પરન્તુ હીનાક્ષરરૂપે સૂત્રનું ઉચ્ચારણ કરવામાં એવો તો કયો દોષ છે કે જેથી "**અહીણક્ખર**" આ શ્રુતના કથિત ગુણરૂપ વીશેષણને સફળ જાની શકાય?

ઉત્તર—લૌકિક વિદ્યારૂપ મંત્રનું ઉચ્ચારણ કરવામાં પણ જો એકાદ અક્ષરને ઉડાડી દેવામાં આવે છે, તો તે મંત્ર પણ વાસ્તાવક ફળ આપવાને અસમર્થ

બની જાય છે અને અનર્થકારક પણ બની શકે છે, તો પછી પરમ મંત્રરૂપ સૂત્રની તો વાત જ શી કરવી ? હીનાક્ષર સૂત્રના ઉચ્ચારણને લીધે પરમ કલ્યાણકારક મોક્ષ રૂપ ફળની પ્રાપ્તિ પણ થતી નથી એટલું જ નહીં પણ અનંત સંસારની પ્રાપ્તિરૂપ અનર્થ પણ પ્રગટ થાય છે આ વિષયને અનુલક્ષીને નીચેનું દૃષ્ટાંત આપવામાં આવ્યું છે.

કોઇ એક સમયે રાજગૃહ નગરના ઉદ્યાનમાં મહાવીર પ્રભુનું સમવસરણ થયું પ્રભુને વંદણા કરવા નિમિત્તે દેવ, અસુર, વિદ્યાધર અને મનુષ્યનો સમુદાય આવી પહોંચ્યો. પોતાના પુત્ર અભયકુમારને સાથે લઇને મહારાજા શ્રેણિક પણ આવી પહોંચ્યા ભગવાને ત્યાં એકત્ર થયેલી પરિષદાને ધર્મની દેશના દીધી. ભગવાનની દેશના સાંભળીને અને ભગવાનને વંદણા કરીને સૌ પોતપોતાને સ્થાને પાછાં ફર્યાં. પરન્તુ રાજા શ્રેણિક ત્યાંથી ખસ્યા નહીં. તે પોતાના પુત્રની સાથે ભગવાનની પર્યુપાસનામાં તલ્લીન થઇને ત્યાંજ બેસી રહ્યો. હવે આ વખતે નીચેનો બનાવ બન્યો. સમવસરણમાંથી પાછા ફરતો કોઇ એક વિદ્યાધર આકાશમાર્ગે ઉડવા માગતો હતો પણ આકાશમાં ઉડવા માટે જે મંત્રનો ઉચ્ચાર કરવો જોઇએ તે મંત્રનો એક અક્ષર તે ભૂલી ગયો હતો. તે આકાશમાં ઉડ્યો તો ખરો પણ થોડે દૂર જઇને નીચે પડી ગયો. વળી ફરીથી ઉડ્યો, પરન્તુ થોડે દૂર જઇને ફરી નીચે પડી ગયો. આ પ્રમાણે વારંવાર ઉડતાં અને પડતાં તે વિદ્યાધરને અભયકુમારે જોયો. તેનું કારણ જાણવાની તેને ઇચ્છા થઇ તેણે મહાવીર પ્રભુને વંદણા નમસ્કાર કરીને આ પ્રમાણે પ્રશ્ન પૂછ્યો–"હે ભગવન્ ! તરેલી પાંખવાળા પક્ષીની જેમ આ વિદ્યાધર વારંવાર આકાશમાં ઉડે છે અને નીચે પડી જાય છે. તેનું કારણ શું હશે ?

ત્યારે મહાવીર પ્રભુએ અભયકુમારને આ પ્રમાણે જવાબ આપ્યો–હે અભયકુમાર ! તે વિદ્યાધર પોતાની આકાશગામિની વિદ્યાનો એક અક્ષર ભૂલી ગયો છે. તે કારણે ઉડવાનો પ્રયત્ન કરવા છતાં પણ તે તેમાં સફળ થતો નથી.

ભગવાનનાં એવાં વચનો સાંભળીને અભયકુમાર તુરંત જ તે વિદ્યાધરની પાસે પહોંચી ગયો. તેણે તે વિદ્યાધરને કહ્યું–"હે મહાભાગ ! જો તમે મને વિદ્યા સાધવાનો ઉપાય બતાવો, તો હું તમને આકાશગામિની વિદ્યાના મંત્રનો વિસ્મૃત થઇ ગયેલો એક અક્ષર બતાવી દઉં વિદ્યાધરે અભયકુમારની તે વાતનો સ્વીકાર કર્યો.

અભયકુમાર પાસે **'સર્વાક્ષરસન્નિપાતી'** વિદ્યા હોવાથી તેઓમાં એવી શકિત હતી કે તે એકાદ પદને શ્રવણ કરીને પણ અનેક પદોનો વિચાર કરી શકતા હતા. આ શકિતના પ્રભાવથી વિદ્યાધર કથિત મંત્રને સાંભળીને વિસ્મૃત અક્ષર તેણે તે વિદ્યાધરને બતાવી દીધો. વિદ્યાધરે પણ અભયકુમારને વિદ્યા સાધવાના ઉપાય બતાવી દીધા. આ પ્રકારે મંત્રના વિસ્મૃત અક્ષરને જાણી લઈને તે વિદ્યાધર પોતાને યથેષ્ટ સ્થાને ચાલ્યો ગયો.

આ દૃષ્ટાન્ત દ્વારા એ વાત સિદ્ધ થાય છે કે–જેમ તે વિદ્યાધર પોતાની આકાશગામિની વિદ્યાનો એક અક્ષર ભૂલી જવાને કારણે તેની વિદ્યા હીનાક્ષરતાના દોષથી દૂષિત થવાને લીધે તેને નભોગતિ કરાવવાને અસમર્થ બની ગઇ, એજ પ્રમાણે હીનાક્ષર કરીને સૂત્રનું ઉચ્ચારણ કરવામાં આવે તો અર્થમાં ભેદ પડી જાય છે, અર્થમાં ભેદ પડી જવાને કારણે ક્રિયામાં પણ ભેદ પડી જાય છે અને ક્રિયામાં ભેદ પડી જવાને લીધે મોક્ષની પ્રાપ્તિ પણ થઇ શકતી નથી. તે કારણે દીક્ષાગ્રહણ આદિ કાર્ય પણ વ્યર્થ બની જાય છે. એજ પ્રમાણે સૂત્રમાં અક્ષરોને ઉમેરીને સૂત્રનું

ઉચ્ચારણ કરવામાં પણ દોષ રહેલો છે. તેનું પ્રતિપાદન કરતું એક દૃષ્ટાન્ત આપી શકાય એમ છે, પણ શાસ્ત્રનો વિસ્તાર થઈ જવાના ભયથી અહીં તે દૃષ્ટાન્ત આપ્યું નથી.

ભાવાર્થ—આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ સૂત્રકારના અભિપ્રાય અનુસાર કેવું છે તે હવે સંક્ષિપ્તમાં પ્રકટ કરવામાં આવે છે–

જે સાધુએ આવશ્યકસૂત્રને વિધિપૂર્વક સારી રીતે શીખી લીધું છે–શ્રુતગુણાનુસાર તેનું અધ્યયન કરી લીધું છે પરન્તુ તેનાં તે ઉપયોગથી વિહીન છે, એવી પરિસ્થિતિમાં તે સાધુ આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક કહેવાને યોગ્ય ગણાય છે ।।સૂત્ર૧૪

નયભેદ સે દ્રવ્યાવશ્યક કે સ્વરુપકા નિરુપણ

હવે સૂત્રકાર નયોના ભેદની અપેક્ષા એ દ્રવ્યાવશ્યકના ભેદોનું કથન કરે છે, "**नेगमस्स णं एगो**" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**नेगमस्स णं**) નૈગમ નયની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો (**एगो**) એક (**अणुवउत्तो**) અનુપયુક્ત આત્મા (**आगमओ**) આગમને આશ્રિત કરીને (**एगं दव्वावस्सयं**) એક દ્રવ્યાવશ્યક છે. (**दोण्णि अणुवउत्ता आगमओ दोण्णि दव्वावस्सयाइं**) બે અનુપયુક્ત આત્માઓ આગમની અપેક્ષાએ બે દ્રવ્યાવશ્યક છે. (**तिण्णि अणुवउत्ता आगमओ तिण्णि दव्वावस्सयाइं**) ત્રણ અનુપયુક્ત આત્માઓ આગમની અપેક્ષાએ ત્રણ દ્રવ્યાવશ્યક છે, (**एवं जावइया अणुवउत्ता आगमओ तावइयाइं दव्वावस्सयाइं**) એજ પ્રમાણે જેટલા આત્માઓ અનુપયુક્ત છે. એટલા આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક છે. (**णेगमस्स ववहारस्स वि**) વ્યવહાર નયની દૃષ્ટિએ વિચારવામાં આવે તો પણ આ વિષયને અનુલક્ષીને ઉપર મુજબનું જ કથન સમજવું. (**संगहस्स णं एगो वा अणेगो वा अणुवउत्तो वा अणुवउत्ता वा दव्वावस्सय दव्वावस्सयाणि वा से एगे दव्वावस्सए**) સંગ્રહ નયને આધારે વિચાર કરવામાં આવે તો "એક અનુપયુક્ત આત્મા આગમની અપેક્ષાએ એક દ્રવ્યાવશ્યક છે, તથા અનેક અનુપયુક્ત આત્માઓ અનેક દ્રવ્યાવશ્યક છે." આ પ્રકારનું જે જે કથન નૈગમ નય અને વ્યવહાર નયની અપેક્ષાએ કરવામાં આવ્યું છે, તેને બદલે અહીં બધાને એક દ્રવ્યાવશ્યક જ કહેવા જોઈએ, કારણ કે સંગ્રહનય જુદા જુદા પ્રકારની વસ્તુઓને તથા અનેક વ્યક્તિઓને કોઈ પણ સામાન્ય તત્ત્વનો આધાર લઈને એક રૂપમાં સંકલિત કરે છે. (**उज्जुसुयस्स एगो अणुवउत्तो आगमओ एगं दव्वावस्सयं पुहुत्तं नेच्छइ**) ઋજુસૂત્ર નયની દૃષ્ટિએ એક અનુપયુક્ત આત્મા આગમની અપેક્ષાએ એક દ્રવ્યાવશ્યક છે. આ નય ભેદભાવને ચાહતો નથી. (**तिण्णं सद्दनयाणं जाणए अणुवउत्ते अवत्थु, कम्हा? जइ जाणए अणुवउत्ते, न भवइ, जइ अणुवउत्ते, जाणए न भवइ**) ત્રણ શબ્દ નયોની દૃષ્ટિએ એવું માનવામાં આવે છે કે–જે જ્ઞાયક હોય છે તે જો અનુપયુક્ત હોય તો તે અવસ્તુ સ્વરૂપ છે, કારણ કે જ્ઞાયક અનુપયુક્ત સંભવી શકે જ નહીં જો તે અનુપયુક્ત હોય, તો તે જ્ઞાયક જ હોઈ શકે નહીં. તે કારણે આગમનો આશ્રય લઈને જે દ્રવ્યાવશ્યક બતાવવામાં આવેલ છે તેનો સદ્‌ભાવ જ નથી. (**से तं आगमओ दव्वावस्सयं**) આ પ્રકારનું આગમને આશ્રિત કરીને પ્રકાન્ત (પ્રસ્તુત વિષયરૂપ) દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ છે.

જિન શાસનમાં સમસ્ત સૂત્ર અને અર્થોનો જુદા જુદા નયનો આધાર લઈને વિચાર કરવામાં આવ્યો છે. એ નય મુખ્યત્વે સાત કહ્યા છે. (૧) નૈગમ નય, (૨) સંગ્રહ નય, (૩) વ્યવહાર નય, (૪) ઋજુસૂત્ર નય, (૫) શબ્દ નય, (૬) સમભિરૂઢ નય અને (૭) એવંભૂત નય.

પહેલાં તો નૈગમ નયની માન્યતા અનુસાર સૂત્રકાર આગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યકના ભેદોનું નિરૂપણ કરે છે. નૈગમ નયનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–જે વિચારોને આધારે પદાર્થનો બોધ વિવિધ થાય છે, તે વિચારધારાનું નામ જ નૈગમ નય છે. **नैको गमो बोधमार्गः यस्य सः नैगमः**" આ વ્યુત્પત્તિ અનુસાર ઉપર્યુક્ત અર્થ જ પ્રાપ્ત થાય છે,

આ નૈગમનયની અપેક્ષાએ ઉપયોગ વર્જિત એક દેવદત્ત આદિ વ્યક્તિ એક આગમ દ્રવ્યાવશ્યક છે. ઉપયોગરહિત (અનુપયુક્ત) દેવદત્ત અને યજ્ઞદત્ત નામની બે વ્યક્તિ બે આગમદ્રવ્યાવશ્યક છે. દેવદત્ત, યજ્ઞદત્ત અને વિષ્ણુદત્ત નામની ત્રણ અનુપયુક્ત વ્યક્તિઓ ત્રણ આગમદ્રવ્યાવશ્યક છે. એજ પ્રમાણે જેટલી અનુપયુક્ત વ્યક્તિઓ હોય છે તેઓ આ નયની માન્યતા અનુસાર એટલા જ આગમદ્રવ્યાવશ્યક છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે. નૈગમ નય સામાન્ય અને વિશેષરૂપ અર્થને બતાવે છે. જેવી રીતે સંગ્રહનય "સામાન્યરૂપ જ અર્થ છે," એવું કહે છે, એ પ્રકારે આ નય કહેતો નથી. એ તો વિશેષરૂપે પણ અર્થને બતાવે છે. નૈગમ નયની માન્યતા અનુસાર તો પદાર્થ કેવળ સામાન્યરૂપ પણ નથી, કેવળ વિશેષરૂપ પણ નથી, પરન્તુ સામાન્ય અને વિશેષરૂપ એટલે કે ઉભયરૂપ છે. આ રીતે વિશેષરૂપ ભેદની અપેક્ષાએ દેવદત્ત આદિ જેટલા અનુપયુક્ત પુરૂષો છે, એટલાં જ આ નયની દૃષ્ટિએ આગમ દ્રવ્યાવશ્યક છે–સામાન્યવાદી હોવાને કારણે સંગ્રહનયની જેમ એક જ દ્રવ્યાવશ્યક નથી, સંગ્રહનયથી ગૃહીત પદાર્થોનો જે અભિપ્રાયદ્વારા વિધિપૂર્વક વિભાગ કરવામાં આવે છે, તે અભિપ્રાયનું નામ વ્યવહાર નય છે. આ નયની માન્યતા અનુસાર કોઇ વસ્તુ સામાન્ય નથી, કારણ કે તે સામાન્યનું નિરાકરણ કરે છે. તેને પ્રતિપાદન કરવાનો વિષય વિશેષ છે, તેથી તે તેનું પ્રતિપાદન કરવાને જ તત્પર રહે છે. સંગ્રહનયના બે ભેદ છે–(૧) પર સંગ્રહનય અને (૨) અપરસંગ્રહનય. જડ ચેતનરૂપ અનેક વસ્તુઓમાં જે સદ્રૂપ એક સામાન્ય તત્ત્વ છે. એના પર જ નજર રાખીને બીજી વિશેષતાઓને ધ્યાનમાં લીધા વિના સઘળી વસ્તુઓને એકરૂપ માનીને એવો જે વિચાર કરવામાં આવે છે કે સંપૂર્ણ જગત સદ્રૂપ છે, કારણ કે સત્તા (અસ્તિત્વ)થી રહિત કોઈ પદાર્થ છે જ નહીં, તેનું જ નામ પરસંગ્રહનય દ્વારા ગૃહીત પદાર્થના વિષયમાં વ્યવહાર એવો વિચાર કરે છે કે જે સદ્રૂપ છે તે દ્રવ્ય છે કે પર્યાય છે ? જો તે દ્રવ્યસત્ રૂપ હોય તો તે પરમસંગ્રહનયનો વિષય હોવાને બદલે અપરસંગ્રહનયનો વિષય ગણી શકાય છે. જો તે દ્રવ્યસત્ રૂપ હોય તો શું તે જીવદ્રવ્યરૂપ છે કે અજીવદ્રવ્યરૂપ છે ? કારણ કે દ્રવ્યના પુદ્ગલ, ધર્મ, અધર્મ, આકાશ અને કાળ, આ પ્રકારે ૬ ભેદ પડે છે. તેમાંથી જીવ સિવાયના જે પાંચ ભેદો કહ્યા છે તે અજીવદ્રવ્યના ભેદો છે. જો પર્યાયસત્ હોય તો તે પર્યાય બે પ્રકારની હોય છે-(૧) ક્રમભાવી અને (૨) સહભાવી.

જો જીવદ્રવ્ય સત્ હોય તો કયું જીવદ્રવ્ય એવું છે-સંસારી જીવદ્રવ્ય એવું છે કે મુક્ત જીવદ્રવ્ય એવું છે? આ પ્રકારે આ વ્યવહારનય ત્યાં સુધી ભેદ કરતો જ જાય છે કે છેવટે એમાંથી અન્ય કોઈ ભેદ પાડી શકાય જ નહીં. જે વિધિથી સંગ્રહ કરવામાં આવે છે, એજ વિધિથી તેમનો વિભાગ કરવામાં આવે છે. આ પ્રકારે નૈગમનયની જેમજ અનુપયુક્ત એક દેવદત્ત આદિ વ્યકિત એક આગમ દ્રવ્યાવશ્યક છે. અનુપયુક્ત બે વ્યકિત બે આગમદ્રવ્યાવશ્યક છે. અનુપયુક્ત ત્રણ વ્યકિત ત્રણ આગમદ્રવ્યાવશ્યક છે. એજ પ્રમાણે જેટલી આગમમાં અનુપયુક્ત વ્યકિતઓ હોય, એટલાં જ આગમદ્રવ્યાવશ્યક સમજવા. જે પ્રકારે નૈગમનય વિશેષ રૂપ અર્થની પ્રરૂપણા કરે છે, એજ પ્રમાણે તેની પ્રરૂપણા વ્યવહારનય પણ કરે છે. એટલા પુરતી એ બન્નેમાં સમાનતા છે. તે કારણે સૂત્રકારે ક્રમપ્રાપ્ત સંગ્રહનયને છોડીને શાસ્ત્રની લઘુતાને નિમિત્તે નૈગમનયની પછી અને સંગ્રહનયના પહેલાં વ્યવહારનયનો ઉપન્યાસ કર્યો છે.

સંગ્રહનયની માન્યતા અનુસાર આગમદ્રવ્યાવશ્યક એક જ છે. તે આ પ્રમાણે સમજવું-સામાન્ય માત્રને વિષય કરનારો જે પરામર્શ (અભિપ્રાય-માન્યતા) છે તેનું નામ સંગ્રહનય છે. તે સંગ્રહનય પરસામાન્ય અને અપરસામાન્યને વિષય કરવાની દૃષ્ટિએ બે પ્રકારનો છે. પર સામાન્યને વિષય કરનારો પરસંગ્રહનય છે અને અપરસામાન્યને વિષય કરનારો અપરસંગ્રહનય છે સત્તા નામના મહાસામાન્યને પરસામાન્ય કહે છે. દ્રવ્યત્વ, પર્યાયત્વ, આદિ જે અવાન્તર સામાન્ય છે, તેને અપરસામાન્ય કહે છે. જયારે એવો વિચાર કરવામાં આવે છે કે સમસ્ત વસ્તુ સત્તા સામાન્યની અવિશેષતાની અપેક્ષાએ એક જ છે-એટલે કે એવી કોઈ વસ્તુ જ નથી કે જેમાં સત્તા જ (અસ્તિત્વજ) ન હોય. આ રીતે સઘળી વસ્તુઓમાં સત્તા વિદ્યમાન છે અને તે સત્તા એક જ છે, જો એ સત્તાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો સઘળી વસ્તુઓ એક સદ્રૂપ જ છે. આ પ્રકારની પરસંગ્રહનયની વિચારધારા (માન્યતા) છે.

અપરસંગ્રહનયની વિચારધારા અવાન્તર સામાન્યની અપેક્ષાએ ચાલે છે-જેમકે ધર્મ, અધર્મ, આકાશ, કાળ, પુદ્ગલ અને જીવ, આ દ્રવ્યોમાં દ્રવ્યત્વ-જાતિની અપેક્ષાએ અભેદ હોવાથી એકતા છે. કારણ કે તેમનામાં તેના દ્વારા જ દ્રવ્યાદ્રવ્ય એવું જ્ઞાન અને દ્રવ્યાદ્રવ્ય એવી વચનપ્રવૃત્તિ થાય છે. એજ વાતને

"धर्मो द्रव्यं अधर्मो द्रव्यं, आकाशो द्रव्यं, पुद्गलो द्रव्यं जीवो द्रव्यं" આ પદો દ્વારા પ્રકટ કરવામાં આવી છે. આ રીતે અનુવૃત્તિ પ્રત્યય હોવાથી એવું લાગે છે કે તેમનામાં દ્રવ્યત્વ છે. અને તે દ્રવ્યત્વ ધર્માદિક ૬ દ્રવ્યવ્યકિતઓમાં (પદાર્થોમાં) એક જ છે. તેથી આ દ્રવ્યની અપેક્ષાએ ધર્માદિક દ્રવ્યોમાં એકતાનો સંગ્રહ થઈ જાય છે. એજ પ્રમાણે સચેતન અને અચેતન દ્રવ્યોની જેટલી પર્યાયો છે, તે સઘળી પર્યાયોમાં પણ પર્યાયત્વરૂપ સામાન્યની અપેક્ષાએ એકતાનો સંગ્રહ થઈ જાય છે. આ પ્રકારનો સંગ્રહનય છે તેની અપેક્ષાએ એક આગમમાં અનુપયુક્ત દેવદત્ત આદિ વ્યકિત પણ એક જ આગમદ્રવ્યાવશ્યક છે, અને અનુપયુક્ત દેવદત્ત આદિ અનેક વ્યકિતઓ પણ એકજ આગમદ્રવ્યાવશ્યક છે. આ કથનનું તાત્પર્ય એ છે કે સંગ્રહનય એક સામાન્ય માત્રનો જ ગ્રાહક છે. વિશેષોનો ગ્રાહક નથી. તેથી વિશેષની અપેક્ષાએ જે અનેક આગમદ્રવ્યાવશ્યક છે, તે બધાં જ જો સામાન્ય છે-વિશેષરૂપ

જ નથી, તો તેની અપેક્ષાએ જ્ઞાયમાન તે અનેક આગમદ્રવ્યાવશ્યક સત્તાની એકતાને કારણે એક જ છે. તેથી સંગ્રહનયની માન્યતા અનુસાર તો એકજ દ્રવ્યાવશ્યક છે

હવે સૂત્રકાર ઋજુસૂત્રનયની અપેક્ષાએ આગમદ્રવ્યાવશ્યકનો વિચાર કરે છે– વર્તમાન ક્ષણસ્થાયી પર્યાયમાત્રનો જ જે મુખ્યત્વે વિચાર કરે છે, તે નયનું નામ ઋજુસૂત્રનય છે. નૈગમ, સંગ્રહ અને વ્યવહાર, આ ત્રણ પ્રકારના નય, પદાર્થની વિવિધ અવસ્થાઓ તરફ ધ્યાન દેતાં નથી, તેથી તે નયને આધારે એવું કેવી રીતે જાણી શકાય કે વર્તમાનમાં પદાર્થનું કેવું સ્વરૂપ છે? તે કારણે તે ત્રણ નયને દ્રવ્યાર્થિક નય માનવામાં આવેલ છે. કારણ કે તેમાં દ્રવ્યને જ વિષય કરવાની– દ્રવ્યનો જ વિચાર કરવાની-પ્રધાનતા હોય છે; પરન્તુ પર્યાયોની તરફ તેમનું લક્ષ્ય હોતું નથી, કારણ કે તે તો તેમની દૃષ્ટિએ અવિવક્ષિત અથવા ગૌણ છે. પણ વિચારકનું ધ્યાન કેવળ દ્રવ્ય પર જ રહે અને પર્યાય પર ન જાય એવું તો સંભવી શકતું નથી. વિચારકના વિચારો જે પ્રમાણે વિવિધ પદાર્થોનું-તેમની વિવિધ અવસ્થાઓની વિવિક્ષા કર્યા વિના–ધ્યાનમાં લીધા વિના જેમ વર્ગીકરણ અને વિભાગીકરણ કરે છે, એજ પ્રમાણે તેઓ વિવિધ પદાર્થોની વિવિધ અવસ્થાઓને પણ લક્ષ્યમાં રાખે છે. પરન્તુ વિવિધ અવસ્થાઓનું સંમેલન દ્રવ્યકોટિમાં આવે છે– પર્યાયકોટિમાં આવતું નથી. વાસ્તવમાં તો એક પર્યાય જ પર્યાયકોટિમાં આવે છે, કારણ કે પર્યાય એક ક્ષણવર્તી હોય છે. તેમાં પણ વર્તમાનનું નામજ પર્યાય છે. કારણ કે અતીત (ભૂતકાલિન) વિનષ્ટ હોય છે અને અનાગત (ભવિષ્ય કાલિન) અનુત્પન્ન હોય છે. તે કારણે તેમનામાં પર્યાયનો વહેવાર થઇ શકતો નથી. તે કારણે ઋજુસૂત્ર નયનો વિષય વર્તમાન પર્યાય માત્ર જ કહ્યો છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આ નય વિદ્યમાન અવસ્થા રૂપે જ વસ્તુનો સ્વીકાર કરે છે. દ્રવ્ય તેમાં સર્વથા અવિવક્ષિત રહે છે. તેથી પર્યાય સંબંધી જેટલાં વિચારો હોય છે, તે બધાં ઋજુસૂત્રનયની શ્રેણિમાં આવી જાય છે. જેમકે **"संप्रति सुखविद्तोंऽस्ति"** આ વાકયથી વર્તમાન ક્ષણવર્તી સુખ નામની પર્યાય માત્ર જ બતાવવામાં આવી છે. ઋજુસૂત્રનયની માન્યતા અનુસાર એક અનુપયુકત દેવદત્તાદિ એક આગમદ્રવ્યાવશ્યક છે. એ વાત તો આગળ સ્પષ્ટ કરવામાં આવી ચૂકી છે કે આ નય વર્તમાન કાલિન પર્યાયવસ્તુને જ વિષય કરે છે–અતીત અનાગત પર્યાયોને વિષય કરતો નથી કારણ કે અતીત (ભૂતકાલિન) પર્યાયો વિનષ્ટ હોય છે અને અનાગત (ભવિષ્ય કાલિન) પર્યાયો અનુત્પન્ન હોય છે. વર્તમાનકાલિન પર્યાયમાં પણ જે પોતાની પર્યાય છે તેને જ તે અપનાવે છે. કારણ કે એજ પોતાના ધનની જેમ પોતાના કાર્યની સાધક હોય છે. કારણ કે એજ પોતાના ધનની જેમ પોતાના કાર્યની સાધક હોય છે. પરકીય પર્યાયને તે વિષય કરતો નથી. કારણ કે અન્યના ધનની જેમ તે પોતાના કાર્યની સાધક હોતી નથી. આ નયની દૃષ્ટિએ જ કારણે પૃથકત્વ– વૈવિધ્ય નથી કારણ કે અતીત અનાગતના ભેદથી અને પરકીય ભેદથી આ નય પર્યાયોમાં ભિન્નતા માનતો નથી. પરન્તુ વર્તમાનકાલિક સ્વગત પર્યાયને જ તે વાસ્તવિક માને છે અને એક જ છે એવું પ્રતિપાદન કરે છે. તેથી આ નયની માન્યતા અનુસાર આગમ દ્રવ્યાવશ્યક એક જ છે અનેક નથી.

હવે સૂત્રકાર શબ્દનય, સમભિરૂઢ નય અને એવંભૂત નયની દૃષ્ટિએ આગમ દ્રવ્યાવશ્યકનો વિચાર કરે છે— શબ્દ પ્રધાન નયોનું નામ શબ્દનય છે. અને એવાં આ ત્રણ નય છે. અર્થાવગમ (અર્થના બોધ)નું કારણ હોવાથી શબ્દની જ પ્રધાનતા

આ ત્રણે નયો માને છે—અર્થની પ્રધાનતા માનતા નથી. આ નયોની એવી માન્યતા છે કે દ્રવ્ય અને પર્યાયના સંબંધમાં જેટલા વિચારો હોય છે. તે વિચારોનું વર્ગીકરણ ઉપર્યુકત ચાર નયમાં જ થઈ જાય છે.

જેમનું વર્ગીકરણ સ્વતંત્ર નય દ્વારા કરી શકાય એવો કોઇ વિચાર જ બાકી રહેતો નથી. છતાં પણ વિચારોને પ્રકટ કરનાર અને ઈષ્ટ પદાર્થોનું જ્ઞાન કરાવનાર મુખ્ય સાધન શબ્દ છે. તેથી તેની (શબ્દની) પ્રધાનતાની અપેક્ષાએ જેટલા વિચારો કરવામાં આવે છે તેટલા વિચારોને આ ત્રણ નયોની કોટિમાં જ મૂકી શકાય છે. તે નયો એ બતાવે છે કે હજી સુધી શબ્દ પ્રયોગની વિવિધતા હોવા છતાં પણ અર્થમાં ભેદનો સ્વીકાર કરવામાં આવ્યો નથી પરન્તુ જયાં શબ્દ નષ્ઠ તારતમ્ય છે. તેના અનુસાર અર્થભેદ પણ અવશ્ય છે જ. તેથી તેઓ કહે છે કે-"એવી વાત કેવી રીતે સંભવી શકે કે જે આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા છે. તે તેમાં અનુપયુકત છે, કારણકે જ્ઞાતા હોવા છતાં પણ અનુપયુકત હોય અને અનુપયુકત હોવા છતાં પણ જ્ઞાતા હોય એ વાત જ અસંભવિત હોય છે. જ્ઞાતા હોય તો તે તેમાં ઉપયુકત (ઉપયોગ સંપન્ન) હોય. અને અનુપયુકત હોય તો તેનો જ્ઞાતા જ ન હોય એ વાત જ સંભવી શકે છે. તેથી આવશ્યકશાસ્ત્રના અનુપયુકત જ્ઞાતાની અપેક્ષાએ જે આગમ વ્યાવશ્યકની પ્રરૂપણા કરી છે. એ પ્રરૂવણાનો આ શબ્દાદિ ત્રણ પ્રકારના નયો સ્વીકાર કરતા નથી. કારણ કે જ્ઞાતા અને અનુપયુકતતાનો સમન્વય જ સંભવી શકતો નથી. અનુપયુકતતાની સ્થિતિમાં તે આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા જ સંભવી શકતો નથી. ('જ્ઞતા' એટલે "તેના સંબંધી જ્ઞાન ધરાવનારો." આ પ્રકારનો અર્થ સમજવો) જો તે જ્ઞાતા હોય એટલે કે તે વિષયના જ્ઞાનથી સંપન્ન હોય. તો તેનું તાત્પર્ય એજ છે કે તે જ્ઞાનના ઉપયોગવાળો (ઉપયુકત) છે. કારણ કે જ્ઞાન પોતે જ ઉપયોગરૂપ હોય છે આ ત્રણે નય શુદ્ધ નયને આધારે વસ્તુનો સ્વીકાર કરે છે. તેથી એવું જે કહેવામાં આવ્યું છે કે "આગમનાં કારણરૂપ હોવાથી આત્મા તદધિષ્ઠિત દેહ અને શબ્દ એ આગમરૂપ છે." આ કથન પણ ઔપચારિક કથન જ છે. કારણ કે તેમને આગમરૂપ માનવામાં આવતા નથી. તેથી આ ત્રણે નયોની માન્યતા અનુસાર આગમદ્રવ્યાવશ્યક સંભવિત જ નથી. આ રીતે પૂર્વપ્રકાન્ત આગમદ્રવ્યાવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનુ કહ્યું છે.

સંક્ષિપ્ત ભાવાર્થ—સૂત્રકારે નૈગમ આદિ સાત નયોની માન્યતાનો આધાર લઈને આગમદ્રવ્યાવશ્યકમાં એકત્વ. અનેકત્વ આદિનું પ્રતિપાદન કર્યું છે. નૈગમનયની માન્યતા અનુસાર આગમદ્રવ્યાવશ્યકમાં એકત્વ અને અનેકત્વ છે. સંગ્રહનયની માન્યતા અનુસાર તેમાં માત્ર એકત્વ જ છે. વ્યવહારનયની માન્યતા અનુસાર એક આગમદ્રવ્યાશ્યક પણ છે અને અનેક દ્રવ્યાવશ્યક પણ છે. ઋજુસૂત્રનયની માન્યતા પ્રમાણે આગમદ્રવ્યાવશ્યક એક જ છે. શબ્દનય. સમભિરૂઢનય અને એવંભૂતનય. આ ત્રણે નયોની માન્યતા અનુસાર આગમદ્રવ્યાવશ્યક છે જ નહીં. આ સઘળા નયોની માન્યતાનું સ્પષ્ટીકરણ ટીકાર્થમાં કરવામાં આવ્યું છે. ॥સૂ૦ ૧૫॥

હવે સૂત્રકાર "નોઆગમદ્રવ્યાવશ્યકનું" પ્રતિપાદન કરે છે—

"से किं तं नोआगमओ" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(से किं तं नो आगमओ दव्वावस्सयं ?)** હે ભગવન્! નો આગમ ને આશ્રિત કરીને દ્રવ્યાવશ્યકનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર—**(नोआगमओ दव्वावस्सयं तिविहं पण्णत्तं)** નો આગમની અપેક્ષા-દ્રવ્યાવશ્યકના ત્રણ પ્રકાર કહ્યા છે. **(तंजहा)** તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે સમજવા—

(जाणयसरीरदव्वावस्सयं, भविअसरीरदव्वावस्सयं, जाणयसरीरभविअसरीरवइरित्तं दव्वावस्सयं) (૧) જ્ઞાયકશરીર દ્રવ્યાવશ્યક. (૨) ભવ્યશરીર દ્રવ્યાવશ્યક અને જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યક.

ટીકાર્થ—**"नो"** શબ્દ સર્વથા નિષેધ અથવા અંશતઃ નિષેધના અર્થમાં વપરાય છે. "નોઆગમ દ્રવ્યાવશ્યકમાં" જે 'નો' શબ્દ આવ્યો છે તે ઉપર્યુકત બન્ને અર્થમાં વપરાયો છે. આ રીતે આગમના સર્વથા અભાવને અને આગમના એક દેશતઃ અભાવને લઈને દ્રવ્યાવશ્યક બને છે. આ નોઆગમદ્રવ્યાવશ્યક જ્ઞાયક શરીર આદિના ભેદથી ત્રણ પ્રકારનો કહ્યો છે. જે આગમનું જાણી ચુકયો છે એવા જ્ઞાયકનું નિર્જીવ શરીર નો આગમદ્રવ્યવાશ્યક છે. આગામી કાળમાં જે જીવ વિવક્ષિત પર્યાયથી યુકત થવાનો છે, તેને ભવ્યજીવ કહે છે. ભાવિ સ્વભાવરૂપ આવશ્યકનું કારણ હોવાથી તેનું શરીર ભવ્યશરીર દ્રવ્યાવશ્યક ગણાય છે. જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક અને ભવ્યશરીર દ્રવ્યાવશ્યકથી ભિન્ન જે દ્રવ્યાવશ્યક છે તેને જ્ઞાયકશરીર-ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યાવશ્યક કહે છે. આ પ્રમાણે આ ત્રણ પ્રકારનો આ નોઆગમ દ્રવ્યાવશ્યક છે.

ભાવાર્થ—નોઆગમ દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ પ્રકટ કરવા નિમિત્તે સૂત્રકારે તેના નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે-

(૧) જ્ઞાયકશરીરદ્રવ્યાવશ્યક' (૨) ભવ્યશરીર દ્રવ્યાવશ્યક, (૩) તદ્વયવ્યતિરિકત (બન્નેથી ભિન્ન) દ્રવ્યાવશ્યક.

નોઆગમ દ્રવ્યાવશ્યકમાં "નો" પદ આગમનો સર્વથા નિષેધ કરવામાં પ્રયુકત થયો છે. જેમકે—

જે જીવ પહેલાં આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા હતો, તે જયારે મરણ પામે છે-અન્ય પર્યાયે ઉત્પન્ન થઇ જાય છે, તે સમયનું તેનું જે નિર્જીવ શરીર હોય છે તે આગમના અભાવવાળું હોવાને કારણે જ્ઞાયકશરીરદ્રવ્યાવશ્યક રૂપ ગણાય છે. એજ પ્રમાણે જે જીવ ભવિષ્યમાં આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા થવાનો છે; તે જીવના શરીરને ભવ્ય

શરીર દ્રવ્યાવશ્યકરૂપ માનવામાં આવે છે. તથા આ બન્ને કરતાં ભિન્ન એવો જે દ્રવ્યાવશ્યક છે તેને તદ્વ્યતિરિક્ત (ઉભયથી ભિન્ન) દ્રવ્યાવશ્યક કહે છે. ॥સૂ ૧૬॥

"નોઆગમ દ્રવ્યાવશ્યક" નો, જ્ઞાયકશરીરદ્રવ્યાવશ્યક નામનો જે પહેલો ભેદ છે તેનું સૂત્રકાર હવે વિશેષ સ્પષ્ટીકરણ કરે છે—

'से किं तं जाणयसरीरदव्वावस्सयं" ઇત્યાદિ-

શબ્દાર્થ—પ્રશ્ન-(से किं तं जाणयसरीरदव्वावस्सयं) હે ભગવન્ ! જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યકનું કેવું સ્વરૂપ કહ્યું છે ?

ઉત્તર—(आवस्सएत्ति पयत्थाहिगारं जाणयस्स जं सरीरं) આવશ્યક પદવાચ્ય આગમના અર્થરૂપ અધિકારના જ્ઞાતાનું એટલે કે આવશ્યકસૂત્રના અર્થને જાણનારા સાધુ આદિનું એવું શરીર કે જે (ववगयचुयचावियचत्तदेहं) વ્યપગત-ચૈતન્ય પર્યાયથી રહિત છે, ચ્યુત દસ પ્રકારના પ્રાણોથી પરિવર્જિત (રહિત) છે, ત્યક્તદેહ આહારપરિણતિ જનિત વૃદ્ધિ જેમાંથી સંપૂર્ણ નીકળી ચુકી છે, (जाणयसरीरदव्वावस्सयं) એવા શરીરને "જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક" કહે છે, આ અર્થનો વધુ સ્પષ્ટ ખ્યાલ આપવાના હેતુથી સૂત્રકાર અન્ય શબ્દો દ્વારા તેનું વર્ણન કરે છે—

(जीवविप्पजढं सिज्जागयं वा, संथारगयं वा, निसीहियागयं वा, सिद्धसिलातलगयं वा पासित्ताणं कोइ भणेज्जा) આ પ્રકારના પ્રાણરહિત શરીરને શય્યા પર જોઈને, સંસ્તારગત જોઈને, સ્વાધ્યાયભૂમિ અથવા સ્મશાનભૂમિગત જોઈને અથવા સિદ્ધશિલાગત જોઈને તેઓ કહે છે કે—(अहो) અહો ! (इमेणं सरीरसमुस्सएणं) આ શરીર રૂપ પુદ્ગલ સંઘાતે (जिनदिट्ठेणं भावेणं) તીર્થંકર ભગવાનો દ્વારા માન્ય થયેલા કર્મનિર્જરણના અભિપ્રાયથી અથવા તદાવરણના ક્ષય, ક્ષયોપશમ રૂપ ભાવથી એટલે કે જ્ઞાનાવરણીય કર્મના ક્ષય ક્ષયોપશમ અનુસાર (आवस्सएत्तपयं) આવશ્યક સૂત્રનું વિશેષરૂપે (आघवियं) ગુરુ પાસે અધ્યયન કર્યું હતું-જ્ઞાન પ્રાપ્ત કર્યું હતું. (पण्णवियं) સામાન્યરૂપે તેણે શિષ્યોને તે સમજાવ્યું હતું. (परूवियं) સૂત્રાર્થના કથનપૂર્વક તેણે ફરીથી શિષ્યજનોને તેનું અધ્યયન કરાવ્યું હતું (दंसियं) પ્રતિલેખનાદિ ક્રિયારૂપે તેમણે પોતે પોતાના આત્મામાં ઉતાર્યું હતું, અને ત્યાર બાદ એજ રૂપે શિષ્યોને બતાવ્યું હતું, એટલે કે પ્રતિલેખના આદિ ક્રિયાના પ્રદર્શનથી એ પ્રકટ કર્યું હતું કે બન્ને સમય સમસ્ત પાત્ર વસ્ત્રાદિ ઉપકરણોની પ્રતિલેખના કરવી આવશ્યક છે. વસ્ત્રનો એક દોરો જેટલો ભાગ પણ પ્રતિલેખના વિનાનો રહેવો જોઇએ નહીં. (निदंसियं) આવશ્યકશાસ્ત્રને ગ્રહણ કરવાને જે શિષ્યો અક્ષમ હતા, તેમના પ્રત્યે કરુણાભાવ રાખીને તેણે તેમને વારંવાર આવશ્યક સૂત્ર ગ્રહણ કરાવવાનો પ્રયત્ન કર્યો હતો (उवदंसियं) અર્થો નય અને યુક્તિઓ દ્વારા તેણે શિષ્યજનોના હૃદયસ્થાનમાં નિઃશંકરૂપે તેને અવધારણ કરાવ્યું હતું તેથી તેનું આ શરીર જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક છે.

શંકા—અચેતન હોવાને કારણે શરીરરૂપ પુદ્ગલ સ્કંધ જો આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા જ હોઈ શકતો નથી. તો સૂત્રકારનું "**आवस्सएत्ति पदं आघवियं**) આ પ્રકારનું કથન સંગત લાગતું નથી. કારણ કે ગ્રહણ કરવાની અને પ્રરૂપણા આદિ કરવાની ક્રિયાઓ તો જીવની સાથે સંબંધ ધરાવનારી હોય છે. આ ક્રિયાઓ જીવના ધર્મ રૂપ હોવાને કારણે મૃત શરીરમાં તેને કેવી રીતે ઘટાવી શકાય? ચૈતન્ય યુકત શરીરમાં જ આ ક્રિયાઓનો સદ્ભાવ હોય છે.

આ શંકાનું સમાધાન નીચે પ્રમાણે સમજવું—

જ્ઞાયક શરીરને જે દ્રવ્યાવશ્યક કહેવામાં આવ્યું છે, તે ભૂતપૂર્વની અપેક્ષાએ કહેવામાં આવ્યું છે. એટલે કે જ્યારે તે શરીર ચૈતન્યથી યુકત હતું ત્યારે તે આ શાસ્ત્રની પ્રરૂપણા આદિ કરતું હતું. તેથી આ પ્રકારના કથનમાં કોઇ દોષ નથી.

શંકા—શય્યાદિગત સાધુના શરીરને જોઇને કોઈ પૂર્વોકત પ્રકારે કહેતા હોય તો ભલે કહે, પરન્તુ એ શરીરમાં દ્રવ્યાવશ્યકતા તો સંભવી જ શકતી નથી! કારણ કે ભૂત કે ભાવી, પર્યાયનું જે કારણ હોય-હતું તે સચેતન હોય અથવા હતું તે અચેતન હોય. પણ એને જ તત્ત્વજ્ઞો દ્રવ્ય-દ્રવ્યનિક્ષેપનો વિષય માને છે. તેથી આ કથન અનુસાર તો આવશ્યકપર્યાયનું કારણ જ દ્રવ્યાવશ્યક કહેવાને યોગ્ય હોઇ શકે છે. અને એવા દ્રવ્યાવશ્યકનું એવું કારણ તો ચેતનાયુકત શરીર જ હોઇ શકે છે, અચેતન શરીર એવાં કારણરૂપ બની શકતું નથી. તે કારણે **શય્યાદિગત નિર્જીવ સાધુનું શરીર દ્રવ્યાવશ્યક હોઈ શકતું નથી.**

આ શંકાનું હવે સમાધાન કરવામાં આવે છે—

જો કે તે કાળે તે સાધુશરીરમાં ચેતનાનો સદ્ભાવ નથી અને તે કારણે તે શરીરમાં દ્રવ્યાવશ્યકરૂપતાનો સદ્ભાવ નથી, પરન્તુ ભૂતપૂર્વ પ્રજ્ઞાપનનયની અપેક્ષાએ અતીત (ભૂતકાલિન) આવશ્યકપર્યાયના કારણનો તો તેમાં સદ્ભાવ હતો જ, એમ માનીને તેમાં દ્રવ્યાવશ્યકતા જાણવી જોઇએ. આ રીતે વિચારવામાં આવે તો આ કથનમાં કોઇ દોષ નથી, આ વિષય શિષ્યજનોને સારી રીતે સમજાવવા માટે સૂત્રકાર એક દૃષ્ટાન્ત આપે છે, (**जहा को दिट्ठंतो**) કારણ કે શિષ્યો દ્વારા જ આ પ્રકારનું સૂચન કરવામાં આવ્યું છે "હે ગુરુમહારાજ! આ વિષયનો અમને સચોટ ખ્યાલ આવે તે માટે એવું કોઈ દૃષ્ટાન્ત હોય, તો આપ અમને તે કહી સંભળાવવાની કૃપા કરો."

(**अयं महुकुंभे आसी अयं घयकुंभे आसी**) શિષ્યજનોની આ વિનંતિને ધ્યાનમાં લઇને ગુરુ નીચેનું દૃષ્ટાન્ત આપે છે—કોઇ એક વ્યકિત એક ઘડામાં મધ અથવા ઘી ભરીને લાવે છે. ત્યાર બાદ તે તેમાંથી મધ અથવા ઘી કાઢી નાખે છે અથવા વાપરી નાખે છે. છતાં પણ તે એવું કહે છે કે "આ મધનો ઘડો છે અથવા આ ઘીનો ઘડો છે." ભૂતકાળમાં તે કુંભ મધ અથવા ઘીને ભરવા

માટે વપરાતો હતો. તે કારણે લોકોમાં તેને મધનો ઘડો અથવા ઘીનો ઘડો કહેવાનો વ્યવહાર થતો જોવામાં આવે છે. એજ પ્રમાણે ભૂતકાલિન આવશ્યક પર્યાયના કારણ રૂપ આધારવાળું હોવાથી નિર્જીવ શય્યાદિગત શરીર પણ દ્રવ્યાવશ્યક જ કહેવાય છે. આ પ્રકારે પૂર્વોકત જીવવિપ્રમુકત (પ્રાણોથી રહિત) શય્યાદિગત સાધુ આદિનું શરીર નોઆગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યક હોય છે. કારણ કે તે અવસ્થામાં આવશ્યકના અર્થજ્ઞાનરૂપ આગમનો તે શરીરમાં બિલકુલ અભાવ હોય છે.

"चुय" 'च्युत' આ પદનો પ્રયોગ કર્યા બાદ "चाविय" 'च्यावित' આ પદનો જે પ્રયોગ કરવામાં આવ્યો છે તે સ્વભાવવાદીઓના મતનું નિરાકરણ કરવા માટે કરવામાં આવેલ છે. સ્વભાવવાદીઓની એવી માન્યતા છે કે મરણ તો સ્વાભાવિક રીતે જ થાય છે. તેમની તે માન્યતા બરાબર નથી. કારણ કે મરણસ્વભાવ તો સર્વદા વિદ્યમાન રહે છે. અને તેમની માન્યતા સ્વીકારવામાં આવે તો સર્વદા મરણ થવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તેથી તેમની તે માન્યતા ખોટી છે. "चाविय" આ પદનો પ્રયોગ કરીને એ વાતનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે જ્યારે આયુકર્મનો ક્ષય થાય છે ત્યારે જ પ્રાણીઓનાં પ્રાણ શરીરમાંથી નીકળી જાય છે.

હવે સૂત્રકાર આ સૂત્રનો ઉપસંહાર કરતાં આ પ્રમાણે કહે છે-(**से त्तं जाणय सरीरदव्वावस्सयं**) આ પ્રકારનું પૂર્વોકત જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા જ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યકના સ્વરૂપનું વર્ણન કર્યું છે. એ વાત તો પહેલા સ્પષ્ટ કરવામાં આવી ચુકી છે કે ભૂત અથવા ભવિષ્ય પર્યાયનું કારણ જ દ્રવ્ય હોય છે તેથી જે સાધુ આદિ આવશ્યકશાસ્ત્રને જાણી ગયો છે પણ તેમાં તેનો ઉપયોગ નથી એટલે કે જે અનુપયુકતતા સંપન્ન છે, એવાં તે સાધુ આદિનો જીવ દ્રવ્યાવશ્યક કહેવાય છે.

"नोद्रव्यावश्यक" આ દ્રવ્યાવશ્યકનો એક ભેદ છે.

જે સાધુએ પહેલાં આવશ્યક સૂત્રનું સવિધિ જ્ઞાન પ્રાપ્ત કરી લીધું હતું. એવા સાધુનો જીવ જ્યારે મનુષ્યપર્યાયમાંથી નીકળીને અન્ય પર્યાયમાં ચાલ્યો જાય છે. ત્યારે તેનું તે નિર્જીવ શરીર આવશ્યક સૂત્રના જ્ઞાનથી સર્વથા અભાવવિશિષ્ટ (રહિત) થઈ જાય છે. તે કારણે તેના તે નિર્જીવ શરીરને નો આગમજ્ઞાયક શરીર દ્રવ્યાવશ્યક રૂપ કહેવામાં આવે છે. આગમજ્ઞાન જેના બિલકુલ નથી. એવું તે શરીર તે આગમજ્ઞાતાનું છે કે જેણે તે આગમને જાણ્યો તો હતો પણ તે તેમાં ઉપયોગથી વિહીન (અનુપયુકત) હતો. આ રીતે નોઆગમ જ્ઞાયક શરીર

દ્રવ્યાવશ્યક" આ પદોના અર્થની અપેક્ષાએ તે નિર્જીવ શય્યાદ્વિગત સાધુનું શરીર નો આગમ જ્ઞાયકશરીર દ્રવ્યાવશ્યક' છે.

અનેક પ્રકારની તપસ્યાઓ વડે જેનું શરીર પરિશોભિત થઇ રહ્યું છે. એવાં સાધુઓ જ્યાં જાતે જ જઇને આહારપાણીના પ્રત્યાખ્યાનરૂપ અનશન ધારણ કરે છે. ધારણ કરતા હતા અને ધારણ કરશે. તે સ્થાનનું નામ 'સિદ્ધશિલાતલ' છે. અથવા જે સ્થાને કોઈ મહર્ષિ થઇ ગયા હોય તે સ્થાનને સિદ્ધશિલાતલ કહે છે. સૂ ૧૭

હવે સૂત્રકાર ભવ્ય શરીર દ્રવ્યાવશ્યક નામનો નો આગમદ્રવ્યાવશ્યકનો જે બીજો ભેદ છે તેની પ્રરૂપણા કરે છે—"से किं तं भवियसरीरदव्वावस्सयं ઇત્યાદિ—

શબ્દાર્થ—(अथ) હવે શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે (तं भवियसरीर-दव्वावस्सयं किं?) હે ભગવન્! પૂર્વોક્ત ભવ્ય દ્રવ્યાવશ્યકનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર—(जे जीवे जोणिजम्मणनिक्खंते इमेणं चेव आयत्तएणं सरीरसमुस्सएणं जिणोवदिट्ठेणं भावेणं आवस्सए त्ति पयं सेयकाले सिक्खिस्सइ न तावसिक्खाइ भवियसरीरदव्वावस्सयं) જે જીવ ઉત્પત્તિસ્થાનરૂપ યોનિમાંથી પોતાનો સમયપૂરો કરીને જ બહાર નીકળ્યો છે સમય પૂરો થયા પહેલા બહાર નીકળ્યો નથીએટલે કે ગર્ભમાંથી પૂરો સમય વ્યતીત થયા પહેલાં પતિત થયો નથી, એવો તે જીવ તે પ્રાપ્ત શરીર વડે જ જિનોપદિષ્ટ ભાવ અનુસાર આવશ્યકશાસ્ત્રને ભવિષ્યમાં શિખશે-વર્તમાન કાળમાં તે તેને શીખી રહ્યો નથી, એવાં તે ભવ્ય જીવનું શરીર ભવ્યશરીર દ્રવ્યા-વશ્યક કહેવાય છે. આ ભવ્યશરીરદ્રવ્યાવશ્યકમાં પણ આગમના અભાવને લીધ નોઆગમતા (આવશ્યકશાસ્ત્રના જ્ઞાનનો સર્વથા અભાવ) જાણવી, કારણ કે તે સમયે તે શરીરમાં આગમનો સર્વથા અભાવ જ હોય છે "નો" પદ તે સમયે શરીરમાં સર્વથા નિષેધ સૂચિત કરે છે.

શંકા—આવશ્યકપર્યાયનું જે કારણ હોય છે, તેને દ્રવ્યાવશ્યક કહેવામાં આવે છે. અત્યારે તો તેના શરીરમાં આગમનો સર્વથા અભાવ જ છે. આ રીતે શરીરમાં દ્રવ્યાવશ્યકના કારણનો જ સદ્ભાવ ન હોવા છતાં પણ તેમાં દ્રવ્યાવશ્યકતા કેવી રીતે સંભવી શકે છે?

ઉત્તર—આ સમયે તો તેમાં દ્રવ્યાવશ્યકતાનો ઉપચાર કરવામાં આવે છે એટલે કે આ કથનને આપચારિક કથન જ સમજવું જોઈએ કારણ કે આ શરીર આગળ જતાં આ મનુષ્ય પર્યાયમાં જ આવશ્યકશાસ્ત્રનો જ્ઞાતા બનવાનું હોવાથી તો તે તેનો જ્ઞાતા નથી. તેથી આવશ્યકશાસ્ત્રના ભવિષ્યકાળ સંબંધી અનુપયુક્તતા જ્ઞાતૃત્વનો તેમાં ઉપચાર કરીને તેનો સર્વથા નિષેધ કરવામાં આવ્યો છે.

આ વિષયને દૃષ્ટાન્તથી સમજાવા માટે શિષ્ય ગુરુને આ પ્રમાણે કહે છે—(जहा को दिट्ठंतो) હે ભદન્ત! આ વિષયનું પ્રતિપાદન કરતું કોઇ દૃષ્ટાન્ત કહેવાની કૃપા કરો. ગુરુ મહારાજ આ વિષયનું પ્રતિપાદન કરવા નિમિત્ત નીચેનું દૃષ્ટાન્ત આપે છે.

(अयं महुकुंभे भविस्सइ, अयं घयकुंभे भविस्सइ) કોઇ એક કુંભારે મધ ભરવાને માટે તથા ઘી ભરવાને માટે બે ઘડા બનાવ્યા. તે બન્ને ઘડાને જોઇને કોઇએ તેને એવો પ્રશ્ન પૂછ્યો કે "આ બે ઘડા તમે શા માટે બનાવ્યા છે?" ત્યારે કુંભારે એક ઘડો બતાવીને કહ્યું કે "આ મધુકુંભ છે" અને બીજો ઘડો બતાવીને કહ્યું કે "આ ઘૃતકુંભ છે" જે પ્રકારે ભવિષ્યકાલિન ઘૃતાધારત્વરૂપ પર્યાય અને મધુ આધારત્વરૂપ પર્યાયનો તે બન્ને ઘડામાં આશ્રય લઇને અત્યારે પણ તેમને ઘૃતકુંભ અને મધુકુંભ રૂપે ઓળખવામાં આવે છે-(જો કે વર્તમાનકાળે તો તેમાં ઘૃત પણ નથી અને મધ પણ નથી) એજ પ્રમાણે આ સમયના શરીરમાં પણ ભવિષ્યકાલિન આવશ્યકરૂપ પર્યાયના કારણનો સદ્ભાવ હોવાને કારણે તેને દ્રવ્યાવશ્યક રૂપે માની લેવામાં આવે છે. આ દ્રવ્યાવશ્યકરૂપ ભવ્યશરીરમાં વર્તમાન કાળે તો આવશ્યકના અર્થજ્ઞાનનો સર્વથા અભાવ જ છે. તે કારણે તેમાં "નો આગમતા" સમજવી. પૂર્વપ્રકાન્ત (પૂર્વપ્રસ્તુત) ભવ્યશરીરદ્રવ્યાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ છે.

ભાવાર્થ-સૂત્રકારે આ સૂત્રદ્વારા ભવ્યશરીર દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ પ્રકટ કર્યું છે. જે મનુષ્ય પ્રાપ્ત શરીર દ્વારા જ ભવિષ્યમાં આવશ્યકસૂત્રનો અનુપયુક્ત જ્ઞાતા

જ્ઞાયક શરીર ભવ્ય શરીર વ્યતિરીક્ત

બનવાનો છે, તેના તે શરીરને દ્રવ્યાવશ્યકરૂપ અહીં પ્રકટ કરવામા આવ્યું છે. વર્તમાનકાળે તે એવું નથી, તેથી તેનો તેમાં ઉપચાર કરી લેવામાં આવે છે. આ અપેક્ષાએ તેને દ્રવ્યાવશ્યક બનાવી લેવામાં આવે છે. આ દ્રવ્યાવશ્યકમાં આવશ્યકનું અર્થજ્ઞાન બિલકુલ નથી, તેથી નોઆગમની અપેક્ષાએ તેને ભવ્યશરીર દ્રવ્યાવશ્યક કહેવામાં આવ્યું છે. ॥ સૂ૦ ૧૮ ॥

હવે સૂત્રકાર ઉપર્યુક્ત બન્નેથી ભિન્ન એવા નોઆગમદ્રવ્યાવશ્યક'ના ત્રીજા ભેદનું સ્વરૂપ સમજાવે છે-"से किं तं जाणयसरीरभवियसरीरवइरित्तं" ઇત્યાદિ-

શબ્દાર્થ-શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે (से तं जाणयसरीर भवियसरीर-वइरित्तं दव्वावस्सयं किं) હે ભગવન્! પૂર્વપ્રસ્તુત જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કેવું છે? એટલે કે જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવા દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वावस्सयं तिविहं पण्णत्तं) જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યાવશ્યકના ત્રણ પ્રકાર કહ્યા છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(लोइयं कुप्पावयणियं लोउत्तरियं) (૧) લૌકિક, (૨) કુપ્રાવચનિક અને (૩) લોકોત્તરિક ॥ સૂ. ૧૯ ॥

હવે સૂત્રકાર તદ્વ્યતિરિકત લૌકિક દ્રવ્યાવશ્યકરૂપ પહેલા ભેદનું સ્વરૂપ સમજાવેછે.

"से किं तं लोइयं दव्वावस्सयं" ઇત્યાદિ-

શબ્દાર્થ--(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! (तं लोइयं

दव्वावस्सयं किं ?) લૌકિક દ્રવ્યાવશ્યક રૂપ તે પ્રથમ ભેદનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર--**(लोइयं दव्वावस्सयं)** લૌકિક દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનું છે-

(जे इमे राईसर, तलवर, माडंबिय, कोडुंबिय, इब्भ, सेट्ठि, सेणावइ, सत्थवाहप्पभिइओ) જે આ રાજેશ્વર (માંડલિક નરપતિ-ઐશ્વર્યસંપન્ન વ્યકિત), તલવર, માંડલિક, કૌટુંબિક, ઇભ્ય, શ્રેષ્ઠી, સેનાપતિ, સાર્થવાહ આદિ મનુષ્યો **(कल्लं)** સામાન્ય પ્રભાતકાળ થતાં, **(पाउप्पभायाए रयणीए)** રાત્રિ વ્યતીત થઈને દિવસની પ્રારંભિક અવસ્થારૂપ પ્રભાતકાળનો પ્રારંભ થતાં, **(फुल्लुप्पल-कमलकोमलुम्मिलियम्मि)** તથા રાત્રિકાળ પસાર થઈને પહેલાં કરતા સ્ફુટતર પ્રકાશથી સંપન્ન, વિકસિત કમલપત્રોથી સંપન્ન અને મૃગવિશેષના નયનોના સુકુમાર ઉન્મીલનથી યુકત, **(अहापंडुरे)** યથાયોગ્ય પીતમિશ્રિત શુકલ (આછાં પીળાં) **पभाए)** પ્રભાત થતાં, **(रत्तासोगप्पगासकिंसुय सुयमुहगुंजद्धरागसरिसे)** તથા લાલ અશોકવૃક્ષના સમાન, પલાશપુષ્પ સમાન તથા શુકના મુખ સમાન અને ગુંજાર્ધ (ચણોઠીનો અર્ધ ભાગ) સમાન લાલ, **(कमलागरनलिणिसंडबोहए)** કમલોના ઉત્પત્તિ સ્થાનરૂપ હૃદાદિ જળાશયોમાં પદ્મ વનોને વિકસિત કરનાર, **(सहस्सरस्सिम्मि दिणयरे तेयसा जलंते)** સહસ્ર કિરણોથી યુકત, દિવસ વિધાયક અને તેજથી દેદીપ્યમાન એવા **(सूरे उट्ठियम्मि)** સૂર્યનો ઉદય થતાં **(मुहधोयणं, दंतपक्खालणं, तेल्ल, ण्हाण. फणिह, सिद्धत्थय, हरि, अद्दागधूव, पुप्फमल्लगंधतंबोलवत्थाइयाइं दव्वाव स-याइं करेंति)** મુખ ધોવારૂપ. દાંત સાફ કરવા રૂપ શરીર પર તેલનું માલિશ કરવારૂપ, સ્નાન કરવારૂપ, દાંતિયા કે કાંસકી વડે વાળ ઓળવારૂપ, મંગળ નિમિત્ત સરસવ અને દુર્વાનું પ્રક્ષેપણ કરવારૂપ. દર્પણમાં પોતાના મોઢ નું અવલો-કન કરવારૂપ, સુગંધયુકત ધૂપથી વસ્ત્રોને સુગંધિદાર કરવારૂપ, ફૂલો ગ્રહણ કરવારૂપ, ફૂલોની માળાઓ પહેરવારૂપ, પાન ખાવારૂપ, સ્વચ્છ વસ્ત્રો ને પરિધાન કરવારૂપ ઇત્યાદિ-રૂપ દ્રવ્યાવશ્યક કરે છે **(तओ पच्छा)** ત્યારબાદ તેઓ **(रायकुलं वा, देवकुलं वा, आरामं वा, उज्जाणं वा, सभं वा, पवं वा, गच्छंति)** રાજદરબારમાં, અથવા દેવ સ્થાનમાં, અથવા આરામગૃહમાં અથવા બાગમાં, અથવા સભામાં અથવા જળાશય તરફ જાય છે.

આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે રાજેશ્વર આદિ ઉપર્યુકત માણસોના જે મુખધાવન આદિ કાર્યો છે તે સૌને લૌકિક દ્રવ્યાવશ્યકરૂપ ગણવામાં આવ્યા છે.

હવે આ સૂત્રમાં વપરાયેલા તલવર આદિ પદોનો અર્થ સમજાવવામાં આવે છે–"તલવ[illegible]" સંતુષ્ટ થાય ત્યારે રાજા જેમનો રાજચિહ્નપટ્ટક પ્રદાન કરે છે તેમનું નામ તલવર છે. તેઓ રાજા જેવાં જ હોય છે. છિન્નભિન્ન જનાશ્રયવિશેષોને મડંબ કહે છે. આ પ્રકારના મડંબોના અધિપતિને માડંબિક કહે છે. તેઓ ૫૦૦-૫૦૦ ગામોના અધિપતિ હોય છે. અથવા અઢી અઢી ગાઉને અંતરે જે ગામો વસે છે તે ગામોનું નામ મડંબ છે અને તેના અધિપતિને માડંબિક કહે છે. કુટુંબના ભરણ પોષણ ના કાર્યમાં જેઓ રત રહે છે તેમને. અથવા અનેક કુટુંબોનું પરિપાલન કરનારને કૌટુંબિક કહે છે. 'દ્રવ્ય' એટલે હાથી હાથી પ્રમાણ ધન જેની પાસે હોય છે. તેને દ્રવ્ય કહે છે દ્રવ્યના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે. જઘન્ય મધ્યમ અને ઉત્કૃષ્ટ હસ્તિપરિમિત (હાથી પ્રમાણ) મણિ. મોતી. પ્રવાલ. સુવર્ણ. રજત (ચાંદી) આદિ દ્રવ્યરાશિના જે સ્વામી હોય છે તેને 'જઘન્ય' દ્રવ્ય' કહે છે. હસ્તિપરિમિત વજ્ર –હીરા. મણિ અને મણિકની રાશિનો જે સ્વામી હોય છે તેને 'મધ્ય દ્રવ્ય' કહે છે. હસ્તિપરિમિત વજ્રનો જ જે સ્વામી હોય છે તેને ઉત્કૃષ્ટ દ્રવ્ય' કહે છે.

જેમની પાસે લક્ષ્મીદેવીની કૃપાને લીધે લાખોનું દ્રવ્ય હોય છે. અને તે કારણે જેને નગરશેઠની પદવી મળી હોય છે. એવા મનુષ્યને શ્રેષ્ઠી (શેઠ) કહે છે. આ પદવીના ઉપલક્ષ્યમાં રાજા તેમને સુવર્ણનો પટ્ટબંધ પ્રદાન કરે છે તે પટ્ટબંધથી તે શ્રેષ્ઠીનું મસ્તક સદા વિભૂષિત રહે છે. ચતુરંગ સેનાના નાયકને સેનાપતિ કહે છે.

હવે સાર્થવાહ' આ પદનો અર્થ સમજાવવામાં આવે છે—

ગણિમ. ધરિમ. મેય. અને પરિચ્છેદ્યરૂપ ક્રયવિક્રયયોગ્ય દ્રવ્યસમૂહને લઈને લાભ પ્રાપ્તિની ઇચ્છાથી અન્ય દેશ તરફ પ્રયાણ કરતાં મનુષ્યોના સાર્થ (સમૂહ)ને જે યોગ ક્ષેમપૂર્વક પાળે છે. અથવા તેમને જવાનું હોય તે સ્થાને સલામત રીતે પહોંચાડે છે, જે પોતાના મૂળ ધનનું ગરીબ લોકોને માટે દાન કરીને તેમનું સંવર્ધન કરે છે, એવા પુરૂષને સાર્થવાહ કહે છે,

અલબ્ધ વસ્તુનો લાભ (પ્રાપ્તિરૂપ લાભ) થવો તેનું નામ 'યોગ' છે. અને લબ્ધ (પ્રાપ્ત થયેલી વસ્તુ)નું પરિરક્ષણ થવું તેનું નામ 'ક્ષેમ' છે નાળિયેર. સોપારી ગોળ આદિને ગણિમદ્રવ્ય કહે છે. કારણ કે આ વસ્તુઓ એક. બે. ત્રણ આદિરૂપ ગણીને વેચાય છે અથવા ખરીદ કરાય છે. ત્રાજવાની મદદથી વજન કરીને જે વસ્તુઓને વેચાય અથવા ખરીદાય છે તે વસ્તુઓને ધરિમ કહે છે. જેમકે ચોખા. જવ, મીઠું. સાકર આદિ દ્રવ્યો પીતળ આદિમાંથી બનાવેલા પાવળાં આદિ સાધનો વડે માપીને જે દ્રવ્યો વેચાય છે તે દ્રવ્યોને 'મેય' કહે છે. જેમકે ઘી. તેલ; દૂધ. જે દ્રવ્યોને કસોટી પથ્થર આદિ પર કસોટી કરીને–તેમની પ્રત્યક્ષ પરીક્ષા કરીને કરીને વેચવા કે ખરીદવામાં આવે છે. એવાં દ્રવ્યોને પરિચ્છેદ્ય કહે છે. જેમકે. મણિ. મોતિ. પ્રવાલ આદિ દ્રવ્યો.

"पाउप्पभायाए" ઇત્યાદિ પદો દ્વારા સૂત્રકારે પ્રભાતની વિશેષ અવસ્થાઓનું પ્રતિપાદન કર્યું છે. તે અવસ્થાઓ અહીં ત્રણ પ્રકારની કહેવામાં આવી છે–**"पाउप्पभायाए"** આ પદ દ્વારા પ્રભાતની પ્રથમ અવસ્થા પ્રકટ કરવામાં આવી છે. આ અવસ્થામાં રાત્રિ પ્રભાતપ્રાય થઈ જાય છે. લગભગ રાત્રિના ચાર વાગ્યાના સમયને આ પ્રભાતની પ્રથમ અવસ્થારૂપ સમય સમજવો. તે સમયે પ્રભાતની આભા

પ્રારંભિક અવસ્થામાં આવી જાય છે. ત્યારબાદ પ્રભાતની દ્વિતીય અવસ્થાનો પ્રારંભ થવા માંડે છે. ત્યારે પહેલાં કરતાં પ્રકાશ સ્ફુટતર થતો જાય છે. આ સમયને 'પો ફાટવો' અથવા ભળભાખળાનો સમય કહે છે ધીરેધીરે પ્રકાશ વધતો વધતો કમળોનો ઈષત્ (સામાન્ય અલ્પ) વિકાસથી અને [illegible]ના ઉન્નિદ્ર નયનોના સુકુમાર ઉન્મીલનથી (ઉઘડવાથી) યુકત થઈને સહેજ સહેજ. પીતવર્ણથી મિશ્રિત એવી શુભ્રતાથી સમન્વિત બની જાય છે આ બીજી અવસ્થા પસાર કરીને જ્યારે પ્રભાત પોતાની ત્રીજી અવસ્થાને પ્રાપ્ત કરે છે, ત્યારે સૂર્યોદય થઈ જવાને કારણે, સૂર્યના હજારો કિરણો વડે-ઊષા વડે પ્રભાત પ્રકાશિત થઈ જાય છે. આ તૃતીય અવસ્થાસંપન્ન પ્રભાતને સમયે રાજેશ્વર આદિ મનુષ્યો જે મુખધાવન આદિ આવશ્યક કૃત્યો કરે છે, તે સઘળાં કૃત્યોને લોકિક દ્રવ્યાવશ્યક કહે છે.

શંકા—રાજેશ્વર આદિ મનુષ્યદ્વારા સંપાદિત મુખધાવન આદિ ક્રિયાઓમાં અવશ્ય કરણીયતા હોવાને કારણે આવશ્યકત્વ ભલે રહે. એ વાત સંબંધમાં અમે કોઈ વિવાદમાં ઉતરવા માગતા નથી. પરન્તુ તે ક્રિયાઓમાં વિવક્ષિત પર્યાયના કારણરૂપ દ્રવ્યત્વ સંભવી શકતું નથી. કારણ કે વિવક્ષિત પર્યાયરૂપ જે આવશ્યક પર્યાય અહીં પ્રકટ કરવામાં આવી છે, તે પર્યાયની સાથે મુખધાવન આદિ ક્રિયાઓને શો સંબંધ છે ? તેરમાં સૂત્રની ટીકામાં આપે દ્રવ્યનું આ પ્રમાણે લક્ષણ કહ્યું છે—"**भूतस्य भाविनो वा**" ઇત્યાદિ. આપે પ્રતિપાદિત કરેલા એ લક્ષણ પ્રમાણેનું દ્રવ્યતા રાજેશ્વર આદિના મુખધાવન આદિ લૌકિક કાર્યોમાં નહીં આવી શકવાથી (અસાધારણ હોવાથી) તે ક્રિયાઓ આવશ્યકપર્યાયના કારણરૂપ બની શકતી નથી. આ કારણતાના અભાવને લીધે તે ક્રિયાઓમાં દ્રવ્યાવશ્યકતાનો સદ્ભાવ સંભવી શકતો નથી,

ઉત્તર—શંકા કરનારે આ પ્રકારની જે શંકા કરી છે તેનું કારણ "**भूतस्य भाविनो वा**" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા દ્રવ્યનું જે લક્ષણ પ્રકટ કરવામાં આવ્યું છે, તે લક્ષણવાળા પદાર્થને જ દ્રવ્ય માનવું જોઇએ, એવી જ તેની માન્યતા છે. આ પ્રકારની માન્યતાને કારણે જ આ શંકા ઉદ્ભવી છે. તો તેની શંકાના જવાબરૂપે અમારે એટલું જ કહેવાનું કે દ્રવ્યનું લક્ષણ એટલું જ નથી, પરન્તુ "**अप्पहाणे वि दव्वसद्दोत्ति**" "અપ્રધાન્યમાં પણ દ્રવ્ય શબ્દ છે," આ કથન અનુસાર અપ્રધાન અર્થમાં પણ દ્રવ્ય શબ્દનો પ્રયોગ થયો છે. તે મુખધાવન આદિ લૌકિક કૃત્યોમાં જે અપ્રધાનતા (પ્રધાનતાથી રહિતપણું) કહી છે તે મોક્ષના કારણભૂત ભાવાવશ્યકની અપેક્ષાએ કહેવામાં આવી છે, તેથી દ્રવ્યભૂત-અપ્રધાનરૂપ જે આવશ્યક છે તેમને

દ્રવ્યાવશ્યકરૂપ કહે છે આ પ્રકારનો દ્રવ્યાવશ્યકનો અર્થ પ્રાપ્ત થઈ જાય છે. આ પ્રકારે રાજેશ્વરાદિના સંસાર કારણભૂત મુખધાવન આદિ કાર્યોમાં દ્રવ્યાવશ્યકતા ઘટિત થઇ જાય છે. આ મુખધાવનાદિ કૃત્યોમાં લોકપ્રસિદ્ધિની અપેક્ષાએ પણ આગમરૂપતા નથી. તે કારણે તે ક્રિયાઓમાં આગમનો અભાવ હોવાને લીધે નો આગમતા સિદ્ધ થાય છે. આ પ્રકારે આગમના સર્વથા અભાવ જન્ય દ્રવ્યાવશ્યકતા તેમનામાં હોવાથી તેમનામાં લૌકિક દ્રવ્યાવશ્યકતા હોવાની વાત સિદ્ધ થઈ જાય છે દ્રવ્યાવશ્યકતાના સ્વરૂપનું આ પ્રકારનું વર્ણન અહીં કરવામાં આવ્યું છે.

ભાવાર્થ—આગલા બે સૂત્રમાં (૧૭ અને ૧૮ મા સૂત્રમાં જ્ઞાયકશરીર દ્રવ્યાવશ્યક અને ભવ્યશરીરદ્રવ્યાવશ્યકનું સ્વરૂપ પ્રકટ કરવામાં આવ્યું. હવે તે બન્નેથી ભિન્ન એવા દ્રવ્યાવશ્યકની પ્રરૂપણા કરવામાં આવે છે. આ સૂત્રદ્વારા તેના પ્રથમ ભેદરૂપ લૌકિક દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ બતાવવામાં આવ્યું છે. સંસારી જીવો દ્વારા જે જે માંગલિક ક્રિયાઓ કરવાનું આવશ્યક માનવામાં આવે છે. તે સઘળી ક્રિયાઓને લૌકિક દ્રવ્યાવશ્યક કહેવામાં આવે છે. મંગળ નિમિત્તે સરસવ આદિનો પ્રક્ષેપ કરવો, દૂર્વા (દર્ભ)નો માંગલિક કાર્યોમાં ઉપયોગ કરવો. કોઈ શુભકાર્યને નિમિત્તે દહીં આદિનું ભક્ષણ કરવું. વગેરે ક્રિયાઓને લૌકિક દ્રવ્યાવશ્યક કહે છે. જો કે આ લૌકિક આવશ્યક કૃત્યોનો આવશ્યકપર્યાયની સાથે કોઈ સંબંધ નથી. છતાં પણ દ્રવ્યાવશ્યકનો અર્થ અપ્રધાનભૂત આવશ્યક માનીને તેને દ્રવ્યાવશ્યકરૂપ માનવામાં આવેલ છે. આ લૌકિક કાર્યોમાં આગમનો સર્વથા અભાવ રહે છે. તેથી તેઓ નો આગમરૂપ છે. ॥ સૂ૦ ૨૦ ॥

कुप्रावचनिक द्रव्यावशयक का निरुपण

"तद्व्यतिरिक्त द्रव्यावश्यकनो जे कुप्रावचनिक द्रव्यावश्यक नामनो त्रीजो भेद छे तेनुं हवे सूत्रकार वर्णन करे छे— **"से किं तं कुप्पावयणियं"** इत्यादि—

शब्दार्थ—**(से)** शिष्य गुरुने एवो प्रश्न पूछे छे के हे भगवन्! **(तं)** पूर्व प्रकान्त (पूर्व प्रस्तुत विषय) **(कुप्पावयणियं दव्वावस्सयं किं)** कुप्रावचनिक द्रव्यावश्यकनुं स्वरूप केवुं छे?

उत्तर—**(कुप्पावयणियं दव्वावस्सयं)** कुप्रावचनिक द्रव्यावश्यकनुं स्वरूप आ प्रकारनुं छे—**(जे इमे चरगचीरिगचम्मखंडियभिक्खोंडपंडुरंगगोयमगोव्वतिगिहिधम्मधम्मचिंतगअविरुद्धविरुद्धवुड्ढसावगप्पभिइ आं पासंडत्था)** जे आ चरक चीरिक, चर्मखंडिक, भिक्षोंड, पांडुरांग, गौतम, गोव्रतिक, गृहिधर्मा, धर्मचिन्तक, अविरुद्ध अने वृद्ध श्रावक आदि छे के जेओ पाषंडस्थ छे-जेओ पोतानी जातने व्रती माने छे (आ बधां पदोनो अर्थ शब्दार्थने अन्ते स्पष्ट करवामां आव्यो छे) **(कल्लं पाउप्पभायाए रयणीए जाव तेयसा जलंते)** तेओ सामान्य प्रभात थतां-लगभग रात्रिनो अन्तकाळ समीप आवे त्यारे झळहांकळुं थाय त्यारे अने सूर्य पोताना सहस्रकिरणोथी प्रकाशवा लागे त्यारे **(इंदस्स वा)** इन्द्रनी अथवा **(खंदस्स वा)** स्कंदनी-कार्तिक स्वामिनी, **(रुद्दस्स वा)** अथवा रुद्रनी **(सिवस्स वा)** अथवा शिवनी **(वेसमणस्स वा)** अथवा वैश्रमणनी कुबेरनी. **(देवस्स वा)** अथवा सामान्य देवनी **(नागस्स वा)** अथवा नागनी **(जक्खस्स वा)** अथवा यक्षनी. **(भूयस्स वा)** अथवा भूतनी **(मुगुंदस्स वा)** अथवा मुकुन्दनी. **(अज्जाए वा)** अथवा आर्यादेवीनी **(दुग्गाए वा)** अथवा दुर्गानी **(कोट्टकिरियाए वा)** अथवा कोट्ट क्रियानी **(उवलेवण, संमज्जण-आवरिसण-धूव पुप्फ गंधमल्लाइयाइ दव्वावस्सयाइं करेंति से तं कुप्पावयणियं**

दव्वावस्सयं) ઉપલેપક ક્રિયા કરે છે, સમાર્જન ક્રિયા કરે છે, દૂધ, ગંધોદક આદિ વડે સ્નાન કરાવવાની ક્રિયા કરે છે, ફૂલો વડે પૂજા કરે છે, ધૂપપૂજા કરે છે, ચન્દન વડ તેનું ઉપલેપન કરે છે, તેમના પર માળાઓ ચડાવે છે, ઇત્યાદિ પ્રકારના જે દ્રવ્યાવશ્યક કરે છે તે સઘળા દ્રવ્યાવશ્યકને કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક કહે છે. પૂર્વ પ્રસ્તુત કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ છે હવે ચરક આદિ પદોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે–જેઓ સમુદાયરૂપે એકત્ર થઈને ભિક્ષા માગે છે તેમનું નામ ચરક છે. અથવા ખાતાં ખાતાં જેઓ ચાલે છે. તેમને 'ચરક' કહે છે. માર્ગ પર પડેલા વસ્ત્રખંડોને એકત્ર કરીને જેઓ તે વસ્ત્રખંડોને ધારણ કરે છે–પહેરે છે–તેમને 'ચીરક' કહે છે, ચામડાને જ વસ્ત્રરૂપે પહેરનાર અથવા ચામડાનાં જ ઉપકરણો રાખનારને 'ચર્મખંડિત' કહે છે.

ભિક્ષામાં પ્રાપ્ત થયેલા અન્નથી જ જેઓ પોતાનું પેટ ભરે છે–પોતાને ઘેર પાળેલી ગાય આદિના દૂધ આદિથી જે પોતાનું પેટ ભરતો નથી તેને 'ભિક્ષોંડ' કહે છે અથવા સુગતના (બુદ્ધના) શાસનને માનનારનું નામ ભિક્ષોંડ છે. ભસ્મના લેપથી જેમનું શરીર શુભ્ર થઈ જાય છે, તેમને 'શુભ્રાંગ' કહે છે. જેઓ બળદને આશ્ચર્યજનક ચાલ શિખવીને અને તેને કોડીઓની માળાઓથી વિભૂષિત કરીને, તેનો અભિનય લોકોને બતાવી બતાવીને ભિક્ષાવૃત્તિ કરે છે તેમને 'ગોતમ' કહે છે. રાજા દિલીપની જેમ ગો વ્રતનું પાલન કરનારને 'ગોવ્રતિક' કહે છે. ગોવ્રતનું પાલન કરનાર પુરુષ ગાયોની પાસે રહીને તેમની સેવા કર્યા કરે છે. જ્યારે ગાયો ગામમાંથી બહાર નીકળે છે ત્યારે ગોવ્રાતક પણ તેમની સાથે જ ગામની બહાર ચાલી નીકળે છે, જ્યારે તે ગાયો નીચે બેસે છે ત્યારે તે ગોવ્રતિક પણ નીચે બેસે છે. જ્યારે તેઓ ઊભી થાય છે ત્યારે તે પણ ઊભો થાય છે, જ્યારે તેઓ ચરતી હોય છે, ત્યારે તે પણ ફલાદિરૂપ ભોજન કરે છે, જ્યારે તેઓ પાણી પીવે છે, ત્યારે તે પણ પાણી પીવે છે. કહ્યું પણ છે, એમ કહીને સૂત્રકારે જે ગાથા આપી છે તે ગાથાનો ઉપર મુજબનો જ અર્થ થાય છે. તે ગાથામાં ગોવ્રતિકનાં લક્ષણો બતાવવામાં આવ્યા છે,

"ગૃહસ્થધર્મ જ શ્રેયસ્કર છે," આ પ્રકારની માન્યતા ધરાવનાર અને તેને અનુરૂપ જ ધર્મનું આચરણ કરનાર જે પુરુષો હોય છે તેમને 'ગૃહિધર્મા' કહે છે. તે લોકોની એવી માન્યતા છે કે "ગૃહસ્થાશ્રમ જેઓ કોઇ ધર્મ થયો .પણ નથી અને થવાનો પણ નથી. જે લોકો ધીર હોય છે તેઓ જ તેનું પાલન કરી શકે છે અને જે લોકો કલીબ (કમજોર) હોય છે તેઓ જ વ્રતોની આરાધના કરે છે. યાજ્ઞવલ્કય આદિ તત્ત્વચિન્તકો દ્વારા રચિત ધર્મસંહિતા આદને આધારે જેઓ ધર્મનો વિચાર કરે છે, અને તેને અનુસાર જ પોતાની દૈનિક પ્રવૃત્તિ ચલાવે છે તેમને "ધર્મચિન્તક" કહે છે.

જેઓ દેવ. નૃપ, માતા. પિતા. અને તિર્યંચાદિનો કોઇપણ પ્રકારનો ભેદભાવ રાખ્યા વિના એક સરખો વિનય કરે છે, તેમને 'અવિરુદ્ધ' (નૈનયિક મિથ્યાદૃષ્ટિ)

કહે છે. જેઓ પાપ, પુણ્ય, પરલોક આદિને માનતા જ નથી એવાં અક્રિયાવાદીને 'વિરુદ્ધ' કહે છે. તેમના આચારવિચાર બધાં ધર્મવાળા કરતાં વિરુદ્ધના જ હોય છે.

શંકા—તે અક્રિયાવાદીઓ જો પાપ પુણ્ય આદિમાં માનતા જ નથી. તો તેઓ ઇન્દ્ર આદિનું ઉપલેપન. પૂજન આદિ શા માટે કરે? કહેવાનું તાત્પર્ય એ છે કે સૂત્રમાં ઇન્દ્રાદિનું ઉપલેપન. પૂજન આદિ કરનારમાં આ અક્રિયાવાદીઓને પણ ગણાવવામાં આવેલ છે. અક્રિયાવાદીઓ આ પ્રકારની ક્રિયાઓ કરે તે કેવી રીતે માની શકાય?

ઉત્તર—ભલે તેઓમાં પુણ્યપ્રાપ્તિની ઇચ્છાથી ઇન્દ્રાદિનું ઉપલેપન, પૂજન આદિ ક્રિયાઓ કરવાની વાત અસંભવિત હોય પરંતુ આજીવિકા ચલાવવાના હેતુથી તેઓમાં પણ ઇન્દ્રાદિકનું ઉપલેપન પૂજન આદિ ક્રિયાઓનો સદ્ભાવ હોઈ શકે છે. તેથી સૂત્રકારે કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યકમાં તેમની જે પરિગણના કરી છે તે નિર્દોષ કથનરૂપ જ સમજવી જોઇએ.

આ સૂત્રમાં 'વૃદ્ધશ્રાવક' આ પદ બ્રાહ્મણના અર્થમાં વપરાયું છે, કારણ કે અહીં પ્રાચીન કાળની અપેક્ષાએ તેમનામાં વૃદ્ધતા પ્રકટ કરવામાં આવી છે. આ કથનનું નીચે પ્રમાણે સ્પષ્ટીકરણ સમજવું-જ્યારે ઋષભદેવ ભગવાન અહીં વિરાજમાન હતા, ત્યારે તેમના જ્યેષ્ઠ પુત્ર ભરત ચક્રવર્તીએ પોતાના શાસનકાળમાં દેવ, ગુરુ અને ધર્મનું સ્વરૂપ સંભળાવવાનો કાળ ઘણો જ પ્રાચીન હોવાની વાત પ્રમાણિત (સિદ્ધ) થઇ જાય છે. ત્યાર બાદ તે લોકો વૈદિક ધર્મના ઉપાસક બની ગયા, અને તે કારણે બ્રાહ્મણ તરીકે ઓળખાવા લાગ્યા આ રીતે પ્રાચીન કાળમાં જેઓ જિનેન્દ્રના ઉપાસકો હતા, પણ પાછળથી વૈદિક ધર્મના ઉપાસક બની ગયા. એના લોકોને અહી "વૃદ્ધશ્રાવક" કહ્યા છે. અહીં 'પ્રભૃતિ' પદનો પ્રયોગ કરીને સૂત્રકારે અહીં પરિવ્રાજક આદિ અન્ય પન્થના લોકોને ગ્રહણ કરવાનું સૂચન કર્યું છે.

"પાષંડ" આ પદ "વ્રત"ના અર્થમાં વપરાયું છે. વ્રતને પાલન કરનારને 'પાષંડસ્થ' કહે છે."**कल्लं पाउप्पभायाए रयणीए जाव तेयसा जलंते**" આ સૂત્રપાઠમાં જે **'जाव (यावत्)'** પદ આવ્યું છે. તેના દ્વારા ૨૧ માં સૂત્રમાં કથિત પ્રાતઃકાળની ત્રણ અવસ્થાઓને તથા સૂર્યના સહસ્રરશ્મિ. દિનકર આદિ વિશેષણોને ગ્રહણ કરવામાં આવેલ છે.

સ્કંધ એટલે કાર્તિકેય. રુદ્ર એટલે મહાદેવ. 'શિવ' આ શબ્દ વ્યન્તરદેવવિશેષને માટે વપરાયો છે. વૈશ્રણવ એટલે કુબેર નામનો લોકપાલ દસ પ્રકારના ભવનપતિ દેવોમાં જે નાગકુમાર દેવો છે તેમને અહીં "નાગ" કહેવામાં આવેલ છે. યક્ષ અને ભૂત. આ બન્ને વ્યન્તર નિકાયના દેવો છે. "મુકુંદ" એટલે નારાયણ (વિષ્ણુ ભગવાન), 'દુર્ગા" આ નામની એક દેવી છે. તે સિંહ પર સવારી કરે છે. મહિષાસુરને મારનારી આ દેવીની એવી મૂર્તિ બનાવવામાં આવે છે કે જેનો એક ચરણ મહિષાસુર પર અને બીજો સિંહ પર રહેલો હોય છે. "કોટ્ટકિરિયા" આ નામની પણ એક દેવી હોય છે. જેણે મહિષાસુરનો ધ્વંસ કર્યો હતો.

હવે ઉપલેપન આદિ પદોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે-ઉપર્યુકત દેવ-દેવીઓની મૂર્તિ પર માખણ આદિનું ઉપટન (લેપન) કરવું તેનું નામ ઉપલેપન છે. વસ્ત્રના કકડા વડે તેમની મૂર્તિઓને લૂછવી અથવા ઝાપટવી તેનું નામ સંમાર્જન છે. દૂધ અને ગન્ધોદક (સુગન્ધયુકત જળ) આદિ વડે તેમની મૂર્તિઓને નવરાવવી તેનું નામ 'સ્નપન' છે.

આ સઘળા કથનનો ભાવાર્થ એ છે કે ચરક. ચીરિક આદિ ઉપર્યુકત પાષંડસ્થો (પાખંડીઓ) પ્રાતઃકાળ આદિ સમયે ઇન્દ્રાદિકોની પ્રતિમાઓનું ઉપલેપન આદિ

આવશ્યક કૃત્યો કરે છે. તે બધાં કૃત્યોને કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યક કહેવામાં આવે છે. તે ઉપલેપન આદિ ક્રિયાઓમાં મોક્ષના કારણભૂત ભાવાવશ્યકની અપેક્ષાએ અપ્રધાનતા હોવાથી દ્રવ્યત્વનો સદ્ભાવ સમજવો જોઇએ. અને આગમના સર્વથા અભાવની અપેક્ષાએ "નો આગમતા" સમજવી જોઇએ. આ પ્રકારે કુપ્રાવચનિક દ્રવ્યાવશ્યકનું આ સ્વરૂપ અહીં પ્રતિપાદિત કરવામાં આવ્યું છે. ભાવાર્થ સ્પષ્ટ છે.સૂ.૨૧।

તદ્વ્યતિરિક્ત દ્રવ્યાવશ્યકના લોકોત્તરિક દ્રવ્યાવશ્યક નામના ત્રીજા ભેદનું સ્વરૂપ હવે સૂત્રકાર પ્રકટ કરે છે—**"से किं तं लोगुत्तरियं"** ઇત્યાદિ—

ज्ञायकशरीर भव्यशरीर व्यतिरिक्त लोकोत्तरीय द्रव्यावश्यक का निरुपण

શબ્દાર્થ—(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે—(तं लोगुत्तरियं दव्वावस्सयं किं ?) હે ભદન્ત! પૂર્વપ્રસ્તુત લોકોત્તરિક દ્રવ્યાવશ્યકનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(तं लोगुत्तरियं दव्वावस्सयं) લોકોત્તરિક દ્રવ્યાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ છે.

(जे इमे समणगुणमुक्कजोगी छक्काय निरणुकंपा हयाइव उद्दामा) શ્રમણના મુળગુણો અને ઉત્તરગુણોમાંથી જેમનો વ્યાપાર (પ્રવૃત્તિ) પરિત્યકત થઇ ચુકી છે-એટલે કે મુલોત્તરગુણોમાં જેમને બિલકુલ આસ્થા નથી પણ ઉપેક્ષા જ છે-એટલે કે જેઓ શ્રમણના મૂળગુણોથી અને ઉત્તરગુણોથી રહિત છે. તથા છકાયના જીવો પ્રત્યે જેમના અંતઃકરણમાં દયા નથી. અને તે કારણે ઉદ્દંમ અશ્વની જેમ જેમની પ્રવૃત્તિ ચાલી રહી છે. એટલે કે જેવી રીતે અશ્વ જમીન પર ચરણ મુકતી વખતે જીવોપમર્દનની પૈરવી કર્યા વિના દ્રુતગતિથી ચાલ્યા કરે છે. એજ પ્રમાણે જેઓ ઇર્યાસમિતિથી વિહીન હોવાને કારણે જીવોપમર્દનની પરવા કર્યા વિના શીઘ્રગતિથી ચાલ્યા કરતાં હોય છે (તાચારી હોય છે). **(गयाइव निरंकुसा)** જેઓ મદોન્મત્ત હાથીના જેવાં નિરંકુશ હોય છે-જેમ મદોન્મત્ત હાથી તેના મહાવતની આજ્ઞા પ્રમાણે ચાલતો નથી એજ પ્રમાણે જેઓ ગુરુની આજ્ઞાને માનતા નથી. **(घट्ठा)** ફ્રેન (એક પ્રકારનો સ્નિગ્ધ પદાર્થ) આદિ વડે જેમણે જાંઘ આદિ અવયવોને મુલાયમ બનાવ્યાં છે. **(मट्ठा** તેલ આદિ સ્નિગ્ધ પદાર્થ વડે જેઓ પોતાના વાળનો સંસ્કાર કરે છે. અને જેઓ જળથી શરીરને વારંવાર ધોયા કરે છે. ધોયાં કરે છે, **(तुप्पोट्ठा)** ઠંડીને કારણે ફાટી ગયેલા હોઠની રૂક્ષતા દૂર કરવાને માટે જેઓ માખણ, સ્નો, વેસેલીન આદિ સ્નિગ્ધ પદાર્થોનું તેના પર માલિશ કરે છે, એટલે કે જેઓ સ્નો આદિના માલિશ વડે પોતાના હોઠોને મુલાયમ રાખવાનો

પ્રયત્ન કરતા રહે છે, (पंडुरपडपाउरणा) જેઓ મલપરીષહનું સહન કરવામાં અસમર્થ હોવાને કારણે પોતાના પહેરવા ઓઢવાના વસ્ત્રોને ધોવામાં આસકત રહે છે. (जिणाणमणाणाए) જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાની પરવા કર્યા વિના જેઓ (सच्छंदं विहरिऊणं) પોતાની ઇચ્છા અનુસારની વિવિધ ક્રિયાઓ કરીને (उभओकालं) પ્રાતઃકાળ અને સાયંકાળ, આ બન્ને સમયે (आवस्सयस्स उवट्ठंति) પ્રતિક્રમણ કરવાને તૈયાર થાય છે, (से तं लोउत्तरियं दव्वावस्सयं) તો તેમની તે આવશ્યક ક્રિયારૂપ પ્રતિક્રમણ લોકોત્તરિક દ્રવ્યાવશ્યકરૂપ ગણાય છે. (से तं जाणयसरीर भविय सरीरवइरित्तं दव्वावस्सयं) જ્ઞાયકશરીર અને ભવ્યશરીર, આ બન્નેથી ભિન્ન એવા દ્રવ્યાવશ્યકના લોકોત્તરિક દ્રવ્યાવશ્યક નામના ત્રીજા ભેદનું આ પ્રકારનું સ્વરૂપ સમજવું. આ ક્રિયાઓમાં ભાવશૂન્યતા હોવાને કારણે તેમનું કોઇ વાસ્તવિક ફલ પ્રાપ્ત થતું નથી, પરન્તુ ઉલ્ટો સંસાર જ વધે છે. તેથી આ પ્રકારના દ્રવ્યલિંગી સાધુઓ દ્વારા કરવામાં આવેલું આવશ્યકકર્મ અપ્રધાન હોવાને કારણે દ્રવ્યાવશ્યકરૂપ માનવામાં આવ્યું છે, એમ સમજવું. અહીં "नो आगम" પદમાં વપરાયેલો "नो" શબ્દ એક દેશ પ્રતિષેધ (નિષેધ)ના અર્થમાં પ્રયુકત થયો છે, એટલે કે પ્રતિક્રમણ ક્રિયારૂપ એક દેશમાં આગમરૂપતા હોતી નથી, પરન્તુ પ્રતિક્રમણરૂપ આવશ્યના જ્ઞાનનો સદ્ભાવ હોવાથી ત્યાં આગમનો પણ એકદેશની અપેક્ષાએ સદ્ભાવ હોય છે. આ રીતે 'નો' પદ અહીં એક દેશરૂપ આવશ્યક ક્રિયામાં આગમનો પ્રતિષેધ (નિષેધ) કરે છે, અને એ વાત પ્રકટ કરે છે કે ત્યાં આગમ કેવળ એક દેશતઃ વર્તમાન છે. આ પ્રમાણે "નો" શબ્દમાં દેશ પ્રતિષેધ વચનતા સમજવી જોઇએ. લોકોત્તરિક દ્રવ્યાવશ્યકનું પ્રતિપાદન કરવાને માટે હવે નીચેનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે–

પ્રાચીન કાળમાં વસન્તપુર નામના નગરમાં અગીતાર્થ સાધુઓનો એક સંઘ વિહાર કરતો કરતો આવી પહોંચ્યો. તે સંઘમાં સાધુઓના ગુણોથી રહિત, પણ સંવિગ્નાભાસી (ઉપર ઉપરથી વૈરાગ્ય ભાવ દેખાડનારો) એવો એક સાધુ હતો. તે હંમેશા પુરઃકર્માદિ દોષોથી યુકત અનેષણીય (અકલ્પ્ય) આહાર વહોરી લાવતો હતો, અને પ્રતિક્રમણ કરતી વખતે ઘણા જ સંવેગભાવ પૂર્વક પોતાના દોષોની આલોચના કરતો હતો. તે ગચ્છના આચાર્ય કે જેઓ અગીતાર્થ હતા, તેઓ આ સંવિગ્નાભાસી સાધુને પ્રાયશ્ચિત્ત દેતી વખતે સાધુઓની પાસે તેની આ પ્રમાણે પ્રશંસા કર્યા કરતાં હતાં-"હે સાધુઓ ! જુઓ, આ સાધુ કેટલો ભલો છે કે તેનો એક પણ દોષ છુપાવતો નથી, અને પોતાના સઘળા દોષોને સરલભાવે પ્રકટ કરી દે છે. દોષોનું સેવન તો થઇ જાય છે, પરન્તુ તેમની આલોચના કરવાનું કામ ઘણું જ કઠણ છે. કોઇ પણ પ્રકારના માયાચાર વિના પોતાના દોષોની આલોચના કરવાને લીધે તે શુદ્ધ થઇ જાય છે." આચાર્ય દ્વારા તેની આ પ્રમાણે પ્રશંસા થતી જોઇને સંઘના અગીતાર્થ અન્ય શ્રમણો પણ તેની પ્રશંસા કરવા મંડી જતા. તે સંઘના સાધુઓમાં આ પ્રકારની ખોટી માન્યતા વ્યાપી ગઇ કે ગુરુની સમીપે માત્ર આલોચના કરવાથી જ દોષોની શુદ્ધિ થઇ જતી હોય, તો વારંવાર દોષોનું સેવન કરવામાં પણ કોઇ હાનિ નથી. આ પ્રકારની તેમની પ્રવૃત્તિ કેટલાક સમય સુધી ચાલુ જ રહી. એવામાં કોઇ એક સંવિગ્ન (ક્રિયાપાત્ર) ગીતાર્થ સાધુ ગામ નગર આદિનો વિહાર કરતો કરતો તે વસન્તપુર નગરમાં આવી પહોંચ્યા. જ્યારે તેણે તે અગી-

તાર્થસંઘના તે સંવિગ્નાભાસી સાધુની તે પ્રકારની દુરાચારની પ્રવૃત્તિ દેખી, ત્યારે તેનાથી તે સહન થઈ શકી નહીં. તેણે તે અગીતાર્થ સંઘાચાર્યની પાસે જઈને તેમને આ પ્રમાણે કહ્યું–"આપ આ શઠ સાધુની જે પ્રશંસા કરો છો તે અગ્નિ-ભક્તની પ્રશંસા કરનારા એક રાજાના કાર્ય જેવું કાર્ય છે. ત્યારે તે સંઘાચાર્યે તેમને પૂછ્યું–"અગ્નિભક્તની શી કથા છે?

ત્યારે તે સંવિગ્ન ગીતાર્થ સાધુએ તેમને નીચે પ્રમાણે કથા કહી-ગિરિનગરમાં એક અગ્નિભક્ત વણિક રહેતો હતો. તે અગ્નિદેવને ખુશ કરવા માટે પ્રતિવર્ષ પદ્મરાગ રત્નોને ઘરમાં ભરીને તેને આગ લગાડતો હતો. તેના આ અવિવેકપૂર્ણ કાર્યની ત્યાંનો રાજા અને નગરવાસીઓ ખૂબ પ્રશંસા કરતા હતા. તેઓ એક બીજાને કહેતાં–"જુઓ તેને અગ્નિદેવ પ્રત્યે કેટલી બધી શ્રદ્ધા છે! તે શ્રદ્ધાને કારણે તો તે પ્રતિવર્ષ પદ્મરાગ મણિઓથી અગ્નિને સંતૃપ્ત કરે છે." હવે એક દિવસે એવું બન્યું કે જ્યારે તે વણિકે ઘરમાં પદ્મરાગમણિઓ ભરીને ઘરને આગ લગાડી ત્યારે અચાનક આંધી ચડવાને કારણે તે આગ ચોમેર પ્રસરી ગઈ અને તેને કાબૂમાં લેવાનું કાર્ય મુશ્કેલ બની ગયું. તે આગની જ્વાળાઓમાં રાજમહેલ સહિત આખું નગર ભસ્મીભૂત થઈ ગયું. જ્યારે રાજાએ આ પરિસ્થિતિના કારણનો શાંત ચિત્તે વિચાર કર્યો ત્યારે તેને પોતાની અજ્ઞાનતાને માટે પશ્ચાત્તાપ થયો. તેણે તે વણિકને સજા ફરમાવીને પોતાના નગરમાંથી હાંકી કાઢયો. તે રાજાની જેમ આપ અવિધિમાં–પાપાચારમાં પ્રવૃત્ત થયેલા આ શઠ સાધુની જે પ્રશંસા કરો છો, તે આપનો અને સંઘનો વિનાશ કરનારી નિવડશે. જો આપ આ સંઘમાંથી એવા એક સાધુને પણ શિક્ષા કરીને હાંકી કાઢશો. તો આપનું તે કાર્ય એક બીજા રાજાના કાર્યની જેમ સ્વ અને પરનું કલ્યાણ કરનારું થઈ પડશે. હવે તે સંવિગ્ન ગીતાર્થ સાધુ તે રાજાની કથા તે આચાર્યને કહી સંભળાવે છે

કોઇ એક રાજાના નગરમાં ઉપર્યુક્ત અગ્નિભક્ત વણિક જેવો એક વણિક રહેતો હતો. તે પણ અગ્નિદેવને તૃપ્ત કરવા નિમિત્તે પ્રતિવર્ષ પોતાના ઘરમાં પદ્મ-રાગમણિઓ ભરીને ઘરને આગ લગાડી દેતો હતો જ્યારે રાજાને તેની આ વાતની ખબર પડી ત્યારે તેણે તે વણિકને પોતાની પાસે બોલાવીને આ પ્રમાણે ચેતવણી આપી–જો પદ્મરાગ મણિઓ ઘરમાં ભરીને તેને આગ લગાડીને તમે અગ્નિદેવને સંતૃપ્ત કરવાનું આવશ્યક માનતા હો. તો તમારે નગરમાં રહીને એવું કાર્ય કરવું જોઇએ નહીં. જંગલમાં જઈને તમે તે કામ કરી શકો છો. નગરમાં રહીને તમે તમારી આ પ્રવૃત્તિ ચાલુ રાખશો તો તમારી આ દુષ્પ્રવૃત્તિને કારણે કોઇ વાર આખા નગરને ભસ્મીભૂત કરી નાખશો. માટે કાં તો તમારી આ દુષ્પ્રવૃત્તિ બંધ કરી દો નહીં તો ગામ છોડીને જતા રહો" આ પ્રમાણે ધમકાવીને રાજાએ તેને પોતાના નગરમાંથી હાંકી કાઢયો. આપે પણ સંઘના કલ્યાણને ખાતર તે શઠ સાધુને સંઘ-માંથી હાંકી કાઢવો જોઇએ. આ પ્રમાણે તે સંવિગ્નગીતાર્થ સાધુએ તે ગચ્છાચાર્યને ખૂબખૂબ સમજાવ્યા, છતાં પણ જ્યારે તેમણે તેની વાતને ન સ્વીકારી ત્યારે તે સંવિગ્નગીતાર્થ સાધુએ તે સંઘના અન્ય સાધુઓને આ પ્રમાણે કહ્યું–"આ ગચ્છ-અધિપતિ અસંવિગ્ન (ક્રિયાહીન) અને અગીતાર્થ છે. જો આપ તેમનાથી જુદા નહીં પડો તો આપનું અકલ્યાણ થશે. આપનો સંસાર અલ્પ થવાને બદલે દીર્ઘ થતો જશે."

આ પ્રકારના દ્રવ્યલિંગી સાધુઓની (માત્ર વેષની અપેક્ષાએ જ સાધુ દેખાતા હોય પણ સાધુના આચારોથી રહિત હોય એવા સાધુને દ્રવ્યલિંગી કહે છે) જે

કોઇ આવશ્યક ક્રિયાઓ હોય છે. તે લોકોત્તરિક દ્રવ્યાવશ્યક રૂપજ ગણાય છે. **(से तं नो आगमओ दव्वावस्सयं)** આ રીતે અહીં સુધીમાં પૂર્વપ્રસ્તુત "નો આગમ દ્રવ્યાવશ્યકનું" કથન કરવામાં આવ્યું છે. એમ સમજવું. કહેવાનું તાત્પર્ય એ છે કે નોઆગમની અપેક્ષાએ દ્રવ્યાવશ્યકના જે ભેદ-પ્રભેદો પડે છે. તેમનું વર્ણન અહીં પૂરું થાય છે. ॥સૂ૦ ૨૨॥

હવે સૂત્રકાર ભાવાવશ્યકના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं भावावस्सयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(से)** શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે—**(तं भावावस्सयं किं)** હે ભગવન્! ભાવાવશ્યકનું સ્વરૂપ કેવું કહ્યું છે ?

ભાવાવશ્યક કા નિરુપણ

ઉત્તર–**(भावावस्सयं दुविहं पण्णत्तं)** ભાવાવશ્યકના બે પ્રકાર છે **(तंजहा)** તે પ્રકારો નીચે પ્રમાણે કહ્યા **(आगमो य नोआगमो य)** (૧) આગમની અપેક્ષાએ ભાવાવશ્યક અને (૨) નો આગમની અપેક્ષાએ ભાવાવશ્યક.

વિવક્ષિત ક્રિયાના અનુભવથી યુકત જે સાધુ આદિ રૂપ પદાર્થ છે, તેનું નામ ભાવ છે. અહીં ભાવ અને ભાવવાનમા અભેદોપચારની અપેક્ષાએ આ પ્રમાણે કહેવામાં આ૦ છે. તેથી વિવક્ષિત ક્રિયાના અનુભવથી યુકત અર્થને 'ભાવ' કહેવામાં આવ્યો છે. જેમ કે ઐશ્વર્ય રૂપ ઇન્દન ક્રિયાના અનુભવથી ઇન્દ્રને ભાવરૂપ કહેવામાં આવે છે. ભાવરૂપ આવશ્યકનું નામ ભાવાવશ્યક છે. અથવા વિવક્ષિત ક્રિયાના અનુભવન અપેક્ષાએ જે આવશ્યક હોય છે, તેનું નામ ભાવાવશ્યક છે. ॥ સૂ૦ ૨૩ ॥

હવે સૂત્રકાર ભાવાવશ્યકના પ્રથમ ભેદ રૂપ જે "આગમની અપેક્ષાએ ભાવાવશ્યક" છે, તેના સ્વરૂપનું કથન કરે છે—

से किं तं आगमओ भावावस्सयं" ઇત્યાદિ—

શબ્દાર્થ–હે ભગવન્! આગમને આશ્રિત કરીને (આગમની અપેક્ષાએ) ભાવ આવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-**(आगमओ भावावस्सयं जाणय उवउत्ते)** આવશ્યક સૂત્રના અર્થને જાણનારો અને તેમાં ઉપયોગ યુકત બનેલો સાધુ કે જેનાં પરિણામો સંયોગને લીધે વિશુદ્ધ બની રહ્યા હોય છે, તે આગમની અપેક્ષાએ ભાવાવશ્યક હોય છે, કારણ કે એવા સાધુમાં આવશ્યક સૂત્રના અર્થજ્ઞાન રૂપ આગમનો સદ્ભાવ થઇ રહ્યો હોય છે. જો કે આવશ્યકના અર્થજ્ઞાનથી જનિત જે ઉપયોગ છે તેનું નામ ભાવ છે, અને તે ભાવને આશ્રિત કરીને જે આવશ્યક છે, તેનું નામ ભાવાવશ્યક છે, આ પ્રકારની વ્યુત્પત્તિ અનુસાર આ શ્યક અર્થના જ્ઞાતાનું આવશ્યકમાં ઉપયોગયુકત બનેલું પરિણામ (મનોવૃત્તિ) આગમની અપેક્ષાએ ભાવાવશ્યક રૂપ પ્રતિપાદિત થાય છે, છતાં પણ જે સાધુ આદિને ભાવાવશ્યક રૂપ કહેવામાં આવેલ છે તે આ પ્રકારના પરિણામથી યુકત હોવાને કારણે ઔપચારિક રીતે કહેવામાં આવ્યું છે, એમ સમજવું.

આવશ્યકમાં જે આ ઉપયોગ પરિણામ રૂપ ભાવાવશ્યક છે તે ધર્મ પદવાચ્ય છે, કારણ કે તે શ્રુતધર્મની અંદર સમાવિષ્ટ થઇ જાય છે. તેની જ માન્યતાના વિષયમાં જિનેન્દ્ર ભગવાનની આજ્ઞાનો સદ્‌ભાવ છે આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–

કદાચ કોઇને એવી શંકા થાય કે નામ આવશ્યક સ્થાપના આવશ્યક અને દ્રવ્યાવશ્યક, તે ત્રણે આવશ્યકો આરાધના કરવા યોગ્ય છે, એવી જિનેંદ્ર ભગવાનની આજ્ઞા જ નથી. કારણ કે તેમનામાં ઉપગનો અભાવ છે, અને ચારિત્રગુણ વિહીનતા રહેલી છે તેથી તેઓ કર્મની નિર્જરાના સાધક થતા નથી. અને એજ કારણે તેઓ ધર્મ પદવાચ્ય પણ હોતા નથી. પરન્તુ સામાયિક આદિ રૂપ લોકોત્તર દ્રવ્યાવશ્યક, કે જે પ્રવચનોકત છે–આગમ સંમત છે, તે તો ધર્મ પદવાચ્ય હોવા જ જોઇએ.

તો તે પ્રકારની શંકાનું સમાધાન આ પ્રમાણે સમજવું સામાયિક આદિ ક્રિયાઓ આગમસંમત અવશ્ય છે. પરન્તુ જિનાજ્ઞાના પરિપાલનથી જેઓ વિહીન બનેલા છે એવા દ્રવ્યલિંગી (સાધુ વેષધારી) સાધુઓ દ્વારા કરવામાં આવતી તે સામાયિક આદિ ક્રિયાઓ ધર્મ પદવાચ્ય હોઇ શકતી નથી. કારણ કે એવા સાધુઓ તો સ્વચ્છંદ વિહારી હોય છે, મૂલગુણ અને ઉત્તર ગુણોથી તેઓ રહિત હોય છે, છકાયના જીવોની રક્ષા કરવા રૂપ અનુકંપા ભાવનો તેમનામાં સદંતર અભાવ હોય છે, એવા સાધુઓ તો અનુપયોગ પૂર્વક, પોતાની રુચિ પ્રમાણે ફાવે એવી રીતે તે સામાયિક આદિ ક્રિયાઓ કરતા હોય છે. તે કારણે તેમની તે ક્રિયાઓ ધર્મ પદવાચ્ય (ધર્મ કહ્યા શકાય એવી) હોતી નથી. તેથી એ લોકોત્તરિક દ્રવ્યાવશ્યકમાં પણ નિર્જરાજનકત્વનો અભાવ હોવાથી જિન ભગવાને તેમને આરાધના કરવા યોગ્ય કહી નથી. આ પ્રકારે આ સૂત્ર દ્વારા આગમ ભાવાવશ્યકનું સ્વરૂપ પ્રગટ કરવામાં આવ્યું છે.

ભાવાર્થ–સૂત્રકારે એ વાત તો આગળ પ્રકટ કરી દીધી જ છે કે વિવક્ષિત ક્રિયાના અનુભવથી યુકત અર્થનું નામ ભાવ છે. એટલે કે જે સાધુ આવશ્યક શાસ્ત્રનો જ્ઞાતા છે અને તેમાં ઉપયુકત (ઉપયોગ પરિણામથી યુકત) છે, એવા સાધુ આદિ રૂપ અર્થને ભાવાવશ્યક કહે છે. આ ભાવાવશ્યકના બે ભેદ બતાવ્યા છે (૧) આગમ ભાવાવશ્યક અને (૨) નોઆગમ ભાવાવશ્યક.

આગમ ભાવાવશ્યકમાં જ્ઞાતાના ઉપયોગ રૂપ પરિણામને આગમ રૂપ માનવામાં આવેલ છે. તેથી તે પરિણામ આગમની અપેક્ષાએ ભાવાવશ્યક રૂપ હોવાથી તેને આગમ ભાવાવશ્યક કહેવામાં આવ્યું છે. સાધ્વાદિકો કે જેઓ આવશ્યક શાસ્ત્રના જ્ઞાતા હોવાની સાથે સાથે તેમાં ઉપયુકત બનેલા તેમને જ જે આગમ ભાવાવશ્યક કહેવામાં આવે છે તે આ પરિણામની અભેદ વિવક્ષાની અપેક્ષાએ કહેવામાં આવે છે. આ આગમ ભાવાવશ્યક જ ધર્મ પદવાચ્ય હોવાથી જિનેશ્વર ભગવાને તેને ઉપાદેય કહેલ છે–

નામાવશ્યક, સ્થાપના આવશ્યક અને દ્રવ્યાવશ્યકને ઉપાદેય કહ્યા નથી. કારણ કે આવશ્યક નામધારી ગોપાલબાળોમાં, આવશ્યકની સ્થાપનાવાળા કોઇ શ્રાવક આદિના આવશ્યક ક્રિયા સંપન્ન ચિત્રમાં, તથા આવશ્યક ક્રિયામાં ઉપયોગ શૂન્ય (અનુપયુકત) બનેલા નોઆગમ દ્રવ્યાવશ્યક રૂપ સામાયિક આદિમાં ઉપયોગની શૂન્યતા અને ચારિત્રગુણની રહિતતાને લીધે કર્મની નિર્જરા કરવાનું સમર્થ્ય હોતું નથી. તેથી તેમને ધર્મ પદવાચ્ય કહી શકાય નહીં, અને એજ કારણે તેમને ઉપાદેય પણ ગણી શકાય નહીં. ॥ સૂ૦ ૨૪ ॥

ભાવાવશ્યકનો જે 'નો આગમ ભાવાવશ્યક' નામનો બીજો ભેદ છે તેનું સૂત્રકાર હવે નિરૂપણ કરે છે—"**से किं तं नो आगमओ**" ઇત્યાદિ—

શબ્દાર્થ— (**से**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે કે હે ભગવન્! નો આગમની અપેક્ષાએ જે ભાવાવશ્યક કહ્યો છે તે ભાવાવશ્યકનું એટલે કે નો આગમ ભાવાવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(**नोआगमओ भावावस्सयं तिविहं पण्णत्तं**) નોઆગમને આશ્રિત કરીને ભાવાવશ્યકના ત્રણ પ્રકાર કહ્યા છે. (**तंजहा**) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે-

(**लोइयं**) (૧) લૌકિક (**कुप्पावयणियं**) (૨) કુપ્રાવચનિક અને (૩) **लोगु-) त्तरियं**) લોકોત્તરિક આ પદોની વ્યાખ્યા દ્રવ્યાવશ્યકની જેવી જ સમજવી જોઇએ, પરન્તુ તે વ્યાખ્યામાં દ્રવ્યાવશ્યકની જગ્યાએ 'ભાવાવશ્યક' પદનો ઉપયોગ કરવો જોઇએ ॥ સૂ. ૨૫ ॥

હવે સૂત્રકાર લૌકિક ભાવાવશ્યકનું નિરૂપણ કરે છે—

"से किं तं लोइयं" ઇત્યાદિ—

શબ્દાર્થ-શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! પૂર્વપ્રસ્તુત લૌકિક ભાવાવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(**लोइयं भावावस्सयं पुव्वण्हे भारहं अवरण्हे रामायणं**) લૌકિક ભાવાવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનું છે-પૂર્વાહ્ન (દિવસના આગલા ભાગમાં) મહાભારતને વાંચવું અથવા શ્રવણ કરવું અને અપરાહ્ણને (દિવસના પાછલા ભાગમાં) રામાયણને વાંચવું અથવા શ્રવણ કરવું, તે અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક રૂપ ગણાય છે. લોકોમાં મહાભારતનું વાંચન અથવા શ્રવણ કરવાનું કાર્ય પૂર્વાહ્નમાં કરવા યોગ્ય ગણાય છે અને રામાયણનું વાંચન અથવા શ્રવણ કરવાનું કાર્ય અપરાહ્નમાં કરવા યોગ્ય મનાય છે. તેના કરતાં વિપરીત ક્રમે તે કરવાથી દોષને પાત્ર થવું પડે છે. આ રીતે આ કાર્ય અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક રૂપ છે, તથા તેના શ્રોતા અને વાચનકર્તાના તેના અર્થમાં ઉપયોગ રૂપ પરિણામના સદ્ભાવને લીધે તેમાં ભાવરૂપતા પણ હોય છે. વાચનકર્તા તે વખતે ભાષણ કરવાની ક્રિયાથી, પુસ્તકના પાનાંઓ ફેરવવાની ક્રિયાથી યુક્ત હોય છે, તથા શ્રોતાઓ તે શ્રવણ કરવા રૂપ ક્રિયાથી, શરીરને સંયત કરવા રૂપ ક્રિયાથી અને બન્ને હાથોને જોડી રાખવા રૂપ ક્રિયાથી યુક્ત હોય છે. આ પ્રકારની વક્તા અને શ્રોતાની તે ક્રિયાઓમાં આગમતાનો સદ્ભાવ હોતો નથી કારણ કે "**किरिया आगमो न होइ**" "ક્રિયા આગમરૂપ હોતી નથી," આ પ્રકારનું સિદ્ધાન્તનું કથન છે. આ પ્રકારે ક્રિયા રૂપ દેશમાં આગમતાનો અભાવ હોવાથી તેમાં 'નો આગમતા'નો પણ સદ્ભાવ હોય છે. અહીં "નો" શબ્દ દેશ નિષેધનો (અંશત નિષેધનો) બોધક છે. પરન્તુ લોકમાં મહાભારત આદિ ગ્રંથોમાં આગમતાનો વ્યવહાર થાય છે, તે કારણે તેમનામાં આગમતાનો સદ્ભાવ પણ રહેલો છે. આ રીતે ક્રિયામાં આગમતાનો અભાવ અને મહાભારત આદિમાં આગમતાનો સદ્ભાવ હોવાથી એટલે કે એક પ્રકારે આગમતાનો સદ્ભાવ હોવાથી તેમાં નોઆગમતા (એક દેશની અપેક્ષાએ આગમતા) સિદ્ધ થાય છે. આ પ્રકારે યથા નિર્દિષ્ટ પૂર્વાહ્ન કાળમાં મહાભારત આદિમાં ઉપયુક્ત (ઉપયોગ પરિણામથી યુક્ત) થયેલ વ્યક્તનું જે તેમના વાચન અને શ્રવણ રૂપ

આવશ્યક કર્મ છે, તે વાંચન અને શ્રવણ લૌકિક ભાવાવશ્યક રૂપ હોય છે. (से तं लोइयं भावावस्सयं) આ પ્રકારનું નો આગમ (એકદેશરૂપ આગમતાના સદ્ભાવવાળા) લૌકિક ભાવાવશ્યકનું સ્વરૂપ સમજવું.

હવે સૂત્રકાર નો આગમ ભાવાવશ્યકના બીજા ભેદ રૂપ કુપ્રાવચનિક ભાવાવશ્યકનું નિરૂપણ કરે છે—"से किं तं कुप्पावयणियं" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે (तं) પૂર્વપ્રકાન્ત-પૂર્વપ્રસ્તુત (कुप्पावयणियं भावावस्सयं किं) કુપ્રાવચનિક ભાવાવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(कुप्पावयणियं भावावस्सयं) કુપ્રાવચનિક ભાવાવશ્યકનું સ્વરૂપ આ પ્રકારનું છે-(जे इमे चरगचीरिग जाव पासंडत्था) જે ચરક, ચીરિક આદિ પૂર્વોકિત પાષંડસ્થી (પાખંડી) મનુષ્યો ઉપયુક્ત (ઉપયોગ રૂપ પરિણામ સંપન્ન) થઈને અવસરને ચતુરૂપ (इज्जं जन्नि होमजप दुरुक्तनमोक्कारमाइयाइं) યજ્ઞ કરે છે, સૂર્યને જલાંજલિ અર્પણ કરે છે. નિત્ય હોમહવન કરે છે, ગાયત્રીનો જાપ કરે છે, અગ્નિમાં ધૂપ નાખીને તેને બાળે છે, તથા વંદના આદિ ક્રિયાઓ કરે છે, તે બધી ક્રિયાઓ ભાવાવશ્યક રૂપ ગણાય છે. આ સઘળી ક્રિયાઓ તે ચરક, ચીરિક આદિ પૂર્વોકિત લોકો દ્વારા અવશ્ય કરવા યોગ્ય હોવાને કારણે આવશ્યક રૂપ ગણાય છે. વળી તે ક્રિયાઓમાં તેમના ઉપયોગ પરિણામનો પણ સદ્ભાવ રહે છે. અને શ્રદ્ધાદિ ભાવો પણ જાગૃત રહે છે. આ કારણે તે ક્રિયાઓને ભાવાવશ્યક રૂપ કહેવામાં આવી છે. તથા તે વખતે તેમના કર અને શિરના સંયોજન આદિ રૂપ જે વ્યવહાર અથવા ક્રિયાઓ થાય છે, તે ક્રિયારૂપ વ્યવહાર આગમ રૂપ નથી પણ નો આગમ રૂપ જ છે; કારણ કે આ ક્રિયાઓ આગમમાન્ય ક્રિયાઓ ન હી. આ રીતે દેશિક આગમના અભાવની અપેક્ષાએ છે ક્રિયાઓમાં નો આગમતાનો સદ્ભાવ હોય છે એમ સમજવું. "નો આગમતા" એટલે એકદેશની અપેક્ષાએ આગમતા. તેથી ચરક, ચીરિક આદિ પૂર્વોકિત પાષંડસ્થ પુરુષો દ્વારા કરવામાં આવેલી યજ્ઞ, અંજલિ દ્વારા અભિષેક, હોમ આદિ રૂપ એકદેશરૂપ ક્રિયાઓના જ્ઞાનમાં તો આગમતાનો સદ્ભાવ છે. તે દૃષ્ટિએ વિચારતા તે ક્રિયાઓ કુપ્રાવચનિક ભાવાવશ્યક રૂપ ગણાય છે. કુપ્રાવચનિક ભાવાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ સમજવું.

ભાવાર્થ-"નો આગમ" આ પદ સર્વથા આગમાભાવતા દર્શાવતું નથી, પણ એકદેશતઃ આગમનો સદ્ભાવ બતાવે છે. ચરક, ચીરિક આદિ પાખંડી લોકોને માટે યજ્ઞાદિ ક્રિયાઓ તેમના સિદ્ધાન્તાનુસાર અવશ્ય કરણીય ગણાય છે. તેઓ તે ક્રિયાઓ ઉપયોગપૂર્વક કરે છે. તેમાં તેમને અતૂટ શ્રદ્ધા હોય છે. આ રીતે આ ક્રિયાઓ ભાવાવશ્યક રૂપ ગણાય છે, અને તેમની આ બધી ક્રિયાઓ જ્ઞાનમૂલક જ હોય છે. તેથી તે ક્રિયાઓના જ્ઞાનમાં તો આગમનો સદ્ભાવ રહે છે જ પરન્તુ એ સિવાયની હસ્તશિરના સંયોજન આદિ રૂપ જ ક્રિયાઓ છે તેમાં આગમરૂપતા હોતી

નથી. આ રીતે આગમના એકદેશતઃ અસ્તિત્વની અપેક્ષાએ ચરક, ચીરિક આદિ દ્વારા કૃત હોમ, હવન, યજ્ઞ આદિ ક્રિયાઓ કુપ્રાવચનિક ભાવાવશ્યક રૂપ હોયછે. સૂ. ૨૭

હવે સૂત્રકાર લોકોત્તરિક ભાવાવશ્યક નામના નોઆગમ ભાવાવશ્યકના ત્રીજા ભેદનું નિરૂપણ કરે છે. "**से किं तं लोगुत्तरियं**" ઇત્યાદિ—

શબ્દાર્થ–(**से**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે પૂર્વપ્રસ્તુત લોકોત્તરિક ભાવાવશ્યકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(**लोगुत्तरियं भावावस्सयं**) લોકોત્તરિક ભાવાવશ્યકનું આ પ્રકારનું સ્વરૂપ હોય છે-

(**जण्णं इमे समणे वा समणी वा सावओ वा साविआ वा**) આ શ્રમણ, શ્રમણી (સાધ્વી), શ્રાવક અને શ્રાવિકાઓ (**तच्चित्ते**) આવશ્યકમાં ચિત્ત લગાવીને, (**तम्मणे**) મન લગાવીને (**तल्लेस्से**) શુભ પરિણામરૂપ લેશ્યા સંપન્નથઈને (**तदज्झवसिए**) ક્રિયાસંપાદન વિષયક અધ્યવસાયથી યુકત થઈને, (**तत्तिव्वज्झवसाणे**) તીવ્ર આત્મપરિણામ યુકત થઈને, (**तदट्ठोवउत्ते**) આવશ્યક અર્થમાં ઉપયુકત (ઉપયોગ રૂપ પરિણામયુકત) થઈને (**तदप्पियकरणे**) તદર્પિત કરણયુકત થઈને (**तब्भावणा भाविए**) તે પ્રકારની ભાવનાથી ભાવિત (સંપન્ન) થઈને (**अण्णत्थकत्थइ मणं अकरेमाणे**) અને અન્ય કોઈ પણ વસ્તુમાં મનને ભમવા દીધા વિના, (**उभओ कालं**) બન્ને સમયે (**आवस्सयं करेंति**) જે આવશ્યક (પ્રતિક્રમણ આદિ અવશ્ય કરવા યોગ્ય ક્રિયાઓ) કરે છે, તેને લોકોત્તરિક ભાવાવશ્યક કહે છે.

હવે આ સૂત્રમાં શ્રમણ આદિ પદોનો ભાવાર્થ સ્પષ્ટ કરવામાં આવે છે–

"**श्राम्यन्ति इति श्रमणाः**" આ વ્યુત્પત્તિ પ્રમાણે "મુકિત પ્રાપ્ત કરવા નિમિત્તે જેઓ તપ તપે છે તેમને શ્રમણ કહે છે જેઓ સાધુઓની સમીપે જિનપ્રણીત સામાચારીનું શ્રવણ કરે છે તેમને શ્રાવક કહે છે. તેઓ શ્રમણોપાસક હોય છે. આવશ્યક ક્રિયામાં સામાન્ય રૂપે ઉપયોગ યુકત હોય એવા શ્રમણ આદિને અહીં "**तच्चित्ते**" આ પદના વાચ્યાર્થ રૂપે પ્રયુકત થયેલા સમજવા. જેઓ વિશેષ રૂપે આવશ્યક ક્રિયાઓમાં ઉપયોગ યુકત થયેલા છે એવાં શ્રમણોને અહીં "**तम्मणे**" આ પદના વાચ્યાર્થ રૂપે પ્રયુકત થયેલા સમજવા.

'આ આવશ્યક આશ્રયણીય છે,' આ પ્રકારની વિચાર ધારાથી જેમનું આત્મપરિણામ આરંભકાળથી જ યુકત રહે છે, અને ક્રમે ક્રમે જેમનું આ પ્રકારનું આત્મપરિણામ વૃદ્ધિ પામતું રહે છે, એવાં શ્રમણાદિને અહીં "**तत्तिव्वज्झवसाणे**" આ પદના વાચ્યાર્થ રૂપ સમજવા. આવશ્યક ક્રિયામાં જેમના પરિણામ શુભ છે એવાં શ્રમણ આદિને અહીં "**तल्लेस्से**" આ પદના વાચ્યાર્થ રૂપ સમજવા જોઇએ.

"સામાયિક, ૨૪ તિર્થંકરોની સ્તુતિ, વંદન, પ્રતિક્રમણ, કાયોત્સર્ગ ઇત્યાદિ રૂપ જે આવશ્યક છે, તેઓ શાશ્વત, અચલ, અરુજ, અક્ષય, અવ્યાબાધ અને અમન્દ આનંદના સન્દોહરૂપ (સમુદાયરૂપ) શિવ સુખની પ્રાપ્તિ અવશ્ય કરાવી દેનાર છે, અને

તે કારણે તે અવશ્ય ઉપયોગ પૂર્વક પ્રશસ્તતર સંવેગની સાથે, નિર્વેદપૂર્વક આરાધનીય છે," આ પ્રકારના આત્મપરિણામથી જેઓ યુકત હોય છે એવાં શ્રમણ આદિને "तदट्ठोवउत्ते" આ પદના વાચ્યાર્થ રૂપે ગ્રહણ કરવા જોઇએ

આવશ્યક ક્રિયા કરતી વખતે તે ક્રિયાના સાધનભૂત દેહ, રજોહરણ, સદોરક મુહપત્તી આદિ ઉપકરણોને જેમણે યોગ્ય સ્થાને રાખેલાં છે એટલે કે આવશ્યક ક્રિયામાં જેમણે ઉપકરણોને બરાબર વિચાર પૂર્વક ઉચિક સ્થાને સ્થાપિત કરેલાં છે, તે શ્રમણ આદિને અહીં "तदप्पियकरणे" આ પદના વાચ્યાર્થ રૂપ સમજવા જોઇએ.

" આવશ્યક ક્રિયાઓ સમસ્ત કલ્યાણોની જનક છે, તથા અનંત ભવોપાર્જિત કર્મરજનો નાશ કરનારી છે." આ પ્રકારની પ્રતિક્ષણે અનુસ્મરણ રૂપ ભાવનાથી પ્રેરાઇને જેઓ પ્રમાદના ત્યાગ પૂર્વક અને પરમોત્સાહ પૂર્વક આવશ્યક ક્રિયાઓ કરવાને પરાયણ બનેલા છે એવાં શ્રમણ આદિને "तन्भावणाभाविए" આ પદના વાચ્યાર્થ રૂપ સમજવા જોઇએ.

'મન' આ પદ વચન અને કાયનું ઉપલક્ષક છે. આ સઘળા કથનનું તાત્પર્ય એ છે કે જે શ્રમણ, શ્રમણી, શ્રાવક અને શ્રાવિકા "तच्चित्त" આદિ વિશેષણોથી યુકત બનીને બન્ને કાળે પ્રતિક્રમણ આદિ જે આવશ્યકો કરે છે, તે આવશ્યકો નોઆગમની અપેક્ષાએ લોકોત્તરિક ભાવાવશ્યક ગણાય છે. આ ક્રિયાઓ શ્રમણ શ્રમણી શ્રાવક અને શ્રાવિકોને માટે અવશ્ય કરવા યોગ્ય મનાતી હોવાથી તેમને આવશ્યક રૂપ કહી છે. તે આવશ્યક ક્રિયાઓ કરનાર શ્રમણ આદિનું ઉપયોગ પરિણામ તેમાં વિદ્યમાન રહે છે, તે કારણે તેમાં ભાવરૂપતાનો સદ્ભાવ હોય છે. તથા આવશ્યક ક્રિયાઓ સ્વયં આગમ રૂપ નથી, તેથી આવશ્યક ક્રિયા રૂપ એકદેશમાં અનાગમતા અને તેમના જ્ઞાનરૂપ એક દેશમાં આગમતાનો સદ્ભાવ હોવાથી આ આવશ્યક ક્રિયાઓને નોઆગમની અપેક્ષાએ લોકોત્તરિક ભાવાવશ્યક રૂપ સમજવી આ રીતે નોઆગમને આશ્રિત કરીને લોકોત્તરિક ભાવાવશ્યકનું આ સૂત્રમાં પ્રતિપાદક કરવામાં આવ્યું છે. એજ વાતને સૂત્રકારે **'से तं भावावस्सयं"** આ સૂત્રપાઠ દ્વારા પ્રગટ કરી છે. આ સૂત્રપાઠ એ વાત સૂત્રના ઉપસંહાર રૂપે પ્રકટ કરે છે કે આ રીતે નોઆગમ લોકોત્તરિક ભાવાવશ્યકનું નિરૂપણ અહીં પુરૂં થાય છે.

ભાવાવશ્યક જ ચતુર્વિધ સંઘને માટે ઉપાદેય ગણાય છે. નામ, સ્થાપના અને દ્રવ્યાવશ્યક ઉપાદેય ગણાતાં નથી, કારણ કે તે ત્રણે આવશ્યકોમાં કર્મનિર્જરાની જનકતાનો સર્વથા અભાવ જ છે કારણ કે તેમનું સેવન કરવાથી જો કોઇ જીવ કર્મોની નિર્જરા કરવાનું ઇચ્છતો હોય, તો તે રીતે કર્મોની નિર્જરા કરી શકતો નથી. તે કારણે તે ત્રણે આવશ્યકોને સંસારવર્ધન કરનારાં કારણો રૂપે ગણાવવામાં આવેલ છે. ભાવાવશ્યકમાંથી પણ આગમ ભાવાવશ્યક અને નોઆગમના ત્રીજા ભેદ રૂપ લોકોત્તરિક ભાવાવશ્યક આ બેને જ ઉપાદેય કહી શકાય તેમ છે. લૌકિક અને કુપ્રાવચનિક ભાવાવશ્યકને ઉપાદેય રૂપ ગણી શકાય નહીં, એવું સમસ્ત તીર્થંકરોનું કથન છે.

ભાવાર્થ–નોઆગમ ભાવાવશ્યકમાં આવશ્યક રૂપ આગમનો સર્વથા અભાવ વિવક્ષિત થતો નથી, પરન્તુ આગમનો એકદેશ વિવક્ષિત થયો છે. આ નોઆગમ ભાવાવશ્યકના નીચે પ્રમાણે ત્રણ ભેદ પડે છે (૧) લૌકિક, (૨) કુપ્રાવચનિક અને (૩) લોકોત્તરિક પૂર્વાહ્ણમાં મહાભારતનું અને અપરાહ્ણમાં રામાયણનું વાંચન

અને શ્રવણ કરવા રૂપ કાર્ય નિર્દિષ્ટ સમયે ક્રિયમાણ હોવાથી આવશ્યકરૂપ છે. તેમાં વાચક અને શ્રોતાનું જે અર્થોપયોગ યુકત પરિણામ છે, તે ભાવરૂપ છે. આ કારણે તે ગ્રંથોમાં ઉપયોગ યુકત પરિણામથી યુકત એવાં તે વાચક અને શ્રોતાજનોના લૌકિક ભાવાવશ્યક રૂપ ગણાય છે તથા લોકની અપેક્ષાએ મહાભારત આદિને આગમ પણ ગણવામાં આવે છે. તે આગમોનાં ઉપયુકત વાચક, વકતા અને શ્રોતાઓમાં તે સમયે વિવિધ પ્રકારની ક્રિયાઓ થતી રહે છે. તે ક્રિયાઓ આગમરૂપ નથી, કારણ કે શ્રુતજ્ઞાનને જ આગમ રૂપ માનવામાં આવ્યું છે. આ રીતે એકદેશની અપેક્ષાએ આગમની વિદ્યમાનતા હોવાના કારણે મહાભારત આદિનું વાંચન અને શ્રમણ 'નોઆગમ લૌકિક ભાવાવશ્યક' રૂપ છે. ચરક, ચીરિક આદિ પાખંડીઓ દ્વારા જે યજ્ઞ, હોમ, હવન આદિ ક્રિયાઓ કરવામાં આવે છે તે તેમના માન્ય સિદ્ધાન્તાનુસાર તેમને માટે અવશ્ય કરવા યોગ્ય મનાય છે. તેથી તે બધી ક્રિયાઓને આવશ્યક રૂપ કહેવામાં આવે છે. આ આવશ્યક ક્રિયાઓ કરતી વખતે તે ક્રિયાઓ કરનાર લોકોના ઉપયોગ આદિ રૂપ પરિણામ તે આવશ્યક ક્રિયાઓમાં સંલગ્ન રહે છે, તેથી આ પ્રકારના ભાવથી યુકત તે ક્રિયાઓને ભાવાવશ્યક રૂપ માનવામાં આવે છે. તે ક્રિયાઓનું જ્ઞાન આગમ રૂપ ગણાય છે. અને તે ક્રિયાઓ કરનારની કર શિર સંયોગ આદિ રૂપ ક્રિયાઓ અનાગમ રૂપ ગણાય છે. આ પ્રકારે એક દેશમાં આગમતાનો સદ્ભાવ હોવાથી આગમના એક દેશને આશ્રિત કરીને તે ક્રિયાઓને નોઆગમ કુપ્રાવચનિક ભાવાવશ્યક રૂપ કહેવામાં આવે છે.

ચતુર્વિધ સંઘ ઉપયુકત થઈને બન્ને સમય પ્રાતઃકાળે અને સાયંકાળે પ્રતિક્રમણ આદિ જે આવશ્યક ક્રિયાઓ કરે છે, તે ક્રિયાઓ નોઆગમની અપેક્ષાએ લોકોત્તરિક ભાવાવશ્યક રૂપ છે. બન્ને કાળે શ્રમણાદિ દ્વારા તે અવશ્ય કરવા યોગ્ય હોવાથી આવશ્યક રૂપ છે. કર્ત્તા તેમાં ઉપયોગ પૂર્વક તલ્લીન થઈ જાય છે, તેથી તેમાં ભાવરૂપતા છે. તે ક્રિયાઓના જ્ઞાનનો ઉપયોગ રૂપે તેનામાં સદ્ભાવ હોય છે, તેથી તે ક્રિયાઓ આગમરૂપ છે, તથા બીજી કર શિર સંયોજન આદિ ક્રિયાઓ આગમ રૂપ નથી. આ રીતે નોઆગમને આશ્રિત કરીને પ્રતિક્રમણ આદિ ક્રિયાઓ લોકોત્તરિક ભાવાવશ્યક રૂપ છે, એટલે કે તે પ્રતિક્રમણ આદિ આવશ્યક ક્રિયાઓ નોઆગમ લોકોત્તરિક ભાવાવશ્યક રૂપ છે, એમ સમજવું. ॥ સૂ. ૨૮ ॥

હવે સૂત્રકાર ભાવાવશ્યકના પર્યાયવાચી શબ્દોનું નિરૂપણ કરેછે—
"तस्सणं इमे" ઇત્યાદિ—

(तस्सणं इमे एगट्ठिया नामधेज्जा) તે આવશ્યકના નીચે પ્રમાણે એકાર્થક નામો છે—

(णाणा घोसा णाणा वंजणा) તે નામો જુદા જુદા ઉદાત્ત આદિ સ્વરો અને ક્કાર આદિ અનેક વ્યંજનોથી યુકત છે. (तंजहा) તે નામો નીચે પ્રમાણે છે– (आवस्सयं) (૧) આવશ્યક, (अवस्सकरणिज्जं) (૨) આવશ્ય કરણીય, (धुवनिग्गहो)ધ્રુવનિગ્રહ, (विसोहाय) (૪) વિશોધિ, (अज्झयणछक्कवग्गो) (૫) અધ્યયનષટ્ક વર્ગ, (नाओ) (૬) ન્યાય, (आराहणा) (૭) આરાધના અને (मग्गो) માર્ગ (૧) 'આવશ્યક' આ પદનો અર્થ "से किं तं आवस्सयं" આ પ્રશ્નસૂત્રથી શરૂ થતા નવમાં સૂત્રમાં પ્રકટ કરવામાં આવ્યો છે. (૨) 'અવશ્યકરણીય'-મોક્ષાર્થી જનો દ્વારા તે અવશ્ય અનુષ્ઠેય (અનુષ્ઠાન કરવા યોગ્ય, આચરણીય) હોય છે, તેથી તેનું 'અવશ્યકરણીય' નામ પડ્યું છે.

(૩)ધ્રુવનિગ્રહ'-કર્મ અથવા કર્મના ફલસ્વરૂપ સંસારનું નામ ધ્રુવ છે, કારણ કે કર્મ અને સંસાર, આ બન્ને અનાદિ અને વિવિધ જીવોની અપેક્ષાએ પર્યવસાનથી રહિત (અનંત) છે. એવા અનાદિ અનંત કર્મનો અથવા કર્મના ફલભૂત સંસારનો નિગ્રહ આ આવશ્યક ક્રિયાઓ વડે થાય છે, તેથી તેનું ત્રીજું નામ 'ધ્રુવનિગ્રહ' છે.

(૪) વિશોધિ–તેના દ્વારા કર્મરૂપી મળની નિવૃત્તિ અથવા વિશુદ્ધિ થાય છે, તેથી તેનું ચોથું નામ "વિશોધિ" છે.

(૫) 'અધ્યયનષટ્ક વર્ગ–તે સામાયિક આદિ ૬ અધ્યયનના સમૂહરૂપ હોવાથી તેનું પાંચમું નામ 'અધ્યયનષટ્ક વર્ગ' છે.

(૬) 'ન્યાય'–અભીષ્ટ અર્થની સિદ્ધિના સૌથી સારા ઉપાય રૂપ હોવાને કારણે તેનું છઠ્ઠું નામ "ન્યાય" અથવા–જેવી રીતે ન્યાયાધીશ વાદી અને પ્રતિવાદીના જર, જમીન આદિ વિવાદોને ન્યાયને આધારે દૂર કરી નાખે છે, એજ પ્રમાણે આવશ્યક પણ જીવ અને કર્મના અનાદિ કાલિન આશ્રયાશ્રયી ભાવરૂપ સંબંધને દૂર કરી નાખે છે. તેથી આવશ્યકનું છઠ્ઠું નામ 'ન્યાય છે.

(૭) 'આરાધના'–મોક્ષની આરાધના કરવામાં આવશ્યક હેતુરૂપ (સાધનરૂપ) થઈ પડે છે, તેથી તેનું સાતમું નામ 'આરાધના' છે.

(૮) 'માર્ગ–જેવી રીતે માર્ગ પથિકને ગન્તવ્ય સ્થાનમાં પહોંચાડી દે છે, એજ પ્રમાણે આવશ્યક પણ તેના આરાધક જીવને મોક્ષ રૂપ નગરમાં પહોંચાડી દે છે, તેથી તેનું આઠમું નામ માર્ગ છે. આવશ્યક શબ્દનો શો અર્થ છે, તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે(समणेणं सावएणं य) શ્રમણ અને શ્રાવક દ્વારા તે (जम्हा) જે કારણે (अहो निसस्स अंते) દિવસને અન્તે અને રાત્રિને અન્તે (उभयस्स वायव्वं होइ) અવશ્ય

કરણીય હોય છે, (तम्हा)તે કારણે (आवस्सयं नाम) તેનું નામ આવશ્યક છે. (से तं "आवस्सयं 'आवस्सयं निक्खिवि सामि" આ પ્રકારે સૂત્રકારે જે પહેલાં કહ્યું છે તે અનુસાર નામ સ્થાપના આદિ ભેદો દ્વારા આવશ્યકનો ન્યાસ (વિભાગ) કરીને વર્ણન કર્યું છે આ પ્રકારે અનુયોગદ્વાર સૂત્રનો આવશ્યક અધિકાર અહીં સમાપ્ત થાય છે. ॥ ૨૯ ॥

હવે સૂત્રકાર "सुयं निक्खिविस्सामि" આ કથન અનુસાર શ્રુતાધિકારનો પ્રારંભ કરે છે સૌથી પહેલાં તેઓ શ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરવા નિમિત્તે "से किं तं सुयं" ઇત્યાદિ સૂત્ર કહે છે—"से किं तं सुयं?" ઇત્યાદિ —

શબ્દાર્થ-(से किं तं सुयं ?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે 'હે ભદન્ત! શ્રુતનું સ્વરૂપ કેવું છે?

નામશ્રુત કા નિરુપણ

ઉત્તર-(सुयं चउव्विहं पण्णत्ते) શ્રુત ચાર પ્રકારનું કહ્યું છે (तंजहा) તે ચાર પ્રકારો નીચે પ્રમાણે છે-(नाम सुयं, ठवणासुयं, दव्वसुयं, भावसुयं, (૧) નામ શ્રુત (૨) સ્થાપનાશ્રુત, (૩) દ્રવ્યશ્રુત, અને (૪) ભાવ,,ત. ॥ સૂ૦ ૩૦ ॥

હવે સૂત્રકાર નામશ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે-

"से किं तं नामसुयं?" ઇત્યાદિ —

શબ્દાર્થ-શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! નામશ્રુતનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર-(नामसुय)નામશ્રુતનું સ્વરૂપ આ પ્રકારનું છે—(जस्स णं जीवस्स वा अजीवस्स वा जाव सुय त्ति नाम कज्जइ) જે કોઇ જીવ અથવા અજીવ આદિનું " ત" એવું જે નામ રાખવામાં આવે છે તેને નામ ત કહે છે. આ નામશ્રુતની વ્યાખ્યા ામ આવશ્યકની વ્યાખ્યા અનુસાર જ સમજી લેવી. ॥ સૂ૦ ૩૧ ॥

આગમસે દ્રવ્યશ્રુતકા નિરુપણ

હવે સૂત્રકાર સ્થાપના શ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે —

"से किं तं ठवणासुयं?" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं) ઇત્યાદિ-શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! સ્થાપનાશ્રુતનું કેવું સ્વરૂપ છે? (कट्ठकम्मे वा जाव ठवणा ठविज्जइ) કાષ્ઠ આદિમા "આ શ્રુત છે" આ પ્રકારની જે કલ્પના અથવા આરોપ કરવામાં આવે છે (से तं ठवणासुयं તેને 'સ્થાપનાશ્રુત' કહે છે (णाम ठवणाणं को पइविसेसो) હે ભગવન્! નામ અને સ્થાપના વચ્ચે શો તફાવત છે?

ઉત્તર-(नाम आवकहियं ठवणा इत्तरिया वा होज्जा) નામ યાવત્કથિક હોય છે. અને સ્થાપના યાવત્કથિક અને ઇત્વરિક, આ બન્ને પ્રકારની હોય છે. આ સૂત્રનું વિશેષ વિવેચન તથા આ સૂત્રનો ભાવાર્થ બારમાં સૂત્રમાં (સ્થાપના આવશ્યક સૂત્રમાં) કહ્યા અનુસાર સમજવો. ॥ સૂ૦ ૩૨ ॥

હવે સૂત્રકાર દ્રવ્યશ્રુતના સ્વરૂપનું [illegible] કરે છે-

"से किं तं दव्वसुयं?" ઇત્યાદિ-

શબ્દાર્થ-(से किं तं दव्वसुयं?) હે ભગવન્! દ્રવ્યશ્રુતનું કેવું સ્વરૂપ કહ્યું છે?

ઉત્તર-(दव्वसुयं दुविहं पण्णत्तं) દ્રવ્યશ્રુતના બે પ્રકાર કહ્યા છે. (तंजहा) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે (आगमओ य नोआगमओय) (૧) આગમને આશ્રિત કરીને દ્રવ્યશ્રુત હોય છે, અને (૨) નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યશ્રુત હોય છે. તેની વ્યાખ્યા આવશ્યક સૂત્રમાં આગળ કહ્યા પ્રમાણે સમજવી. ॥ સૂ૦ ૩૩ ॥

હવે સૂત્રકાર આગમને આશ્રિત જે દ્રવ્યશ્રુત છે તેનું નીચે પ્રમાણે નિરૂપણ કરે છે-"से किं तं आगमओ दव्वसुयं" ઇત્યાદિ-

શબ્દાર્થ-(से किं तं आगमओ दव्वसुयं?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે—હે ભગવન્! આગમનો આશ્રય કરીને જે દ્રવ્યશ્રુત હોય છે, તે દ્રવ્યશ્રુતનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર—(आगमओ दव्वसुयं) આગમનો આશ્રય કરીને દ્રવ્યશ્રુતનું આ પ્રકારનું સ્વરૂપ છે—

(जस्स णं सुएत्ति पयं सिक्खियं ठियं जियं जावणो अणुप्पेहाए) જે સાધુ આદિને શ્રુતપદ શિક્ષિત છે, સ્થિત છે, જિત છે. મિત છે, પરિજિત છે, નામસમ છે, ઘોષસમ છે, અહીનાક્ષર છે, અનત્યક્ષર છે, અવ્યાવિદ્ધાક્ષર અસ્ખલિત છે, અમિલિત છે, અવ્યત્યામ્રેડિત છે, પરિવર્ત્તઘોષયુક્ત છે, કંઠોષ્ઠ વિપ્રમુક્ત છે, અને ગુરુવાચનોપગત છે, આ રીતે તે સાધુ આદિ વાચનાથી, પરિવર્તનાથી પૃચ્છનાથી, પરિવર્તનાથી અને ધર્મકથાથી તેમાં વર્તમાન છે, પરન્તુ ઉપયોગ પરિણામથી તેમાં વર્તમાન (પ્રવૃત્ત) નથી, અને તેથી ઉપયોગથી રહિત હોવાને કારણે. તે સાધુને આગમની અપેક્ષાએ દ્રવ્યશ્રુત માનવામાં આવે છે; (कम्हा) કારણ કે (अणुवओगो दव्वमिति कट्टु) આગમનું એવું વચન છે કે જે ઉપયોગથી રહિત હોય છે—અનુપયુક્ત પરિણામવાળો હોય છે તેને દ્રવ્યરૂપ માનવો જોઇએ. આ સૂત્રમાં વપરાયેલાં પદોનો ભાવાર્થ ૧૪ માં સૂત્રમાં આપ્યા પ્રમાણે સમજવો. ॥ સૂ૦ ૩૪ ॥

नो आगम से द्रव्यावश्यक का निरुपण

હવે સૂત્રકાર નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યશ્રુતનું નિરૂપણ કરે છે—

"से किं तं नोआगमओ दव्वसुयं?" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं) ઇત્યાદિ શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે કે હે ભદન્ત! નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યશ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(नोआगमओ दव्वसुयं तिविहं पण्णत्तं) નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યશ્રુતના ત્રણ પ્રકાર કહ્યા તે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે (जाणयसरीरदव्वसुयं, भवियसरीरदव्वसुयं, जाणयसरीरवइरित्तं दव्वसुयं) (૧) જ્ઞાયક શરીર દ્રવ્યશ્રુત, (૨) ભવ્યશરીર દ્રવ્યશ્રુત, અને (૩) જ્ઞાયક શરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવું દ્રવ્યશ્રુત આ સૂત્રની વ્યાખ્યા આગળ ૧૬ માં સૂત્રની જે વ્યાખ્યા આપવામા આવી છે, તે વ્યાખ્યા પ્રમાણે સમજવી. ॥ સૂ૦ ૩૫ ॥

જ્ઞાયક શરીર દ્રવ્યશ્રુતકા નિરુપણ

હવે સૂત્રકાર જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं जाणयसरीरदव्वसुयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं जाणयसरीरदव्वसुयं?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(सुयत्ति पयत्थाहिगारजाणयस्स) શ્રુત શબ્દના વાચક એવા આગમના અર્થરૂપ અધિકારના જ્ઞાતાનું (सरीरयं) શરીર (जं) કે જે (ववगयचुय चावियचत्तदेहं) વ્યપગત થઇ ચુકયું છે ચૈતન્ય પર્યાયથી રહિત થઇ ચુકયું છે, ચ્યુત થઇ ચુકયું છે દસ પ્રકારના પ્રાણોથી રહિત થઇ ચુકયું છે, ચ્યાવિત થઇ ચુકયું છે, બલિષ્ઠ આયુક્ષયના કારણોથી પ્રાણરહિત થઇ ચુકયું છે, ત્યકતદેહ થઇ ચુકયું છે આહાર પરિણતિ જનિત વૃદ્ધિ જેમાંથી સર્વથા નીકળી ચુકી છે (जाणयसरीरदव्वसुयं) એવાં શરીરને 'જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુત' રૂપ કહેવામાં આવે છે. (तं चेव पुव्वं भणियं) અહીં ૧૭માં સૂત્રમાં કથિત આ વિષય સંબંધી આ વ્યપગત આદિ પદથી શરૂ કરીને (जाव से तं जाणयसरीरदव्वसुयं) જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુત પર્યન્તનો પાઠ (भाणियव्वं) ગ્રહણ કરવો જોઇએ. તેની વ્યાખ્યા ૧૭માં સૂત્રની વ્યાખ્યા પ્રમાણે સમજવી જોઇએ. ॥ સૂ૦ ૩૬ ॥

ભવ્ય શરીર દ્રવ્યશ્રુતકા નિરુપણ

હવે સૂત્રકાર ભવ્યશરીર દ્રવ્યશ્રુતનું નિરૂપણ કરે છે-

"से किं तं भवियसरीरदव्वसुयं" ઇત્યાદિ

શબ્દાર્થ—(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે (तं) પૂર્વપ્રસ્તુત વિષયરૂપ (भवियसरीरदव्वसुयं) ભવ્યશરીરદ્રવ્યશ્રુતનું (किं) કેવું સ્વરૂપ છે?

ઉત્તર (जे जीवे जोणीजम्मणनिक्खंते) જે જીવ ઉત્પત્તિ સ્થાનરૂપ યોનિમાંથી પોતાનો સમય (ગર્ભમાં રહેવાનો સમય) પૂરો કરીને નીકળ્યો છે ગર્ભપાતથી ઉત્પન્ન થયા નથી એવો તે જીવ તે પ્રાપ્ત શરીર વડે વર્તમાનકાળે શ્રુત શબ્દવાચ્ય આગમના અર્થને શીખી રહ્યો નથી પણ ભવિષ્યમાં આગમના અર્થને શીખવાનો છે. એવા તે જીવના શરીરને ભવ્યશરીર દ્રવ્યશ્રુત રૂપ ગણવામાં આવે છે. (जहा दव्वावस्सए तहा भाणियव्वं जाव से तं भवियसरीरदव्वसुयं) ૧૮માં સૂત્રમાં દ્રવ્યાવશ્યકના વિષયને અનુલક્ષીને જેવું વર્ણન કરવામાં આવ્યું છે. એવું વર્ણન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ. "તેને ભવ્યશરીર દ્રવ્યશ્રુત કહે છે" આ સૂત્રપાઠ પર્યન્તનું 'ભવ્યશરીર દ્રવ્યાવશ્યક' સૂત્રનું સમસ્ત કથન અહીં પણ ગ્રહણ કરવું જોઇએ તેની વ્યાખ્યા પણ ૧૮માં સૂત્રની વ્યાખ્યા પ્રમાણે જ સમજવી. ॥સૂ૦૩૭॥

જ્ઞાયકશરીર અને ભવ્યશરીર આ બન્નેથી ભિન્ન એવું જે 'તદ્વ્યતિરિક્ત દ્રવ્યશ્રુત" છે તેના સ્વરૂપનું હવે સૂત્રકાર નિરૂપણ કરે છે

"से किं तं जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वसुयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वसुयं ?) શિષ્ય

ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભદન્ત! જ્ઞાયકશરીર અને ભવ્યશરીર. આ બન્નેથી ભિન્ન એવું જે દ્રવ્યશ્રુત છે તેનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર-(**पत्तयपोत्थयलिहिय जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वसुयं**) તાડપત્રો અને પત્રોના સમૂહરૂપ પુસ્તકોમાં લખેલું જે શ્રુત છે તેને જ્ઞાયકશરીર અને ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યશ્રુત કહે છે. (**अहवा**) અથવા "**पत्तयपोत्थयलिहिय**" આ સૂત્રાંશની સંસ્કૃત છાયાની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો આ સૂત્રપાઠનો નીચે પ્રમાણે અર્થ થશે-

"પોતક" એટલે વસ્ત્ર, અને 'પત્રક" એટલે પુસ્તક આ રીતે શબ્દનો અર્થ કરતા દ્રવ્યશ્રુતનો નીચે પ્રમાણે અર્થ પણ થઈ શકે છે 'વસ્ત્રો ઉપર અને પુસ્તક રૂપ કાગળો પર લખેલા શ્રુતને જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવું દ્રવ્ય-શ્રુત કહે છે." કાગળ આદિ પર લખાયેલા શ્રુતમાં ઉપયોગથી રહિતતા હોવાને કારણે દ્રવ્યત્વ છે. જ્ઞાનને આગમ કહે છે તે આગમરૂપ જ્ઞાનમાં આત્મા; દેહ અને શબ્દ કારણભૂત બને છે. તેમનો જ્યાં અભાવ હોય ત્યાં આગમતાનો સદ્ભાવ હોતો નથી પણ નોઆગમતાનો સદ્ભાવ રહે છે. તાડપત્ર પુસ્તક આદિમાં લખેલા શ્રુતમાં અચેતનતા હોવાથી જ્ઞાનરૂપતાનો અભાવ હોય છે, તે કારણે તે શ્રુતમાં નોઆગમતા રહેલી છે.

જ્યારે "**सुयं**" આ પદની સંસ્કૃત છાયા "**सूत्र**" 'સૂત્ર' થાય છે, ત્યારે તેનો બીજો અર્થ થાય છે તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે- (**जाणयसरीरभवियसरीर-वइरितं दव्वसुयं पंचविहं पण्णत्तं**) તેઓ કહે છે કે જ્ઞાયકશરીર દ્રવ્યશ્રુત અને ભવિય-શરીર દ્રવ્યશ્રુતથી ભિન્ન એવું જે દ્રવ્યસૂત્ર ('**दव्वसुय**')ની સંસ્કૃત છાયા "**द्रव्यसूत्र**"ને આધારે આ પદ બન્યું છે) છે તે પાંચ પ્રકારનું કહ્યું છે- (**तंजहा**) જે પ્રકારો નીચે પ્રમાણે છે-(**अंडयं बोंडयं कीडयं वागयं**) (૧) અંડજ, (૨) બોંડજ, (૩) કીટજ, (૪) બાલજ અને (૫) વાલ્કલ (**तत्थ अण्डयं हंसगब्भादि**) પહેલાં તો અંડજનો ભાવાર્થ બતાવવામાં આવે છે. "હંસ" એક ચતુરિન્દ્રિય જીવ-વિશેષનું નામ છે. (અહીં હંસ નામનું પક્ષી ગૃહીત થયું નથી પણ પતંગીયા જેવું કોઇ ચતુરિન્દ્રિય જંતુ ગૃહીત થયું છે.) તે એક કોથળી (કોશ) બનાવે છે તેમાંથી જે સૂત્ર ઉત્પન થાય છે તેને 'અંડજ' કહે છે. તેને ગુજરાતી ભાષામાં રેશમી વસ્ત્ર કહે છે. 'હંસગર્ભ' આ પદની પાછળ જે 'આદિ' પદ મૂકવામાં આવ્યું છે તે ચૌઇન્દ્રિયોના ભેદનું પ્રદર્શક છે.

શંકા—જો હંસગર્ભમાંથી ઉત્પન્ન થયેલા સૂત્રને અંડજ સૂત્ર કહેવામાં આવે તો "**अंडयं हंसगब्भादि**"માં સમાનાધિકરણતા ઘટિત થતી નથી.

ઉત્તર—અહીં કારણમાં કાર્યનો ઉપચાર કરવામાં આવ્યો છે. તે કારણે હંસના ગર્ભમાંથી (કોશમાંથી) ઉત્પન્ન થયેલા સૂત્રને પણ અહીં હંસગર્ભના નામે પ્રકટ કરવામાં આવેલ છે. આ કારણે આ પ્રકારના કથનમાં કોઇ દોષ નથી.

(**बोंडयं कप्पासमाइ**) કપાસ અથવા રૂમાંથી બનેલા બોંડજ છે. "બોંડ" આ પદ કપાસના કોશરૂપ કાલાને માટે વપરાય છે. આ કપાસમાંથી જે સૂત્ર બને છે તેને બોંડજ કહે છે. (હિન્દીમાં કાલાને '**बोडियाँ**' કહે છે) અહીં આદિ પદ

પ્રકારવાચક છે. કપાસ અને કાલા વચ્ચે ભેદ છે. કાલું એક પ્રકારના ફલ રૂપ છે જ્યારે કપાસ તેમાંથી નીકળતી વસ્તુરૂપ છે. આ વાતને સમજાવવાને માટે અહીં આદિ શબ્દ વપરાયેા છે. અહીં પણ કહેવામાં આવેલ છે. તેથી સમાનાધિકરણતા ઘટિત થવામાં કેાઇ દેાષ રહેતેા નથી.

(**कीडयं पंचविहं पण्णत्त**) કીટજ સૂત્ર પાંચ પ્રકારના કહ્યાં છે. ચતુરિન્દ્રિય જીવવિશેષ (રેશમના કીડા આદિ જીવેા)ને કીટ (કીડા કહે છે. તેની લાળ આદિ માંથી બનેલું જે સૂત્ર હેાય છે તેને કીટજ સૂત્ર કહે છે (**तंजहा**) કીટજ સૂત્રના પાંચ પ્રકારેા નીચે પ્રમાણે છે (**पट्टे, मलए, अंसुए, चीणंसुए, किमिरागे**) (૧) પટ્ટ (૨) મલય, (૩) અંશુક, (૪) ચીનાંશુક અને (૫) કૃમિરાગ.

'**पट्टे**' આ પદથી અહીં પટ્ટસૂત્ર ગ્રહણ થયું છે. આ પટ્ટ સૂત્રની ઉત્પત્તિના વિષયમાં વૃદ્ધ પરમ્પરાની અપેક્ષાએ આ પ્રકારની વાત પ્રચલિત છે–જંગલમાં કેાઇ એક નિકુંજમાં (વૃક્ષ અને લતાઓના સમૂહથી યુકત સ્થાનને નિકુંજ કહે છે) માંસ આદિરૂપ આમિષપુંજ પાથરી દેવામાં આવે છે. ત્યાં તે માંસપુંજોની આસ-પાસ થેાડે થેાડે અંતરે નીચી ઊંચી અનેક ખીલીઓ ચેાડી દેવામાં આવે છે. અનેક પતંગીયાઓ (કીડાઓ) માંસથી આકર્ષિત થઇને તે ખાવાની ઇચ્છાથી તે માંસપુંજોની ચારે તરફ આવે છે. અને માંસનું ભક્ષણ કરીને તે ખીલાઓની આસપાસ ભમીભમીને પેાતાની લાળ તે ખીલાઓ પર છેાડે છે. તે ખીલાઓ પર એકત્ર થયેલી લાળને એકત્ર કરી લઈને લેાકેા તેમાંથી પટ્ટસૂત્ર બનાવે છે.

મલયદેશમાં ઉત્પન્ન થયેલા સૂત્રને મલયસૂત્ર કહે છે. ચીન દેશની બહારના પ્રદેશેામાં બનેલા સૂત્રને અંશુક કહે છે. ચીન દેશની અંદરના ભાગેામાં બનેલા સૂત્રને ચીનાંશુક કહે છે. કૃમિરાગસૂત્ર વિષે આ પ્રકારની માન્યતા પ્રચલિત છે કેાઇ મનુષ્ય આદિના રકતને એકત્ર કરીને કેાઈ એક પાત્રમાં જમાવી દે છે. ત્યાર બાદ તે પાત્ર પર છિદ્રાળું આચ્છાદન ઢાંકી દે છે. તેમાં ધીરે ધીરે કીટરાશિ ઉત્પન્ન થઇ જાય છે. તે હવા ખાવાની ઇચ્છાથી તે સછિદ્ર આચ્છાનમાંથી બહાર નીકળીને તે પાત્રની આસપાસ ભમવા માંડે છે અને તે પાત્ર પર પેાતાની લાળ છેાડયા કરે છે. તે લાળને લેાકેા એકત્ર કરી લે છે, અને તેમાંથી જે સૂત્ર બનાવવામાં આવે છે તેને કૃમિરાગસૂત્ર કહે છે. લાલવર્ણવાળા કૃમીઓમાંથી ઉત્પન્ન થવાને કારણે તેના રંગમાં સ્વાભાવિક રતાશનેા સદ્ભાવ હેાય છે.

(**बालयं पंचविहं पण्णत्तं**) ઘેટાં આદિના વાળમાંથી ઉત્પન્ન થયેલા સૂત્રનું નામ 'બાલજસૂત્ર' છે. તેના પણ પાંચ પ્રકાર છે (**तंजहा**) જેમ કે **उण्णिए**) (૧) **ઔર્ણિક**–ઘેટાં આદિના વાળમાંથી બનેલા સૂત્રને ઔર્ણિક (ઉનનું બનેલું) સૂત્ર કહે છે. (**उट्टिए**) (૨) ઔષ્ટ્રિક ઊંટના વાળમાંથી ઉત્પન્ન થયેલા સૂત્રને 'ઔષ્ટ્રિકસૂત્ર' કહે છે (**मियलोमिए**) મૃગના વાળમાંથી બનાવેલા સૂત્રને 'મૃગલેામિકસૂત્ર' કહે છે. (**कोतवे**) (૪) ઉંદરની રંવાટીમાંથી બનાવેલા સૂત્રને કેાતવ સૂત્ર કહે છે. (**किट्टिए**) (૫) આરણ્યિક આદિ સૂત્રેાનું નિર્માણ કરતી વખતે જે વાળ ઉડીને આમતેમ જઇ પડયાં હેાય છે તે વાળને 'કિટ્ટસ' કહે છે. કિટ્ટિસમાંથી (વેસ્ટમાંથી જે સૂત્ર બના-

વપામાં આવે છે તેને "કિટ્ટિસસૂત્ર" કહે છે. અથવા ઔર્ણુક આદિ સૂત્રોને જ્યારે દુપટ, ત્રિપટ્ટ, ચોપટ, આદિ રૂપે વણીને તેમાંથી જે સૂત્ર બનાવવામાં આવે છે તેને કિટ્ટિસ કહે છે. અથવા ઉપર્યુક્ત ઘેટાં, ઊંટ આદિ જીવો સિવાયના અશ્વાદિ જીવોના વાળમાંથી બનાવેલ સૂત્રને કિટ્ટિસસૂત્ર કહે છે. (वालयं सणमाइ))૫) શણ આદિની છાલમાંથી જે સૂત્ર બને છે તેને વલ્કજ સૂત્ર કહે છે.

શંકા-અહીં શ્રુતનો અધિકાર ચાલી રહ્યો છે. છતાં અહીં સૂત્રકારે સૂત્રની પ્રરૂપણા શા માટે કરી છે?

ઉત્તર—"सुय" આ પ્રાકૃત પદનો અર્થ શ્રુત થાય છે, અને 'सुय' ની સંસ્કૃત છાયા 'સૂત્ર' થાય છે આ વાત તો આગળ પ્રકટ થઈ ચુકી છે. આ રીતે "સુય" પદ શ્રુત અને સૂત્ર, આ બન્નેના અર્થનું બોધક છે, કારણ કે "સુય" શબ્દ આ બન્ને અર્થોનું પ્રતિપાદન કરે છે. તેથી તે બન્નેમા સમાન શબ્દ દ્વારા પ્રતિપાદ્યત્વરૂપ સમાનતા હોવાને કારણે સૂત્રકારે અહીં સૂત્રની પણ પ્રરૂપણા કરી છે તે કારણે આ પ્રકારની પ્રરૂપણા નિર્દોષ સમજવી જોઇએ. અથવા પ્રસંગ પ્રાપ્ત આ સૂત્ર પદની પ્રરૂપણા કરવા પાછળ સૂત્રકારનો આ પ્રકારનો હેતુ પણ સંભવી શકે છે-"सुय" પદની સંસ્કૃત છાયા "सूत्र" થાય છે. આ સંબંધને અનુલક્ષીને શિષ્યબુદ્ધિની વિશદતાને નિમિત્તે પણ સૂત્રકારે અહીં સૂત્રના સ્વરૂપની પ્રરૂપણા કરી છે. વળી અહીં એવી શંકા પણ અસ્થાને છે કે "અહીં તો દ્રવ્યશ્રુતની પ્રરૂપણા ચાલી રહી છે, છતાં આ પ્રકરણમાં નામશ્રુત આદિની પ્રરૂપણા શા માટે કરવામાં આવી છે?" આ શંકા ઉચિત ન ગણી શકાય, કારણ કે આ વર્ણન પણ શિષ્યજનોની બુદ્ધિની વિશદતાને નિમિત્તે જ કરવામાં આવ્યું છે અને તે પ્રકારની વિશદતા કરવા રૂપ ફલથી સંપન્ન છે. વળી નામશ્રુત, સ્થાપનાશ્રુત આદિની પ્રરૂપણા કર્યા વિના દ્રવ્યશ્રુતનું વિશિષ્ટજ્ઞાન પ્રાપ્ત થઈ શકતું નથી. તે કારણે આ નામશ્રુત આદિની પ્રરૂપણા અહીં કરવામાં આવી છે, એમ સમજવું જોઇએ

હવે સૂત્રકાર આ વિષયનો ઉપસંહાર કરતાં કહે છે કે—

(से तं जाणयसरीरभवियसरीरवइरित्तं दव्वसुयं) જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવા દ્રવ્યશ્રુતનું આ પ્રકારનું સ્વરૂપ છે. (से तं नोआगमओ दव्वसुयं)આ રીતે નોઆગમ દ્રવ્યશ્રુતના ત્રણે ભેદોનું નિરૂપણ અહીં સમાપ્ત થાય છે. (से तं दव्वसुयं) અને દ્રવ્યશ્રુતના બધાં ભેદોનું નિરૂપણ પણ અહીં પૂરું થાય છે. ॥ સૂ૦ ૩૮ ॥

"से किं तं भावसुयं" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं भावसुयं?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! પૂર્વપ્રસ્તુત ભાવશ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(भावसुयं दुविहं पण्णत्तं) ભાવશ્રુત બે પ્રકારનું કહ્યું છે. શ્રુતરૂપ પદાર્થના અનુભવથી યુકત જે સાધુ આદિ જીવો હોય છે તેઓ ભાવ શબ્દના વાચ્યાર્થ રૂપ છે ભાવ અને શ્રુત આ બન્નેમાં અભેદના ઉપચારની અપેક્ષાએ સાધુ આદિને ભાવશ્રુત કહેવામાં આવેલ છે. આ રીતે જે ભાવ છે એજ શ્રુત બની જાય છે.

અથવા ભાવરૂપ શ્રુતને આશ્રિત કરીને જે શ્રુત હોય છે તેને ભાવશ્રુત કહે છે. અથવા ભાવપ્રધાન જે શ્રુત છે તેનું નામ ભાવશ્રુત છે. (तं जहा) તે ભાવશ્રુતના નીચે પ્રમાણે બે પ્રકારો કહ્યા છે-(आगमओ य, नोआगमओ य) (૧) આગમ ભાવશ્રુત અને (૨) નોઆગમ ભાવશ્રુત આગમને આશ્રિત કરીને જે ભાવશ્રુત હોય છે તેને આગમ ભાવશ્રુત કહે છે અને નોઆગમને આશ્રિત કરીને જે ભાવશ્રુત હોય છે તેને નોઆગમ ભાવશ્રુત કહે છે. ॥ સૂ. ૩૯ ॥

આગમસે ભાવશ્રુતકા નિરુપણ

હવે સૂત્રકાર આગમ ભાવશ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે—
"से किं तं आगमओ भावसुयं" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન કરે છે કે હે ભગવન્! (किं तं आगमओ भावसुयं?) આગમને આશ્રિત કરીને જે ભાવશ્રુત હોય છે તેનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(आगमओ भावसुयं जाणए उवउत्ते) આગમને આધારે ભાવશ્રુતનું આ પ્રકારનું સ્વરૂપ કહ્યું છે. જે સાધુ આદિ જીવ શ્રુતનો જ્ઞાતા હોય છે અને તેમાં ઉપયોગ પરિણામથી યુકત હોય છે, તે સાધુ આદિને આગમની અપેક્ષાએ ભાવશ્રુત કહે છે. શ્રુતમાં ઉપયોગ રૂપ પરિણામના સદ્ભાવને લીધે તે સાધુ આદિમાં ભાવતા હોય છે શ્રુતના અર્થજ્ઞાનના સદ્ભાવને લીધે તે સાધુ આદિમાં આગમતાનો પણ સદ્ભાવ હોય છે. આ પ્રકારનું (से तं आगमओ भावसुयं) આગમને આશ્રિત કરીને ભાવશ્રુતનું સ્વરૂપ છે, એમ સમજવું ॥ સૂ૦ ૪૦ ॥

હવે સૂત્રકાર નોઆગમ ભાવશ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

"से किं तं नोआगमओ भावसुय" ઇત્યાદિ-

શબ્દાર્થ-(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! નોઆગમનો આશ્રય લઈને ભાવશ્રુતનું કેવું સ્વરૂપ કહ્યું છે-

ઉત્તર-(**नोआगमओ भावसुयं दुविहं पण्णत्तं**) નોઆગમની અપેક્ષાએ ભાવશ્રુતના બે પ્રકાર કહ્યા છે. (**तंजहा**), તે પ્રકારો નીચે પ્રમાણે છે—(**लोइयं, लोगुत्तरियं**) (૧) લૌકિક અને (૨) લોકોત્તરિક આ સૂત્રની વ્યાખ્યા પહેલાં આવશ્યક સૂત્રમાં કહ્યા અનુસાર સમજવી. ॥ સૂ. ૪૧ ॥

હવે સૂત્રકાર નોઆગમ લૌકિક ભાવશ્રુતના સ્વરૂપનું નિરૂપણ કરે છે-

"**से किं त**" ઇત્યાદિ—

શબ્દાર્થ-(**से**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! (**नोआगमओ**) નોઆગમને આશ્રિત કરીને (**तं**) પૂર્વપ્રસ્તુત વિષયરૂપ (**लोइयं भावसुयं?**) લૌકિક ભાવશ્રુતનું (**किं**) કેવું સ્વરૂપ છે ?

ઉત્તર—(**नोआगमओ**) નોઆગમને આશ્રિત કરીને (**लोइयं भावसुयं**) લૌકિક ભાવતશ્રુતનું આ પ્રકારનું સ્વરૂપ કહ્યું છે.

(**जं इमं अण्णाणिएहिं मिच्छादिट्ठिएहिं सच्छंदबुद्धिमइ विगप्पियं**) અજ્ઞાની મિથ્યાદૃષ્ટિઓ વડે પોતાની સ્વચ્છંદ બુદ્ધિ અને મતિથી રચેલા શ્રુતને 'લૌકિક ભાવશ્રુત' કહે છે ઇહા અને અવગ્રહરૂપ વિચારધારાનું નામ બુદ્ધિ છે, તથા અવાય અને ધારણારૂપ વિચારધારાનું નામ મતિ છે. સર્વજ્ઞ કેવળી ભગવાનો દ્વારા કથિત અર્થથી વિરૂદ્ધ અભિપ્રાયવાળી બુદ્ધિ અને મતિથી જે શાસ્ત્રોનું ગ્રથન (રચનારૂપ ગ્રથન) કરાયું હોય છે, તે શાસ્ત્રોને લૌકિક ભાવશ્રુત કહે છે (**तंजहा**) એવાં લૌકિક ભાવશ્રુતોનાં નામ નીચે પ્રમાણે છે.

(**भारहं रायायणं, भीमासुरुक्कं कोडिल्लयं घोडयमुहं**) મહાભારત, રામાયણ; ભીમાસુર રચિત શાસ્ત્ર, કૌટિલ્ય (ચાણાક્ય) રચિત અર્થશાસ્ત્ર, ઘોટકમુખ નામનું શાસ્ત્ર, (**सगडभद्दियाओ**) શકટ ભદ્રિકા નામનું શાસ્ત્ર, (**कप्पासिकं**) કાર્પાસિક નામનું શાસ્ત્ર, (**णागसुहुमं**) નાગસૂક્ષ્મ નામનું શાસ્ત્ર, (**कणगसत्तरी**) કનક સપ્તતિ નામનું શાસ્ત્ર, (**वेसियं**) કામશાસ્ત્રનું પ્રકરણ વિશેષ, (**वेइसेसियं**) વૈશેષિક શાસ્ત્ર, (**बुद्धसासणं**) ત્રિપિટક રૂપ બૌદ્ધોનું ધર્મશાસ્ત્ર, (**कविलं**) કપિલનું સાંખ્યદર્શન નામનું શાસ્ત્ર, (**लोगासुइयं**) ચાર્વાક દર્શન, (**सट्ठितंतं**) ષષ્ટિતંત્ર સાંખ્ય શાસ્ત્રનો ગ્રંથવિશેષ, (**माठर**) માઠર નિર્મિત શાસ્ત્ર વિશેષ, (**पुराणं**) પુરાણ (**वागरणं**) વ્યાકરણ, (**नाडगाइं**) દૃશ્યકાવ્ય અને શ્રાવ્યકાવ્ય, (**अहवा**) અથવા (**बावत्तरिकलाओ**) ૭૨ કલાઓ, (**संगोवंगा चत्तारि वेदा**) અંગ અને ઉપાંગયુકત ચારે વેદ આ બધાને લૌકિકભાવશ્રુત કહે છે. ૭૨ કલાઓનું વર્ણન સમવાયાંગ આદિ સૂત્રોમાં કરવામાં આવ્યું છે. વેદોના છ અંગ નીચે પ્રમાણે છે શિક્ષા, કલ્પ, વ્યાકરણ, નિરુક્ત છન્દ અને જ્યોતિષ અને તેમની વ્યાખ્યા રૂપ જે ગ્રંથો છે તેમને ઉપાંગ કહે

છે. ચાર વેદના નામ આ પ્રમાણે છે ઋગ્વેદ, સામવેદ, યજુર્વેદ અને અથર્વવેદ લોકમાં મહાભારત, રામાયણ આદિને આગમ-શાસ્ત્ર રૂપે માનવામાં આવે છે, તેથી તેમાં આગમતાનો સદ્ભાવ છે, અને તે શાસ્ત્રોમાં જે ક્રિયાઓનું વર્ણન કરવામાં આવ્યું છે તે ક્રિયાઓ આચારરૂપ નહીં હોવાથી અનાગમરૂપ છે. આ રીતે મહાભારત આદિ ગ્રન્થોમાં તદુકત ક્રિયાઓની અપેક્ષાએ નોઆગમતા આવી જાય છે. લોકપ્રસિદ્ધિની અપેક્ષાએ તે ગ્રન્થોમાં શ્રુતતાનો સદ્ભાવ છે. તેથી તે શાસ્ત્રોને નોઆગમ લૌકિક ભાવશ્રુત રૂપ કહેવામાં આવ્યાં છે તે શાસ્ત્રગ્રન્થોમાં સૂત્રકારે જે ભાવશ્રુતતા પ્રકટ કરી છે તે તેમના તે શ્રુતોમાં ઉપયોગદેપ પરિણામની યુકત્તતા (સંલગ્નતા)ને કારણે જ પ્રકટ કરવામાં આવેલ છે, એમ સમજવું. શબ્દાત્મક જે મહાભારત, રામાયણ આદિ છે, તેમને તો ભાવશ્રત ગણી શકાય જ નહીં કારણ કે "उपयोगो भावनिक्षेपः" ઉપયોગને જ ભાવનિક્ષેપ કહે છે. આ પ્રકારનું સિદ્ધાન્તોનું વચન છે. (से तं लोइयं नोआगमओ भावसुयं) આ પ્રકારનું નોઆગમ લૌકિક ભાવશ્રુતનું સ્વરૂપ સમજવું.

'अज्ञानिक' અજ્ઞાની પદમાં જે 'અ' ઉપસર્ગ છે, તે નકારવાચક નથી

लोकोत्तरीयनो आगमसे भावश्रुतका निरुपण

પણ અલ્પાર્થક છે. તેથી અજ્ઞાની એટલે અલ્પજ્ઞાનવાળા, આ પ્રકારનો અર્થ અહીં સમજવો એવો અલ્પજ્ઞાની તો સમ્યક્ દૃષ્ટિ જીવ પણ હોઇ શકે છે, તેથી અહીં સમ્યક્દૃષ્ટિ અલ્પજ્ઞાનવાળાની નિવૃત્તિને નિમિત્તે સૂત્રકારે મિથ્યાદૃષ્ટિ વિશેષણનો પણ પ્રયોગ કર્યો છે. ॥ સૂ. ૪૨ ॥

હવે સૂત્રકાર નોઆગમ લોકોત્તરિક ભાવશ્રતનું નિરૂપણ કરે છે—

"से तं लोउत्तरियं" ઇત્યાદિ–

શબ્દાર્થ–(से) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! (नोआगमओ) નોઆગમ ભાવશ્રુતના બીજા ભેદરૂપ (तं लोउत्तरिय भावसुयं किं) પૂર્વપ્રસ્તુત લોકોત્તરિક ભાવશ્રુતનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(नोआगमओ) નોઆગમનો આશ્રય લઈને (लोउत्तरियं भावसुयं) લોકોત્તરિક ભાવશ્રતનું સ્વરૂપ આ પ્રકારનું છે.

"उप्पण्ण णाणदंसणधरेहिं" જ્ઞાનવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલા કેવળજ્ઞાન અને કેવળદર્શનરૂપ ઉપયોગને ધારણ કરનારા, 'तीयपच्चुप्पणमणागयजाणएहिं" અતીત (ભૂતકાલિક), પ્રત્યુત્પન્ન (વર્તમાન કાલિક). અને અનાગત (ભવિષ્યકાલીક) પદાર્થોને જાણનારા, (सव्वण्णूहिं) સમસ્ત દ્રવ્યો અને તેમની ત્રિકાળવર્તી પર્યાયોના જ્ઞાતા (सव्वदरिसीहिं) કેવળ દર્શનથી એકેન્દ્રયાદ સમસ્ત ત્રસ અને સ્થાવરરૂપ

જગતને જોઈ શકવાના સ્વભાવવાળા, (तिलुक्कवहियमहियपूइएहिं) ત્રણ લોકવર્તી ભવનપતિ, વ્યન્તર, નર, કિન્નર, વિદ્યાધર, જ્યોતિષિક, વૈમાનિક આદિના સમૂહથી અવલોકિત, અમંદ આનંદા શ્રુઓથી પરિપ્લુત લોચનો દ્વારા નિરીક્ષિત થતી મહિત– યથાવસ્થિત ગુણોના કીર્તનરૂપ ભાવસ્તવનથી સંસ્તુત (સ્તવિત) થતાં, પૂજાતાં-વન્દનાદિરૂપ કાયિક ક્રિયાવડે સત્કારિત થતાં, (अप्पडियवरनाणदंसण धरेहिं) તથા અપ્રતિહત સમસ્ત આવરણોના ક્ષયથી ઉત્પન્ન થયેલું હોવાને કારણે મૂર્ત અને અમૂર્ત સકળ વસ્તુઓ કટ, કુડય (કટ એટલે ચટ્ટાઇ અને કુડય એટલે ભીંત) આદિથી પણ અસ્ખલિત અથવા અવિસંવાદી એવા શ્રેષ્ઠ કેવળજ્ઞાન અને કેવળદર્શનના ધારક (अरिहंतेहिं भगवंतेहिं) અર્હંત ભગવંતો દ્વારા (दुवालसंगं) આચારાંગ આદિ બાર અંગવાળું (जं इयं) જે આ (गणिपिडगं पणीयं) ગણિપિટક પ્રરૂપત થયું છે, તે લોકોત્તર તીર્થંકરો દ્વારા પ્રણીત હોવાને કારણે લોકોત્તરિક ભાવશ્રુતરૂપ છે. (तं जहा) તે દ્વાદશ (બાર) અંગોના નામ નીચે પ્રમાણે છે-(आयारो) (૧) આચારાંગ, (सगडा) (૨) સૂત્રકૃતાંગ. (ठाणं) (૩) સ્થાનાંગ, (समवाओ) (૪) સમવાયાંગ. (विवाह पण्णत्ती) (૫) વિવાહ પ્રજ્ઞપ્તિ (ભગવતી સૂત્ર) (नाया धम्मकहाओ) (૬) જ્ઞાતા ધર્મકથા. (उवासगदसाओ) (૭) ઉપાસકદશાંગ. (अंतगडदसाओ) (૮) અન્તકૃતદશાંગ. (अणुत्तरोववाइयदसाओ) (૯) અનુત્તરોપપાતિકદશાંગ. (पण्हावागरणाइं) (૧૦) પ્રશ્નવ્યાકરણ. (विवागसुयं) (૧૧) વિપાકશ્રુત અને 'दिट्ठिवाओ य' (૧૨) દૃષ્ટિવાદ. આ બારે અંગોના અર્થમાં જે ઉપયોગરૂપ પરિણામ છે તેનું નામ ભાવશ્રુત છે. કારણ કે "उपयोगो भावनिक्षेपः" આ પ્રકારનું સિદ્ધાન્તનું વચન છે. આ ઉપયોગ રૂપ પરિણામ જો ચરણગુણ–ચરિત્રગુણથી યુક્ત હોય તો તે નોઆગમની અપેક્ષાએ ભાવશ્રુત છે, કારણ કે ચરણગુણ ક્રિયારૂપ હોય છે, અને ક્રિયા આગમરૂપ હોતી નથી. આ પ્રકારે અહીં 'નો' પદ એકદેશની અપેક્ષાએ આગમનું નિષેધક હોવાથી દેશપ્રતિષેધકતા ઘટિત થઈ જાય છે. જો કે ઉપયોગ અને ચારિત્રગુણથી યુક્ત થયેલા સાધુ આદિ પણ અભેદોપચારથી ભાવશ્રુત હોઇ શકે છે, પરન્તુ અહીં જે દ્વાદશાંગરૂપ ગણિપિટકને નોઆગમની અપેક્ષાએ ભાવશ્રુત કહ્યું છે તે દ્વાદશાંગના ચારિત્રગુણ સમન્વત ઉપયોગની અપેક્ષાએ જ કહેવામાં આવ્યું છે, એમ સમજવું જોઇએ, કારણ કે શબ્દાત્મક જે દ્વાદશાંગ છે તે ઉપયોગ રૂપ હોતું નથી. તેથી તેમાં ઉપયોગ રૂપતાનો અભાવ હોવાને કારણે ભાવશ્રુતતા સંભવી શકતી નથી. (से तं नोआगमओ भावसुयं) આ પ્રકારનું નોઆગમને આશ્રિત કરીને લોકોત્તરિક ભાવશ્રુત નામના નોઆગમ ભાવશ્રુતના ત્રીજા ભેદનું સ્વરૂપ સમજવું (से तं भावसुयं) આ પ્રકારે સૂત્રકારે ભાવશ્રુતના ભેદોની અહીં સુધીમાં પ્રરૂપણા કરી છે આ રીતે ભાવશ્રુતનું વર્ણન અહીં સમાપ્તથાયછે.॥સૂ૦૪૩॥

ભાવશ્રુતકે પર્યાયકા નિરુપણ

હવે સૂત્રકાર ભાવશ્રુતના પર્યાયવાચી શબ્દોનું કથન કર છે—

"तस्सणं इमे" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**तस्सणं इमे णामाघोसा णाणावंजणा एगट्ठिया नामधेज्जा भवंति**) તે શ્રુતના, ઉદાત્ત અનુદાત્ત આદિ વિવિધ સ્વરોથી યુકત અને ક્કાર આદિ અનેકવ્યંજનોથી યુકત એકાર્થવાચક નામો છે. (**तंजहा**) તે નામો નીચે પ્રમાણે છે-

(**सुयसुत्तगंथसिद्धंतसासणे आणवयण उवएसे पन्नवण आगमे वि य एगट्ठा पज्जवा सुत्ते**) (૧) શ્રુત-ગુરુની સમીપે તેનું શ્રવણ કરવામાં આવે છે, તે કારણે તેનું નામશ્રુત છે. (૨) સૂત્ર-અર્થોની સૂચના તેના દ્વારા મળે છે તેથી તેનું બીજું નામ સૂત્ર છે.

(૩) ગ્રન્થ-તીર્થંકરો રૂપ કલ્પવૃક્ષના વચનરૂપી પુષ્પોનું તેમાં ગ્રથન થયેલું હોવાથી તેનું નામ ગ્રન્થ છે. (૪) સિદ્ધાંત પ્રમાણપ્રતિષ્ઠિત અર્થને તે પ્રમાણભૂતની કોટિમાં સ્થાપિત કરી દે છે તેથી તેનું નામ સિદ્ધાંત છે. (૫) શાસન મિથ્યાત્વ, અવિરતિ, કષાય આદિમાં પ્રવૃત્ત થયેલી વ્યકિતઓને તેનાથી દૂર રહેવાની શિક્ષા તે આપે છે, તેથી તેનું પાંચમું નામ શાસન છે (૬) આજ્ઞા-તેના દ્વારા મનુષ્ય આદિને અમુક આજ્ઞાઓ આપવામાં આવે છે, તેથી તેનું છઠું નામ આજ્ઞા છે. (૭) વચનવાણી દ્વારા તેને સ્પષ્ટ કરવામાં આવે છે, તેથી તેનું નામ વચન છે. (૮) ઉપદેશ-તેના દ્વારા જીવોને ઉપાદેયોમાં પ્રવૃત્ત થવાની અને અનુપાદેય (હેય પદાર્થો)થી નિવૃત્ત થવાની શિક્ષા (ઉપદેશ) મળે છે, તેથી તેનું આઠમું નામ ઉપદેશ છે. (૯) પ્રજ્ઞાપના-તેના દ્વારા, જીવાદિક પદાર્થો જે રૂપે વર્તમાનમાં છે એજ રૂપે પ્રજ્ઞાપિત કરવામાં આવે છે એટલે કે જીવાદિક સમસ્ત પદાર્થોના યથાર્થ સ્વરૂપને પ્રજ્ઞાપિત કરવામાં આવે છે, તેથી તેનું નામ પ્રજ્ઞાપના છે. (૧૦) આગમ-આચાર્ય પરમ્પરાથી તે ચાલ્યું આવે છે, તેથી તેનું નામ "આગમ" છે. આ બધા શ્રુતના

સ્કન્ધીકાર કા નિરુપણ

પર્યાયવાચી શબ્દો છે, એમ સમજવું જોઈએ. (**से तं सुयं**) આ પ્રકારે અહીં શ્રુતનું નિરૂપણ સમાપ્ત થાય છે. ॥ સૂ૦ ૪૪ ॥

હવે સૂત્રકાર '**खंधं निक्खिविस्सामि**" આ કથન અનુસાર સ્કન્ધાધિકારનો પ્રારંભ કરે છે—'**से किं तं खंधे**" ઇત્યાદિ-

શબ્દાર્થ-(**से किं खंधे?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! સ્કન્ધનું કેવું સ્વરૂપ હોય છે?

ઉત્તર-(**खंधे चउव्विहे पण्णत्ते**) સ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કરવા નિમિત્તે તેના ચાર પ્રકાર કહ્યા છે. (**तंजहा**) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(**नामखंधे, ठवणाखंधे, दव्वखंधे, भावखंधे**) (૧) નામસ્કન્ધ, (૨) સ્થાપનાસ્કન્ધ, (૩) દ્રવ્યસ્કન્ધ અને (૪) ભાવસ્કન્ધ સ્કન્ધ શબ્દનો અર્થ "પુદ્ગલ પરમાણુઓના સંશ્લેષ" સમજવો આ સૂત્રની વ્યાખ્યા આગળ કહેલી વ્યાખ્યા પ્રમાણે સમજવી.

ભાવાર્થ–જેમાં રૂપ, ગંધ, રસ અને સ્પર્શનો સદ્ભાવ હોય છે, તેનું નામ પુદ્ગલ છે. તે પુદ્ગલના બે ભેદ કહ્યા છે-(૧) અણુ અને (૨) સ્કન્ધ ભલે ગમે તેટલા પ્રકારના પુદ્ગલો હોય પણ તે બધાંનો આ બે ભેદોમાં સમાવેશ થઇ જાય છે.

જે પુદ્ગલ દ્રવ્ય અતિ સૂક્ષ્મ હોય છે, જેના વિભાગ થઇ શકતા નથી, અને તે કારણે જે પોતે જ પોતાના આદિરૂપ, પોતાના અન્તરૂપ અને પોતાના મધ્યરૂપ હોય છે, જે બે સ્પર્શ, એક રસ, એક ગંધ અને એક વર્ણથી યુકત હોય છે, એવાં પુદ્ગલ દ્રવ્યને પરમાણુ કહે છે. જો કે પુદ્ગલ સ્કન્ધમાં સ્નિગ્ધ અને કઠોર આ બે સ્પર્શોમાંનો એક સ્પર્શ, શીત અને ઉષ્ણ, આ બેમાંથી એક, મૃદુ અને કઠોર આ બે સ્પર્શમાંથી એક લઘુ અને ગુરુ, આ બેમાંથી એક, એમ ચાર સ્પર્શોનો સદ્ભાવ હોય છે, પરન્તુ પરમાણુ અતિ સૂક્ષ્મ હોવાને લીધે તેમાં મૃદુ, કઠોર, લઘુ અને ગુરુ, આ ચાર સ્પર્શોના સદ્ભાવનો તો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી. તેથી તેમાં માત્ર બે સ્પર્શોનો જ સદ્ભાવ માનવામાં આવ્યો છે. તે પરમાણુમાંથી અન્ય દ્વયણુક (બે અણુવાળા) આદિ સ્કન્ધ બને છે. તેથી સ્કન્ધો બનાવવામાં તે કારણભૂત બને છે–કાર્યભૂત બનતું નથી. જો કે દ્વયણુક આદિ સ્કન્ધોનો વિભાગ થવાથી પરમાણુની ઉત્પત્તિ થતી જોવામાં આવે છે, તેથી તે પણ કયારેક કાર્યરૂપ બને છે. પરન્તુ મૌલિક રૂપે પુદ્ગલની તે સ્વાભાવિક દશા છે, તેથી વસ્તુતઃ તે કોઈના કાર્યરૂપ નથી. તે પરમાણુનું જ્ઞાન ઇન્દ્રિયોથી થતું નથી, પરન્તુ કાર્યલિંગ દ્વારા તેનો અનુમાન જ્ઞાનથી બોધ થાય છે. બે અથવા બેથી વધારે પરમાણુઓના સંશ્લેષથી સ્કન્ધ બને છે, દ્વયણુક સ્કન્ધ તો પરમાણુઓના સંશ્લેષથી જ બને છે, પણ ત્રયણુક (ત્રણ અણુવાળો) આદિ સ્કન્ધો પરમાણુઓના સંશ્લેષથી પણ બને છે અથવા વિવિધ સ્કન્ધોના સંશ્લેષથી પણ બને છે. તેથી દ્વયણુક સ્કન્ધ સિવાયના બાકીના બધાં સ્કન્ધો પરસ્પર કાર્ય પણ છે અને કારણ પણ છે–જે સ્કન્ધોમાંથી તેઓ બને છે તે સ્કન્ધોના કાર્યરૂપ અને જે સ્કન્ધોને તેઓ બનાવે છે તેમના કારણરૂપ છે, એમ સમજવું. ॥ સૂ૦ ૪૫ ॥

"नामट्ठवणाओ पुव्वभणियाणुक्कमेण भाणियव्वाओ" ઇત્યાદિ—

શબ્દાર્થ—(नामट्ठवणाओ पुव्वभणियाणुक्कमेण भाणियव्वाओ) નામસ્કન્ધ અને સ્થાપનાસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ નામ આવશ્યક અને સ્થાપના આવશ્યકના સ્વરૂપનું પ્રતિપાદન કરનારાં સૂત્રો પ્રમાણે જ સમજવું નહીં. એટલી જ વિશેષતા સમજવાની છે કે નામ આવશ્યકને બદલે નામસ્કન્ધ અને સ્થાપના સ્કન્ધ સૂત્રોનું કથન થવું જોઇએ. ॥ સૂત્ર ૪૬ ॥

દ્રવ્યસ્કન્ધ કા નિરુપણ

હવે સૂત્રકાર દ્રવ્યસ્કન્ધનું નિરૂપણ કરે છે-

"से किं तं दव्वखंधे" ઇત્યાદિ —

શબ્દાર્થ-(से) શિષ્ય ગુરૂને એવો પ્રશ્ન પૂછે છે કે (तं) પૂર્વ પ્રસ્તુત (**दव्वखंधे**) દ્રવ્યસ્કન્ધનું (किं) કેવું સ્વરૂપ છે?

ઉત્તર—(**दव्वखंधे दुविहे पण्णत्ते**) દ્રવ્યસ્કન્ધ બે પ્રકારના કહ્યા છે (**तं जहा**) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે—(૧) (**आगमओ य, नोआगमओय**) (૧) આગમની અપેક્ષાએ દ્રવ્યસ્કન્ધ અને (૨) નોઆગમની અપેક્ષાએ દ્રવ્યસ્કન્ધ.

(**से किं तं आगमओ दव्वखंधे?**) હે ભગવન્! આગમને આશ્રિત કરીને દ્રવ્યસ્કન્ધનું કેવું સ્વરૂપ છે?

ઉત્તર—(**आगमओ दव्वखंधे जस्सणं खंधे त्ति पयं सिक्खियं सेसं जहा दव्वावस्सए तहा भाणियव्वं**) આગમની અપેક્ષાએ આગમને આશ્રિત કરીને દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ આ પ્રકારનું છે—" જે સાધુએ 'સ્કન્ધ' આ પદના અર્થને ગુરુની સમીપે શીખી લીધો છે," અહીંથી શરૂ કરીને **"ठिअं जिअं"** આદિ દ્રવ્યાવશ્યક સૂત્રમાં આવેલા પદોને અહીં પણ ગ્રહણ કરવા જોઇએ. તે પદોનો જે પ્રકારનો અર્થ દ્રવ્યાવશ્યક સૂત્રમાં કરવામાં આવ્યો છે, તે પ્રકારનો અર્થ અહીં પણ ગ્રહણ થવો જોઇએ. આ પ્રકારે સ્કન્ધ સંબંધી **"अथ कोऽसौ ज्ञायकशरीरभव्यशरीरव्यतिरिक्तो द्रव्यस्कन्धः"** અહીં સુધીનું ગ્રહણ થવું જોઇએ.

(**जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वखंधे तिविहे पण्णत्ते**) જ્ઞાયકશરીર અને ભવ્યશરીર વ્યતિરિક્ત (થી ભિન્ન) દ્રવ્યસ્કન્ધ ત્રણ પ્રકારનો કહ્યો છે. (**तं जहा**) તે પ્રકારો આ પ્રમાણે છે—

(**सचित्ते अचित्त मीसए**) (૧) સચિત્ત (૨) અચિત્ત અને (૩) મિશ્ર.

ભાવાર્થ—શિષ્ય ગુરુ મહારાજને એવો પ્રશ્ન પૂછે છે કે 'હે ભગવન્! દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ કેવું છે?" ત્યારે ગુરુ તેને તે સમજાવવા માટે ભેદ પ્રભેદપૂર્વક તેના સ્વરૂપનું નીચે પ્રમાણે નિરૂપણ કરે છે.

તેઓ તેને કહે છે કે દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ બે પ્રકારે નિર્ધારિત કરી શકાય છે

(૧) આગમને આશ્રિત કરીને અને (૨) નો આગમને આશ્રિત કરીને.

આગમનો આધાર લઇને દ્રવ્યસ્કન્ધનું કેવું સ્વરૂપ છે તે હવે સમજાવવામાં આવે છે. ૧૪માં સૂત્રમાં આગમનો આધાર લઇને દ્રવ્યાવશ્યકનું જેવું સ્વરૂપ કહેવામાં આવ્યું છે. એવું જ આગમને આશ્રિત કરીને દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ સમજવું. આ કથનનો સંક્ષિપ્ત સારાંશ નીચે પ્રમાણે સમજવો.

જે સાધુ આદિએ સ્કન્ધના સ્વરૂપનું પ્રતિપાદન કરનારા શાસ્ત્રને સારી રીતે જાણી લીધું છે, પરન્તુ તે તેમાં ઉપયોગ પરિણામથી રહિત છે, એવો તે સાધુ આગમની અપેક્ષાએ દ્રવ્યસ્કંધ રૂપ છે. નોઆગમની અપેક્ષાએ દ્રવ્યસ્કન્ધના ત્રણ પ્રકાર કહ્યા છે (૧) જ્ઞાયકશરીર દ્રવ્યસ્કન્ધ, (૨) ભવ્યશરીર દ્રવ્યસ્કન્ધ અને (૩) ઉપર્યુંકત બન્નેથી વ્યતિરિકત (ભિન્ન એવો) દ્રવ્યસ્કન્ધ આ ત્રણ પ્રકારોમાંના પહેલા બે પ્રકારોનું સ્વરૂપ સૂત્ર ૧૭ ૧૮ અને ૧૯માં સૂત્રમાં કહ્યા અનુસાર જ સમજવું જોઇએ. ત્યાં 'આવશ્યક' શબ્દની જગ્યાએ "સ્કન્ધ" શબ્દ મૂકવાથી સ્કન્ધ વિષયક કથન બની જશે. તે સૂત્રોનો સારાંશ નીચે પ્રમાણે છે સ્કન્ધશાસ્ત્રના જ્ઞાતાનું જે નિર્જીવ શરીર છે તે નોઆગમની અપેક્ષાએ જ્ઞાયકશરીર દ્રવ્યસ્કન્ધ રૂપ છે, તથા જે જીવ ગૃહીત શરીર દ્વારા ભવિષ્યમાં સ્કન્ધશાસ્ત્રનો જ્ઞાતા બનવાનો છે, તેના શરીરને નોઆગમ ભવ્યશરીર દ્રવ્યસ્કન્ધ રૂપ સમજવું.

હવે આ બન્નેથી વ્યતિરિકત (ભિન્ન) જે દ્રવ્યસ્કન્ધ છે, તેનું સ્વરૂપ સમજા-

द्रव्यस्कन्धके सचित्तरुप प्रथमभेद का निरुपण

વવામાં આવે છે તેના નીચે પ્રમાણે ત્રણ ભેદ કહ્યા છે (૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્ર. ॥ સૂ૦ ૪૭ ॥

હવે સૂત્રકાર સચિત્ત રૂપ પહેલા ભેદની પ્રરૂપણા કરે છે.

"से किं तं सचित्ते दव्वखंधे" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं सचित्ते दव्वखंधे?)

શિષ્ય ગુરુ મહારાજને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભદન્ત! નોઆગમ જ્ઞાયકશરીર અને ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યસ્કન્ધના પ્રથમ ભેદરૂપ સચિત્ત દ્રવ્યસ્કન્ધનું કેવું સ્વરૂપ કહ્યું છે.

ઉત્તર—(सचित्ते दव्वखंधे अणेगविहे पण्णत्ते) સચિત્ત દ્રવ્યસ્કન્ધ અનેક પ્રકારનો કહ્યો છે. (तंजहा) જેમ કે (हयखंधे, गयखंधे, किन्नरखंधे, किंपुरिस-

खंधे, महोरगखंधे, गंधव्वखंधे, उसभखंधे,) હયસ્કન્ધ, ગજસ્કન્ધ, કિન્નરસ્કન્ધ. કિંપુરુષસ્કન્ધ, મહોરગસ્કન્ધ, ગંધર્વસ્કન્ધ, અને વૃષભસ્કન્ધ.

ચેતના, સંજ્ઞાન, ઉપયોગ, અવધાન, મન, અને વિજ્ઞાન આ બધા ચિત્તના પર્યાયવાચી શબ્દો છે. આ ચિત્તથી જે યુકત હોય છે તેને સચિત્ત કહે છે. આ સચિત્તસ્કન્ધ વ્યકિતભેદની અપેક્ષાએ અનેક પ્રકારના છે. હય એટલે ઘોડો તે પુદ્ગલ પરમાણુઓની એક વિશિષ્ટ પર્યાય રૂપ છે. તેથી તે સ્કન્ધરૂપ છે. એજ પ્રમાણે ગજાદિ સ્કન્ધોના વિષયમાં સમજવું.

કિન્નરથી લઇને વ્યન્તર પર્યન્તના સ્કન્ધો વ્યન્તર દેવોના ભેદરૂપ છે. વૃષભ એટલે બળદ. જીવોનો ગૃહીત શરીરની સાથે અમુક રૂપે અભેદ છે, છતાં પણ સચિત્ત દ્રવ્યસ્કન્ધનો અધિકાર ચાલતો હોવાથી અહીં તે તે પર્યાયોમાં રહેલા જીવોમાં જ પરમાર્થઃ (સ્વભાવતઃ) સચેનતા હોવાને લીધે તે હયાદિ સંબંધી જીવો જ વિવક્ષિત થયા છે તેમાં અધિષ્ઠિત (તદધિષ્ઠિત) શરીરની વિવક્ષા અહીં થઈ નથી.

શંકા–આપ અહીં જીવોમાં જે સ્કન્ધતાનું પ્રતિપાદન કરતં કથન કરી રહ્યા છો તે કથન ઉચિત લાગતું નથી, કારણ કે જે પુદ્ગલપ્રચય રૂપ હોય તેમાં જ સ્કન્ધતા ઘટાવી શકાય છે જીવમાં સ્કન્ધતા ઘટાવી શકાતી નથી કારણ કે તે પુદ્ગલપ્રચય રૂપ નથી.

ઉત્તર "પુદ્ગલપ્રચયમાં જ સ્કન્ધતા ઘટિત થાય છે, એવી કોઇ એકાન્તિક વાત જ અહીં પ્રતિપાદિત થઈ નથી. પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશયુકત હોય છે. તે દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તેમાં સ્કન્ધતા સુપ્રતીત થાય છે. તેથી પુદ્ગલ-પ્રચય રૂપ નહીં હોવા છતાં પણ અસંખ્યાત પ્રદેશાત્મકતા રૂપ પ્રચયવાળો હોવાને કારણે જીવમાં સ્કન્ધતા સુઘટિત જ છે?

શંકા—હયસ્કન્ધ આદિ સ્કન્ધોમાંથી કોઇ પણ એક સ્કન્ધના ઉદાહરણ દ્વારા સચિત્ત દ્રવ્યસ્કન્ધનું પ્રતિપાદન કરી શકાય એમ છે. છતાં અહીં અનેક ઉદાહરણો આપવા પાછળ સૂત્રકારનો શો હેતુ રહેલો છે.

ઉત્તર–આત્માદ્વૈતવાદનું નિરાકરણ કરવાને માટે ભિન્ન ભિન્ન સ્વરૂપવાળા વિજાતીયસ્કન્ધોની અનેકતાની અપેક્ષાએ સૂત્રકારે આ ઉદાહરણો બતાવ્યા છે. જો માત્ર અદ્વૈતવાદનો જ સ્વીકાર કરવામાં આવે, તો સિદ્ધ અને સંસારીનો જે વ્યવ-હાર છે તેના ઉચ્છેદનો પ્રસંગ પ્રાપ્ત થશે.

અચિત્તદ્રવ્ય સ્કન્ધકા નિરુપણ

(से तं दव्वखंधे) આ પ્રકારે સચિત દ્રવ્યસ્કન્ધના સ્વરૂપનું વર્ણન અહીં સમાપ્ત થાય છે ॥ સૂ૦ ૪૮ ॥

હવે સૂત્રકાર અચિત્ત દ્રવ્યસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं अचित्त दव्वखंधे" ઇત્યાદિ–

શબ્દાર્થ–(से किं तं अचित्ते दव्वखंधे?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન કરે છે કે હે ભગવન્! પૂર્વપ્રસ્તુત અચિત્ત દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अचित्ते दव्वखंधे अणेगविहे पण्णत्ते) અચિત્તદ્રવ્યસ્કન્ધ અનેક પ્રકારનો કહ્યો છે. (तं जहा) જેમ કે...

(दुपएसिए, तिपएसिए जाव दसपएसिए, संखेज्जपएसिए, असंखेज्जपए-सिए, अणंतपएसिए) બે પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ. ત્રણ પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ. એજ પ્રમાણે દસ સુધીના પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ, સંખ્યાત

પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ, અસંખ્યાત પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ, અને અનંત પ્રદેશવાળો અચિત્ત દ્રવ્યસ્કન્ધ **'प्रकृष्टः देशः प्रदेशः''** આ વ્યુત્પત્તિ અનુસાર સૌથી અલ્પ પરિમાણુવાળો પુદ્ગલાસ્તિકાયનો જે દેશ છે તેનું નામ પ્રદેશ પરમાણું છે સંખ્યાત. અસંખ્યાત અને અનન્ત પ્રદેશવાળા પુદ્ગલાસ્તિકાયનો દેશ (અંશ) મૂળરૂપે પરમાણુ છે.

અનેક પરમાણુઓના મેળથી (સંયોગથી) દ્વયાદિ પ્રદેશી સ્કન્ધ બને છે. એક પુદ્ગલ પરમાણુ પણ વિવિધ સ્કન્ધોનું ઉત્પાદક હોવાને કારણે અસ્તિકાય રૂપજ છે.

ભાવાર્થ—અહીં સૂત્રકારે અચિત્ત દ્રવ્યસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. બે પ્રદેશી સ્કન્ધથી લઈને અનંત પ્રદેશી સ્કન્ધ પર્યન્તના જેટલા પુદ્ગલ સ્કન્ધો છે, તે બધાંને અહીં અચિત દ્રવ્યસ્કન્ધ રૂપે ગણાવવામાં આવ્યાં છે. બે પરમાણુ મળીને દ્વિપ્રદેશી સ્કન્ધ, ત્રણ પરમાણુ મળીને ત્રિપ્રદેશી સ્કન્ધ, અને એજ પ્રમાણે ચાર, પાંચ આદિ અનન્ત પર્યન્તના પરમાણુ મળીને ચાર પ્રદેશી, પાંચ પ્રદેશી આદિ અનન્ત પ્રદેશી પર્યન્તના સ્કન્ધો બને છે. તે બધાં સ્કન્ધો અચિત્ત દ્રવ્યસ્કન્ધોછે.॥સૂ૦૪૯॥

મિશ્રદ્રવ્યસ્કન્ધકા નિરુપણ

હવે સૂત્રકાર મિશ્ર દ્રવ્યસ્કન્ધનું નિરૂપણ કરે છે—

"से किं तं मीसए" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(से किं तं मीसए दव्वखंधे)** હે ભદન્ત! મિશ્ર દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ કેવું છે.

ઉત્તર-**(मीसए दव्वखंधे अणेगविहे पण्णत्ते)** મિશ્ર દ્રવ્યસ્કન્ધના અનેક પ્રકાર કહ્યા છે. **(तंजहा)** જેમ કે.....

सेणाए अगिमे खंधे, सेणाए मज्झिमे खंधे, सेणाए पच्छिमे खंधे, से तं मीसए दव्वखंधे) (૧) સેનાનો અગ્રિમ સ્કન્ધ, (૨) સેનાનો મધ્યમસ્કન્ધ અને (૩) સેનાનો પશ્ચિમ (અન્તિમ) સ્કન્ધ આ પ્રકારનું આ મિશ્ર દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ છે.

સચેતન અને અચેતન, આ બન્નેનું મિશ્રણ જેમાં થયેલું હોય છે તેને મિશ્ર કહે છે. સેના આ બન્નેના સંમિશ્રણરૂપ અવસ્થાથી સંપન્ન હોય છે. તેમાં હાથી, ઘોડા રથ, પાયદળ, કવચ, તલવાર, ભાલા, ધનુષ અને બાણ આદિ સચિત્ત અચિત્ત પદાર્થોનો સદ્ભાવ રહે છે, તેના સમુદાયને જ સેના કહે છે. તેમાં હાથી, ઘોડા, સૈનિકો આદિ સચેતન પદાર્થો હોય છે, અને તલવાર, કવચ, ભાલા આદિ અચેતન પદાર્થો પણ હોય છે. તેમાં સચેતન અને અચેતન, બન્નેનું સંમિશ્રણ રહે છે. તે કારણે તેને મિશ્ર દ્રવ્યસ્કન્ધ રૂપે અહીં પ્રકટ કરવામાં આવેલ છે.॥ સૂ. ૫૦ ॥

હવે સૂત્રકાર જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવા તદ્વ્યતિરિક્ત દ્રવ્યસ્કન્ધનું નિરૂપણ બીજી રીતે કરે છે—**"अहवा जाणयसरीरभवियसरीर"** ઇત્યાદિ—

શબ્દાર્થ—અથવા જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવા દ્રવ્યસ્કન્ધના ત્રણ પ્રકાર કહ્યા છે. **(तंजहा)** તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે-(૧) કૃત્સ્નસ્કંધ, અકૃત્સ્નસ્કંધ અને અનેક દ્રવ્યસ્કન્ધ તે ત્રણના સ્વરૂપનું નિરૂપણ હવે પછીના સૂત્રોમાં કરવામાં આવશે. ॥ સૂ. ૫૧ ॥

"से किं तं कसिणखंधे" ઇત્યાદિ–

શબ્દાર્થ–(से किं कसिणखंधे?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! કૃત્સ્ન દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(कसिणखंधे से चेव हयखंधे गयखंधे जाव उसभखंधे) હયસ્કન્ધ, ગજસ્કન્ધ આદિ વૃષભસ્કન્ધ પર્યન્તના જે સચિત્ર ૪૮માં સૂત્રમાં પ્રકટ કરવામાં આવ્યા છે, એ સચિત સ્કન્ધો જ કૃત્સ્ન દ્રવ્યસ્કન્ધ રૂપ છે પરિપૂર્ણ સ્કન્ધનું નામ કૃત્સ્ન સ્કન્ધ છે. આ સ્કન્ધમાં જીવની અપેક્ષાએ પ્રદેશોની પરિપૂર્ણતા રહે છે.

શંકા—સૂત્રકારે આ કૃત્સ્નસ્કન્ધમાં પણ અશ્વ વિગેરેના ઉદાહરણરૂપથી બતાવેલ છે, અને અચિત્ત દ્રવ્યસ્કન્ધમાં પણ તેમને જ ઉદાહરણરૂપે પ્રકટ કર્યા છે. તેમના આ કથનથી એજ વાત જાણવા મળે છે કે સચિત્ત દ્રવ્યસ્કન્ધને જ અહીં નામાન્તર દ્વારા (કૃત્સ્નસ્કન્ધ રૂપ અન્ય નામ દ્વારા) પ્રકટ કરવામાં આવેલ છે. તો સચિત્ત દ્રવ્યસ્કન્ધનું અહીં ફરીથી કૃત્સ્નદ્રવ્યસ્કન્ધને નામે વિવેચન કરવું તે યોગ્ય ગણાય નહીં.

ઉત્તર—સચિત્ત દ્રવ્યસ્કન્ધમાં અશ્વાદિ સંબંધી જીવોની જ તેમના શરીરથી તેમને પોતાની (સૂત્રકારની) બુદ્ધિ દ્વારા પૃથક (અલગ) કરી નાખીને-વિવક્ષા થઇ છે–તેમનાં શરીરની વિવક્ષા થઇ નથી. પરન્તુ આ કૃત્સ્નસ્કન્ધમાં જીવ અને જીવાધિષ્ઠિત શરીરાવયવ આ બન્ને રૂપ જે સમુદાય છે. તેની વિવક્ષા થઇ છે. આ રીતે અભિધેયના ભેદની અપેક્ષાએ સચિત્ત દ્રવ્યસ્કન્ધ અને આ કૃત્સ્ન દ્રવ્યસ્કન્ધમાં પરસ્પર ભેદ છે.

શંકા—આ પ્રકારનો ભેદ ભલે હોય, છતાં પણ હયસ્કન્ધમાં કૃત્સ્નતા ઘટિત થતી થી, કારણ કે હયસ્કન્ધ (અશ્વસ્કન્ધ) કરતાં ગજસ્કન્ધ ઘણો મોટો હોય છે.

ઉત્તર—એવું કથન યોગ્ય નથી, કારણ કે હયાદિસ્કન્ધોમાં અસંખ્યાત જીવ પ્રદેશો અને તે જીવ વડે અધિષ્ઠિત શરીરાવયવો બન્ને રૂપ સમુદાય વિવક્ષિત છે. એક જીવમાં અસંખ્યાત પ્રદેશો હોય છે. આ પ્રકારે અસંખ્યાત પ્રદેશીરૂપે જીવની સર્વત્ર તુલ્યતા (સમાનતા) છે. તેથી ગજાદિ સ્કન્ધોમાં અશ્વાદિ સ્કન્ધો કરતાં અધિકતા સિદ્ધ થતી નથી. (से तं कसिणखंधे) આ પ્રકારનું સ્કન્ધનું સ્વરૂપ છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા તદ્વ્યતિરિક્ત દ્રવ્યસ્કન્ધના ભેદોનું બીજી રીતે કથન કર્યું છે. તેમાંથી જે કૃત્સ્નસ્કન્ધ છે તેમાં તે તે જીવ અને તે તે (હય, ગજાદિ) જીવાધિષ્ઠિત શરીરાવયવ રૂપ સમુદાય વિવક્ષિત થયો છે. આવી રીતે હયસ્કન્ધ અને ગજાદિ સ્કન્ધ પોતપોતાને રૂપે પરિપૂર્ણ છે. તેથી તે સ્કન્ધને કૃત્સ્નસ્કન્ધ કહેવામાં આવેલ છે. આત્માને શાસ્ત્રકારોએ અસંખ્યાત પ્રદેશી કહ્યો છે. તે પ્રદેશ ભલે હયસ્કન્ધ હોય અથવા ભલે ગજસ્કન્ધ હોય બધામાં પૂર્ણ રહે છે એજ તેમની પોતપોતાના સ્કન્ધમાં પૂર્ણતા છે. સચિત્તદ્રવ્યસ્કન્ધમાં તે તે (અશ્વ, ગજ આદિ પ્રત્યેક) જીવાધિષ્ઠિ શરીર વિવક્ષિત થયું નથી, ત્યાં તો કેવળ તે તે શરીરમાં રહેલા જીવની જ વિવિક્ષા થઇ છે. આ પ્રકારનું કૃત્સ્નસ્કન્ધ અને સચિત્ત દ્રવ્યસ્કન્ધ વચ્ચેનું અંતર (તફાવત) સમજવું. ॥ સૂ. ૫૨ ॥

અકૃત્સ્નસ્કન્ધ કા નિરુપણ

હવે સૂત્રકાર અકૃત્સ્નસ્કન્ધનું નિરૂપણ કરે છે—

"से किं तं अकसिणखंधे" ઇત્યાદિ-

શબ્દાર્થ-(**से किं तं अकसिणखंधे?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ગુરુમહારાજ ! અકૃત્સ્ન સ્કન્ધનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(**अकिसिणखंधे सो चेव दुपएसियाइखंधे जाव अणंतपएसिए खंधे**) અકૃત્સ્નસ્કન્ધનું સ્વરૂપ આ પ્રકારનું છે જે દ્વિપ્રદેશિક આદિ સ્કન્ધોથી લઇને અનન્તપ્રદેશિક પર્યન્તના સ્કન્ધો છે, તે બધાં અકૃત્સ્નસ્કન્ધો છે. જે સ્કન્ધ કરતાં વધારે મોટો કોઇ બીજો સ્કન્ધ હોઇ શકે છે, તે સ્કન્ધ અપરિપૂર્ણ હોવાને કારણે અકૃત્સ્ન સ્કન્ધ ગણાય છે. દ્વિપ્રદેશીથી લઇને અનંત પ્રદેશી પર્યન્તના સમસ્ત સ્કન્ધો આ રીતે અપરિપૂર્ણ જ હોય છે. તેમાં અપરિપૂર્ણતા આ પ્રકારે સમજવી જોઇએ જે દ્વિપ્રદેશિક સ્કન્ધ હોય છે તે ત્રિપ્રદેશિક સ્કન્ધ કરતાં ન્યૂન હોવાથી અપરિપૂર્ણ હોય છે, ત્રિપ્રદેશિક સ્કન્ધ ચતુઃપ્રદેશિક સ્કન્ધ કરતાં ન્યૂન હોવાથી અપરિપૂર્ણ હોય છે. એજ પ્રમાણે ઉત્તરોત્તર સ્કન્ધો કરતાં પ્રત્યેક પૂર્વના (આગળના) સ્કન્ધમાં ન્યૂનતાની અપેક્ષાએ તેમાં અપરિપૂર્ણતા સમજવી આ અપરિપૂર્ણતાને કારણે જ તેમને અકૃત્સ્નસ્કન્ધ કહેવામાં આવ્યા છે. આ અકૃત્સ્નતા ત્યાં સુધી ચાલુ રહે છે કે જ્યાં સુધી કૃત્સ્નતા (પરિપૂર્ણતા) આવતી નથી.

દ્વિપ્રદેશિક આદિ સ્કન્ધ અને સમસ્ત ઉત્કૃષ્ટ પ્રદેશવાળા સ્કન્ધોને પહેલાં સામાન્યરૂપે અચિત્ત કહેવામાં આવ્યા છે. પરન્તુ આ અકૃત્સ્ન દ્રવ્યસ્કન્ધના પ્રકરણમાં સર્વોત્કૃષ્ટ સ્કન્ધથી આગળના સ્કન્ધોને ઉત્તરોત્તરની અપેક્ષાએ અકૃત્સ્નસ્કન્ધરૂપે કહેવામાં આવ્યા છે. એટલો જ અચિત્તસ્કન્ધ અને અકૃત્સ્નસ્કન્ધ વચ્ચે તફાવત છે.

ભાવાર્થ-સૂત્રકારે આ સૂત્રદ્વારા અકૃત્સ્નસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે, તથા અકૃત્સ્નસ્કન્ધ અને અચિત્ત સ્કન્ધ વચ્ચે શો તફાવત છે તે પણ પ્રકટ કર્યું છે. આપેક્ષિક અચિત્તસ્કન્ધોની અપરિપૂર્ણતાનું નામ જ અકૃત્સ્નતા છે. દ્વિપ્રદેશિક આદિ સ્કન્ધોમાં ત્રિપ્રદેશી આદિ સ્કન્ધો કરતાં અકૃત્સ્નતા (અપરિપૂર્ણતા) રહેલી હોય છે. આ આપેક્ષિક અકૃત્સ્નતાનો સદ્ભાવ રહે છે કે જ્યાં સુધી અન્તે કૃત્સ્નતા (પરિપૂર્ણતા) આવી જતી નથી. આ પ્રકારે જ્યારે કૃત્સ્નતા આવી જાય છે ત્યારે અન્તિમ સ્કન્ધ (ઉત્કૃષ્ટ પ્રદેશોવાળો સ્કન્ધ)કૃત્સ્ન સ્કન્ધ થઇ જવાને કારણે ત્યારબાદ અકૃત્સ્નતાની ધારા અટકી જાય છે. આ રીતે કૃત્સ્નસ્કન્ધો કરતાં પહેલાંના સ્કન્ધોમાં તેમના પૂર્વ પૂર્વના (આગળ-આગળના) સ્કન્ધોની કરતાં કૃત્સ્નતા અને ઉત્તરોત્તર (પાછળ-પાછળના) સ્કન્ધોની અપેક્ષા અકૃત્સ્નતા સાપેક્ષિક રીતે ઘટિત થઇ જાય છે. અન્તિમ કૃત્સ્નસ્કન્ધમાં કૃત્સ્નતા સાપેક્ષિક હોતી નથી, પણ સ્વાભાવિક હોય છે, કારણ કે તેના કરતાં મોટો કોઈ સ્કન્ધ જ હોતો નથી, પણ તેના કરતાં નાના તેની આગળના સ્કન્ધો હોય છે.

અચિત્ત દ્રવ્યસ્કન્ધમાં-દ્વિપ્રદેશી આદિ સમસ્ત અચિત્ત સ્કન્ધોમાં સામાન્યરૂપે અચિત્તતા પ્રકટ કરવામાં આવી છે. અને અકૃત્સ્નસ્કન્ધમાં સર્વોત્કૃષ્ટ સ્કન્ધથી આગળના (પહેલાંના) સ્કન્ધોમાં અપરિપૂર્ણતા પ્રકટ કરવામાં આવી છે. આ પ્રકારનું તે બન્ને વચ્ચેનું અંતર (તફાવત) કહેવામાં આવ્યું છે. ॥ સૂ૦ ૫૩ ॥

હવે સૂત્રકાર અને દ્રવ્યસ્કન્ધોના સ્વરૂપનું નિરૂપણ કરે છે.

'से किं तं अणेगदवियखंधे" ઇત્યાદિ—

શબ્દાર્થ (**से किं तं अणेगदवियखदे ?**) શિષ્ય ગુરૂને એવો પ્રશ્ન કરે છે કે હે ગુરૂ મહારાજ! અનેક દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(**अणेगदवियखंधे**) અનંત દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ આ પ્રકારનું કહ્યું છે- (**तस्स चेव देसे अवचिए तस्स चेव देसे उवचिए**) સ્કન્ધનો જે નખ, કેશ, દાંત આદિરૂપ ભાગ હોય છે તે અપચિત-જીવપ્રદેશોમાંથી રહિત-હોય છે, તથા એજ સ્કન્ધના જે પૃષ્ઠ, ઉદર, હાથ, પગ આદિરૂપ ભાગો છે તેઓ ઉપચિત-જીવ પ્રદેશોથી વ્યાપ્ત-રહે છે. (**से तं अणेगदवियखंधे**) આ પ્રકારનું અનેય દ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે તે બન્ને ભાગો (અપચિત અને ઉપચિત ભાગો) કે જે એક વિશિષ્ટ આકારે પરિણત થઈને તેમનો જે દેહરૂપ સમુદાય બને છે તેને અનેકદ્રવ્યસ્કન્ધ કહેવામાં આવે છે કારણ કે તે સમુદાય સચેતનરૂપ અને અચેતન રૂપ અનેક દ્રવ્યાત્મક હોય છે. આ અનેક દ્રવ્યસ્કન્ધ તુરગાદિસ્કન્ધ (અશ્વાદિસ્કન્ધ) સમાન જ લાગે છે.

શંકા—જો આ અનેક દ્રવ્યસ્કન્ધ હયાદિસ્કન્ધરૂપ જ પ્રતીત થાય છે, તો તેમાં કૃત્સ્નસ્કન્ધ કરતાં શી વિશિષ્ટતા છે?

ઉત્તર—કૃત્સ્નસ્કન્ધમાં તો જીવના પ્રદેશોથી વ્યાપ્ત જેટલો શરીરાવયવરૂપ દેશ (અંશ-ભાગ) છે; તેની જ વિવક્ષા થઈ છે. જીવપ્રદેશોથી અવ્યાપ્ત નખાદિ સહિત ના પ્રદેશોની વિવક્ષા થઈ નથી. પરન્તુ આ અનેક દ્રવ્યસ્કન્ધમાં તો નખાદિ સહિત જીવપ્રદેશોથી વ્યાપ્ત શરીરાવયવરૂપ દેશની અનેક દ્રવ્યસ્કન્ધરૂપે વિવક્ષા થઈ છે,

શંકા—મિશ્ર દ્રવ્યસ્કન્ધ કરતાં અનેક દ્રવ્યસ્કન્ધમાં શી વિશિષ્ટતા છે?

ઉત્તર—મિશ્ર દ્રવ્યસ્કન્ધમાં પૃથક્ અને અપૃથક્રૂપે વ્યવસ્થિત થયેલા હાથી આદિ સચેતન પદાર્થોના અને કવચ, તલવાર આદિ અચેતન પદાર્થોના સમુદાયને મિશ્રસ્કન્ધરૂપ કહેવામાં આવ્યો છે પરન્તુ આ અનેક દ્રવ્યસ્કન્ધમાં વિશિષ્ટ પરિણામ રૂપે પરિણત થયેલા સચેતન અચેતન દ્રવ્યોને અનેકદ્રવ્યસ્કન્ધરૂપ કહેવામાં આવેલ છે. એટલો જ એ બન્ને વચ્ચે તાત્વિક છે. મૂળમાં "**तस्स**" શબ્દ વડે અહીં પ્રક રણની સ્વરસતાની અપેક્ષાએ સ્કન્ધ માત્ર વિવક્ષિત થયેલ છે. હવે આ પ્રકરણનો ઉપસંહાર કરવા નિમિત્તે સૂત્રકાર કહે છે કે—(**से तं अणेगदवियखंधे**) આ પ્રકારનું અનેકદ્રવ્યસ્કન્ધનું સ્વરૂપ છે. (**से तं जाणयसरीर, भवियसरीरवइरित्ते दव्वखंधे- से तं नोआगमओ दव्वखंधे, से तं दव्वखंधे**) આ પ્રકારે જ્ઞાયકશરીર અને ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યસ્કન્ધનું નિરૂપણ અહીં સમાપ્ત થાય છે. તેના નિરૂપણની સમાપ્તિ થવાથી નોઆગમદ્રવ્યસ્કન્ધના બધા ભેદોના નિરૂપણની પણ અહીં સમાપ્તિ થઈ જાય છે, આ રીતે નોઆગમદ્રવ્યસ્કન્ધનું નિરૂપણ સમાપ્ત થઈ જવાથી દ્રવ્યસ્કન્ધનિક્ષેપના સ્વરૂપ વિષયક કથન પણ અહીં પૂરું થઈ જાય છે. ॥સૂ૦ ૫૪॥

હવે સૂત્રકાર ભાવસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

से किं तं भावखंधे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**से किं तं भावखंधे ?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ગુરુમહારાજ! ભાવસ્કન્ધનું સ્વરૂપ કેવું છે?

આગમસે ભાવસ્કન્ધકા નિરુપણ

ઉત્તર—(**भावखंधे दुविहे पण्णत्ते**) ભાવસ્કન્ધના બે પ્રકાર કહ્યા છે. (**तं जहा**) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(**आगमओ य नोआगमओ य**) (૧) આગમભાવસ્કન્ધ અને (૨) નોઆગમભાવસ્કન્ધ ભાવસ્કન્ધની વ્યાખ્યા ભાવઆવશ્યકની વ્યાખ્યા જેવી જ સમજવી ॥ સૂ૦ ૫૫ ॥

હવે સૂત્રકાર આગમભાવસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं आगमओ भावखंधे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**से किं तं आगमओ भावखंधे ?**) શિષ્ય ગુરુને એવા પ્રશ્ન પૂછે છે કે ગુરુ મહારાજ ! આગમને આશ્રિત કરીને જ્ઞાયમાન એવા આગમભાવસ્કન્ધનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર (**आगमओ भावखंधे जाणए उवउत्ते**) આગમને આધારે સ્કન્ધપદાર્થના ઉપયુકત (ઉપયોગ પરિણામ યુકત) જ્ઞાતાને આગમ ભાવસ્કન્ધ કહે છે. (**से तं आगमओ भावखंधे**) આ પ્રકારનું આગમને આશ્રિત કરીને આગમભાવસ્કન્ધનું

નો આગમસે ભાવસ્કન્ધકા નિરુપણ

સ્વરૂપ છે. આ સૂત્રની વ્યાખ્યા આગમભાવાવશ્યકનું પ્રતિપાદન કરનારા સૂત્રની વ્યાખ્યા પ્રમાણે જ સમજવી. ॥સૂ૦ ૫૬॥

હવે સૂત્રકાર નોઆગમ ભાવસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

"से किं तं नोआगमओ भावखंधे" ઇત્યાદિ–

શબ્દાર્થ—(**से किं तं नोआगमओ भावखंधे ?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ગુરુ મહારાજ ! નોઆગમને આશ્રિત કરીને જે ભાવસ્કન્ધ કહ્યો છે તે નોઆગમભાવસ્કન્ધનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(**नोआगमओ भावखंधे**) નોઆગમભાવસ્કન્ધનું સ્વરૂપ આ પ્રકારનું છે.

(**एएसिं चेव सामाइयमाइयाणं छण्हं अज्झयणाणं समुदयसमिइं समागमेणं अवस्सयसुयखंधे भावखंध त्ति लब्भइ**) પરસ્પર પ્રસ્તુત થયેલા સામાયિક આદિ છ અધ્યયનોના નિરંતર સેવનથી આત્મામાં જે એક ઉપયોગરૂપ પરિણામ નિષ્પન્ન (ઉત્પન્ન) થાય છે, તે પરિણામથી નિષ્પન્ન (જ્ઞાયમાન) આવશ્યક શ્રુતસ્કંધનું નામ ભાવસ્કન્ધ છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-પરસ્પરની સાથે સંબદ્ધ થયેલા એવા સામાયિક આદિ છ અધ્યયનોના સમૂહથી નિષ્પન્ન થયેલો આવશ્યક શ્રુતસ્કન્ધ, સદોરક મુહપત્તી રજોહરણ આદિ વ્યાપારરૂપ ક્રિયા સહિત જ્યારે વિવક્ષિત થાય છે, ત્યારે તે નોઆગમભાવસ્કન્ધરૂપ બની જાય છે. સ્કન્ધપદાર્થના જ્ઞાનને આગમરૂપે, તથા તે આગમમાં જ્ઞાતાના ઉપયોગરૂપ પરિણામને ભાવરૂપે અહીં પ્રકટ કરવામાં આવેલ છે. તથા રજોહરણ આદિરૂપ જે ક્રિયા છે તેને નોઆગમ કહી છે. આ રીતે ક્રિયારૂપ એક દેશમાં અનાગમતા હોવાથી "નો" શબ્દ અહીં દેશનિષેધનું સૂચન કરે છે, એમ સમજવું. આ સૂત્રમાં "**समुदय समीइ**" આ પદનો "સામાયિક આદિ છ અધ્યયનોનું નિરન્તર મળવું" એવો અર્થ થાય છે, તથા "**समागम**" આ પદનો "છ પ્રદેશી સ્કન્ધની જેમ આવશ્યક શ્રુતસ્કન્ધનું

આત્મામાં એકરૂપ થવું'', એવો અર્થ થાય છે. આ રીતે સૂત્રકારે આ સમાગમ પદના પ્રયોગ દ્વારા એ વાત સ્પષ્ટ કરી છે કે નૈરન્તર્ય રૂપે અવસ્થાપિત લોહશલાકાઓની (લોઢાની સળીઓની) જેમ પરસ્પર નિરપેક્ષ સામાયિક આદિ છ આવશ્યકોની સમુદયસમિતિ નોઆગમની અપેક્ષાએ ભાવસ્કન્ધ નથી. (**से तं नोआगमओ भावखंधे**) નોઆગમની અપેક્ષાએ ભાવસ્કન્ધનું આ પ્રકારનું સ્વરૂપ છે. (**से तं भावखंधे**) આ રીતે ભાવસ્કન્ધના બન્ને ભેદોનું વર્ણન અહીં સમાપ્ત થાય છે.

ભાવાર્થ--સૂત્રકારે આ સૂત્રદ્વારા નોઆગમને આશ્રિત કરીને ભાવસ્કન્ધના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. તેમાં તેઓએ એ વાત પ્રતિપાદિત કરી છે કે પરસ્પર સંશ્લીષ્ટ (સંબદ્ધ) સામાયિક આદિ ૬ અધ્યયનોના નિરન્તર સેવનથી આત્મામાં જે તલ્લીનતા થવા રૂપ ઉપયોગ પરિણામ થાય છે અને તે પરિણામથી જે આવશ્યકશ્રુત સ્કન્ધ નિષ્પન્ન થાય છે, તેનું નામ ભાવસ્કન્ધ છે. એજ ભાવસ્કન્ધને જ્યારે સદોરક મુહત્તી રજોહરણ આદિ વ્યાપારરૂપ ક્રિયાથી વિવક્ષિત કરવામાં આવે છે, ત્યારે તે નોઆગમભાવસ્કંધ કહેવાય છે. સ્કન્ધ પદાર્થના જ્ઞાનનું નામ આગમ છે, તેમાં જ્ઞાતાના ઉપયોગ પરિણામનું નામ ભાવ છે, અને જે રજોહરણ આદિલેકે ચલતી ક્રિયા

સ્કન્ધોકે પર્યાયોકા નિરુપણ

ઓ છે તે નોઆગમ છે. અહીં 'નો' શબ્દ સર્વથા આગમાભાવનો નિષેધક નથી, પરન્તુ એક દેશતઃ આગમનો નિષેધક કે. સ્કન્ધ પદાર્થનું જ્ઞાન આગમરૂપ છે અને ક્રિયા અનાગમ-નોઆગમરૂપ છે. નોઆગમભાવસ્કન્ધનું આ પ્રકારનું સ્વરૂપ છે. સૂત્રપાઠ

હવે સૂત્રકાર સ્કન્ધના પર્યાયવાચી શબ્દોનું કથન કરે છે--

"तस्स णं इमे एगट्ठिया" ઇત્યાદિ—

શબ્દાર્થ--(**तस्स**) તે સ્કન્ધના (**इमे**) આ (**णाणा घोसा**) ઉદાત્ત આદિ વિવિધ ઘોષવાળાં (**णाणावंजणा**) ઽકાર આદિ અનેક વ્યંજનોવાળાં (**एगट्ठिया**) એકાર્થિક-પર્યાયવાચી (**नामधेज्जा भवंति**) નામો કહ્યાં છે. (**तं जहा**) જે નામો નીચે પ્રમાણે છે- (**गणकाए य निकाए खंधे, वग्गे तहेव रासीय पुंजे पिंडे निगरे, संघाए उकउल समूहे ॥१॥ से तं खंधे**) ગણ, કાય, નિકાય, સ્કન્ધ, વર્ગ, રાશિ, પુંજ, પિંડ, નિકર, સંઘાત, આકુલ અને સમૂહ આ જે ગણથી લઈને સમૂહ પર્યન્તના શબ્દો છે તે ભાવસ્કન્ધના વાચક છે, એમ સમજવું. એકાર્થિક આદિ પદોની વ્યાખ્યા આગળ કહ્યા અનુસાર સમજવી આ પ્રકારે સૂત્રકારે અહીં સુધી સ્કન્ધના સ્વરૂપનું વર્ણન કર્યું છે. અહી સ્કન્ધનું વર્ણન પૂરું થાય છે.

હવે આ ગણ આદિ પદોનો અર્થ સમજાવવામાં આવે છે—

"ગણ"-જેમ મલ્લ આદિનું ગણ હોય છે એજ પ્રમાણે સ્કન્ધ પણ અનેક પરમાણુઓના એક સંશ્લિષ્ટ પરિણામરૂપ હોય છે, તેથી તેનું નામ ગણ પડયું છે.

"કાય"-પૃથ્વીકાય આદિની જેમ આ સ્કન્ધ કાયરૂપ છે.

"નિકાય"-ષટ્જીવનિકાયની જેમ આ સ્કન્ધ નિકાયરૂપ છે.

"સ્કંધ"-દ્વિપ્રદેશિક આદિ સ્કંધની જેમ તે સ્કન્ધરૂપ છે.

"વર્ગ"-ગો વર્ગની જેમ તે સ્કન્ધરૂપ છે.

"રાશિ" શાલિધાન્ય (ચોખા) આદિની જેમ તે રાશિરૂપ છે.

"પુંજ" એકત્ર કરેલા ધાન્યપુંજની જેમ તે પુંજરૂપ છે.

"પિંડ" ગોળ આદિના પિંડની જેમ તે પિંડરૂપ હોય છે.

"નિકર" ચાંદી આદિના સમૂહની જેમ તે નિકરરૂપ છે.

"સંઘાત" મહોત્સવ આદિમાં એકત્ર થયેલા જનસમુદાયની જેમ તે સંઘાતરૂપ છે.

"આકુલ" રાજગૃહ આદિના આંગણામાં જમા થયેલા વ્યાપ્ત જનસમૂહની જેમ તે આકુલરૂપ છે.

"સમૂહ" પુર આદિના જનસમૂહની જેમ તે સમૂહરૂપ છે. ॥ સૂ૦ ૫૮ ॥

સ્કન્ધાધિકારનું વર્ણન પૂરું થયું, હવે સૂત્રકાર આવશ્યકના ૬ અધ્યયનોનું વિવેચન કરે છે- **आवस्सगस्स**" ઇત્યાદિ—

શબ્દાર્થ—શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ગુરુ મહારાજ! આવશ્યકના કયા કયા છ અધ્યયન છે?

ઉત્તર—આ પ્રકારના પ્રશ્નના ઉત્તર રૂપે સૂત્રકાર અર્થાધિકારનો આશ્રય લઇને તે અધ્યયનો કહે છે-(**आवस्सगस्स णं इमे अत्थाहिगारा भवंति**) અર્થાધિકારને-

आवश्यकके छ अध्ययनोका निरुपण

અર્થને આશ્રિત કરીને આવશ્યકનું નીચે પ્રમાણે કથન છે. (**तंजहा**) તે છ અધ્યયનોમાં આ પ્રકારના અર્થની (વિષયની) પ્રરૂપણા કરી છે—

(**सावज्जजोगविरई उक्कित्तणगुणवओ य पडिवत्ती। खलियस्स निंदणावणतिगिच्छा गुणधारणा चेव**) સામાયિકરૂપ પહેલા અધ્યયનમાં આદિરૂપ સાવદ્ય યોગોની વિરતિનું પ્રતિપાદન કરવામાં આવ્યું છે. બીજા ચતુર્વિંશતિસ્તવરૂપ (૨૪ તીર્થંકરોના કીર્તનસ્તવનરૂપ) જે અધ્યયન છે તેમાં તીર્થંકરોની સ્તુતિ ગુણોના ઉત્કીર્તનરૂપ અર્થાધિકાર છે તે તીર્થંકરોની સ્તુતિ કરવાનું કારણ નીચે પ્રમાણે છે- કર્મોનો ક્ષય કરવામાં પ્રધાન કારણભૂત હોવાથી, લબ્ધબોધિની વિશુદ્ધિમાં કારણભૂત હોવાથી અને પુનર્બોધિના લાભરૂપ ફળની પ્રાપ્તિમાં કારણભૂત હોવાથી, સાવદ્ય-યોગોમાંથી વિરતિના ઉપદેશક હોવાને કારણે અત્યન્ત ઉપકારી હોવાથી તીર્થંકરોના ગુણોની સ્તુતિ થવી જ જોઇએ. ૨૪ તીર્થંકરોના ગુણોના ઉત્કીર્તનરૂપ અર્થથી સંપન્ન આ બીજું અધ્યયન છે. ત્રીજા વન્દણા અ.૧૨.૦ માં મૂળગુણ અને ઉત્તરગુણરૂપ વ્રત પિંડ વિશુદ્ધિ આદિથી સંપન્ન હોય એવા ગુણવાન્ સાધુને વંદણા આદિ કરવારૂપ અધિકાર છે. ચોથા પ્રતિક્રમણ અધ્યયનમાં સાધુકૃત્યથી સ્ખલિત થયેલાની નિન્દા કરવાનો એટલે કે પોતાના દ્વારા જે અતિચારોનું સેવન થઈ ગયું હોય તેની નિગ્રહણા આદિ કરવારૂપ અર્થાધિકાર છે. આ કથનનો ભાવાર્થ એ છે કે જે સાધુ મૂળગુણો અને ઉત્તરગુણોની આરાધના કરવામાં પ્રમાદને કારણે દોષો કરતો હોય છે, પરન્તુ તેનો વૈરાગ્યભાવ નષ્ટ થયો નથી અને જેના પરિણામોમાં વિશુદ્ધિની વૃદ્ધિ જ થતી રહે છે, એવા સાધુ દ્વારા પોતાના દોષની આ પ્રકારે નિંદા કરાય છે. "આ કામ કરવા યોગ્ય નથી, છતાં પ્રમાદને કારણે મારાથી એવું થઇ ગયું." આ પ્રકારની નિંદારૂપ અધિકારથી યુકત ચોથું અધ્યયન છે. (૫) પાંચમું કાયોત્સર્ગ નામનું અધ્યયન છે, તેમાં વ્રણચિકિત્સારૂપ અર્થાધિકારનું પ્રતિપાદન કર્યું છે. એટલે કે ચારિત્રરૂપ પુરુષનો અતિચારરૂપ જે ભાવવ્રણ છે તેની દસ પ્રકારના પ્રાયશ્ચિત્ત રૂપ ઉપાયો વડે ચિકિત્સા કરવી જોઇએ, એ વિષયનું તેમાં પ્રતિપાદન કર્યું છે. છઠ્ઠું પ્રત્યાખ્યાન નામનું અધ્યાય છે. તેમાં મૂળગુણો અને ઉત્તરગુણોને ધારણ કરવા

રૂપ અર્થાધિકાર છે. પ્રત્યાખ્યાન દ્વારા તે મૂળગુણ અને ઉત્તરગુણોને અતિચાર રહિત સમ્યક્‌રૂપે ધારણ કરે છે, એવી પ્રરૂપણા સૂત્રકાર આગળ જતાં પ્રત્યાખ્યાન અધ્યયનમાં કરશે. 'च" શબ્દ દ્વારા સૂત્રકારે એ પ્રકટ કર્યું છે કે આવશ્યકના આ સિવાયના બીજા પણ અવાન્તર અર્થાધિકાર છે. "एव" આ પદ અવધારણ અર્થમાં વપરાયું છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા આવશ્યકના છ અર્થાધિકારોનું વર્ણન કર્યું છે-(૧) સામાયિક (૨) ચતુર્વિંશતિસ્તવ (૨૪ તીર્થંકરોની સ્તુતિ), (૩) વંદના, (૪) પ્રતિક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન.

પહેલા અધ્યયનમાં સમસ્ત સાવદ્ય યોગોથી વિરકત થવાનો, બીજા અધ્યયનમાં ૨૪ તીર્થંકરોની સ્તુતિ કરવાનો, ત્રીજા વંદના અધ્યયનમાં ગુણવાન સાધુને વંદણા આદિ કરવાનો, ચોથા પ્રતિક્રમણ અધ્યયનમાં સાધુકૃત્યથી સ્ખલિત થયેલા સાધુએ પોતાની નિન્દા કરવાનો, પાંચમાં કાયોત્સર્ગ અધ્યયનમાં ચારિત્રમાં લાગેલા અતિચારોની દસ પ્રકારના પ્રાયશ્ચિત્તોથી શુદ્ધિ કરવાનો અને છઠ્ઠા પ્રતિક્રમણ અધ્યયનમાં મૂળગુણો અને ઉત્તરગુણોને ધારણ કરવાનો અર્થાધિકાર છે. આગળ સૂત્રકારે આ પ્રમાણે કથન કર્યું હતું—

"आवस्सयं निक्खिविस्सामि, सुयं निक्खिविस्सामि,
खंधं निक्खिविस्सामि, अज्झयणं निक्खिविस्सामि"

આ કથન અનુસાર આવશ્યક, શ્રુત અને સ્કન્ધ આ ત્રણનો નિક્ષેપ તો થઇ ચુકયો છે હવે અનુક્રમ પ્રમાણે અધ્યયનનો નિક્ષેપ થવો જોઇએ. છતાં પણ સૂત્રકાર અહીં ક્રમ પ્રાપ્ત અધ્યયનનો નિક્ષેપ કરતા નથી, કારણ કે આ વિષયનો નિક્ષેપ અનુયોગ દ્વારમાં-ઓઘનિષ્પન્ન નિક્ષેપમાં તેઓ તેનો નિક્ષેપ કરશે. ।। સૂ ૫૯ ।।

હવે સૂત્રકાર આવશ્યકનો જે વિષય વ્યાખ્યાત થઇ ચુકયો છે અને આગળ જે વિષય વ્યાખ્યાત થવાનો છે, તે બતાવે છે. "आवस्सयस्स एसो" ઇત્યાદિ—

આવશ્યક વ્યાખ્યાત હો ચુકે ઔર આગે વ્યાખ્યાત હોનેવાલે વિષયકા નિરુપણ

શબ્દાર્થ—(आवस्सयस्स) આવશ્યક આ નામે પ્રસદ્ધિ એવા શાસ્ત્રનો (एसो) આ પૂર્વોકત પ્રકારનો (पिंडत्थो) પિંડાર્થ (समासेणं) સંક્ષિપ્તમાં (वण्णिओ) કહેવામાં આવ્યો છે. આ કથનનું તાત્પર્ય આ પ્રમાણે છે-આ શાસ્ત્રનું આવશ્યક શ્રુત સ્કન્ધ' એવું નામ સાર્થક છે. આ રીતે આ શાસ્ત્રનું નામ સાર્થક હોવાથી, અવશ્ય કરણીય સાવદ્યયોગ વિરતિ આદિનું પ્રતિપાદન સૂત્રકાર આગળ કરવાના છે. (एत्तो) તેથી આવશ્યકના સમુદાય અર્થનું સંક્ષિપ્તમાં વર્ણન કરીને (पुण) હવે (एक्केकं अज्झयणं) એક એક અધ્યયનનું (कित्तइस्सामि) વર્ણન હું કરીશ, એવું સૂત્રકાર વચન આપે છે. (तंजहा) આવશ્યકના તે અધ્યયનોનાં નામ આ પ્રમાણે છે · (सामाइयं, चउवीसत्थओ वन्दणयं पडिक्कमणं, काउस्सग्गो पच्चक्खाणं) (૧) સામાયિક, (૨) ચતુર્વિંશતિસ્તવ (૨૪ તીર્થંકરોની સ્તુતિ). (૩) વન્દનક, (૪) પ્રાતક્રમણ, (૫) કાયોત્સર્ગ અને (૬) પ્રત્યાખ્યાન. (तत्थ पढमं अज्झयणं सामाइयं) આ છ અધ્યયનોમાં પહેલું સામાયિક નામનું અધ્યયન છે. જેના દ્વારા બોધ આદિકોના અધિક અધિક પ્રાપ્તિ થતી રહે તેનું નામ અધ્યયન છે. "समः आयः=समायः समायः प्रयोजनमस्येति

सामायिकम्'' આ વ્યુત્પત્તિ રાગદ્વેષથી રહિત એવા આત્માનું સમભાવરૂપ પરિણામ કે જે સર્વભૂતોમાં સ્વાત્મવત્ દૃષ્ટિથી સંપન્ન હોય છે, તેનું નામ 'સમ' છે. તે સમની જે આય (પ્રાપ્તિ) છે-જ્ઞાનાદિ ગુણોત્કર્ષ રૂપ જે લાભ છે, તેનું નામ સમાય છે પ્રતિક્ષણ અપૂર્વ ભવાટવીમાં ભ્રમણ કરાવવાને કારણભૂત સંકલેશ ભાવના વિચ્છેદક અને અનુપમ સુખના હેતુ એવાં જ્ઞાન, દર્શન અને ચારિત્રરૂપ પર્યાયોથી જે સંયુકત (સંપન્ન) થઇ જાય છે તેનું નામ સમાય છે. આ પ્રકારનો 'સમાય' પદનો નિષ્કર્ષાર્થ થાય છે. આ સમાય જ જે જ્ઞાન ક્રિયારૂપ અધ્યયનનું પ્રયાજન છે, તેનું નામ સામાયિક છે. અથવા-''**समाय एव सामायिकम्**'' સમાય જ સામાયિકરૂપ છે આ સામાયિકનું સાથી પ્રથમ કથન કરવાનું કારણ એ છે કે આ સામાયિક સમસ્ત ચારિત્રાદિ ગુણોના આધારરૂપ હોવાથી મુકિતપ્રાપ્તિના પ્રધાન કારણરૂપ છે. કહ્યું છે કે-જેમ સત્તસ્ત ભાવોનો આધાર આત્મા હોય છે, તેમ સમસ્ત ગુણોનો આધાર સામાયિક છે.'' સામાયિકરહિત પુરુષ ચારિત્ર આદિ ગુણોથી સંપન્ન હોઇ શકતા નથી. તેથી જ ભગવાને શારીરિક અને માનસિક દુઃખોનો નાશકર્તા મોક્ષ પ્રાપ્તિનો શ્રેષ્ઠ ઉપાય સામાયિક જ કહ્યો છે. (**तं सणं इमे चत्तारि अणुओगदारा हवंति**) તે સામાયિકના આ ચાર અનુયોગ દ્વાર છે જેમ કોઇ મહાનગરમાં પ્રવેશ કરવાને માટે ચારે દિશામાં ચાર મુખ્ય દરવાજા હોય છે, એજ પ્રમાણે આ મહાનગરરૂપ સામાયિકના એનુયોગને (વ્યાખ્યાનને) માટે ચાર દ્વાર કહે છે. અધ્યયનના અર્થને (વિષયને) કહેવાની વિધિનું નામ અનુયોગ છે મહાનગરના દ્વારોનું દૃષ્ટાન્ત પ્રથમ સૂત્રની વ્યાખ્યા કરતાં, પહેલાં પ્રકટ કરવામાં આવ્યું છે તો તે દૃષ્ટાન્ત પહેલા સૂત્રમાંથી વાંચી લેવું જોઇએ.

(**तंजहा**) તે અનુયોગદ્વારો નીચે પ્રમાણે છે—

(**उवक्कमे, निक्खेवे, अणुगमे, नए**) (૧) ઉપક્રમ, (૨) નિક્ષેપ, (૩) અનુગમ અને (૪) નય.

દ્વારની વસ્તુને આ પ્રતિપાદન પ્રકારોની સમીપમાં લાવીને નિક્ષેપને યોગ્ય બનાવવી તેનું નામ ઉપક્રમ છે. ઉપક્રાન્ત વસ્તુ જ ઉપક્રમાન્ત ગતિભેદોથી વિચારાતાં વિચારાતાં નિક્ષિપ્તયોગ્ય થાય છે-અન્ય પ્રકારે નિક્ષેપયોગ્ય થતી નથી.

અથવા-જે ગુરુના વચનના વ્યાપારથી વસ્તુને નિક્ષેપયોગ્ય કરાય છે, તેનું નામ ઉપક્રમ છે. શિષ્યોને સાંભળવાનો ભાવ થાય ત્યારે વસ્તુ જેમાં નિક્ષેપયોગ્ય કરાય છે તેનું નામ ઉપક્રમ છે. જે વિનીત શિષ્યના વિનયાદિ ગુણોથી વસ્તુને નિક્ષેપયોગ્ય કરાય છે તેનું નામ ઉપક્રમ છે. આ પ્રમાણે વિવક્ષાના ભેદથી આ પૂર્વોકત કરણ, અધિકરણ, અપાદાન આદિદ્વારા ગુરુવાગ્યોગ આદિ ઉપક્રમના અર્થ કહેવામાં આવ્યા છે. જો આ બધામાંથી ઉપક્રમના કોઈ એક પણ અર્થકરણ આદિ દ્વારા વાચ્યત્વરૂપે જે વીવક્ષિત થયો છે તે લેવામાં આવે, તો પણ તેમાં કોઈ દોષ નથી.

રાખવું અથવા સ્થાપન કરવું તેનું નામ નિ ક્ષ છે. એટલે કે નામ, સ્થાપના આદિના ભેદો દ્વારા શાસ્ત્ર ન્યાસ (વ્યવસ્થાપન) કરવો તેનું નામ નિ ક્ષ છે. જેના દ્વારા અથવા જેમાં અથવા જેના વડે વસ્તુ નિ ક્ષ કરાય છે-વસ્તુનું પ્રતિપાદન કરાય છે-વસ્તુનું સ્વરૂપ સમજાવવામાં આવે છે તેનું નામ [illegible]. ગુરુવાચ્યોગ આદિ અર્થ પણ અહીં પહેલાંના જેવાંજ કરણ આદિ સાધન દ્વારા કરવામાં આવ્યા છે, એમ સમજવું. સૂત્રને અનુકૂળ એવો અર્થ કહેવો તે નામ અનુગમ છે. જેના દ્વારા સૂત્રનું વ્યાખ્યાન કરવામાં આવે, અથવા જેમાં સૂત્રનું વ્યાખ્યાન કરવામાં આવે, અથવા જે વડે સૂત્રનું વ્યાખ્યાન કરવામાં આવે, તેનું નામ અનુગમ છે. અહીં પણ કરણ આદિ સાધનો દ્વારા વાચ્ય અર્થની વિવક્ષા પહેલાની જેમજ સમજવી.

જેના દ્વારા અથવા જેનાથી વસ્તુનું સ્વરૂપ જાણવામાં આવે છે તેનું નામ નય છે. તેનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-વસ્તુમાં અનંત ધર્મો છે. તેમાંથી કોઇ એક અંશનો ગ્રહણ કરનારો જે બોધ હોય છે તેનું નામ નય છે. નયનો આ અર્થ જ ભાવસાધનનો અને કરણ આદિ સાધનોમાં પણ સમજવો જોઇએ. અહીં આ પ્રમાણે સમજવું જોઇએ. ઉપક્રાન્ત જ-નિક્ષેપની યોગ્યતામાં આવેલી વસ્તુ જ નિક્ષિપ્ત થાય છે, તેથી સૂત્રકારે સૌથી પહેલાં ઉપક્રમનું કથન કરીને ત્યારબાદ નિક્ષેપનું કથન કર્યું છે.

નામ આદિ ભેદોથી જેનો નિક્ષેપ કરવામાં આવ્યો હોય એવી વસ્તુ જ અનુગમ કરવાને યોગ્ય બને છે. તેથી નિક્ષેપનું કથન કર્યા બાદ સૂત્રકારે અનુગમનું કથન કર્યું છે. અનુગમથી યુકત એવી વસ્તુ જ નયો દ્વારા વિચારણીય બને છે, તેથી અનુગમના સ્વરૂપનું કથન કર્યાબાદ સૂત્રકારે નયના સ્વરૂપનું કથન કર્યું છે.॥સૂ.૬૦॥

લૌકીક ઉપક્રમકા નિરુપણ

ઉપક્રમના શાસ્ત્રીય ઉપક્રમ અને લૌકિક ઉપક્રમ નામના બે ભેદ કહ્યા છે. તેમાંથી લૌકિકઉપક્રમનું સૂત્રકાર હવે નિરૂપણ કરે છે—

"से किं तं उवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(से किं तं उवक्कमे ?)** શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ગુરુમહારાજ ! ઉપક્રમનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—**(उवक्कमे छव्विहे पण्णत्ते)** ઉપક્રમ ૬ પ્રકારનો કહ્યો છે-**(तं जहा)** તે પ્રકારો નીચે પ્રમાણે છે.

(णामोवक्कमे, ठवणोवक्कमे, दव्वोवक्कमे, खेत्तोवक्कमे, कालोवक्कमे, भावोवक्कमे) (૧) નામ ઉપક્રમ, સ્થાપના ઉપક્રમ, (૩) દ્રવ્યઉપક્રમ, (૪) ક્ષેત્રઉપક્રમ (૫) કાળ-ઉપક્રમ અને (૬) ભાવઉપક્રમ. **(नामउवगाओ गयाओ)** નામઉપક્રમ અને સ્થાપના ઉપક્રમનું સ્વરૂપ નામ આવશ્યક અને સ્થાપના આવશ્યક જેવું સમજવું.

(से किं तं दव्वोवक्कमे ?) પ્રશ્ન—હે ગુરુમહારાજ ! દ્રવ્યોપક્રમનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—**(दव्वोवक्कमे दुविहे पण्णत्ते)** દ્રવ્યોપક્રમ બે પ્રકારનો કહ્યો છે. **(तं जहा)** જેનકે....**(आगमओ य, नोआगमओ य जाव जाणयसरीरभवियसरीरवइरित्ते दव्वो-**

वक्कमे तिविहे पण्णत्ते - तं जहा-सचित्ते, अचित्ते मीसए)

(૧) જ્ઞાયકશરીર દ્રવ્યોપક્રમ અને (૨) નોઆગમદ્રવ્યોપક્રમ. નોઆગમદ્રવ્યોપક્રમ નીચે પ્રમાણે ત્રણ પ્રકારનો કહ્યો છે-(૧) જ્ઞાયકશરીર દ્રવ્યોપક્રમ, (૨) ભવ્યશરીર દ્રવ્યોપક્રમ અને (૩) જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી વ્યતિરિકત (ભિન્ન) દ્રવ્યોપક્રમ તેમાંનો જે જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિકત દ્રવ્યોપક્રમ છે તેના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર છે. (૧) સચિત્ત, (૨) અચિત્ત અને (૩) મિશ્ર જે ઉપક્રમનો વિષય સચિત્ત દ્રવ્ય છે, તેને તદ્વયતિરિકત સચિત્તદ્રવ્યોપક્રમ કહે છે. જે ઉપક્રમનો વિષવ અચિત્તદ્રવ્ય છે તે ઉપક્રમને તદ્વયતિરિકત અચિત્ત દ્રવ્યોપક્રમ કહે છે. અને જેનો વિષય સચિત્ત અચિત્ત બન્ને પ્રકારનું દ્રવ્ય છે. તે ઉપક્રમને તદ્વયતિરિકત મિશ્ર દ્રવ્યોપક્રમ કહે છે. આ દ્રવ્યોપક્રમની વ્યાખ્યા દ્રવ્યાવશ્યકના જેવી જ સમજવી.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રમાં ઉપક્રમના ૬ ભેદોને પ્રકટ કર્યા છે. તેમાંથી નામ, સ્થાપના અને દ્રવ્યોપક્રમનું નિરૂપણ આ સૂત્રમાં કર્યું છે. કોઈ ચેતન-અચેતન પદાર્થનું 'ઉપક્રમ' એવું નામ રાખવું તે 'નામઉપક્રમ' છે. કોઈ પદાર્થમાં ઉપક્રમનો આરોપ કરવો તેનું નામ સ્થાપના ઉપક્રમ' છે. ભૂતકાળમાં પ્રાપ્ત થયેલી અથવા ભવિષ્યમાં થનારી ઉપક્રમની પર્યાયને વર્તમાનમાં ઉપક્રમરૂપે કહેવી તેનું નામ દ્રવ્યઉપક્રમ છે. તેના આગમ અને નોઆગમને આશ્રિત કરીને બે ભેદ છે. ઉપક્રમશાસ્ત્રનો અનુપયુકત જ્ઞાતા આગમની અપેક્ષાએ દ્રવ્યોપક્રમ છે, નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યોપક્રમના ત્રણ ભેદ પડે છે. (૧) જ્ઞાયકશરીર, (૨) ભવ્યશરીર અને (૩) તે બન્નેથી ભિન્ન એવો તદ્વયતિરિકત દ્રવ્યોપક્રમ.

ઉપક્રમશાસ્ત્રના અનુપયુકત જ્ઞાતાના નિર્જીવ શરીરને નોઆગમની અપેક્ષાએ જ્ઞાયકશરીરદ્રવ્યોપક્રમ કહે છે. જે પ્રાપ્ત શરીરથી જીવ આગળ જતાં ઉપક્રમશાસ્ત્ર શીખશે, તેનું નામ ભવ્યશરીર દ્રવ્યોપક્રમ છે. આ બન્નેથી ભિન્ન એવો જે નોઆગમ દ્રવ્યોપક્રમ છે, તે સચિત્ત, અચિત્ત, અને મિશ્ર દ્રવ્યોપક્રમના ભેદથી ત્રણે પ્રકારનો કહ્યો છે. ॥ સૂ. ૬૧ ॥

સચિત્ત દ્રવ્યોપક્રમકા નિરુપણ

હવે સૂત્રકાર સચિત્ત દ્રવ્યોપક્રમના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं सचित दव्वोवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**से किं तं सचिते दव्वोवक्कमे ?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્ ! સચિત્ત દ્રવ્યોપક્રમનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર—(**सचित्ते दव्वोवक्कमे तिविहे पण्णत्ते**) સચિત્ત દ્રવ્યોપક્રમ ત્રણ પ્રકારનો કહ્યો છે (**तंजहा**) તે પ્રકારો નીચે પ્રમાણે છે.

(**दुपए, चउपए, अपए**) (૧) દ્વિપદ, (૨) ચતુષ્પદ અને (૩) અપદ નટ, નર્તક આદિરૂપ દ્વિપદ સચિત્ત દ્રવ્યોપક્રમ છે, ગજ, અશ્વ આદિરૂપ ચતુષ્પદ સચિત્ત દ્રવ્યોપક્રમ છે, તથા આમ્રાદિ વૃક્ષરૂપ અપદ સચિત્ત દ્રવ્યોપક્રમ છે.

एक्केके पुण दुविहे पण्णत्ते) એ પ્રત્યેકના પણ બબ્બે પ્રકાર કહ્યા છે. (**तंजहा**) જેમકે (**परिकमे य वत्थुविणासे य**) (૧) પરિકર્મનો આશ્રિત કરીને ગુણવિશેષનું આધાન કરવું તેનું નામ પરિકર્મ છે. આ પરિકર્મમાં પરિકર્મવિષયવાળો દ્રવ્યોપક્રમ છે. દ્વિપદવાળા (બે પગવાળા) નટ, નર્તક આદિજન ઘી આદિ દ્રવ્યના ઉપયોગથી પોતાના બળ આદિની જે વૃદ્ધિ કરે છે, અથવા બીજા અનેક સાધનોથી કર્યું અને સ્કન્ધોને

(બકરાઓને) વૃદ્ધિયુક્ત કરે છે, તે પરીકર્મને આશ્રિત કરીને જે ઉપક્રમ છે તેનું નામ સચિત્તદ્રવ્યોપક્રમ છે. કહ્યું પણ છે કે ક્રિયાની અપેક્ષાએ વસ્તુઓનું જે ગુણવિશેષ રૂપ પરિણામ છે તેનું નામ પરિકર્મ છે. વસ્તુના વિનાશને વિષય કરનારો દ્રવ્યોપક્રમ ત્યારે જ થાય છે કે જ્યારે ઉપાયવિશેષો દ્વારા વસ્તુના વિનાશનો જ ઉપક્રમ થાય છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા સચિત્ત દ્રવ્યોપક્રમના ત્રણ ભેદો બતાવ્યા છે. (૧) દ્વિપદ, (૨) ચતુષ્પદ અને (૩) અપદદ્વિપદ એટલે બે પગવાળા જીવો, ચતુષ્પદ એટલે ચાર પગવાળા જાનવરો અને અપદ એટલે જેને પગ નથી એવા એકેન્દ્રિય વૃક્ષાદિને ગ્રહણ કરવા જોઈએ. આ બધામાં જીવ હોવાથી તેઓ સચિત્ત છે. આ ત્રણે પ્રકારના સચિત્તોના વિષયમાં પરિકર્મ અને વિનાશની અપેક્ષાએ દ્વિપદાદિ પ્રત્યેક દ્રવ્યોપક્રમના બબ્બે પ્રકાર પડે છે. ઘી આદિ શક્તિવર્ધક પદાર્થોના સેવનથી જે આ દ્વિપદ આદિ સચિત્ત જીવો પોતાના બળ આદિની વૃદ્ધિ કરે છે, તે પરિકર્મ વિષયવાળો દ્રવ્યોપક્રમ છે, અને ઉપાયવિશેષો દ્વારા વસ્તુનો વિનાશ કરનારો જે ઉપક્રમ કરવામાં આવે છે તે વિનાશ વિષયવાળો દ્રવ્યોપક્રમ છે. આ કથનનો ભાવાર્થ એ છે કે દ્વિપદો, ચતુષ્પદો અને અપદોના પરિકર્મ અને વિનાશની અપેક્ષાએ જે ઘી આદિ દ્રવ્યોનો ઉપક્રમ (આયોજન-સેવન) કરવામાં આવે છે, તે પરિકર્મ અને વિનાશરૂપ વિષયવાળો સચિત્ત દ્વિપદાદિ દ્રવ્યોપક્રમ છે. ॥ સૂ૦ ૬૨ ॥

આ દ્વિપદ સંબંધી દ્રવ્યોપક્રમના વિષયમાં સૂત્રકાર વિશેષ સ્પષ્ટીકરણ કરે છે—

"से किं तं दुपए उवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ—(**से किं तं दुपए उवक्कमे ?**) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્ ! દ્વિપદ સંબંધી દ્રવ્યોપક્રમનું સ્વરૂપ કેવું છે ?

દ્વીપદ સંબંધી દ્રવ્યોપક્રમકા નિરુપણ

ઉત્તર—(**दुपए उवक्कमे नडाणं नच्चगाणं जल्लाणं मल्लाणं, मुट्ठियाणं वेलंबगाणं कहगाणं पवगाणं लासगाणं आइक्खगाणं, लंखाणं मंखाणं, तूणइल्लाणं तुंबवीणियाणं कावडियाणं मागहाणं**) નાટકો કરનાર નટોનો, નૃત્ય કરનારા નર્તકોનો, વસ્ત્રને પકડીને ક્રીડા કરનારા જલ્લોનો અથવા બિરુદાવલી બોલનારાઓનો પહેલવાનોનો, મુષ્ટિકોનો (મુઠ્ઠીઓ વડે લડનારા મલ્લવિશેષોનો), અનેક વેષો ધારણ કરનાર વિદૂષકોનો, કથાકારોનો, ગર્ત્ત આદિને પાર કરવાની અથવા નદીને પાર કરાવવાની ક્રિયામાં અભ્યસ્ત રહેતા એવા પ્લવકોનો, રાસલીલા કરનારાનો અથવા જય શબ્દનું ઉચ્ચારણ કરનારા ભાંડોનો, શુભ અને અશુભને કહેનારા અજ્યાયકોનો, ઘણા મોટા વાંસ પર આરોહણ કરનારા લંખોનો (બજાણીયાઓનો), ચિત્રપટ આદિને હાથમાં લઈને તેની મદદથી ભીખ માગતા મંખોનો, તંતુવાદ્યોને બજાવનારા તૂણિકોનો,

તુંબડીની વીણા બનાવીને તેને વગાડનારા તુંબવીણિકોનો, કાવડની મદદથી ભાર વહન કરનાર કાવડીયાઓનો અને મંગળપાઠકોનો જે પોતાના શરીરમાં ઘી આદિના સેવન વડે શકિત આદિના સંવર્ધનનો જે ઉપક્રમ કરવામાં આવે છે. અથવા જે જે બીજાં સાધનો દ્વારા કર્ણોને અને બલાને વૃદ્ધિયુકત અને બલિષ્ઠ કરવામાં આવે છે, તે બધાં પ્રયત્નને દ્વિપદ વિષયક ઉપક્રમ કહે છે. આ જે દ્વિપદોનો ઉપક્રમ છે તે પરિકર્મને વિષય કરનારો છે, તેથી તે સચિત્ત દ્વિપદ ઉપક્રમ છે. તથા એજ નટ આદિકોનો તલવાર આદિથી જે વિનાશ કરવાનો ઉપક્રમ કરવામાં આવે છે, તે વસ્તુના વિનાશરૂપ વિષયવાળો સચિત્ત દ્વિપદ દ્રવ્યોપક્રમ છે. આ પ્રકારનો વસ્તુ-વિનાશ વિષયક સચિત્ત દ્વિપદ દ્રવ્યોપક્રમનો પાઠ સૂત્રમાં આવ્યો નથી, તો પણ આ પ્રકરણમાં તેનો સમાવેશ કરવાનું જરૂરી લાગવાથી, તેનું કથન અહીં થવું જોઇએ. આ પ્રકારનું દ્વિપદ સચિત્ત ઉપક્રમનું સ્વરૂપ સમજવું.

ચતુષ્પદ વિષયક દોનો પ્રકારકે ઉપક્રમકા નિરુપણ

ભાવાર્થ—સૂત્રકારે જે સચિત્તના ભેદરૂપ દ્વિપદ આદિના પરિકર્મ અને વનાશ વિષયક દ્રવ્યોપક્રમ કહ્યો છે, તેના જ દ્વિપદરૂપ પ્રથમ ભેદના સ્વરૂપનું વર્ણન અહીં સંક્ષિપ્તમાં કરવામાં આવ્યું છે.—

નટ, નર્તક આદિજનો પોતાની શકિત વધારવાને ઘી આદિ પદાર્થોનું સેવન કરવાનો જે ઉપક્રમ-પ્રયત્ન કરે છે તેને પરિકર્મ વિષયક દ્વિપદ ઉપક્રમ કહે છે. તથા તલવાર આદિ સાધનો વડે તે નટ, નર્તક આદિજનોનો વિનાશ કરી નાખવાનો જે ઉપક્રમ (પ્રયત્ન) થાય છે તેને વિનાશ વિષયક દ્વિપદ ઉપક્રમ કહે છે. ॥ સૂ૦ ૬૩ ॥

હવે સૂત્રકાર ચતુષ્પદ વિષયક બન્ને પ્રકારના ઉપક્રમનું વિષયકનું નિરૂપણ કરે છે–

"से किं तं चउप्पए" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं चउप्पए उवक्कमे ?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! ચતુષ્પદ ઉપક્રમનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર—(चउप्पए उवक्कमे चउप्पयाणं आसाणं हत्थीणं इच्चाइ) ચોપગાં અશ્વ, ગજ આદિ જાનવરોને સારી ચાલ ચલાવવા આદિ શિક્ષા દેવારૂપ જે ઉપ મ છે. તે પરિકમની અપેક્ષાએ સચિત્ત દ્રવ્યોપક્રમ છે. તથા એજ જાનવરોને તલવાર આદિ વડે મારી નાખવાનો જે ઉપક્રમ છે, તેને વિનાશની અપેક્ષાએ સચિત્ત દ્રવ્યો-પક્રમ કહે છે. આ પ્રકારે સચિત્તના ભેદરૂપ ચતુષ્પદના બન્ને પ્રકારના દ્રવ્યોપક્રમનું અહીં વર્ણન કરવામાં આવ્યું છે. ॥ સૂ૦ ૬૪ ॥

હવે સૂત્રકાર અપદ (ચરણ વિહીન જીવો) વિષયક બન્ને પ્રકારના ઉપક્રમનું નિરૂપણ કરે છે. **"से किं तं अपए उवक्कमे"** ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं अपए उवक्कमे ?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! અપદ ઉપક્રમનું સ્વરૂપ કેવું હોય છે ?

અપદ વિષય દોનો પ્રકારકે ઉપક્રમકા નિરુપણ

ઉત્તર—આમ્ર (આંબો) આદિ જે વૃક્ષો અને તેમનાં જે જે ફળો છે, જેમના સ્થાવર નામ કર્મના ઉદયને લીધે જેઓ ચલન ક્રિયાથી રહિત હોય છે, તેમની વૃક્ષાયુર્વેદોક્ત પદ્ધતિથી વૃદ્ધિ કરવી-ખાતર આદિ નાખીને તેમની સારી રીતે વૃદ્ધિ થાય એવો પ્રયત્ન કરવો, તેમના ફળોને ખાડા આદિમાં ભરીને તેના પર પરાળ આદિ દબાવીને તેમને જલ્દી પકાવવાનો પ્રયત્ન કરવો, તેને પરિકર્મની અપેક્ષાએ અપદ ઉપક્રમ કહેવાય છે. તથા શસ્ત્ર આદિ વડે તે વૃક્ષાદિનો વિનાશ કરવો તેને વસ્તુ વિનાશવિષયક અપદ ઉપક્રમ કહે છે. આ પ્રકારે બન્ને પ્રકારના અપદ ઉપક્રમનું નિરૂપણ અહીં પૂરું થાય છે, અને સચિત્ત દ્રવ્યોપક્રમના બધાં ભેદોનું વર્ણન પણ અહીં સમાપ્ત થાય છે. ॥સૂ. ૬૫॥

અચિત્ત દ્રવ્યોપક્રમકા નિરુપણ

હવે સૂત્રકાર અચિત્ત દ્રવ્યોપક્રમના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं अचित्तदव्वोवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं अचित्तदव्वोवक्कमे?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! અચિત્ત દ્રવ્યોપક્રમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(खंडादीनां गुडादीनां मच्छंडीणां अचितदव्वोवक्कमे) ખાંડ, ગોળ, ઇત્યાદિ પદાર્થોમાં ઉપાય વિશેષો દ્વારા મધુરતાની વૃદ્ધિ કરવા રૂપ જે ઉપક્રમ થાય છે, તેને પરિકર્મ વિષયનો અચિત્ત દ્રવ્યોપક્રમ કહે છે. તથા એજ પદાર્થોનો જે સર્વથા વિનાશ કરી નાખવા રૂપ ઉપક્રમ થાય છે તેને વિનાશ વિષયક અચિત્ત દ્રવ્યોપક્રમ કહે છે. (से तं अचित्ते दव्वोवक्कमे) આ પ્રકારનું અચિત્ત દ્રવ્યોપક્રમનું સ્વરૂપ છે. ॥ સૂ. ૬૬ ॥

મિશ્ર દ્રવ્યોપક્રમકા નિરુપણ

હવે સૂત્રકાર મિશ્ર દ્રવ્યોપક્રમના સ્વરૂપનું નિરૂપણ કરે છે-

"से किं तं मीसए दव्वोवक्कमे" ઇત્યાદિ

શબ્દાર્થ-(से किं तं मीसए दव्वोवक्कमे?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે —કે હે ભગવાન્! મિશ્ર દ્રવ્યોપક્રમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(मीसए दव्वोवक्कमे से चेव थासगआयंसगाइमंडिए आसाइ—से तं मीसए दव्वोवक्कमे)

સચિત્તાત્મક મિશ્ર દ્રવ્યોપક્રમનું સ્વરૂપ આ પ્રકારનું છે- અચિત્ત સ્થાસક, દર્પણ આદિથી વિભૂષિત થયેલા ઘોડાથી લઈને બળદ પર્યન્તના જાનવરોમાં જે શિક્ષા આદિ ગુણની વિશેષતા કરવાનો ઉપક્રમ કરવામાં આવે છે, તેને પરિકર્મ વિષયક મિશ્ર દ્રવ્યોપક્રમ કહે છે. 'સ્થાસક' આ ઘોડાનું એક ખાસ આભરણ છે અને દર્પણની બાજો બળદનું આભરણ વિશેષ છે. 'एडक' આ શબ્દ મેષ (ઘેટા) નો વાચક છે. સ્થાસક, દર્પણ, કુંકુમનો લેપ આદિ અચિત્ત દ્રવ્યો છે તથા અશ્વ,

બળદ, ઘેટાં આદિ સચિત્ત દ્રવ્યો છે. આ સચિત્ત અશ્વ આદિ જાનવરોને જ્યારે ઉપર્યુક્ત સ્થાસક, દર્પણ આદિ અચિત્ત દ્રવ્યો વડે વભૂષિત કરવામાં આવે છે, ત્યારે તેઓ મિશ્ર દ્રવ્ય રૂપ બની જાય છે. એવાં મિશ્ર દ્રવ્ય રૂપ સ્થાસકથી વિભૂષિત અશ્વાદિમાં જે શિક્ષા આદિ ગુણની વિશેષતા કરવાનો ઉપક્રમ થાય છે તેનું નામ જ પરિકર્મ વિષયક મિશ્ર દ્રવ્યોપક્રમ છે. અને તેમનો તલવાર આદિ શસ્ત્રો વડે વિનાશ કરવાનો જે ઉપક્રમ થાય છે, તે ઉપક્રમને વિનાશ વિષયક મિશ્ર દ્રવ્યોપક્રમ કહે છે. આ પ્રકારનું મિશ્ર દ્રવ્યોપક્રમનું સ્વરૂપ છે.

(से तं जाणयसरीरभवियसरीरवइरित्त दव्वोवक्कमे)

આ પ્રકારે જ્ઞાયકશરીર દ્રવ્યોપક્રમ અને ભવ્યશરીર દ્રવ્યોપક્રમથી વ્યતિરિક્ત (ભિન્ન) એવા દ્રવ્યોપક્રમના સ્વરૂપનું નિરૂપણ અહીં પૂરું થાય છે. **(से तं नो आगमओ दव्वोवक्कमे से तं दव्वोवक्कमे)** આ રીતે નોઆગમ દ્રવ્યોપક્રમના બધા

क्षेपोक्रमका निरुपण

ભેદોના સ્વરૂપનું નિરૂપણ અહિં સંપૂર્ણ થાય છે, અને તેનું નિરૂપણ થઈ જવાને લીધે દ્રવ્યોપક્રમના બધા ભેદો અને પ્રભેદોનું નિરૂપણ પણ સંપૂર્ણ થઈ જાય છે એમ સમજવું.

ભાવાર્થ—સચિત્તાચિત્ત દ્રવ્યમાં (મિશ્ર દ્રવ્યમાં) જે વિશેષતાનું આપાદન કરવામાં આવે છે, તે પરિકર્મ વિષયક મિશ્ર દ્રવ્યોપક્રમ છે. અને સચિત્તાચિત્ત રૂપ મિશ્ર દ્રવ્યોનો જે શસ્ત્રાદિ રૂપ વિનાશક કારણો વડે વિનાશ કરવામાં આવે છે, તેને વિનાશ વિષયક મિશ્ર દ્રવ્યોપક્રમ કહેવાય છે. આ રીતે અહીં સુધીમાં દ્રવ્યોપક્રમ સાથે સંબંધ રાખનારૂં એવું સમસ્ત વર્ણન સૂત્રકારે સમાપ્ત કર્યું છે. ॥ સૂ૦ ૬૭॥

હવે સૂત્રકાર ક્ષેત્રોપક્રમના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"(से किं तं खेत्तोवक्कमे)" ઇત્યાદિ—

શબ્દાર્થ—"से किं तं खेत्तोवक्कमे" હે ભગવન્ ક્ષેત્રોપક્રમનું શું સ્વરૂપ છે ? **(खेत्तोवक्कमे जण्णं हलकुलियाईहिं खेत्तो उवक्कमिज्जंति से तं खेत्तोवक्कमे)** ક્ષેત્રોપક્રમનું સ્વરૂપ આ પ્રકારનું છે જે હળ અને કુલિક (ખેતરમાંથી તૃણાદિકોને દૂર કરવાને માટે એક પ્રકારનું હળ જેવું લઘુતર કાષ્ઠ વિશેષ વપરાય છે તેનું નામ કુલિક છે.) આદિ વડે ખેડીને ખેતરને બીજ વાવવાને યોગ્ય બનાવવાનું કાર્ય થાય છે તેને ક્ષેત્રોપક્રમ કહે છે. તે ક્ષેત્રોપક્રમના પરિકર્મ અને વિનાશની અપેક્ષાએ બે ભેદ પડે છે. હળ આદિ વડે ખેડીને ખેતરને જે બીજોત્પાદનની યોગ્યતાવાળું બનાવવાનો ઉપક્રમ (પ્રયત્ન) થાય છે, તેને પરિકર્મ વિષયક ક્ષેત્રોપક્રમ કહે છે. તથા ખેતરમાં હાથી આદિને બાંધીને તેને બીજોત્પાદનને માટે અયોગ્ય બનાવવાનો જે ઉપક્રમ થાય છે તેને વિનાશ વિષયક ક્ષેત્રોપક્રમ કહે છે. એવું માનવામાં આવે છે કે હાથીના મૂત્ર, મળ આદિ જે ખેતરમાં પડ્યું હોય તે ખેતરની બીજોત્પાદન શક્તિનો નાશ થઈ જાય છે આ પ્રકારે અહીં બન્ને પ્રકારના ક્ષેત્રપરિકર્મનું સ્વરૂપ પ્રકટ કરવામાં આવ્યું છે.

શંકા— પરિકર્મ અને વિનાશ જે થાય છે તે તો ક્ષેત્રગત પૃથ્વી આદિ દ્રવ્યોનો જ થાય છે. તેથી તેને ક્ષેત્રોપક્રમ કહેવાને બદલે દ્રવ્યોપક્રમ જ કહેવો

જોઇએ. છતાં અહીં તેને ક્ષેત્રોપક્રમ રૂપે શા માટે પ્રતિપાદિત કરવામાં આવ્યો છે?

ઉત્તર—ક્ષેત્ર શબ્દનો અર્થ આકાશ થાય છે, અને આ આકાશરૂપ ક્ષેત્ર અમૂર્ત છે તેથી તેનો ઉપક્રમ થઇ શકતો નથી. છતાં પણ તેમાં આધેય રૂપે વર્તમાન જે પૃથ્વી આદિ દ્રવ્ય છે તેમનો તો ઉપક્રમ થાય છે. તેથી તેમનો ઉપક્રમ આધાર રૂપ આકાશમાં ઉપચરિત કરી લેવામાં આવે છે. તેથી ક્ષેત્રોપક્રમ ઘટિત થઇ જાય છે. લોકોમાં પણ "मञ्चाः क्रोशन्ति" "મંચ બોલે છે," એવું કહેવામાં આવતું હોય છે. ખેતરની રક્ષા માટે એક માંચડો બનાવ્યો હોય છે. ત્યાં બેઠો બેઠો કોઇ પુરુષ ખેતરની રખવાળી કરે છે મંચ પર બેઠેલો પુરુષ બોલતો હોય ત્યારે કેટલીક વખત "મંચ બોલે છે," આ પ્રકારનો પણ વ્યવહાર થતો જોવામાં આવે છે. આધેય રૂપ પુરૂષના ધર્મોને આધાર રૂપ મંચમાં ઉપચરિત કરીને આ પ્રમાણે કહેવામાં આવે છે. કહ્યું પણ છે કે "खेत्तमरूवे" ઇત્યાદિ—આ સૂત્રપાઠનો પણ એવો જ અર્થ છે કે ક્ષેત્ર તો અરૂપી અને નિત્ય છે. તેનું પરિકર્મ પણ થઇ શકતું નથી અને તેનો વિનાશ પણ થઇ શકતો નથી. પરન્તુ ક્ષેત્રમાં જે કરણ અને વિનાશનો વ્યવહાર થાય છે. તે આધેયગત વસ્તુના કરણ અને વિનાશના ઉપચારની અપેક્ષાએ થાય છે. આ પ્રકારે તેને ક્ષેત્રોપક્રમ કહેવામાં કોઇ દોષ નથી. આ પ્રકારનું ક્ષેત્રોપક્રમનું સ્વરૂપ છે ॥ સૂ૦ ૬૮ ॥

"से किं तं कालोवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं कालोवक्कमे?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! કાલોપક્રમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(कालोवक्कमे जण्णं नालियाहिं कालस्सोवक्कमणं कीरइ—से तं कालोवक्कमे) કાલોપક્રમનું સ્વરૂપ આ પ્રકારે કહ્યું છે– નાલિકા આદિ વડે કાળના યથાવત્ સ્વરૂપનું જે પરિજ્ઞાન થાય છે તેનું નામ કાલોપક્રમ છે. તામ્ર આદિની

कालोपक्रमका निरुपण

એક નાની સરખી ઘડિયાળ બનાવવામાં આવે છે. તેનો આકાર દાડમના પુષ્પ જેવો હોય છે. તેની નીચે એક છિદ્ર હોય છે. આ સાધનને પાણીથી ભરેલા કોઇ પાત્રમાં મૂકવામાં આવે છે. તે છિદ્ર દ્વારા તેમાં પાણી દાખલ થવા માંડે છે. જ્યારે તે સાધન (નાલિકા) જળઘડી પાણીથી ભરાઇ જાય છે ત્યારે તેની મદદથી કાળનું માપ નિશ્ચિત કરવામાં આવે છે. અહીં 'આદિ' પદ વડે શંકુચ્છાયા અને નક્ષત્રોની ચાલ આદિ ગ્રહણ થયેલ છે. તેમની મદદથી પણ કાળનું માપ નીકળી શકે છે. આ પ્રકારે આદિ કાલમાપક સાધનો વડે કાળનો ઉપક્રમ કરવામાં આવેલ છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે આ નાલિકા (જળઘડી) શંકુચ્છાયા (સૂર્ય ઘડી) અને નક્ષત્રોની ચાલ આદિ દ્વારા "આટલા પહોર આટલો ઘડી આદિ વ્યતીત થઈ ગયા આ પ્રકારનું કાળવિષયક જે જ્ઞાન થાય છે તેને પરિકર્મ કાલોપક્રમ કહે છે. કાળનું યથાવત્ પરિજ્ઞાન થવું તેનું નામ અહીં પરિકર્મ સમજવું. તથા નક્ષત્ર આદિકોની ચાલથી કાળનો જે વિનાશ થાય છે, તે વસ્તુવિનાશવિષયક કાલોપક્રમ સમજવો. લોકોમાં એવી વાત ચલી સાંજના

વામાં આવે છે કે આ નક્ષત્રની ચાલ આદિથી કાળ નષ્ટ થઈ ગયો-હવે અનાજ પેદા નહીં થાય. કહ્યું પણ છે કે- "छाया" ઇત્યાદિ—આ સૂત્રપાઠનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-છાયાથી અથવા નાલિકા આદિથી જે કાળનું યથાર્થ પરિજ્ઞાન થાય છે તેનું નામ પરિકર્મ છે, તથા નક્ષત્રાદિકોની ગતિથી તેમાં જે વિપરીતતા આવે છે, તે કાળના વિનાશરૂપ છે. આ પ્રકારના કાળના વસ્તુવિનાશ વિષયક આ કાળોપક્રમ છે. આ પ્રકારે કાલોપક્રમના વિષયનું નિરૂપણ અહીં સંપૂર્ણ થાય છે. ॥ સૂ. ૬૯ ॥

નો આગમસે ભાવોપક્રમકા નિરુપણ

હવે સૂત્રકાર ભાવોપક્રમનું નિરૂપણ કહે છે—

"से किं तं भावोवक्कमे" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं भावोवक्कमे?) શિષ્ય ગુરુને એનો પ્રશ્ન પૂછે છે કે હે ભગવન્! ભાવોપક્રમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(भावोवक्कमे दुविहे पण्णत्ते) ભાવોપક્રમના બે પ્રકાર કહ્યા છે. (तं जहा) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે.

(आगमओ य, नोआगमओ य) (૧) આગમને આશ્રિત કરીને જે ભાવોપક્રમ થાય છે તેને 'આગમ ભાવોપક્રમ' કહે છે. (૨) નોઆગમનો આશ્રિત કરીને થતા ભાવોપક્રમને-"નોઆગમ ભાવોપક્રમ" કહે છે. (जाणए उवउत्ते आगमओ भावोवक्कमे) જે ઉપક્રમ શબ્દના અર્થને જાણે છે અને તેમાં ઉપયોગથી યુકત છે, તે આગમની અપેક્ષાએ ભાવોપક્રમ છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-ઉપક્રમ અને ઉપાય, આ બન્ને એકાર્થક શબ્દો છે. ભગવાન તીર્થંકર દ્વારા કથિત અનુશાસનના જ્ઞાનના સાધનરૂપ તે ઉપક્રમ અહીં ગ્રાહ્ય થયો છે. અન્યત્ર પણ એવું જ કહ્યું છે કે 'सोच्चा" ઇત્યાદિ—તીર્થંકર ભગવાન દ્વારા કથિત અનુશાસન સર્વથા સત્ય છે. તેને શ્રવણ કરનાર શ્રાવકનું તેની પ્રાપ્તિનો ઉપાય કરવાનું કર્તવ્ય થઈ પડે છે. આ પ્રકારે ભગવદુકત અનુશાસનની પ્રાપ્તિનો ઉપાય જાણનાર જ્ઞાતા તે ઉપક્રમમાં ઉપયુકત (ઉપયોગ પરિણામથી યુકત) હોવાને કારણે આગમની અપેક્ષાએ ભાવોપક્રમરૂપ હોય છે.

(नोआगमओ भावोवक्कमे दुविहे पण्णत्ते) નોઆગમ ભાવોપક્રમ બે પ્રકારનો કહ્યો છે. (तं जहा) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે- (पसत्थे य अपसत्थे य) (૧) પ્રશસ્ત અને (૨) અપ્રશસ્ત અહીં ભાવ શબ્દનો અર્થ અભિપ્રાય છે, અને તે જીવદ્રવ્યનો પર્યાયરૂપ માનવામાં આવ્યો છે. કહ્યું પણ છે કે "भावाभिरव्याः" ભાવના પાંચ નામ નીચે પ્રમાણે છે-(૧) સ્વભાવ, (૨) સત્તા, (૩) આત્મા, (૪) યોનિ

અને (૫) અભિપ્રાય. આ રીતે પરકીય ભાવનું (અભિપ્રાયનું) યથાર્થ પરિજ્ઞાન થવું તેનું નામ ભાવોપક્રમ છે. (तत्थ) નોઆગમભાવોપક્રમના જે બે પ્રકારો કહેવામાં આવ્યા તેમાંનો જે અપ્રશસ્ત ભાવોપક્રમ કહ્યો છે તેનો સદ્ભાવ ડોડિણિ બ્રાહ્મણી, ગણિકા અને અમાત્ય વગેરેમાં જાણવો. હવે આ ડોડિણિ બ્રાહ્મણી આદિના અપ્રશસ્ત ભાવોપક્રમને સમજાવવાને માટે અહીં તેમની કથા આપવામાં આવી છે. તે ત્રણે બધાંના અભિપ્રાયને પરિજ્ઞાત કરવાને સમર્થ હતા. તેમનો તે ભાવોપક્રમ નોઆગમની અપેક્ષાએ અપ્રશસ્ત ભાવોપક્રમરૂપ હતો. તેમનો ભાવોપક્રમ અપ્રશસ્ત તે કારણે હતો કે તે સંસારરૂપ ફલનો જનક હતો. ડોડિણિ આદિએ જે પ્રકારે અન્યનો અભિપ્રાય જાણ્યો હતો તે પ્રકારનું અહીં પ્રસંગવશ કથન કરવામાં આવે છે–કોઈ એક ગામમાં ડોડિણી નામની એક બ્રાહ્મણી રહેતી હતી. તેને ત્રણ પુત્રીઓ હતી. તેણે તે ત્રણેના વિવાહ કરી નાખ્યા. પુત્રીઓનો વિવાહ કર્યા બાદ તેને એવો વિચાર આવ્યો કે ત્રણે જમાઈઓનો અભિપ્રાય (સ્વભાવ) જાણી લઈને મારે મારી પુત્રીઓને એવા પ્રકારની શિક્ષા આપવી જોઇએ કે તે શિક્ષાને અનુરૂપ જીવન જીવીને તેઓ પોતાના જીવનને સુખી બનાવી શકે. આ પ્રકારનો વિચાર કરીને તેણે પોતાની ત્રણે પુત્રીઓને બોલાવીને આ પ્રમાણે સલાહ આપી–

"આજે જ્યારે તમારા પતિ તમારા શયનખંડમાં આવે ત્યારે તમારે કોઈ કલ્પિત દોષ બતાવીને તેમના મસ્તક પર લાતો મારવી. ત્યારે પ્રતિકારરૂપે તેઓ તમને જે કંઈ કહે અથવા જે કંઈ કરે તે સવારમાં મને કહેવાનું છે.

તે ત્રણે પુત્રીઓએ માતાની સલાહ પ્રમાણે જ કર્યું–તેઓ પોતપોતાના શયનખંડમાં ચાલી ગઇ અને પોતપોતાના પતિની પ્રતીક્ષા કરવા લાગી. સૌથી મોટી પુત્રીનો પતિ જ્યારે શયનખંડમાં આવ્યો, ત્યારે તેણે તેના પર કોઈ દોષનું આરોપણ કરીને તેના મસ્તક પર એક લાત લગાવી દીધી. લાત ખાતાની સાથે જ તેના પતિએ તેનો પગ પકડીને તેને આ પ્રમાણે કહ્યું–"પ્રિયે! પથ્થરથી પણ કઠોર એવાં મારા મસ્તકપર તમે કેતકીના પુષ્પસમાન કોમળ પગ વડે જે લાત મારી છે તેને લીધે તમારા નાજુક ચરણ દુખવા માંડયા હશે," આ પ્રમાણે કહીને તેણે તેના તે પગને દાબવા માંડયો, બીજે દિવસે તે મોટી પુત્રીએ આ સમસ્ત વાત તેની માતાને કહી સંભળાવી. તે વાત સાંભળીને માતાને (ડોડિણી બ્રાહ્મણીને) ઘણો જ આનંદ થયો. જમાઇના આ પ્રકારના વર્તનથી તેના સ્વભાવને તે સમજી ગઇ. તેણે તેની મોટી પુત્રીને આ પ્રમાણે સલાહ આપી. "તું તારા ઘરમાં જે કરવા ધારે તે કરી શકીશ, કારણ કે તારા પતિના આ વ્યવહારથી એવું લાગે છે કે તે તારી આજ્ઞાને અધીન રહેશે."

બીજી પુત્રીએ પણ પોતાના પતિ સાથે જ એવો જ વર્તાવ બતાવ્યો–જેવો તે શયનખંડમાં પ્રવેશ્યો કે તુરત જ કોઈ દોષનું આરોપણ કરીને તેણે તેના મસ્તક પર એક લાત લગાવી દીધી. ત્યારે તેના પતિને થોડો રોષ ઉપજ્યો. તેણે પોતાનો રોષ માત્ર આ શબ્દો દ્વારા જ પ્રકટ કર્યો–"મારી સાથે તેં જે વર્તાવ કર્યો છે, તે કુળવધુઓને યોગ્ય વર્તાવ ન ગણાય તારે આવું કરવું જોઇએ નહીં" આ પ્રમાણે કહીને તે શાન્ત થઈ ગયો. પ્રાતઃકાળે બીજી પુત્રીએ પણ આ બધી વાત સંભળાવી

ત્યારે તેની માતાએ સંતોષ પામીને તેને આ પ્રમાણે કહ્યું—"બેટી ! તું પણ તારા ઘરમાં તારી ઇચ્છા પ્રમાણે વર્તાવ કરી શકે છે. તારા પતિનો સ્વભાવ એવો છે કે તે ગમે તેટલો રૂષ્ટ થયો હોય તો પણ ક્ષણમાત્રમાં તુષ્ટ થઇ જાય એવોછે."

ત્રીજી પુત્રીએ પણ કોઇ દોષનું આરોપણ કરીને તેના પતિને મસ્તક પર લાત લગાવી દીધી. ત્યારે તેના ક્રોધનો પારો ઘણો ઉંચો ચડી ગયો, તેની આંખો ક્રોધથી લાલ થઇ ગઇ અને તેણે તેને આ પ્રમાણે કહ્યું, "અરે નીચ ! કુલકન્યાએ ન કરવા યોગ્ય આ પ્રકારનું કાર્ય તેં શા માટે કર્યું ?" આ પ્રમાણે કહીને તેણે તેને ગડદા, પાટુ આદિ મારી મારીને ઘરમાંથી ધક્કો મારીને બહાર કાઢી મૂકી. ત્યારે તે પુત્રી તેની માતા પાસે ગઇ અને તેમને સર્વ હકીકત કહી સંભળાવી. પુત્રીની આ વાત દ્વારા ડોડિણી બ્રાહ્મણીને તેની ત્રીજી પુત્રીના પતિના સ્વભાવનો પણ ખ્યાલ આવી ગયો. તુરત જ તે તેની (ત્રીજી પુત્રીના પતિની) પાસે પહોંચી ગઇ અને મીઠી વાણી દ્વારા તેના ક્રોધને શાન્ત પાડવાનો પ્રયત્ન કરવા લાગી. તેણે તેને આ પ્રમાણે કહ્યું—"જમાઇરાજ ! અમારા કુળમાં સુહાગરાતે પ્રથમ સમાગમ વખતે પતિના મસ્તક પર ચરણપ્રહાર કરવાનો આચાર ચાલ્યો આવે છે. તે કારણે મારી પુત્રીએ તમારી સાથે એવો વ્યવહાર કર્યો છે, દુષ્ટતાને કારણે એવું કરવામાં આવ્યું નથી. માટે આપે ક્રોધ છોડીને તેના વર્તન માટે તેને માફી આપવી જોઇએ." સાસૂના આ પ્રકારના વચનો સાંભળીને તેનો ગુસ્સો ઉતરી ગયો. ત્યારબાદ તે ડોડિણી બ્રાહ્મણીએ તેની ત્રીજી પુત્રીને આ પ્રમાણે સલાહ આપી—"બેટી ! તારા પતિ દુરાराધ્ય છે. માટે તારે તેમની આજ્ઞાનું બરાબર પાલન કરવું અને ખૂબ જ સાવધાની પૂર્વક તેમની સેવા કરવી.

આ પ્રકારે ડોડિણી બ્રાહ્મણીએ પોતાના જમાઇઓના અભિપ્રાયને ઉપર દર્શાવેલી યુક્તિ વડે જાણી લીધો.

હવે પરનો અભિપ્રાય જાણવાને સમર્થ એવી એક વિલાસવતી નામની ગણિકાનું દૃષ્ટાંત આપવામાં આવે છે. કોઇ એક નગરમાં કોઇ એક ગણિકા રહેતી હતી. તે ૬૪ કલાઓમાં નિપુણ હતી. તેણે પરનો અભિપ્રાય જાણવાને માટે આ પ્રકારની પદ્ધતિ અપનાવી હતી. તેણે પોતાના રતિભવનની ભીંતો પર જુદા જુદા પ્રકારની ક્રિયાઓ કરતાં વિવિધ જાતિના પુરૂષોનાં ચિત્રો દોરાવ્યાં હતાં. જે પુરૂષ ત્યાં આવતો, તે પોતાના જાતીયોચિત ચિત્રનું નિરીક્ષણ કરવામા તન્મય થઇ જતો તેના આ પ્રકારના વર્તનથી તેની જાતિ, સ્વભાવ, રુચિ આદિને તે વિલાસવતી સમજી જતી હતી અને તે પુરૂષની સાથે તેની જાતિ રૂચિ આદિને યોગ્ય વર્તાવ બતાવીને તેને સત્કાર આદિ દ્વારા ખુશખુશ કરી નાખતી. તેના વર્તન આદિથી ખુશ થઇને તેને ત્યાં જનારા પુરૂષો ખૂબ ધન આપીને પોતાનો સંતોષ પ્રકટ કરતા હતા.

હવે અમાત્યનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે અને એ વાત પ્રકટ કરવામાં આવે છે કે તે અમાત્ય કેવી રીતે અન્યના અભિપ્રાયને જાણી લેતો હતો—

કોઇ એક નગરમાં ભદ્રબાહુ નામે રાજા રાજ્ય કરતો હતો. તેને સુશીલ નામે એક અમાત્ય હતો. તે નીતિશાસ્ત્રમાં ઘણો જ નિપુણ હતો. પરના અભિપ્રાયને ઘણી જ ઝડપથી જાણી લેવાને તે સમર્થ હતો. હવે એક દિવસ તે રાજા તે અમાત્યને સાથે લઈને અશ્વક્રીડા કરવા નિમિત્તે નગરની બહાર નીકળા પડયો. ચાલતાં ચાલતાં માર્ગના કોઇ એક પડતર (ખેતી ન થતી હોય એવો પ્રદેશ) પર ઊભા રહીને ઘોડાએ પેશાબ કર્યો. તે પેશાબ સૂકાઇ ગયો નહીં પણ ત્યાં તે જમીનમાં

એમને એમ પડયો રહ્યો. થોડીવાર પછી રાજા અને અમાત્ય એજ રસ્તેથી પાછાં ફર્યા. તે પડતર જગ્યામાં ઘોડાના પેશાબને હજી પણ વિના સૂકાયેલો જોઇને રાજાના મનમાં આ પ્રકારનો વિચાર આવ્યો-"જો આ જગ્યાએ તળાવ ખોદાવવામાં આવે, તો તે તળાવ કાયમ અગાધ જળથી ભરપૂર રહેશે. તેનું પાણી સૂકાશે નહીં આ પ્રકારનો વિચાર કરતો કરતો તે રાજા તે ભૂમિભાગ સામે ઘણીવાર સુધી તાકી રહ્યો. ત્યારબાદ તે રાજા તે અમાત્યની સાથે રાજમહેલ તરફ રવાના થઈ ગયો. તે ચતુર અમાત્ય તે રાજાના મનોગત ભાવને બરાબર સમજી ગયો. તેણે રાજાને પૂછયા વિના જ તે જગ્યાએ એક વિશાળ તળાવ ખોદાવ્યું અને તેના કિનારે વિવિધ પ્રકારના અને વિવિધ ઋતુઓનાં ફલ-ફૂલથી સંપન્ન વૃક્ષો રોપાવી દીધાં. ત્યારબાદ ફરી કોઇ દિવસે તે રાજા તે અમાત્યની સાથે એજ રસ્તે થઈને ફરવા નીકળ્યો પેલી જગ્યાએ વૃક્ષોના ઝુંડોથી સુશોભિત તે જળાશયને જોઇને રાજાએ તે અમાત્યને પૂછયું-અરે! આ અતિશય રમણીય જળાશય અહીં કોણે બંધાવ્યું છે? ત્યારે અમાત્યે જવાબ આપ્યો-"હે મહારાજા આપે પોતે જ આ જળાશય બંધાવ્યું છે." ત્યારે રાજાના આશ્ચર્યનો પાર ન રહ્યો. તેણે અમાત્યને કહ્યું. "આ જળાશય શું મેં બંધાવ્યું છે? આ જળાશય બંધાવવાનો કોઇ આદેશ કર્યાનું મને યાદ નથી!" ત્યારે અમાત્યે આ પ્રમાણે ખુલાસો કર્યો-"હે મહારાજા! ઘણા સમય સુધી આ જગ્યાએ ઘોડાના મૂત્રને વિના સૂકાયે પડયું રહેલું જોઈને આપે આ જગ્યાએ જળાશય બંધાવવાનો વિચાર કરેલો. આપે માનેલું કે આ જગ્યાએ જળાશય ખોદાવવાથી તેમાં પાણી કદી સૂકાશે નહીં. આપના આ મનોગત વિચારને-આપ અશ્વક્રીડા કરીને પાછા ફરતી વખતે જે દૃષ્ટિથી તે અશ્વમૂત્રની સામે નિરખી રહ્યા હતા-તે દૃષ્ટિ દ્વારા જાણી જોઇને મેં આ જળાશય અહીં બંધાવ્યું છે." પરના ચિત્તને સમજવાની પોતાના અમાત્યની તે શકિત જોઈને રાજાને ઘણો હર્ષ થયો તેણે તેની ખૂબ પ્રશંસા કરી અને તેનું વેતન અને હોદ્દો વધારી દઈને તેની કદર કરી. આ પ્રકારની અન્યના મનોગત ભાવોને જાણનાર તે અમાત્યની કથા છે. આ ત્રણે ભાવોપક્રમણનાં દૃષ્ટાન્તો છે. આ ભાવોપક્રમણમાં સંસારરૂપ ફલજનકતાનો સદ્ભાવ હોવાથી તેમને અપ્રશસ્ત કહેવામાં આવેલ છે.

(पसत्थे गुरुमाईणं) ગુરૂ આદિનાં અભિપ્રાયને યથાર્થરૂપ જાણવા તે પ્રશસ્ત ભાવોપક્રમ છે. એટલે કે શ્રુત આદિનું પરિજ્ઞાન પ્રાપ્ત કરવા ઇચ્છતા શિષ્યાદિકોને ગુરુઆદિકોના ભાવનું જે યથાર્થ પરિજ્ઞાન થાય છે, તેનું નામ નો આગમની અપેક્ષાએ પ્રશસ્ત ભાવોપક્રમ છે.

શંકા—અહીં તો અનુયોગદ્વારની પ્રરૂપણા ચાલી રહી છે. અનુયોગનો અર્થ વ્યાખ્યાન થાય છે. તેથી અનુયોગદ્વારનું વ્યાખ્યાન કરવામાં ઉપયુકત હોય તેમનું જ કથન અહીં થવું જોઇએ. ગુરૂભાવોપક્રમ તો વ્યાખ્યાનમાં અનુપયોગી છે, તેથી અહીં તેનું કથન થવું જોઇએ નહીં.

ઉત્તર—વ્યાખ્યાન ગુરુને આધીન હોય છે. તેથી તે વ્યાખ્યાનની પ્રાપ્તિને માટે ગુરૂના અભિપ્રાયને જાણી લેવાનું જ્ઞાન શિષ્યોને માટે પરમ આવશ્યક ગણાય છે. ગુરુના અભિપ્રાયને જાણનારો શિષ્ય તેમને અનુકૂળ થઇ પડે એવા પોતાના આચરણથી તેમને ખુશ કરે છે, અને તેના વર્તનથી સંતુષ્ટ થયેલા તે ગુરુ તેની સમક્ષ રહસ્યયુકત શાસ્ત્રની પ્રરૂપણા કરે છે. આ રીતે ગુરૂના ભાવનું શિષ્યને યથાવત પરિજ્ઞાન થવું એ પણ વ્યાખ્યાનના એક અંગરૂપ જ છે. તે કારણે સૂત્રકારનું ઉપર્યુકત કથન ઉચિત જ છે. કહ્યું પણ છે કે-(गुर्वायत्ताहित्यादि) શાસ્ત્રોનું પઠન

આદિરૂપ સમસ્ત અધ્યયન ગુરૂ મહારાજની સમીપે જ થાય છે, તેથી સમસ્ત શાસ્ત્રારંભ ગુરૂને આધીન છે. તેથી પોતાના હિતની ખેવના રાખનાર શિષ્યનું એ કર્તવ્ય થઈ પડે છે કે તેણે ગુરૂમહારાજની આરાધના કરવાના કાર્યમાં તત્પર રહેવું જોઈએ.

(૧) ગુરૂમહારાજના મનોભાવને (અભિપ્રાયને) જાણી લેવો તે શિષ્યને માટે અતિ આવશ્યક છે. ત્યારબાદ જ તે તેમની પાસેથી શાસ્ત્રના યથાર્થ રહસ્યને જાણી શકે છે. તેથી જે પ્રકારે ગુરૂ રાજી રહે એ પ્રકારનો પ્રયત્ન ગુણાર્થી વિનીત શિષ્યે કરવો જોઈએ.

(૨) કહ્યું છે કે-"**गुरुचित्ताइं**" ઈત્યાદિ-વ્યાખ્યાનના સમસ્ત અંગો ગુરૂ મહારાજના ચિત્તાધીન રહે છે. તેથી જે પ્રકારે તેઓ પ્રસન્ન રહે તે પ્રકારના કામો શિષ્યોએ અવશ્ય કરવા જોઈએ.

(૩) કહ્યું પણ છે કે "**आगारिंगियकुसलं**" ઈત્યાદિ-આકાર અને ઇંગિતને જાણવામાં નિપુણ એવો શિષ્ય ગુરૂનાં વચનોને તર્ક અથવા દલીલ કર્યા વિના સ્વીકારી લે છે. ધારો કે ગુરૂ કહે કે "કાગડાનો વર્ણ ધોળો હોય છે," તો તેમના તે કથનને પણ તે શિષ્ય દલીલ કર્યા વિના સ્વીકારી લે છે. ત્યારબાદ એકાન્તમાં તેણે ગુરૂને પૂછવું જોઈએ કે "આપ કાગડાનો વર્ણ ધોળો કહો છો તેનું કારણ કૃપા કરીને સમજાવો."

(**से तं नोआगमओ भावोवक्कमे**) આ નોઆગમને આશ્રિત કરીને ભાવોપક્રમનું સ્વરૂપ સમજવું. (**से तं भावोवक्कमे**) આગમ ભાવોપક્રમ અને નોઆગમ ભાવોપક્રમરૂપ ભાવોપક્રમના બન્ને ભેદોનું નિરૂપણ અહીં સમાપ્ત થાય છે. (**से तं उवक्कमे**) આ રીતે ઉપક્રમના સમસ્ત ભેદોનું વર્ણન અહીં સમાપ્ત થાય છે. ॥સૂ૦ ૭૦॥

શાસ્ત્રભાવોપક્રમકા નિરુપણ

હવે સૂત્રકાર "**गुरुमाईणं**" આ પદમાં આદિ પદથી સૂચિત શાસ્ત્રભાવોપક્રમનું નિરૂપણ કરવાને માટે "**अहवा**" ઈત્યાદિ સૂત્રોનું કથન કરે છે—

"**अहवा उवक्कमे छव्विहे**"—ઈત્યાદિ—

શબ્દાર્થ—(**अहवा**) અથવા (**उवक्कमे छव्विहे पण्णत्ते**) ઉપક્રમ છ પ્રકારનો કહ્યો છે. (**तंजहा**) તે છ પ્રકારો નીચે પ્રમાણે છે-(**आनुपुव्वी, नामं, पमाणं, वत्तव्वया, अत्थाहिगारे, समोयारे**) (૧) આનુપૂર્વી, (૨) નામ, (૩) પ્રમાણ, (૪) વક્તવ્યતા (૫) અર્થાધિકાર અને ૬ સમવતાર.

પહેલાં ગુરૂભાવોપક્રમનું પ્રતિપાદન સૂત્રકારે કરી લીધું. હવે તેઓ આદિપદથી સૂચિત શાસ્ત્રભાવોપક્રમનું નિરૂપણ કરે છે- આ વાત "**अहवा**" અથવા પદથી સૂચિત થાય છે. અહીં ઉપક્રમ પદથી શાસ્ત્રભાવોપક્રમ ગૃહીત થયો છે. તેથી શાસ્ત્રોક્તભાવોપક્રમ પૂર્વોક્તરૂપે છ પ્રકારનો હોય છે, એવો આ સૂત્રનો સંક્ષિપ્તાર્થ છે. ।સૂ.૭૧।

આનુપુર્વી આદીકે સ્વરુપ કા નિરુપણ

હવે સૂત્રકાર આનુપૂર્વી આદિકોના સ્વરૂપનું નિરૂપણ કરવાનો પ્રારંભ કરે છે. તેમાં સૌથી પહેલાં તો એ વાત પ્રકટ કરે છે કે આનુપૂર્વી કેટલા પ્રકારની છે?

"से किं तं आणुपुव्वी" ઇત્યાદિ–

શબ્દાર્થ—**(से किं तं आणुपुव्वी)** શિષ્ય ગુરૂને એવો પ્રશ્ન પૂછે છે કે હે હે ભગવન્! પૂર્વપ્રકાન્ત (પૂર્વ પ્રસ્તુત) આનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-**आणुपुव्वी दसविहा पण्णत्ता–तंजहा)** આનુપૂર્વીના નીચે પ્રમાણે દશ પ્રકાર કહ્યા છે-

(णामाणुपुव्वी (૧) નામાનુપૂર્વી, **(ठवणाणुपुव्वी)** (૨) સ્થાપનાનુપૂર્વી, **(दव्वाणुपुव्वी)** (૩) દ્રવ્યાનુપૂર્વી, **(खेत्ताणुपुव्वी)** (૪) ક્ષેત્રાનુપૂર્વી, **(कालाणुपुव्वी** (૫) કાલાનુપૂર્વી, **(उक्कित्तणाणुपुव्वी)** (૬) ઉત્કીર્તનાનુપૂર્વી, **(गणणाणुपुव्वी)** (૭) ગણનાનુપૂર્વી, **(संठाणाणुपुव्वी)** (૮) સંસ્થાનાનુપૂર્વી **(सामायारी आणुपुव्वी)** (૯) સમાચાર્યાનુપૂર્વી અને **(भावाणुपुव्वी)** (૧૦) ભાવાનુપૂર્વી.

પૂર્વ, પ્રથમ અને આદિ આ ત્રણે પર્યાયવાચી શબ્દો છે. **"पूर्वस्य अनु अनुपूर्व"** "પૂર્વ (પ્રથમ)ની પાછળ", એવો અનુપૂર્વ શબ્દનો અર્થ થાય છે. આ અનુપૂર્વનો જે ભાવ છે તેનું નામ અનુપૂર્વી છે. એટલે કે આદિ વસ્તુઓનો જે સમુદાય છે તેનું નામ આનુપૂર્વી છે. આનુપૂર્વી, અનુક્રમ અને પરિપાટી, આ ત્રણે આનુપૂર્વીના પર્યાયવાચી શબ્દો છે. ત્રણ આદિ વસ્તુઓના સમૂહરૂપ આ આનુપૂર્વી પૂર્વોકત દસ ભેદવાળી કહી છે, એમ સમજવું. ॥સૂ. ૭૨॥

નામાદિ આનુપુર્વી કા નિરુપણ

હવે સૂત્રકાર નામાનુપૂર્વી નિરૂપણ કરે છે-

"नामठवणाओ गयाओ" ઇત્યાદિ—

શબ્દાર્થ—**(नामठवणाओ गयाओ)** નામાનુપૂર્વી અને સ્થાપનાનુપૂર્વીનું સ્વરૂપ નામાવશ્યક અને સ્થાપના આવશ્યકના પૂર્વોકત સ્વરૂપ અનુસાર જ સમજવું. **(से किं तं दव्वाणुपुव्वी ?)** હે ભગવન ! દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–**(दव्वाणुपुव्वी दुविहा पण्णत्ता-तंजहा)** દ્રવ્યાનુપૂર્વીના નીચે પ્રમાણે બે પ્રકાર કહ્યા છે. **(आगमओ य नोआगमओ य)** (૧) આગમની અપેક્ષાએ અને (૨) નોઆગમની અપેક્ષાએ આગમનો આશ્રિત કરીને જે દ્રવ્યાનુપૂર્વી

થાય છે તેનું નામ આગમદ્રવ્યાનુપૂર્વી છે અને નો આગમને આશ્રિત કરીને જે આનુપૂર્વી થાય છે તેનું નામ નોઆગમદ્રવ્યાનુપૂર્વી છે. (સે કિં તં આગમઓ દવ્વાણુપુવ્વી)? હે ભગવન્! આગમનો આશ્રિત કરીને જે અનુપૂર્વી છે તેનું સ્વરૂપ કેવું છે?

(આગમઓ દવ્વાણુપુવ્વો) આગમને આશ્રિત કરીને જે દ્રવ્યાનુપૂર્વી થાય છે તેનું સ્વરૂપ આ પ્રકારનું છે–

(જસ્સ ણં આણુપુવ્વીતિ પયં સિક્ખિયં) જે સાધુ આદિએ "આનુપૂર્વી" આ પદના વાચ્યાર્થને વિનયપૂર્વક ગુરૂને મુખેથી સારી રીતે શીખી લીધો છે, (ઠિયં) તેને સારી રીતે પોતાના સ્મૃતિપટલ પર ઉતારી લીધો છે, (જિયં) શબ્દ અને અર્થની અપેક્ષાએ જેણે તેને સારી રીતે જાણી લીધેલ છે, (મિયં) તેના પદાદિકોની સંખ્યાનું પરિજ્ઞાન જેણે સારી રીતે સમજી લીધું છે, (પરિજિયં) જેણે તેને બધી તરફથી અને બધા પ્રકારે પરાવર્તિત કરી લીધું છે, તે આગમનો આશ્રિત કરીને દ્રવ્યાનુપૂર્વી છે. અહીં 'यावत्' પદથી "नामसम, घोषसम, अहीनाक्षर, अत्यक्षर, अव्याविद्धाक्षर, अस्खलित, अमिलित, अव्यत्याम्रेडित, प्रतिपूर्ण, प्रतिपूर्णघोष, कंठोष्ठविप्रमुक्त. गुरुवाचनोपगत" આ પદોને ગૃહણ કરવામાં આવ્યાં છે. તે પદોનો અર્થ ૧૪માં સૂત્રમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આ બધાં વિશેષણોથી યુક્ત સાધુ આદિને 'આનુપૂર્વી' આ પદમાં વાચના, પૃચ્છના, પરિવર્ત્તના અને ધર્મકથા દ્વારા વર્તમાન માનવામાં આવે છે, પરન્તુ અનુપ્રેક્ષા દ્વારા વર્તમાન માનતો નથી. આ પ્રકારના તે સાધુને આગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વી સમજવો.

શંકા–(કમ્હા) આનુપૂર્વી પદમાં અનુપ્રેક્ષા દ્વારા અવર્તમાન સાધુ આગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વી કેવી રીતે મનાય છે?

ઉત્તર–" अनुपयोगो द्रव्यमिति कृत्वा " જીવ જેના દ્વારા વસ્તુનો પરિચ્છેદ (બોધ) કરે છે તેનું નામ ઉપયોગ છે. તે ઉપયોગના અભાવનું નામ અનુપયોગ છે. આ અનુપયોગથી યુક્ત હોવાને કારણે અનુપૂર્વીનો તે જ્ઞાતા આગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વી મનાય છે, એવું શાસ્ત્રનું વચન છે. આ કથનનો ભાવાર્થ એ છે કે–જે સાધુએ આનુપૂર્વીને સારી રીતે જાણી લીધી છે–શીખી લીધી છે–એટલે કે તે તેનો પરિપૂર્ણરૂપે જ્ઞાતા થઇ ગયો છે, તે સાધુ આનુપૂર્વીમાં વાચના, પૃચ્છના, આદિ વડે વર્તમાન હોવા છતાં પણ તેમાં ઉપયોગથી રહિત હોવાને કારણે આગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વી કહેવાય છે.

(णेगमस्स णं एगो अणुवउत्तो आगमओ एगा दव्वाणुपुव्वी जाव कम्हा? जइ जाणए अनुवउत्ते न भवइ, जइ अनुवउत्ते जाणए न भवइ, तम्हा णत्थि आगमओ दव्वानुपुव्वी–से त्तं आगमओ दव्वानुपुव्वी)

હવે સૂત્રકાર નૈગમનય આદિના ભેદથી દ્રવ્યાનુપૂર્વીના ભેદોનું કથન કરે છે–નૈગમ નયની દૃષ્ટિએ એક અનુપયુક્ત આત્મા (સાધુ) આગમની અપેક્ષાએ એક દ્રવ્યાનુપૂર્વી છે. અહીં " यावत्" પદથી નીચેનો પૂર્વોક્ત સૂત્રપાઠ ગ્રહણ કરવો.

નૈગમનયની દૃષ્ટિએ બે અનુપયુક્ત સાધુ આગમની અપેક્ષાએ બે દ્રવ્યાનુપૂર્વી છે, ત્રણ અનુપયુકત સાધુ આગમની અપેક્ષાએ ત્રણ દ્રવ્યાનુપૂર્વી છે. એજ પ્રમાણે જેટલા અનુપયુકત સાધુ છે એટલાં જ આગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વી છે. એજ પ્રમાણે વ્યવહારનયની અપેક્ષાએ પણ દ્રવ્યાનુપૂર્વીમાં

એકત્વ અનેકત્વનું કથન સમજવું જોઇએ. સંગ્રહનયની એવી માન્યતા છે કે એક જ દ્રવ્યાનુપૂર્વી છે. નૈગમનય અને વ્યવહાર નયની માન્યતા અનુસાર દ્રવ્યાનુપૂર્વી જે એક અને અનેકરૂપ છે તેનું કારણ એ છે કે આ નય એવું કથન કરે છે કે સામાન્ય તત્ત્વના આધાર પર સમસ્ત દ્રવ્યાનુપૂર્વીઓ એક જ છે–ભિન્ન ભિન્ન અનેક–નથી. ઋજુસૂત્ર નયની માન્યતા અનુસાર વર્તમાન ક્ષણે એક અનુપયુક્ત સાધુ આગમની અપેક્ષાએ એક આનુપૂર્વી છે. આ નય આનુપૂર્વીમાં ભિન્નતા (અનેકતા)ને માનતો નથી. ત્રણે શબ્દનયોની માન્યતા અનુસાર જ્ઞાયક હોવા છતાં પણ જે અનુપયુક્ત હોય છે તે અવસ્તુસ્વરૂપ છે. કારણ કે જે જ્ઞાયક હશે તે અનુપયુક્ત નહીં હોય અને જે અનુપયુક્ત હશે તે જ્ઞાયક નહીં હોય, આ પ્રકારની તે ત્રણે શબ્દ નયોની માન્યતા છે. તેથી આગમની અપેક્ષાએ જે દ્રવ્યાનુપૂર્વી બને છે તેનો આ ત્રણે શબ્દનયોની માન્યતા અનુસાર સદ્ભાવ જ હોતો નથી. અહીં જે શિક્ષિત આદિ પદો આવ્યાં છે તેમની વ્યાખ્યા આગળ આપ્યા પ્રમાણે જ સમજવી. આ પ્રકારનું આગમ દ્રવ્યાનુપૂર્વી સ્વરૂપ છે.

(से किं तं नोआगमओ दव्वाणुपुव्वी ?) હે ભગવન! નોઆગમને આશ્રિત કરીને દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(नोआगमओ दव्यानुपुव्वी तिविहा पण्णत्ता) નોઆગમને આશ્રિત કરીને જ્ઞાયમાન દ્રવ્યાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે–(तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–

(जाणयसरीरदव्वानुपुव्वी, भवियसरीर दव्वानुपुव्वी जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वानुपुव्वी) (૧) જ્ઞાયકશરીર દ્રવ્યાનુપૂર્વી, (૨) ભવ્યશરીર દ્રવ્યાનુપૂર્વી અને (૩) જ્ઞાયકશરીર ભવ્યશરીર વ્યતિરિક્ત દ્રવ્યાનુપૂર્વી.

પ્રશ્ન–से किं तं जाणयसरीरदव्वानुपुव्वी ?) હે ભગવાન! પૂર્વ પ્રકાન્ત (પૂર્વ પ્રસ્તુત) જ્ઞાયકશરીર દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(जाणयसरीरदव्वानुपुव्वी) જ્ઞાયકશરીર દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(आनुपुव्वी पयत्थाहिगारजाणयस्स जं सरीरं ववगयचुयचाविय चत्तदेहं) 'આનુપૂર્વી' આ પદના અર્થાધિકારને જાણનાર સાધુનું હસે માંથી રહિત ચ્યુત, ચ્યાવિત અને ત્યકત દેહવાળું જે નિર્જીવ શરીર છે–એટલે કે આહાર પરિણતિ જનિત વૃદ્ધિથી રહિત જે શરીર છે તે જ્ઞાયક શરીર દ્રવ્યાનુપૂર્વી છે. (વ્યપગત, ચ્યુત, ચ્યાવિત આદિ પદોનો ભાવર્થ આગળ આવી ગયો છે.)

(सेसं जहा दव्वावस्सए जाव से तं जाणयसरीरदव्वानुपुव्वी) અહીં "जीवविप्रमुक्तं शय्यागतं वा, नैषेधिकीगतं वा, सिद्धशिलातलगतं वा दृष्ट्वा खलु कोऽपि भणेत् अहो! खलु अनेन शरीरसमुच्छ्रयेण जिनदृष्टेन भावेन आनुपूर्वीति पदं आगृहीतं, प्रज्ञापितं, प्ररूपितं, दर्शितं, निदर्शितं यथा कोऽत्र दृष्टान्तः? अयं मधुकुम्भ आसीत्, अयं घृतकुम्भ आसीत्" આ (सेसं) બાકીનો સૂત્રપાઠ (जहा दव्वावस्सए जाव) દ્રવ્યાવશ્યકમાં કહ્યા અનુસાર ગ્રહણ કરવો જોઇએ. આ સઘળાં પદોની વ્યાખ્યા દ્રવ્યાવશ્યકના પ્રકરણમાં આપવામાં આવી છે. તેથી જિજ્ઞાસુ પાઠકોએ તે ત્યાંથી વાંચી લેવી. આ પ્રકારનું નોઆગમની અપેક્ષાએ દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ છે.

પ્રશ્ન–સે કિં તં ભવિયસરીરદવ્વાનુપુવ્વી ? હે ભગવન્ ! ભવ્યશરીર દ્રવ્યાનુપૂર્વીનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર–(જે જીવે જોણિજમ્મણણિક્ખંતે સેસં જહા દવ્વાવસ્સએ જાવ સે તં ભવિયસરીરદવ્વાનુપુવ્વી) જે જીવ માતાના ગર્ભમાં પૂરાં નવ માસ રહીને એટલે કે પૂર્ણકાળ વ્યતીત કરીને ઉત્પન્ન થયો છે–અપૂર્ણ કાળ વ્યતીત ઉત્પન્ન થયો નથી. એવો જીવ ભવિષ્યકાળમાં અનુપૂર્વીને અનુભવયુક્ત બનશે–વર્તમાનકાળે તો અનુપૂર્વીનો જ્ઞાતા નથી, તો એ જીવને તે પ્રાપ્ત શરીર નોઆગમની અપેક્ષાએ ભવ્યશરીર દ્રવ્યાનુપૂર્વી છે. અહીં " अनेनैव आत्तकेन " આ સૂત્રપાઠથી લઈને " शरीरसमुच्छ्रयेण जिनोपदिष्टेन भावेन आनुपूर्वीतिपदं आगामि काले शिक्षिष्यते न तावत् शिक्षते। यथा को दृष्टान्तः ? अयं मधुकुम्भो भविष्यति अयं घृतकुम्भो भविष्यति " અહીં સુધીનો સૂત્રપાઠ દ્રવ્યાવશ્યક સૂત્રમાં કહ્યા અનુસાર ગ્રહણ કરવાનું સૂત્રકારે સૂચન કર્યું છે દ્રવ્યાવશ્યકના પ્રકરણમાં શંકાઓના સમાધાન પૂર્વક ભવ્યશરીર દ્રવ્યાવશ્યકના સ્વરૂપનું જેવું નિરૂપણ કરવામાં આવ્યું છે એવું જ અહીં ભવ્યશરીર દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ થવું જોઈએ આ પ્રકારનું નોઆગમની અપેક્ષાએ ભવ્યશરીર દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ સમજવું.

પ્રશ્ન–(से किं तं जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वाणुपुव्वी ?) હે ભગવન્! પૂર્વપ્રકાન્ત જ્ઞાયકશરીર અને ભવ્યશરીર આ બન્નેથી ભિન્ન એવી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वाणुपुव्वी दुविहा पण्णत्ता) જ્ઞાયકશરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવી દ્રવ્યાનુપૂર્વી બે પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–ओवणिहिया य अणोवणिहिया य) (૧) ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી અને (૨) અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી (तत्थणं जा सा ओवणिहिया सा ठप्पा) તેમાં જે ઔપનિધિકી આનુપૂર્વી છે તે સ્થાપ્ય

છે, કારણકે અલ્પ વિષયવાળી હોવાના કારણે અત્યારે અહીં તેનું પ્રતિપાદન કરવાની જરૂર નથી ' નિધિ ' પદનો અર્થ અહીં ' નિક્ષેપ ' સમજવો નિધાન, નિધિ, નિક્ષેપ, ન્યાસ અને સ્થાપના આ બધા નિધિશબ્દના પર્યાયવાચી શબ્દો છે. ' ઉપ ' શબ્દનો અર્થ ' સમીપ ' થાય છે. અને ' નિધિ ' શબ્દ ' રાખવાના અર્થનો સૂચક છે હવે ઉપનિધિ શબ્દનો આ પ્રમાણે અર્થ થાય છે–કોઈ એક વિવક્ષિત પદાર્થને પહેલાં વ્યવસ્થાપિત કરી દીધાં પછી તેની પાસે જ અન્ય પદાર્થોને પૂર્વાનુપૂર્વીના ક્રમથી જે રાખવામાં (સ્થાપિત કરવામાં) આવે છે તેનું નામ ઉપનિધિ છે. " આ ઉપનિધિ જે અનુપૂર્વીનું પ્રયોજન છે તે આનુપૂર્વીને ઔપનિધિકી આનુપૂર્વી કહે છે તેમાં સામાયિક આદિ ૬ અધ્યયનોનો પૂર્વાનુપૂર્વીથી નિક્ષેપ કરવામાં આવે છે. તેમનો આ નિક્ષેપ જ ઉપનિધિ રૂપ છે. ઔપનિધિકી આનુપૂર્વીમાં આ ઉપનિધિ જ પ્રયોજનભૂત હોય છે. અલ્પવિષયવાળી હોવાને કારણે તેને અહીં વ્યાખ્યાત કરવા યોગ્ય નહીં કહેવાનું તાત્પર્ય એવું નથી કે આ સૂત્રમાં સૂત્રકાર

તેનું નિરૂપણ કરવા માગતા નથી તેઓ અહીં તેનું નિરૂપણ કરવાના નથી પણ આ ગ્રન્થમાં (સૂત્રમાં) જ તેનું નિરૂપણ આગળ કરવામાં આવશે.

અનૌપનિધિકી આનુપૂર્વીનું અહીં સૂત્રકારે ઔપનિધિકી આનુપૂર્વી પહેલાં જે વિવેચન કર્યું છે તેનું કારણ એ છે કે અનૌપનિધિકી આનુપૂર્વી વિષેની વકતવ્યતા ઘણી જ લાંબી છે. (તત્થગં જા સા અણોવણિહિયા સા દુવિહા) આ બન્ને પ્રકારની આનુપૂર્વીઓમાંની જે અનૌપનિધિકી આનુપૂર્વી છે તે બે પ્રકારની કહી છે. (તંજહા) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે–(નેગમ-વવહારાણં સંગહસ્સ ય) (૧) નૈગમ અને વ્યવહાર નય સંમત અને (૨) સંગ્રહનય સંમત "અનૌપનિધિકી" આ પદનો અર્થ આ પ્રમાણે થાય છે વક્ષ્યમાણ પૂર્વાપૂર્વીના ક્રમે જ્યાં પદાર્થોની સ્થાપના થતી નથી તેનું નામ અનુપનિધિ છે. આ અનુપનિધિ જે આનુપૂર્વીનો વિષય છે તે આનુપૂર્વીનું નામ અનૌપનિધિકી આનુપૂર્વી છે. આનુપૂર્વીમાં પૂર્વાનુપૂર્વી આદિના ક્રમપૂર્વક પદાર્થોની સ્થાપના વ્યવસ્થા ન હોય અને જે ત્રણ આદિ પરમાણુથી નિષ્પન્ન થયેલા (ઉત્પન્ન થયેલા) સ્કન્ધને વિષય કરતી હોય (સ્કંધનું પ્રતિપાદન કરતી હોય) એવી આનુપૂર્વીનું નામ અનૌપનિધિકી આનુપૂર્વી છે.

શંકા–સ્કન્ધમાં અનૌપનિધિકીપણું સંભવી શકતું નથી, કારણ કે કોઈ સ્કંધ ત્રણ પ્રદેશવાળો હોય છે, કોઈ ચાર પ્રદેશવાળો હોય છે, કોઈ પાંચ પ્રદેશવાળો હોય છે. આ પ્રકારે ઉત્તરોત્તર સમસ્ત સ્કન્ધ ક્રમપૂર્વક જ હોય છે. તેથી તેમાં પૂર્વાનુપૂર્વીના ક્રમપૂર્વક સ્થાપનાની વ્યવસ્થાનો સદ્ભાવ હોવાથી ઔપનિધિકી પણું હોઈ શકતું નથી.

ઉત્તર–સ્કંધોમાં જે ત્રિપ્રદેશિકતા આદિ છે તે કોઇના દ્વારા ત્યાં કરાયેલ નથી એટલે કે એવી કોઈ વાત નથી કે ત્રિપ્રદેશી જે સ્કંધ છે તેને કોઇએ ત્રણ પરમાણુ પૂર્વાનુપૂર્વી ક્રમપૂર્વક રાખીને બનાવ્યો છે. તેમાં તો સ્વભાવથી જ ત્રિપ્રદેશિકતા હોય છે, કારણ કે જેટલાં સ્કન્ધ છે તે બધાં સ્વાભાવિક પરિણામ દ્વારા જ પરિણત થતા રહે છે. તેથી સ્કંધમાં અનૌપનિધિપણું જ ઘટાવી શકાય છે જ્યાં તીર્થંકર આદિકો દ્વારા પૂર્વાનુપૂર્વી આદિના ક્રમથી વસ્તુઓની વ્યવસ્થા થાય છે, ત્યાં ઔપનિધિકી આનુપૂર્વી થાય છે. જેમ કે ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય આદિ ૬ દ્રવ્યોમાં અને સામાયિક આદિ ૬ અધ્યયનોમાં શંકા–જો એવું જ માની લેવામાં આવે કે જ્યાં પૂર્વાનુપૂર્વી આદિના ક્રમથી વ્યવસ્થાપન નથી પણ અનૌપનિધિકી આનુપૂર્વીના ક્રમથી વ્યવસ્થાપન છે, તો એ પ્રકારની માન્યતામાં તો આનુપૂર્વીતા જ સંભવી શકતી નથી, કારણ કે પૂર્વાનુપૂર્વી આદિના ક્રમમાં જ આનુપૂર્વીરૂપતા છે. જ્યાં પૂર્વાનુપૂર્વી આદિના ક્રમપૂર્વક વ્યવસ્થાપનનો અભાવ છે, ત્યાં આનુપૂર્વીનો સંભવ જ હોતો નથી.

ઉત્તર–જો કે સ્કન્ધગત ત્રણ આદિ પરમાણુઓનો નિયતક્રમ હોતો નથી, કારણ કે તે પરમાણુઓ સ્કન્ધરૂપે એક વિશિષ્ટ પરિણામમાં પરિણત થયા કરે છે. છતાં પણ યોગ્યતાને આશ્રિત કરીને આનુપૂર્વીતા આ પ્રકારે

માનવામાં આવી છે–ત્રણ આદિ પરમાણુઓમાં આદિ, મધ્ય અને અવસાન (અન્ત) ભાવરૂપ જે નિયતક્રમ છે તે ક્રમની અપેક્ષાએ વ્યવસ્થાપનની યોગ્યતા છે. તેથી તે યોગ્યતાની અપેક્ષાએ તે ત્રણ આદિ પરમાણુઓમાં આનુપૂર્વી-તાનો સદ્ભાવ માનવામાં કોઈ વાંધો રહેતો નથી.

અનૌપનિધિકી આનુપૂર્વીમાં જે દ્વિવિધતા પ્રકટ કરવામાં આવી છે તેનું કારણ નીચે પ્રમાણે છે–સામાન્ય રીતે તો આ સાત નય છે–નૈગમ, સંગ્રહ, વ્યવહાર, ઋજુસૂત્ર, શબ્દ, સમભિરૂઢ અને એવંભૂત તે સાતે નયને મુખ્ય બે પ્રકારમાં વહેંચી શકાય છે–(૧) દ્રવ્યાર્થિક અને (૨) પર્યાયાર્થિક દ્રવ્ય જ પરમાર્થતઃ (વાસ્તવિક રૂપે) છે–પર્યાયો નથી, આ રીતે દ્રવ્યને જ સ્વીકાર કરનારા નયોને દ્રવ્યાર્થિક નય કહે છે.

પર્યાયો જ વાસ્તવિક સત્ છે–દ્રવ્ય વાસ્તવિક સત્ (વિદ્યમાન વસ્તુ) નથી, આ રીતે પર્યાયોને જ વાસ્તવિક રૂપે સ્વીકારનારા નયોને પર્યાયાર્થિક નય કહેવામાં આવે છે. નૈગમ નય, સંગ્રહ નય અને વ્યવહાર નય, આ ત્રણે નયો દ્રવ્યનું જ પ્રતિપાદન કરનારા હોવાથી દ્રવ્યાર્થિક નયમાં તેમને સમાવી લેવામાં આવ્યા છે ઋજુસૂત્રનય, શબ્દનય, સમભિરૂઢ નય અને એવંભૂત નય, આ ચારે નયો પર્યાયોનું જ પ્રતિપાદન કરનારા હોવાથી તેમને પર્યાયાર્થિક નયમાં સમાવી શકાય છે. સામાન્ય રૂપે દ્રવ્યાર્થિક નય બે પ્રકારનો છે–(૧) વિશુદ્ધ અને (૨) અવિશુદ્ધ નૈગમ અને વ્યવહાર, આ બન્ને નય અવિશુદ્ધ છે અને સંગ્રહનય વિશુદ્ધ છે. નૈગમ અને વ્યવહાર નય અનંત પરમાણુ, અનંતદ્વયણુક આદિ અનેક વ્યક્તિસ્વરૂપ (વસ્તુસ્વરૂપ) અને કૃષ્ણ આદિ અનેક ગુણોના આધારભૂત અથવા ત્રિકાલવર્તી એવા અવિશુદ્ધ દ્રવ્યને વિષય કરે છે (પ્રતિપાદન કરે છે) તેથી તે બન્ને નયને અવિશુદ્ધ કહ્યા છે. સંગ્રહનયને વિશુદ્ધ કહેવાનું કારણ નીચે પ્રમાણે છે સંગ્રહનય જાતિની અપેક્ષાએ પર-માણુ આદિ એક સામાન્ય રૂપ દ્રવ્યને જ વિષય કરે છે તે નયની માન્યતા અનુસાર તો અનેક ભિન્ન ભિન્ન પરમાણુઓ પણ પરમાણુ આદિ રૂપ સમા-નતાવાળા હોવાને લીધે એક જ છે. ગુણસમૂહ તરફ તેની દૃષ્ટિ જતી નથી, કારણ કે ગુણ પણ એક પ્રકારની પર્યાય જ છે. દ્રવ્યગત પૂર્વાપર વિભાગને પણ તે માનતો નથી તેથી આ બધી બાબતોને ગૌણરૂપ ગણીને તે નય માત્ર નિત્ય સામાન્ય ધર્માત્મક વિશુદ્ધ દ્રવ્યનું જ પ્રતિપાદન કરનારો હોવાથી તેને વિશુદ્ધનય માનવામાં આવ્યો છે, કારણ કે આ નયનો વિષય અનેકત્વ આદિ નથી સામાન્યરૂપ દ્રવ્યત્વમાં અનેકત્વ આદિ તો તે નયની માન્યતા પ્રમાણે દૂષણરૂપ છે. તેથી અનેકત્વ આદિ દોષોથી વિહીન સામાન્યરૂપ શુદ્ધ દ્રવ્યનું પ્રતિપાદન કરનારો હોવાને કારણે સંગ્રહનયને વિશુદ્ધ નય કહેવામાં આવ્યો છે અહીં દ્રવ્યાનુપૂર્વીનો અધિકાર ચાલી રહ્યો છે, તેથી સૂત્રકાર અહીં દ્રવ્યાર્થિક નયની માન્યતા અનુસાર જ દ્રવ્યાનુપૂર્વીના શુદ્ધ અશુદ્ધ સ્વરૂપનું નિરૂપણ કરશે–પર્યાયાર્થિક નયના મત અનુસાર અહીં તેનું નિરૂપણ કરશે નહીં ॥સૂ૦૭૩॥

અનૌપનિધિકી દ્રવ્યાનુપુર્વી કા નિરુપણ

હવે સૂત્રકાર નૈગમ અને વ્યવહારનય સંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ પ્રકટ કરે છે–"से किं तं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं नेगमववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी ?) શિષ્ય ગુરુને એવો પ્રશ્ન પૂછે છે કે હે ભગવાન્! નૈગમ અને વ્યવહાર, આ બે નયોને સંમત જે અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી છે તેનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(नेगमववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी पंचविहा पण्णत्ता) નૈગમ અને વ્યવહારનય સંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–(अट्ठपयपरूवणया, भंग समुक्कित्तणया, भंगोवदंसणया, समोयारे ऽणुगमे) (૧) અર્થપદ પ્રરૂપણા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર અને (૫) અનુગમ અર્થપદપ્રરૂપણતા–ત્યણુક (ત્રણ પરમાણુવાળો) સ્કન્ધ આદિ રૂપ અર્થથી યુક્ત અથવા ત્યણુકસ્કન્ધ આદિરૂપ અર્થને વિષય કરવાવાળું જે પદ છે તેનું નામ અર્થપદ છે. આ અર્થપદની પ્રરૂપણા કરવી તેનું નામ જ 'અર્થપદ પ્રરૂપણતા' છે. આનુપૂર્વી આદિ આ સંજ્ઞા (નામ) છે. આ નામોનો જે ત્રિઅણુક આદિ વાચ્યાર્થ છે સંજ્ઞી છે. સંજ્ઞા સંજ્ઞીના સંબંધનું કથન જ સૌથી પહેલાં કરવું એજ અર્થપદપ્રરૂપણતા છે.

ભંગસમુત્કીર્તનતા–જે ભેદ રૂપ હોય તેનું નામ ભંગ છે. સમુદિત એજ આનુપૂર્વી આદિ પદોના સંભવિત ભેદોનું (વિકલ્પોનું) સારી રીતે ઉચ્ચારણ કરવું એટલે કે આનુપૂર્વી આદિના પદો વડે નિષ્પન્ન (ઉત્પન્ન) થયેલા પ્રત્યેક ભંગોનું અને સંયોગજનિત બે આદિ ભંગોનું કથ કરવું તેનું નામ જ ભંગસમુત્કીર્તનતા છે.

ભંગોપદર્શનતા–સૂત્રમાત્ર હોવાને કારણે અનન્તરરૂપે ઉચ્ચરિત થયેલા એજ ભંગોમાંથી પ્રત્યેક ભંગનું પોતાના અભિધેય રૂપ ત્રિઅણુક આદિ અર્થની સાથે જે ઉપદર્શન (ઉચ્ચારણ) કરવું તેનું નામ જ ભંગોપદર્શનતા છે

શંકા- ભંગ સમુત્કીર્તન અને ભંગોપદર્શન વચ્ચે શો ભેદ છે ?

ઉત્તર–ભંગ સમુત્કીર્તનમાં ભંગવિષયક સૂત્રનું જ કેવળ ઉચ્ચારણ કરવાનું હોય છે. પરન્તુ ભંગોપદર્શનમાં એજ સૂત્ર પોતાના વિષયભૂત અર્થની સાથે ઉચ્ચારિત થાય છે.

સમવતાર–એજ આનુપૂર્વી આદિ દ્રવ્યોનો સ્વસ્થાન અને પરસ્થાનમાં અન્તર્ભાવ થવાના વિચારોનો જે પ્રકાર છે તેનું નામ 'સમવતાર' છે.

અનુગમ–એજ આનુપૂર્વી આદિ દ્રવ્યો જેને સત્પદની પ્રરૂપણા આદિવાળા અનુયોગ દ્વારોથી વિચાર કરાય છે તેનું નામ અનુગમ છે.

આ પાંચ પ્રકારે નૈગમ અને વ્યવહાર નયના મતસંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ નિરૂપિત થાય છે, ॥સૂ૦૭૪॥

હવે સૂત્રકાર પ્રથમ ભેદનું વર્ણન કરે છે-

"से किं तं नेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं नेगमववहाराणं अट्ठपयपरूवणया ?) હે ભગવન્! પૂર્વકથિત નૈગમવ્યવહાર નયસંમત અર્થપદ પ્રરૂપણતા રૂપ આનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(तिपएसिए आणुपुव्वी, चउप्पएसिए आणुपुव्वी, जाव दसपएसिए आणुपुव्वी, संखेज्जपएसिए आणुपुव्वी, असंखिज्जपएसिए आणुपुव्वी, अणंतपएसिए आणुपुव्वी) ત્રણ પ્રદેશોવાળો ત્ર્યણુક સ્કંધ આનુપૂર્વી છે, ચાર પ્રદેશોવાળો ચતુઃપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી છે, દસ પર્યન્તના પ્રદેશોવાળો સ્કંધ આનુપૂર્વી છે, સંખ્યાત પ્રદેશોવાળો સ્કંધ આનુપૂર્વી છે, અસંખ્યાત પ્રદેશોવાળો સ્કંધ આનુપૂર્વી છે અને અનંત પ્રદેશોવાળો સ્કંધ આનુપૂર્વી છે, એમ સમજવું

(परमाणुपोग्गले अणाणुपुव्वी, दुपएसिए अवत्तव्वए) પરન્તુ જે કેવળ એક પરમાણુ છે તે આનુપૂર્વી રૂપ નથી, કારણ કે તે કોઇ બીજા પરમાણુ વડે સંસ્પૃષ્ટ હોતું નથી બે પ્રદેશવાળો જે સ્કંધ છે તે આનુપૂર્વી રૂપે અને અનાનુપૂર્વી રૂપે વ્યક્ત થવો અશક્ય છે તેથી તે અવકતવ્ય છે એવી વાત છે તો (तिपएसिया आणुपुव्वीओ जाव अणंतपएसियाओ आणुपुव्वीओ) ત્રણ પ્રદેશોવાળા સમસ્ત સ્કંધો આનુપૂર્વીઓ રૂપ છે, અને અનંત પર્યન્તના પ્રદેશોવાળા જેટલા સ્કંધો છે તેઓ પણ આનુપૂર્વીઓ રૂપ છે.

(परमाणुपोग्गला अणाणुपुव्वीओ, दुपएसियाइं अवत्तव्वयाइं) જે ભિન્ન ભિન્ન-અસંબદ્ધ અવસ્થાવાળા પુદ્ગલ પરમાણુઓ છે તેઓ આનુપૂર્વીઓ રૂપ નથી, અને જે બે પ્રદેશોવાળા પુદ્ગલસ્કંધો છે તેમને આનુપૂર્વી રૂપે અને અનાનુપૂર્વી રૂપે વ્યક્ત કરી શકાય એવાં ન હોવાથી અવકતવ્ય છે.

અહીં આનુપૂર્વીનો અર્થ પરિપાટી સમજવો તે પરિપાટી રૂપ આનુપૂર્વીનો ત્યાં જ સદ્ભાવ હોય છે કે જ્યાં આદિ, મધ્ય અને અન્ત રૂપ ગણનાનો સંપૂર્ણ અનુક્રમ શક્ય હોય છે-જ્યાં આ અનુક્રમ સંભવિત હોતો નથી ત્યાં આનુપૂર્વી પણ સંભવી શકતી નથી આ પ્રકારે જે સ્કંધમાં આદિ, મધ્ય અને અન્ત હોય છે, તે સ્કન્ધને આનુપૂર્વીરૂપ કહી શકાય છે. જેની પૂર્વે કંઈ ન હોય પણ પછી કંઇક હોય, એવો 'આદિ' પદનો વાચ્યાર્થ છે. જેની પૂર્વે કંઇક હોય અને પછી પણ કંઇક હોય, એવો 'મધ્ય' પદનો વાચ્યાર્થ છે. જેની પૂર્વે કંઇક હોય પણ પછી કંઈ પણ ન હોય, એવો

'અન્ત' પદનો વાચ્યાર્થ છે. આ ત્રણેનો (આદિ, મધ્ય અને અન્તનો) સદ્ભાવ ત્રિપ્રદેશિક આદિ સ્કંધથી લઇને અનંત પ્રદેશિક પર્યન્તના સ્કંધોમાં હોય છે. તેથી તે પ્રત્યેક સ્કંધ આનુપૂર્વી રૂપ હોય છે. પરન્તુ જે એક પરમાણુ છે તેમાં આદિ, મધ્ય અને અન્ત, આ ત્રણેનો અભાવ હોય છે, તેથી એક પરમાણુ આનુપૂર્વી રૂપ હોતુ નથી દ્વિપ્રદેશિક સ્કંધને આનુપૂર્વી રૂપે અથવા તો અનાનુપૂર્વી રૂપે વ્યકત કરી શકતો નથી તેથી તેને અવક્તવ્ય કહ્યો છે જો કે દ્વિપ્રદેશિક સ્કંધમાં બે પરમાણુ સંશ્લિષ્ટ રહે છે, તે કારણે તેમાં અન્યોન્યની અપેક્ષાએ પૂર્વપશ્ચાદ્ભાવનો (આદિ અને અન્તનો) સદ્ભાવ હોય છે, પરન્તુ ત્યાં મધ્યનો સદ્ભાવ હોતો નથી અનુપૂર્વની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે-"पूर्वस्य अनु अनुपूर्वः" "પૂર્વની પાછળનું એટલે અનુપૂર્વ" આ અનુપૂર્વનો જે ભાવ છે તેનું નામ આનુપૂર્વી છે. આ પ્રકારની આનુપૂર્વી તો અહીં (દ્વિપ્રદેશી સ્કંધમાં) સરળતાથી સિદ્ધ થઈ જાય છે, છતાં પણ મધ્યનો અભાવ હોવાથી ત્યાં સંપૂર્ણ ગણનાનુક્રમ સંભવી શકતો નથી તેથી તે ગણનાનુક્રમ આનુપૂર્વી રૂપે વ્યકત થવો અશકય છે.

શંકા-સંપૂર્ણ ગણનાનુક્રમ ભલે ન હોય પણ આદિ અને અન્તરૂપ-પૂર્વપશ્ચાદ્ભાવ રૂપ આનુપૂર્વી વિદ્યમાન હોવાથી આ દ્વિપ્રદેશી સ્કંધ આનુપૂર્વી રૂપ સંભવી શકે છે તો તેને આનુપૂર્વી રૂપ કહેવામાં શો વાંધો નડે છે?

ઉત્તર-જે રીતે મેરુ પર્વત આદિ સ્થળની મધ્યમાં આવેલા કોઇ પદાર્થને મધ્યભાગ રૂપે મર્યાદિત કરીને લોકો તેના પૂર્વ પશ્ચિમ રૂપ વિભાગ પાડે છે અને મધ્યસ્થ સ્થળની પૂર્વે આવેલા ભાગોને પૂર્વના ભાગો રૂપે અને પશ્ચિમે આવેલા સ્થળોને પશ્ચિમના ભાગો રૂપે ઓળખે છે, એજ પ્રમાણે દ્વિપ્રદેશી સ્કન્ધમાં પણ મધ્યભાગનો સદ્ભાવ હોતતો એવું થઇ શકત બનત-તેના પૂર્વ-પશ્ચિમરૂપ વિભાગ પડી શકત-અને તો તેમાં આનુપૂર્વીત્વ સંભવી શકત, પરન્તુ એવું તો તેમાં શકય નથી, કારણ કે દ્વિપ્રદેશિક સ્કન્ધમાં મધ્યમાં એવું કંઇ પણ નથી કે જેને મર્યાદિત કરીને તે સ્કન્ધમાં પૂર્વ પર ભાવ પરસ્પરની અનપેક્ષા પૂર્વક સમગ્રરૂપે શકય બને આ કથનનો ભાવાર્થ એ છે જ્યાં આદિ અને અન્તના બે પરમાણુઓની વચ્ચે એક ત્રીજું પરમાણુ મોજૂદ હોય છે, ત્યાં મધ્યના પરમાણુને અવધિભૂત (મર્યાદારૂપ) માનીને પૂર્વપશ્ચાદ્ભાવ શકય બને છે અને ત્યારે જ અનુપૂર્વી સંભવી શકે છે-તે સિવાય આનુપૂર્વીત્વ શકય બનતું નથી. તે કારણે દ્વિપ્રદેશી સ્કંધને આનુપૂર્વીરૂપે વ્યક્ત કરી શકતો નથી.

શંકા-જો દ્વિપ્રદેશી સ્કંધ આનુપૂર્વી રૂપ કહી શકાતા નથી, તો તેને પુદ્ગલ પરમાણુની જેમ અનાનુપૂર્વી રૂપ કહેવામાં શો વાંધો છે?

ઉત્તર-પરસ્પરની અપેક્ષાએ તેમાં પૂર્વપશ્ચાદ્ભાવ માત્રનો જ જો સદ્ભાવ છે તો તેને અનાનુપૂર્વી રૂપ પણ કેવી રીતે કહી શકાય? આ રીતે આ દ્વિપ્રદેશી સ્કંધ આનુપૂર્વી રૂપ પણ કહી શકાય તેમ નથી અને અનાનુપૂર્વી રૂપ પણ કહી શકાય તેમ નથી, તે કારણે તેને અવક્તવ્ય કોટિમાં ગણાવવામાં આવ્યો છે. આ કથન દ્વારા એજ વાત સિદ્ધ થાય છે કે ત્રિપ્રદેશિક આદિ, સ્કંધમાં આદિ મધ્ય અને અન્ત ભાવની વિદ્યમાનતા હોવાથી તેમાં સમગ્રરૂપે પૂર્વપશ્ચાદ્ભાવ મોજૂદ છે. તેથી આ ત્રિપ્રદેશિક આદિ સ્કંધજ આનુપૂર્વી રૂપ છે, અને પરમાણુ પુદ્ગલ અનાનુપૂર્વી રૂપ છે તથા દ્વિપ્રદેશી સ્કંધ અવક્તવ્ય કોટિનો છે. આ પ્રકારે અહીં સંજ્ઞા સંજ્ઞી સંબંધ રૂપ અર્થપદની પ્રરૂપણા થઇ જાય છે.

શંકા–'ત્રિપ્રદેશિક ઈત્યાદિ એક વચનના કથન દ્વારા જ સંજ્ઞા સંજ્ઞી સંબંધનું કથન જો સિદ્ધ થઈ જાય છે તો સૂત્રકારે "त्रिप्रदेशिका आनुपूर्व्यः" 'ત્રિપ્રદેશિક આનુપૂર્વીઓ' ઈત્યાદિ બહુવચનાન્ત પદનો નિર્દેશ શા કારણે કર્યો છે?

ઉત્તર–'આનુપૂર્વી આદિ દ્રવ્યોનો પ્રત્યેક ભેદ અનંત વ્યક્તિરૂપ (પદાર્થરૂપ) છે,' એ વાતનું પ્રતિપાદન કરવાને માટે અને નૈગમ તથા વ્યવહાર નયનો એવો સિદ્ધાંત છે એ વાતને પ્રદર્શિત કરવા માટે બહુવચનનો પ્રયોગ પણ કરવામાં આવ્યો છે આ કથનનું તાત્પર્ય એ છે કે "त्रिप्रदेशाः आनुपूर्व्यः" આ પ્રકારનું સૂત્રકારે જે કથન કર્યું છે તેના દ્વારા તેઓ એ વાત પ્રકટ કરવા માગે છે કે ત્રિપ્રદેશિક એક દ્રવ્યરૂપ એક જ આનુપૂર્વી નથી પરન્તુ ત્રિપ્રદેશિક દ્રવ્ય અનંત હોવાને લીધે અનન્ત આનુપૂર્વીઓ છે. તેથી ત્રિપ્રદેશિક રૂપ જુદી જુદી અનંત આનુપૂર્વીઓની સત્તા (અસ્તિત્વ) સૂચિત કરવાને માટે "त्रिप्रदेशिका आनुपूर्व्यः" "ત્રિપ્રદેશિક આનુપૂર્વીઓ" એવાં બહુવચનાન્ત પદનો પ્રયોગ કરવામાં આવ્યો છે. એજ પ્રમાણે ચાર પ્રદેશોવાળો એક સ્કંધ એક આનુપૂર્વી રૂપ છે અને ચાર પ્રદેશોવાળા જે અનંત સ્કંધો છે તેઓ અનંત આનુપૂર્વી રૂપ છે એજ પ્રમાણે અનંત પ્રદેશી પર્યન્તના સ્કંધો વિષે પણ સમજી લેવું.

શંકા–અનાનુપૂર્વી જે દ્રવ્ય છે તે એક પરમાણુમાંથી નિષ્પન્ન થાય છે–એટલે કે એક પરમાણુ અનાનુપૂર્વી રૂપ છે, અને અવક્તવ્ય દ્રવ્ય બે પરમાણુના સંબંધથી નિષ્પન્ન થાય છે–એટલે કે સંશ્લિષ્ટ પરમાણુ દ્વયસ્કંધ અવક્તવ્ય છે–એટલે કે દ્વિપ્રદેશી સ્કંધ આનુપૂર્વી રૂપ પણ નથી અને અનાનુપૂર્વી રૂપ પણ નથી આનુપૂર્વીદ્રવ્ય ઓછામાં ઓછા ત્રણ પરમાણુ વડે નિષ્પન્ન થાય છે એટલે કે ત્રણ પરમાણુના સંશ્લેષથી જઘન્યમાં જઘન્ય રૂપ આનુપૂર્વી નિષ્પન્ન થાય છે. આ રીતે દ્રવ્યની વૃદ્ધિ દ્વારા પૂર્વાનુપૂર્વી ક્રમની અપેક્ષાએ સૂત્રકારે પહેલાં અનાનુપૂર્વી દ્રવ્યનું કથન કરવું જોઈતું હતું ત્યાર પછી અવક્તવ્ય દ્રવ્યનું કથન કરવું જોઈતું હતું અને ત્યાર બાદ આનુપૂર્વી દ્રવ્યનું કથન કરવું જોઈતું હતું જો પશ્ચાનુપૂર્વીના ક્રમથી કથન કરવું હોય તો પહેલાં આનુપૂર્વીદ્રવ્યનું, ત્યાર બાદ અવ્યક્ત દ્રવ્યનું અને ત્યાર બાદ અનાનુપૂર્વ દ્રવ્યનું કથન કરવું જોઈતું હતું. પરન્તુ આ બે ક્રમમાંથી એક પણ ક્રમને અનુસરવાને બદલે તેમણે પહેલાં આનુપૂર્વીદ્રવ્યનું, ત્યાર બાદ અનાનુપૂર્વીનું દ્રવ્યનું અને છેલ્લે અવક્તવ્ય દ્રવ્યનું કથન કર્યું છે. તો આમ કરવાનું શું કારણ હશે?

ઉત્તર–સૂત્રકાર આ પ્રકારના ક્રમ દ્વારા એ બતાવવા માગે છે આનુપૂર્વીદ્રવ્ય કરતાં અનાનુપૂર્વી દ્રવ્ય થોડું છે, અને અનાનુપૂર્વી દ્રવ્ય કરતાં અવક્તવ્ય થોડું છે આ રીતે સૂત્રકારે અહીં દ્રવ્યની હાનિની અપેક્ષાએ પૂર્વાનુપૂર્વી ક્રમનો આધાર લઈને ઉપયુક્ત ક્રમે તેની પ્રરૂપણા કરી છે. તેથી આ પ્રકારના નિર્દેશમાં કોઇ દોષ નથી.

(से तं नेगमववहाराणं अट्ठपयपरूवणया) આ પ્રકારનું નૈગમ અને વ્યવહારનય સંમત પૂર્વપ્રસ્તુત અર્થપદ પ્રરૂપણતા રૂપ અનૌપનિધિકી આનુપૂર્વીનું સ્વરૂપ છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા અર્થપદ પ્રરૂપણાનું કેવું સ્વરૂપ છે તે વિષયને સ્પષ્ટ કર્યો છે. ત્રણ અણુવાળા (ત્રપ્રદેશી) સ્કંધથી લઈને અનંત

પર્યન્તના પ્રદેશવાળા જેટલા સ્કંધ છે, તે બધાંને લઈને અહીં "અર્થ" પદથી ગ્રહણ કરવામાં આવેલ છે. આ અર્થથી યુકત અથવા આ અર્થનું પ્રતિપાદન કરનારૂં જે પદ છે તેનું નામ 'અર્થપદ' છે. તેની પ્રરૂપણાનું નામ 'અર્થપદ પ્રરૂપણા' છે. આ પ્રરૂપણામાં પુદ્ગલ પરમાણુ અને દ્વિપ્રદેશી સ્કંધ વર્જિત થઈ જાય છે–એટલે કે તેમની પ્રરૂપણા થતી નથી, કારણ કે એક પુદ્ગલ પરમાણુ આનુપૂર્વી રૂપ નથી અને દ્વિપ્રદેશી સ્કંધ અવકતવ્ય છે. જઘન્યમાં જઘન્ય આનુપૂર્વીનો પ્રારંભ ત્રિપ્રદેશી સ્કંધથી થાય છે, કારણ કે ત્યાંથી જ ક્રમની સંપૂર્ણ ગણના ચાલુ થાય છે. (ગણના એટલે ગણતરી) આદિ, મધ્ય અને અન્ત, આ પ્રકારની ગણના જ્યાં સંભવિત હોય છે, ત્યાં જ આનુપૂર્વી રૂપ પરિપાટી મોજૂદ રહે છે. આ અર્થપદ પ્રરૂપણા રૂપ આનુપૂર્વી નૈગમનય અને વ્યવહારનય, આ બન્ને નયો દ્વારા સંમત (માન્ય) છે. આ અર્થપદ પ્રરૂપણારૂપ આનુપૂર્વીઓ એકથી લઈને અનંત પર્યન્તની છે, કારણ કે ત્રિપ્રદેશીથી લઈને અનંત પ્રદેશી સુધીના જેટલા સ્કંધ છે, તે બધાં અનંત છે. ॥સૂ૦૭૫॥

હવે આ અર્થપદ પ્રરૂપણા રૂપ આનુપૂર્વીનું પ્રયોજન પ્રકટ કરવા નિમિત્તે સૂત્રકાર કહે છે કે—"एयाएणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–પ્રશ્ન–હે ભગવન્! (एयाएणं नेगमववहाराणं अट्ठपयपरूवणयाए किं पओयणं?) નૈગમ અને વ્યવહારનય સંમત આ અર્થપદ પ્રરૂપણતા રૂપ આનુપૂર્વી દ્વારા કયું પ્રયોજન સિદ્ધ થાય છે?

ઉત્તર–(एयाएणं नेगमववहाराणं अट्ठपयपरूवणयाए भंगसमुक्कित्तणया कज्जइ) આ નૈગમનય અને વ્યવહારનય સંમત અર્થપદ પ્રરૂપણતા રૂપ આનુપૂર્વી વડે ભંગસમુત્કીર્તનતા કરાય છે આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે–

પહેલાં એવું કહેવામાં આવ્યું છે કે અર્થપદ પ્રરૂપણતામાં સંજ્ઞા સંજ્ઞી વ્યવહાર ચાલે છે, અને તે વ્યવહારનો સદ્ભાવ હોય તો જ ભંગોનું સમુત્કીર્તન (ભંગોની ઉત્પત્તિ) થઈ શકે છે–તેનો અભાવ હોય તો થઈ શકતું નથી. કારણ કે સંજ્ઞા (નામ) વિના નિર્ણિત થયેલા ભંગો (વિકલ્પો. ભાંગાઓ)ની પ્રરૂપણા કરવાનું કાર્ય જ અસંભવિત બની જાય છે તેથી ભંગસમુત્કીર્તનતા જ આ નૈગમવ્યવહારનય સંમત અર્થપદ પ્રરૂપણતાનું ફલ છે એમ સમજવું જોઈએ. ॥સૂ૦૭૧॥

હવે સૂત્રકાર અનોપનિધિકી અર્થપદ પ્રરૂપણતાના જે સ્વરૂપ છે એવી ભંગ સમુત્કીર્તનતાનું નિરૂપણ કરે છે–

"से किं तं नेगमववहाराणं भंगसमुक्कित्तणया ?" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं नेगमववहाराणं भंगसमुक्कित्तणया) હે ભગવન્! નૈગમવ્યવહારનય સંમત એવી તે ભંગસમુત્કીર્તનતાનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(नेगमववहाराणं भंगसमुक्कित्तणया) નૈગમનય અને વ્યવહારનય-સંમત તે ભંગસમુત્કીર્તનતા આ પ્રકારની છે (अत्थि आणुपुव्वी) આનુપૂર્વી છે, (अत्थि अणाणुपुव्वी) અનાનુપૂર્વી છે, (अत्थि अवत्तव्वए) અવક્તવ્યક છે, (अत्थि आणुपुव्वीओ) આનુપૂર્વીઓ છે, (अत्थि अणाणुपुव्वीओ) અનાનુપૂર્વીઓ છે, (अत्थि अवत्तव्वयाइं) અને અવક્તવ્યક છે, ઇત્યાદિ રૂપ ભંગોની સમુત્કીર્તનતા (ઉત્પત્તિ) સમજવી.

આ સૂત્રની વ્યાખ્યા સ્પષ્ટ છે. અહીં ભાંગાઓની રચના આ પ્રમાણે સમજવી. આનુપૂર્વી આદિના જે ત્રણ પદો એકવચનાન્ત છે, તેમના ત્રણ ભાંગા બને છે અને જે આનુપૂર્વી આદિના ત્રણ પદો બહુવચનાન્ત છે તેમના પણ ત્રણ ભાંગાઓ બને છે. આ રીતે કુલ ૬ અસંયોગી ભાંગાઓ બને છે. આ ત્રણ પદોના (આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યકના) દ્વિક-સંયોગી ભાંગા ત્રણ થાય છે પ્રત્યેક ભાંગામાં બબ્બેનો સંયોગ થવાથી એક વચન અને બહુવચનની અપેક્ષાએ પ્રત્યેક પદની સાથે ચાર-ચાર ભાંગા બને છે. આ રીતે ત્રણે પદોની સાથે કુલ ૧૨ દ્વિકસંયોગી ભાંગા બને છે. ત્રિકસંયોગી કુલ ૮ ભાંગા બને છે. આ રીતે બધા મળીને ૬+૧૨+૮=૨૬ ભાંગા બને છે.

આ ૨૬ ભાંગાઓનો ક્રમ આ પ્રમાણે સમજવો–(૧) આનુપૂર્વી, (૨) અનાનુપૂર્વી, (૩) અવક્તવ્યક, આ ત્રણ ભાંગા એકવચનાન્ત છે.

(૧) આનુપૂર્વીઓ, (૨) અનાનુપૂર્વીઓ (૩) અનેક અવક્તવ્યકો, આ ત્રણ ભાંગા બહુવચનાન્ત છે. એવી રીતે અસંયોગી ૬ ભાંગા થયા ૬

---

* **एकवचनाद्भयः.**

બે પદોના સંયોગથી ત્રણ ચતુર્ભંગીઓ બને છે, તેમાં પ્રથમ ચતુર્ભંગી આ પ્રમાણે બને છે–(૧) આનુપૂર્વી–અનાનુપૂર્વી, (૨) આનુપૂર્વી–અનાનુપૂર્વીઓ, (૩) આનુપૂર્વીઓ–અનાનુપૂર્વી (૪) આનુપૂર્વીઓ અનાનુપૂર્વીઓ.

બીજી દ્વિકસંયોગી ચતુર્ભંગી આ પ્રમાણે ત્રણ ચતુર્ભંગીઓ બને છે. તેમાં બને છે–(૧) આનુપૂર્વી–એક અવક્તવ્યક, (૨) આનુપૂર્વી–બહુ અવક્તવ્યકો, (૩) આનુપૂર્વીઓ–એક અવક્તવ્યક, (૪) આનુપૂર્વીઓ બહુ અવક્તવ્યકો.

ત્રીજી ચતુર્ભંગી આ પ્રમાણે બને છે-(૧) અનાનુપૂર્વી–એક અવક્તવ્યક, (૨) અનાનુપૂર્વી–બહુ અવક્તવ્યકો (૩) અનાનુપૂર્વીઓ–એક અવક્તવ્યક અને (૪) અનાનુપૂર્વીઓ-અનેક અવક્તવ્યકો. આ ત્રણ ચતુર્ભંગીઓને મેળવવાથી દ્વિકસંયોગી બાર ભંગ બને છે. ૧૨

ત્રણ પદોના સંયોગથી નીચે પ્રમાણે આઠ ભાંગા બને છે–(૧) એક આનુપૂર્વી, એક અનાનુપૂર્વી એક અવક્તવ્યક (૨) એક આનુપૂર્વી, એક અનાનુપૂર્વી, અનેક અવક્તવ્યક (૩) એક આનુપૂર્વી, અનેક અનાનુપૂર્વીઓ,

એક અવક્તવ્યક. (૪) એક આનુપૂર્વી, અનેક અનાનુપૂર્વીઓ, અનેક અવક્તવ્યકો (૫) અનેક આનુપૂર્વીઓ, એક અનાનુપૂર્વી, એક અવક્તવ્યક. (૬) અનેક આનુપૂર્વીઓ, એક અનાનુપૂર્વી, અનેક અવક્તવ્યકો. (૭) અનેક આનુપૂર્વીઓ, અનેક અનાનુપૂર્વીઓ, એક અવક્તવ્યક. (૮) અનેક આનુપૂર્વીઓ, અનેક અનાનુપૂર્વીઓ, અનેક અવક્તવ્યકો આ રીતે ત્રિક સંયોગી આઠ ભંગ બને છે. આ રીતે સ્વતંત્ર રૂપે-વિના સંયોગવાળા ૬ ભાંગા એક વચન અને બહુવચનવાળાં પદોથી બને છે. તથા તે છએના દ્વિકસંયોગથી ૧૨ ભાંગા બને છે, અને ત્રણ ત્રયના સંયોગથી ત્રિકસંયોગી ૮ ભાંગા બને છે. આ રીતે કુલ ભાંગા ૬×૧૨×૮=૨૬ થઈ જાય છે.

પ્રશ્ન-ભંગોનું (ભાંગાઓનું) સમુત્કીર્તન (ઉત્પત્તિ) શા માટે કરવામાં આવ્યું છે?

ઉત્તર-અહીં જે એકવચનાન્ત અને બહુવચનાન્ત જે આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક, આ ત્રણ ત્રણ પદો છે તેમના અસંયોગ પક્ષે ૬, અને સંયોગપક્ષે (દ્વિકસંયોગ અને ત્રિકસંયોગની અપેક્ષાએ) ૨૦ ભાંગા બને છે. આ રીતે કુલ ૨૬ ભાંગા બને છે, આ સઘળા ભાંગાઓમાંથી વક્તા જે કોઇ ભાંગા (વિકલ્પ)ના અપેક્ષાએ દ્રવ્યની વિવક્ષા (પ્રતિપાદન) કરવા માગતા હોય, તે હેતુને ધ્યાનમાં લઈને નૈગમ અને વ્યવહારનય સંમત સમસ્ત ભાંગાઓનું કથન કરવાને માટે સૂત્રકારે આ ભાંગાઓનું સમુત્કીર્તન (રચના) કર્યું છે. (से तं नेगमववहाराणं भंगसमुक्कित्तणया) આ પ્રકારનું નૈગમ અને વ્યવહારનય સંમત પૂર્વોક્ત ભંગ સમુત્કીર્તનતાનું સ્વરૂપ છે. ॥સૂ૦૭૭॥

હવે સૂત્રકાર નૈગમવ્યવહાર નયસંમત ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે તે પ્રકટ કરે છે-"एयाएणं नेगमववहाराणं भंगसमुक्कित्तयाए किं पयायण" ઇત્યાદિ-

શબ્દાર્થ-પ્રશ્ન-હે ભગવાન્! નૈગમવ્યવહાર નયસંમત આ ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે?

ઉત્તર-(एयाएणं नेगमववहाराणं भंगसमुक्कित्तणयाए भंगोवदंसणया कीरइ) નૈગમવ્યવહાર નયસંમત આ ભંગસમુત્કીર્તનતા વડે ભંગો (ભાંગાઓ) બતાવવામાં આવે છે-તેમની પ્રરૂપણા કરવામાં આવે છે તેથી ભાંગાને બતાવવાનું જ ભંગસમુત્કીર્તનતાનું પ્રયોજન છે આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-ભંગોની સમુત્કીર્તનતામાં ભંગોને કહેનારા તેમની પ્રરૂપણા કરનારા-ભંગોને પ્રકટ કરનારાં સૂત્રનું કથન કરવામાં આવ્યું છે, અને ભંગોપદર્શનતામાં તેના જ વાચ્ય એવાં ત્ર્યણુક (ત્રિપ્રદેશી-ત્રણ અણુવાળા) સ્કંધ આદિ પ્રદર્શિત કરવામાં આવશે.

જ્યાં સુધી ભંગોને પ્રકટ કરનારૂં સૂત્ર કહેવામાં ન આવે, ત્યાં સુધી ત્રિઅણુક સ્કંધ આદિકોના પ્રદર્શન રૂપ કથન થઈ શકતું નથી એજ પ્રદર્શક સૂત્રનું સમુત્કીર્તન થતાં જ તે કથન કરવું શક્ય બને છે. કારણ કે એવો નિયમ છે કે વાચક સૂત્રનું કથન કર્યા વિના વાચ્યરૂપ અર્થનું કથન કરવાનું કાર્ય સર્વથા અસંભવિત હોય છે. તેથી ભંગોપદર્શનતા (ભંગોને પ્રગટ કરવા તે) જ ભંગ સમુત્કીર્તનતાના ફલસ્વરૂપ છે એમ સમજવું જોઇએ.

શંકા-ભંગોપદર્શનતામાં વાચ્ય જે ત્રિઅણુક આદિ સ્કંધ છે તેમના કથનકાળે (તેમનું કથન કરતી વખતે) આનુપૂર્વી આદિ પ્રદર્શક સૂત્ર સૂત્રકાર ફરી કહેશે તો આ કથન કેવી રીતે સંગત બની શકશે કે પહેલાં ભંગસમુત્કીર્તન કરાય છે અને ત્યાર બાદ ભંગોપદર્શન કરાય છે?

ઉત્તર-" संहिया य पयं चेव पयत्थो पयविग्गहो। चालणा य पसिद्धी य छव्विहं विद्धि लक्खणं " આ સૂત્રમાં કહ્યા પ્રમાણેનો વ્યાખ્યાનો ક્રમ છે. જેમ સંહિતાના વ્યાખ્યાનકાળે સૂત્ર સમુચ્ચારિત થયેલું હોવા છતાં પણ પદાર્થકથનને અવસરે અર્થનું પ્રતિપાદન કરવા નિમિત્તે ફરીથી પણ તેનું ઉચ્ચારણ કરવામાં આવે છે, એજ પ્રમાણે અહીં પણ ભંગસમુત્કીર્તનતાથી સિદ્ધ થયેલા સૂત્રનું જ ભંગોપદર્શનતામાં વાચ્યવાચક ભાવની સુખપૂર્વક પ્રતિપત્તિ (ગ્રહણ-બોધ) કરાવવાને માટે પ્રસંગવશ ફરીથી પણ સમુત્કીર્તન કરવામાં આવશે-મુખ્ય રૂપે નહીં તેથી તેમાં કોઇ દોષની સંભાવના નથી.

ભાવાર્થ-ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે, એ વાતનું સૂત્રકારે આ સૂત્ર દ્વારા સ્પષ્ટીકરણ કર્યું છે-તેમણે એ વાત અહીં સમજાવી છે કે ભંગસમુત્કીર્તનતાનું ફલ ભંગોપદર્શનતા છે. ભંગસમુત્કીર્તનતામાં ભંગોનો વાચ્યાર્થ પ્રકટ કરવામાં આવે છે. આ પ્રકારે ભંગસમુત્કીર્તનતામાં જે જે ભંગો કહેવામાં આવ્યા હોય તે તે ભંગોનો વાચ્યાર્થ પ્રકટ કરવાનું કાર્ય ભંગોપદર્શનતામાં કરવામાં આવે છે તે કારણે ભંગસમુત્કીર્તનતાનું ફલ ભંગોપદર્શનતા છે, એ વાત સિદ્ધ થઈ જાય છે. ॥સૂ૦૭૮।

હવે સૂત્રકાર જ ભંગોપદર્શનતાનું પ્રતિપાદન કરે છે-
" से किं तं नेगमववहाराणं " ઇત્યાદિ-

શબ્દાર્થ-પ્રશ્ન-(से किं तं नेगमववहाराणं भंगोवदंसणया ?) હે ભગવન્! નૈગમ અને વ્યવહાર નયસંમત તે ભંગોપદર્શનતાનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(नेगमववहाराणं भंगोवदंसणया) નૈગમવ્યવહાર નયસંમત તે ભંગોપદર્શનતાનું આ પ્રકારનું સ્વરૂપ છે-(तिप्पएसिए आणुपुव्वी १, परमाणुपुग्गले अणाणुपुव्वी २, दुप्पएसिए अवत्तव्वए ३,) ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ પદાર્થ આનુપૂર્વી શબ્દનો વાચ્યાર્થ છે. એટલે કે ત્રણ પ્રદેશવાળા સ્કંધ રૂપ પદાર્થને 'આનુપૂર્વી' આ નામે ઓળખાય છે. તેથી ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ અર્થ (પદાર્થ) વડે 'આનુપૂર્વી' આ પ્રથમ ભંગ બને છે. પરમાણુ પુદ્ગલ

અનાનુપૂર્વી રૂપ છે–એટલે કે પરમાણુ પુદ્ગલ રૂપ અર્થ (પદાર્થ) ને અનાનુપૂર્વી કહે છે. તેથી પુદ્ગલપરમાણુ રૂપ પદાર્થથી "અનાનુપૂર્વી" આ નામનો બીજો ભંગ (ભાંગો) બને છે દ્વિપ્રદેશિક સ્કંધ 'અવક્તવ્યક' રૂપ શબ્દનો વાચ્યાર્થ છે. (દ્વિપ્રદેશિક સ્કંધ આનુપૂર્વી રૂપે પણ વ્યકત થઈ શકતો નથી અને અનાનુપૂર્વી રૂપે પણ વ્યકત થઈ શકતો નથી, તે કારણે તેને અવકતવ્યક કહ્યો છે) એટલે કે દ્વિપ્રદેશિક સ્કંધને "અવકતવ્યક" આ નામે ઓળખવામાં આવે છે, તે કારણે તેને 'અવકતવ્યક' આ નામના ત્રીજા ભંગરૂપ ગણાવ્યો છે આ ત્રણે ભંગ એકવચનાન્ત પદની અપેક્ષાએ બનાવવામાં આવ્યા છે.

(અહવા–તિપ્પએસિયા આણુપુવ્વીઓ ૧, પરમાણુપોગ્ગલા અણાણુપુવ્વીઓ ૨, દુપ્પએસિયા અવત્તવ્વયાઇં ૩,) એજ પ્રમાણે ઘણા ત્રિપદેશિક સ્કન્ધ રૂપ પદાર્થ આનુપૂર્વીઓ રૂપ છે, અને ઘણા પરમાણુ પુદ્ગલ રૂપ પદાર્થો અનાનુપૂર્વીઓ રૂપ છે, અને ઘણા દ્વિદેપ્રશિક સ્કંધ પદાર્થો ઘણા અવકતવ્યક રૂપ છે. આ રીતે બહુવચન પક્ષમાં આ ત્રણ ભાંગા બને છે. આ પ્રકારનું અસંયોગ પક્ષમાં ભાંગાઓનું કથન સમજવું એટલે કે અસંયોગી કુલ ૬ ભાંગા બને છે, એમ સમજવું સંયોગપક્ષમાં એકવચન અને બહુવચન સંબંધી પહેલા અને બીજા ભાંગાને સંયુક્ત કરવાથી ત્રિપ્રદેશિક એક સ્કંધ એક આનુપૂર્વી રૂપ અને એક પરમાણુપુદ્ગલ એક અનાનુપૂર્વીના વાચ્યાર્થ રૂપ સમજવો જોઇએ એજ વાત "અહવા તિપ્પએસિએ ય પરમાણુપુગ્ગલે ય આણુપુવ્વી ય અણાણુપુવ્વી ય ચઉભંગો" આ સૂત્રપાઠ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે. આ પહેલી ચતુર્ભંગીનો પહેલો ભાંગો છે. "आनुपूर्वी अनानुपूर्व्यः" આ બીજા ભાંગામાં ત્રિપ્રદેશવાળો એક સ્કંધ અને એક પ્રદેશવાળા અનેક પુદ્ગલપરમાણુ વાચ્યાર્થ રૂપે વિવક્ષિત થયા છે. "आनुपूर्व्यः अनानुपूर्वी" આ ત્રીજા ભાંગામાં ત્રણ આદિ પ્રદેશવાળા ઘણા સ્કંધો અને એક પ્રદેશવાળું એક પુદ્ગલ પરમાણુ વિવક્ષિત થયેલ છે. "आनुपूर्व्यः अनानुपूर्व्यः" આ ચોથા ભાંગામાં અનેક ત્રિપદેશી આદિ સ્કન્ધો અને અનેક એક પ્રદેશવાળા પુદ્ગલપરમાણુ વાચ્યાર્થ રૂપે વિવક્ષિત થયા છે. આ પ્રકારની બે ભંગો (ભાંગાઓના) ના સંયોગથી ઉત્પન્ન થયેલી આ પહેલી ચતુર્ભંગી છે. તેમાં

ચાર ભાંગાઓનો વાચ્યાર્થ પ્રગટ કરવામાં આવ્યો છે. એજ પ્રમાણે બીજા દ્વિકસંયોગમાં પણ ચાર ભાંગા, અને ત્રીજા દ્વિકસંયોગમાં પણ ચાર ભાંગા સમજવા જોઇએ આ દરેક ભાંગાનો વાચ્યાર્થ પહેલી દ્વિકસંયોગી ચતુર્ભંગીના ભાંગાઓનું સ્પષ્ટીકરણ કરી બતાવી સ્પષ્ટ કરવામાં આવ્યો છે. તો તેની મદદથી આ બે ચતુર્ભંગીનો પણ સમજી લેવો જોઇએ આ રીતે દ્વિકસંયોગી બાર (૧૨) ભાંગાઓનો વાચ્યાર્થ અહીં સુધીમાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે.

હવે ત્રણના યોગથી જે ભાંગાઓ બને છે તેનું સ્પષ્ટીકરણ કરવામાં આવે છે–પહેલો ભાંગો–ત્રણપ્રદેશવાળો પુદ્ગલસ્કંધ "આનુપૂર્વી" શબ્દના વાચ્યાર્થ રૂપ, એક પ્રદેશવાળો એક પુદ્ગલપરમાણુ 'અનાનુપૂર્વી" શબ્દના વાચ્યાર્થ રૂપ અને બે પ્રદેશવાળો સ્કંધ "અવક્તવ્યક" શબ્દના વાચ્યાર્થ રૂપ સમજવો.

એજ પ્રમાણે બેથી લઈને આઠ પર્યન્તના ભાંગાનો વાચ્યાર્થ પણ સમજી લેવો.

શંકા–આ આનુપૂર્વી આદિ પદોનો ત્રિઅણુક આદિ રૂપ વાચ્યાર્થ અર્થપદ પ્રરૂપણતા રૂપ પહેલા દ્વારમાં કહી દેવામાં આવ્યો છે. છતાં અહીં તેનું ફરીથી કથન શા માટે કરવામાં આવ્યું છે?

ઉત્તર–અર્થપદપ્રરૂપણતામાં માત્ર પદાર્થનું જ પ્રતિપાદન કરાયું છે. પરન્તુ અહીં તો ભંગરચના દ્વારા સ્પષ્ટ કરાયેલા એજ આનુપૂર્વી આદિ પદોનો અર્થ કહેવામાં આવ્યો છે તેથી અહીં પુનરુક્તિદોષનો સંભવ રહેતો નથી અથવા નયમતની વિચિત્રતા બતાવવાને માટે અર્થનું ફરીથી કથન કરવામાં આવ્યું છે આ રીતે આ કથન બિલકુલ નિર્દોષ જ છે આ વિષયમાં હવે અધિક કહેવાની જરૂર રહેતી નથી. (से तं नेगमववहाराणं भंगोवदंसणया) આ પ્રકારની નૈગમ અને વ્યવહાર નયસંમત આ ભંગોપદર્શનતા છે.

ભાવાર્થ–ભંગસમુત્કીર્તનતા દ્વારા નિર્દિષ્ટ થયેલા ભંગોના અર્થનું કથન આ ભંગોપદર્શનતામાં કરવામાં આવ્યું છે તેમનો કયો કયો વાચ્યાર્થ થાય છે એ વાત વ્યાખ્યામાં સ્પષ્ટ કરવામાં આવી છે. અર્થપદપ્રરૂપણતામાં

સમવતારકે સ્વરુપકા નિરુપણ

તો કેવળ અર્થપદ રૂપ પદાર્થનું જ કથન થયું છે, પરન્તુ ભંગોપદર્શનતામાં તો ભિન્ન ભિન્ન રૂપે કથિત ભંગોના અર્થનું કથન થયું છે તેથી અહીં પુનરુક્તિ દોષનો સંભવ નથી. ॥ સૂ૦૭૬॥

હવે સૂત્રકાર સમવતારની પ્રરૂપણા કરે છે–

"से किं तं समोयारे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं समोयारे?) હે ભગવન્! પૂર્વપ્રસ્તુત સમવતારનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(समोयारे) સમવતારનું સ્વરૂપ નીચે પ્રમાણે છે-સમવતાર એટલે સમાવેશ એટલે કે અનેક આનુપૂર્વી આદિ જે દ્રવ્યો છે તેમનો અંતર્ભાવ સ્વસ્થાનમાં થાય છે કે પરસ્થાનમાં થાય છે, આ પ્રકારના ચિન્તનનો–વિચારનો જે ઉત્તર છે તેને જ સમવતાર અથવા સમાવેશ કહે છે તે વિચાર આ પ્રમાણે થાય છે–(नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं कहिं समोयरंति? किं आणुपुव्वी

दव्वेहिं समोयरंति, अणाणुपुव्वी दव्वेहिं समोयरंति) नैगम अने व्यवहार नयसंमत जे आनुपूर्वी द्रव्यो छे तेमनो क्यां समावेश थाय छे? शुं आनुपूर्वी द्रव्योमां समावेश थाय छे, के अनानुपूर्वी द्रव्योमां समावेश थाय छे? अथवा (अवत्तव्वयदव्वेहिं समोयरंति) अवक्तव्यक द्रव्योमां समावेश थाय छे? (नेगमववहाराणं आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति) उत्तर-नैगम अने व्यवहार नयसंमत जे आनुपूर्वी द्रव्यो छे, तेमनो आनुपूर्वी द्रव्योमां ज समावेश थाय छे, (नो अणाणुपुव्वी दव्वेहिं समोयरंति, नो अवत्तव्वयदव्वेहिं समोयरंति) अनानुपूर्वी द्रव्योमां समावेश पण थतो नथी अने अवक्तव्य द्रव्योमां पण समावेश थतो नथी आ कथननुं तात्पर्य नीचे प्रमाणे छे—

समस्त आनुपूर्वी द्रव्यो कोई पण जातना विरोध (अवरोध) विना पोतानी जातिमां रहे छे-बीजी जातिमां रहेता नथी कोई पण प्रकारना विरोध विना पोतानी जातिमां रहेवुं तेनुं ज नाम समवतार अथवा समावेश अथवा अविरोधवृत्तिता छे. आ अविरोधवृत्तितानो सद्भाव पोतानी जातिमां ज होई शके छे-अन्य जातिमां होई शकतो नथी आनुपूर्वी द्रव्योनो समवतार (समावेश) जो पर जातिमां पण मानवामां आवे तो आ रीते पर जातिमां रहेवाथी तेमनामां स्वजातिमां रहेवानी अविरोधवृत्तिता संभवी नहीं शके तेथी एवो निश्चित सिद्धांत छे के विविध देशवर्ती समस्त आनुपूर्वी द्रव्य आनुपूर्वी द्रव्य रूप पोतानी जातिमां ज रहे छे-परजातिमां रहेतुं नथी.

(नेगमववहाराणं अणाणुपुव्वाइं कहिं समोयरंति किं आणुपुव्वी दव्वेहिं समोयरंति? अणाणुपुव्वी दव्वेहिं समोयरंति? अवत्तव्वयदव्वेहिं समोयरंति?) नैगम अने व्यवहार नयसंमत समस्त अनानुपूर्वी द्रव्यो क्यां प्रविष्ट थाय छे? शुं तेओ आनुपूर्वी द्रव्योमां समाविष्ट थाय छे के अनानुपूर्वी द्रव्योमां समाविष्ट थाय छे, के अवक्तव्यक द्रव्योमां समाविष्ट थाय छे?

उत्तर-(नो आणुपुव्वीदव्वेहिं समोयरंति, अणाणुपुव्वीदव्वेहिं समोयरंति, नो अवत्तव्वयदव्वेहिं समोयरंति) जेटलां आनानुपूर्वी द्रव्यो छे, तेओ आनुपूर्वी द्रव्योमां पण रहेतां नथी, अवक्तव्यक द्रव्योमां पण रहेतां नथी, पण तेमनी जाति रूप जे अनानुपूर्वी द्रव्यो होय छे तेमां ज रहे छे. एज प्रमाणे नैगमव्यवहारनय संमत जेटलां अवक्तव्यक द्रव्यो छे तेओ पण पोतानी जाति रूप अवक्तव्यक द्रव्योमां ज रहे छे; एवो अर्थ बाकीना पाठना विषयमां समजी लेवो जोईए आ प्रकारनुं समवतारनुं स्वरूप छे.

भावार्थ-आनुपूर्वी, अनानुपूर्वी अने अवक्तव्यक रूप जेटलां द्रव्यो छे, तेमने विषे आ त्रण प्रश्न संभवी शके छे-आनुपूर्वी आदि समस्त द्रव्य क्यां रहे छे? शुं तेओ पोतानी जातिवाळामां ज रहे छे, के भिन्न जातिवाळामां रहे छे? सूत्रकारे आ सूत्रमां आ प्रश्नोनुं ज समाधान कर्युं छे. तेमणे आ सूत्रमां एे वातनु प्रतिपादन कर्युं छे के नैगमव्यवहारनय-संमत समस्त आनुपूर्वी आदि द्रव्य पोतपोतानी जातिमां ज रहे छे-भिन्न जातिमां रहेतां नथी. ॥सू०८०॥

અનુગમકે સ્વરુપકા નિરુપણ

હવે સૂત્રકાર અનુગમનું નિરૂપણ કરે છે—

" से किं तं अणुगमे ? " ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं अणुगमे ?) હે ભગવન્! પૂર્વપ્રસ્તુત અનુગમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणुगमे नवविहे पण्णत्ते–तं जहा) અનુગમના નીચે પ્રમાણે નવ પ્રકાર કહ્યા છે–(संतपयपरूवणया) (૧) સત્પદ પ્રરૂપણુતા, (दव्वपमाणं च) (૨) દ્રવ્યપ્રમાણુ, (खित्त ३ फुसणा य ४ (૩) ક્ષેત્ર, (૪) સ્પર્શન, (कालो य, अंतर, भाग, भाव, अप्पाबहुंचेव) (૫) કાળ, (૬) અન્તર, (૭) ભાગ, (૮) ભાવ, અને (૯) અલ્પબહુત્વ.

(से तं अणुगमे) આ પ્રકારનું અનુગમનું સ્વરૂપ છે સૂત્રને અનુકૂળ અથવા અનુરૂપ વ્યાખ્યાન કરવું તેનું નામ અનુગમ છે તેના ઉપર મુજબ નવ પ્રકાર કહ્યા છે. સત્પદપ્રરૂપણુતા રૂપ અનુગમના પ્રથમ ભેદમાં વિદ્યમાન પદાર્થવિષયક પદની પ્રરૂપણા કરવામાં આવે છે સસલાને શિંગડાં હોવાની પ્રરૂપણા કરવી તે અસદર્થ પ્રરૂપણા છે, કારણ કે તેને શિંગડાં જ હોતાં નથી પરન્તુ આનુપૂર્વી આદિ પદ અસદર્થ વિષયક હોતા નથી પણ સદર્થ વિષયક હોય છે. જેવી રીતે સ્તમ્ભ આદિ પદ સ્તમ્ભ આદિ રૂપ પોતાના વાસ્તવિક અર્થને વિષય કરનારા (પ્રતિપાદન કરનારા) હોય છે, એજ પ્રમાણે આનુપૂર્વી આદિ પદ યથાર્થ રૂપે પોતાના સદર્થને વિષય કરનારા હોય છે. આ રીતે વિદ્યમાન પદાર્થવિષયક પદની પ્રરૂપણાનું નામ 'સત્પદપ્રરૂપણુતા' છે, આ સત્પદપ્રરૂપણા અનુગમ કરતી વખતે પહેલાં કરવા યોગ્ય હોય છે. તેથી તેને અનુગમના ભેદોમાં પહેલું સ્થાન આપવામાં આવ્યું છે. ૧

દ્રવ્યપ્રમાણમાં એ વિચાર કરવામાં આવે છે કે આનુપૂર્વી આદિ પદો દ્વારા જે દ્રવ્યોનું કથન કરવામાં આવે છે તેમની સંખ્યા કેટલી છે. ૨

ક્ષેત્રમાં–આનુપૂર્વી આદિ પદો દ્વારા કથિત દ્રવ્યોના આધાર રૂપ ક્ષેત્રનો વિચાર કરવામાં આવે છે–એટલે કે એ આનુપૂર્વી આદિ દ્રવ્ય કેટલા પ્રમાણવાળા ક્ષેત્રમાં હોય છે, એવો વિચાર કરવામાં આવે છે. ૩

સ્પર્શન અનુગમમાં એવો વિચાર કરવામાં આવે છે કે તે આનુપૂર્વી આદિ દ્રવ્ય કેટલા ક્ષેત્રનો સ્પર્શ કરે છે ક્ષેત્રમાં કેવળ આધારભૂત આકાશ જ લેવામાં આવે છે અને સ્પર્શનામાં આધાર ક્ષેત્રની ચારે તરફના જે આકાશ પ્રદેશો આધેય દ્વારા સ્પૃષ્ટ થયા હોય, તેમને પણ લેવામાં આવે છે આનુપૂર્વી આદિ દ્રવ્યોની સ્થિતિનો વિચાર કરવો તેનું નામ 'કાળઅનુગમ' છે. કાળઅનુગમમાં આનુપૂર્વી આદિ દ્રવ્યોની સ્થિતિ કેટલી છે, એ વાતની પર્યાલોચના (વિચારણા) કરવામાં આવે છે વિરહકાળને અન્તર કહે છે. વિવક્ષિત (અમુક) પર્યાયનો પરિત્યાગ થઈ ગયા બાદ ફરીથી એજ પર્યાયની પ્રાપ્તિ થવામાં વચ્ચે જેટલું અન્તર પડે છે તેટલા અન્તરને વિરહકાળ કહે છે. અનુગમમાં આ અન્તરની પણ પ્રરૂપણા કરવાનું આવશ્યક ગણાય છે.

આનુપૂર્વી દ્રવ્યો શેષ (બાકીના) દ્રવ્યોના કયા ભાગમાં રહે છે, તે પ્રકારના ભાગની પણ પ્રરૂપણા અનુગમમાં કરવી પડે છે. ૭ આનુપૂર્વી આદિ દ્રવ્યો કયા ભાવમાં રહે છે, તે પ્રકારની પ્રરૂપણાનું નામ ભાવઅનુગમ છે. ન્યૂનાધિકતાનું નામ અલ્પબહુત્વ છે દ્રવ્યાર્થિક નયને આધારે, પ્રદેશાર્થતાને આધારે અને તદુભય (તે બન્ને)–દ્રવ્યાર્થિક અને પ્રદેશાર્થિક એ બન્નેને આધારે આ આનુપૂર્વી આદિ દ્રવ્યોમાં જે અલ્પત્વ અને બહુત્વનો વિચાર કરવામાં આવે છે તેનું નામ જ અલ્પબહુત્વ છે અનુગમમાં આ અલ્પબહુત્વની પ્રરૂપણા પણ કરવા યોગ્ય ગણાય છે (से तं अणुगमे) આ પ્રકારનું અનુગમનું સ્વરૂપ છે.

ભાવાર્થ–સૂત્રાર્થને અનુકૂળ અથવા અનુરૂપ વ્યાખ્યાનનું નામ અનુગમ છે. તે અનુગમમાં ઉપર્યુક્ત નવ વિષયોનો વિચાર કરવામાં આવે છે, તેથી તે અનુગમમાં સત્પદ પ્રરૂપણા આદિ નવ ભેદ કહ્યા છે આ સત્પદ પ્રરૂપણા આદિના સ્વરૂપનું વિસ્તાર પૂર્વકનું નિરૂપણ સૂત્રકાર પોતે જ આગળના સૂત્રોમાં કરવાના છે, તેથી અહીં તેનો ભાવાર્થ સંક્ષિપ્તમાં આપવામાં આવ્યો છે. ।।સૂ૦૮૧।।

सत्पदका निरुपण

આ પ્રમાણે અનુગમના સત્પદપ્રરૂપણા આદિ ભેદોનો અર્થ સંક્ષિપ્તમાં સમજાવીને હવે સૂત્રકાર તે નવે ભેદોનો અર્થ વિસ્તારપૂર્વક સમજાવવા માગે છે. તેથી તેઓ સત્પદપ્રરૂપણતા રૂપ તેના પ્રથમ ભેદનું નીચેના સૂત્ર દ્વારા નિરૂપણ કરે છે—"नेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–પ્રશ્ન–(नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं किं अत्थि नत्थि ?) નૈગમ અને વ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો છે કે નથી ?

ઉત્તર–(णियमा अत्थि) અવશ્ય છે જ.

પ્રશ્ન–(नेगमववहाराणं अणाणुपुव्वी दव्वाइं किं अत्थि णत्थि ?) નૈગમવ્યવહારનયસંમત અનાનુપૂર્વી દ્રવ્યો શું છે કે નથી ?

ઉત્તર–(णियमा अत्थि) નિયમથી જ એટલે કે અનાનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ પણ અવશ્ય છે જ.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્રદ્વારા નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી આદિ દ્રવ્યોનું અસ્તિત્વ હોવાનું પ્રતિપાદન કર્યું છે. "તેમનું અસ્તિત્વ નિયમથી જ છે," આ પ્રકારના કથન દ્વારા તેમણે આ વાતને ભારપૂર્વક

પ્રકટ કરી છે એટલે કે તેઓ ભારપૂર્વક એવું કહે છે કે આનુપૂર્વી આદિ દ્રવ્યો સત્તાવિશિષ્ટ છે–તે દ્રવ્યોનું અસ્તિત્વ અવશ્ય છે. જ. તેઓ અવિદ્યમાન નથી એમ સમજવું ।। સૂ૦૮૨ ।।

"नेगमववहाराणं आणुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ–(नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं किं संखेज्जाइं, असंखिज्जाइं अणंताइं ?) નૈગમવ્યવહાર નય સંમત અનેક આનુપૂર્વી દ્રવ્યો શું સંખ્યાત છે, કે અસંખ્યાત છે, કે અનંત છે ?

ઉત્તર–(नो संखिज्जाइं नो असंखिज्जाइं, अणंताइं) નૈગમ અને વ્યવહારનયસંમત આનુપૂર્વી દ્રવ્યો સંખ્યાત પણ નથી, અસંખ્યાત પણ નથી, પરન્તુ અનંત છે. (एवं अणाणुपुव्वीदव्वाइं अवत्तव्वगदव्वाइं च अणंताइं भाणियव्वाइं) એજ પ્રમાણે અનાનુપૂર્વી દ્રવ્યો પણ અનંત છે અને અવક્તવ્યક દ્રવ્યો પણ અનંત છે, એમ સમજવું જોઇએ તે બન્ને પ્રકારના દ્રવ્યો સંખ્યાત પણ નથી અને અસંખ્યાત પણ નથી આ કથનનો ભાવાર્થ એ છે કે આનુપૂર્વી અનાનુપૂર્વી અને અવક્તવ્યક આ દ્રવ્યોમાંના આનુપૂર્વી આદિ દ્રવ્યો અનંત-અનંત છે. તે પ્રત્યેકનો એક એક આકાશપ્રદેશમાં પણ અનંત અનંત રૂપે સદ્ભાવ હોય છે. તો પછી સર્વલોકની તો વાત જ શી કરવી ! તે કારણે તેઓને સંખ્યાત પણ કહ્યા નથી અને અસંખ્યાત પણ કહ્યા નથી આ રીતે ત્રણેમાં બન્ને પ્રકારતાનો નિષેધ કરીને અનંતતાનું જ પ્રતિપાદન કરવામાં આવ્યું છે.

અહીં એવી શંકા કરવી ન જોઇએ કે અસંખ્યાત પ્રદેશી આકાશ રૂપ ક્ષેત્રમાં અનંત આનુપૂર્વી આદિ દ્રવ્યો કેવી રીતે રહી શકે છે, કારણ કે પુદ્ગલનું પરિણમન અચિંત્ય હોય છે. એ તો આપણે આપણી આંખો વડે જોઇ શકીયે છીએ કે એક પ્રદીપ (દીપક) ની પ્રભાથી વ્યાપ્ત એક ગૃહાન્તર્વર્તી–(ઘરની અંદર) રહેલ આકાશના પ્રદેશોમાં બીજાં પણ અનેક પ્રદીપોની પ્રભાના પરમાણુઓનું અવસ્થાન (નિવાસ) થઈ જાય છે. આંખો વડે જોયેલા વિષયમાં શંકાનો કોઇ અવકાશ જ રહેતો નથી નહીં તો, અતિપ્રસંગ નામનો દોષ આવે છે. તેથી આનુપૂર્વી આદિ અનંત દ્રવ્યોનું અસંખ્યાત પ્રદેશી આકાશમાં અવસ્થાન થવામાં કોઇ બાધા (મુશ્કેલી, અવરોધ) રહેતી નથી અને આનુપૂર્વી આદિ દ્રવ્યોને અનંત માનવામાં પણ કોઈ વાંધો સંભવતો નથી.

ભાવાર્થ–સૂત્રકારે અનુગમના દ્રવ્યપ્રમાણ નામના બીજા ભેદનું આ સૂત્ર દ્વારા નિરૂપણ કર્યું છે. તેમાં એવું કહેવામાં આવ્યું છે કે આનુપૂર્વી આદિ દ્રવ્યો અનંત છે. આ પ્રકારનું પ્રતિપાદન કરીને એવી સ્પષ્ટતા કરવામાં આવી છે કે અસંખ્યાતપ્રદેશી આકાશમાં-લોકાકાશમાં તેમની અવગાહના હોવાની વાત સ્વીકારવામા કોઇ પણ પ્રકારનો વાંધો સંભવી શકતો નથી, કારણ કે પૌદ્ગલિક પરિણામ અચિન્ત્ય હોય છે. એક જ ઘરની અંદર રહેલા આકાશમાં (અવકાશમાં) અનેક પ્રદીપોની પ્રભાના પરમાણુઓનો સમાવેશ થઇ જાય છે, એ વાત તો આપણે આપણી આંખો વડે જ જોઈ શકીએ છીએ. એજ પ્રમાણે અવગાહનશક્તિના યોગથી અને પરિણમનની વિચિત્રતાથી આકાશનાં એક પ્રદેશમાં પણ અનંત આનુપૂર્વી આદિ દ્રવ્યોનું અવગાહન (સમાવેશ) માનવામાં કોઇ આપત્તિ સંભવી શકતી નથી. ।।સૂ૦૮૩।।

હવે સૂત્રકાર અનુગમના ત્રીજા ભેદ રૂપ ક્ષેત્રના વિષયમાં નીચે પ્રમાણે કથન કરે છે—" नेगमववहाराणं " ઈત્યાદિ—

શબ્દાર્થ–(नेगमववहाराणं आणुपुव्वीदव्वाइं) નૈગમ અને વ્યવહાર નયસંમત અનેક આનુપૂર્વી દ્રવ્ય (लोगस्स किं संखिज्जइ भागे होज्जा) શું લોકના સંખ્યાતમાં ભાગમાં અવગાહિત છે ? કે લોકના અસંખ્યાતમાં ભાગમાં અવગાહિત છે, કે (असंखिज्जइ भागे होज्जा २) લોકના અસંખ્યાતમાં ભાગમાં અવગાહિત છે, કે (संखेज्जेसु भागेसु होज्जा ३) સંખ્યાત ભાગોમાં અવગાહિત છે, કે (सव्वलोए होज्जा ?) સંપૂર્ણ લોકમાં અવગાહિત હોય છે ?

ઉત્તર–(एगं दव्वं पडुच्च संखेज्जइ भागे वा होज्जा, असंखेज्जइ भागे वा होज्जा, संखेज्जेसु भागेसु वा होज्जा, असंखिज्जेसु भागेसु वा होज्जा, सव्वलोए वा होज्जा) ત્રણ પરમાણુવાળા (ત્રિપ્રદેશી) થી અનંત પર્યન્તનાં અણુવાળા સ્કંધો (અનંત પ્રદેશી સ્કંધો)માંથી સામાન્ય રૂપે કોઈ એક દ્રવ્યની અપેક્ષાએ કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગમાં અવગાહિત થઈને રહે છે, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે, તથા કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગોમાં રહે છે, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગોમાં રહે છે, અને કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય સમસ્ત લોકમાં અવગાહિત થઈને રહે છે જેમ કે અનંતાનંત પુદ્ગલ પરમાણુઓના સમૂહમાંથી નિષ્પન્ન થયેલો અચિત્ત મહાસ્કંધ તે અચિત્ત મહાસ્કંધ રૂપ આનુપૂર્વી દ્રવ્ય એક સમયમાં સકળ લોકને અવગાહિત કરી શકે છે.

પ્રશ્ન–તે અચિત્ત મહાસ્કંધ સકલ લોકમાં કેવી રીતે અવગાહિત થઈ જાય છે.

ઉત્તર જેવી રીતે સમુદ્ઘાતવર્તી કેવલી સકળ લોકમાં સમાઈ જાય છે–અવગાહિત થઈ જાય છે, એજ પ્રમાણે અચિત્ત મહાસ્કંધ પણ સકલ લોકમાં અવગાહિત થઈ જાય છે–સમાઈ જાય છે એટલે કે લોકની મધ્યમાં રહેલા કેવળી જ્યારે સમુદ્ઘાત કરે છે, ત્યારે પ્રથમ સમયે આત્મપ્રદેશોને દંડાકાર રૂપે પરિણમાવે છે. તેમનું આ દંડાકાર રૂપ પરિણમન તિર્યક્ લોકમાં સંખ્યાત યોજન સુધી અથવા અસંખ્યાત યોજન સુધી વિસ્તૃત થયેલું હોય છે, તથા ઉર્ધ્વ અને અધોભાગમાં ૧૪ ચૌદ રાજુપ્રમાણ લાંબું હોય છે. આત્મપ્રદેશોનું આ દંડાકાર રૂપ પરિણમન સ્વાભાવિક હોય છે. બીજા સમયમાં તેમના તે આત્મપ્રદેશો કપાટના આકારમાં પરિણમન પામે છે ત્રીજા સમયમાં મંથાનરૂપ થઈ જાય છે, અને ચોથા સમયમાં અન્તરાલની પૂર્તિ કરીને સકળ લોકમાં વ્યાપ્ત થઈ જાય છે. પાંચમા સમયમાં અંતરાલોને સંકુચિત કરીને છઠ્ઠા સમયમાં મંથાનને સંકુચિત કરીને, સાતમાં સમયમાં કપાટને અને આઠમાં સમયમાં દંડને સંકુચિત કરીને પોતાના શરીરમાં જ સમાઈ જાય છે એટલે કે પૂર્વાવસ્થામાં આવી જાય છે એજ પ્રમાણે અચિત્ત મહાસ્કંધ પણ એક સમયમાં સકળ લોકને વ્યાપ્ત કરી લે છે. (णाणादव्वाइं पडुच्च नियमा सव्वलोए होज्जा) તથા આનુપૂર્વી પરિણામ યુક્ત અનંત દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તે દ્રવ્યો સમસ્ત લોકમાં અવગાહિત છે. આ કથનનું

તાત્પર્ય એ છે કે સમસ્ત લોકાકાશનો કોઇ પણ પ્રદેશ એવો નથી કે જ્યાં સૂક્ષ્મ પરિણામથી પરિણત થયેલાં અનંત આનુપૂર્વી દ્રવ્યો ન હોય એટલે કે લોકમાં સર્વત્ર આનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ છે તે અનેક આનુપૂર્વી દ્રવ્યો લોકના સંખ્યાતમાં અથવા અસંખ્યાતમાં ભાગમાં નથી પણ સમસ્ત લોકમાં છે, એમ સમજવું એજ પ્રમાણે નૈગમ અને વ્યવહાર નયસંમત અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ પાંચ-પાંચ પ્રશ્નો પૂછી શકાય છે. જે પ્રશ્નો નીચેના સૂત્ર દ્વારા પૂછવામાં આવ્યા છે. (नेगमववहाराणं अणाणुपुव्वी दव्वाइं किं लोयस्स संखिज्जइभागे होज्जा, जाव सव्वलोए वा होज्जा ?) નૈગમ અને વ્યવહાર નય સંમત અનાનુપૂર્વી દ્રવ્યો શું ? લોકના સંખ્યાતમાં ભાગમાં, કે સંખ્યાત ભાગોમાં કે અસંખ્યાત ભાગોમાં કે સમસ્ત લોકમાં અવગાહિત થઇને રહે છે ?

ઉત્તર-"एगं दव्वं पडुच्च नो संखेज्जइ भागे, होज्जा, असंखेज्जइ भागे होज्जा नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा. नो सव्वलोए होज्जा" જો એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામા આવે તો અનાનુપૂર્વી દ્રવ્ય અને અવક્તવ્યક દ્રવ્ય લોકના અસંખ્યાતમાં ભાગમાં જ અવગાહિત થઇને રહે છે, સંખ્યાતમાં ભાગમાં, સંખ્યાત ભાગોમાં, અસંખ્યાત ભાગોમાં કે સર્વલોકમાં અવગાહિત થઈને રહેતાં નથી પરમાણુ અનાનુપૂર્વી દ્રવ્યરૂપ છે. તે આકાશના એક પ્રદેશમાં જ અવગાહિત થઇને રહે છે બે અણુવાળો જે સ્કંધ છે તે અવક્તવ્યક દ્રવ્યરૂપ છે. તે લોકાકાશના એક પ્રદેશમાં પણ રહે છે અને બે પ્રદેશમાં પણ રહે છે આ રીતે તે બન્નેની અવગાહના લોકના અસંખ્યાતમાં ભાગમાં જ છે. વિવિધ અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેઓ સમસ્ત લોકાકાશમાં રહે છે, એમ સમજવું જોઇએ, કારણ કે આકાશનો કોઈ પણ પ્રદેશ એવો નથી કે જ્યાં તેમનો સદ્ભાવ ન હોય.

ભાવાર્થ-સૂત્રકારે આ સૂત્ર દ્વારા આનુપૂર્વી આદિ દ્રવ્યોની અવગાહના વિષે પૂછવામાં આવેલા પાંચ પ્રશ્નોનો ઉત્તર એક દ્રવ્ય અને અનેક દ્રવ્યોને અનુલક્ષીને આપ્યો છે તે પાંચ પ્રશ્નો નીચે પ્રમાણે છે-(૧) આનુપૂર્વી દ્રવ્યો શું લોકના સંખ્યાતમાં ભાગમાં રહે છે ? અથવા (૨) અસંખ્યાતમાં

ભાગમાં રહે છે ? (૩) અથવા શું લોકના સંખ્યાત ભાગોમાં રહે છે ? (૪) અથવા શું લોકના અસંખ્યાત ભાગોમાં રહે છે ? (૫) અથવા શું સમસ્ત લોકમાં રહે છે.

ઉત્તર–પુદ્ગલ દ્રવ્યોનો આધાર જો કે સામાન્ય રૂપે લોકાકાશ જ નિયત છે, છતાં પણ વિશેષ રૂપે ભિન્ન ભિન્ન પુદ્ગલદ્રવ્યના આધારક્ષેત્રના પરિમાણમાં અન્તર હોય છે, એજ અન્તર આ ઉત્તરમાં પ્રકટ કરવામાં આવ્યું છે–કારણ કે ભિન્ન ભિન્ન પદાર્થ હોવા છતાં પણ પુદ્ગલોના પરિમાણમાં વિવિધતા છે, એકરૂપતા નથી તેથી અહીં તેમના આધારનું પરિમાણ (પ્રમાણ) અનેક રૂપે કહેવામાં આવ્યું છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આધારભૂત ક્ષેત્રના પ્રદેશોની સંખ્યા આધેયભૂત પુદ્ગલદ્રવ્યના પરમાણુઓની સંખ્યા કરતાં ન્યૂન અથવા તેના જેટલી જ હોઈ શકે છે, પણ અધિક હોઇ શકતી નથી તેથી એક પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય આકાશના એક જ પ્રદેશમાં રહે છે, પણ બે અણુવાળું અવક્તવ્યક દ્રવ્ય આકાશના એક પ્રદેશમાં પણ રહી શકે છે અને બે પ્રદેશમાં પણ રહી શકે છે. આ રીતે ઉત્તરોત્તર પરમાણુઓની અથવા પ્રદેશોની વૃદ્ધિ થતાં થતાં ત્રણઅણુવાળા, ચાર અણુવાળા યાવત્ સંખ્યાતાણુક સ્કંધ એક પ્રદેશમાં, બે પ્રદેશમાં, ત્રણ પ્રદેશમાં યાવત સંખ્યાત પ્રદેશ રૂપ ક્ષેત્રમાં રહી શકે છે. સંખ્યાત અણવાળા દ્રવ્યને રહેવા માટે અસંખ્યાત પ્રદેશોવાળા ક્ષેત્રની જરૂર પડતી નથી અસંખ્યાત અણુવાળો સ્કંધ એક પ્રદેશથી લઇને વધારેમાં વધારે પોતાના જેટલી જ અસંખ્યાત સંખ્યાવાળા પ્રદેશોના ક્ષેત્રમાં રહી શકે છે અનંત અણુવાળો અથવા અનંતાનંત અણુવાળો સ્કંધ પણ એકથી લઇને સંખ્યાત પર્યન્તના પ્રદેશવાળા અને અસંખ્યાત પ્રદેશોવાળા ક્ષેત્રમાં રહી શકે છે, તેને રહેવાને માટે અનંત પ્રદેશોવાળા ક્ષેત્રની આવશ્યકતા રહેતી નથી પુદ્ગલ દ્રવ્યનો સૌથી મોટો સ્કંધ કે જેને અચિત્ત મહાસ્કંધ કહે છે અને જે અનંતાનંત અણુઓનો બનેલો હોય છે, તે પણ લોકાકાશના અસંખ્યાત પ્રદેશોમાં જ રહી શકે છે. આ પ્રમાણે અનાનુપૂર્વી આદિ સ્કન્ધદ્રવ્યની અપેક્ષાએ આ કથનને હૃદયમાં ધારણ કરીને આ સૂત્રનો અર્થ સમજવો જોઇએ વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ આ સમસ્ત દ્રવ્યોનું અવગાહન સમસ્ત લોકાકાશમાં છે. ॥સૂ૦૮૪॥

સ્પર્શનાદ્વાર કા નિરુપણ

હવે સૂત્રકાર અનુગમના સ્પર્શના નામના ચોથા દ્વારનું નિરૂપણ કરે છે–

" नेगमववहाराणं " ઇત્યાદિ–

શબ્દાર્થ–(नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं लोगस्स किं संखेज्जइ भागं फुसंति ?) નૈગમ અને વ્યવહાર નયસંમત અનેક આનુપૂર્વી દ્રવ્યો શું લોકના સંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે ? (असंखेज्जइ भागं फुसंति ?) કે અસંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે ? (संखेज्जे भागे फुसंति ?) કે સંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે ? (असंखेज्जे भागे फुसंति ?) કે અસંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે ? (सव्वलोगं फुसंति ?) કે સમસ્ત લોકનો સ્પર્શ કરે છે ?

ઉત્તર–(एगं दव्वं पडुच्च लोगस्स संखेज्जइभागं वा फुसइ जाव सव्वलोगं वा फुसइ) ત્રિઅણુક સ્કંધથી લઈને અનન્તાણુ સ્કંધ પર્યન્તના આનુ-

પૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે, કોઈ એક અનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગોનો, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગોનો અને કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય સમસ્ત લોકનો સ્પર્શ કરે છે. (णाणा दव्वाइं पडुच्च नियमा सव्वलोगं फुसंति) તથાવિધિ આનુપૂર્વી દ્રવ્ય–અનંત આનુપૂર્વી પરિણામયુકત દ્રવ્ય નિયમથી સર્વલોકની સ્પર્શના કરે છે.

(णेगमववहाराणं आणाणुपुव्वी दव्वाइं लोगस्स किं संखेज्जइभागं फुसंति, जाव सव्वलोगं फुसंति ?) નૈગમ અને વ્યવહાર નયસંમત સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્યોમાંનું કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય શું લોકના સંખ્યાતમાં ભાગની કે અસંખ્યાતમાં ભાગની, કે સંખ્યાત ભાગોની, કે અસંખ્યાત ભાગોની કે સમસ્ત લોકની સ્પર્શના કરે છે ?

ઉત્તર–(एगं दव्वं पडुच्च नो संखिज्जइभागं फुसइ, असंखिज्जइ भागं फुसइ, नो संखिज्जे भागे फुसइ, नो असंखिज्जे भागे फुसइ, नो सव्वलोगं फुसइ) એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આ પ્રમાણે કથન સમજવું–એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગની સ્પર્શના કરતું નથી, સંખ્યાત ભાગોની સ્પર્શના પણ કરતું નથી, અસંખ્યાત ભાગોની સ્પર્શના પણ કરતું નથી, અને સમસ્ત લોકની પણ સ્પર્શના કરતું નથી, પણ અસંખ્યાતમા ભાગની જ સ્પર્શના કરે છે. (नाणादव्वाइं पडुच्च नियमा सव्वलोयं फुसंति) વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તે અનાનુપૂર્વી દ્રવ્યો નિયમથી જ સમસ્ત લોકની સ્પર્શના કરે છે. (एवं अवत्तव्वगदव्वाइं भाणियव्वाइं) એજ પ્રમાણે અવકતવ્યક દ્રવ્યોની સ્પર્શના વિષે પણ સમજવું.

ભાવાર્થ–ક્ષેત્રદ્વારના જેવા જ અહીં પણ પ્રશ્નોત્તરના પ્રકાર સમજવા ક્ષેત્ર અને સ્પર્શનમાં એ ભેદ છે કે પરમાણુદ્રવ્યની અવગાહના જે એક આકાશપ્રદેશમાં થાય છે તે ક્ષેત્રરૂપ છે, તથા પરમાણુ વડે તેના નિવાસસ્થાન રૂપ આકાશના ચારે તરફના પ્રદેશોનો જે સ્પર્શ થાય છે તેનું નામ સ્પર્શના છે. પરમાણુનો તે ઉત્કૃષ્ટ સ્પર્શ આકાશના સાત પ્રદેશોમાં થાય છે. તે સાત પ્રદેશ નીચે પ્રમાણે છે–ચારે દિશાઓના ચાર પ્રદેશ, ઉપરનો એક પ્રદેશ, અને નીચેનો એક પ્રદેશ અને જ્યાં તેની પોતાની અવગાહના છે તે એક પ્રદેશ–આ રીતે તે વધારેમાં વધારે સાત આકાશપ્રદેશોનો સ્પર્શ કરે છે. આ સ્પર્શના વિષયમાં બૌદ્ધોની એવી જે માન્યતા છે કે પરમાણુ દ્રવ્ય તો આદિ, મધ્ય અને અન્ત આદિના વિભાગથી રહિત નિરંશ (અંશ રહિત)-એકરૂપ જ છે તો પછી એવો સ્વીકાર કેવી રીતે કરી શકાય કે તે છ દિશાઓનો સ્પર્શ કરે છે ? જો એવો સિદ્ધાંત સ્વીકારવામાં આવે તો તેમાં એકત્વનો સિદ્ધાંત ઘટિત થઇ શકતો નથી, કારણ કે સ્વરૂપે પરમાણુ પૂર્વાદિ કોઈ એક દિશામાં સંબદ્ધ છે, એવાં જ સ્વરૂપે જો તે અન્ય દિશાઓ સાથે પણ સંબંધ હોય, તો આ માન્યતામાં એવો વિભાગ સંભવી શકતો નથી કે પરમાણુનો આ પ્રદેશ પૂર્વદિગ્ભાગ સાથે સંબદ્ધ છે અને આ પ્રદેશ પશ્ચિમ દિગ્ભાગ સાથે સંબદ્ધ છે, કારણ કે તેને તો નિરંશ રૂપે (એક રૂપે) સ્વીકારવામાં આવ્યો છે. તેથી એવું માનવું જોઈએ કે પરમાણુ સાત પ્રદેશનો સ્પર્શ કરતું હોવાથી તેમાં વિવિધ રૂપતા હોવાથી તે એકરૂપ હોઈ શકતું

નથી જો એકરૂપતા માનવાને માટે વિવિધ રૂપતા રૂપ વિભાગનો અભાવ જ ઇષ્ટ માનવામાં આવે, તો તેમાં છ દિશાઓ સાથે સંબદ્ધ હોવાનું કથન વિરુદ્ધ પડે છે આ કથનનો ભાવાર્થ એ છે કે પરમાણુ જે સ્વરૂપે પૂર્વાદિ કોઈ એક દિશાની સાથે સંબદ્ધ છે, તેનું તે નિજરૂપ ભિન્ન છે અને પશ્ચિમ આદિ દિશાઓની સાથે સંબદ્ધ સ્વરૂપ પણ ભિન્ન હોય તો આ રીતે સ્વરૂપમાં ભિન્નતા આવવાને કારણે છ પ્રકારના સ્વરૂપો માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે અને તે કારણે તેમાં એકત્વનો અભાવ આવવાનો પ્રસંગ પ્રાપ્ત થશે.

તેથી બૌદ્ધોની એ પ્રકારની માન્યતા સાચી નથી, કારણ કે પરમાણુ દ્રવ્ય રૂપ હોવાને કારણે નિરંશ જ છે–એક જ છે, છતાં પણ પરમાણુની પરિણામશક્તિ અચિંત્ય છે. તે કારણે તે પ્રકારના પરિણામના સદ્ભાવમાં છ દિશાઓની સાથે તેનું નિરંતર રૂપ અવસ્થાન સંભવિત છે. તેથી સાત દિશાઓમાં તેના સ્પર્શનું કથન અઘટિત (અનુચિત) નથી. ॥સૂ૦૮૫॥

કાલદ્વારકા નિરુપણ

સ્પર્શનાદ્વારનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર અનુગમના પાંચમાં ભેદ રૂપ કાળદ્વારનું કથન કરે છે—

"नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(नेगमववहाराणं आणुपुव्वी दव्वाइं) નૈગમ અને વ્યવહાર, આ બે નયસંમત આનુપૂર્વી દ્રવ્યો (कालओ) કાળની અપેક્ષાએ (केवच्चिरं) કેટલા કાળ સુધી (होई) આનુપૂર્વી રૂપે રહે છે ?

ઉત્તર–(एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं) એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચારવામાં આવે તો એક આનુપૂર્વી દ્રવ્ય ઓછામાં ઓછા એક સમય સુધી અને (उक्कोसेणं असंखेज्जं कालं) વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી આનુપૂર્વી રૂપે રહે છે, (णाणादव्वाइं पडुच्च णियमा सव्वद्धा) તથા વિવિધ આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો અનેક આનુપૂર્વી દ્રવ્યોની સ્થિતિ સર્વકાળની હોય છે આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે.

આનુપૂર્વી દ્રવ્યનો આનુપૂર્વી દ્રવ્યરૂપે રહેવાનો જે એક સમય રૂપ કાળ કહ્યો છે તે આ પ્રકારે કહ્યો છે—

પરમાણુ દ્વયણુઆદિમાં (બે પરમાણુમાં) કોઈ એક આદિ અન્ય પરમાણુ મળવાથી કોઈ એક અપૂર્વ દ્રવ્ય ઉત્પન્ન થઈ જાય છે ત્યાર બાદ એક સમય પછી તેમાંથી એક આદિ પરમાણુ વિયુક્ત (અલગ) થઈ જવાથી તે આનુપૂર્વી દ્રવ્ય તે રૂપમાંથી અપગત (નષ્ટ) થઈ જાય છે એટલે કે તે રૂપે રહેતું નથી તે કારણે એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી રૂપે રહેવાનો કાળ ઓછામાં ઓછો એક સમયનો કહ્યો છે. અને જ્યારે એજ એક આનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી આનુપૂર્વી દ્રવ્યરૂપે રહીને એક આદિ પરમાણુ રૂપે વિયુક્ત (અલગ) થઈ જાય છે ત્યારે તેની અવસ્થિતિનો ઉત્કૃષ્ટ સમય અસંખ્યાત કાળનો કહ્યો છે. કોઇ પણ એક આનુપૂર્વી દ્રવ્યનો અવ-

સ્થિતિકાળ (આનુપૂર્વી રૂપે રહેવાનો કાળ) અનંત હોતો નથી, કારણ કે ઉત્કૃષ્ટ પુદ્ગલસંયોગ સ્થિતિ પણ અસંખ્યાત કાળની જ હોય છે. અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ તો તે આનુપૂર્વી દ્રવ્યોની સ્થિતિ નિયમથી જ સર્વકાલીન હોય છે, કારણ કે લોકમાં એવો કોઇ કાળ નથી કે જ્યારે આનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ જ ન હોય.

(अणाणुपुव्वीदव्वाइं अवत्तव्वगदव्वाइं च एवं चेव भाणियव्वं) અનાનુપૂર્વી દ્રવ્યોમાં અને અવક્તવ્યક દ્રવ્યોમાં પણ એક દ્રવ્ય અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ પૂર્વોક્ત જઘન્ય કાળ અને ઉત્કૃષ્ટ કાળ સમજી લેવો આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે. કોઇ એક પરમાણુ એક સમય સુધી એકલું રહીને ત્યાર બાદ કોઈ બીજા પરમાણુ સાથે સંશ્લિષ્ટ થઇ જાય છે. તેથી એક અનાનુપૂર્વી દ્રવ્યનો અવસ્થિતિકાળ (અનાનુપૂર્વી દ્રવ્ય રૂપે રહેવાનો કાળ) ઓછામાં ઓછો એક સમયનો કહ્યો છે, અને જ્યારે એજ એક પરમાણુ અસંખ્યાત કાળ સુધી એકલું રહીને ત્યાર બાદ કોઇ બીજા પરમાણુની સાથે સંશ્લિષ્ટ થઈ જાય છે, ત્યારે તેનો અવસ્થિતિ કાળ અધિકમાં અધિક અસંખ્યાત કાળનો મનાય છે વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચારવામાં આવે તો તે અનાનુપૂર્વી દ્રવ્યોનો અવસ્થિતિકાળ સર્વકાલીન માનવામાં આવ્યો છે, કારણ કે લોકમાં એવો કોઈ સમય નથી કે જ્યારે આ અનાનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ જ ન હોય.

બે પરમાણુ રૂપ એક અવક્તવ્યક દ્રવ્ય પણ જ્યારે એક સમય સુધી સંયુક્ત રહીને ત્યાર બાદ વિભક્ત થઇ જાય છે, ત્યારે તેનો જઘન્ય અવસ્થિતિ કાળ એક સમયનો માનવામાં આવે છે અથવા જ્યારે તે એજ સ્થિતિમાં એક સમય સુધી રહીને ત્યાર બાદ કોઈ એક બીજા પરમાણુ સાથે સંશ્લિષ્ટ

अन्तरद्वारका निरुपण

થઇ જાય છે ત્યારે તેનો અવસ્થિતિ કાળ જઘન્યની અપેક્ષાએ એક સમયનો ગણાય છે, અને જ્યારે તે અવક્તવ્યક દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી એજ સ્થિતિમાં રહીને ત્યાર બાદ વિઘટિત (વિભક્ત) થઇ જાય છે, એટલે કે જ્યારે તે એજ સ્થિતિમાં અસંખ્યાત કાળ સુધી રહે છે અને ત્યાર બાદ કોઈ બીજા પરમાણુ સાથે સંશ્લિષ્ટ (સંયુક્ત) થઈ જાય છે, ત્યારે તેનો અવક્તવ્યક દ્રવ્યરૂપે રહેવાનો કાળ (અવસ્થિતિ કાળ) અધિકમાં અધિક અસંખ્યાત કાળ-પ્રમાણ માનવામાં આવ્યો છે.

વિવિધ અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ તે અવક્તવ્યક દ્રવ્યોનો અવસ્થિતિ કાળ (અવક્તવ્યક દ્રવ્યરૂપે રહેવાનો સમય) સર્વકાલીન કહ્યો છે. એટલે કે એવો કોઈ પણ સમય નથી કે જ્યારે તેમની અવસ્થિતિ (અસ્તિત્વ) જ ન હોય. ॥ સૂ૦ ૮૬ ॥

હવે સૂત્રકાર અન્તરદ્વારની પ્રરૂપણા કરે છે–"णेगमववहाराणं" ઇત્યાદિ–

શબ્દાર્થ–પ્રશ્ન–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाणं अंतरं कालओ केवच्चिरं होई?) નૈગમ અને વ્યવહાર, આ બન્ને નયસંમત આનુપૂર્વી દ્રવ્યનું વ્યવધાન (અંતરવિરહકાળ) કાળની અપેક્ષાએ કેટલા કાળનું હોય છે? આનુપૂર્વી દ્રવ્ય આનુપૂર્વી સ્વરૂપનો ત્યાગ કર્યા બાદ ફરીથી તે આનુપૂર્વી દ્રવ્યરૂપ સ્વરૂપને જેટલા કાળના વ્યવધાન (આંતર) બાદ પ્રાપ્ત કરે છે, તે વ્યવધાન કાળનું નામ અથવા વિરહકાળનું નામ અંતર છે. અહીં શિષ્યે કાળની અપેક્ષાએ તે અંતરના વિષયમાં પ્રશ્ન પૂછયો છે. ક્ષેત્રની અપેક્ષાએ પણ અંતર હોઈ શકે છે, પણ અહીં ક્ષેત્રની અપેક્ષાએ અંતર પૂછયું નથી અહીં તો કાળની અપેક્ષાએ અંતર પૂછયું છે. તેથી જ અહીં "कालओ केवच्चिरं" આ સૂત્રપાઠ મૂકયો છે.

ઉત્તર—(एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं उक्कोसेणं अणंतं कालं) એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ ઓછામાં ઓછું અંતર (વિરહકાળ) એક સમયનું અને વધારેમાં વધારે અનંત કાળનું હોય છે. (नाणा दव्वाइं पडुच्च णत्थि अंतरं) તથા વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચારવામાં આવે તો એવા અંતરનો સદ્ભાવ જ નથી. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–ત્રણ અણુવાળું, ચાર અણુવાળું આદિ આનુપૂર્વી દ્રવ્યોમાંથી કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય સ્વાભાવિક અથવા પ્રાયોગિક પરિણમન વડે ખંડ ખંડ થઈ જઈને આનુપૂર્વી પર્યાયથી રહિત થઈ ગયેલું હવે એજ દ્રવ્ય એક સમય બાદ ફરીથી સ્વાભાવિક આદિ પરિણમન દ્વારા એજ પરમાણુઓના સંયોગથી એજ આનુપૂર્વી રૂપ બની જાય છે. આ રીતે એક આનુપૂર્વી દ્રવ્યના આનુપૂર્વી સ્વરૂપનો પરિત્યાગ થઈ ગયા બાદ ફરીથી એજ સ્વરૂપમાં આવી જવામાં જે કાળનો આંતરો પડે છે તે કાળના આંતરા રૂપ જઘન્ય અંતર એક સમયનું સમજવું ઉત્કૃષ્ટની અપેક્ષાએ જે અનંત કાળનું અંતર કહ્યું છે તેનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે–ધારો કે કોઈ એક વિવક્ષિત આનુપૂર્વી દ્રવ્ય પૂર્વોક્ત રૂપે આનુપૂર્વી પર્યાયથી રહિત થઈ ગયું છે. આ રીતે વિભક્ત થયેલાં તે પરમાણુઓ અન્ય બે અણુવાળા, ત્રણ અણુવાળા વગેરેથી લઈને અનંત પર્યન્તના અણુવાળા સ્કન્ધ રૂપ અનંત સ્થાનોમાંની પ્રત્યેક સ્થાનમાં ઉત્કૃષ્ટ કાળની સ્થિતિનો અનુભવ કરતાં થકા સંશ્લિષ્ટ રહ્યા. આ પ્રમાણે પ્રત્યેક દ્વયણુક આદિ અનંત સ્થાનોમાં અનંત કાળ સુધી સંશ્લિષ્ટ રહ્યા બાદ એટલે કે એ સ્વરૂપમાં રહેતાં રહેતાં અનંત કાળ વ્યતીત થઈ ગયા બાદ એજ પરમાણુઓ દ્વારા જ્યારે વિવક્ષિત આનુપૂર્વી દ્રવ્યનું ફરીથી નિર્માણ થઈ જાય છે, ત્યારે એમ

થવામાં અનંત કાળનું ઉત્કૃષ્ટ અંતર પડી જાય છે. એટલે કે આનુપૂર્વી પર્યાયનો પરિત્યાગ કર્યા બાદ ફરી આનુપૂર્વી પર્યાયમાં આવી જવામાં અનંત કાળનું વ્યવધાન (આંતરો) પડી જાય છે. "વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ કાળનું અંતર છે જ નહીં," આ પ્રકારના કથનનું કારણ એ છે કે લોકમાં એવો કોઈ પણ સમય નથી કે જ્યારે સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો પોતાના આનુપૂર્વી સ્વભાવનો એક સાથે પરિત્યાગ કરી દેતાં હોય, કારણ કે લોકમાં અનંતાનંત આનુપૂર્વી દ્રવ્યો સર્વદા વિદ્યમાન રહે છે, તેથી વિવિધ આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ કાળનો આંતરો જ પડી શકતો નથી.

પ્રશ્ન–(णेगमववहाराणं अणाणुपुव्वी दव्वाणं अंतरं कालओ केवच्चिरं होई ?) નૈગમ અને વ્યવહાર નયસંમત અનાનુપૂર્વી દ્રવ્યોનું વ્યવધાન (અંતર–વિરહ-કાળ) કાળની અપેક્ષાએ કેટલા કાળનું હોય છે ?

ઉત્ત.–(एगं दव्वं पडुच्च जहण्णेणं एगं समयं उक्कोसेणं असंखेज्जं कालं नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं) અનાનુપૂર્વી દ્રવ્યનો વિરહકાળ એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ ઓછામાં ઓછો એક સમયનો અને વધારેમાં વધારે અસંખ્યાત કાળનો હોય છે વિવિધ અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો વ્યવધાન (વિરહકાળ–અંતર)નો સદ્ભાવ જ નથી. આ કથનનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે–જ્યારે કોઈ પરમાણુ રૂપ અનાનુ-પૂર્વી દ્રવ્ય કોઈ બીજા પરમાણુની સાથે અથવા દ્વયણુક, ત્રિઅણુક આદિ સ્કંધોની સાથે એક સમય સુધી સંશ્લિષ્ટ (સંયુક્ત) રહીને તેનાથી વિયુક્ત (અલગ) થઇ જાય છે ત્યારે એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ ઓછામાં ઓછા સમયનું અંતર (વ્યવધાન) પડી જાય છે. અને એજ અનાનુપૂર્વી દ્રવ્ય રૂપ પરમાણુ જ્યારે કોઈ દ્વયણુક, ત્રિઅણુક આદિ સ્કંધોની સાથે સંશ્લિષ્ટ થઈને અસંખ્યાત કાળ સુધી એજ સ્થિતિમાં રહીને ફરીથી તેમાંથી વિયુક્ત (વિભક્ત) થઈ જાય છે, અને ફરીથી અનાનુપૂર્વી રૂપે નિષ્પન્ન થઇ જાય છે, તો આ પ્રકારે અનાનુપૂર્વીના પરિત્યાગથી લઇને અનાનુપૂર્વીના પુનઃ નિર્મા-ણમાં વધારેમાં વધારે અસંખ્યાત કાળનું અંતર પડે છે આ ઉત્કૃષ્ટ અંતર એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ કહ્યું છે, એમ સમજવું.

શંકા–જ્યારે એક અનાનુપૂર્વી દ્રવ્ય અનંતાનંત પરમાણુઓના પ્રચય રૂપ સ્કંધ સાથે સંયુક્ત થાય છે અને તે તેની સાથે સંયુક્ત અવસ્થામાં અસંખ્યાત કાળ સુધી રહ્યા બાદ જ્યારે તે સ્કંધ વિભક્ત થઇ જાય છે ત્યારે તેમાંથી કોઈ લઘુસ્કંધ ઉત્પન્ન થઈ જાય છે. તે લઘુસ્કંધની સાથે પણ તે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી સંયુક્ત રહે છે. ત્યારબાદ જ્યારે તે સ્કંધ પણ વિભક્ત થઈ જાય છે ત્યારે તેમાંથી કોઇ લઘુસ્કંધ ઉત્પન્ન થઇ જાય છે તે લઘુસ્કંધની સાથે પણ તે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી સંયુક્ત રહે છે. ત્યાર બાદ જ્યારે તે સ્કંધ પણ વિભક્ત થઈ જાય છે ત્યારે તેમાંથી પણ એક લઘુતર સ્કંધ ઉત્પન્ન થઈ જાય છે, અને તે લઘુતર સ્કંધ સાથે પણ તે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી સંયુક્ત રહે છે ત્યાર બાદ તે લઘુતર સ્કંધ પણ વિભક્ત થઇ જાય છે અને તેમાંથી પણ એક લઘુતમ સ્કંધ ઉત્પન્ન થઇ જાય છે. આ પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય તે લઘુતમ સ્કંધની સાથે પણ અસંખ્યાત કાળ સુધી સંશ્લિષ્ટ (સંયુક્ત) રહે

છે આ રીતે ક્રમે ક્રમે તે તે સ્કંધો વિભક્ત થતા રહે છે. આ પ્રકારે તો કયારેક અનંત સ્કંધ પણ સંભવી શકે છે આ અનંત સ્કંધોમાંના પ્રત્યેક સ્કંધની સાથે અસંખ્યાત-અસંખ્યાત કાળ સુધી સંયુક્ત રહીને જ્યારે તે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય પૂર્વની પોતાની સ્થિતિમાં આવી જાય છે-એટલે કે અનાનુપૂર્વી રૂપ પરમાણુ અવસ્થાને ફરી પ્રાપ્ત કરે છે, ત્યારે તો પૂર્વોક્ત અનંત સ્કંધોમાં રહેવા રૂપ સ્થિતિની અપેક્ષાએ તો અનંત કાળનું અંતર પણ પડી જાય છે છતાં સૂત્રકારે અહીં શા માટે એવું કથન કર્યું છે કે એક અનાનુપૂર્વી દ્રવ્યનો વિરહકાળ અસંખ્યાત કાળનો હોય છે? એટલે કે અનાનુપૂર્વી દ્રવ્ય રૂપ અવસ્થાનો ત્યાગ કર્યા બાદ ફરી એજ અવસ્થા પ્રાપ્ત કરવામાં અસંખ્યાત કાળનું, અંતર પડે છે એમ શા માટે કહ્યું છે? અનંત-કાળનું અંતર પડે છે, એવું કેમ કહ્યું નથી?

ઉત્તર-શંકાકર્તા દ્વારા પ્રદર્શિત અનંત કાળનું અંતર ત્યારે જ સંગત બની શકે કે જ્યારે તે પરમાણુ દ્વયણુક આદિ અનંત સ્કંધોની સાથે સંયુક્ત થઈને અનંત કાળ સુધી રહેતું હોય, પરન્તુ આ સૂત્રની પ્રમાણતાથી અને વ્યાખ્યાપ્રજ્ઞપ્તિ આદિ સૂત્રોની પ્રમાણુતાથી પરમાણુની સંયુક્ત અવસ્થામાં રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળ પર્યન્તની જ કહી છે તેથી સૂત્રકથિત અસંખ્યાત કાળનું જ ઉત્કૃષ્ટ અંતર સમજવું જોઇએ.

"વિવિધ અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ અંતર હોતું નથી," આ પ્રકારના કથનનું કારણ નીચે પ્રમાણે છે—

લોકમાં એવો કોઈ પણ કાળ નથી કે જે કાળે કોઇને કોઈ અનાનુપૂર્વી દ્રવ્યનું અસ્તિત્વ જ ન હોય એટલે કે કોઇને કોઇ અનાનુપૂર્વી દ્રવ્યનું અસ્તિત્વ તો લોકમાં સદા કાળ રહે છે જ.

પ્રશ્ન-(**नेगमववहाराणं अवत्तगदव्वाणं अंतरं कालओ केवच्चिरं होई!**) નૈગમ અને વ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્યોને પોતાની તે અવક્તવ્યક અવસ્થાનો પરિત્યાગ કર્યા બાદ ફરીથી અવક્તવ્યક અવસ્થામાં આવી જવામાં કેટલા કાળનું અંતર પડે છે? એટલે કે દ્વયણુક સ્કંધ રૂપ અવક્તવ્યક દ્રવ્યોનો વિરહકાળ કાળની અપેક્ષાએ કેટલો કહ્યો છે?

ઉત્તર-(**एगं दव्वं पडुच्च जहन्नेणं एगं समयं, उक्कोसेणं असंखेज्जं कालं, नाणादव्वाइं पडुच्च णत्थि अंतरं**) એક અવક્તવ્યક દ્રવ્યની અપેક્ષાએ જઘન્ય (એ છ.માં ઓછું) અંતર એક સમયનું અને ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અંતર અનંત કાળનું છે, તથા વિવિધ અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ અંતરનો સદ્ભાવ જ નથી આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે-કોઇ એક દ્વિપ્રદેશી સ્કન્ધ રૂપ અવક્તવ્યક દ્રવ્ય ધારો કે વિઘટિત (વિભક્ત) થઇને બે સ્વતંત્ર પરમાણુ રૂપ અવસ્થાને પ્રાપ્ત કરે છે. ત્યાર બાદ ઓછામાં ઓછા એક સમય સુધી તો તે બન્ને પરમાણુ એક બીજાથી અલગ જ રહે છે, પણ ત્યાર બાદ તેઓ એક બીજાની સાથે સંશ્લિષ્ટ (સંયુક્ત) થઈ જઈને ફરીથી દ્વિપ્રદેશી સ્કન્ધ રૂપ બની જાય છે. અથવા-દ્વિપ્રદેશી સ્કંધ વિઘટિત થઇ જઇને તેમાંથી બે પરમાણુ ઉત્પન્ન થઈ જાય છે તે પરમાણુઓ અન્ય પરમાણુ આદિની સાથે એક સમય સુધી સંશ્લિષ્ટ રહે છે, પણ ત્યાર બાદ તેઓ તેનાથી વિયુક્ત થઇને પરસ્પરની સાથે સંયુક્ત થઈ થઇને ફરીથી દ્વિપ્રદેશિક સ્કંધ રૂપે પરિણત થઈ જાય છે. આ રીતે એજ દ્વિપ્રદેશી સ્કંધનું તેમના દ્વારા નિર્માણ થઇ જાય છે. આ પ્રકારે દ્વિપ્રદેશી સ્કંધ રૂપ અવસ્થાનો

પરિત્યાગ કરીને–દ્વિપ્રદેશી સ્કંધ રૂપ અવસ્થામાંથી વિઘટિત થઈને ફરીથી એજ દ્વિપ્રદેશી સ્કંધ રૂપ અવસ્થા પ્રાપ્ત કરવામાં એક સમયપ્રમાણ કાળનું જઘન્ય અંતર પડે છે. તેથી જ અવક્તવ્યક દ્રવ્ય રૂપ અવસ્થા પુનઃ પ્રાપ્ત કરવામાં તેને ઓછામાં ઓછો એક સમય લાગતો હોવાથી જઘન્ય અંતર એક સમયનું કહ્યું છે.

ઉત્કૃષ્ટની અપેક્ષાએ તે અંતર અનંતકાળનું કેવી રીતે થાય છે? તે હવે સ્પષ્ટ કરવામાં આવે છે–

એજ દ્વિપ્રદેશી સ્કંધ વિઘટિત થઈને બે પરમાણુ રૂપ બની જાય છે તે બન્ને પરમાણુ સ્વતંત્ર રૂપે અનંત પરમાણુઓની સાથે અનંત દ્વયણુક સ્કંધો, ત્રિઅણુક સ્કંધો આદિ અનંત અણુક પર્યન્તના સ્કંધો સાથે ક્રમે ક્રમે સંયોગ પ્રાપ્ત કરીને જ્યારે પ્રત્યેક સ્કંધમાં વારંવાર પોતાની ઉત્કૃષ્ટ સ્થિતિ સમાપ્ત કરી નાખે છે, અને આ રીતે અનંત કાળ બાદ જ્યારે તે પોતાનાં એજ પૂર્વ અવસ્થા રૂપ દ્વિપ્રદેશિક સ્કંધ રૂપે પરિણત થઈ જાય છે, તો આમ થવામાં અનંત કાળનો ઉત્કૃષ્ટ સમય વ્યતીત થઈ જાય છે આ રીતે ઉત્કૃષ્ટ અંતર (વિરહકાળ) અનંત કાળનો થાય છે.

"વિવિધ અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ કાળનું અંતર નથી," આ કથનનો ભાવાર્થ એવો છે કે લોકમાં એવો કોઈ પણ સમય હોતો નથી કે જ્યારે લોકમાં કોઇને કોઇ અવક્તવ્યક દ્રવ્ય વિદ્યમાન ન હોય એટલે કે કોઇને કોઈ અવક્તવ્ય દ્રવ્ય તો લોકમાં સર્વદા વિદ્યમાન હોય છે જ. ॥સૂ૦૮૭॥

હવે સૂત્રકાર અનુગમના ભાગદ્વાર નામના સાતમાં ભેદનું નિરૂપણ કરે છે.

"णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं) નૈગમ અને વ્યવહાર નયસંમત સમસ્ત

ભાગદ્વારકા નિરુપણ

આનુપૂર્વી દ્રવ્ય (सेसदव्वाणं) બાકીના દ્રવ્યોના (कइभागे होज्जा?) કેટલા ભાગમાં છે? (किं संखेज्जइभागे होज्जा?) શું સંખ્યાતમાં ભાગમાં છે? (असंखेज्जइ भागे होज्जा) કે અસંખ્યાતમાં ભાગમાં છે? (संखेज्जेसु भागेसु होज्जा) કે સંખ્યાત ભાગોમાં છે? (असंखेज्जेसु भागेसु होज्जा?) કે અસંખ્યાત ભાગોમાં છે?

ઉત્તર-(नो संखिज्जइभागे होज्जा, नो असंखिज्जइभागे होज्जा, नो संखेज्जेसु भागेसु होज्जा) સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યોના સંખ્યાતમાં ભાગમાં પણ હોતું નથી, અસંખ્યાતમાં ભાગમાં પણ હોતું નથી, સંખ્યાત ભાગોમાં પણ હોતું નથી, પરન્તુ (नियमा असंखेज्जेसु भागेसु होज्जा) નિયમથી જ તે સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો બાકીના દ્રવ્યોના અસંખ્યાત ભાગોમાં હોય છે.

(णेगमववहाराणं अणाणुपुव्वी दव्वाइं) નૈગમ અને વ્યવહાર નયસંમત સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્ય (सेसदव्वाणं कइभागे होज्जा?) બાકીના દ્રવ્યોના કેટલામાં ભાગનું હોય છે? (किं संखिज्जइभागे होज्जा) શું સંખ્યાતમાં ભાગમાં હોય છે? (असंखिज्जइभागे होज्जा) કે અસંખ્યાતમાં

ભાગમાં હોય છે ? (संखिज्जेसु भागेसु होज्जा) કે સંખ્યાત ભાગોમાં હોય છે? (असंखिज्जेसु भागेसु होज्जा) કે અસંખ્યાત ભાગોમાં હોય છે ?

ઉત્તર-(नो संखिज्जइ भागे होज्जा, असंखेज्जइ भागे होज्जा) સંખ્યાતમાં ભાગમાં નથી, પણ અસંખ્યાતમાં ભાગમાં છે, (नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा) સંખ્યાત ભાગોમાં પણ નથી અને અસંખ્યાત ભાગોમાં પણ નથી. (एवं अवत्तव्वगदव्वाणि वि भाणियव्वाइं) અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ અનાનુપૂર્વી દ્રવ્યોના જેવું જ કથન અહીં ગ્રહણ કરવું જોઈએ.

ભાવાર્થ-ત્રણથી લઈને અનંત પરમાણુવાળા જેટલા સ્કંધો છે, તેમને આનુપૂર્વી દ્રવ્યો કહે છે જે અનંત એક એક સ્વતંત્ર પરમાણુ છે તેમને અનાનુપૂર્વી દ્રવ્ય કહે છે. બે પરમાણુવાળા જે અનંત સ્કંધો છે તેમને અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કહે છે આ સૂત્રમાં પ્રશ્નકર્તા એ પ્રશ્ન પૂછે છે કે આનુપૂર્વી દ્રવ્ય, અનાનુપૂર્વી દ્રવ્ય અને અવક્તવ્યક દ્રવ્ય કરતાં અધિક પ્રમાણમાં છે કે અલ્પપ્રમાણમાં છે? ત્યારે તેના ઉત્તર રૂપે સિદ્ધાંતકારોએ કહ્યું છે કે આનુપૂર્વી દ્રવ્ય, અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્ય કરતાં અધિક પ્રમાણમાં છે.

વળી પ્રશ્નકર્તા એવો પ્રશ્ન કરે છે કે જો તે આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યો કરતાં અધિક છે, તો કેટલામાં ભાગ જેટલું અધિક છે? શું સંખ્યાતમાં ભાગ જેટલું અધિક છે ? કે સંખ્યાત ભાગો જેટલું અધિક છે ? કે અસંખ્યાત ભાગો જેટલું અધિક છે ?

ત્યારે સૂત્રકારે તેનો એવો ઉત્તર આપ્યો છે કે આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યોના અસંખ્યાત ભાગો પ્રમાણ જ અધિક છે, સંખ્યાતમાં ભાગ પ્રમાણ અધિક નથી, કારણ કે તે આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં ન્યૂન પ્રમાણમાં હોતાં નથી-પણ અધિક પ્રમાણમાં જ હોય છે તે આનુપૂર્વી દ્રવ્યોમાં આ અધિકતા બાકીના દ્રવ્યોના સંખ્યાતમાં ભાગપ્રમાણ પણ કહી નથી, અસંખ્યાતમાં ભાગપ્રમાણ પણ કહી નથી, સંખ્યાત ભાગોપ્રમાણ પણ કહી નથી, પરંતુ અસંખ્યાત ભાગો પ્રમાણ જ કહી છે એટલે કે સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં વધારે છે. ધારો કે આ ત્રણે દ્રવ્યો મળીને ૧૦૦નું પ્રમાણ થાય છે, તેમાંથી ૮૦ ભાગ પ્રમાણ આનુપૂર્વી દ્રવ્યો હોય અને ૧૦-૧૦ ભાગ પ્રમાણ અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો હોય તો બાકીના દ્રવ્યો ૨૦ ભાગપ્રમાણ હોવાથી તેમના કરતાં આનુપૂર્વી દ્રવ્ય ચાર ગણું હોવાથી તેમાં અસંખ્યાતગણી અધિકતા ગણી શકાય નહીં પરન્તુ સૂત્રકારે તેમાં અસંખ્યાતગણી અધિકતા કહી છે તેથી આ પ્રકારનું કથન કરવામાં અસંખ્યાત ગણી અધિકતા નહીં આવી શકવાને કારણે હીનતા આવી જાય છે. કારણ કે આનુપૂર્વી દ્રવ્યોને બાકીના દ્રવ્યો કરતાં સંખ્યાતમાં ભાગપ્રમાણ પણ કહ્યા નથી, અસંખ્યાતમાં ભાગપ્રમાણ પણ કહ્યા નથી, સંખ્યાત ભાગોપ્રમાણ (સંખ્યાત ગણાં) પણ કહ્યાં નથી, પણ અસંખ્યાત ભાગોપ્રમાણ (અસંખ્યાત ગણાં જ) કહ્યાં છે.

શંકા-જો બાકીનાં દ્રવ્યો કરતાં સમસ્ત આનુપૂર્વી દ્રવ્યને અલ્પ માનવામાં આવે તો તેમાં શી હરકત છે ?

ઉત્તર-અનાનુપૂર્વી દ્રવ્ય પરમાણુ રૂપ જ છે અને અવક્તવ્યક દ્રવ્ય દ્વયણુક સ્કંધ રૂપ જ છે પરંતુ આનુપૂર્વી દ્રવ્ય ત્રિઅણુક, આદિ અનંત અણુક પર્યન્તના સ્કંધ રૂપ છે. તે કારણે તે આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણું વધારે હોય છે, તે કારણે તેને બાકીના દ્રવ્યો કરતાં અલ્પ કહી શકાય નહીં વળી અન્યત્ર પણ એવું જ કહ્યું છે કે-" હે ભગવન્! પરમાણુરૂપ પુદ્ગલો, સંખ્યાત પ્રદેશોવાળા સ્કંધો, અસંખ્યાત પ્રદેશોવાળા સ્કંધો અને અનંત પ્રદેશોવાળા સ્કંધોમાં કોણ કોનાથી અલ્પ છે, કોણ કોનાથી અધિક છે, કોણ કોની બરાબર છે અને કોણ કોના કરતાં વિશેષાધિક છે?

ઉત્તર-હે ગૌતમ! અનંતપ્રદેશી સ્કંધ સૌથી અલ્પપ્રમાણમાં છે, પરમાણુપુદ્ગલ તેમનાં કરતાં અનંત ગણાં છે, સંખ્યાત પ્રદેશી સ્કંધ અસંખ્યાત ગણાં છે. અને અસંખ્યાત પ્રદેશી સ્કંધ અસંખ્યાતગણા છે. આ સૂત્રમાં સમસ્ત પુદ્ગલ જાતિની અપેક્ષાએ તેના અસંખ્યાત પ્રદેશી સ્કંધો અસંખ્યાત ગણાં કહ્યા છે. તે અસંખ્યાત પ્રદેશી સ્કંધોનો આનુપૂર્વીમાં જ સમાવેશ થઈ જાય છે આ રીતે વિચાર કરતાં, જો સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય બાકીના સમસ્ત દ્રવ્યો કરતાં પણ અસંખ્યાત ગણું છે, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં તો તે અસંખ્યાત ગણું હોય એમાં શંકા કરવા જેવું જ નથી. સૂત્રમાં " અધિક " પદ વાપર્યું નથી, છતાં પણ અહીં તેના અર્થનો સ્પષ્ટ ખ્યાલ આપવા માટે તે પદનો પ્રયોગ કર્યો છે.

તથા નૈગમ અને વ્યવહાર નયસંમત જે અનાનુપૂર્વી દ્રવ્ય (પરમાણુ દ્રવ્ય) છે તે આનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં અસંખ્યાતમાં ભાગ-પ્રમાણ છે. તે બાકીના દ્રવ્યોના સંખ્યાતમાં ભાગપ્રમાણ નથી, સંખ્યાત ગણું પણ નથી અને અસંખ્યાત ગણું પણ નથી. ધારો કે આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક, આ ત્રણે દ્રવ્યો મળીને ૧૦૦ સો ની સંખ્યા રૂપે છે. તેમાં બાકીના દ્રવ્યોની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્ય ૮૦ અને અનાનુપૂર્વી દ્રવ્ય દશની સંખ્યા રૂપ છે એજ પ્રમાણે અવક્તવ્યક દ્રવ્ય પણ આનુપૂર્વી અને અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ ૧૦માંથી ૧૦૦ ની જેમ તેમના અસંખ્યાતમાં ભાગરૂપ જ સમજવું તેને તેમના સંખ્યાતમાં ભાગરૂપ અથવા તેમના કરતાં સંખ્યાત ગણું કે અસંખ્યાત ગણું સમજવું જોઈએ નહીં. ॥સૂ૦૮૮॥

હવે સૂત્રકાર અનુગમના આઠમાં ભેદ રૂપ ભાવદ્વારનું કથન કરે છે– "णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं आणुपुव्वी दव्वाइं कतरम्मि भावे होज्जा?) પ્રશ્ન–નૈગમ અને વ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો કયા ભાવમાં રહે છે? (किं उदइए भावे होज्जा) શું ઔદયિક ભાવમાં રહે છે? (उवसमिए भावे होज्जा?) કે ઔપશમિક ભાવમાં રહે છે? (खइए भावे होज्जा?) કે ક્ષાયિક ભાવમાં હોય છે? (खओवसमिए भावे होज्जा?) કે ક્ષાયોપશમિક ભાવમાં હોય છે? (पारिणामिए भावे होज्जा?) કે પારિણામિક ભાવમાં હોય છે? (संनिवाइए भावे होज्जा?) કે સાન્નિપાતિક ભાવમાં હોય છે?

ઉત્તર–(णियमा साइपरिणामिए भावे होज्जा) સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય નિયમથી જ સાદિપારિણામિક ભાવમાં રહે છે દ્રવ્યનું તે તે રૂપે જે પરિણમન થાય છે તેનું નામ પરિણામ છે એ પરિણામનું નામ જ પારિણામિક છે. તે પરિણામ બે પ્રકારનું હોય છે–(૧) સાદિ પરિણામ, (૨) અનાદિ પરિણામ ધર્માસ્તિકાય આદિ જે અરૂપી દ્રવ્યો છે તેમનું તે તે રૂપે જે સ્વાભાવિક પરિણમન થાય છે તેનું નામ અનાદિ પરિણામ છે, કારણ કે અનાદિ કાળથી જ તે દ્રવ્યોનું આ રૂપે પરિણમન થતું આવે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે આ દ્રવ્યોનું જે સ્વાભાવિક સ્વરૂપ પરિણમન છે, એજ અનાદિ પરિણામ છે. પરંતુ જે રૂપી દ્રવ્ય (પુદ્ગલ દ્રવ્ય) છે તેમનું તે તે પ્રકારનું જે પરિણમન થાય છે તે સાદિ પરિણામ છે, કારણ કે વાદળાં, મેઘધનુષ આદિ પૌદ્ગલિક દ્રવ્યોના તે તે પ્રકારના પરિણમનમાં અનાદિતા હોતી નથી તેથી એવું કહેવામાં આવ્યું છે કે સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો સાદિપરિણામિક ભાવમાં રહે છે. એટલે કે આનુપૂર્વી દ્રવ્યોમાં જે આનુપૂર્વી રૂપ વિશિષ્ટ પરિણામ છે તે અનાદિ કાલિન નથી કારણ કે પુદ્ગલોનું જે એક વિશિષ્ટ રૂપે પરિણમન થાય છે તે વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી જ સ્થાયી રહે છે, એમ માનવામાં આવે છે. એજ પ્રમાણે સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્ય અને સમસ્ત અવક્તવ્યક દ્રવ્ય પણ સાદિપરિણામિક ભાવમાં જ રહે છે ઔદયિક આદિ ભાવોનું સ્પષ્ટીકરણ આગળ કરવામાં આવશે.

ભાવાર્થ–આનુપૂર્વી આદિ દ્રવ્યો કયા ભાવવાળાં હોય છે, એવો અહીં પ્રશ્ન પૂછવામાં આવ્યો છે આ પ્રશ્નનો સૂત્રકારે એવો ઉત્તર આપ્યો છે કે સમસ્ત આનુપૂર્વી આદિ પૌદ્ગલિક દ્રવ્યો સાદિપારિણામિક ભાવવાળાં હોય છે. પારિણામિક ભાવદ્રવ્યનું એ પરિણામ છે કે, જે માત્ર દ્રવ્યના અસ્તિત્વમાં જ આપો આપ થયા કરે છે. ઔપશમિક ભાવ કર્મોના ઉપશમથી ઉત્પન્ન થાય છે. જેમ પાણીમાં રહેલો કચરો નીચે બેસી જઈને પાણી સ્વચ્છ થાય છે એજ પ્રમાણે કર્મોના ઉપશમથી ઔપશમિક ભાવ પેદા થાય છે. કર્મોના ક્ષયથી ક્ષાયિક ભાવ પેદા થાય છે જેમ કાદવનો સર્વથા નાશ થઈ જવાથી પાણી સ્વચ્છ બની જાય છે એજ પ્રમાણે કર્મોનો ક્ષય થવાથી ક્ષાયિક ભાવ ઉત્પન્ન થાય છે. ક્ષય અને ઉપશમ, આ બન્નેના સંબંધથી જે ભાવ ઉત્પન્ન થાય છે તેમને ક્ષાયોપશમિક ભાવ કહે છે. જેમ કોદરાને પાણીમાં ધોવાથી તેની થોડી માદકશક્તિ નષ્ટ થઈ જાય છે અને થોડી

બાકી રહી જાય છે એજ પ્રમાણે ક્ષય અને ઉપશમને કારણે પણ કર્મોની સ્થિતિ થાય છે કર્મોના ઉદયથી ઉત્પન્ન થનાં ભાવને ઔદયિક ભાવ કહે છે જેમ કાદવને લીધે પાણી મલિન બને છે, એજ પ્રમાણે કર્મોના ઉદયથી આત્મા પર કર્મોરૂપી મેલ જામે છે પારિણામિક ભાવના નીચે પ્રમાણે બે ભેદ છે-(૧) સાદિ પારિણામિક ભાવનો સદ્ભાવ ધર્માસ્તિકાય આદિ અમૂર્ત દ્રવ્યોમાં હોય છે અને મૂર્ત પૌદ્ગલિક દ્રવ્યોમાં સાદિપારિણામિક ભાવનો સદ્ભાવ હોય છે. ॥સૂ૦૮૬॥

અલ્પ બહુત્વદ્વાર કા નિરુપણ

હવે સૂત્રકાર નવમાં અલ્પબહુત્વ દ્વારની પ્રરૂપણા કરે છે-

" एएसिं णं भंते ! " ઇત્યાદિ—

શબ્દાર્થ-(भंते ! णेगमववहाराणं एएसिं आणुपुव्वीदव्वाणं अणाणुपुव्वीदव्वाणं अवत्तव्वगदव्वाणं य दव्वट्ठयाए पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए कयरे कयरेहिंतो अप्पा वा बहुया वा तुल्ला वा विसेसाहिया वा ?) હે ભગવન્ ! નૈગમ અને વ્યવહાર નયસંમત આ આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યોની દ્રવ્યાર્થતા, પ્રદેશાર્થતા અને દ્રવ્યાર્થપ્રદેશાર્થતાની અપેક્ષાએ સરખામણી કરવામાં આવે, તો કયા કયા દ્રવ્યો કરતાં ન્યૂન છે ? કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યો કરતાં અધિક છે ? કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યોની બરાબર છે ? અને કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યોથી વિશેષાધિક છે ?

ઉત્તર-(गोयमा !) હે ગૌતમ ! (दव्वट्ठयाए णेगमववहाराणं अवत्तव्वगदव्वाइं सव्वत्थोवाइं) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ નૈગમ અને વ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્ય સૌથી અલ્પ છે-એટલે કે અનાનુપૂર્વી દ્રવ્યોથી પણ તે અલ્પપ્રમાણમાં હોય છે. (अणाणुपुव्वीदव्वाइं, दव्वट्ठयाए विसेसाहियाइं) તથા દ્રવ્યાર્થતાની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યો કરતાં અનાનુપૂર્વી દ્રવ્યો વિશેષાધિક છે. તેમાં આ વિશેષાધિકતા વસ્તુસ્થિતિના સ્વભાવની અપેક્ષાએ સમજવી. " तदुक्तम् " કહ્યું પણ છે કે " હે ભગવન્ ! પરમાણુ પુદ્ગલો અને દ્વિપ્રદેશી સ્કંધો, આ બન્નેમાંથી કોણ કોના કરતાં અધિક છે? ઉત્તર-હે ગૌતમ ! દ્વિપ્રદેશીક સ્કંધો કરતાં પરમાણુ પુદ્ગલો અધિક હોય છે. " આ કથન અનુસાર દ્વિપ્રદેશી સ્કંધો રૂપ અવક્તવ્યક દ્રવ્યો કરતાં પરમાણુપુદ્ગલ રૂપ અનાનુપૂર્વી દ્રવ્યો અધિક છે, એ વાત પ્રમાણિત થાય છે. (दव्वट्ठयाए आणुपुव्वीदव्वाइं असंखेज्जगुणाइं) તથા દ્રવ્યાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં છે. આ કથનનું સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે છે જે અનાનુપૂર્વી દ્રવ્યો છે તેમાં પરમાણુ રૂપ એક એક સ્થાન જ લક્ષ્ય હોય છે, અને જે અવક્તવ્યક દ્રવ્યો છે તેમાં પણ દ્વિપ્રદેશી સ્કંધ રૂપ એક એક જ સ્થાન લક્ષ્ય હોય છે. પરન્તુ જે

આનુપૂર્વી દ્રવ્યો છે તેમાં તો ત્રિઅણુક સ્કંધથી લઇને ક્રમે ક્રમે એક એક પ્રદેશની ઉત્તરોત્તર વૃદ્ધિ થતાં થતાં અનંતાણુક સ્કંધ પર્યન્તના અનંત સ્થાન હોય છે તેથી સ્થાનના બહુત્વની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી અને અવકતવ્યક દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં કહેવામાં આવ્યાં છે.

શંકા–જો આનુપૂર્વી દ્રવ્યોના સ્થાન અનંત હોય, અને અનાનુપૂર્વી દ્રવ્યોના તથા અવક્તવ્યક દ્રવ્યોનાં સ્થાન એક એક હોય તો અહીં આનુપૂર્વી દ્રવ્યોને અનાનુપૂર્વી અને અવકતવ્યક દ્રવ્યો કરતાં અનંત ગણાં કહેવા જોઇતા હતાં છતાં અહીં તેમને અસંખ્યાત ગણાં શા કારણે કહ્યાં છે?

ઉત્તર–અનંતાણુક જે સ્કંધો છે તેઓ અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અનંતમાં ભાગપ્રમાણ હોવાને કારણે સ્વાભાવિક રીતે જ સ્તોક (ઓછાં, ન્યૂન) છે. તેથી અનંતાણુક સ્કંધોને લીધે આનુપૂર્વી દ્રવ્યોમાં–આનુપૂર્વી દ્રવ્યોનાં સ્થાનોમાં ખાસ કોઈ વૃદ્ધિ થતી નથી. તેથી યથાર્થ રૂપે તો તે આનુપૂર્વી દ્રવ્યોમાં અસંખ્યાત ગણાં જ સ્થાન બને છે, અને એજ સ્થાનોની અપેક્ષાએ તેમનામાં (આનુપૂર્વી દ્રવ્યોમાં) અસંખ્યાત ગુણિતતા જ સંભવી શકે છે–અનંત ગુણિતા સંભવી શકતી નથી. ૮૮માં સૂત્રમાં અનુગમના ભાગદ્વાર નામના સાતમાં ભેદનું પ્રતિપાદન કરતી વખતે સૂત્રકારે " एएसिं णं " ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા આ વિષયનું વિશેષ વર્ણન કર્યું છે. તો તે સૂત્રમાંથી તે વાંચી લેવું. આ રીતે દ્રવ્યાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો આદિની અલ્પબહુતાનું કથન કરીને હવે સૂત્રકાર પ્રદેશત્વની અપેક્ષાએ આનુપૂર્વી આદિ દ્રવ્યોના અલ્પબહુત્વનું કથન કરે છે–

(णेगमववहाराणं अणाणुपुव्वीदव्वाइं पएसट्ठयाए सव्वत्थोवाइं) નૈગમ અને વ્યવહાર નયસંમત સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્યો પ્રદેશત્વની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યો કરતાં અને આનુપૂર્વી દ્રવ્યો કરતાં અલ્પ હોય છે, કારણ કે (अपएसट्ठयाए) અનાનુપૂર્વી દ્રવ્યોમાં પ્રદેશ રૂપ અર્થનો અભાવ હોય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે જો પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્યોમાં પણ દ્વિતીય આદિ પ્રદેશોનો સદ્ભાવ હોત તો દ્રવ્યાર્થતાની જેમ પ્રદેશાર્થતામાં પણ અવક્તવ્યક દ્રવ્યો કરતાં તેમની અધિકતા જ હોત પરન્તુ એવી કોઇ વાતનો તો સદ્ભાવ જ નથી, કારણ કે પરમાણુ અપ્રદેશી હોય છે, એવું સિદ્ધાંતનું વચન છે. તે કારણે પ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યોને સૌથી અલ્પ કહેવામાં આવેલ છે આ સમસ્ત કથનનો ભાવાર્થ એ છે કે દ્રવ્યાર્થતાની અપેક્ષાએ તો અનાનુપૂર્વી દ્રવ્યોને અવક્તવ્યક દ્રવ્યો કરતાં વિશેષાધિક કહેવામાં આવેલ છે. એટલે કે અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અવક્તવ્યક-દ્રવ્યો અલ્પ કહેવામાં આવ્યાં છે. પણ પ્રદેશત્વની અપેક્ષાએ તો આનુપૂર્વી

દ્રવ્યોને અવક્તવ્ય દ્રવ્યો કરતાં પણ અલ્પ માનવામાં આવેલ છે, કારણ કે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્ય અપ્રદેશી હોય છે જો આ પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્યોમાં પણ દ્વિતીય આદિ પ્રદેશોનો સદ્ભાવ માનવામાં આવે, તો પ્રદેશાર્થતાની અપેક્ષાએ પણ અવક્તવ્યક દ્રવ્યો કરતાં અનાનુપૂર્વી દ્રવ્યોની અધિકતા સંભવી શકે છે. પરન્તુ પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્યોને સર્વસ્તોક (સૌથી અલ્પ) માનવાનો સિદ્ધાંત જ યુક્તિયુક્ત લાગે છે.

શંકા-જો અનાનુપૂર્વી દ્રવ્યોમાં પ્રદેશાર્થતાનો સદ્ભાવ જ ન હોય, તો અહીં પ્રદેશાર્થતાની અપેક્ષાએ તેમનો વિચાર કરવો એ વાત જ શું અનુચિત લાગતી નથી ?

ઉત્તર-એ વાત બરાબર નથી, કારણ કે "પ્રકૃષ્ટદેશઃ પ્રદેશઃ" આ વ્યુત્પત્તિ અનુસાર સૌથી સૂક્ષ્મ દેશનું નામ પ્રદેશ છે એટલે કે પુદ્ગલાસ્તિકાયનો જે નિરંશ ભાગ છે તે પ્રદેશરૂપ જ છે. એવું પ્રદેશત્વ તો પરમાણુ દ્રવ્યમાં જ હોય છે. તેથી પ્રદેશાર્થતાની અપેક્ષાએ તેમનો વિચાર કરવામાં અનુપયુક્તતા જણાતી નથી.

તથા-(अवत्तव्वगदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं) અવક્તવ્યક દ્રવ્ય પ્રદેશાર્થત્વની અપેક્ષાથી વિશેષાધિક હોય છે. એટલે કે અવક્તવ્યક દ્રવ્યોમાના પ્રત્યેક અવક્તવ્યક દ્રવ્ય બબ્બે પ્રદેશવાળાં હોય છે, અને અનાનુપૂર્વી દ્રવ્યોમાંનું પ્રત્યેક અનાનુપૂર્વી દ્રવ્ય એક એક પ્રદેશવાળું હોય છે. તે કારણે પ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અવક્તવ્યક દ્રવ્યોને વિશેષાધિક (અમુક પ્રમાણમાં વધારે) કહ્યાં છે.

(आणुपुव्वीदव्वाइं पएसट्ठयाए अणंतगुणाइं) પ્રદેશાર્થતાની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્યો અનંત ગણાં હોય છે, કારણ કે તેમના પ્રદેશો અવક્તવ્યક દ્રવ્યોના પ્રદેશો કરતાં અનંત ગણાં હોય છે. પહેલાં એ વાત તો પ્રકટ કરવામાં આવી ચુકી છે કે દ્રવ્યાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત ગણાં છે, કારણ કે તેમના કરતાં આનુપૂર્વી દ્રવ્યસ્કંધ અસંખ્યાત ગણાં હોય છે પરન્તુ પ્રદેશોની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો અનંત ગણાં છે, કારણ કે તેમના પ્રદેશો અવક્તવ્યક દ્રવ્યોના પ્રદેશો કરતાં અનંત ગણાં કહ્યાં છે આ રીતે પ્રદેશાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી આદિ દ્રવ્યોના અલ્પ-બહુત્વનું કથન કરીને હવે સૂત્રકાર ઉભયાર્થતા (દ્રવ્યાર્થતા અને પ્રદેશાર્થતા)ની અપેક્ષાએ તેમના અલ્પબહુત્વનું કથન કરે છે-(णेगमववहाराणं अवत्तव्वगदव्वाइं दव्वट्ठपएसट्ठयाए सव्वत्थोवाइं) નૈગમ અને વ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્ય દ્રવ્યાર્થતા અને પ્રદેશાર્થતા રૂપ ઉભયાર્થતાની અપેક્ષાએ સર્વસ્તોક સૌથી ઓછું-છે, કારણ કે (दव्वट्ठयाए) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યોમાં સર્વસ્તોકતાનું પ્રતિપાદન પહેલાં કરવામાં આવ્યું છે, તથા (अणाणुपुव्वी दव्वाइं दव्वट्ठयाए

अपएसट्ठयाए विसेसाहियाइं) અનાનુપૂર્વી દ્રવ્ય ઉભયાર્થત્વની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્ય કરતાં વિશેષાધિક હોય છે અહીં દ્રવ્યાર્થતા અને અપ્રદેશાર્થતાની અપેક્ષાએ આ અધિકતા સમજવી. (अवत्तव्वगदव्वाइं पएसट्ठयाए विसेसाहियाइं) તથા અવક્તવ્યક દ્રવ્યો પ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં વિશેષાધિક છે. તેમની આ વિશેષાધિકતા પ્રત્યેક અવક્તવ્યક દ્રવ્ય દ્વિપ્રદેશી હોવાને કારણે સમજવી, કારણ કે પ્રત્યેક અનાનુપૂર્વી દ્રવ્ય કરતાં પ્રત્યેક અવક્તવ્યક દ્રવ્ય બમણા પ્રદેશવાળું હોય છે અનાનુપૂર્વી દ્રવ્ય એક એક પ્રદેશવાળું હોય છે અને અવક્તવ્યક દ્રવ્ય બબ્બે પ્રદેશવાળું હોય છે, તે કારણે અવક્તવ્યક દ્રવ્યને અનાનુપૂર્વી દ્રવ્ય કરતાં બમણા પ્રદેશવાળું કહ્યું છે.

(आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं ताइं चेव पएसट्ठयाए अणंतगुणाइं) ઉભયાર્થતાની અપેક્ષાએ હવે તેમના અલ્પબહુત્વનો વિચાર કરવામાં આવે છે-દ્રવ્યાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત ગણું અને પ્રદેશાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્ય અનંત ગણું છે. આ પ્રકારે પ્રત્યેક પક્ષને અનુલક્ષીને વિચાર કરવાની અપેક્ષાએ જે અહીં ઉભયાર્થપક્ષની અપેક્ષાએ વિચાર કરવામાં આવ્યો છે તેમાં એજ વિશેષતા છે કે-જેમ દ્રવ્યાર્થિકતાની દૃષ્ટિએ વિચાર કરીને અનાનુપૂર્વી દ્રવ્યો અવક્તવ્યક દ્રવ્યો કરતાં વિશેષાધિક પ્રકટ કરવામાં આવ્યા છે, એ પ્રમાણે પ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યોને વિશેષાધિક બતાવવામાં આવ્યા નથી, કારણ કે તેઓ પ્રદેશરહિત હોવાને કારણે અવક્તવ્યક દ્રવ્યો કરતાં અલ્પપ્રમાણવાળા છે. પરન્તુ જો પ્રત્યેક પક્ષની અપેક્ષાએ તેમનો વિચાર કરવામાં આવે તો આ સર્વસ્તોકતા (સૌ કરતાં અલ્પપ્રમાણતા) પણ તેમનામાં પ્રકટ કરી શકાય છે. એજ નિમિત્તને લીધે અહીં તૃતીય પક્ષ રૂપ ઉભયાર્થતા ગૃહીત કરવામાં આવી છે આ પ્રમાણે નવ પ્રકારના અનુગમનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર આ પ્રકરણનો ઉપસંહાર કરતા કહે છે કે-(से तं अणुगमे से तं णेगमववहाराणं अणोवणिहिया दव्वाणुपुव्वी) અનુગમનું આ પ્રકારનું સ્વરૂપ છે. આ પ્રકારે અહીં સુધીમાં સૂત્રકારે નૈગમવ્યવહારનયસંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. ॥સૂ૦૯૦॥

હવે સૂત્રકાર સંગ્રહનયના મતાનુસાર આ અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીના સ્વરૂપનું કથન કરે છે—"से किं तं" ઇત્યાદિ—

શબ્દાર્થ-પ્રશ્ન-(से किं तं संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी ?) હે ભગવન્! સંગ્રહનયસંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी पंचविहा पण्णत्ता) સંગ્રહનયસંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(अत्थपयपरूवणया१, भंगसमुक्कित्तणया२, भंगोवदंसणया३, समोयारे४ अणुगमे५) (૧)અર્થપદપ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા

(૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર અને (૫) અનુગમ આ સૂત્રની વ્યાખ્યા ૭૪ માં સૂત્રની વ્યાખ્યા પ્રમાણે સમજવી. ॥સૂ૦૯૧॥

સંગ્રહનયના મતાનુસાર અર્થપદ પ્રરૂપણતાનું સ્વરૂપ કેવું હોય છે તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે-"से किं तं संगहस्स" ઇત્યાદિ—

શબ્દાર્થ-પ્રશ્ન-(से किं तं संगहस्स अत्थपयपरूवणया ?) હે ભગવન્! પૂર્વપ્રસ્તુત સંગ્રહનયસંમત અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ કેવું કહ્યું છે ?

ઉત્તર-(संगहस्स अत्थपयपरूवणया) સંગ્રહનયસંમત અર્થપદ પ્રરૂપણતાનું સ્વરૂપ આ પ્રકારનું છે-

(तिप्पएसिए आणुपुव्वी, चउप्पएसिए आणुपुव्वी, जाव दस पएसिए आणुपुव्वी, संखिज्जपएसिए आणुपुव्वी, असंखिज्जपएसिए आणुपुव्वी, अणंतपएसिए आणुपुव्वी, परमाणुपुग्गले अणाणुपुव्वी, दुप्पएसिए अवत्तव्वए) ત્રણ પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે, ચાર પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે, એજ પ્રમાણે દસ પર્યન્તના પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે સંખ્યાત પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે, અસંખ્યાત પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે અને અનંત પ્રદેશવાળો સ્કંધ આનુપૂર્વી છે. પરમાણુ પુદ્ગલ અનાનુપૂર્વી દ્રવ્ય છે અને બે પ્રદેશવાળો સ્કંધ અવક્તવ્યક દ્રવ્ય છે. સંગ્રહનય દ્વારા માન્ય અર્થપદ પ્રરૂપણતાનું આ પ્રકારનું સ્વરૂપ છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-નૈગમ અને વ્યવહાર નયની માન્યતાને આધારે પહેલાં એવું કથન કરવામાં આવ્યું છે કે એક ત્રિપ્રદેશી સ્કંધ એક આનુપૂર્વી દ્રવ્ય રૂપ છે, અને અનેક ત્રિપ્રદેશી સ્કંધો અનેક આનુપૂર્વી દ્રવ્યો રૂપ છે. આ રીતે આનુપૂર્વીમાં એકત્વ અને અનેકત્વનો ત્યાં નિર્દેશ કરવામાં આવ્યો છે. પરન્તુ સામાન્ય તત્ત્વવાદી હોવાને કારણે આ સંગ્રહનયની માન્યતા અનુસાર સમસ્ત ત્રિપ્રદેશી સ્કંધ એક જ આનુપૂર્વી રૂપ છે. આ વિષયને અનુલક્ષીને આ નયની માન્યતા એવી છે કે જેટલા ત્રિપ્રદેશી સ્કંધો છે તેઓ જો પોતાના ત્રિપ્રદેશિકત્વ રૂપ સામાન્યથી ભિન્ન હોય તો તેમને ત્રિપ્રદેશિક સ્કંધો જ કહી શકાય નહીં જો તેઓ ત્રિપ્રદેશિકત્વ રૂપ સામાન્યથી અભિન્ન હોય, તો તે બધા ત્રિપ્રદેશિક સ્કંધો એક રૂપ જ છે આ રીતે બધા ત્રિપ્રદેશિક સ્કંધો એક જ આનુપૂર્વી રૂપ છે-અનેક આનુપૂર્વી રૂપ નથી એજ પ્રમાણે ચતુષ્પ્રદેશિકત્વ રૂપ સામાન્યની અપેક્ષાએ સમસ્ત ચતુષ્પ્રદેશિક સ્કંધ એક જ આનુપૂર્વી રૂપ છે, એજ પ્રમાણે પાંચ આદિ પ્રદેશોવાળા સ્કંધો પણ એક એક આનુપૂર્વી રૂપ છે, એમ સમજવું આ કથન તો અવિશુદ્ધ સંગ્રહનયની માન્યતા પ્રકટ કરે છે. પરન્તુ વિશુદ્ધ સંગ્રહનયની માન્યતા અનુસાર તો

સમસ્ત ત્રિપ્રદેશિક આદિ સ્કંધથી લઈને અનંત પ્રદેશિક પર્યન્તના સ્કંધોની જેટલી આનુપૂર્વીઓ છે, તે બધી આનુપૂર્વીઓ પણ આનુપૂર્વીત્વ રૂપ સામાન્યની અપેક્ષાએ અભિન્ન હોવાથી એક જ આનુપૂર્વી રૂપ છે. એજ પ્રમાણે અનાનુપૂર્વીત્વ રૂપ સામાન્યની અપેક્ષાએ અભિન્ન હોવાને કારણે સમસ્ત પરમાણુ પુદ્ગલરૂપ અનાનુપૂર્વીઓ પણ એક જ અનાનુપૂર્વી રૂપ છે. એજ પ્રમાણે અવક્તવ્યક રૂપ સામાન્યની અપેક્ષાએ અભિન્ન હોવાને કારણે સમસ્ત દ્વિપ્રદેશી સ્કંધો પણ એક જ અવક્તવ્યક રૂપ છે. તેથી જ સૂત્રકારે આ સૂત્રમાં "तिप्पएसिए आणुपुव्वी" ત્રિપ્રદેશિક આનુપૂર્વી ઇત્યાદિ રૂપે એકત્વનો નિર્દેશ કર્યો છે, પણ બહુત્વનો નિર્દેશ કર્યો નથી. (से तं संगहस्स अत्थपय-पहरूवणया) આ પ્રકારનું સંગ્રહનયસંમત અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ છે.

ભાવાર્થ–સંગ્રહનય બે પ્રકારનો છે-(૧) અવિશુદ્ધ સંગ્રહનય અને (૨) વિશુદ્ધ સંગ્રહનય અવિશુદ્ધ સંગ્રહનયની માન્યતા અનુસાર સમસ્ત ત્રિપ્રદેશી સ્કંધો એક આનુપૂર્વી રૂપ છે, એજ પ્રમાણે જેટલા ચાર પ્રદેશીથી લઈને

ભંગસમુત્કીર્તનતા કા નિરુપણ

અનંત પ્રદેશી પર્યન્તના સ્કંધો છે તે પ્રત્યેક પણ એક એક સ્વતંત્ર ચતુષ્પ્રદેશી, પંચપ્રદેશી આદિ આનુપૂર્વી રૂપ છે. વિશુદ્ધ સંગ્રહનયની માન્યતા અનુસાર તો ત્રિપ્રદેશિક સ્કંધ રૂપ આનુપૂર્વીથી લઈને અનંત પ્રદેશિક સ્કંધ-રૂપ આનુપૂર્વી પર્યન્તની સમસ્ત આનુપૂર્વીઓ પણ આનુપૂર્વીત્વ રૂપ સામાન્યની અપેક્ષાએ એક જ આનુપૂર્વી રૂપ છે. આ વાતને પ્રદર્શિત કરવાને માટે સૂત્રકારે ત્રિપ્રદેશિક આનુપૂર્વી આદિ પદોમાં એકવચનનો પ્રયોગ કર્યો છે. ત્રિઅણુક સ્કંધ આદિ રૂપ અર્થથીયુક્ત ત્રિઅણુક સ્કંધ આદિ રૂપ અર્થનું પ્રતિપાદન કરનારા પદની પ્રરૂપણા કરવી તેનું જ નામ અર્થપદ પ્રરૂપણતા છે. નૈગમ અને વ્યવહાર નયસંમત અનેકત્વનો આ નય (સંગ્રહ-નય) આનુપૂર્વીઓમાં નિષેધ કરી એકત્વનું પ્રતિપાદન કરે છે. ॥સૂ૦૬૨॥

હવે સૂત્રકાર સાતમા ભંગ, ભંગસમુત્કીર્તનતાનું નિરૂપણ કરે છે—
" एयाएणं संगहस्स " ઇત્યાદિ—

શબ્દાર્થ–(एयाएणं संगहस्स अत्थपयपरूवणयाए किं पओयणं ?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય આ અર્થપદપ્રરૂપણા વડે કયું પ્રયોજન સિદ્ધ થાય છે?

ઉત્તર–(एयाएणं संगहस्स अत्थपयपरूवणाए संगहस्स भंगसमुक्कित्तणया कज्जइ) સંગ્રહનય સંમત આ અર્થપદપ્રરૂપણા વડે સંગ્રહનયમાન્ય ભંગસમુત્કીર્તનતાનું સ્વરૂપ જાણી શકાય છે.

" से किं तं संगहस्स भंगसमुक्कित्तणया " સંગ્રહનય માન્ય ભંગસમુત્કીર્તનતાનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(संगहस्स भंगसमुक्कित्तणया ?) સંગ્રહનયસંમત તે ભંગસમુત્કીર્તનતા આ પ્રકારની કહી છે—

(अत्थि आणुपुव्वी, अत्थि अणाणुपुव्वी) (૧) એક આનુપૂર્વી છે. (૨) એક અનાનુપૂર્વી છે, (अत्थि अवत्तव्वए) (૩) એક અવક્તવ્યક છે. (अहवा–अत्थि आणुपुव्वी य, अणाणुपुव्वी य) (૪) આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે, (अहवा–अत्थिआणुपुव्वी य अवत्तव्वए य) અથવા (૫) આનુપૂર્વી છે. અવક્તવ્યક છે. (अहवा–अत्थि अणाणुपुव्वी य अवत्तव्वए य) અથવા (૬) અનાનુપૂર્વી છે, અવક્તવ્યક છે. (अहवा–अत्थि आणुपुव्वी य, अणाणुपुव्वी य, अवत्तव्वए य) અથવા (૭) આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે અને અવકતવ્યક છે. (एवं सत्त भंगी) આ પ્રકારે અહીં સાત ભાંગા (વિકલ્પો) બને છે. (से तं संगहस्स भंगसमुक्कित्तणया) આ પ્રકારનું સંગ્રહનયસંમત ભંગસમુત્કીર્તનતાનું સ્વરૂપ છે.

ભાવાર્થ–સંગ્રહનયસંમત અર્થપદપ્રરૂપણતાનું પ્રયોજન: આ સૂત્રદ્વારા સૂત્રકારે પ્રકટ કર્યું છે. તેમણે આ સૂત્રમાં એવું પ્રતિપાદન કર્યું છે કે અર્થપદ પ્રરૂપણતા વડે ભંગસમુત્કીર્તનતા રૂપ પ્રયોજન સિદ્ધ થાય છે. આ ભંગસમુત્કીર્તનામાં મૂળ ત્રણ પદ છે. તે ત્રણ પદ આ પ્રમાણે છે– (૧) આનુપૂર્વી, (૨) અનાનુપૂર્વી અને (૩) અવક્તવ્યક આનુપૂર્વી આદિનો વાચ્યાર્થ પહેલાં સ્પષ્ટ કરવામાં આવ્યો છે. આ ત્રણે પદોને સ્વતંત્ર રૂપે લઈને ત્રણ ભાંગા બને છે. દ્વિસંયોગી ત્રણ ભાંગા નીચેના બબ્બે પદોના સંયોગથી બને છે–આનુપૂર્વી અને અનાનુપૂર્વી, આનુપૂર્વી અને અવકતવ્યક અનાનુપૂર્વી અને અવકતવ્યક આનુપૂર્વી, અનાનુપૂર્વી, અને અવક્તવ્યક, ત્રણ પદોના સંયોગી સાતમો ભાંગો બને છે. આ રીતે ત્રણ પદોના અસંયોગી ત્રણ ભાંગા, દ્વિકસંયોગી ત્રણ ભાંગા અને ત્રિકસંયોગી એક ભાંગો મળીને કુલ સાત ભાંગા બને છે. ॥સૂ૦૯૩॥

ભંગોપદર્શનતાકા નિરુપણ

હવે સૂત્રકાર ભંગોપદર્શનતાનું નિરૂપણ કરે છે—

"एयाएणं संगहस्स" ઈત્યાદિ—

શબ્દાર્થ-(एयाएणं संगहस्स भंगसमुक्कित्तणयाए किं पओयणं ? હે ભગવન્! સંગ્રહનયમાન્ય આ ભંગસમુત્કીર્તનતા વડે કયું પ્રયોજન સિદ્ધ થાય છે?

ઉત્તર-(एयाएणं संगहस्स भंगसमुक्कित्तणयाए संगहस्स भंगोवदंसणया कीरइ) સંગ્રહનયમાન્ય આ ભંગસમુત્કીર્તનતા વડે સંગ્રહનય માન્ય ભંગોપદર્શનતા બતાવવામાં આવે છે. (से किं तं संगहस्स भंगोवदंसणया ?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય ભંગોપદર્શનતાનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર-(संगहस्स भंगोवदंसणया) સંગ્રહનયમાન્ય ભંગોપદર્શનતાનું સ્વરૂપ આ પ્રકારનું છે—

(तिप्पएसिया आणुपुव्वी) જેટલા ત્રિપ્રદેશી સ્કંધો છે, તેઓ એક જ આનુપૂર્વી રૂપ છે. આ રીતે જેટલા ત્રિપ્રદેશી સ્કંધો છે તેમને અહીં આનુપૂર્વી શબ્દના વાચ્યાર્થ રૂપે ગ્રહણ કરવા જોઇએ. (परमाणुपोग्गला अणाणुपुव्वी) જેટલાં પરમાણુ પુદ્ગલો છે, તેઓ એક અનાનુપૂર્વી રૂપ છે. આ રીતે સમસ્ત પરમાણુ પુદ્ગલોને અહીં અનાનુપૂર્વી પદના વાચ્યાર્થ રૂપે ગ્રહણ કરવામાં આવેલ છે. (दुप्पएसिया अव्वत्तव्वए) જેટલાં દ્વિપ્રદેશી સ્કંધો છે, તેઓ એક અવક્તવ્યક રૂપ છે. આ રીતે "अवक्तव्यक" આ પદનો વાચ્યાર્થ સમસ્ત દ્વિપ્રદેશી સ્કંધો છે તેથી "अवक्तव्यक" આ એક પદના પ્રયોગ દ્વારા સમસ્ત દ્વિપ્રદેશી સ્કંધો ગ્રહણ થઇ જાય છે. એજ પ્રમાણે દ્વિસંયોગી ત્રણ ભાંગાઓનો અને ત્રિસંયોગી એક ભાંગાનો વાચ્યાર્થ પણ સમજી લેવો જોઇએ. આ વિષયનું સૂત્રકારે "जहवा" આદિ પૂર્વોક્ત પદો દ્વારા કથન કર્યું છે. આ બધા પદોની વ્યાખ્યા પહેલાં આપવામાં આવી ચુકી છે. ॥સૂ૦૬૪॥

સમવતારકે સ્વરુપકા નિરુપણ

હવે સૂત્રકાર સંગ્રહનયસંમત સમવતારના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं" ઈત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं संगहस्स समोयारे ?) હે ભગવન્! સંગ્રહનય સંમત સમવતારનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—"संगहस्स समोयारे" સંગ્રહનયમાન્ય સમવતારનું સ્વરૂપ આ પ્રકારનું છે-(સમવતાર એટલે સમાવેશ અથવા મિલન) એટલે કે "આનુપૂર્વી આદિ જે દ્રવ્યો છે તેમનો અન્તર્ભાવ (સમાવેશ) સ્વસ્થાનમાં થાય છે કે પરસ્થાનમાં થાય છે ?" આ પ્રકારની વિચારધારાનો જે ઉત્તર છે, તેનું નામ સમવતાર છે અ. વિચારધારા આ પ્રમાણે ચાલે છે-સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્યોનો ક્યાં સમાવેશ થાય છે ? (किं आणुपुव्वी दव्वेहिं समोयरंति ? अणाणुपुव्वीदव्वेहिं समोयरंति ? अवत्तव्वगदव्वेहिं समोयरंति ?) શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થઈ જાય છે-મળી જાય છે ? કે અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થઇ જાય છે ? કે અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થઈ જાય છે.

ઉત્તર-(संगहस्स आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति, नो अवत्तगदव्वेहिं समोयरंति नो अणाणुपुव्वीदव्वेहिं समोयरंति) સંગ્રહનયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો સ્વસ્થાન રૂપ આનુપૂર્વી દ્રવ્યોમાં જ સમાવિષ્ટ થાય છે, પરસ્થાન રૂપ અનાનુપૂર્વી દ્રવ્યોમાં કે અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી. (एवं दोन्नि वि सट्ठाणे सट्ठाणे समोयरंति) એજ પ્રમાણે સંગ્રહનયસંમત અનાનુપૂર્વી દ્રવ્ય અને અવક્તવ્યક દ્રવ્ય પણ અનુક્રમે પોતપોતાના સ્થાનરૂપ અનાનુપૂર્વી દ્રવ્યોમાં અને અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે. તેનું સ્પષ્ટીકરણ ૮૯માં સૂત્રમાં કહ્યા પ્રમાણે સમજવું. ॥સૂ૦૯૫॥

અનુગમકે સ્વરૂપકા નિરૂપણ

હવે સૂત્રકાર સંગ્રહનય સંમત અનુગમના સ્વરૂપનું નિરૂપણ કરે છે-
"से किं तं अणुगमे" ઇત્યાદિ

શબ્દાર્થ-(से किं तं अणुगमे ?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય અનુગમનું સ્વરૂપ કેવું કહ્યું છે?

ઉત્તર-(अणुगमे अट्ठविहे पण्णत्ते) અનુગમ આઠ પ્રકારનો કહ્યો છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-
(संतपयपरूवणया, दव्वप्पमाणं च खित्तं फुसणा य, कालो य अंतरं भाग भावे अप्पाबहुं नत्थि) (૧) સત્પદપ્રરૂપણતા, (૨) દ્રવ્યપ્રમાણ, (૩) ક્ષેત્ર, (૪) સ્પર્શના, (૫) કાળ, (૬) અન્તર, (૭) ભાગ અને (૮) ભાવ. અલ્પબહુત્વ રૂપ અનુગમનો પ્રકાર અહીં નથી, કારણ કે સંગ્રહનય સામાન્યવાદી છે. (संगहस्स आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ? णियमा अत्थि एवं दोन्नि वि) હવે સૂત્રકાર સત્પદપ્રરૂપણતાનું સ્વરૂપ સમજાવે છે- સત્પદપ્રરૂપણતામાં એ વાતની પ્રરૂપણા કરવામાં આવે છે કે જે પ્રકારે શશશૃંગ (સસલાના શિંગડાં) આદિ પદ અસદર્થ (અવિદ્યમાન પદાર્થ)નું પ્રતિપાદન કરનારા હોય છે, એ પ્રકારે આ આનુપૂર્વી આદિ પદો અસદર્થનું પ્રતિપાદન કરનારા નથી પરન્તુ જેમ સ્તંભ આદિ પદો સ્તંભરૂપ પોતાના વાસ્તવિક અર્થને પ્રતિપાદિત કરે છે, એજ પ્રમાણે આનુપૂર્વી આદિ પદ પણ વાસ્તવિક આનુપૂર્વી આદિ સદર્થનું (વિદ્યમાન પદાર્થનું) પ્રતિપાદન કરે છે. તેથી (संगहस्स आणुपुव्वी दव्वाइं किं अत्थि णत्थि ?) "સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્ય છે કે નહીં?"

આ પ્રશ્નનો આ પ્રમાણે ઉત્તર આપી શકાય. (णियमा अत्थि) "આનુપૂર્વી દ્રવ્યો અવશ્ય છે જ એજ પ્રમાણે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ એવું સમજવું જોઈએ કે એ બ-ને દ્રવ્યો પણ અવશ્ય વિદ્યમાન છે.

દ્રવ્યપ્રમાણમાં એ વાતનો વિચાર કરવામાં આવે છે કે આનુપૂર્વી આદિ પદો દ્વારા જે દ્રવ્યોનું કથન કરવામાં આવે છે તે દ્રવ્યોની સંખ્યા કેટલી છે. જેમ કે (संगहस्स आणुपुव्वीदव्वाइं किं संखिज्जाइं असंखिज्जाइं अणंताइं ?) હે ભગવન્! સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્યો શું સંખ્યાત છે, કે અસંખ્યાત છે કે અનંત છે?

ઉત્તર-(नो संखिज्जाइं, नो असंखिज्जाइं नो अणंताइं) સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્યો સંખ્યાત પણ નથી, અસંખ્યાત પણ નથી અને અનંત પણ નથી, પરન્તુ (नियमा एगो रासी) નિયમથી એક જ રાશિરૂપ છે.

શંકા-જો આનુપૂર્વી દ્રવ્ય સંખ્યાત આદિ રૂપ ન હોય તો તેમાં એક રાશિરૂપતા કેવી રીતે સંભવી શકે છે? કારણ કે આ રાશિરૂપતા તો દ્રવ્યની બહુલતામાં જ સંભવી શકે છે. લોકમાં પણ એવું જ જોવામાં આવે છે કે જ્યારે ધાન્ય વધુ જ હોય છે ત્યારે એમ કહેવામાં આવે છે કે "આ ચોખાનો ઢગલો (રાશિ) છે.

ઉત્તર-સંખ્યાત આદિ રૂપતાનો અભાવ હોવા છતાં પણ પોતાના સ્વરૂપની દૃષ્ટિએ આનુપૂર્વી દ્રવ્યોમાં બહુલતા (વિપુલતા) છે. તેથી આનુપૂર્વીત્વ સામાન્યની અપેક્ષાએ તે દ્રવ્યોમાં જે એકતા છે તે એકતાને અનુલક્ષીને સૂત્રકારે અહીં એવું કહ્યું છે કે "આનુપૂર્વી દ્રવ્યોમાં એકરાશિરૂપતા છે." તેથી આ પ્રકારના કથનમાં કોઈ દોષ નથી આ કથનનું તાત્પર્ય એ છે કે ત્રિપ્રદેશિક એક આનુપૂર્વી ચાર પ્રદેશિક એક આનુપૂર્વી છે, પાંચ પ્રદેશિક પર્યન્તના સ્કંધોની એક એક આનુપૂર્વી છે. આ પ્રકારે બધી આનુપૂર્વીઓના સ્વરૂપ ભિન્ન ભિન્ન છે, પરન્તુ તે સઘળી આનુપૂર્વીઓમાં આનુપૂર્વીત્વરૂપ સામાન્યની અપેક્ષાએ એકતા માની લેવામાં આવી છે. તેથી તે અપેક્ષાએ આનુપૂર્વીઓમાં એકરાશિરૂપતા માની લેવામાં આવી છે. અથવા-જેમ કોઈ એક વિશિષ્ટ પરિણામ સ્કંધદ્રવ્યમાં તદારંભક (તેનો આરંભ કરનારા) પરમાણુઓની બહુતા હોવા છતાં પણ તદ્ગત એકતા જ મુખ્ય રૂપે વિવક્ષિત થાય છે, એજ પ્રમાણે અહીં પણ-રાશિરૂપતામાં પણ આનુપૂર્વી દ્રવ્યોની બહુતા હોવા છતાં પણ એક આનુપૂર્વીત્વ રૂપ સામાન્યને આધારે એકત્વ જ મુખ્યત્વે વિવક્ષિત થયું છે, અને એજ કારણે આ મુખ્ય એકત્વને લીધે સંખ્યેયત્વ, અસંખ્યેયત્વ આદિનો નિષેધ થયો છે. તેથી આનુપૂર્વી દ્રવ્યમાં એકરાશિરૂપતા માનવામાં કોઈ દોષ નથી. તથા ગૌણ પદાર્થ રૂપ દ્રવ્યોને આશ્રિત કરીને એકરાશિત્વ પણ વિરુદ્ધ પડતું નથી. (एवं दोन्नि वि) એજ પ્રમાણે અનાનુપૂર્વી દ્રવ્યમાં પણ એકરાશિત્વ ગ્રહણ કરવું જોઇએ અને અવક્તવ્યક દ્રવ્યમાં પણ એકરાશિત્વ સમજી લેવું જોઇએ હવે સૂત્રકાર સંગ્રહનયસંમત ક્ષેત્રનું નિરૂપણ કરે છે—

પ્રશ્ન-(संगहस्स आणुपुव्वीदव्वाइं लोगस्स कइभागे होज्जा?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય આનુપૂર્વી દ્રવ્યો લોકના કેટલા ભાગમાં છે? (किं संखेज्जइभागे होज्जा, असंखेज्जइभागे होज्जा, संखेज्जेसु भागेसु होज्जा, असंखेज्जेसु भागेसु होज्जा, सव्वलोए होज्जा? શું લોકના સંખ્યાતમાં ભાગમાં છે? કે અસંખ્યાતમાં ભાગમાં છે? કે લોકના સંખ્યાતભાગોમાં છે? કે લોકના અસંખ્યાત ભાગોમાં છે? કે સર્વ લોકમાં છે?

ઉત્તર-(नो संखेज्जइभागे होज्जा, नो असंखेज्जइभागे होज्जा, नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा, नियमा सव्वलोए होज्जा, एवं दोन्नि वि) સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગમાં પણ નથી, અસંખ્યાતમાં ભાગમાં પણ નથી, સંખ્યાત ભાગોમાં પણ નથી, અસંખ્યાત ભાગોમાં પણ નથી, પરન્તુ નિયમથી જ સમસ્ત લોકમાં છે, કારણ કે આનુ-

પૂર્વાનુપૂર્વીત્વ રૂપ સામાન્ય એક છે અને તે સર્વલોકવ્યાપી છે, તેથી નિયમથી જ આનુપૂર્વી દ્રવ્યની સત્તા (અસ્તિત્વ) સર્વ લોકમાં છે. આ પ્રકારનું કથન અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્ય વિષે પણ સમજવું એટલે કે તે બન્નેનું અસ્તિત્વ પણ નિયમથી જ સમસ્ત લોકમાં છે. સ્પર્શનાને અનુલક્ષીને પણ એવું જ કથન સમજી લેવું. એટલે કે આનુપૂર્વી આદિ સમસ્ત દ્રવ્ય નિયમથી જ સર્વલોકનો સ્પર્શ કરે છે. એજ વિષયનું સૂત્રકારે નીચેના પ્રશ્નોત્તરો દ્વારા સ્પષ્ટીકરણ કર્યું. છે—

(संगहस्स आणुपुव्वीदव्वाइं लोगस्स किं संखेज्जइभागं फुसंति ? असंखेज्जइ भागं फुसंति, संखिज्जे भागे फुसंते, असंखिज्जे भागे फुसंति, सव्वलोगं फुसंति? नो संखेज्जइभागं फुसंति, जाव नियमा सव्वलोगं फुसंति, एवं दोन्नि वि.)

પ્રશ્ન-હે ભગવન્! સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્યો શું લોકના સંખ્યાતમાં ભાગને સ્પર્શે છે કે, અસંખ્યાતમાં ભાગને સ્પર્શે છે, કે સમસ્ત લોકને સ્પર્શે છે ?

ઉત્તર–આનુપૂર્વી દ્રવ્ય સમસ્ત લોકને જ સ્પર્શે છે, લોકના સંખ્યાતમાં ભાગને, અસંખ્યાતમાં ભાગને, સંખ્યાત ભાગોને કે અસંખ્યાત ભાગોને સ્પર્શતું નથી આ પ્રકારનું કથન અનાનુપૂર્વી દ્રવ્યો અને અવકતવ્યક દ્રવ્યોની સ્પર્શના વિષે પણ સમજવું.

(संगहस्स आणुपुव्वीदव्वाइं कालओ केवच्चिरं होंति ? सव्वद्धा, एवं दोन्नि वि) પ્રશ્ન–હે ભગવન્! સંગ્રહનયમાન્ય સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય કાળની અપેક્ષાએ કેટલા સમય સુધી આનુપૂર્વી રૂપે રહે છે ?

ઉત્તર–આનુપૂર્વીત્વ, અનાનુપૂર્વીત્વ અને અવકતવ્યકત્વસામાન્યનો કદિ પણ વિચ્છેદ થતો નથી તેથી તેમનું અવસ્થાન (અસ્તિત્વ) સાર્વકાલિક હોય છે તે કારણે કાળની અપેક્ષાએ તેમનો વિરહકાળ પણ નથી. આ કથનનું તાત્પર્ય એ છે કે આનુપૂર્વી આદિનો ત્રણે કાળમાં સદ્ભાવ હોવાને કારણે વ્યવચ્છેદ (વિનાશ) સંભવી શકતો નથી. તે કારણે કાળની અપેક્ષાએ તેમના અન્તર (વિરહકાળ) નો પણ સદ્ભાવ હોતો નથી. આ પ્રકારે સૂત્રકારે અંતરદ્વારની પ્રરૂપણા કરી છે, એમ સમજવું એજ વાત સૂત્રકારે નીચેના સૂત્રપાઠ દ્વારા વ્યક્ત કરી છે—

(संगहस्स आणुपुव्वीदव्वाणं कालओ केवच्चिरं अंतरं होई ? नत्थि अंतरं) આ સૂત્રપાઠનો ભાવાર્થ ઉપર આપ્યા પ્રમાણે સમજવો.

હવે ભાગદ્વારનું નિરૂપણ કરવામાં આવે છે–(संगहस्स आणुपुव्वीदव्वाइं सेसदव्वाणं कइभागे होज्जा ?) પ્રશ્ન–હે ભગવાન્! સંગ્રહનયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય બાકીના દ્રવ્યોના કેટલામાં ભાગપ્રમાણ હોય છે ? (किं संखेज्जइभागे होज्जा ? असंखेज्जइभागे होज्जा ? संखेज्जेसु भागेसु होज्जा ? असंखेज्जेसु भागेसु होज्जा ?) શું સંખ્યાતમાં ભાગપ્રમાણ છે ? કે અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે ? કે સંખ્યાત ભાગોપ્રમાણ સંખ્યાત ગણું છે ? કે અસંખ્યાત ભાગોપ્રમાણ–અસંખ્યાત ગણું છે ?

ઉત્તર-(નો संखेज्जइभागे होज्जा, नो असंखेज्जइभागे होज्जा, नो संखेज्जेसु भागेसु होज्जा, नो असंखेज्जेसु भागेसु होज्जा, नियमा तिभागे होज्जा) સંગ્રહનયમાન્ય સમસ્ત આનુપૂર્વી દ્રવ્યોમાંથી પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય-ત્રિપ્રદેશિક ચતુષ્પ્રદેશિક પંચપ્રદેશિક આદિ અનંત પ્રદેશિક પર્યન્તના પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય-નિયમથી જ બાકીના દ્રવ્યોના ત્રીજા ભાગ પ્રમાણ જ હોય છે. એટલે કે અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યોને એકત્ર કરવાથી જે રાશિ બને છે તે રાશિના જો ત્રણ ભાગ કરવામાં આવે તો તે પ્રત્યેક ભાગપ્રમાણ (તે બાકીના દ્રવ્યોની રાશિના રાશિના ત્રીજા ભાગપ્રમાણ) આનુપૂર્વી દ્રવ્યોમાંના પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય હોય છે. (एवं दोन्नि वि) એજ પ્રમાણે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ સમજવું.

પ્રશ્ન-(संगहस्स आणुपुव्वी दव्वाइं कयरंमि भावे होज्जा ?) સંગ્રહનયમાન્ય આનુપૂર્વી દ્રવ્યો કયા ભાવથી યુકત હોય છે ?

ઉત્તર-(नियमा साइपारिणामिए भावे होज्जा) સંગ્રહનયસંમત આનુપૂર્વી દ્રવ્યો નિયમથી જ સાદિપારિણામિક ભાવવાળાં હોય છે. (एवं दोन्नि वि) એજ પ્રમાણે સંગ્રહનયસંમત અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો પણ નિયમથી જ સાદિપારિણામિક ભાવવાળાં હોય છે (अप्पा बहुं नत्थि) રાશિગત દ્રવ્યોમાં અલ્પબહુત્વ માનવામાં આવ્યું નથી, કારણ કે આ સંગ્રહનયમાં રાશિગત દ્રવ્યોનું અસ્તિત્વ વ્યવહાર નયરૂપ કલ્પના માત્રથી જ માન્ય થયું છે. આ કથનનું તાત્પર્ય એ છે કે સંગ્રહનયની દૃષ્ટિએ આનુપૂર્વી દ્રવ્યોમાં અનેકત્વ કાલ્પનિક છે, કારણ કે વ્યવહાર નય એ વાતનો સ્વીકાર કરે છે, કે પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય અનેક છે. અને તે અનેકત્વ સામાન્ય રૂપ આનુપૂર્વીત્વની દૃષ્ટિમાં વિલીન થઇ જવાને કારણે છે જ નહીં.

શંકા-જો એવી હકીકત હોય તો સૂત્રકારે આ સંગ્રહનયમાન્ય અનુગમના પ્રકરણમાં "संगहस्स आनुपूर्वी द्रव्याणि किं संख्येयानि" ઇત્યાદિ બહુવચનાન્ત પદમાં आनुपूर्वी द्रव्यने કેમ મૂકયું છે ? "" आनुपूर्वी द्रव्यं"

આ એક વચનાન્ત પદનો પ્રયોગ કેમ કર્યો નથી ? સંગ્રહનય મુખ્યત્વે સામાન્યતત્વને જ માને છે તેથી અહીં એકવચનના પદનો પ્રયોગ થવો જોઇતો હતો.

ઉત્તર-શંકાકર્તાની શંકા વ્યાજબી છે. પરંતુ સૂત્રકારે જે બહુવચનાન્ત પદનો પ્રયોગ કર્યો છે-'આનુપૂર્વી દ્રવ્યો' એવો પ્રયોગ કર્યો છે-તેનું કારણ એ છે કે તેઓ એ વાત પ્રકટ કરવા માગે છે કે વ્યવહાર નયની અપેક્ષાએ દ્રવ્યબહુત્વ પણ છે. એજ વાતને અનુલક્ષીને સૂત્રકારે અહીં આનુપૂર્વી પદમાં બહુવચનનો નિર્દેશ કર્યો છે.

શંકા-નૈગમવ્યવહાર નયસંમત અનુગમના પ્રકરણમાં જ સૂત્રકારે વ્યવહારનયની અપેક્ષાએ દ્રવ્યબહુત્વ પ્રકટ કર્યું છે. છતાં અહીં ફરીથી તેને એકત્વના પ્રકરણમાં પ્રદર્શિત કરવાની શી આવશ્યકતા હતી ?

ઉત્તર-વિસ્મરણશીલ શિષ્યને આ વિષયનું ફરી સ્મરણ કરાવવા માટે સૂત્રકારે અહીં તેનો ફરી ઉલ્લેખ કર્યો છે તેથી આ પ્રમાણે કરવામાં પુનરુક્તિ દોષની સંભાવના રહેતી નથી શિષ્યો જે પ્રકારે વસ્તુના સ્વરૂપને સમજી શકે એ પ્રકારે તેમને સમજાવવાનું તો ગુરુનું કર્તવ્ય થઇ પડે છે.

(से तं अणुगमे ! सेतं संगहस्स अणोवणिहिया दव्वाणुपुव्वी, से तं अणोवणिहिया दव्वाणुपुव्वी) હવે અનુગમના પ્રકરણનો ઉપસંહાર કરતાં સૂત્રકાર કહે છે કે આ પ્રકારનું (ઉપર વર્ણવ્યા પ્રમાણેનું) સંગ્રહનયમાન્ય અનુગમનું સ્વરૂપ છે. અનુગમના સ્વરૂપનું નિરૂપણ થઈ જવાથી સંગ્રહનયમાન્ય અનુગમનું સ્વરૂપ છે. અનુગમના સ્વરૂપનું નિરૂપણ થઇ જવાથી સંગ્રહનયસંમત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું કથન અહીં પૂરું થાય છે. આ પ્રકારનું પૂર્વપ્રસ્તુત અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ છે. તેનો વિશેષ ખુલાસો નૈગમવ્યવહાર નયસંમત અનુગમના પ્રકરણમાં આપવામાં આવેલો છે, ।।સૂ૯૬।।

આ પ્રમાણે અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર પૂર્વકથિત ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ કરે છે—

"से किं तं ओवणिहिया" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं ओवणिहिया दव्वाणुपुव्वी ?) હે ભગવન ! ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(ओवणिहिया दव्वाणुपुव्वी तिविहा पण्णत्ता) ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે— (पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी य) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી, અને (૩) અનાનુપૂર્વી.

ઉપનિધિ એટલે સ્થાપના અથવા નિર્માણ તે સ્થાપના અથવા નિર્માણ જેનું પ્રયોજન હોય છે તેને ઔપનિધિકી કહે છે. આ દ્રવ્યવિષયક ઔપનિધિકીના ઉપર મુજબ ત્રણ પ્રકાર છે. વિવક્ષિત ધર્માસ્તિકાય આદિ દ્રવ્યવિશેષના સમુદાયમાં જે પૂર્વ (પ્રથમ દ્રવ્ય) છે ત્યાંથી શરૂ કરીને જે આનુપૂર્વી (અનુક્રમ, પરિપાટી) નિક્ષિપ્ત કરવામાં આવે છે–રાખવામાં આવે છે

પુર્વાનુપુર્વી આદી તીન ભેદોકા નિરુપણ

તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. તથા એજ દ્રવ્યવિશેષના સમુદાયમાં જે પાશ્ચાત્ય–અંતિમ દ્રવ્ય છે, ત્યાંથી શરૂ કરીને એટલે કે ઉલટા ક્રમથી જે આનુપૂર્વી રાખવામાં આવે છે તેને પશ્ચાનુપૂર્વી કહે છે. પૂર્વાનુપૂર્વી પશ્ચાનુપૂર્વી, આ બન્નેથી ભિન્ન સ્વરૂપવાળી જે આનુપૂર્વી છે તેને અનાનુપૂર્વી કહે છે. ।।સૂ૯૭।।

હવે સૂત્રકાર પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદોના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

"से किं तं पुव्वानुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं पुव्वानुपुव्वी ?) હે ભગવન્ ! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે. (धम्मत्थिकाये, अधम्मत्थिकाये, आगासत्थिकाये, जीवत्थिकाये, पोग्गलत्थिकाये, अद्धासमये) (૧) ધર્માસ્તિકાય, (૨) અધર્માસ્તિકાય, (૩) આકાશાસ્તિકાય, (૪) જીવાસ્તિકાય, (૫) પુદ્ગલાસ્તિકાય અને (૬) અદ્ધાસમય (કાળ), આ પ્રકારની પરિપાટીથી (અનુક્રમથી) છ દ્રવ્યોનું નિક્ષેપણ કરવું તેનું નામ પૂર્વાનુપૂર્વી છે.

આચારાંગ સૂત્રની આચારચિન્તામણિ નામની મેં જે ટીકા લખી છે તેના પહેલા સ્કંધમાં ધર્માસ્તિકાય આદિના સ્વરૂપનું નિરૂપણ કરવામાં આવ્યું છે તો જિજ્ઞાસુ પાઠકોએ ત્યાંથી તે વાંચી લેવું. અદ્ધા રૂપ જે સમય છે તેનું નામ અદ્ધાસમય છે. અદ્ધા શબ્દ કાળવાચક છે, અને સમય શબ્દ

અનેકાર્થક છે, કારણ કે સમય શબ્દનો પ્રયોગ શપથ આદિ અનેક અર્થોમાં પણ થાય છે. તેથી તે પદ અહીં કાળરૂપ અર્થનું બોધક છે, તે વાતને સમજાવવાને માટે સૂત્રકારે તેનું વિશેષ અદ્ધાપદ રાખ્યું છે. વર્તમાન એક સમયનું નામ અદ્ધાસમય છે. તે અત્યંત સૂક્ષ્મ છે. પૂર્વ અને અપર કોટિથી તે રહિત હોય છે. તેની સિદ્ધિને માટે પટ્ટ સાટિકા આદિ ફાડવાનું દૃષ્ટાન્ત આપવામાં આવે છે એટલે કે સર્વસૂક્ષ્માતિસૂક્ષ્મ જે વર્તમાન કાલાંશ છે એજ અદ્ધાસમયના વાચ્યાર્થ રૂપ છે. તેને અસ્તિકાયમાં ગણાવવામાં આવેલ નથી કારણ કે તેમાં બહુ પ્રદેશત્વનો અભાવ છે. જે બહુ પ્રદેશવાળાં હોય છે તેમને જ અસ્તિકાય કહેવાય છે. અતીતકાળ (વ્યતીત થઈ ગયેલો કાળ) વિનષ્ટ થઈ જવાને કારણે અને ભવિષ્યકાળ અનુત્પન્ન હોવાને કારણે એક માત્ર વર્તમાન રૂપ સમયપ્રદેશનો જ સદ્ભાવ છે, તેથી તેમાં પ્રદેશબાહુલ્ય નથી.

શંકા–સમયની બહુતાનો જો અભાવ માનવામાં આવે, તો " समयावलियमुहुत्ता दिवसमहोरत्तपक्खमासा य " આવલિકા, મુહૂર્ત, દિવસ, રાત, પક્ષ, માસ આદિ રૂપ કાળ કે જે આગમ દ્વારા સિદ્ધ થયેલ છે, તેને કેવી રીતે સંગત માની શકાય ?

ઉત્તર–વ્યવહાર નયની દૃષ્ટિએ જ આવલિકાદિ રૂપ કાળની સત્તા (સમયનું અસ્તિત્વ) સ્વીકૃત થઇ છે–નિશ્ચયનયની માન્યતા અનુસાર તો આવલિકા આદિ રૂપ કાળનું અસ્તિત્વ જ સ્વીકારવામાં આવ્યું નથી જે પ્રકારે પુદ્ગલસ્કંધમાં પરમાણુઓનો સંઘાત (સંયોગ) અવસ્થિત (વિદ્યમાન) છે, એ પ્રમાણે આવલિકાદિકોમાં કોઈ સમયનો સંઘાત અવસ્થિત નથી તેથી એવું માનવું જોઈએ કે આ આવલિકાદિ રૂપ કાળનું કથન વ્યવહાર નયના મતાનુસારનું કથન છે. તે કારણે આ પ્રકારના કથનમાં કોઈ દોષ નથી. (से तं पुव्वानुपुव्वी) આ પ્રકારનું પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ છે.

પ્રશ્ન–હે ભગવન્ ! પશ્ચાનુપૂર્વીનું કેવું સ્વરૂપ છે ?

ઉત્તર–(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વી આ પ્રકારની કહી છે–(अद्धासमए, पोग्गलत्थिकाए, जीवत्थिकाए, आगासत्थिकाए, अहम्मत्थिकाए, धम्मत्थिकाए) અદ્ધાસમય (કાળ), પુદ્ગલાસ્તિકાય, જીવાસ્તિકાય, આકાશાસ્તિકાય, અધર્માસ્તિકાય અને ધર્માસ્તિકાય, આ પ્રકારે ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનો જે ઉલ્ટાક્રમપૂર્વક નિર્દેશ થાય છે, (से तं पच्छाणुपुव्वी) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે ?

પ્રશ્ન–(से किं अणाणुपुव्वी) હે ભગવન્ ! અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(अणाणुपुव्वी) અનાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(एयाए चेव एगाइयाए एगुत्तरियाए छगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दूरूवूणो) જેમાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી એ બન્ને નથી, તેનું નામ અનાનુપૂર્વી છે. તેમાં ધર્માસ્તિકાય આદિ પદોના ઉપર્યુકત બન્ને ક્રમનું ઉલ્લંઘન કરીને પરસ્પર સંભવિત ભંગો વડે તે પદોની વિરચના કરાય છે. આ અનાનુપૂર્વીમાં જે શ્રેણી સ્થાપિત કરવામાં આવે છે તેમાં સૌથી પહેલાં એક સંખ્યા રાખવામાં આવે છે, ત્યાર બાદ છ સંખ્યા સુધી ઉત્તરોત્તર એકની વૃદ્ધિ

થતી રહે છે, જેમ કે ૧-૨-૩-૪-૫-૬ ત્યાર બાદ તેમાં પરસ્પરનો ગુણાકાર કરવામાં આવે છે. જેમ કે ૧×૨=૨ । ૨×૩=૬ । ૬×૪=૨૪ ।, ૨૪×૫=૧૨૦, ૧૨૦×૬=૭૨૦ આ રીતે અન્યોન્યાભ્યસ્ત રાશિ બની જાય છે. તેમાંથી શરૂઆતનો એક ભંગ અને અન્ત્ય એક ભંગ ઓછો કરી નાખવાથી અનાનુપૂર્વી બની જાય છે આ સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—

પૂર્વાનુપૂર્વીમાં પહેલાં ધર્માસ્તિકાય સ્થાપિત થાય છે, ત્યાર બાદ અધર્માસ્તિકાય, ત્યારબાદ આકાશાસ્તિકાય, ત્યાર બાદ જીવાસ્તિકાય, ત્યાર બાદ પુદ્ગલાસ્તિકાય અને ત્યાર બાદ અદ્ધાસમય (કાળ) સ્થાપિત થાય છે. આ ક્રમે ૬ દ્રવ્યોનું પૂર્વાનુપૂર્વીમાં સ્થાપન થાય છે.

પશ્ચાનુપૂર્વીમાં પહેલાં અદ્ધા સમય, ત્યાર બાદ પુદ્ગલાસ્તિકાય, ત્યાર બાદ જીવાસ્તિકાય, ત્યાર બાદ આકાશાસ્તિકાય, ત્યાર બાદ અધર્માસ્તિકાય અને ત્યાર બાદ ધર્માસ્તિકાય, આ પ્રકારના ઉલ્ટા ક્રમથી ૬ દ્રવ્યોનું સ્થાપન કરાય છે પરન્તુ અનાનુપૂર્વીમાં તો પૂર્વાનુપૂર્વીની જેમ ૬ દ્રવ્યોના સીધા ક્રમનો અને પશ્ચાનુપૂર્વીની જેમ તેમના ઉલ્ટા ક્રમનો અને યથારુચિ (મનને ગમે તે રીતે) ૬ દ્રવ્યોનું સ્થાપન કરવામાં આવે છે (से तं अणाणुपुव्वी) આ પ્રકારનું અનાનુપૂર્વીનું સ્વરૂપ છે. ।।સૂ૦૬૮।।

પુદ્ગલાસ્તિકાયકો અધીકૃત કરકે તીન દ્રવ્યોકા નિરુપણ

હવે સૂત્રકાર એક પુદ્ગલાસ્તિકાય ઉપર આ ત્રણેની ઘટના (સ્થાપના) કરે છે-

"अहवा ओवणिहिया" ઇત્યાદિ—

શબ્દાર્થ-(अहवा) અથવા (ओवणिहिया दव्वाणुपुव्वी) ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી (तिविहा पण्णत्ता) ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે-(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी ?) હે ભગવન્ ! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું પણ કહ્યું છે-(परमाणुपुग्गले, दुप्पएसिए तिप्पएसिए जाव दसपएसिए, संखिज्जपएसिए, असंखिज्जपएसिए, अणंतपएसिए) પરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશીસ્કંધ, ત્રિપ્રદેશિસ્કંધ, દસ પ્રદેશી પર્યન્તના સ્કંધ, સંખ્યાત પ્રદેશીસ્કંધ, અસંખ્યાત પ્રદેશી સ્કંધ અને અનંત પ્રદેશી સ્કંધ આ ક્રમપૂર્વકની પુદ્ગલાસ્તિકાય સંબંધી જે આનુપૂર્વી છે, (से तं पुव्वाणुपुव्वी) તેને પૂર્વાનુપૂર્વી કહે છે.

પ્રશ્ન-(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્ ! પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વીનું આ પ્રકારનું સ્વરૂપ છે-(अणंतपएसिए, असंखिज्जपएसिए, संखिज्जपएसिए जाव दसपएसिए जाव तिप्पएसिए, दुप्पएसिए, परमाणुपोग्गले) જ્યારે પુદ્ગલાસ્તિકાયને અનંત પ્રદેશિક, અસંખ્યાત પ્રદેશિક, સંખ્યાતપ્રદેશિક, દસપ્રદેશિક, નવપ્રદેશિક આદિ ત્રણ પ્રદેશિક પર્યન્તના સ્કન્ધરૂપે અને દ્વિપ્રદેશિક સ્કંધ અને પરમાણુ પુદ્ગલ, આ પ્રકારે ઉલ્ટા ક્રમથી પરિગણિત થાય છે, ત્યારે (से तं पच्छाणुपुव्वी તેને પશ્ચાનુપૂર્વી કહેવાય છે.

પ્રશ્ન-(से किं तं अणाणुपुव्वी?) હે ભગવન્! અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર-(अणाणुपुव्वी) અનાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે-(एयाए चेव

एगाइयाए एगुत्तरियाए अणंतगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो) જેમાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી, એ બન્ને નથી, તેનું નામ અનાનુપૂર્વી છે, એ વાત પહેલાં પ્રકટ કરવામાં આવી ચુકી છે તેમાં વિવક્ષિત પદોના (પરમાણુ પુદ્ગલ આદિના) ઉપર્યુક્ત બન્ને ક્રમનો પરિત્યાગ કરીને પરસ્પર સંભવિત ભંગો વડે તે પદોની વિરચના કરવામાં આવે છે. તેમાં સૌથી પહેલાં એક પ્રદેશી પરમાણુ પુદ્ગલની સ્થાપના કરવામાં આવે છે અને ત્યાર બાદ દ્વિપ્રદેશી સ્કંધ આદિની સ્થાપના કરાય છે. આ રીતે એક એક પ્રદેશની વૃદ્ધિ કરતાં કરતાં જ્યારે અનંત પ્રદેશી સ્કંધ સુધીની સ્થાપના થઇ જાય છે, ત્યારે તે બધાની એક શ્રેણી બની જાય છે. આ શ્રેણી–પંક્તિમાં ઉત્તરોત્તર એકની વૃદ્ધિવાળા સ્કંધ અનેક થઇ જાય છે. ત્યાર બાદ પરસ્પરનો ગુણાકાર કરવામાં આવે છે. આ આ રીતે જે મહારાશિ રૂપ સંખ્યા આવે છે તેમાંથી પહેલો અને છેલ્લો, એ બે ભંગ કમી કરવાથી અનાનુપૂર્વી બની જાય છે.

પ્રશ્ન–જે રીતે એક પુદ્ગલાસ્તિકાયને ઉદાહરણ રૂપે લઇને તેની પૂર્વાનુપૂર્વી આદિનું નિરૂપણ કરવામાં આવ્યું છે, એજ પ્રમાણે ધર્માસ્તિકાય આદિ અન્ય દ્રવ્યોને ઉદાહરણરૂપે કેમ લેવામાં આવ્યાં નથી ?

ઉત્તર–અહીં પૂર્વાનુપૂર્વી આદિનો વિચાર કરતાં પરમાણુ આદિ દ્રવ્યોનો પરિપાટી રૂપ ક્રમ (અનુક્રમ) પ્રસ્તુત કથનમાં પ્રતિપાદિત થઈ રહ્યો છે. તેથી આ કથન દ્રવ્યની બહુતામાં જ સંભવી શકે છે. ધર્માસ્તિકાય અધર્માસ્તિકાય અને આકાશાસ્તિકાયમાં પુદ્ગલાસ્તિકાયની જેમ આ દ્રવ્યબાહુલ્યનો સદ્ભાવ નથી. કારણ કે તેમને તો એક એક દ્રવ્યરૂપ માનવામાં આવેલ છે. જો કે જીવાસ્તિકાયમાં અનંત જીવદ્રવ્યોની સત્તા (અસ્તિત્વ) હોવાને કારણે દ્રવ્યબાહુલ્ય છે, પરન્તુ પરમાણુઓમાં અને દ્વિપ્રદેશી સ્કંધ આદિકોમાં જેવો પૂર્વાનુપૂર્વી આદિના કારણભૂત પૂર્વપશ્ચાત્ ભાવ વિદ્યમાન છે, એવો જીવ દ્રવ્યોમાં નથી, કારણ કે પ્રત્યેક જીવ અસંખ્યાત પ્રદેશવાળો છે તેથી સમસ્ત જીવોમાં તુલ્ય (સમાન) પ્રદેશતા છે. પરમાણુઓ અને દ્વિપ્રદેશિક આદિ દ્રવ્યોમાં તો વિષમ પ્રદેશિકતા છે, તેથી ત્યાં પૂર્વપશ્ચાદ્ભાવ છે. તથા જે અદ્ધા સમય સંભવિત નથી તેથી પુદ્ગલાસ્તિકાયનું જ પૂર્વાનુપૂર્વી આદિ રૂપે ઉદાહરણ આપવામાં આવ્યું છે, અન્ય ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું તે પ્રકારે ઉદાહરણ આપવામાં આવ્યું નથી. (से तं अणाणुपुव्वी) આ પ્રકારનું અનાનુપૂર્વીનું સ્વરૂપ છે. (से तं ओवणिहिया दव्वाणुपुव्वी) અહીં સુધીમાં પૂર્વપ્રસ્તુત ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું કથન કરવામાં આવ્યું છે. (से तं जाणयसरीरभवियसरीरवइरित्ता दव्वाणुपुव्वी) આ રીતે ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીનું કથન પૂરું થતાં જ, જ્ઞાયક શરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવી દ્રવ્યાનુપૂર્વીનું વર્ણન પણ અહીં સમાપ્ત થાય છે.

(से तं नोआगमओ दव्वाणुपुव्वी–से तं दव्वाणुपुव्वी) આ કથનની સમાપ્તિ થઇ જવાથી નોઆગમને આધારે જે દ્રવ્યાનુપૂર્વી બને છે તેના સ્વરૂપના નિરૂપણની પણ સમાપ્તિ થઇ જાય છે. આ પ્રકારનું આ દ્રવ્યાનુપૂર્વીનું સ્વરૂપ છે.

ભાવાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે પુદ્ગલ દ્રવ્યને અનુલક્ષીને ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીની ત્રિવિધતાનું પ્રતિપાદન કર્યું છે એ વાત તો પહેલાં પ્રકટ થઈ ચુકી છે કે વિવક્ષિત દ્રવ્યસમુદાયમાં જે પહેલું દ્રવ્ય હોય તે દ્રવ્યથી શરૂ કરીને અનુક્રમે છેલ્લા દ્રવ્ય સુધીની જે પરિપાટી (અનુક્રમ) સ્થાપિત કરવામાં આવે છે, તેનું નામ આનુપૂર્વી છે. અહીં પુદ્ગલ દ્રવ્ય સાથે સૂત્રકાર તે આનુપૂર્વીને ઘટાવવા માગે છે તેથી તેમણે તેના એક પ્રદેશથી લઈને અનંતપ્રદેશ સુધીના અનંત સ્કંધ બનાવ્યાં છે. આ રીતે એક પ્રદેશી પુદ્ગલ પરમાણુને પુદ્ગલાસ્તિકાયનું પ્રથમ દ્રવ્ય સમજવું જોઈએ ત્યાર બાદ એક એક પ્રદેશની વૃદ્ધિ કરતાં કરતાં આગળ વધવું જોઈએ. આ રીતે દ્વિપ્રદેશી સ્કંધ, ત્રિપ્રદેશી સ્કંધ, ચાર પ્રદેશી સ્કંધ, પાંચ પ્રદેશી સ્કંધ આદિ અનંત પ્રદેશી પર્યન્તના અનંત પૌદ્ગલિક સ્કંધ બની જાય છે. ત્યારે તેમની સ્થાપના આ પ્રમાણે કરવામાં આવે છે–એક પ્રદેશીપરમાણુ પુદ્ગલ, દ્વિપ્રદેશી સ્કંધ દ્વયણુક, ત્રિપ્રદેશી સ્કંધ ત્રિઅણુક, ચતુષ્પ્રદેશી સ્કંધ ચતુરણુક, ઇત્યાદિ.

આ પ્રકારના સીધા ક્રમપૂર્વક જે સ્થાપના કરવામાં આવે છે તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. એજ સ્થાપનામાં છેલ્લા દ્રવ્યને (અનંતપ્રદેશી સ્કંધને) પહેલો મૂકીને ઉલટા ક્રમથી જ્યારે દ્રવ્યોને સ્થાપિત કરવામાં આવે છે, ત્યારે તેને પશ્ચાનુપૂર્વી કહે છે તથા ઉપરના બન્ને ક્રમનું ઉલ્લંઘન કરીને પોતાની ઇચ્છાનુસાર પુદ્ગલાસ્તિકાયના દ્રવ્યોની જે સ્થાપના કરવામાં આવે છે તેને અનાનુપૂર્વી કહે છે. જેમ કે ચતુરણુક સ્કંધની પહેલાં સ્થાપના કરવી, ત્યાર બાદ એક પ્રદેશી પુદ્ગલ પરમાણુની, ત્યાર બાદ છ પ્રદેશી પુદ્ગલ સ્કંધની સ્થાપના કરવી, ત્યાર બાદ અસંખ્યાત પ્રદેશી સ્કંધ આદિની સ્થાપના કરવી તેનું નામ અનાનુપૂર્વી છે. જ્ઞાયક શરીર અને ભવ્યશરીરથી ભિન્ન એવી દ્રવ્યાનુપૂર્વીના સૂત્રકારે બે પ્રકાર પહેલાં પ્રકટ કર્યા છે. તેમાંના અનૌપનિધિકી દ્રવ્યાનુપૂર્વી નામના બીજા પ્રકારનું તો ખૂબજ વિસ્તારપૂર્વક પહેલાં વર્ણન કરવામાં આવ્યું છે.

ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીના પૂર્વાનુપૂર્વી આદિ ત્રણ ભેદોનું નિરૂપણ પણ પહેલાં સૂત્રોમાં કરવામાં આવ્યું છે. ત્યાર બાદ સૂત્રકારે એક પુદ્ગલાસ્તિકાયના પૂર્વાનુપૂર્વી આદિ સ્વરૂપોનું નિરૂપણ કર્યું છે, પણ ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોમાં એ પ્રમાણે કરવામાં આવ્યું નથી, કારણ કે પુદ્ગલાસ્તિકાયમાં જ દ્રવ્યબાહુલ્યનો સદ્ભાવ–ધર્માસ્તિકાય આદિમાં દ્રવ્યબાહુલ્ય નથી. "आकाशादेकद्रव्याणि" આ કથન અનુસાર ધર્માસ્તિકાય આદિ ત્રણ દ્રવ્યોમાં

द्रव्यबाहुल्यनो अभाव छे. जीवास्तिकायमां जे के द्रव्यबाहुल्य छे खरुं, परन्तु पुद्गलनी जेम ते द्रव्यबाहुल्य એક એક जीवद्रव्यमां क्रमशः नथी, कारण के जीवद्रव्य असंख्यात प्रदेशी छे. आ रीते आ कथन समाप्त थईजता नोआगमनी अपेक्षाओ द्रव्यानुपूर्वीना स्वरूपनुं कथन समाप्त थई जाय छे. ॥सू०९९॥

हवे सूत्रकार क्षेत्रानुपूर्वीनुं निरूपण करे छे—

"से किं तं खेत्ताणुपुव्वी" इत्यादि—

शब्दार्थ–(से किं तं खेत्ताणुपुव्वी ?) हे भगवन्! क्षेत्रानुपूर्वीनुं स्वरूप केवुं छे ?

उत्तर–(खेत्ताणुपुव्वी दुविहा पण्णत्ता) क्षेत्रानुपूर्वी बे प्रकारनी कही छे–(तंजहा) ते बे प्रकारो नीचे प्रमाणे छे–(ओवणिहिया य अणोवणिहिया) (१) औपनिधिकी क्षेत्रानुपूर्वी, अने (२) अनौपनिधिकी क्षेत्रानुपूर्वी (तत्थणं जा सा ओवणिहिया सा ठप्पा) तेमांथी जे औपनिधिकी क्षेत्रानुपूर्वी छे ते अल्प विषयवाळी होवाने कारणे एटले के तेनो विषय, विशेष विवेचन करवा योग्य नहीं होवाने कारणे, तेनुं निरूपण सूत्रकार आ सूत्रमां करशे नहीं पण पाछळना सूत्रमां करशे जे के क्रम अनुसार तो ते पहेली होवाथी तेनुं निरूपण पहेलां थवुं जोईओ परन्तु सूत्रकारे अहीं अनौपनिधिकी क्षेत्रानुपूर्वीनुं निरूपण पहेलां कर्युं छे कारण के औपनिधिकी क्षेत्रानुपूर्वीनो विषय अल्प होवाथी तेनुं विशेष वक्तव्य करवानुं नथी. परन्तु अनौपनिधिकी क्षेत्रानुपूर्वीनो विषय विस्तृत विवेचन करवा योग्य छे. तेथी सूत्रकार अहीं पहेलां अनौपनिधिकी द्रव्यानुपूर्वीनुं निरूपण कहे छे के–(तत्थ णं जा सा अणोवणिहिया सा दुविहा पण्णत्ता) ते बन्ने आनुपूर्वीओमांनी जे अनौपनिधिकी क्षेत्रानुपूर्वी छे तेना बे प्रकार कह्या छे. (तंजहा) ते प्रकारो नीचे प्रमाणे छे–(णेगमववहाराणं, संगहस्स) (१) नैगमव्यवहार नयसंमत अनौपनिधिकी क्षेत्रानुपूर्वी (२) संग्रहनयसंमत अनौपनिधिकी क्षेत्रानुपूर्वी आ सूत्रनी व्याख्या आगळ कह्या प्रमाणे समजवी. ॥सू०१००॥

हवे सूत्रकार नैगमव्यवहारसंमत क्षेत्रानुपूर्वीनुं निरूपण करे छे–

"से किं तं णेगमववहाराणं" इत्यादि—

शब्दार्थ–प्रश्न–हे भगवन्! नैगम अने व्यवहार नयसंमत अनौपनिधिकी क्षेत्रानुपूर्वीनुं स्वरूप केवुं छे ?

उत्तर–(अणोवणिहिया खेत्ताणुपुव्वी) अनौपनिधिकी क्षेत्रानुपूर्वीनुं स्वरूप आ प्रकारनुं छे–(पंचविहा पण्णत्ता) आ नैगम अने व्यवहारनयसंमत अनौपनिधिकी क्षेत्रानुपूर्वी पांच प्रकारनी कही छे. (तंजहा) ते प्रकारो नीचे प्रमाणे छे–(अत्थपयपरूवणया, भंगसमुक्कित्तणया, भंगोवदंसणया, समोयारे, अणु-

ગમે) (૧) અર્થપદ પ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર, અને (૫) અનુગમ આ પાંચે શબ્દોની વ્યાખ્યા આગળ ૭૪માં સૂત્રમાં આપવામાં આવી છે તો ત્યાંથી વાંચી લેવી. ॥સૂ૦૧૦૧॥

હવે સૂત્રકાર નૈગમવ્યવહારનયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીના અર્થપદપ્રરૂપણતા નામના પહેલા ભેદનું નિરૂપણ કરે છે—

"से किं तं णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं णेगमववहाराणं अत्थपयपरूवणया ?) હે ભગવન્! નૈગમ અને વ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(णेगमववहाराणं अत्थपयपरूवणया) નૈગમવ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણાનું સ્વરૂપ આ પ્રકારનું છે—

(तिप्पएसोगाढे आणुपुव्वी, जाव दसपएसोगाढे आणुपुव्वी जाव संखिज्जपएसोगाढे आणुपुव्वी, असंखिज्जपएसोगाढे आणुपुव्वी) ત્રિઅણુક સ્કંધ આદિ રૂપ અર્થ (વિષય) થી યુકત અથવા ત્રિઅણુક સ્કંધ આદિ રૂપ અર્થનું પ્રતિપાદન કરનારું જે પદ છે તેનું નામ અર્થપદપ્રરૂપણતા છે. ત્રણ આકાશ પ્રદેશોમાં રહેલો દ્રવ્યસ્કંધ આનુપૂર્વી રૂપ છે. એજ પ્રમાણે દશ પર્યન્તના, સંખ્યાત પર્યન્તના અને અસંખ્યાત પર્યન્તના આકાશપ્રદેશોમાં રહેલ દ્રવ્યસ્કંધ પણ આનુપૂર્વી રૂપ છે. (एगपएसोगाढे अणाणुपुव्वी, दुप्पएसोगाढे अवत्तव्वए) એક આકાશપ્રદેશોમાં સ્થિત પરમાણુ દ્રવ્ય અનાનુપૂર્વી રૂપ છે. બે આકાશપ્રદેશોમાં સ્થિત પરમાણુ સ્કંધ અવક્તવ્યક દ્રવ્ય રૂપ છે.

(तिप्पएसोगाढा आणुपुव्वी जाव दसपएसोगाढा आणुपुव्वीओ, जाव असंखिज्जपएसोगाढा आणुपुव्वीओ) ત્રણ આકાશપ્રદેશોમાં રહેલા સમસ્ત દ્રવ્યસ્કંધો ત્રણ આનુપૂર્વીઓ રૂપ હોય છે, એજ પ્રમાણે દસ પર્યન્તના પ્રદેશોમાં સ્થિત સમસ્ત દ્રવ્યસ્કંધો દશ પર્યન્તની આનુપૂર્વીઓ રૂપ હોય છે, સંખ્યાત પ્રદેશોમાં સ્થિત સમસ્ત દ્રવ્યસ્કંધો સંખ્યાત આનુપૂર્વીઓ રૂપ અને અસંખ્યાત આકાશપ્રદેશોમાં સ્થિત સમસ્ત દ્રવ્યસ્કંધો અસંખ્યાત આનુપૂર્વીઓ રૂપ હોય છે. (एगपएसोगाढा अणाणुपुव्वीओ, दुप्पएसोगाढा अवत्तव्वयाइ) આકાશના એક એક પ્રદેશમાં સ્થિત પ્રત્યેક પુદ્ગલપરમાણુ રૂપ સમુદાય અનાનુપૂર્વીઓ રૂપછે. બે આકાશપ્રદેશોમાં રહેલા દ્વયણુક દ્રવ્ય સ્કંધો અવક્તવ્યક દ્રવ્યો રૂપ છે. આ પ્રકારનો સૂત્રપદોનો અર્થ થાય છે. તેમની વ્યાખ્યા ૭૫માં સૂત્રમાં આપી છે.

શંકા–ત્રિપ્રદેશાવગાહી દ્રવ્યસ્કંધથી લઇને અનંતાણુક પર્યન્તના દ્રવ્યસ્કંધો આનુપૂર્વી રૂપ હોય તો તેમાં ક્ષેત્રાનુપૂર્વી રૂપતા કેવી રીતે સંભવી

શકે છે ? ક્ષેત્રાનુપૂર્વીરૂપતા તો પ્રદેશત્રયાદિરૂપ ક્ષેત્રની સાથે સંબંધ રાખે છે–ત્રિઅણુક પુદ્ગલસ્કંધોની સાથે સંબંધ રાખતી નથી શંકાકર્તાનો એવો અભિપ્રાય છે કે અહીં જ્યારે ક્ષેત્રાનુપૂર્વીનો અધિકાર ચાલી રહ્યો છે, ત્યારે પુદ્ગલ દ્રવ્યાનુપૂર્વીનો વિચાર કરવાની શી આવશ્યકતા છે ?

ઉત્તર–અહીં જે ત્રણ પ્રદેશની અવગાહનાવાળા દ્રવ્યસ્કંધને આનુપૂર્વી રૂપ કહેવામાં આવ્યો છે, તેનો અર્થ અહીં આ પ્રમાણે સમજવો જોઈએ–ત્રણ પ્રદેશોમાં અવગાહના રૂપ પર્યાયથી યુક્ત દ્રવ્યસ્કંધને અહીં આનુપૂર્વી રૂપ કહેલ છે–ત્રણ પુદ્ગલ પરમાણુવાળા દ્રવ્યસ્કંધને નહીં તે ત્રણ પુદ્ગલ પરમાણુવાળા દ્રવ્યસ્કંધો આકાશ રૂપ ક્ષેત્રના ત્રણ પ્રદેશોને રોકીને રહે છે. તેથી આકાશના ત્રણ પ્રદેશોમાં અવગાહી (રહેલો) દ્રવ્યસ્કંધ આનુપૂર્વી રૂપ છે, એમ સમજવું. જો કે અત્યારે તો અહીં ક્ષેત્રાનુપૂર્વીનો અધિકાર ચાલી રહ્યો છે, અને મુખ્યત્વે ક્ષેત્રાનુપૂર્વી તો ત્રણ પ્રદેશરૂપ ક્ષેત્ર જ છે. આ રીતે ક્ષેત્રાનુપૂર્વી રૂપતા મુખ્યત્વે ત્રણ પ્રદેશ રૂપ ક્ષેત્રમાં વિવક્ષિત હોવા છતાં પણ જે ત્રણ પ્રદેશરૂપ ક્ષેત્રાવગાહી દ્રવ્યને ક્ષેત્રાનુપૂર્વી રૂપ કહેવામાં આવ્યું છે, તે ક્ષેત્રાવગાહ રૂપ પર્યાય મુખ્યત્વે વિવક્ષિત હોવાને કારણે કહ્યું છે. તેથી દ્રવ્યમાં પણ ઔપચારિક રૂપે ક્ષેત્રાનુપૂર્વી રૂપતા વિરુદ્ધ પડતી નથી.

શંકા–જો ક્ષેત્રમાં જ મુખ્યત્વે ક્ષેત્રાનુપૂર્વીતાનો સદ્ભાવ હોય તો શા કારણે આ મુખ્યરૂપતાનો પરિત્યાગ કરીને ઔપચારિકતાનો આધાર લઈને તદવગાહી (તેમાં અવગાહિત થયેલા–રહેલા) દ્રવ્યમાં ક્ષેત્રાનુપૂર્વીનો વિચાર કરવામાં આવી રહ્યો છે ?

ઉત્તર–સત્પદપ્રરૂપણતા આદિ રૂપ નીચે દર્શાવેલા ઘણા વિચારોનો વિષય દ્રવ્ય હોય છે, અને તેના જ વિચારથી શિષ્યોની મતિ વ્યુત્પન્ન બને છે. ક્ષેત્ર તો નિત્ય છે તથા સદા અવસ્થિત છે, અને અચલ છે. તેથી સામાન્યતઃ તેમાં આનુપૂર્વી આદિની કલ્પના કરવાથી એ વાત શિષ્યોના મગજમાં સારી રીતે ઉતરી શકતી નથી તેથી તેને અનુલક્ષીને આદિનો વિચાર કરવામાં આવ્યો નથી અહીં તો ક્ષેત્રાવગાહી દ્રવ્યને ક્ષેત્રાનુપૂર્વી રૂપે પ્રકટ કરવામાં આવેલ છે તેથી તે કથનમાં કોઈ દોષ નથી એજ પ્રમાણે ચાર પ્રદેશાવગાઢ-દ્રવ્ય વગેરેના વિષયમાં પણ એમ જ સમજવું જોઈએ.

" અસંખ્ય પ્રદેશાવગાઢ આનુપૂર્વી આ પદનો અર્થ નીચે પ્રમાણે સમજવો–આકાશના અસંખ્યાત પ્રદેશોમાં અસંખ્યાત અણુવાળો અથવા અનંત અણુવાળો દ્રવ્યસ્કંધ આનુપૂર્વી છે એમ સમજવું આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–એક પુદ્ગલપરમાણુ આકાશના એક જ પ્રદેશમાં અવગાહી હોય છે. પરન્તુ બે પ્રદેશવાળા પુદ્ગલસ્કંધથી લઈને અસંખ્યાત પ્રદેશવાળા જે પુદ્ગલ સ્કંધો છે, તેમાંનો પ્રત્યેક પુદ્ગલ સ્કંધ ઓછામાં ઓછા એક આકાશપ્રદેશમાં રહે છે અને વધારેમાં વધારે તે સ્કંધના જેટલા પ્રદેશો હોય–જેટલા પરમાણુઓનો તે સ્કંધ બનેલો હોય–એટલાજ આકાશ-પ્રદેશોમાં તે રહે છે, અનંત આકાશપ્રદેશોમાં તે રહેતો નથી, કારણ કે દ્રવ્યોનો અવગાહ અસંખ્યાત પ્રદેશોવાળા લોકાકાશમાં જ છે–અનંત પ્રદેશ-

વાળા અલોકાકાશમાં નથી આ કથનનું તાત્પર્ય એ છે કે આધારભૂત ક્ષેત્રના પ્રદેશોની સંખ્યા આધેયભૂત પુદ્ગલદ્રવ્યના પરમાણુઓની સંખ્યા કરતાં ઓછી પણ હોઈ શકે છે અને બરાબર પણ હોઈ શકે છે, પરન્તુ અધિક હોઇ શકતી નથી તેથી એક પરમાણુ એક જ આકાશપ્રદેશમાં રહી શકે છે પણ બે અણુવાળો સ્કંધ એક આકાશપ્રદેશમાં પણ રહી શકે છે અને બે આકાશપ્રદેશોમાં પણ રહી શકે છે એજ પ્રમાણે ઉત્તરોત્તર અણુઓની સંખ્યા વધતાં વધતાં જે ત્રિઅણુક, ચતુરણુક આદિ સંખ્યાતાણુક પર્યન્તના સ્કંધો પણ એક પ્રદેશમાં, બે પ્રદેશમાં, ત્રણપ્રદેશમાં અને સંખ્યાત સુધીના આકાશપ્રદેશોમાં રહી શકે છે. સંખ્યાતાણુક દ્રવ્યને રહેવાને માટે અસંખ્યાત પ્રદેશોવાળા ક્ષેત્રની જરૂર પડતી નથી અસંખ્યાતાણુક સ્કંધ એક પ્રદેશથી લઇને વધારેમાં વધારે પોતાના બરાબરની અધિક સંખ્યાવાળા પ્રદેશના ક્ષેત્રમાં રહી શકે છે. અનંતાણુક સ્કંધ અને અનંતાનતાણુક સ્કંધ પણ એક પ્રદેશમાં, બે પ્રદેશમાં, ત્રણ પ્રદેશમાં અને એજ ક્રમે વધતાં વધતાં સંખ્યાત પ્રદેશવાળા ક્ષેત્રમાં રહી શકે છે. તેમની સ્થિતિને માટે (તેમને રહેવાને માટે) અનંત પ્રદેશવાળા ક્ષેત્રની જરૂર પડતી નથી તથા એક જ આકાશપ્રદેશમાં

અર્થપદ પ્રરૂપણાકે પ્રયોજાન કા નિરુપણ

સ્થિત પરમાણુ સંઘાત અને સ્કંધ સંઘાતક્ષેત્રની અપેક્ષાએ અનાનુપૂર્વી છે તથા દ્વિપ્રદેશાવગાઢ (આકાશના બે પ્રદેશોમાં રહેલા) દ્વિપ્રદેશિક આદિ સ્કંધ ક્ષેત્રની અપેક્ષાએ અવક્તવ્યક છે, એમ સમજવું નૈગમવ્યવહાર નયસંમત અર્થપ્રરૂપણતાનું આ પ્રકારનું સ્વરૂપ છે. ॥સૂ૦૧૦૨॥

"एयाएणं णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(एयाएणं णेगमववहाराणं अत्थपयपरूवणयाए किं पओयणं?) હે ભગવન્! નૈગમ વ્યવહારનયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીના પ્રથમ ભેદ રૂપ આ અર્થપદપ્રરૂપણતાથી કયું પ્રયોજન સિદ્ધ થાય છે?

ઉત્ત–(एयाए णं णेगमववहाराणं अत्थपयपरूवणयाए णेगमववहाराणं भंगसमुक्कित्तणया कज्जइ) નૈગમવ્યવહારનયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીના પ્રથમ ભેદ રૂપ આ અર્થપદપ્રરૂપણતા વડે ભંગસમુત્કીર્તનતા રૂપ પ્રયોજન સિદ્ધ થાય છે આ પદના ભાવાર્થ માટે આગળના ૭૬માં સૂત્રનો ભાવાર્થ વાંચી જવો. ॥સૂ૦૧૦૩॥

હવે સૂત્રકાર એજ ભંગસમુત્કીર્તનતાનું નિરૂપણ કરે છે—

"से किं तं णेगमववहाराणं" ઇત્યાદિ—

ઉત્તર—(णेगमववहाराणं भंगसमुक्कित्तणया अत्थि आणुपुव्वी, अत्थि अणाणुपुव्वी, अत्थि अवत्तव्वए) નૈગમવ્યવહારનયસંમત તે ભંગસમુત્કીર્તનતાનું આ પ્રકારનું સ્વરૂપ છે–આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે, અને અવક્તવ્યક છે.

ભંગસમુત્કીર્તનતાકે પ્રયોજન કા નિરુપણ

(एवं दव्वाणुपुव्विगमेणं खेत्ताणुपुव्वीए वि ते चेव छव्वीसं भंगा भाणियव्वा जाव से तं भंगसमुक्कित्तणया) આ પ્રકારે દ્રવ્યાનુપૂર્વીના પાઠની જેમ ક્ષેત્રાનુપૂર્વીમાં પણ દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં કહેવામાં આવેલા ૨૬ ભાંગાઓ કહેવા જોઈએ. આ ભંગોના (ભાંગાઓના) વિષયની સ્પષ્ટતા ૭૭ તથા ૭૮ માં સૂત્રોમાં કરવામાં આવી ચુકી છે, "से तं भंगसमुक्कित्तणया" આ સૂત્રપાઠ પર્યન્તનો સૂત્રપાઠ ત્યાંથી ગ્રહણ કરવો જોઈએ. આ સૂત્રની વ્યાખ્યાને માટે ઉપર્યુક્ત બન્ને સૂત્રોની વ્યાખ્યા વાંચી લેવી. ॥સૂ૦ ૧૦૪॥

"एयाए णं णेगमववहाराणं भंगसमुक्कित्तणयाए" ઇત્યાદિ—

શબ્દાર્થ–(एयाए णं णेगमववहाराणं भंगसमुक्कित्तणयाए किं पओयणं?) હે ભગવન્! નૈગમ અને વ્યવહારનયસંમત આ ભંગસમુત્કીર્તનતાનું શું પ્રયોજન છે?

ઉત્તર–(एयाएणं णं णेगममहाराणं भंगसमुक्कित्तणयाए णेगमववहाराणं भंगोवदंसणया कज्जइ) નૈગમવ્યવહારનયસંમત આ ભંગસમુત્કીર્તનતા વડે નૈગમવ્યવહારનયસંમત ભાંગાઓ બતાવવામાં આવે છે, અર્થાત્ તેમની પ્રરૂપણા કરવામાં આવે છે. તેથી ભંગોને (ભાંગાઓને) પ્રકટ કરવાનું જ પ્રયોજન છે. આ સૂત્રની વ્યાખ્યાને માટે આગળનું ૭૮મું સૂત્ર વાંચી જવું. ॥સૂ૦૧૦૫॥

"से किं तं णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं णेगमववहाराणं भंगोवदंसणया?) હે ભગવન્! નૈગમવ્યવહાર નયસંમત તે ભંગોપદર્શનતાનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(णेगमववहाराणं भंगोवदंसणया) નૈગમવ્યવહારનયસંમત ભંગોપદર્શનતાનું સ્વરૂપ આ પ્રકારનું છે—

ભંગોપદર્શનતાકા નિરુપણ

(तिपएसोगाढे आणुपुव्वी एगपएसोगाढे अणाणुपुव्वी दुप्पएसोगाढे अवत्तव्वए) આકાશના ત્રણ પ્રદેશોમાં રહેલા ત્રયણુક (ત્રણ અણુવાળા) આદિ સ્કંધ 'આનુપૂર્વી' આ શબ્દના વાચ્યાર્થ રૂપ છે. એકપ્રદેશમાં સ્થિત પરમાણુ સંઘાત, અને સ્કંધ સંઘાત ક્ષેત્રની અપેક્ષાએ અનાનુપૂર્વી છે

તથા આકાશના બે પ્રદેશોમાં રહેલ દ્વિપ્રદેશિક આદિ સ્કંધ ક્ષેત્રની અપેક્ષાએ અવક્તવ્યક છે. (तिपएसोगाढा आणुपुव्वीओ एगपएसोगाढा अणाणुपुव्वीओ, दुप्पएसोगाढा अवत्तव्वयाइं) ઘણાં જ ત્રિઅણુક આદિ સ્કંધો "આનુપૂર્વીઓ" આ બહુવચનાન્ત શબ્દના વાચ્યાર્થ રૂપ છે. આકાશના એક પ્રદેશમાં રહેલા અનેક પરમાણુ સંઘાત આદિ દ્રવ્યો "અનાનુપૂર્વીઓ" આ પદના વાચ્યાર્થ રૂપ છે. બે પ્રદેશોમાં સ્થિત અનેક દ્વિપ્રદેશિક આદિ સ્કંધો "અવક્તવ્યકો" આ બહુવચનાન્ત પદના વાચ્યાર્થ રૂપ છે. આ સૂત્રની વ્યાખ્યા સમજવા માટે ૭૬ માં સૂત્રની વ્યાખ્યા વાંચી લેવી. ॥ સૂ. ૧૦૬ ॥

"अहवा तिपएसोगाढे" इत्यादि—

शब्दार्थ—(अहवा तिपएसोगाढे य एगपएसोगाढे य आणुपुव्वी य अणाणुपुव्वी य) अथवा-त्रिप्रदेशावगाढ स्कंध (आकाशना त्रण प्रदेशोमां रहेलो स्कंध) अने एक प्रदेशावगाढ स्कंध एक आनुपूर्वी अने एक अनानुपूर्वी छे. (एवं तहाचेव दव्वाणुपुव्विगमेणं छव्वीसं भंगा भाणियव्वा जाव से तं णेगमववहाराणं भंगोवदंसणया) એજ પ્રમાણે દ્રવ્યાનુપૂર્વીના પાઠની જેમ ૨૬ ભાંગાઓ સમજી લેવા જોઇએ.

આ પ્રકારનું નૈગમવ્યવહાર નયસંમત ભંગોપદર્શનતાનું સ્વરૂપ છે.

સૂત્રકારે પહેલાં દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં એ વાત સ્પષ્ટ કરી છે કે એકવચનાન્ત અને બહુવચનાન્ત આનુપૂર્વી આદિ ત્રણ-ત્રણ પદોના અસંયોગ અને સંયોગ પક્ષે ૨૬ ભાંગાઓ કેવી રીતે બને છે, અને તેમનો વાચ્યાર્થ શો થાય છે.

તે દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં બતાવેલાં આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક આદિ પદોના વાચ્યાર્થમાં ત્રિપ્રદેશિક આદિ સ્કંધ, એક પ્રદેશી પુદ્ગલપરમાણુ અને દ્વિપ્રદેશી સ્કંધ આદિ આવે છે. પરન્તુ આ ક્ષેત્રાનુપૂર્વીના પ્રકરણગત ભંગોપદર્શનતામાં આકાશના ત્રણ પ્રદેશોમાં સ્થિત ત્રિપ્રદેશિક આદિ સ્કંધ જ આનુપૂર્વી શબ્દના વાચ્યાર્થ રૂપે માનવામાં આવેલ છે. એક પ્રદેશમાં કે બે પ્રદેશોમાં સ્થિત ત્રિપ્રદેશિક સ્કંધને અહીં આનુપૂર્વી શબ્દના વાચ્યાર્થ રૂપે માનવામાં આવેલ નથી, કારણ કે એ વાત તો આગળ પ્રકટ કરવામાં આવી ચુકી છે કે ત્રિપ્રદેશી સ્કંધ આકાશના એકપ્રદેશમાં પણ અવગાહી થઈ શકે છે-રહી શકે છે, બે પ્રદેશોમાં પણ અવગાહી થઈ શકે છે અને ત્રણ પ્રદેશોમાં પણ અવગાહી થઈ શકે છે. ત્રિપ્રદેશી સ્કંધને રહેવા માટે આકાશના ચાર પ્રદેશોની આવશ્યકતા રહેતી નથી. એજ પ્રમાણે ચાર પ્રદેશિક સ્કંધને રહેવા માટે આકાશના એક બે, ત્રણ અથવા ચાર પ્રદેશોની આવશ્યકતા રહે છે. તેને રહેવા માટે પાંચ પ્રદેશોની જરૂર પડતી નથી. તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે 'બે ત્રિપ્રદેશિક સ્કંધ આકાશના એક પ્રદેશમાં અથવા બે પ્રદેશોમાં રહેલો હોય, તો ક્ષેત્રની અપેક્ષાએ તેને અનાનુપૂર્વી અને અવક્તવ્યક શબ્દના વાચ્યાર્થ રૂપ જ ગણવો જોઇએ ક્ષેત્રની અપેક્ષાએ આનુપૂર્વીનો પ્રારંભ ત્રણ પ્રદેશોથી જ થાય છે, એજ પ્રમાણે જે અસંખ્યાત પ્રદેશવાળો સ્કંધ હશે તે પણ આકાશના એક, બે, ત્રણ આદિ પ્રદેશોમાં પણ અવગાહી હોઇ શકે છે, અને અસંખ્યાત પ્રદેશોમાં પણ અવગાહી હોઇ શકે છે, જ્યારે તે અસંખ્યાતાણુક સ્કંધ આકાશના એક જ પ્રદેશમાં રહેલો હોય ત્યારે ક્ષેત્રની અપેક્ષાએ તેને અનાનુપૂર્વી રૂપ ગણવો જોઇએ, પરન્તુ જ્યારે તે ત્રણથી લઇને અસંખ્યાત પર્યન્તના આકાશના પ્રદેશોમાં રહેલો હોય ત્યારે ક્ષેત્રની અપેક્ષાએ તેને આનુપૂર્વી રૂપ ગણવો જોઇએ, આ પ્રકારનો અર્થ મનમાં ધારણ કરીને ૨૬ ભંગોનો વાચ્યાર્થ સમજી લેવો જોઇએ, ક્ષેત્રની અપેક્ષાએ આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક આ એકવચનાન્ત અને બહુવચનાન્ત પદોના અસંયોગ અને સંયોગ પક્ષે દ્રવ્યાનુપૂર્વીના ભંગોપદર્શનની જેમ અહીં પણ ૨૬ ભાંગાઓ સમજી લેવા જોઇએ. ॥ સૂ૦ ૧૦૭ ॥

સમવતાર કા નિરુપણ

હવે સૂત્રકાર સમવતારની પ્રરૂપણા કરે છે—

"से किं तं समोयारे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं समोयारे ?) હે ભગવન્! આગળ જે સમવતાર નામનો પ્રકાર કહ્યો છે તેનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(समोयारे) સમવતારનું સ્વરૂપ આ પ્રકારનું છે-(णेगमववहाराणं आणुपुव्वी दव्वाइं कहिं समोयरंति ?)

શિષ્યનો પ્રશ્ન–નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો કયાં સમાવિષ્ટ થાય છે? (किं आणुपुव्वीदव्वेहिं समोयरंति ? अणाणुपुव्वीदव्वेहिं समोयरंति, अवत्तव्वगदव्वेहिं समोयरंति ?) શું આનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે? કે અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે? કે અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થાય છે?

ઉત્તર–(आणुपुव्वीदव्वाइं आणुपुव्वीदव्वेहिं समोयरंति) નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો આનુપૂર્વી દ્રવ્યોમાં જ સમાવિષ્ટ થાય છે, (नो

અનુગમકા નિરુપણ

अणाणुपुव्वी दव्वेहिं, नो अवत्तव्वगदव्वेहिं समोयरंति) પણ અનાનુપૂર્વી દ્રવ્યોમાં અને અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી. (एवं तिण्णि वि सट्ठाणे समोयरंति त्ति भाणियव्वं–से तं समोयारे) એજ પ્રમાણે અવક્તવ્યક અને અનાનુપૂર્વી દ્રવ્યો પણ પોતપોતાની જાતિના દ્રવ્યોમાં જ (અનુક્રમે અવકતવ્યક અને અનાનુપૂર્વી દ્રવ્યો રૂપ સ્વસ્થાનમાં જ) અંતર્ભૂત થાય છે. અન્ય સ્થાનમાં અંતર્ભૂત થતાં નથી આ પ્રકારનું સમવતારનું સ્વરૂપ છે. આ સૂત્રની વ્યાખ્યા ૮૦ માં સૂત્રની વ્યાખ્યા પ્રમાણે સમજવી. ॥સૂ૦૧૦૮॥

હવે સૂત્રકાર અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીના પાંચમાં ભેદ રૂપ અનુગમના સ્વરૂપનું નિરૂપણ કરે છે—"से किं तं अणुगमे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं अणुगमे?) હે ભગવન્! અનુગમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणुगमे नवविहे पण्णत्ते) અનુગમના નવ પ્રકાર કહ્યા છે, (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–(संतपयपरूवणया जाव अप्पाबहुं चेव) સત્પદપ્રરૂપણતાથી લઈને અલ્પબહુત્વ પર્યન્તના નવ પ્રકારો અહીં પર્યન્ત પદ દ્વારા "दव्वपमाणं खित्त, फुसणा, कालोय, अंतरं, भाग, भाव" દ્રવ્ય-પ્રમાણ, ક્ષેત્ર, સ્પર્શના, કાળ, અંતર, ભાગ અને ભાવ, આ સાત પ્રકારો ગ્રહણ કરવામાં આવ્યા છે. આ સૂત્રની વ્યાખ્યા માટે ૮૧મું સૂત્ર વાંચી જવું ॥સૂ૦૧૦૯॥

હવે સૂત્રકાર અનૌપધિકી ક્ષેત્રાનુપૂર્વીના અનુગમના પ્રથમ ભેદ રૂપ સત્પદપ્રરૂપણતાનું નિરૂપણ કરે છે-

"णेगमववहाराणं," ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ? णियमा अत्थि, एवं दुण्णि वि)

પ્રશ્ન–નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો છે કે નહી?

ઉત્તર–અવશ્ય છે જ એજ પ્રમાણે નૈગમવ્યવહાર નયસંમત અનાનુપૂર્વી અને અવકતવ્યક દ્રવ્યો પણ અવશ્ય છે જ આ સૂત્રની વ્યાખ્યા સમજવા માટે ૮૨માં સૂત્રની વ્યાખ્યા વાંચી લેવી. ॥સૂ૦૧૧૦॥

"णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं किं संखिज्जाइं, असंखिज्जाइं, अणंताइं ?) હે ભગવન્! નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો શું સંખ્યાત છે, કે અસંખ્યાત છે, કે અનંત છે?

ઉત્તર–(नो संखिज्जाइं असंखिज्जाइं, नो अणंताइं, एवं दुण्णि वि) નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો સંખ્યાત પણ નથી, અનંત પણ નથી, પરન્તુ અસંખ્યાત જ છે.

આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–આકાશના ત્રણ આદિ પ્રદેશોમાં રહેલા દ્રવ્યોને ક્ષેત્રની અપેક્ષાએ આનુપૂર્વી રૂપ કહેવામાં આવે છે. ત્રણ આદિ પ્રદેશોવાળા સ્કંધોના આધારભૂત ક્ષેત્રવિભાગો અસંખ્યાત પ્રદેશી લોકમાં અસંખ્યાત છે. તેથી દ્રવ્યની અપેક્ષાએ ઘણાં જ આનુપૂર્વી દ્રવ્યોને તુલ્યપ્રદેશવાળા ક્ષેત્રમાં અવગાહની અપેક્ષાએ એક માનવામાં આવેલ છે એટલે કે આકાશરૂપ ક્ષેત્રના ત્રણ પ્રદેશોમાં ત્રણ પ્રદેશવાળાં, ચાર પ્રદેશવાળાં, પાંચ પ્રદેશવાળાં અને છ આદિ અનંત પ્રદેશવાળાં અનેક આનુપૂર્વી દ્રવ્યો અવગાહિત થઈને રહે છે, પરન્તુ તે સઘળાં દ્રવ્યો તુલ્યપ્રદેશાવગાહી હોવાને કારણે એક છે. ક્ષેત્રાનુપૂર્વીમાં લોકના એવાં ત્રિપ્રદેશાત્મક વિભાગ અસંખ્યાત છે. આનુપૂર્વી દ્રવ્યો પણ તેના જેટલી જ સંખ્યાવાળા હોવાથી અસંખ્યાત જ હોય છે. એજ પ્રમાણે (આનુપૂર્વી દ્રવ્યોની જેમ) અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો પણ અસંખ્યાત જ છે. આ કથનનું તાત્પર્ય એ છે કે લોકના એક એક પ્રદેશમાં અવગાહી અનેક દ્રવ્યો પણ ક્ષેત્રની અપેક્ષાએ એક જ અનાનુપૂર્વી રૂપ છે. તેમને અસંખ્યાત માનવાનું કારણ એ છે કે આ પ્રકારે અસંખ્યાત પ્રદેશવાળા લોકના એક એક પ્રદેશમાં એક એક અનાનુપૂર્વી દ્રવ્ય રહે છે. તથા આકાશના બે પ્રદેશોમાં સ્થિત ઘણાં દ્રવ્યો પણ ક્ષેત્રની અપેક્ષાએ એક જ અવક્તવ્ય દ્રવ્ય રૂપ છે. આકાશના બે પ્રદેશ રૂપ વિભાગ અસંખ્યાત હોય છે, તે કારણે તેમાં અવગાહી દ્રવ્યો પણ અસંખ્યાત છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા એ પ્રશ્નનું સમાધાન કર્યું છે કે નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કેટલાં છે. સૂત્રકારે આ સૂત્રમાં એ વાતનું પ્રતિપાદન કર્યું છે કે આકાશના ત્રિપ્રદેશાત્મક, દ્વિપ્રદેશાત્મક અને એક પ્રદેશાત્મક વિભાગ અસંખ્યાત છે, કારણ કે આકાશ પોતે જ અસંખ્યાત પ્રદેશવાળું છે. જો કે અલોકાકાશની અપેક્ષાએ આકાશના પ્રદેશો અનંત કહ્યા છે, પરન્તુ આ અનંત અલોકાકાશમાં તો કોઇ પણ દ્રવ્યનો સદ્ભાવ જ નથી અસંખ્યાત પ્રદેશવાળા લોકાકાશમાં જ દ્રવ્યોનો અવગાહ છે. લોકાકાશના તે વિભાગોમાં અસંખ્યાત આનુપૂર્વી દ્રવ્યો, અસંખ્યાત અનાનુપૂર્વી દ્રવ્યો અને અસંખ્યાત અવક્તવ્યક

દ્રવ્યો રહે છે. અહીં ક્ષેત્રની અપેક્ષાએ આનુપૂર્વી આદિનો વિચાર ચાલી રહ્યો છે, તેથી એકપ્રદેશાત્મક અસંખ્યાત વિભાગોમાંના પ્રત્યેક વિભાગમાં એક એક આનુપૂર્વી આદિ દ્રવ્ય રહે છે. જો કે પ્રત્યેક પ્રદેશમાં દ્રવ્યની અપેક્ષાએ અનેક આનુપૂર્વી આદિ દ્રવ્યો રહે છે, પરન્તુ તેઓ બધાં એક પ્રદેશમાં આધારભૂત હોવાને કારણે તેમને એક માનવામાં આવેલ છે. આ રીતે એકપ્રદેશ રૂપ વિભાગમાં રહેલાં અનેક દ્રવ્યો એક પ્રદેશરૂપ આધારની અપેક્ષાએ એક પ્રદેશાવગાહી હોવાને કારણે એક અનાનુપૂર્વી દ્રવ્ય રૂપ ગણવાને યોગ્ય બને છે. આ રીતે લોકના એક પ્રદેશાત્મક અસંખ્યાત વિભાગોમાં અનાનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત હોવાની વાત સિદ્ધ થઇ જાય છે. એજ પ્રમાણે અવક્તવ્યક દ્રવ્યો અને આનુપૂર્વી દ્રવ્યો પણ અસંખ્યાત હોવાની વાત સિદ્ધ થઇ જાય છે, કારણ કે લોકના દ્વિપ્રદેશાત્મક વિભાગ અસંખ્યાત હોવાથી તેમાં જેટલા દ્વિપ્રદેશી આદિ દ્રવ્યો રહેશે તે સૌ પણ દ્વિપ્રદેશાવગાહી હોવાને કારણે એક દ્વિપ્રદેશાત્મક વિભાગમાં એક અવક્તવ્યક દ્રવ્ય રૂપે સ્વીકૃત થયેલાં માની શકાશે. આ દ્વિપ્રદેશાત્મક એક વિભાગમાં જો એક અવકતવ્યક દ્રવ્ય રહેતું હોય, તો દ્વિપ્રદેશાત્મ અસંખ્યાત પ્રદેશોમાં અસંખ્યાત અવકતવ્યક દ્રવ્યો રહી શકે, એ વાત પણ સિદ્ધ થઇ જાય છે. આ રીતે અવકતવ્યક દ્રવ્યો અસંખ્યાત હોવાનું કથન પણ સિદ્ધ થઇ જાય છે.

એજ પ્રમાણે લોકના ત્રિપ્રદેશી વિભાગો પણ જો અસંખ્યાત હોય તો તેમાં જેટલાં ત્રિપ્રદેશી આદિ દ્રવ્યો રહેશે તેઓ બધાં પણ ત્રિપ્રદેશાવગાહી હોવાને કારણે એક ત્રિપ્રદેશાત્મક વિભાગમાં એક આનુપૂર્વી દ્રવ્ય રૂપે સ્વીકૃત થયેલા મનાશે આ ત્રિપ્રદેશાત્મક એક વિભાગમાં જો એક આનુપૂર્વી દ્રવ્ય રહેતું હોય, તો લોકના ત્રિપ્રદેશાત્મક અસંખ્યાત વિભાગોમાં અસંખ્યાત આનુપૂર્વી દ્રવ્યો રહેતા હશે આ પ્રકારે આનુપૂર્વી દ્રવ્યોની સંખ્યા પણ અસંખ્યાત હોવાની વાત સિદ્ધ થઈ જાય છે. ॥સૂ૦૧૧૧॥

क्षेत्रप्रमाणद्वार का निरुपण

"णेगमववहाराणं खेत्ताणुपुव्वी" इत्यादि—

शब्दार्थ–(णेगमववहाराणं खेत्ताणुपुव्वीदव्वाइं लोगस्स किं संखिज्जइ भागे होज्जा) हे भगवन्! नैगमव्यवहार नयसंमत क्षेत्रानुपूर्वी द्रव्यो शुं लोकना संख्यातमां भागमां छे? के (असंखिज्जइभागे होज्जा?) असंख्यातमां भागमां होय छे? (जाव सव्वलोए होज्जा?) के समस्त लोकमां होय छे?

उत्तर–(एगं दव्वं पडुच्च लोगस्स संखिज्जइभागे वा होज्जा, असंखिज्जइभागे वा होज्जा, संखेज्जेसु भागेसु वा होज्जा, असंखेज्जेसु भागेसु वा होज्जा, देसूणे वा लोए होज्जा) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગમાં પણ રહે છે, અસંખ્યાતમાં

ભાગમાં પણ રહે છે, સંખ્યાત ભાગોમાં પણ રહે છે, અસંખ્યાત ભાગોમાં પણ રહે છે, કારણ કે સ્કંધ દ્રવ્યોની પરિણમનશક્તિ વિચિત્ર હોય છે. વિચિત્ર પ્રકારની પરિણમનશક્તિવાળા હોવાને કારણે સ્કંધ દ્રવ્યોનો અવગાહ લોકના સંખ્યાતમાં આદિ ભાગોમાં હોય છે. કારણ કે વિશિષ્ટ ક્ષેત્રમાં અવગાહથી ઉપલક્ષિત થયેલાં સ્કંધદ્રવ્યોને જ ક્ષેત્રાનુપૂર્વી રૂપે ગણવામાં આવે છે. તથા એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આનુપૂર્વી દ્રવ્ય અમુક ન્યૂન દેશપ્રમાણ-દેશોન-લોકમાં પણ અવગાહિત હોય છે.

શંકા-દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ કરતાં પહેલાં આપે એવું કહ્યું છે કે "પુદ્ગલ દ્રવ્યનો સૌથી મોટો સ્કંધ કે જે અનંતાનંત પરમાણુઓમાંથી બને છે, અને જેને અચિત્ત મહાસ્કંધ કહેવામાં આવે છે, તે સર્વલોકવ્યાપી છે." આ પ્રકારે આ અચિત્ત મહાસ્કંધની અપેક્ષાએ એક અનાનુપૂર્વી દ્રવ્ય જો સમસ્ત લોકમાં વ્યાપક હોય તો આપની એ વાત કેવી રીતે માની શકાય કે આનુપૂર્વી દ્રવ્યનો એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તે અમુક દેશોન (દેશ ન્યૂન) લોકમાં વ્યાપીને રહે છે? કારણ કે સમસ્ત લોક-વર્તી અસંખ્યાત પ્રદેશરૂપ ક્ષેત્રાનુપૂર્વી છે, અને તેમાં અવગાહી (રહેલો) હોવાથી પરિપૂર્ણ અચિત્ત મહાસ્કંધમાં પણ ક્ષેત્રાનુપૂર્વીત્વ માનવામાં કોઈ પણ વાંધો જણાતો નથી.

ઉત્તર-એવો સિદ્ધાંત છે કે આ લોક આનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોથી રહિત કદી હોતો નથી જો આનુપૂર્વી દ્રવ્યને સર્વલોકવ્યાપી માનવામાં આવે, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોને રહેવાનું સ્થાન જ બાકી ન રહે! અને તે કારણે તેમનો અભાવ જ માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે જો એવું માનવામાં આવે કે દેશોન (દેશ ન્યૂન) લોકમાં એક આનુપૂર્વી દ્રવ્ય વ્યાપીને રહે છે, તો અચિત્ત મહાસ્કંધ વડે પૂરિત થયેલા લોકમાં પણ ઓછામાં ઓછો એક પ્રદેશ એવો પણ બાકી રહેશે કે જેમાં અનાનુપૂર્વી દ્રવ્યનો સદ્ભાવ હોઈ શકે, તથા તે લોકમાં બે પ્રદેશ એવા પણ બાકી રહેશે કે જેમાં અવક્તવ્યક દ્રવ્યનો અવગાહ સંભવી શકશે તે એક અને બે પ્રદેશોમાં આનુપૂર્વી દ્રવ્યનો પણ સદ્ભાવ રહે છે, છતાં પણ તે ત્યાં અપ્રધાન હોવાને કારણે તેની વિવક્ષા અહીં કરી નથી અનાનુપૂર્વી અને અવક્તવ્યક, આ બે દ્રવ્યોની જ ત્યાં પ્રધાનતા હોવાથી તેમની જ વિવક્ષા કરવામાં આવી છે. તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે આનુપૂર્વી દ્રવ્યનો એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેની અવગાહના દેશોન લોકમાં છે. એજ વાતને "महाखंधा पुण्णेवि य" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા અહીં પ્રકટ કરવામાં આવી છે.

શંકા-જો એક આનુપૂર્વી દ્રવ્ય ક્ષેત્રાનુપૂર્વીમાં દેશોન (દેશ ન્યૂન) લોકવ્યાપી હોય, તો દ્રવ્યાનુપૂર્વીમાં પણ એવી જ વાતનો સ્વીકાર થવો જોઇએ પરન્તુ દ્રવ્યાનુપૂર્વીમાં એવી વાતનો સ્વીકાર કરવાને બદલે આનુપૂર્વી દ્રવ્યને સર્વલોકવ્યાપી કહેવામાં આવેલ છે. ક્ષેત્રાનુપૂર્વીમાં આનુપૂર્વી દ્રવ્યને

સર્વલોકવ્યાપી માનવામાં આવે એવો પ્રસંગ પ્રાપ્ત થવાનો ભય બતાવ્યો છે કે એ પ્રકારની માન્યતાનો સ્વીકાર કરવામાં આવે તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્ય ને રહેવાના સ્થાનનો જ અભાવ રહેવાને કારણે તે દ્રવ્યોનો અભાવ માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે. તો આનુપૂર્વી દ્રવ્યને સર્વલોકવ્યાપી માનવામાં આવે તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોનો પણ અભાવ માનવાનું કારણ અહીં પણ ઉપસ્થિત થશે પરન્તુ એવી વાત તો સંભવિત નથી, કારણ કે તે બન્નેનો સદ્ભાવ સદા માનવામાં આવેલો જ છે.

ઉત્તર–દ્રવ્યાનુપૂર્વીમાં દ્રવ્યોના જ આનુપૂર્વી આદિ ભાવનું કથન કરવામાં આવ્યું છે-આકાશરૂપ ક્ષેત્રના આનુપૂર્વી આદિ ભાવનું કથક થયું નથી, કારણ કે દ્રવ્યાનુપૂર્વીમાં આકાશ રૂપ ક્ષેત્રનો વિચાર અધિકૃત નથી. આનુપૂર્વી આદિ દ્રવ્યોનો પરસ્પરમાં ભેદ હોવા છતાં પણ તેમનું અવસ્થાન એક પણ આકાશપ્રદેશ રૂપ ક્ષેત્રમાં સહેજ પણ વિરૂદ્ધ પડતું નથી જેવી રીતે એક કોઠાની અંદર પ્રદીપો (દીવા) ની પ્રભાઓની અવસ્થિતિમાં કોઇ વિરોધ પડતો નથી, એજ પ્રમાણે દ્રવ્યાનુપૂર્વીમાં આનુપૂર્વી દ્રવ્યોને સમસ્ત લોકમાં વ્યાપક માનવા છતાં પણ ત્યાં અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોને રહેવામાં અવકાશ રૂપ દોષની આપત્તિનો પ્રસંગ બિલકુલ પ્રાપ્ત થતો નથી. પરન્તુ ક્ષેત્રાનુપૂર્વીમાં દ્રવ્યોના જે આનુપૂર્વી આદિ ભાવ કહેવામાં આવ્યા છે તે તો ઔપચારિક જ છે, કારણ કે આ ક્ષેત્રાનુપૂર્વીમાં ક્ષેત્રમાં જ આનુપૂર્વી આદિ રૂપ ભાવ મુખ્ય રૂપે વિવક્ષિત થયા છે તેનું કારણ એ છે કે તેનો જ અધિકાર અહીં ચાલી રહ્યો છે તેથી ક્ષેત્રાનુપૂર્વીમાં જો લોકના સમસ્ત પ્રદેશો આનુપૂર્વી વડે વ્યાપ્ત થઇ જાય, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોનો જેમાં સદ્ભાવ હોય એવાં અન્ય પ્રદેશો રૂપ ક્ષેત્રનો સદ્ભાવ જ કયાંથી રહે! આ પ્રકારની પરિસ્થિતિમાં એવું કેવી રીતે કહી શકાય કે જે આકાશપ્રદેશોમાં આનુપૂર્વીઓનો સદ્ભાવ છે, એજ આકાશપ્રદેશોમાં અનાનુપૂર્વીઓ અને અવક્તવ્યકોનો પણ સદ્ભાવ છે! જો આ બાબતને અનુલક્ષીને એવી દલીલ કરવામાં આવે કે "જે આકાશપ્રદેશોમાં આનુપૂર્વી દ્રવ્યો અવગાહિત હોય છે, એજ પ્રદેશોમાં બાકીના બન્ને દ્રવ્યો અવગાહિત હોય છે, અને તે કારણને લીધે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોથી અધિષ્ઠિત એવાં એજ અમુક પ્રદેશોને અનાનુપૂર્વી અને અવક્તવ્યક રૂપે કહી શકાશે." આ પ્રકારની માન્યતા પણ બરાબર નથી, કારણ કે આ પ્રકારની માન્યતાનો સ્વીકાર કરવાથી દ્રવ્યના અવગાહની ભિન્નતાને લીધે ક્ષેત્રમાં પણ ભિન્નતા આવી જાય છે. તેની જ અહીં વિવક્ષા ચાલી રહી છે આ સમસ્ત કથનનું તાત્પર્ય એ છે કે દ્રવ્યાનુપૂર્વીમાં આનુપૂર્વી દ્રવ્યોનું સમસ્ત લોકમાં અવસ્થાન હોવા છતાં પણ અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોનું ત્યાં અવસ્થાન માનવામાં કોઇ દોષ નથી પરન્તુ ક્ષેત્રાનુપૂર્વીમાં જો આનુપૂર્વી સમસ્ત લોકવ્યાપી માનવામાં આવે એટલે કે લોકના સમસ્ત પ્રદેશોને જો આનુપૂર્વી રૂપ માનવામાં આવે, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો જેમાં અવગાહિત થઇ શકે એવાં અનાનુપૂર્વી પ્રદેશો કોને માનવા? તેથી એવું જ માનવું પડશે કે આ ક્ષેત્રાનુપૂર્વીમાં એકપ્રદેશ અનાનુપૂર્વી ક્ષેત્રાનુપૂર્વીનો વિષય છે અને બે પ્રદેશ અવક્તવ્યક ક્ષેત્રાનુપૂર્વીનો વિષય છે. આ

રીતે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોને રહેવા માટે લોકના આ ત્રણ પ્રદેશો છે. તે પ્રદેશોમાં જો કે આનુપૂર્વી દ્રવ્ય પણ અવગાહિત થઇને રહે છે, પરન્તુ તેની ત્યાં ગૌણતા છે અને બાકીના બે દ્રવ્યોની પ્રધાનતા છે. આ પ્રકારે અવગાહિત દ્રવ્યોની અપેક્ષાએ અવગાહરૂપ આકાશમાં પણ ભેદ આવી જાય છે. તેથી અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના વિષય રૂપ ત્રણ પ્રદેશો સિવાયના લોકના બાકીના સમસ્ત પ્રદેશો આનુપૂર્વીરૂપ છે. તથા એક પ્રદેશ અનાનુપૂર્વી રૂપ અને બે પ્રદેશો અવક્તવ્યક રૂપ છે. આ કારણે ત્રણ પ્રદેશરૂપ દેશની અપેક્ષાએ લોકમાં ન્યૂનતા પ્રકટ કરવામાં આવી છે. એટલે કે લોકના તે ત્રણ પ્રદેશો આનુપૂર્વી રૂપ નથી અને બાકીના સમસ્ત પ્રદેશો આનુપૂર્વી રૂપ છે. આ રીતે એ કથન સિદ્ધ થાય છે કે ક્ષેત્રાનુપૂર્વીમાં એક અનાનુપૂર્વી દ્રવ્યને આશ્રિત કરીને ત્રણ પ્રદેશ ન્યૂન સમસ્ત લોકમાં આનુપૂર્વી દ્રવ્યની અવગાહના છે.

તથા (णाणादव्वाइं पडुच्च नियमा) વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય નિયમથી જ સર્વલોકમાં અવગાહી (રહેલું) છે. એટલે કે લોકના ત્રણ આદિ પ્રદેશોમાં રહેલા આનુપૂર્વી દ્રવ્યોના ભેદથી વિભિન્ન પ્રકારના આનુપૂર્વી દ્રવ્યો વડે સમસ્ત લોક વ્યાપ્ત છે. (णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (अणाणुपुव्वी दव्वाणं) અનાનુપૂર્વી દ્રવ્યોના (पुच्छाए) પ્રશ્નોમાં (વિષયમાં) તો આ પ્રમાણે સમજવું જોઈએ– (एगं दव्वं पडुच्च) જો એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (नो संखिज्जइभागे होज्जा) અનાનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગમાં અવગાહી નથી, (नो संखेज्जेसु भागेसु होज्जा), લોકના સંખ્યાત ભાગોમાં પણ અવગાહી નથી, (नो असंखेज्जेसु भागेसु होज्जा) અસંખ્યાત ભાગોમાં પણ અવગાહી નથી, (नो सव्वलोए होज्जा) અને સમસ્ત લોકમાં પણ અવગાહી નથી, પરન્તુ (असंखेज्जइभागे होज्जा) લોકના અસંખ્યાતમાં ભાગમાં અવગાહી છે. આ સઘળા કથનનો ભાવાર્થ એ છે કે એક અનાનુપૂર્વી દ્રવ્યની બાબતમાં એવો વિચાર કરવામાં આવે કે "એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના કેટલા ભાગમાં અવગાહી છે? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે તે લોકના અસંખ્યાતમાં ભાગમાં જ અવગાહી છે. કારણ કે અનાનુપૂર્વી દ્રવ્ય રૂપે એજ દ્રવ્ય વિવક્ષિત થયું છે કે જે લોકના એક પ્રદેશમાં જ રહેલું હોય છે. લોકનો એક પ્રદેશ લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેલો હોય છે. તે કારણે અનાનુપૂર્વી દ્રવ્યને લોકના અસંખ્યાતમાં ભાગમાં જ અવગાહી માનવામાં આવ્યું છે.

(णाणादव्वाइं पडुच्च) વિવિધ અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (णियमा सव्वलोए होज्जा) તો તેમને નિયમથી જ સર્વલોકવ્યાપી માનવામાં આવેલ છે, કારણ કે એક એક પ્રદેશમાં અવગાઢ અનાનુપૂર્વી દ્રવ્યોના ભેદો સમસ્ત લોકને વ્યાપ્ત કરીને રહેલાં હોય છે. (एवं अवत्तव्वगदव्वाणि वि भाणियव्वाणि) અનાનુપૂર્વી દ્રવ્યોના જેવું જ કથન અવક્તવ્યક દ્રવ્યો વિષે પણ અહીં ગ્રહણ કરવું જોઈએ એટલે કે એક અવક્તવ્યક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો એમ કહેવું જોઈએ કે એક અવક્તવ્યક દ્રવ્ય લોકના અસંખ્યાતમાં ભાગમાં જ અવગાહી હોય છે, કારણ કે લોકના બે પ્રદેશોમાં જ અવગાહિત થયેલા દ્રવ્યને અવક્તવ્યક

દ્રવ્ય કહેવામાં આવે છે. લોકના તે બે પ્રદેશોને લોકના અસંખ્યાત પ્રદેશોની સાથે સરખાવવામાં આવે તો લોકના અસંખ્યાતમાં ભાગની બરાબર જ હોય છે. તે કારણે જ એક અવક્તવ્યક દ્રવ્યને લોકના અસંખ્યાતમાં ભાગમાં જ રહેલું માનવામાં આવ્યું છે. વિવિધ અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ વિચારવામાં આવે તો તે સઘળાં અવક્તવ્યક દ્રવ્યો લોકના બધ્ધે પ્રદેશોમાં વ્યાપ્ત હોવાને કારણે તેમને સર્વલોકવ્યાપી માનવામાં આવ્યાં છે.

શંકા—આપે અહીં એવું પ્રતિપાદન કર્યું છે કે આનુપૂર્વી આદિ જે દ્રવ્યો છે તેઓ સમસ્ત લોકવ્યાપી છે. આપના આ કથન વડે તો એવું પ્રતિપાદિત થાય છે કે જે આકાશપ્રદેશોમાં આનુપૂર્વી દ્રવ્યો રહે છે, એજ પ્રદેશોમાં અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો પણ રહે છે, આ પ્રકારનું કથન સંગત લાગતું નથી, કારણ કે એક જ ક્ષેત્રમાં પરસ્પરથી વિરૂદ્ધ એવાં આનુપૂર્વી આદિ દ્રવ્યોનો અવગાહ કેવી રીતે સંભવી શકે? ભિન્ન ભિન્ન વિષયો સાથે સંબંધિત આ ત્રણેનો એક જ ક્ષેત્રમાં કેવી રીતે સદ્ભાવ હોઈ શકે? શંકાકારની શંકાનો ભાવાર્થ એવો છે કે આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોનું અસ્તિત્વ એક જ ક્ષેત્રમાં કેવી રીતે સંભવી શકે? આ આનુપૂર્વી આદિ ભાવો પરસ્પરથી બિલકુલ વિરૂદ્ધ ગુણધર્મો ધરાવે છે, તે પ્રત્યેકનો વિષય પરસ્પરથી ભિન્ન ભિન્ન છે, છતાં તેમને આપ સર્વલોક વ્યાપી કેવી રીતે કહો છો? જો તે ત્રણે વ્યાપ્ય રૂપ હોત તો એક ક્ષેત્રમાં તેમનો સદ્ભાવ માની શકાત, પરન્તુ તેઓ વ્યાપ્ય રૂપ નથી તે ત્રણે વ્યાપક દ્રવ્ય રૂપ છે. આ પરિસ્થિતિમાં જે આકાશપ્રદેશોને આનુપૂર્વી રૂપે ઓળખવામાં આવશે, એજ આકાશપ્રદેશોને આનુપૂર્વી અને અવક્તવ્યક રૂપે કેવી રીતે કહી શકાશે? તેથી અનાનુપૂર્વી આદિ ભાવોને વ્યાપક માનવામાં આવે તો એક જ આકાશરૂપ ક્ષેત્રમાં આનુપૂર્વી આદિ વ્યપદેશ ભિન્ન વિષયવાળો હોવાને કારણે પરસ્પરથી વિરૂદ્ધ પડે છે.

ઉત્તર—આકાશ રૂપ ક્ષેત્ર જો એક જ માનવામાં આવ્યું હોત તો આ પ્રકારની શંકા સંગત ગણી શકાત. પરન્તુ એવું નથી કારણ કે ત્રણ આદિ પ્રદેશોમાં અવગાઢ જે આનુપૂર્વી દ્રવ્ય છે, તેના કરતાં એક પ્રદેશાવગાઢ અનાનુપૂર્વી દ્રવ્ય ભિન્ન છે અને તે બન્ને કરતાં દ્વિપ્રદેશાવગાઢ અવક્તવ્યક દ્રવ્ય ભિન્ન છે. આ રીતે આધેય રૂપ જે અવગાહક દ્રવ્ય છે, તેના ભેદથી આધારરૂપ અવગાહ્ય ક્ષેત્રમાં ભેદ આવી જ જાય છે. આ પ્રમાણે થવાથી ત્યાં વ્યપદેશ ભેદ થવો તે યુક્ત જ લાગે છે—અસંગત લાગતો નથી જુદા જુદા સહકારીઓની સન્નિધાનતા વડે તે તે ધર્મની અભિવ્યક્તિ થાય ત્યારે અનન્ત ધર્માત્મક એક જ વસ્તુમાં યુગપત્ (એક સાથે) વ્યપદેશ ભેદ થતો જોવામાં આવે છે, જેમકે ખડ્ગ, કુન્ત, કવચ આદિ વડે યુક્ત એક જ દેવદત્ત આદિ વ્યક્તિમાં ખડ્ગી, કુન્તી, કવચી ઇત્યાદિ વ્યપદેશ-ભેદ જોવામાં આવે છે. તેથી અનાનુપૂર્વી આદિ ભાવોને એક ક્ષેત્રમાં વ્યાપક માનવામાં આવે તો તેમાં આનુપૂર્વી આદિ રૂપે વ્યપદેશ નિર્દોષ છે. ॥ સૂ૦ ૧૧૨ ॥

સ્પર્શનાદ્વાર કા નિરુપણ

હવે સૂત્રકાર સ્પર્શનાદ્વારની પ્રરૂપણા કરે છે—

" णेगमववहाराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–પ્રશ્ન–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं लोगस्स किं संखेज्जइ भागं फुसंति, असंखिज्जइभागं फुसंति, संखेज्जे भागे फुसंति, जाव सव्वलोयं फुसंति?) નૈગમવ્યવહારનયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો શું લોકના સંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે? કે અસંખ્યાતમાં ભાગનો સ્પર્શ કરે છે? કે સંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે? કે અસંખ્યાત ભાગોનો સ્પર્શ કરે છે? કે સમસ્ત લોકનો સ્પર્શ કરે છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (संखिज्जइभागं वा फुसइ) આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગનો પણ સ્પર્શ કરે છે, (असंखिज्जइभागं वा) અસંખ્યાતમાં ભાગનો પણ સ્પર્શ કરે છે, (संखेज्जे भागे वा, असंखेज्जे भागे वा) સંખ્યાત ભાગોનો પણ સ્પર્શ કરે છે, અસંખ્યાત ભાગોનો પણ સ્પર્શ કરે છે, (देसूणं वा लोगं फुसइ) અને દેશોન લોકનો પણ સ્પર્શ કરે છે. (नाणादव्वाइं पडुच्च णियमा सव्वलोयं फुसंति) વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આનુપૂર્વી દ્રવ્યો નિયમથી સર્વલોકનો સ્પર્શ કરે છે. (अणाणुपुव्वी दव्वाइं अवत्तव्वगदव्वाइं च जहा खेत्तं नवरं फुसणा भाणियव्वा) અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોની સ્પર્શના વિષેનું કથન પૂર્વોક્ત ક્ષેત્રદ્વારના કથન મુજબ જ સમજવું જોઇએ.

ભાવાર્થ–નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યોમાંનું કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાતમાં ભાગની, કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગોની, કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગોની અને કોઈ એક આનુપૂર્વી દ્રવ્ય દેશોન સર્વલોકની સ્પર્શના કરે છે. અહીં " એક આનુપૂર્વી દ્રવ્ય દેશોન સર્વલોકની સ્પર્શના કરે છે." આ પ્રકારનું જે કથન થયું છે તેનું કારણ એ છે કે જો એક આનુપૂર્વી દ્રવ્ય સમસ્ત લોકની સ્પર્શના કરતું હોય, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક

કાળદ્વાર કા પ્રરુપણ

દ્રવ્યોને સ્પર્શના કરવા માટેના સ્થાનનો અવકાશ જ ન રહે. તે બન્ને દ્રવ્યની સ્પર્શના પણ અવકાશ મળી રહે તે માટે આનુપૂર્વી દ્રવ્યની સ્પર્શના સમસ્ત લોકમાં કહેવાને બદલે દેશોન લોકમાં કહી છે. વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આનુપૂર્વી આદિ ત્રણે દ્રવ્યો નિયમથી જ સર્વલોકની સ્પર્શના કરે છે. ॥સૂ૦૧૧૩॥

હવે સૂત્રકાર કાળદ્વારની પ્રરૂપણા કરે છે—

" णेगमववहाराणं आणुपुव्वी " ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वीदव्वाइं) સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો (कालओ) કાળની અપેક્ષાએ (केवच्चिरं होई?) કેટલા સમય સુધી આનુપૂર્વી રૂપે રહે છે? એટલે કે આનુપૂર્વી દ્રવ્યોનો ક્ષેત્રમાં–ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થઈને રહેવાનો કાળ કેટલો છે? કારણ કે

એ વાત તો પહેલાં જ પ્રકટ કરવામાં આવી ચુકી છે કે ક્ષેત્રમાં અવગાહ પર્યાયની પ્રધાન રૂપે વિવક્ષા છે. અને તેથી જ ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થયેલાં દ્રવ્યોમાં જ આનુપૂર્વી આદિ ભાવનું કથન ક્ષેત્રાનુપૂર્વીમાં કરવામાં આવ્યું છે. તેથી અહીં પ્રશ્નકર્તાનો એવો પ્રશ્ન છે કે તે આનુપૂર્વી આદિ દ્રવ્ય ત્રણ આદિ પ્રદેશરૂપ ક્ષેત્રમાં કેટલા સમય સુધી આનુપૂર્વી આદિ રૂપે અવગાહિત રહે છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (जहन्नेणं एगं समयं) એક આનુપૂર્વી દ્રવ્ય ઓછામાં ઓછા એક સમય સુધી અને (उक्कोसेणं असंखिज्जं कालं) વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી ક્ષેત્રમાં અવગાહિત રહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–બે પ્રદેશોમાં અવગાહિત થયેલું અથવા એક પ્રદેશમાં અવગાહિત થયેલું દ્રવ્ય પરિણમનની વિચિત્રતાથી જ્યારે ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થાય છે, ત્યારે તેમાં 'આનુપૂર્વી' પદનો વ્યપદેશ થાય છે–તેને આનુપૂર્વી રૂપે કહી શકાય છે. તે દ્રવ્ય ઓછામાં ઓછું એક સમય સુધી ત્યાં આનુપૂર્વી રૂપે અવગાહિત રહીને ત્યાર બાદ પહેલાની જેમ જ બે પ્રદેશોમાં કે એક પ્રદેશમાં અવગાહિત થઈ જાય છે. તેથી આનુપૂર્વી દ્રવ્યોની ત્રણ આદિ પ્રદેશોમાં રહેવાની જઘન્ય સ્થિતિ એક સમયની કહી છે. એજ પ્રમાણે આનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી આનુપૂર્વી દ્રવ્ય રૂપે અવગાહિત રહીને ત્યાર બાદ બે પ્રદેશાવગાહી કે એક પ્રદેશાવગાહી બની જાય છે. આ પ્રકારે આનુપૂર્વી દ્રવ્યની આનુપૂર્વી દ્રવ્ય રૂપે રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળની થઈ જાય છે. તે અનંત કાળ સુધી ત્યાં આનુપૂર્વી દ્રવ્ય રૂપે રહી શકતું નથી, કારણ કે એક દ્રવ્ય એક અવગાહમાં વધારેમાં વધારે અસંખ્યાત કાળ સુધી જ રહી શકે છે.

તથા (णाणादव्वाइं पडुच्च) અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આનુપૂર્વી દ્રવ્યોની આનુપૂર્વી દ્રવ્યો રૂપે રહેવાની સ્થિતિ (णियमा सव्वद्धा) નિયમથી સાર્વકાલિક કહી છે. એટલે કે ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત જે આનુપૂર્વી દ્રવ્યોના ભેદો છે તેમનું અસ્તિત્વ સદા રહે છે જ (एवं दोण्णि वि) એજ પ્રમાણે એક અનાનુપૂર્વી દ્રવ્યની જઘન્ય સ્થિતિ પણ એક સમયની કહી છે. એટલે કે એક અનાનુપૂર્વી દ્રવ્ય ઓછામાં ઓછું એક સમય સુધી એક પ્રદેશમાં અવગાહિત રહીને ત્યાર બાદ બે આદિ પ્રદેશોમાં અવગાહિત થઈ જાય છે. તેથી જ એક અનાનુપૂર્વી દ્રવ્યની જઘન્ય સ્થિતિ એક સમયની કહી છે. પરન્તુ જ્યારે એજ અનાનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત સમય સુધી એક પ્રદેશમાં અવગાહિત રહીને ત્યાર બાદ બે આદિ પ્રદેશોમાં અવગાઢ (સ્થિત) થઈ જાય છે, ત્યારે તે અનાનુપૂર્વી દ્રવ્યની તે એક પ્રદેશમાં રહેવાની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળની મનાય છે. જો અનેક અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો અનેક અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યોની સ્થિતિનો કાળ એક પ્રદેશમાં અવગાહિત થયેલા અનાનુપૂર્વી દ્રવ્યના ભેદોનો સર્વદા સદ્ભાવ હોવાથી સાર્વકાલિક માનવામાં આવ્યો છે.

બે પ્રદેશોમાં અવગાઢ (સ્થિત) અવક્તવ્યક દ્રવ્ય એક સમય પછી એક પ્રદેશમાં અથવા ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થઈ જાય, તો જઘન્યની

અપેક્ષાએ તેની અવગાહસ્થિતિનો કાળ એક સમયનો કહ્યો છે. તથા અસં-ખ્યાત કાળ બાદ બે પ્રદેશોમાંના પોતાના અવગાહને છોડનારા તે અવક્તવ્યક દ્રવ્યની વધારેમાં વધારે અવગાહસ્થિતિ અસંખ્યાતકાળની કહી છે. તથા અનેક અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો બે પ્રદેશોમાં અવગાઢ અવક્તવ્યક દ્રવ્યોના ભેદોનો સર્વદા સદ્ભાવ જ રહેવાને કારણે તેમની અવગાહસ્થિતિ સાર્વકાલિક માનવામાં આવી છે. આ પ્રકારે આ બન્ને દ્રવ્યોની અવગાહસ્થિતિનો કાળ આનુપૂર્વી દ્રવ્યોની અવગાહસ્થિતિ કાળ પ્રમાણે જ સમજવો જોઇએ.

ભાવાર્થ–આ સૂત્રમાં સૂત્રકારે એ વાત સ્પષ્ટ કરી છે કે આનુપૂર્વી આદિ દ્રવ્યો ત્રણ આદિ પ્રદેશોરૂપ ક્ષેત્રમાં પોતપોતાના મૂળ રૂપે કેટલા કાળ સુધી અસ્તિત્વમાં રહે છે? આ વાતનો ઉત્તર સૂત્રકારે એક દ્રવ્ય અને અનેક દ્રવ્યોને અનુલક્ષીને આપ્યો છે. આ સમસ્ત સૂત્રનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–આનુપૂર્વી દ્રવ્ય ત્રણ આદિ પ્રદેશોમાં એક સમય સુધી આનુપૂર્વી દ્રવ્ય-

અન્તરદ્વારકા નિરુપણ

રૂપે સ્થિત રહીને જો એક પ્રદેશમાં અથવા બે પ્રદેશોમાં અવગાહિત થઈ જાય છે, તો એ પરિસ્થિતિમાં એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યનો સ્થિતિકાળ એક સમયનો ગણાય છે. પરન્તુ એજ આનુપૂર્વી દ્રવ્ય જો તે ત્રણ આદિ પ્રદેશોમાં અસંખ્યાત કાળ સુધી અવગાહિત રહીને ત્યાર બાદ એક પ્રદેશમાં અથવા બે પ્રદેશોમાં અવગાહિત થઈ જાય, તો એવી પરિસ્થિતિમાં તેનો સ્થિતિકાળ અસંખ્યાતકાળનો માનવામાં આવે છે આ અસંખ્યાતકાળના સમયને તેનો ઉત્કૃષ્ટ કાળ સમજવો અને એક સમયના પૂર્વોકત કાળને તેનો જઘન્ય કાળ સમજવો. અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તે સમય સાર્વકાલિક છે, કારણ કે ત્રણ આદિ પ્રદેશોમાં એવો કોઈ પણ સમય નથી કે જેમાં કોઇને કોઈ આનુપૂર્વી દ્રવ્યનો ભેદ અવગાહિત ન હોય અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના એક અને બે પ્રદેશોમાં રહેવાના કાળના સંબંધમાં પણ આનુપૂર્વી દ્રવ્યોના કાળના જેવું જ કથન સમજવું ॥સૂ૦૧૧૪॥

હવે સૂત્રકાર અન્તરદ્વારનું નિરૂપણ કરે છે—

" णेगमववहाराणं " ઈત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वी दव्वाणं) આનુપૂર્વી દ્રવ્યોનું (अन्तरं) અન્તર (વ્યવધાન, આંતરો) (कालओ कियच्चिरं होई) કાળની અપેક્ષાએ કેટલા સમયનું હોય છે?

ઉત્તર–(तिण्हं पि एगं दव्वं पडुच्च) આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક આ ત્રણેના એક એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (जहन्नेणं एक्कं समयं) ઓછામાં ઓછું એક સમયનું અને (उक्कोसेणं असंखेज्जं कालं) ઉત્કૃષ્ટથી અસંખ્યાત કાળનું અંતર હોય છે. (नाणादव्वाइं पडुच्च) અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (णत्थि अंतरं) કોઈ અન્તર નથી.

શંકા–પ્રશ્નમાં તો આનુપૂર્વી દ્રવ્યો વિષે પ્રશ્ન પૂછવામાં આવ્યો છે,

પરન્તુ ઉત્તર રૂપે તો ત્રણે દ્રવ્યોની વાત કરવામાં આવી છે તેનું કારણ શું છે ?
ઉત્તર–તે ત્રણે દ્રવ્યોનું અન્તર સમાન હોવાથી ત્રણે દ્રવ્યોના અન્તરની વાત સાથે જ કરવામાં આવી છે.

ઉત્તર–આ અન્તરદ્વારનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–આ સૂત્રમાં અન્તર એટલે વિરહકાળ ગ્રહણ કરવો જોઇએ કોઈ એક ત્રણ આદિ પ્રદેશાવગાઢ આનુપૂર્વી દ્રવ્ય કોઇ એક વિવક્ષિત (અમુક) ક્ષેત્રમાંથી નીકળીને એક સમય સુધી કોઇ બીજા ક્ષેત્રમાં અવગાહિત થઇને ફરીથી પોતે એકલું અથવા કોઈ અન્ય દ્રવ્યની સાથે સંયુક્ત થઇને એજ વિવક્ષિત ત્રણ આદિ આકાશ રૂપ પ્રદેશોમાં અવગાઢ થાય, તો તે પરિસ્થિતિમાં તે એક આનુપૂર્વી દ્રવ્યનું અંતર કાળની અપેક્ષાએ (વિરહકાળ) એક સમયનું ગણાય છે, આ અન્તરને કાળની અપેક્ષાએ જઘન્ય અન્તર સમજવું તથા એજ દ્રવ્ય અન્ય ક્ષેત્ર પ્રદેશોમાં અસંખ્યાતકાળ સુધી ફરીને પોતે એકલું અથવા અન્ય દ્રવ્યો સાથે સંયુક્ત થઇને પહેલાં જે ક્ષેત્રમાં અવગાહિત થયું હતું એજ ક્ષેત્રમાં અવગાહિત થઇ જાય, તો તે પરિસ્થતિમાં તેનો ઉત્કૃષ્ટ વિરહકાળ અસંખ્યાતકાળનો ગણાય છે. અહીં એ વાત ધ્યાનમાં રાખવા જેવી છે કે દ્રવ્યાનુપૂર્વીમાં ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) અનન્ત કાળનો વિરહકાળ કહ્યો છે, પરન્તુ ક્ષેત્રાનુપૂર્વીમાં ઉત્કૃષ્ટ વિરહકાળ અનન્તકાળનો કહેવાને બદલે અસંખ્યાતકાળનો કહ્યો છે. તેનું કારણ નીચે પ્રમાણે છે—

દ્રવ્યાનુપૂર્વીમાં વિવક્ષિત દ્રવ્ય સિવાયના જે અન્ય દ્રવ્યો છે તે અનંત છે. તેથી તેમની સાથે તેનો ક્રમશઃ સંયોગ થઈને ફરીથી પોતાના સ્વરૂપની પ્રાપ્તિ થવામાં તેને અનંતકાળનું અન્તર પડી જાય છે. આ પ્રકારે પુનઃ સ્વરૂપ પ્રાપ્તિમાં અનન્તકાળનું અન્તર પડવાની વાત સિદ્ધ થઈ જાય છે. પરન્તુ અહીં (ક્ષેત્રાનુપૂર્વીમાં) વિવક્ષિત અવગાહક્ષેત્ર સિવાયનાં અન્યક્ષેત્રો તો અસંખ્યાતપ્રદેશ પ્રમાણ જ છે–અનંત પ્રદેશપ્રમાણ નથી તેથી પ્રત્યેક સ્થાનમાં અવગાહનાને આશ્રિત કરીને જે તેની સંયોગસ્થિતિ છે, તે અસંખ્યાતકાળની જ છે તેથી કોઇ વિવક્ષિત પ્રદેશમાંથી નીકળીને અન્ય અસંખ્યાત ક્ષેત્રોમાં પરિભ્રમણ કરીને તે દ્રવ્ય પોતે એકલું અથવા અન્ય દ્રવ્યની સાથે સંયુક્ત થઇને તે વિવક્ષિત પ્રદેશમાં અસંખ્યાતકાળ વ્યતીત થયા બાદ જ અવગાહિત થઈ જાય છે.

શંકા–અવગાહના ક્ષેત્ર સિવાયનું જે અન્ય ક્ષેત્ર છે તે ભલે અસંખ્યાત પ્રદેશોવાળું હોય તે વાત માનવામાં અમને કોઈ વાંધો નથી પરન્તુ એજ પ્રદેશોમાં વારંવાર પરિભ્રમણ કરવામાં તે દ્રવ્યને અનન્તકાળનું અન્તર પણ લાગી શકે છે. છતાં સૂત્રકારે અહીં અનન્તકાળના અન્તરને બદલે અસંખ્યાતકાળનું અન્તર શા માટે કહ્યું છે ?

ઉત્તર–વિવક્ષિત પ્રદેશરૂપ ક્ષેત્રમાંથી નીકળીને અન્ય અસંખ્યાત પ્રદેશ રૂપ ક્ષેત્રમાં દ્રવ્યનું પરિભ્રમણ અસંખ્યાત કાળ સુધી જ થાય છે. ત્યાર બાદ તે દ્રવ્ય નિયમથી જ તે વિવક્ષિત ક્ષેત્રમાં જ આવી જાય છે, કારણ કે તેનો એવો જ સ્વભાવ છે.

અથવા–ત્રણ આદિ પ્રદેશો રૂપ કોઇ વિવક્ષિત ક્ષેત્રમાંથી નીકળીને તે આનુપૂર્વી દ્રવ્ય અન્ય પ્રદેશમાં ચાલ્યું જાય છે, અને ત્યારબાદ તે ક્ષેત્ર સ્વભાવથી જ અસંખ્યાતકાળ બાદ એજ આનુપૂર્વી દ્રવ્ય સાથે, અથવા બીજું,

ગંધ, રસ, સ્પર્શ અને સંખ્યા આદિ ધર્મોની અપેક્ષાએ તેના જેવાં જ કોઇ બીજા આનુપૂર્વી દ્રવ્ય સાથે સંયુક્ત થઇ જાય છે એવો નિયમ છે. આ નિયમ પ્રમાણે અસંખ્યાતકાળનું અન્તર વ્યતીત થયા બાદ તે પ્રકારના આનુપૂર્વી દ્રવ્ય વડે તે ક્ષેત્ર અવશ્ય સંયુક્ત થઈ જાય છે. આ રીતે અસંખ્યાતકાળનું જ અન્તર પડવાની વાત સિદ્ધ થઈ જાય છે.

અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો કાળની અપેક્ષાએ કોઈ અન્તર જ પડતું નથી, આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે—ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થયેલાં સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો એક સાથે પોતાના સ્વભાવને છોડીને ફરી એજ ત્રણ આદિ પ્રદેશોમાં અવગાહિત થઈ જતાં હોય એવી વાત કોઇ પણ સમયે સંભવી શકતી નથી, કારણ કે અસંખ્યાત આનુપૂર્વી દ્રવ્યો સદા વિદ્યમાન રહે જ છે. તે કારણે અનેક દ્રવ્યોની અપેક્ષાએ અન્તરનો અભાવ કહ્યો છે. એજ પ્રમાણે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ અન્તર (વિરહકાળ)નું કથન સમજી લેવું જોઈએ. ॥સ્૦૧૧૫॥

ભાગદ્વારકા નિરુપણ

હવે સૂત્રકાર ભાગદ્વારનું નિરૂપણ કરે છે—

(णेगमववहाराण) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वीदव्वाइं) સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો (सेसदव्वाणं) બાકીનાં દ્રવ્યોના (અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોના) (कइभागे) કેટલામાં ભાગપ્રમાણ હોય છે?

ઉત્તર–(तिण्णि वि जहा दव्वाणुपुव्वीए) દ્રવ્યાનુપૂર્વી ભાગ દ્વારમાં જેવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ ત્રણે દ્રવ્યો વિષે સમજવું એટલે કે અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્ય તેમના અસંખ્યાતમાં ભાગપ્રમાણ વધારે છે તથા બાકીના દ્રવ્યો આનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે.

શંકા–આગળ એવું પ્રતિપાદન કરવામાં આવ્યું છે કે ત્રણ, ચાર આદિ પ્રદેશોમાં સ્થિત દ્રવ્યને આનુપૂર્વી કહે છે, એક એક પ્રદેશમાં સ્થિત દ્રવ્યને અનાનુપૂર્વી કહે છે અને બબ્બે પ્રદેશોમાં સ્થિત દ્રવ્યને અવક્તવ્યક કહે છે. આ ત્રણે દ્રવ્ય સર્વલોક વ્યાપી છે જો બુદ્ધિપૂર્વક વિચાર કરવામાં આવે તો તે ત્રણે દ્રવ્યોમાંથી આનુપૂર્વી દ્રવ્યનું પ્રમાણ સૌથી ઓછું હોવું જોઈએ તેનો ખુલાસો આ પ્રમાણે છે–"લોક અસંખ્યાત પ્રદેશોવાળો છે." હવે અહીં અસત્કલ્પનાનો આધાર લઇને એવું માની લઈએ કે લોકના ૩૦ પ્રદેશો છે. આ ૩૦ પ્રદેશોમાંના પ્રત્યેક પ્રદેશ પર અનાનુપૂર્વી દ્રવ્ય અવગાહિત છે. તેથી ૩૦ પ્રદેશોમાં ૩૦ અનાનુપૂર્વી દ્રવ્યોની અવગાહના માની લઈએ. લોકના બબ્બે પ્રદેશોમાં એક એક અવક્તવ્યક દ્રવ્ય અવગાહિત હોવાથી ૩૦ પ્રદેશોમાં અવગાહિત અવક્તવ્ય દ્રવ્યોની સંખ્યા ૧૫ માની લઇએ તથા આનુપૂર્વી દ્રવ્ય લોકના ઓછામાં ઓછા ત્રણ ત્રણ પ્રદેશોમાં અવગાહિત હોવાથી ૩૦ પ્રદેશોમાં અવગાહિત આનુપૂર્વી દ્રવ્યોની

સંખ્યા ૧૦ માની લઈએ આનુપૂર્વી દ્રવ્ય ત્રણથી લઈને અસંખ્યાત પર્યન્તના પ્રદેશોમાંથી નિષ્પન્ન થાય છે. તેથી અહીં તેને ત્રિપ્રદેશાવગાઢ માનીને ઉપર પ્રમાણેની ગણતરી કરવામાં આવી છે. આ રીતે વિચાર કરવામાં આવે તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં તેનું પ્રમાણ ઓછું દેખાય છે.

આ પ્રકારની માન્યતા બરાબર નથી તે હવે સ્પષ્ટ કરવામાં આવે છે– જે આકાશપ્રદેશો એક આનુપૂર્વી દ્રવ્યમાં ઉપયુક્ત થાય છે તેઓ જો અન્ય આનુપૂર્વી દ્રવ્યમાં ઉપયુક્ત થતા ન હોત તો એવું બની શકત. પરન્તુ એવું તો બનતું નથી કારણ કે ત્રણ પ્રદેશોમાં અવગાહિત એક આનુપૂર્વી દ્રવ્યમાં જે ત્રણ પ્રદેશો ઉપયુક્ત થાય છે, એજ ત્રણ પ્રદેશો અન્ય અન્ય રૂપે પરિણત થયેલા અન્ય આનુપૂર્વી દ્રવ્યો દ્વારા પણ પોતપોતાના ઉપયોગમાં લેવામાં આવે છે. આ રીતે લોકનો પ્રત્યેક પ્રદેશ અનેક ત્રિકસંયોગી આનુપૂર્વી દ્રવ્યોનો આધાર થાય છે, એજ પ્રમાણે ચતુષ્ક સંયોગીથી લઈને અસંખ્યાત સંયોગી પર્યન્તના આનુપૂર્વી દ્રવ્યોના વિષયમાં પણ સમજવું આ પ્રકારે પ્રત્યેક આકાશપ્રદેશ અનેક ત્રિ આદિ સંયોગાત્મક આનુપૂર્વી દ્રવ્યોમાં ઉપયુક્ત થાય છે. તેથી ત્રિ આદિ સંયોગાત્મક આનુપૂર્વી દ્રવ્ય રૂપ આધેયના ભેદને લીધે દરેક પ્રદેશ રૂપ આધારનો પણ ભેદ પડી જાય છે. કારણ કે જે સ્વરૂપે આકાશપ્રદેશો એક આધેયમાં ઉપયુક્ત થાય છે, એજ સ્વરૂપે તેઓ બીજા આધેયમાં પણ ઉપયુક્ત થતા નથી જો એવી વાત માનવામાં આવે કે આકાશપ્રદેશો જે સ્વરૂપે એક આધેયમાં ઉપયુક્ત થાય છે એજ સ્વરૂપે તેઓ અન્ય આધેય વસ્તુમાં પણ ઉપયુક્ત થાય છે, તો એક આધારસ્વરૂપમાં તેમની અવગાહના હોવાથી તે અનેક આધેયોમાં પણ ઘટમાં ઘટના સ્વરૂપની જેમ એકતા માનવાનો પ્રસંગ પ્રાપ્ત થશે, તેથી પોતાના સ્વરૂપની અપેક્ષાએ અસંખ્યાત પ્રદેશી લોકમાં ત્રિકસંયોગથી લઈને અસંખ્યાત સંયોગ પર્યન્તના જેટલા સંયોગો છે એટલાં જ આનુપૂર્વી દ્રવ્યો છે ત્રિ આદિ સંયોગો ઘણા હોવાને કારણે તે આનુપૂર્વી દ્રવ્યો બહુસંખ્યક છે, અને દ્વિકસંયોગો ઓછાં હોવાને કારણે અવક્તવ્યક દ્રવ્યો તેના કરતાં અલ્પ સંખ્યામાં છે. તથા જે અનાનુપૂર્વી દ્રવ્યો છે તેઓ પણ લોકના પ્રદેશોની સંખ્યાની બરાબર હોવાથી આનુપૂર્વી દ્રવ્યો કરતાં અલ્પ સંખ્યામાં છે. આ વાતને સ્પષ્ટ રીતે સમજવા માટે આ પ્રમાણેની કલ્પના કરો–ધારો કે આકાશપ્રદેશો પાંચ છે અને તેમનો આકાર આ પ્રમાણે છે– ∴ પ્રત્યેક પ્રદેશમાં એક એક અનાનુપૂર્વી દ્રવ્યો રહી શકે છે. તેથી પાંચ પ્રદેશોમાં પાંચ અનાનુપૂર્વી દ્રવ્યો રહી શકે એમ માની લો.

તથા દ્વિપ્રદેશ સંયોગી જે અવક્તવ્યક દ્રવ્યો છે, તેમની સંખ્યા અહીં આઠની આવે છે, કારણ કે અહીં દ્વિકપ્રદેશ સંયોગો આઠ આવે છે તે વાત ટીકામાં આપવામાં આવેલ આકૃતિ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે.

આ પાંચ પ્રદેશોમાં આનુપૂર્વી દ્રવ્યો ૧૬ સંભવી શકે છે. તેનો હિસાબ આ પ્રમાણે સમજવો–ત્રિકપ્રદેશ સંયોગના ૧૦, ચતુષ્પ્રદેશ સંયોગના

૫, અને પાંચપ્રદેશ સંયોગનું ૧, આ રીતે કુલ ૧૧ આનુપૂર્વી દ્રવ્યો થઇ જાય છે. તેમના જે ૧૦ ત્રિકપ્રદેશ સંયોગ કહ્યા છે તે નીચે પ્રમાણે સમજવા–મધ્યમાં જે પ્રદેશ વ્યવસ્થાપિત (રહેલો) છે, તેની સાથે ત્રિકપ્રદેશ સંયોગ ૧ આવે છે. એજ વાત ટીકામાં આપવામાં આવેલ આકૃતિદ્વારા સમજાવવામાં આવી છે. મધ્યપ્રદેશ સિવાયના જે ચાર પ્રદેશો ચારે દિશામાં આવેલા છે. તેમની સાથે ત્રિકપ્રદેશસંયોગ ચાર આવે છે તેમને પણ આ આકૃતિ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. આ પ્રકારે આ ત્રણ ત્રણ પ્રદેશોના સંયોગ ૧૦ થાય છે આ ત્રણ ત્રણ પ્રદેશોના સંયોગ જ ૧૦ આનુપૂર્વી દ્રવ્યોના આધારક્ષેત્રો છે. તથા ચાર ચાર પ્રદેશોના પાંચ સંયોગ આ પ્રમાણે થાય છે–મધ્યમાં જે પ્રદેશ વ્યવસ્થાપિત છે તેની સાથે ચતુષ્કસંયોગ ચાર થાય છે. તે ચતુષ્કસંયોગ જ ચાર આનુપૂર્વી દ્રવ્યોનાં આધારરૂપ ક્ષેત્રો છે. તેમને સંસ્કૃત ટીકામાં આપવામાં આવેલ આકૃતિ દ્વારા બતાવવામાં આવેલ છે તથા મધ્યપ્રદેશ સિવાયના ચાર દિશામાં વ્યવસ્થાપિત જે ચાર પ્રદેશો છે તેમના દ્વારા ચાર પ્રદેશી આનુપૂર્વી દ્રવ્યના એક ચતુષ્કસંયોગ રૂપ આધાર નિષ્પન્ન થાય છે, તેને પણ સંસ્કૃત ટીકામાં આપવામાં આવેલ આકૃતિ દ્વારા સ્પષ્ટ કરવામાં આવેલ છે. આ પ્રકારે ચતુષ્કસંયોગ રૂપ આધાર ક્ષેત્રના આનુપૂર્વી દ્રવ્ય પાંચ થાય છે. તથા તે પાંચ પ્રદેશના સંયોગથી નિષ્પન્ન પાંચપ્રદેશી એક આનુપૂર્વી દ્રવ્યને સમજવું સુગમ છે. ટીકામાં આપવામાં આવેલ આકૃતિમાં તેને સમજાવવામાં આવેલ છે. આ પ્રકારે પાંચ પ્રદેશોના પ્રસ્તારમાં પણ અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્યોની અધિકતા જોવામાં આવે છે, તો પછી અસંખ્યાત પ્રદેશોવાળા લોકમાં અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત ગણાં હોય એમાં નવાઈ પામવા જેવું શું છે?

ભાવાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે એ વાતનું પ્રતિપાદન કર્યું છે કે નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં અનેક ગણાં વધારે છે. અને આનુપૂર્વી દ્રવ્ય સિવાયના દ્રવ્યો આનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાતમાં ભાગપ્રમાણ છે. સૂત્રકારના આ કથન સામે કોઈ વ્યક્તિ એવી શંકા પ્રકટ કરે કે આપનું આ કથન બુદ્ધિગમ્ય

લાગતું નથી પોતાની શંકાના સમર્થનમાં તે એવી દલીલ કરે કે–અસંખ્યાત પ્રદેશોવાળા આ લોકમાં અનાનુપૂર્વી દ્રવ્યોની સંખ્યા સૌથી વધારે છે, અવક્તવ્યક દ્રવ્યોની સંખ્યા અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં ઓછી છે અને આનુપૂર્વી દ્રવ્યોની સંખ્યા તો અવક્તવ્યક દ્રવ્યો કરતાં પણ ઓછી છે. નીચેની કલ્પના દ્વારા તે પોતાની આ માન્યતાનું સમર્થન કરે છે. લોકના અસંખ્યાત પ્રદેશો માનવામાં આવ્યા છે. ધારો કે લોકના ૩૦ પ્રદેશો છે અનાનુપૂર્વી દ્રવ્ય લોકાકાશના એક એક પ્રદેશ રૂપ આધાર પર અવગાહિત છે. તેથી ૩૦ પ્રદેશોમાં અવગાહિત અનાનુપૂર્વી દ્રવ્યોની સંખ્યા ૩૦ ત્રીસ થાય છે અવક્તવ્યક દ્રવ્ય કે જે બેપ્રદેશી હોય છે તે લોકાકાશના બબ્બે પ્રદેશોમાં અવગાહિત હોય છે. તેથી તેમની સંખ્યા ૧૫ ની થાય છે. તથા આનુપૂર્વી દ્રવ્ય લોકાકાશના ત્રણ ત્રણ પ્રદેશોમાં અવગાહિત હોવાથી ૩૦ પ્રદેશોમાં અવગાઢ આનુપૂર્વી દ્રવ્યોની સંખ્યા બાકીના બન્ને દ્રવ્યો કરતાં ઓછી થવા છતાં આપ શા કારણે એવું કહો છો કે આનુપૂર્વી દ્રવ્યો બાકીના બન્ને દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં હોય છે?

આ શંકાનું અહીં નીચે પ્રમાણે સમાધાન કરવામાં આવ્યું છે–તમે કહો છો એવી વાત નથી, કારણ કે આકાશનો એક એક પ્રદેશ ભિન્ન ભિન્ન રૂપે પરિણત થયેલ અનેક ત્રણ આદિ અણુરૂપ આનુપૂર્વી દ્રવ્યોનું આધારસ્થાન છે. એક આનુપૂર્વી દ્રવ્યમાં આકાશના જે ત્રણ પ્રદેશો ઉપયુક્ત થાય છે, તે ત્રણ પ્રદેશો જો અન્ય આનુપૂર્વી દ્રવ્યોના ઉપયોગમાં આવી શકતા ન હોત તો એવી વાત સંભવી શકત કે આનુપૂર્વી દ્રવ્યો બાકીના બન્ને દ્રવ્યો કરતાં બહુ જ અલ્પ સંખ્યામાં છે. પરન્તુ પરિસ્થિતિ એવી છે કે આકાશના જે ત્રણ આદિ પ્રદેશો એક આનુપૂર્વી દ્રવ્યના કામમાં આવે છે, એજ પ્રદેશો અન્ય આનુપૂર્વી દ્રવ્યોના ઉપયોગમાં પણ આવે છે. જે આકાશના ત્રણ પ્રદેશો જે સ્વભાવને લીધે ત્રણ અણુવાળી એક આનુપૂર્વીના ઉપયોગમાં આવ્યા છે, તે ત્રણ પ્રદેશો એજ સ્વભાવથી ત્રણ અણુવાળાં, અને ચાર પ્રદેશવાળાં આદિ અનેક આનુપૂર્વી દ્રવ્યોના ઉપયોગમાં આવતાં નથી. તેમના સ્વભાવમાં આધેયની ભિન્નતાને લીધે ભિન્નતા આવી જાય છે. તેથી આકાશને સ્વભાવની ભિન્નતાને કારણે અસંખ્યાત પ્રદેશી માનવામાં આવેલ છે. ત્રિ અણુક આદિ રૂપ આનુપૂર્વી દ્રવ્યો પણ એક એકની સંખ્યામાં જ નથી, પરન્તુ પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય અનેક હોય છે.–ત્રિ અણુક આદિ પ્રત્યેક આનુપૂર્વી અનેક હોય છે–અને તેથી જ તે સમસ્ત આનુપૂર્વીઓ લોકવ્યાપી છે. અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યો પણ લોકવ્યાપી છે આ ત્રણેમાંથી આનુપૂર્વી દ્રવ્ય જ તે બન્ને દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણું છે, કારણ કે અનાનુપૂર્વી દ્રવ્યને માટે એક પ્રદેશ રૂપ આધારની અને અવક્તવ્યક દ્રવ્યને

માટે બે પ્રદેશ રૂપ આધારની આવશ્યકતા પડે છે, પરન્તુ આનુપૂર્વી દ્રવ્યને માટે એક, બે, ત્રણ આદિ સમસ્ત પ્રદેશરૂપ આધારની આવશ્યકતા રહે છે. તથા એક એક પ્રદેશમાં પણ અનેક આનુપૂર્વી દ્રવ્યો અવગાહિત છે, જ્યારે અનેક અનાનુપૂર્વી અને અનેક અવકતવ્યક દ્રવ્યો તો અનુક્રમે એક એક પ્રદેશમાં અને બબ્બે પ્રદેશોમાં જ અવગાહિત છે. હવે સૂત્રકાર લોકના પાંચ પ્રદેશો હોવાની કલ્પના કરીને આ વિષયનું સ્પષ્ટીકરણ કરે છે–ચાર દિશાઓમાં ચાર પ્રદેશની અને વચ્ચે એક પ્રદેશની સ્થાપના કરવી જોઇએ. તેની આકૃતિ આ પ્રમાણે બનશે–ઃ૦ઃ

અનાનુપૂર્વી દ્રવ્ય એક પ્રદેશાવગાહી હોય છે, તેથી એક એક પ્રદેશમાં એક એક અનાનુપૂર્વી દ્રવ્ય હોવાને કારણે પાંચ પ્રદેશ રૂપ આધારમાં પાંચ જ અનાનુપૂર્વી દ્રવ્યો સંભવી શકે છે. તેથી ઓછાં કે વધારે સંભવી શકતાં નથી. આ પાંચ પ્રદેશોમાં જો બબ્બે પ્રદેશોનો સંયોગ કરવામાં આવે, તો એવાં દ્વિકસંયોગ અહીં આઠ બને છે તે ઉપરની સંસ્કૃત ટીકામાં આપવામાં આવેલ આકૃતિમાં બતાવવામાં આવેલ છે–

આ આકૃતિમાં જે એક, બે આદિ અંકો લખ્યા છે, તે બબ્બે પ્રદેશોના સંયોગના પ્રદર્શક છે. આ રીતે તે બબ્બે પ્રદેશોના સંયોગ રૂપ જે આધાર છે, તેઓ એટલાં જ અવકતવ્યક દ્રવ્યોના આધાર રૂપ છે આ રીતે

ભાવદ્વારકા નિરુપણ

અહીં દ્વિકપ્રદેશ સંયોગરૂપ આધારવર્તી આઠ અવકતવ્યક દ્રવ્યો હોવાનો બોધ થઇ જાય છે, કારણ કે જેટલા આધાર છે એટલાં જ ત્યાં આનુપૂર્વી આદિ દ્રવ્યો છે એવું અહીં કહેવામાં આવ્યું છે.

આ પાંચ પ્રદેશોના સંયોગરૂપ આધાર ૧૬ હોવાથી આનુપૂર્વી દ્રવ્ય અહીં ૧૬ હોય છે. ચતુષ્કસંયોગ પાંચ અને પાંચ પ્રદેશોનો એક સંયોગ અહીં થાય છે. આ ચતુષ્કસંયોગ રૂપ પાંચ આધારોમાં પાંચ આનુપૂર્વી દ્રવ્યો અને પાંચ પ્રદેશોના સંયોગ રૂપ એક આધારમાં પાંચ પ્રદેશવાળું એક આનુપૂર્વી દ્રવ્ય રહે છે. પાંચ પ્રદેશોમાં બબ્બે પ્રદેશોના સંયોગ આઠ, ત્રણ ત્રણ પ્રદેશોના સંયોગ ૧૦, ચાર ચાર પ્રદેશોના સંયોગ પાંચ અને પાંચ પ્રદેશોનો સંયોગ એક બને છે, આ બધાં દ્વિકાદિ સંયોગ રૂપ આધાર કેવી રીતે બને છે, તે બધું સૂત્રાર્થમાં આકૃતિઓ દ્વારા સ્પષ્ટ કરવામાં આવ્યું છે. ।।સૂ૦૧૧૬।।

હવે ભાવદ્વારનું કથન કરવામાં આવે છે.—

" णेगमववहाराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं आणुपुव्वी दव्वाइं) નૈગમવ્યવહારનયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો (कयरंमि भावे होज्जा ?) કયા ભાવમાં વર્તમાન હોય છે ? ઉત્તર–(णियमा साइपारिणामिए भावे होज्जा) નૈગમવ્યવહાર નયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો નિયમથી જ સાદિપારિણામિક ભાવવર્તી હોય છે (एवं दोण्णि वि) એવું જ કથન અનાનુપૂર્વી દ્રવ્યો અને અવકતવ્યક દ્રવ્યોના વિષયમાં પણ સમજવું આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે– ત્રણ આદિ પ્રદેશોમાં આનુપૂર્વી દ્રવ્યોનું અવગાહપરિણામ, એક પ્રદેશમાં અનાનુપૂર્વી દ્રવ્યોનું અવગાહપરિણામ અને બે પ્રદેશોમાં અવકતવ્યક દ્રવ્યોનું અવગાહપરિણામ સાદિ (આદિ સહિત) હોય છે. તેથી જ આ ત્રણે દ્રવ્યોને સાદિપારિણામિક ભાવવર્તી કહ્યાં છે. ।।સૂ૦૧૧૭।।

અલ્પબહુત્વકા નિરુપણ

હવે સૂત્રકાર અલ્પબહુત્વ દ્વારની પ્રરૂપણા કરે છે—

" एएसिं णं भंते ! " ઇત્યાદિ—

શબ્દાર્થ–(भंते !) હે ભગવન્ ! (णेगमववहाराणं एएसिं आणुपुव्वीदव्वाणं अणाणुपुव्वीदव्वाणं, अवत्तव्वगदव्वाणं) નૈગમવ્યવહાર નયસંમત આ આનુપૂર્વી દ્રવ્યો, અનાનુપૂર્વી દ્રવ્યો અને અવકતવ્યક દ્રવ્યોમાંનાં (कयरे कयरेहिंतो) કયા કયા દ્રવ્યો (दव्वट्ठयाए, पएसट्ठयाए, दव्वट्ठपएसट्ठयाए) દ્રવ્યાર્થતા, પ્રદેશાર્થતા અને દ્રવ્યાર્થતા પ્રદેશાર્થતાની અપેક્ષાએ (अप्पा वा बहुगा वा, तुल्ला वा, विसेसाहिया वा ?) કયા કયા દ્રવ્યો કરતાં અલ્પ પ્રમાણ છે ? કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યો કરતાં અધિક છે, કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યોના જેટલાં જ છે અને કયા કયા દ્રવ્યો કયા કયા દ્રવ્યો કરતાં વિશેષાધિક છે ?

ઉત્તર–(गोयमा !) હે ગૌતમ ! (णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (अवत्तव्वगदव्वाइं) અવકતવ્યક દ્રવ્યો (दव्वट्ठयाए) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ (सव्वत्थोवाइं) સૌથી અલ્પ પ્રમાણમાં છે. (अणाणुपुव्वी दव्वाइं दव्वट्ठयाए विसेसाहियाइं) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો અનાનુપૂર્વી દ્રવ્યો અવકતવ્યક દ્રવ્યો કરતાં વિશેષાધિક છે. (आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं) અને દ્રવ્યાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં પણ અસંખ્યાત ગણાં છે. (पएसट्ठयाए) પ્રદેશાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (अणाणुपुव्वीदव्वाइं) અનાનુપૂર્વી દ્રવ્યો (सव्वत्थोवाइं) સૌથી આછાં છે, કારણ કે (अपएसट्ठयाए) અનાનુપૂર્વી દ્રવ્યમાં પ્રદેશરૂપ અર્થનો અભાવ છે. આ કથનનો ભાવાર્થ એ છે કે પરમાણુ રૂપ અનાનુપૂર્વી દ્રવ્યમાં પણ જો બે આદિ પ્રદેશોનો સદ્ભાવ હોત તો દ્રવ્યાર્થતાની જેમ પ્રદેશાર્થતાની અપેક્ષાએ પણ અવકતવ્યક દ્રવ્યો કરતાં અનાનુપૂર્વી દ્રવ્યોની અધિકતા જ સંભવી શકત, પરન્તુ એવી વાતનો તો અહીં અવકાશ નથી, કારણ કે પરમાણુ અપ્રદેશી હોય છે, એવું સિદ્ધાન્તનું વચન છે. તેથી જ પ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યને સર્વસ્તોક (સૌથી અલ્પ પ્રમાણ) કહ્યું છે. (अवत्तगदव्वाइं) અવકતવ્યક દ્રવ્યો (पएसट्ठयाए) પ્રદેશાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો કરતાં વિશેષાધિક છે. (आणुपुव्वीदव्वाइं पएसट्ठयाए असंखेज्जगुणाइं) પ્રદે-

શાર્થતાની અપેક્ષાએ આનુપૂર્વી દ્રવ્યો અવક્તવ્યક દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં છે. (दव्वट्ठपएसट्ठयाए) દ્રવ્યાર્થતા અને પ્રદેશાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (अवत्तव्वगदव्वाइं) અવક્તવ્યક દ્રવ્યો સૌથી ઓછાં છે, કારણ કે (दव्वट्ठयाए) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્યોમાં પહેલાં સર્વસ્તોકતા (સૌથી અલ્પ પ્રમાણ) બતાવવામાં આવેલ છે. (अणाणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए अपएसट्ठयाए विसेसाहियाइं) દ્રવ્યાર્થતા અને અપ્રદેશાર્થતાની અપેક્ષાએ અનાનુપૂર્વી દ્રવ્યો અવક્તવ્યક દ્રવ્યો કરતાં વિશેષાધિક છે. (आणुपुव्वीदव्वाइं दव्वट्ठयाए असंखेज्जगुणाइं) દ્રવ્યાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો આનુપૂર્વી દ્રવ્યો અસંખ્યાત ગણાં છે. (पएसट्ठयाए) પ્રદેશાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (ताइं चेव) તે આનુપૂર્વી દ્રવ્યો જ (असंखेज्जगुणाइं) અસંખ્યાત ગણાં છે. (से तं अणुगमे) આ પ્રકારનું અનુગમનું સ્વરૂપ છે. (से तं णेगमववहाराणं अणोवणिहिया खेत्ताणुपुव्वी) આ રીતે અહીં સુધીનાં સૂત્રોમાં નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીના સ્વરૂપનું કથન કરવામાં આવ્યું છે. સૂત્રપદોનો આ અર્થ છે તેની વ્યાખ્યા ૬૦માં સૂત્ર પ્રમાણે સમજવી.

"अत्रेदं बोध्यं" અહીં એવું સમજવાનું છે કે દ્રવ્યોની ગણતરી કરવી તેનું નામ દ્રવ્યાર્થતા છે અને પ્રદેશોની ગણતરી કરવી તેનું નામ પ્રદેશાર્થતા છે. દ્રવ્યોની અને પ્રદેશોની (ઉભયની) ગણતરી કરવી તેનું નામ ઉભયાર્થતા છે. આનુપૂર્વીમાં, વિશિષ્ટ દ્રવ્યોના અવગાહથી ઉપલક્ષિત (યુકત) એવાં જે આકાશપ્રદેશોના "આ ત્રણ આકાશપ્રદેશોનો સમુદાય છે, આ ચાર આકાશપ્રદેશોનો સમુદાય છે," ઇત્યાદિ રૂપ જે સમુદાયો છે તે સમસ્ત ત્રણ આદિ આકાશપ્રદેશોમાં રહેલાં દ્રવ્યસમુદાયો આવી જાય છે. અને તે સમુદાયોના જે આરંભકો છે તેમનું નામ પ્રદેશ છે.

અનાનુપૂર્વીમાં, એક એક પ્રદેશમાં અવગાહિત થયેલા દ્રવ્યથી ઉપલક્ષિત જે સમસ્ત આકાશપ્રદેશો છે તેઓ અલગ અલગ પ્રત્યેક દ્રવ્ય છે અહીં પ્રદેશ સંભવિત નથી, કારણ કે એક એક પ્રદેશ રૂપ દ્રવ્યમાં અન્ય પ્રદેશોનું અસ્તિત્વ અસંભવિત છે. અવક્તવ્યકોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો લોકમાં જેટલાં દ્વિકયોગ (બબ્બે પ્રદેશોના યોગ) છે, એટલાં તે પ્રત્યેક દ્રવ્ય છે, અને તે દ્વિકયોગોનો આરંભ કરનારા પ્રદેશો છે.

શંકા–"सव्वत्थोवाइं णेगमववहाराणं अवत्तव्वगदव्वाइं" આપે એવું જે કહ્યું છે કે નૈગમવ્યવહારનયસંમત અવક્તવ્યક દ્રવ્યો સૌથી ઓછાં છે, પરન્તુ આપનું આ કથન બરાબર લાગતું નથી પહેલાં આપે જ એ વાતનું પ્રતિપાદન કર્યું છે કે એક એક આકાશપ્રદેશ અનેક દ્વિકસંયોગોમાં ઉપયુક્ત થાય છે, અને તેથી જ અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અવક્તવ્યક દ્રવ્યોની જ અધિકતા હોવી જોઇએ આપે પહેલાં એવું કહ્યું છે કે લોકના પાંચ પ્રદેશો હોય તો દરેક પ્રદેશમાં એક એક અનાનુપૂર્વી દ્રવ્યની અવગાહના હોય તો પાંચ પ્રદેશોમાં પાંચ અનાનુપૂર્વી દ્રવ્યો હોઇ શકે અને તે પાંચ પ્રદેશોમાં આઠ અવક્તવ્યક દ્રવ્યો રહી શકે આપના પૂર્વોક્ત આ કથન દ્વારા તો અવક્તવ્યક દ્રવ્યો અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અધિક હોવાની વાતને જ પુષ્ટિ મળે છે. છતાં અહીં આપે શા કારણે એવું કથન કર્યું છે કે નૈગમવ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્યો સર્વસ્તોક છે?

ઉત્તર–લોકના મધ્યભાગ માત્રને અનુલક્ષીને અવક્તવ્ય દ્રવ્યોની અધિકતા બતાવવામાં આવી છે. પરન્તુ જે એક એક પ્રદેશ લોકના અન્ત પર્યન્ત

સ્થિત (રહેલો) છે અને નિષ્કુટસ્થાનમાં છે અને જેનો આકાર કંટક (કાંટા) જેવો છે, શ્રેણિમાંથી જેઓ નીકળેલા નથી, એવા તે પ્રદેશો વિશ્રેણિમાં વ્યવસ્થિત હોવાને કારણે તેમને અવક્તવ્યક કહેવાને યોગ્ય ગણ્યા નથી તેથી તેમનો સમાવેશ અનાનુપૂર્વીની સંખ્યામાં જ થયો છે. તેથી લોકની મધ્યમાં સ્થિત અનાનુપૂર્વી દ્રવ્યો અને નિષ્કુટગત અનાનુપૂર્વી દ્રવ્યોની સંખ્યાનો સરવાળો કરીને જ્યારે કેવલીભગવાન તેમનું કથન કરે છે ત્યારે તેઓ એવું જ કહે છે કે અવક્તવ્યક દ્રવ્યો જ ઓછાં છે અને અનાનુપૂર્વી દ્રવ્યો તેમના કરતાં વિશેષાધિક છે નિષ્કુટની સ્થાપના (આકૃતિ) અહીં આ પ્રમાણે છે–'૪૪૪' તેમાં વિશ્રેણિ લિખિત બે અવક્તવ્યને યોગ્ય નથી. આમ તો તેઓ સમસ્ત લોકના અન્ત સુધીમાં ઘણાં જ છે. આ પ્રકારની પરિસ્થિતિને કારણે જ અવક્તવ્યક દ્રવ્યો કરતાં અનાનુપૂર્વી દ્રવ્યોની અધિકતા સમજવી જોઇએ.

તેથી જ સૂત્રકારે એવું કહ્યું છે કે " सव्वत्थोवाइं णेगमववहाराणं अव्वत्तव्वगदव्वाइं " " નૈગમવ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્યો સૌથી ઓછાં છે. " આનુપૂર્વી દ્રવ્યો તેમના કરતાં (અનાનુપૂર્વી દ્રવ્ય કરતાં) અસંખ્યાત ગણાં છે, એ વાત તો પહેલાં સ્પષ્ટ કરવામાં આવી ચુકી છે. અહીં એટલી વધુ વિશેષતા છે કે જે પ્રકારે આનુપૂર્વી દ્રવ્યો અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં છે, એજ પ્રમાણે ઉભયાર્થતાની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો પણ આનુપૂર્વી દ્રવ્યો અનાનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાત ગણાં જ છે કારણ કે પ્રદેશાર્થતાની અપેક્ષાએ પણ એજ પ્રકારની પરિસ્થિતિ છે કારણ કે પ્રત્યેક આનુપૂર્વી દ્રવ્ય ત્રણ આદિ અસંખ્યાત આકાશપ્રદેશો વડે નિષ્પન્ન થાય છે, અને તે આકાશપ્રદેશોની એકંદર સંખ્યા પણ અસંખ્યાત જ થાય છે. આ પ્રકારે અનુગમનું વિષય નિરૂપણ અહીં સમાપ્ત થાય છે. અને અનુગમનું વર્ણન સમાપ્ત થવાથી નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું કથન પણ પૂરું થાય છે. " से तं " ઇત્યાદિ સૂત્ર દ્વારા સૂત્રકારે એજ વાત સૂચિત કરી છે. ॥સૂ૦૧૧૮॥

अनौपनिधिकी क्षेत्रानुपुर्वी का निरुपण

આ પ્રકારે નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર સંગ્રહનયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું નિરૂપણ કરે છે—" से किं तं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं संगहस्स अणोवणिहिया खेत्ताणुपुव्वी ?) હે ભગવન્! पूर्वप्रक्रान्त–પહેલાં જેનો પ્રારંભ થઇ ચુકયો છે એવી–સંગ્રહનયસંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(संगहस्स अणोवणिहिया खेत्ताणुपुव्वी पंचविहा पण्णत्ता) સંગ્રહનય-સંમત અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–(अत्थपयपरूवणया) (૧) અર્થપદપ્રરૂપણતા, (भंगसमुक्कित्तणया) (૨) ભંગસમુત્કીર્તનતા, (भंगोवदंसणया) (૩) ભંગોપદર્શનતા, (समोयारे) (૪) સમવતાર અને (अणुगमे) (૫) અનુગમ.

પ્રશ્ન–(संगहस्स अत्थपयपरूवणया ?) સંગ્રહનયમાન્ય અર્થપદપ્રરૂપણતાનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(संगहस्स अत्थपयपरूवणया) સંગ્રહનયમાન્ય અર્થપદપ્રરૂપણતા આ પ્રકારની છે–(तिपएसोगाढे आणुपुव्वी) ત્રણ પ્રદેશોમાં અવગાઢ (રહેલું) ત્રણ અણુવાળું દ્રવ્ય આનુપૂર્વી રૂપ છે, (चउप्पएसोगाढे आणुपुव्वी) ચાર પ્રદેશોમાં અવગાઢ ચાર અણુવાળું દ્રવ્ય પણ આનુપૂર્વી છે, (जाव दसपएसोगाढे आणुपुव्वी) દશ પર્યન્તના પ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય આનુપૂર્વી છે, (संखिज्जपएसोगाढे आणुपुव्वी) સંખ્યાત પ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય આનુપૂર્વી છે, (असंखिज्जपएसोगाढे आणुपुव्वी) અને અસંખ્યાત પ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય પણ આનુપૂર્વી છે. (एगपएसोगाढे अणाणुपुव्वी) એક પ્રદેશમાં અવગાઢ દ્રવ્ય અનાનુપૂર્વી રૂપ છે, (दुप्पएसोगाढे अवत्तव्वए) બે પ્રદેશોમાં અવગાઢ દ્રવ્ય અવક્તવ્યક છે. (से तं संगहस्स अत्थपयपरूवणया) સંગ્રહનયમાન્ય અર્થપદપ્રરૂપણતાનું આ પ્રકારનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(एयाएणं संगहस्स अत्थपयपरूवणयाए किं पओयणं?) આ સંગ્રહનયમાન્ય અર્થપદપ્રરૂપણતા વડે કયા પ્રયોજનની સિદ્ધિ થાય છે ?

ઉત્તર–(संगहस्स अत्थपयपरूवणयाए संगहस्स भंगसमुक्कित्तणया कज्जइ) આ સંગ્રહનયસંમત અર્થપદપ્રરૂપણતા દ્વારા સંગ્રહનયમાન્ય ભંગસમુત્કીર્તનતા કરવામાં આવે છે. એટલું જ તેનું પ્રયોજન છે.

પ્રશ્ન–(से किं तं संगहस्स भंगसमुक्कित्तणया ?) હે ભગવન્! સંગ્રહનયસંમત તે ભંગસમુત્કીર્તનતાનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(संगहस्स भंगसमुक्कित्तणया अत्थि आणुपुव्वी, अत्थि अणाणुपुव्वी अत्थि अवत्तव्वए) સંગ્રહનયસંમત ભંગસમુત્કીર્તનતા આ પ્રકારની છે–આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે અને અવક્તવ્યક દ્રવ્ય છે. (अहवा अत्थि आणुपुव्वी, अणाणुपुव्वी य, एवं जहा दव्वाणुपुव्वीए संगहस्स तहा भाणियव्वं जाव से तं संगहस्स भंगसमुक्कित्तणया) અથવા "આનુપૂર્વી છે, અનાનુપૂર્વી છે" ઇત્યાદિ જે પ્રકારનું કથન દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં સંગ્રહનયસંમત ભંગસમુત્કીર્તનતા વિષયમાં કરવામાં આવ્યું છે એજ પ્રકારનું કથન આ ક્ષેત્રાનુપૂર્વીમાં પણ સંગ્રહનયમાન્ય ભંગસમુત્કીર્તનતાના વિષયમાં પણ સમજવું જોઇએ આ કથન " से तं संगहस्स भंगसमुक्कित्तणया " આ સૂત્રપાઠ પર્યન્ત કરવું જોઇએ.

પ્રશ્ન–(एयाएणं संगहस्स भंगसमुक्कित्तणयाए किं पओयणं ?) આ સંગ્રહનયમાન્ય ભંગસમુત્કીર્તનતાનું પ્રયોજન શું છે ?

ઉત્તર–(एयाएणं संगहस्स भंगसमुक्कित्तणयाए संगहस्स भंगोवदंसणया कज्जइ) આ સંગ્રહનયમાન્ય ભંગસમુત્કીર્તનતા વડે સંગ્રહનયમાન્ય ભંગોપદર્શનતા કરવામાં આવે છે.

પ્રશ્ન–(से किं तं संगहस्स भंगोवदंसणया ?) હે ભગવન્ ! સંગ્રહનયસંમત તે ભંગોપદર્શનતાનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(संगहस्स भंगोवदंसणया) સંગ્રહનયમાન્ય ભંગોપદર્શનતાનું સ્વરૂપ આ પ્રકારનું છે—

(तिपएसोगाढे आणुपुव्वी) ત્રિપ્રદેશાવગાઢ આનુપૂર્વી ઇત્યાદિ પૂર્વોક્ત સમસ્ત પદોનો અર્થ સંગ્રહનયમાન્ય દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં કહેવામાં આવેલ ભંગસમુત્કીર્તનતા આદિના સૂત્રોની વ્યાખ્યા પ્રમાણે જ છે. તેથી તેમાં જે પદો આવે છે તેમની વ્યાખ્યા જાણવા માટે ૬૪ થી ૬૭ સુધીના સૂત્રો વાંચી જવાની ભલામણ કરવામાં આવે છે. ॥સૂ૦૧૧૬॥

ઔપનિધીકી ક્ષેત્રાનુપુર્વીકા નિરુપણ

આ પ્રમાણે અનૌપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું કથન કરીને હવે સૂત્રકાર ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું કથન કરે છે—"से किं तं ओवणिहिया" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं ओवणिहिया खेत्ताणुपुव्वी ?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(ओवणिहिया खेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता) ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વી એટલે શું?

ઉત્તર-(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે-(अहोलोए, तिरियलोए, उड्ढलोए) અધોલોક, તિર્યગ્લોક અને ઉર્ધ્વલોક, (से तं पुव्वाणुपुव्वी) આ ક્રમે કહેવું તેનું નામ પૂર્વાનુપૂર્વી છે.

પ્રશ્ન-(से किं तं पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વી કોને કહે છે?

ઉત્તર-(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વી આ પ્રકારની હોય છે-(उड्ढलोए, तिरियलोए, अहोलोए) ઉર્ધ્વલોક, તિર્યગ્લોક અને અધોલોક, આ પ્રમાણે ઊલટા ક્રમે કહેવું (से तं पच्छाणुपुव्वी?) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે.

પ્રશ્ન-(से किं तं अणाणुपुव्वी) અનાનુપૂર્વી એટલે શું?

ઉત્તર-(अणाणुपुव्वी) અનાનુપૂર્વી આ પ્રકારની હોય છે-(एयाए चेव एगाइयाए एगुत्तरियाए तिगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दुरूवूणो-से तं अणाणुपुव्वी) જેમાં પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી એ બન્નેનો અભાવ હોય છે, એવા ક્રમપૂર્વક કથન કરવું તેનું નામ અનાનુપૂર્વી છે. તેમાં ઉપર્યુક્ત બન્ને ક્રમનું ઉલ્લંઘન કરીને પરસ્પરની સાથે સંભવિત ભંગો (ભાંગાઓ) વડે તે પદોની વિરચના કરવામાં આવે છે. આ અનાનુપૂર્વીમાં જે શ્રેણી સ્થાપિત કરવામાં આવે છે, ત્યાર બાદ ત્રણ સંખ્યા સુધી ઉત્તરોત્તર એક એક સંખ્યાની વૃદ્ધિ થતી રહે છે. ત્યાર બાદ તેમનો પરસ્પરમાં ગુણાકાર કરાય છે. આ પ્રકારે અન્યોન્ય અભ્યસ્ત રાશિ બની જાય છે તેમાંથી આદિ અને

અન્તના બે ભંગો ઓછાં કરી નાખવાથી અનાનુપૂર્વી બની જાય છે. અનાનુપૂર્વીનું આ પ્રકારનું સ્વરૂપ છે. આ સૂત્રની વ્યાખ્યા સમજવા માટે ૯૮મું સૂત્ર વાંચી જવું.

ઊર્ધ્વલોક આદિ જે ત્રણ લોક છે તેમના વિષે હવે અહીં થોડું કથન કરવામાં આવે છે–

ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં દ્રવ્યાનુપૂર્વીનો અધિકાર હોવાથી ત્યાં ધર્માસ્તિકાય આદિ દ્રવ્યોનું પૂર્વાનુપૂર્વી આદિ રૂપે કથન કરવામાં આવ્યું હતું. પરન્તુ અહીં ક્ષેત્રાનુપૂર્વીનો અધિકાર ચાલી રહ્યો છે તેથી અહીં અધોલોક આદિ ક્ષેત્રોનું પૂર્વાનુપૂર્વી આદિ રૂપે કથન કરવામાં આવ્યું છે. લોકના ઊર્ધ્વલોક અધોલોક (તિર્યગ્લોક) આદિ જે ત્રણ વિભાગ કરવામાં આવ્યા છે તેનું કારણ એ છે કે મધ્યલોકની વચ્ચોવચ મેરુપર્વત છે. તેની નીચેના ભાગને અધોલોક અને ઉપરના ભાગને ઊર્ધ્વલોક કહે છે તથા બરાબર રેખામાં તિરછો ફેલાયેલો મધ્યલોક છે. મધ્યલોકનો તિરછો વિસ્તાર અધિક હોવાને કારણે તેને તિર્યગ્લોક પણ કહે છે લોકની ઉપરથી નીચે સુધીની લંબાઈ ૧૪ રાજૂપ્રમાણ છે. અને તેનો વિસ્તાર અનિયત છે તે પાંચ અસ્તિકાયોથી વ્યાપ્ત છે. લોકના ત્રણ વિભાગ નીચે પ્રમાણે છે–(૧) અધઃ (૨) મધ્ય અને (૩) ઉર્ધ્વ આ રત્નપ્રભા પૃથ્વી પર બહુસમભૂભાગવાળા મેરુ પર્વતના મધ્યમાં આકાશના બે પ્રતરોમાં–એટલે કે બબ્બે પ્રદેશોના વર્ગમાં આઠ રુચકપ્રદેશ છે. તે બે પ્રતરમાંના એક અધસ્તન પ્રતરથી લઈને નીચે ૯૦૦ યોજનની ઊંડાઈને પાર કરવાથી સાત રાજૂ કરતાં અધિક વિસ્તારવાળો અધોલોક આવે છે અથવા 'અધઃ' પદ અશુભ અર્થનું વાચક છે. તે અધોલોકમાં ક્ષેત્રના પ્રભાવને લીધે અધિકતર અશુભ દ્રવ્યપરિણામ જ હોય છે. આ રીતે અશુભ પરિણામવાળાં દ્રવ્યોથી યુક્ત હોવાને કારણે તે લોકને અધોલોકને નામે ઓળખવામાં આવે છે. એજ વાત સૂત્રકારે "अहव अहो परिणामो" ઇત્યાદિ ગાથા દ્વારા પ્રકટ કરી છે.

ઉપર જે બે પ્રતરની વાત કરી છે તેમાંના એક ઉપરિતન પ્રતરથી લઈને ૯૦૦ યોજન ઊંચે જવાથી સાત રાજૂ કરતાં સહેજ ઓછા વિસ્તારવાળો ઉર્ધ્વલોક આવે છે. તે લોક ઊંચે આવેલો હોવાથી તેનું નામ ઉર્ધ્વલોક છે. અથવા 'ઉર્ધ્વ' શબ્દ અહીં શુભ અર્થનો વાચક છે તે ઉર્ધ્વલોકમાં ક્ષેત્રના પ્રભાવથી દ્રવ્યોનું પરિણામ સામાન્ય રીતે શુભ જ હોય છે આ રીતે શુભ પરિણામવાળાં દ્રવ્યોથી યુક્ત હોવાને કારણે તે લોકનું નામ ઉર્ધ્વલોક પડયું છે. એજ વાત સૂત્રકારે નીચેની ગાથા દ્વારા વ્યક્ત કરી છે– "उड्ढंति उवरि" ઇત્યાદિ આ પૂર્વોક્ત અધોલોક અને ઉર્ધ્વલોકની વચ્ચે ૧૮ સો યોજનના પ્રમાણવાળો તિર્યગ્લોક–મધ્યલોક છે. સિદ્ધાંતની પરિભાષા પ્રમાણે અહીં 'તિર્યગ્' પદનો અર્થ 'મધ્ય' થાય છે. તેથી મધ્યમાં રહેલા લોકનું નામ તિર્યગ્ (મધ્ય) લોક પડયું છે અથવા 'તિર્યગ્' આ પદ

મધ્યમપર્યાયનું વાચક છે આ મધ્યલોકમાં ક્ષેત્રના પ્રભાવથી સામાન્ય રીતે મધ્યમ પરિણામવાળાં દ્રવ્યો જ હોય છે. આ મધ્યમ પરિણામવાળાં દ્રવ્યોથી યુક્ત હોવાને કારણે તિર્યગ્-મધ્યમ જે લોક છે તેનું નામ તિર્યગ્લોક પડયું છે. અથવા આ લોકના ઉર્ધ્વ અને અધોભાગ કરતાં તિર્યગ્લોક જ વધારે વિશાળ છે તે કારણે તિર્યગ્લોકને જ મુખ્ય ગણી શકાય એવો નિયમ છે કે જે પ્રધાન હોય તેને નામે જ વ્યવહાર ચાલે છે. તેથી આ લોકને "તિર્યગ્લોક" આ પ્રકારનું નામ આપવામાં આવ્યું છે. સૂત્રકારે "मज्झेणु भावं" ઇત્યાદિ ગાથા દ્વારા એજ વાત વ્યક્ત કરી છે.

અહીં સૂત્રકારે સૌથી પહેલાં અધોલોકનું કથન કર્યું છે, કારણ કે અધોલોકમાં સામાન્યતઃ જઘન્ય પરિણામવાળાં દ્રવ્યોનો જ સદ્ભાવ રહે છે. જેવી રીતે ૧૪ ગુણસ્થાનોનું વર્ણન કરતી વખતે જઘન્ય એવાં મિથ્યાદૃષ્ટિ ગુણસ્થાનનું વર્ણન સૌથી પહેલાં કરવામાં આવે છે, એજ પ્રમાણે જઘન્ય હોવાને કારણે અધોલોકનું વર્ણન પણ સૌથી પહેલાં કરવામાં આવ્યું છે. મધ્ય પરિણામવાળાં દ્રવ્યોથી યુક્ત હોવાને કારણે તિર્યગ્લોકનો ઉપન્યાસ (વર્ણન) ત્યાર બાદ કરવામાં આવ્યો છે, અને ઉત્કૃષ્ટ દ્રવ્યપરિણામવાળા ઉર્ધ્વલોકનો ઉપન્યાસ (વર્ણન) ત્યાર બાદ કરવામાં આવ્યો છે. આ પૂર્વાનુપૂર્વીનો ક્રમ છે પશ્ચાનુપૂર્વીમાં પૂર્વાનુપૂર્વી કરતાં ઉલટો ક્રમ રહે છે, તથા અનાનુપૂર્વીમાં આ ત્રણ પદોના ૬ ભંગ (વિકલ્પો) થાય છે, તે ભંગો પહેલા બતાવવામાં આવ્યા છે બાકીનું કથન પહેલાના કથન પ્રમાણે જ અહીં સમજવું જોઇએ. ॥સૂ૦ ૧૨૦॥

અધોલોક ગત ક્ષેત્રાનુપુર્વી કા નિરુપણ

શિષ્યોને આ વાત બરાબર સમજાય તે ઉદ્દેશથી સૂત્રકાર હવે અધોલોક ક્ષેત્રાનુપૂર્વી આદિનું નિરૂપણ કરે છે—"अहोलोअ खेत्ताणुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ–(अहोलोअ खेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता) અધોલોક ક્ષેત્રાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી, અને અનાનુપૂર્વી.

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! અધોલોક પૂર્વાનુપૂર્વી કેવી છે?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) અધોલોક પૂર્વાનુપૂર્વી આ પ્રકારની છે–(रयणप्पभा सक्करप्पभा, वालुअप्पभा, पंकप्पभा, धूमप्पभा, तमप्पभा, तमतमप्पभा) રત્નપ્રભા, શર્કરાપ્રભા, વાલુકાપ્રભા, પંકપ્રભા, ધૂમપ્રભા, તમઃપ્રભા તમસ્તમઃપ્રભા, આ ક્રમે સાતે પૃથ્વીઓનો ઉપન્યાસ કરવો તેનું નામ અધોલોક પૂર્વાનુપૂર્વી છે. પહેલી નરકપૃથ્વીનું નામ રત્નપ્રભા પડવાનું કારણ એ છે કે ત્યાં નારકોનાં

નિવાસસ્થાનો સિવાયનાં સ્થાનોમાં ઈન્દ્રનીલ આદિ અનેક પ્રકારનાં રત્નોની કાન્તિનો સદ્ભાવ છે. બીજી નરકપૃથ્વીની કાન્તિ કાંકરાઓની કાન્તિ જેવી હોવાથી તેનું નામ શર્કરાપ્રભા છે. ત્રીજી નરકપૃથ્વીની કાન્તિ રેતીની કાન્તિના જેવી હોવાથી તેનું નામ વાલુકાપ્રભા છે. ચોથી પૃથ્વીની પ્રભા પંક (કાદવ)ના જેવી હોવાથી તેનું નામ પંકપ્રભા પડયું છે. પાંચમી પૃથ્વીની પ્રભા ધુમાડાના જેવી હોવાથી તેનું નામ ધૂમપ્રભા પડયું છે. છઠ્ઠી પૃથ્વીની પ્રભા કૃષ્ણદ્રવ્ય રૂપ અંધકારના જેવી હોવાથી તેનું નામ તમઃપ્રભા છે. સાતમી પૃથ્વીની કાન્તિ ગાઢ–અતિશય કૃષ્ણદ્રવ્ય રૂપ મહાન્ધકારની કાન્તિ જેવી હોવાથી તેનું નામ તમસ્તમઃપ્રભા છે આનુપૂર્વીમાં આ ક્રમે સાતે પૃથ્વીઓનો ઉપન્યાસ થાય છે.

પશ્ચાનુપૂર્વીમાં તમસ્તમઃપ્રભાથી લઈને રત્નપ્રભા સુધીના ઊલટા ક્રમે સાતે પૃથ્વીઓનો ઉપન્યાસ કરવામાં આવે છે. અનાનુપૂર્વીમાં આ સાત પદોનો ૧, ૨, ૩, ૪, ૫, ૬, ૭ આ રૂપે વર્ણન કરવામાં આવે છે, ત્યાર બાદ પરસ્પરમાં તેમનાં ગણું કરવામાં આવે છે આ પ્રમાણે ગણું કરવાથી જે રાશિ ઉત્પન્ન થાય છે તેમાંથી આદિ અને અન્તના બે ભંગો (વિકલ્પો) બાદ કરવામાં આવે છે આ સાત પદોનો પરસ્પર ગુણાકાર થવાથી ૫૦૪૦ ભંગ થાય છે તેમાંથી પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી રૂપ આદિ અન્તના બે ભંગ ઓછાં કરવામાં આવે છે. અધોલોક સંબંધી અનાનુપૂર્વી આ પ્રકારની છે. ॥સૂ૦ ૧૨૧॥

तिर्यग्लोक क्षेत्रानुपुर्वी का निरुपण

" तिरियलोयखेत्ताणुपुव्वी " इत्यादि

शब्दार्थ-(तिरियलोयखेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता) तिर्यग्लोक क्षेत्रानुपूर्वी त्रण प्रकारनी कही छे. (तंजहा) ते प्रकारो नीचे प्रमाणे छे-(पुव्वाणुपुव्वी पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) पूर्वानुपूर्वी, पश्चानुपूर्वी अने अनानुपूर्वी.

प्रश्न-(से किं तं पुव्वाणुपुव्वी ?) हे भगवन्! पूर्वानुपूर्वीनुं स्वरूप केवुं छे?

उत्तर-(पुव्वाणुपुव्वी) तिर्यग्लोक संबंधी पूर्वानुपूर्वी आ प्रकारनी छे-

(जंबुद्दीवे लवणे, धायई कालो य पुक्खरे वरुणे।
खीर-घयखोय-नंदी-अरुणवरे कुंडले रुअगे ॥१॥
आभरणवत्थगंधे, उप्पलतिलए य पुढविनिहिरयणे।
वासहर दहनईओ, विजयावक्खारकप्पिंदा ॥२॥

જંબૂદ્વીપ, લવણસમુદ્ર, ધાતકી ખંડ, કાલોદસમુદ્ર, પુષ્કરદ્વીપ, પુષ્કરોદસમુદ્ર, વરુણદ્વીપ, વારુણોદસમુદ્ર, ક્ષીરદ્વીપ, ક્ષીરોદસમુદ્ર, ઘૃતદ્વીપ, ઘૃતોદસમુદ્ર, ઈક્ષુદ્વીપ, ઈક્ષુરસોદસમુદ્ર, નન્દીદ્વીપ, નન્દીસમુદ્ર, અરુણવરદ્વીપ, અરુણવરસમુદ્ર, કુંડલદ્વીપ, કુંડલસમુદ્ર, રુચકદ્વીપ, રુચકસમુદ્ર, ત્યાર બાદ અસંખ્યાત દ્વીપો અને અસંખ્યાત સમુદ્રો છે. સૌથી છેલ્લો દ્વીપ સ્વયંભૂરમણદ્વીપ, અને સૌથી છેલ્લો સમુદ્ર સ્વયંભૂરમણસમુદ્ર છે. અનુક્ત (જેનાં નામો અહીં કહ્યાં નથી એવા) દ્વીપસમુદ્રોનાં નામ આભરણ, વસ્ત્ર, ગંધ, ઉત્પલ, તિલક આદિથી ઉપલક્ષિત છે. એટલે કે રુચકસમુદ્રથી લઈને સ્વયંભૂરમણ સમુદ્ર સુધીમાં અનુક્રમે આભરણદ્વીપ, આભરણસમુદ્ર, વસ્ત્રદ્વીપ, વસ્ત્રસમુદ્ર, ગંધદ્વીપ, ગંધસમુદ્ર, ઉત્પલદ્વીપ, ઉત્પલસમુદ્ર, તિલકદ્વીપ, તિલક-

સમુદ્ર આદિ અસંખ્યાત દ્વીપસમુદ્રો આવેલા છે. દ્વીપોનાં જે નામો છે, એજ નામો તેમને વીંટળાયેલા સમુદ્રોના માટે પણ વપરાયાં છે.

સ્વયંભૂરમણ સમુદ્રનું પાણી શુદ્ધ પાણીના જેવાં સ્વાદવાળું છે. પુષ્કરથી લઈને સ્વયંભૂરમણ પર્યન્તના શબ્દો દ્વીપો અને સમુદ્રો–બન્નેનાં વાચક છે એમ સમજવું આ કથનનું તાત્પર્ય એ છે કે રુચકદ્વીપ અને રુચકસમુદ્રથી આગળ જતાં આભરણદ્વીપ અને આભરણસમુદ્ર આવે છે, ત્યાર બાદ વસ્ત્રદ્વીપ અને વસ્ત્રસમુદ્ર આવે છે, ત્યાર બાદ ગંધદ્વીપ અને ગંધસમુદ્ર આવે છે, ત્યાર બાદ ઉત્પલ, તિલક, પૃથ્વીનિધિ, રત્નવર્ષધર, હ્રદનદી, વિજયવક્ષસ્કાર, કલ્પેન્દ્ર (કુરુમંદર આવાસા કૂડાનક્ખત્તચંદસૂરા ય, દેવે નાગે જક્ખે ભૂએ ય સયંભૂરમણે ય ॥૩॥) કુરુ, મન્દર, આવાસકૂટ, નક્ષત્ર, ચન્દ્ર, સૂર્ય, દેવ, નાગ, યક્ષ, ભૂત અને સ્વયંભૂરમણ આ નામોવાળાં અસંખ્યાત દ્વીપો અને અસંખ્યાત સમુદ્રો આવે છે. જંબૂદ્વીપ નામનો જે દ્વીપ છે તે જંબૂવૃક્ષથી યુક્ત હોવાને કારણે તેનું નામ જંબૂદ્વીપ છે. આ જંબૂદ્વીપને ઘેરીને વલયના

અ૦ ૬૭

આકારનો લવણસમુદ્ર આવેલો છે. તે સમુદ્રનું પાણી લવણ (મીઠા)ના જેવાં ખારા સ્વાદવાળું છે. લવણસમુદ્રને ઘેરીને ધાતકીખંડ દ્વીપ આવેલો છે તે ધાતકીદ્વીપ ધાતકી નામના વૃક્ષની યુક્ત હોવાને કારણે તેનું નામ ધાતકીદ્વીપ પડયું છે. આ ધાતકીદ્વીપને ઘેરીને કાલોદસમુદ્ર રહેલો છે. તેનું પાણી ખારું નથી પણ શુદ્ધ જળ જેવા સ્વાદવાળું છે લવણસમુદ્રને ઘેરીને પુષ્કર-દ્વીપ આવેલો છે પુષ્કરોથી યુકત હોવાને કારણે તેનું નામ પુષ્કરદ્વીપ પડયું છે. પુષ્કરદ્વીપને ઘેરીને તેની ચારે તરફ પુષ્કરોદસમુદ્ર આવેલો છે. તેના જળનો સ્વાદ શુદ્ધ જળના સ્વાદ જેવો છે આ સમુદ્રને ઘેરીને વરુણદ્વીપ રહેલો છે અને વરુણદ્વીપને ઘેરીને વારુણોદ સમુદ્ર આવેલો છે. તેના જલનો સ્વાદ વારુણીરસના સ્વાદ જેવો છે. ત્યાર બાદ ક્ષીરદ્વીપ છે, તેને ઘેરીને ક્ષીરોદસમુદ્ર આવેલો છે ક્ષીરસમુદ્રને ઘેરીને ઘૃતદ્વીપ આવેલો છે અને ઘૃતદ્વીપને ઘેરીને ઘૃતોદ સમુદ્ર રહેલો છે. ત્યાર બાદ ઘૃતોદ સમુદ્રને ઘેરીને ઇક્ષુદ્વીપ આવેલો છે અને ઇક્ષુદ્વીપને ઘેરીને ઇક્ષુરસોદ સમુદ્ર આવેલો છે. ઇક્ષુ-સોદ સમુદ્રને ઘેરીને નન્દીશ્વર દ્વીપ રહેલો છે અને નન્દીશ્વર દ્વીપની ચોમેર નન્દીશ્વર સમુદ્ર રહેલો છે ત્યાર બાદ અરુણવરદ્વીપ અને અરુણવર સમુદ્ર આવે છે. ત્યાર બાદ કુંડલદ્વીપ અને કુંડલસમુદ્ર આવે છે ત્યાર બાદ રુચકદ્વીપ અને રુચક સમુદ્ર આવે છે ત્યાર બાદ આભરણ દ્વીપ, આભરણ-

સમુદ્ર, વસ્ત્રદ્વીપ, વસ્ત્રસમુદ્ર, આદિ શુભનામવાળા અસંખ્યાત દ્વીપો અને સમુદ્રો આવે છે છેવટે લવણદ્વીપ અને લવણસમુદ્ર આવે છે.

પ્રશ્ન-મૂળમાં અસંખ્યાત સમુદ્રોને પાર કરિને આગળ વધતાં છેવટે સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર આવે છે, એવું કહેવામાં આવ્યું છે તેમાંથી કેટલાક દ્વીપો અને સમુદ્રોનાં નામ આપે આ સૂત્રમાં પ્રગટ કર્યાં છે. પરન્તુ ત્યાર પછીના સ્વયંભૂરમણદ્વીપ પર્યન્તમાં જે દ્વીપસમુદ્રો છે તેમનાં નામો આપે અહીં પ્રગટ કર્યા નથી તેમના નામો જણાવવા કૃપા કરશો ?

ઉત્તર-લોકમાં પદાર્થોનાં શંખ, ધ્વજ, કલશ, સ્વસ્તિક, શ્રીવત્સ આદિ જેટલાં શુભ નામો છે, એ સઘળાં નામોથી ઉપલક્ષિત (ઓળખાતાં) તે અન્તરાલમાં રહેલા દ્વીપો અને સમુદ્રો છે. કહ્યું પણ છેકે-" दीवसमुद्दाणं " ઇત્યાદિ આ સૂત્રપાઠ દ્વારા એ વાત પ્રગટ કરવામાં આવી છે કે લોકમાં જેટલા શુભ નામ છે, જેટલાં શુભ રૂપ છે, જેટલા શુભ ગંધો છે, જેટલાં શુભ સ્પર્શ છે, તેમનાં વડે આ દ્વીપસમુદ્રો ઉપલક્ષિત છે. તેઓ અસંખ્યાત હોવાને કારણે પ્રત્યેકનાં નામ અહીં આપી શકાય એમ નથી દ્વીપસમુદ્રો કેટલાં છે ? આ પ્રશ્નનો ઉત્તર નીચેની ગાથા દ્વારા આપવામાં આવ્યો છે- " उद्धार सागराणं " ઇત્યાદિ- આ ગાથાનો ભાવાર્થ એવો છે કે " અઢી ઉદ્ધાર સાગરોના જેટલા સમય થાય છે એટલા એક બીજાથી બમણાં બમણાં વિસ્તારવાળા દ્વીપો અને સમુદ્રો છે. " આ પ્રકારે જંબૂદ્વીપથી શરૂ કરીને સ્વયંભૂરમણ દ્વીપ અને સ્વયંભૂરમણ સમુદ્ર પર્યન્તના દ્વીપો અને સમુદ્રોનો ઉપન્યાસ કરવો તેનું નામ તિર્યગ્લોક સંબંધી પૂર્વાનુપૂર્વી છે.

ઉપર્યુક્ત દ્વીપસમુદ્રોનો ઊલટા ક્રમમાં એટલે કે સ્વયંભૂરમણ સમુદ્રથી લઈને જંબૂદ્વીપ પર્યન્તના પદોનો ઉપન્યાસ કરવો તેનું નામ પશ્ચાનુપૂર્વી છે. અને એજ અસંખ્યાત પદોનું સ્થાપન કરીને તેમનો પરસ્પરની સાથે ગુણાકાર કરવો અને એ રીતે જે ગુણનરાશિ (ગુણાકાર) પ્રાપ્ત થાય તેમાંથી આદિ અને અન્તના બે ભંગોને કાઢી નાખવા આ પ્રમાણે કરવાથી જે અસંખ્યાત ભંગો થાય છે તેમની અનાનુપૂર્વી રૂપ સમજવા. ॥સૂ૦૧૨૨॥

ઉર્ધ્વલોક ક્ષેત્રાનુપુર્વીકા નિરુપણ

હવે સૂત્રકાર ઉર્ધ્વલોક ક્ષેત્રાનુપૂર્વીનું નિરૂપણ કરે છે—

" उड्ढलोयखेत्ताणुपुव्वी " ઇત્યાદિ—

શબ્દાર્થ-(उड्ढलोयखेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता) ઉર્ધ્વલોક ક્ષેત્રાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે-(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું હોય છે ?

ઉત્તર-ઉર્ધ્વલોક સંબંધી પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે (सोहम्मे) (૧) સૌધર્મ, ઈશાને, સનંકુમારે, માહિંદે, બંભલોએ, લંતએ, મહાસુક્કે, સહસ્સારે,

आणए, पाणए, आरणे, अच्चुए, (२) ईशान, (३) सनत्कुमार, (४) माहेन्द्र, (५) ब्रह्मलोक, (६) लान्तक, (७) महाशुक, (८) सहस्रार, (९) आनत, (१०) प्राणत, (११) आरण, (१२) अच्युत (गेवेज्जगविमाणे, अणुत्तरविमाणे ईसिपब्भारा) (१३)ग्रैवेयक विमानो, (१४) ईषत्प्राग्भारा. (से तं पुव्वाणुपुव्वी) આ ક્રમે ઉર્ધ્વલોકગત ક્ષેત્રોનો ઉપન્યાસ કરવો તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. અહીં પ્રજ્ઞાપનની વધારે નજીકમાં આવેલા ઈશાનકલ્પનો ઉપન્યાસ પહેલાં કરવામાં આવ્યો છે, ત્યાર બાદ ત્યાંથી વધારેને વધારે દૂર આવેલાં ક્ષેત્રોનો ઉપન્યાસ અનુક્રમે કરવામાં આવ્યો છે. સૌધર્મ કલ્પમાં જે વિમાનો છે તેમાં સર્વશ્રેષ્ઠ સૌધર્મ નામનું વિમાન હોવાથી તે દેવલોકનું નામ સૌધર્મકલ્પ પડયું છે. એજ પ્રમાણે ઈશાનથી લઈને અચ્યુત પર્યન્તના કલ્પોમાં પણ એજ નામનાં (ઈશાન, સનત્કુમાર) વિમાનોની શ્રેષ્ઠતા છે, એમ સમજવું કે કારણે તેમનાં નામો પણ તે વિમાનો જેવાં જ રાખવામાં આવ્યાં છે. લોકરૂપ પુરુષની ગ્રીવાના સ્થાનમાં જે વિમાનો રહેલાં છે તેમને ગ્રૈવેયક વિમાનો કહે છે.

અનુત્તર વિમાનસ્થ લોકના કરતાં અન્ય કોઇ પણ વિમાન શ્રેષ્ઠ નથી તે કારણે તે શ્રેષ્ઠ વિમાનોને અનુત્તર વિમાનો કહ્યાં છે. જેમ કે ભારને વહન કરતો પુરુષ સહેજ ઝૂકી જાય છે એજ પ્રમાણે આ ઈષત્પ્રાગ્ભારા પૃથ્વી પણ સહેજ ઝૂકેલી હોવાને કારણે તેનું નામ ઈષત્પ્રાગ્ભારા પડયું છે. સૌધર્મથી લઈને ઈષત્પ્રાગ્ભારા પર્યન્તનાં પદોનો ક્રમપૂર્વક ઉપન્યાસ કરવો તેનું નામ પૂર્વાનુપૂર્વી છે

પ્રશ્ન-(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્! પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વી આ પ્રકારની છે-(ईसिपब्भारा जाव सोहम्मे) ઈષત્પ્રાગ્ભારા ભૂમિથી શરૂ કરીને સૌધર્મકલ્પ પર્યન્તના ક્ષેત્રોનો ઊલટા ક્રમમાં જે ઉપન્યાસ કરવામાં આવે છે-ગણતરી કરવમાં આવે છે (से तं पच्छाणुपुव्वी) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે.

પ્રશ્ન (से किं तं अणाणुपुव्वी?) ઉર્ધ્વલોક સંબંધી અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(अणाणुपुव्वी) ઉર્ધ્વલોક સંબંધી અનાનુપૂર્વી આ પ્રકારની છે-(एयाए चेव एगाइयाए एगुत्तरियाए पन्नरसगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दूरूवूणो) આ અનાનુપૂર્વીમાં જે શ્રેણી સ્થાપિત કરવામાં આવે છે તેમાં સૌથી

પહેલાં એક સંખ્યા રાખવામાં આવે છે, ત્યારબાદ ઉત્તરોઉત્તર એક એકની વૃદ્ધિ થતી જાય છે. આ પ્રકારની વૃદ્ધિ અહીં ૧૫ સંખ્યા સુધી કરાય છે. ત્યાર બાદ તેમાં પરસ્પરનો ગુણાકાર આવે છે. જે ગુણનફળ આવે તેમાંથી આદિનો એક અને અન્તનો એક એમ બે ભંગ બાદ કરવામાં આવે છે. કેમકે–આદિનો ભંગ આનુપૂર્વીમાં આવી જાય છે, અને અંતનો ભંગ પશ્ચાનુપૂર્વીમાં આવી જાય છે. તેથી અનાનુપૂર્વીમાં આદિ અને અંતનો એમ બે ભંગો છોડવાનું કહ્યું છે. (से णं अणाणुपुव्वी) આ પ્રકારે ઉર્ધ્વલોક સંબંધી અનાનુપૂર્વી બની જાય છે. (अहवा) અથવા–(ओवणिहिया खेत्ताणुपुव्वी तिविहा पण्णत्ता) ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વી આ પ્રકારની છે. (एगपएसोगाढे, दुप्पएसोगाढे, दसपएसोगाढे, संखिज्जपएसोगाढे जाव असंखिज्जपएसोगाढे) એક પ્રદેશાવગાઢ, બે પ્રદેશાવગાઢ, દસ પર્યન્તના પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ અને અસંખ્યાત પ્રદેશાવગાઢ (से तं पुव्वाणुपुव्वी) આ ક્રમની જે ક્ષેત્રાનુપૂર્વી છે તેને પૂર્વાનુપૂર્વી કહે છે.

પ્રશ્ન–(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્! પશ્ચાનુપૂર્વી કેવી હોય છે?

ઉત્તર–(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વી આ પ્રકારની હોય છે–(असंखिज्जपएसोगाढे, संखिज्जपएसोगाढे जाव एगपएसोगाढे) અસંખ્યાત પ્રદેશાવગાઢ, સંખ્યાત પ્રદેશાવગાઢ અને એજ પ્રકારના ઉલ્ટા ક્રમમાં એકપ્રદેશાવગાઢ પર્યન્તના પદોનો ઉપન્યાસ કરવો. (से तं पच्छाणुपुव्वी) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે.

પ્રશ્ન–(से किं तं अणाणुपुव्वी) અનાનુપૂર્વી આ પ્રકારની હોય છે–(एगाए चेव एगाइयाए एगुत्तरियाए असंखिज्जगच्छगयाए सेढीए अन्नमन्नब्भासोदरूवूणो) આ પદોનો અર્થ પહેલાં આપવામાં આવ્યો છે. એટલે કે અહીં જે શ્રેણી સ્થાપિત કરવામાં આવશે તે એકથી શરૂ કરીને એક એકની વૃદ્ધિ કરતાં કરતાં અસંખ્યાત પર્યન્તની થઇ જશે ત્યાર બાદ તે સૌનો પરસ્પરની સાથે ગુણાકાર કરવાથી જે અસંખ્યાત ભંગરૂપ મહારાશિ ઉત્પન્ન થશે તેમાંથી આદિનો એક ભંગ અને અન્તનો એક ભંગ એમ બે ભંગ કમી કરવામાં આવશે (से किं तं अणाणुपुव्वी) આ પ્રકારે ક્ષેત્રસંબંધી અનાનુપૂર્વી બને છે. (से तं ओवणिहिया खेत्ताणुपुव्वी) આ પ્રકારનું ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું સ્વરૂપ છે. (से तं खेत्ताणुपुव्वी) ઔપનિધિકી ક્ષેત્રાનુપૂર્વીનું કથન સમાપ્ત થવાથી ક્ષેત્રાનુપૂર્વીના સ્વરૂપનું નિરૂપણ અહીં પૂરું થાય છે. ॥સૂ૦૧૨૩॥

હવે સૂત્રકાર પૂર્વોદ્દિષ્ટ ક્રમપ્રાપ્ત કાલાનુપૂર્વીનું કથન કરે છે—

"से किं तं" ઇત્યાદિ—

શબ્દાર્થ–આ સૂત્રની વ્યાખ્યા સ્પષ્ટ છે. ॥સૂ૦૧૨૪॥

કાલાનુપુર્વી આદી કા નિરુપણ

" तत्थणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–તેમાં જે ઔપનિધિકી કાલાનુપૂર્વી છે, તે અલ્પ વક્તવ્યવિષયવાળી હોવાથી સ્થાપ્ય છે–એટલે કે હમણાં તેના વિષયનું પ્રતિપાદન કરવું તે યોગ્ય નથી તેમાંની જે અનૌપનિધિકી કાલાનુપૂર્વી છે તેના બે પ્રકાર છે–(૧) નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વી અને (૨) સંગ્રહનયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વી આ સૂત્રના વિષયની પ્રરૂપણા પહેલાં થઈ ચુકી છે. ।।સૂ૦૧૨૫।।

" से किं तं णेगमववहाराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं णेगमववहाराणं अणोवणिहिया कालाणुपुव्वी?) હે ભગવન્! નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणोवणिहिया कालाणुपुव्वी पंचविहा पण्णत्ता) અનૌપનિધિકી

નૈગમવ્યવહારાયસંમત અર્થપદ કા નિરુપણ

કાલાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે. (तंजहा) તે પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે–(अत्थपयपरूवणया, भंगसमुक्कित्तणया, भंगोवदंसणया समोयारे अणुगमे) (૧) અર્થપદપ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર અને (૫) અનુગમ આ સૂત્રની વ્યાખ્યા સ્પષ્ટ છે. ।।સૂ૦૧૨૬।।

" से किं तं णेगमववहाराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं णेगमववहाराणं अत्थपयपरूवणया?) હે ભગવાન્! નૈગમવ્યવહાર નયસંમત અર્થપદ પ્રરૂપણતાનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(णेगमववहाराणं अत्थपयपरूवणया) નૈગમવ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણતા આ પ્રકારની છે–(तिसमयट्ठिइए आणुपुव्वी, जाव दससमयट्ठिइए आणुपुव्वी) જે દ્રવ્યવિશેષની સ્થિતિ ત્રણ સમયની હોય છે, તે દ્રવ્યવિશેષને ત્રિસમયસ્થિતિ કહે છે એવું ત્રણ સમયની સ્થિતિવાળું જે દ્રવ્યવિશેષ છે, તેને અહીં આનુપૂર્વી રૂપ સમજવું જોઈએ એવું દ્રવ્યવિશેષ એક પરમાણુ પણ હોઈ શકે છે, બે પરમાણુવાળો સ્કન્ધ પણ હોઈ શકે છે, ત્રણ પરમાણુવાળો સ્કન્ધ પણ હોઈ શકે છે, ચાર પરમાણુવાળો સ્કન્ધ પણ હોઈ શકે છે, અને પાંચથી લઇને અનંત સુધીના પરમાણુઓવાળા સ્કન્ધો પણ હોઈ શકે છે.

આ રીતે એક પરમાણુ રૂપ દ્રવ્યથી લઇને દ્વિપરમાણુક, ત્રિપરમાણુક અનંત પરમાણુક સ્કન્ધ પર્યન્તના જેટલાં દ્રવ્યવિશેષ છે, તે ત્રણ સમયની સ્થિતિ-

વાળાં છે, તે સઘળા અનૌપનિધિકી કાલાનુપૂર્વીના ભેદ રૂપ અર્થપદપ્રરૂપણતાના વિષયરૂપ છે. અને તેઓ બધાં એક એક અનાનુપૂર્વી રૂપ છે એજ પ્રમાણે ચાર સમયની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યો છે તે દ્રવ્યોથી લઈને અસંખ્યાત પર્યન્તની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યો છે, તેમાંનું પ્રત્યેક દ્રવ્યવિશેષ પણ આનુપૂર્વી રૂપ જ છે.

શંકા–જો દ્રવ્યવિશેષમાં જ આનુપૂર્વીતા માનવામાં આવે, તો "કાલાનુપૂર્વી" આ પ્રકારનું કથન વિરૂદ્ધ પડે છે, કારણ કે કાલાનુપૂર્વીના કથનમાં તો કાળમાં આનુપૂર્વીતા કહેવી જોઈએ–દ્રવ્યવિશેષમાં આનુપૂર્વીતા કહેવી જોઇએ નહીં. અહીં તો આપે દ્રવ્યવિશેષોમાં આનુપૂર્વીતા બતાવી છે. તો આ બાબતનો આપ શો ખુલાસો કરો છો ?

ઉત્તર–અહીં જે દ્રવ્યવિશેષોમાં આનુપૂર્વીતા પ્રકટ કરવામાં આવી છે, તે કેવળ દ્રવ્યોમાં જ પ્રકટ કરવામાં આવી નથી, પરન્તુ જે દ્રવ્ય સમયત્રય આદિ રૂપ કાળપર્યાયથી વિશિષ્ટ (યુક્ત) છે તેમાં જ પ્રકટ કરવામાં આવેલ છે. તેથી અહીં સમયત્રય આદિ રૂપ કાળપર્યાયથી યુક્ત દ્રવ્ય જ ગ્રહણ કરવામાં આવેલ છે. આ પ્રકારે કાળની ત્રણ પર્યાયો અને તે ત્રણપર્યાયોવાળા દ્રવ્યમાં અભેદનો ઉપચાર કરીને અને કાળપર્યાયની જ પ્રધાનતા માનીને કાળપર્યાયવિશિષ્ટ દ્રવ્યમાં પણ કાલાનુપૂર્વીતા સમજવી જોઇએ દ્રવ્યની અનન્ત સમય સુધી રહેવાની સ્થિતિ સ્વભાવથી જ હોતી નથી એટલે કે કોઈ પણ દ્રવ્ય એવું નથી કે જેની સ્થિતિ સ્વભાવથી જ અનંત સમયની હોય તેથી જ અનંત સમયની સ્થિતિવાળી કાલાનુપૂર્વી હોતી નથી તે કારણે અનંત સમયની સ્થિતિવાળી કાલાનુપૂર્વી અહીં પ્રકટ કરવામાં આવી નથી.

(संखिज्जसमयट्ठिइए आणुपुव्वी असंखिज्जसमयट्ठिइए आणुपुव्वी) આ સૂત્રપાઠનો અર્થ પણ ઉપર્યુક્ત કથનમાં સ્પષ્ટ થઇ ચુકયો છે.

(एगसमयट्ठिइए अणाणुपुव्वी) તથા જે પરમાણુ રૂપ દ્રવ્ય, બે અણુવાળું દ્રવ્ય, ત્રણ અણુવાળું દ્રવ્ય, ચારથી લઇને સંખ્યાત પર્યન્તના અણુવાળું દ્રવ્ય, અસંખ્યાત અણુક દ્રવ્ય અને અનંતાણુક દ્રવ્ય એક સમયની સ્થિતિવાળું હોય છે, તેને અનાનુપૂર્વી રૂપ સમજવું (दुसमयट्ठिइए अवत्तव्वगं) તથા બે સમયની સ્થિતિવાળું જે પરમાણુ રૂપ દ્રવ્ય, બે અણુવાળું દ્રવ્ય, ત્રણથી લઇને સંખ્યાત પર્યન્તના અણુવાળું દ્રવ્ય, અસંખ્યાત અણુક દ્રવ્ય અને અનંત અણુક દ્રવ્ય હોય છે તેને અવક્તવ્યક દ્રવ્યરૂપ સમજવું.

(તિ સમયટ્ઠિયાઓ આણુપુવ્વીઓ) ત્રણ સમયની સ્થિતિવાળાં જેટલાં પરમાણુ આદિથી લઇને અનંતાણુક પર્યન્તના સ્કન્ધાત્મક દ્રવ્યવિશેષો છે, તેમને તથા સંખ્યાત, અસંખ્યાત સમયની સ્થિસ્તિવાળા પરમાણુરૂપ દ્રવ્યથી લઈને અનંતાણુક પર્યન્તના જેટલાં દ્રવ્યવિશેષો છે તેઓ બહુવચનાન્ત આનુપૂર્વી શબ્દના વાચ્યાર્થ રૂપ છે.

(એગ સમયટ્ઠિયાઓ અણાણુપુવ્વીઓ) તથા એક પરમાણુરૂપ દ્રવ્યથી લઇને અનંતાણુક પર્યન્તના જેટલાં દ્રવ્યવિશેષો એક સમયની સ્થિતિવાળા છે, તેઓ બધાં બહુવચનાન્ત અનાનુપૂર્વી શબ્દના વાચ્યાર્થ રૂપ છે.

(દુસમયટ્ઠિયાઓ અવત્તવ્વગાઇં) તથા બે સમયની સ્થિતિવાળાં જેટલાં પૂર્વોકત દ્રવ્યો છે, તેઓ બધાં બહુવચનાન્ત અવકતવ્યક શબ્દના વાચ્યાર્થ રૂપ છે. (સે તં ણેગમવવહારાણં અત્થપયપરૂવણયા) નૈગમવ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણતાનું આ પ્રકારનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(એયાએણં ણેગમવવહારાણં અત્થપયપરૂવણાએ કિં પઓયણં ?) આ નૈગમવ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણતાનું પ્રયોજન શું છે ?

ઉત્તર–(એયાએણં ણેગમવવહારાણં અત્થપયપરૂવણયાએ ણેગમવવહારાણં ભંગસમુક્કિત્તણયા કજ્જઇ) નૈગમવ્યવહારનયસંમત આ અર્થપદ પ્રરૂપણતાને આધારે નૈગમવ્યવહાર નયસંમત ભંગસમુત્કીર્તનતા કરાય છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં કાલાનુપૂર્વીનું કથન કર્યું છે. આ વિષયનું સાંગોપાંગ વર્ણન કરવાને માટે સૂત્રકારે કાલાનુપૂર્વીના ઔપનિધિકી અને અનૌપનિધિકી નામના બે વિભાગ પાડયાં છે. આ બન્નેનો અર્થ દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં પહેલાં બતાવી દેવામાં આવેલ છે અનૌપનિધિકી આનુપૂર્વીનાં સ્વરૂપનું કથન કર્યા બાદ સૂત્રકાર ઔપનિધિકી આનુપૂર્વીના સ્વરૂપનું કથન કરશે આ પ્રકારે સૂત્રકાર પહેલાં તો અનૌપનિધિકી આનુપૂર્વીનું નિરૂપણ કરે છે–તે માટે તેમણે અનૌપનિધિકી આનુપૂર્વીને નીચેના બે વિભાગોમાં વિભકત કરી નાખી છે–(૧) નૈગમવ્યવહારનયસંમત અનૌપનિધિકી અને (૨) સંગ્રહનયસંમત અનૌપનિધિકી તેમાંની જે નૈગમવ્યવહારનયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વી છે તેના નીચે પ્રમાણે પાંચ ભેદ પડે છે–(૧) અર્થપદ પ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર અને (૫) અનુગમ.

અર્થપદ પ્રરૂપણતામાં ત્રણ સમયથી લઈને અસંખ્યાત સમય પર્યન્તની સ્થિતિવાળાં જેટલાં એક પરમાણુથી લઈને અનંત પર્યન્તના પરમાણુવાળાં દ્રવ્યો છે, તે બધા દ્રવ્યોને આનુપૂર્વી રૂપ ગણવામાં આવે છે, કારણ કે અહીં કાલાનુપૂર્વીનો અધિકાર ચાલી રહ્યો છે તેથી ત્રણ આદિ સમયોની સ્થિતિવાળાં દ્રવ્યોને જ આનુપૂર્વી રૂપ માનવામાં આવ્યાં છે. એક પરમાણુ પણ ત્રણ સમયની સ્થિતિવાળું હોઈ શકે છે, બે આદિ પરમાણુવાળું દ્રવ્ય પણ ત્રણ સમયની સ્થિતિવાળું હોઈ શકે છે. તેથી એવાં ત્રણ સમયની સ્થિતિવાળાં દ્રવ્યો આનુપૂર્વી રૂપ છે એજ પ્રમાણે ચારથી લઈને સંખ્યાત સમયો, અને અસંખ્યાત પર્યન્તના સમયોની સ્થિતિવાળાં એક પરમાણુંવાળાં, અને બેથી લઈને અનંત પર્યન્તના પરમાણુવાળાં દ્રવ્યો પણ હોઈ શકે છે એવાં બધાં દ્રવ્યો પણ સ્વતંત્ર આનુપૂર્વી રૂપ જ ગણાય છે. એક સમયની સ્થિતિવાળું એક પુદ્ગલ પરમાણુ રૂપ દ્રવ્ય અને બે અણુકથી લઈને અનંત અણુક પર્યન્તનું દ્રવ્ય અનાનુપૂર્વી રૂપ ગણાય છે. બે સમયની સ્થિતિવાળું એક પુદ્ગલપરમાણુ રૂપ દ્રવ્ય અને બે અણુવાળાથી લઈને અનંત પર્યન્તના અણુવાળું દ્રવ્ય અવક્તવ્યક રૂપ ગણાય છે. અહીં સૂત્રકારે જે એકવચનાન્ત અને બહુવચનાન્ત આનુપૂર્વી આદિ પદ બતાવ્યાં છે તેનું કારણ એ છે કે ત્રણ આદિ સમયોની સ્થિતિવાળાં આનુપૂર્વી દ્રવ્યો એક એક વ્યક્તિ (પદાર્થ)

नैयमव्यवहारनासंमत भक्त्समुत्कीर्तन का निरुपण

રૂપ પણ હોય છે. એજ પ્રમાણે અવક્તવ્યક અને અનાનુપૂર્વી દ્રવ્યોના વિષયમાં પણ સમજવું તેના સ્પષ્ટીકરણ માટે દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં નૈગમવ્યવહાર નયસંમત અર્થપદપ્રરૂપણા રૂપ આનુપૂર્વીનું પ્રકરણ વાંચી જવાની ભલામણ કરવામાં આવે છે તે પ્રકરણમાં દ્રવ્યાનુપૂર્વીનું નિરૂપણ કરેલું હોવાથી, ત્રણ આદિ પ્રદેશોવાળાં દ્રવ્યોને આનુપૂર્વી રૂપ, એક પ્રદેશવાળા દ્રવ્યને અનાનુપૂર્વી રૂપ અને બે પ્રદેશવાળા દ્રવ્યને અવક્તવ્યક રૂપ કહેવામાં આવેલ છે. પરન્તુ અહીં કાલાનુપૂર્વીનું કથન ચાલતું હોવાથી ત્રણ આદિ સમયની સ્થિતિવાળા દ્રવ્યને આનુપૂર્વી રૂપ, એક સમયની સ્થિતિવાળા દ્રવ્યને અનાનુપૂર્વી રૂપ અને બે સમયની સ્થિતિવાળા દ્રવ્યને અવક્તવ્યક રૂપ કહેવામાં આવેલ છે. આ એકવચનાન્ત અને બહુવચનાન્ત અર્થપદપ્રરૂપણતાનું પ્રયોજન શું છે? તે હવે સૂત્રકાર પ્રકટ કરે છે. ॥સૂ૦૧૨૭॥

"से किं तं णेगमववहाराणं" इत्यादि—

शब्दार्थ–(से किं तं णेगमववहाराणं भंगसमुक्कित्तणया ?) हे भगवन्! नैगमव्यवहार नयसंमत ते भंगसमुत्कीर्तनतानुं स्वरूप केवुं छे ?

उत्तर–(णेगमववहाराणं भंगसमुक्कित्तणया) नैगमव्यवहार नयसंमत भंगसमुत्कीर्तनतानुं स्वरूप आ प्रकारनुं छे–

(अत्थि आणुपुव्वी, अत्थि अणाणुपुव्वी, अत्थि अवत्तव्वगं) आनुपूर्वी छे, अनानुपूर्वी छे अने अवक्तव्यक छे, (एवं दव्वाणुपुव्वीगमेणं कालाणुव्वीए वि ते चेव छव्वीसं भंगा भाणियव्वा) आ प्रकारे द्रव्यानुपूर्वीना प्रकरणमां जेवां २६ भंग (भांगाओ) कहेवामां आव्या छे, एवां ज २६ भांगाओ आ कालानुपूर्वीना विषयमां पण कहेवा जोईए. "से तं णेगमववहाराणं भंगसमुक्कित्तणया" आ सूत्रपाठ पर्यन्तनुं समस्त कथन अहीं पण करवुं जोईओ.

प्रश्न–(एयाएणं णेगमववहाराणं भंगसमुक्कित्तणयाए किं पओयणं?) नैगमव्यवहार नयसंमत आ भंगसमुत्कीर्तनतानुं शुं प्रयोजन छे ?

उत्तर–(एयाएणं णेगमववहाराणं भंगसमुक्कित्तणयाए णेगमववहाराणं भंगोवदंसणया कज्जइ) आ नैगमव्यवहार नयसंमत भंगसमुत्कीर्तनताने आधारे नैगमव्यवहार नयसंमत भंगोपदर्शनता करवामां आवे छे. आ सूत्रनी व्याख्या स्पष्ट छे.

भावार्थ–अहीं २६ भंग केवी रीते बने छे, ते हवे समजावामां आवे छे–आनुपूर्वी आदि त्रण एकवचनान्त पदोना त्रण भंग (भांगा) बने छे. अने जे आनुपूर्वी आदि बहुवचनान्त त्रण पदो छे तेमना पण त्रण भंग बने छे आ रीते कुल ६ भंग असंयोग पक्षमां थाय छे.

संयोग पक्षमां आ त्रण पदना द्विसंयोगी भंग त्रण थाय छे. तेमां प्रत्येक भंगमां अन्योनो संयोग थवाथी एकवचन अने बहुवचनवाळा चार चार भंग बने छे. आ रीते त्रण भंगोना द्विसंयोगी चार चार भंग थता होवाथी कुल द्विकसंयोगी भंग १२ थाय छे. अने त्रिकसंयोगमां एकवचन अने बहुवचनान्त पदोनां कुल ८ भंग थाय छे. आ प्रकारे कुल २६ भंग थई जाय छे आ भंगोनी रचना स्पष्ट रीते समजवा माटे द्रव्यानुपूर्वीना प्रकरणनुं ७७मुं सूत्र वांची लेवानी भलामण करवामां आवे छे. ॥सू०१२८॥

नैगमव्यवहारनयसंमत भंगोपदर्शन का निरुपण

"से किं तं णेगमववहाराणं" इत्यादि—

शब्दार्थ–(णेगमववहाराणं) हे भगवन्! नैगमव्यवहार नयसंमत (तं) पूर्वप्रकान्त (से) ते (भंगोवदंसणया) भंगोपदर्शनतानुं (किं) केवुं स्वरूप छे ?

उत्तर–(णेगमववहाराणं भंगोवदंसणया) नैगमव्यवहारनयसंमत भंगोपदर्शनता आ प्रकारनी छे—

(तिसमयट्ठिइए आणुपुव्वी) त्रण समयनी स्थितिवाळुं प्रत्येक परमाणु आदि द्रव्य आनुपूर्वी रूप छे. (एगसमयट्ठिइए अणाणुपुव्वी) एक समयनी स्थितिवाळुं एक परमाणु आदि द्रव्य अनानुपूर्वी रूप छे. (दुसमयट्ठिइए अवत्तव्वगं) बे समयनी स्थितिवाळुं एक परमाणु आदि द्रव्य अवक्तव्यक रूप छे. (तिसमयट्ठिइया आणुपुव्वीओ) त्रण समयनी स्थितिवाळां अनेक

પોતપોતાની એક સરખી જાતિવાળા પદાર્થો અનાનુપૂર્વીઓ રૂપ છે. (दुसमयट्ठिइया अवत्तव्वयाइं) બે સમયની સ્થિતિવાળા અનેક પોતપોતાની એક સરખી જાતિવાળા પદાર્થો અવક્તવ્યકો રૂપ છે. આ પ્રકારે એકવચનાન્ત અસંયોગ પક્ષમાં ત્રણ ભંગ અને બહુવચનાંત અસંયોગ પક્ષમાં પણ ત્રણ ભંગ બને છે. આ રીતે અસંયોગપક્ષે કુલ ૬ ભંગ બને છે. સંયોગપક્ષે એકવચન અને બહુવચન સંબંધી પ્રથમ અને દ્વિતીય ભંગને સંયુક્ત કરવાથી ત્રણ સમયની સ્થિતિવાળો પદાર્થ એક આનુપૂર્વી રૂપ અને એક સમયની સ્થિતિવાળો પદાર્થ એક અનાનુપૂર્વી રૂપ સમજવો જોઈએ, એજ વાત નીચેના સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરવામાં આવી છે–

(अहवा तिसमयट्ठिइए य एगसमयट्ठिइए य आणुपुव्वी य अणाणुपुव्वी य) આ પ્રકારે પહેલી ચતુર્ભંગીનો પહેલો ભંગ ઉપર પ્રકટ કરવામાં આવ્યો છે. (एवं तहा चेव दव्वाणुपुव्वीगमेणं छव्वीसं भंगा भाणियव्वा जाव से तं णेगमववहाराणं भंगोवदंसणया) આ પ્રકારે દ્રવ્યાનુપૂર્વીના પાઠમાં દર્શાવ્યા અનુસારના ૨૬ ભંગ અહીં પણ સમજવા જોઈએ. "से तं णेगमववहाराणं भंगोवदंसणया" નૈગમવ્યવહાર નયસંમત ભંગોપદર્શનતાનું સ્વરૂપ આ પ્રકારનું છે, આ સૂત્રપાઠ પર્યન્તનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ. આ પ્રકારનું ભંગોપદર્શનતાનું સ્વરૂપ સમજવું અહીં આ પ્રકારના ૨૬ ભંગ બને છે–

એકવચનાન્ત ત્રણ ભંગો–

(૧) ત્રિસમયસ્થિતિક–એક પરમાણુ દ્રવ્યથી લઈને અનંતાણુક સ્કન્ધ પર્યન્તના દ્રવ્યવિશેષરૂપ–આનુપૂર્વી (૨) એક સમયસ્થિતિક એક પરમાણુ દ્રવ્ય આદિથી લઇને અનંત અણુક સ્કન્ધ પર્યન્તના દ્રવ્યવિશેષ રૂપ આનુપૂર્વી (૩) બે સમયની સ્થિતિવાળા એક પરમાણુ દ્રવ્ય આદિથી લઈને અનંતાણુક સ્કન્ધ પર્યન્તના દ્રવ્યવિશેષ રૂપ અવક્તવ્યક બહુવચનાન્ત ત્રણ ભંગો–

(૧) ત્રણ સમયની સ્થિતિવાળાં અનેક એક એક પરમાણુ રૂપ દ્રવ્યોથી લઇને અનેક અનંતાણુક સ્કંધ પર્યન્તના દ્રવ્યવિશેષ આનુપૂર્વીઓ છે.

(૨) એક સમયની સ્થિતિવાળાં એક એક પરમાણુ રૂપ દ્રવ્યોથી લઈને અનેક અનંતાણુક સ્કન્ધો પર્યન્તના દ્રવ્યવિશેષો અનાનુપૂર્વીઓ છે.

(૩) બે સમયની સ્થિતિવાળાં અનેક એક એક પરમાણુ રૂપ દ્રવ્યોથી લઈને અનેક અનંતાણુક સ્કન્ધો પર્યન્તના દ્રવ્યવિશેષો અવક્તવ્યકો રૂપ છે. બે પદોના સંયોગથી પહેલી ચતુર્ભંગી (ચારભાંગા) નીચે પ્રમાણે બને છે–

(૧) આનુપૂર્વી અનાનુપૂર્વી, (૨) આનુપૂર્વી અનાનુપૂર્વીઓ, (૩) આનુ-

પૂર્વીઓ અનાનુપૂર્વી અને (૪) આનુપૂર્વીઓ અનાનુપૂર્વીઓ.

બે પદોના સંયોગથી બીજી ચતુર્ભંગી નીચે પ્રમાણે બને છે–

(૧) આનુપૂર્વી અવક્તવ્યક, (૨) આનુપૂર્વી ઘણા અવક્તવ્યકો, (૩) આનુપૂર્વીઓ એક અવક્તવ્યક, (૪) અનેક આનુપૂર્વીઓ અનેક અવક્તવ્યકો.

બે પદોના સંયોગથી ત્રીજી ચતુર્ભંગી આ પ્રમાણે બને છે–

(૧) એક આનુપૂર્વી એક અવક્તવ્યક, (૨) એક અનાનુપૂર્વી ઘણા અવક્તવ્યકો, (૩) ઘણી અનાનુપૂર્વી એક અવક્તવ્યક (૪) ઘણી અનાનુપૂર્વીઓ ઘણા અવક્તવ્યકો.

આ પ્રકારે એકવચનાન્ત અને બહુવચનાન્ત આનુપૂર્વી આદિ પદોના સંયોગથી કુલ ૧૨ દ્વિકસંયોગી ભંગો થાય છે. હવે ત્રણ પદોના સંયોગથી જે ૮ ભંગો બને છે, તે પ્રકટ કરવામાં આવે છે,

(૧) એક આનુપૂર્વી એક અનાનુપૂર્વી અને એક અવક્તવ્યક (૨) એક આનુપૂર્વી, એક અનાનુપૂર્વી અને ઘણા અવક્તવ્યકો (૩) એક આનુપૂર્વી, અનેક અનાનુપૂર્વીઓ અને એક અવક્તવ્યક (૪) એક આનુપૂર્વી, અનેક અનાનુપૂર્વીઓ અને અનેક અવક્તવ્યકો (૫) અનેક આનુપૂર્વીઓ, એક અનાનુપૂર્વી અને એક અવક્તવ્યક (૬) અનેક આનુપૂર્વીઓ, એક અનાનુપૂર્વી અને અનેક અવક્તવ્યકો (૭) અનેક આનુપૂર્વીઓ, અનેક અનાનુપૂર્વીઓ અને એક અવક્તવ્યક (૮) અનેક આનુપૂર્વીઓ, અનેક અનાનુપૂર્વીઓ

સમત્વારકે સ્વરુપકા નિરુપણ

અને અનેક અવક્તવ્યકો આ પ્રકારે અસંયોગી ૬, દ્વિકસંયોગી ૧૨ અને ત્રિકસંયોગી ૮ ભાંગાઓ મળીને કુલ ૨૬ ભાંગા થઈ જાય છે. તેમના વિષે વધુ માહિતી મેળવવી હોય તો દ્રવ્યાનુપૂર્વીના પ્રકરણમાં જે ભંગોપદર્શનતાનું નિરૂપણ કરવામાં આવ્યું છે તે વાંચી જવાની ભલામણ કરવામાં આવે છે. ॥સૂ ૧૨૯॥

"से किं तं समोयारे" ઇત્યાદિ—

શબ્દાર્થ–પ્રશ્ન-(से किं तं समोयारे ?) હે ભગવન્! પૂર્વપ્રક્રાન્ત (અનૌપનિધિકી કાલાનુપૂર્વીના એક પ્રકાર રૂપ) સમવતારનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(समोयारे) પૂર્વપ્રક્રાન્ત સમવતારનું સ્વરૂપ આ પ્રકારનું છે–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं कहिं समोयरंति) નૈગમવ્યવહાર નયસંમત જે અનેક આનુપૂર્વી દ્રવ્યો છે તેમનો અન્તર્ભાવ (સમાવેશ) કયાં થાય છે ? શું સ્વસ્થાનમાં તેમનો સમાવેશ થાય છે કે પરસ્થાનમાં થાય છે ? આ પ્રકારની વિચારધારાનો જે ઉત્તર દેવો તેનું નામ સમવતાર છે. અહીં આ પ્રકારની વિચારધારા ચાલે છે–નૈગમવ્યવહાર નયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્ય (किं आणुपुव्वीदव्वेहिं समोयरंति, अणाणुपुव्वीदव्वेहिं समोयरंति, अवत्तव्वगदव्वेहिं समोयरंति ?) શું આનુપૂર્વી દ્રવ્યોમાં અન્તર્ભૂત થાય છે ? કે અનાનુપૂર્વી દ્રવ્યોમાં અંતર્ભૂત થાય છે ? કે અવક્તવ્યક દ્રવ્યોમાં અન્તર્ભૂત થાય છે ?

ઉત્તર–(एवं तिण्णि वि सट्ठाणे समोयरंति इति भाणियव्वं) નૈગમવ્યવહાર નયસંમત જે આનુપૂર્વી દ્રવ્યો છે તેઓ આનુપૂર્વી દ્રવ્યોમાં જ સમાવિષ્ટ થાય છે, તેઓ અનાનુપૂર્વી દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી અને અવક્તવ્યક દ્રવ્યોમાં પણ સમાવિષ્ટ થતાં નથી. એજ પ્રમાણે નૈગમવ્યવહાર નયસંમત જેટલાં અનાનુપૂર્વી દ્રવ્યો છે, તેઓ પણ પોતાની જાતિમાં જ (અનાનુપૂર્વી દ્રવ્યોમાં જ) સમાવિષ્ટ થાય છે, તેમનાથી ભિન્ન એવાં આનુપૂર્વી દ્રવ્યોમાં અથવા અવક્તવ્યક દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી એજ પ્રમાણે નૈગમવ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્યો પણ અવક્તવ્યક દ્રવ્યોમાં જ સમાવિષ્ટ થાય છે–અન્ય આનુપૂર્વી આદિ દ્રવ્યોમાં સમાવિષ્ટ થતાં નથી આ પ્રકારે આનુપૂર્વી, અનાનુપૂર્વી અને અવક્તવ્યક, આ ત્રણે પ્રકારનાં દ્રવ્યો પોતપોતાના

સ્થાન રૂપ જાતિમાં જ અન્તર્ભૂત થાય છે. આ સૂત્રની વ્યાખ્યા માટે પાછળ ૮૦મું સૂત્ર વાંચી જવું જોઈએ ।।સૂ૦૧૩૦।।

"से किं तं अणुगमे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं अणुगमे ?) હે ભગવન્! અનુગમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणुगमे णवविहे पण्णत्ते) અનુગમ નવ પ્રકારનો કહ્યો છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–

(संतपयपरूवणया, जाव अप्पाबहुं चेव) સંતપદ પ્રરૂપણતાથી લઈને અલ્પબહુત્વ પર્યન્તના નવ પ્રકારો અહીં ગ્રહણ કરવા જોઇએ. તે નવ પ્રકારો હવે ગણાવવામાં આવે છે—

(૧) સત્પદ પ્રરૂપણતા, (૨) દ્રવ્યપ્રમાણ, (૩) ક્ષેત્ર, (૪) સ્પર્શના, (૫) કાળ, (૬) અન્તર, (૭) ભાગ (૮) ભાવ અને (૯) અલ્પબહુત્વ.

વિદ્યમાન પદાર્થવિષયક પદની પ્રરૂપણતાનું નામ સત્પદપ્રરૂપણતા છે. તેમાં (णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं किं अत्थि णत्थि ?) કોઈ એવો પ્રશ્ન પૂછે કે "નૈગમવ્યવહાર નયસંમત આનુપૂર્વી દ્રવ્યો છે કે નથી? અનાનુપૂર્વી દ્રવ્યો છે કે નથી? અવક્તવ્યક દ્રવ્યો છે કે નથી?" તો તે પ્રશ્નનો ઉત્તર આ પ્રમાણે આપવામાં આવે છે–(णियमा तिण्णि वि अत्थि) "આ ત્રણે દ્રવ્યો અવશ્ય વિદ્યમાન છે. આ પ્રકારે આનુપૂર્વી આદિ દ્રવ્યોના અસ્તિત્વ વિષયક જે પ્રરૂપણા કરવામાં આવે છે તેનું નામ સત્પદપ્રરૂપણતા છે.

હવે દ્રવ્યપ્રમાણનું સ્વરૂપ સમજાવવામાં આવે છે–જે દ્રવ્યોને આનુપૂર્વી આદિ રૂપે ઓળખવામાં આવે છે, તે દ્રવ્યોની સંખ્યાનો દ્રવ્યપ્રમાણમાં વિચાર કરવામાં આવે છે એજ વાતને નીચેના સૂત્રપાઠ દ્વારા સ્પષ્ટ કરવામાં આવી છે–

પ્રશ્ન–(णेगमववहाराणं आणुपुव्वीदव्वाइं किं संखिज्जाइं, असंखिज्जाइं, अणंताइं ?) નૈગમવ્યવહાર નયસંમત સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો શું સંખ્યાત છે, અસંખ્યાત છે, કે અનંત છે? આ પ્રકારનો પ્રશ્ન અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો વિષે પણ પૂછવો જોઇએ.

ઉત્તર–(तिण्णि वि नो संखिज्जाइं, असंखिज्जाइं, नो अणंताइं) આનુપૂર્વી આદિ ત્રણે પ્રકારના દ્રવ્યો સંખ્યાત પણ નથી, અનંત પણ નથી, પરન્તુ અસંખ્યાત છે. આ કથનનો ભાવાર્થ એ છે કે ત્રણ સમયની સ્થિતિવાળાં પ્રત્યેક પરમાણુ આદિ દ્રવ્યો જો કે આ લોકમાં અનંત છે, છતાં પણ તેમની સમયત્રય રૂપ સ્થિતિ એક જ છે, કારણ કે કાળની અહીં પ્રધાનતા ગ્રહણ કરવાની છે અને દ્રવ્યબહુત્વની ગૌણતા સમજવાની છે તેથી ત્રણ સમયની સ્થિતિવાળાં જેટલાં પરમાણુથી લઈને અનંત પર્યન્તના પુદ્ગલ પરમાણુવાળાં સ્કન્ધ રૂપ દ્રવ્યો છે, તેઓ બધાં પોતપોતાની ત્રણ સમયની સ્થિતિની અપેક્ષાએ એક જ આનુપૂર્વી દ્રવ્ય રૂપ છે. એજ પ્રમાણે જો કે ચાર આદિ સમયની સ્થિતિવાળાં પ્રત્યેક પરમાણુ આદિ દ્રવ્ય અનંત છે, દસ સમય પર્યન્તની સ્થિતિવાળાં, સંખ્યાત સમયની સ્થિતિવાળાં અને અસંખ્યાત સમયની સ્થિતિવાળાં પરમાણુ આદિ દ્રવ્યો અનંત છે, છતાં પણ તેઓ પોતપોતાની ચાર આદિ સમય, દસ પર્યન્તના સમય, સંખ્યાત અને અસં-

જ્યાત સમય રૂપ સ્થિતિ એક સરખી હોવાને કારણે એક એક આનુપૂર્વી રૂપ છે. એટલે કે ચાર સમયની સ્થિતિવાળાં જેટલાં અનંત પરમાણુ દ્રવ્યો અને અનંત સ્કન્ધ દ્રવ્યો છે. તેઓ ચાર સમયની એક સરખી સ્થિતિવાળાં હોવાને કારણે એક આનુપૂર્વી દ્રવ્યરૂપ છે એજ પ્રમાણે પાંચથી લઈને દસ પર્યન્તના સમયની સ્થિતિવાળાં, સંખ્યાત સમયની સ્થિતિવાળાં અને અસંખ્યાત સમયની સ્થિતિવાળાં અનંત પરમાણુ દ્રવ્યોથી લઈને અનંત પરમાણુ સ્કંધોમાં પણ, તે પ્રત્યેકની પોતપોતાની સ્થિતિની એકરૂપતાને કારણે તે પ્રત્યેકમાં પણ એક એક આનુપૂર્વી રૂપતા સમજવી જોઇએ દ્રવ્યની સ્થિતિ અનંત સમયની હોતી નથી-એટલે કે એવું કોઈ પણ દ્રવ્ય નથી કે જેની સ્થિતિ અનંત સમયની હોય તેથી આનુપૂર્વી દ્રવ્યોને અસંખ્યાત જ માનવામાં આવેલ છે. એજ પ્રમાણે અનાનુપૂર્વી દ્રવ્યો પણ અસંખ્યાત જ છે અને અવકતવ્યક દ્રવ્યો પણ અસંખ્યાત જ છે એમ સમજવું.

શંકા-એક સમયની સ્થિતિવાળું દ્રવ્ય અનાનુપૂર્વી છે, અને બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય અવક્તવ્યક છે જો કે લોકમાં એક સમયની સ્થિતિવાળાં અને બે સમયની સ્થિતિવાળાં પરમાણુ આદિ પ્રત્યેક દ્રવ્ય અનંત છે, છતાં પણ પૂર્વોકત રીતે એક સમયની અને બે સમયની સ્થિતિની એકરૂપતા હોવાથી અને દ્રવ્યબાહુલ્યની ગૌણુતા હોવાથી " એક જ અનાનુપૂર્વી દ્રવ્ય અને એક જ અવકતવ્યક દ્રવ્ય છે, " એવું કથન કરવું ઉચિત ગણાત પ્રત્યેક અસંખ્યાત છે, એવું કથન કરવું ઉચિત લાગતું નથી શંકાકરનારના કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે- કાલાનુપૂર્વીમાં દ્રવ્યબાહુલ્યને ગૌણ માનવામાં આવ્યું છે અને કાળને પ્રધાન માનવામાં આવેલ છે. તેથી એક સમયની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યો હશે, તેમનામાં એક એક સમયની સ્થિતિ રૂપ એકતા હોવાને કારણે, એક જ અનાનુપૂર્વી દ્રવ્ય રૂપ ગણવા જોઈએ- ભિન્ન ભિન્ન અસંખ્યાત અનાનુપૂર્વી દ્રવ્યો રૂપ ગણવા જોઈએ નહીં એજ પ્રમાણે બે સમયની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યો હશે તે બધાંને પણ, પોતપોતાની બન્ને સમયની સ્થિતિની એકરૂપતાને કારણે, એક જ અવક્તવ્યક દ્રવ્ય રૂપ માનવા પડશે-ભિન્ન ભિન્ન અસંખ્યાત અવકતવ્યક દ્રવ્યો રૂપ માની શકાશે નહીં જો દ્રવ્યના ભેદને લીધે તેમની વચ્ચે ભેદ માનવામાં આવે, તો તે પ્રત્યેકમાં અસંખ્યાતતા આવવાને બદલે અનંતતા જ આવવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તેથી સૂત્રકારે અહીં જે અસંખ્યતતા કહી છે તેને બદલે પ્રત્યેકમાં અનંતતા જ કહેવી જોઈતી હતી, કારણ કે એક સમયની સ્થિતિવાળાં દ્રવ્યોમાં અને બે સમયની સ્થિતિવાળાં દ્રવ્યોમાં-એ પ્રત્યેકમાં-અનંતતા જ હોય છે.

ઉત્તર-લોકમાં અવગાહભેદ અસંખ્યાત છે તેથી એક સમયની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યો છે અને બે સમયની સ્થિતિવાળા જેટલાં દ્રવ્યો છે, તેમાંના પ્રત્યેક દ્રવ્યમાં અવગાહનાના ભેદને લીધે ભિન્નતા છે. આ ભિન્નતાની અપેક્ષાએ પ્રત્યેક દ્રવ્ય અસંખ્યાત છે, એમ સમજવું જોઈએ. દરેક અવગાહમાં એક સમયની સ્થિતિવાળાં અને બે સમયની સ્થિતિવાળાં અનેક દ્રવ્યોની વિદ્યમાનતા (રહેવાનું) સંભવિત હોય છે. તેથી અસંખ્ય અવગાહમાં અનાનુપૂર્વી અને અવકતવ્યક દ્રવ્યોના રહેવાને કારણે તેમના આધારભૂત ક્ષેત્રમાં ભેદ પડી જાય છે તેથી તે દ્રવ્યોમાં-પ્રત્યેકમાં-અસંખ્યાતતાનું કથન વિરૂદ્ધ

પડતું નથી, પણ નિર્દોષ કથન રૂપ જ ગણી શકાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે લોકમાં એક સમયની સ્થિતિવાળાં દ્રવ્યોને તથા બે સમયની સ્થિતિવાળાં દ્રવ્યોને રહેવાનાં સ્થાન અસંખ્યાત છે, કારણ કે લોકાકાશ પોતે જ અસંખ્યાત પ્રદેશોવાળું છે આ દ્રવ્યોને રહેવાનું એક જ પ્રદેશ રૂપ અથવા બે પ્રદેશરૂપ આધારસ્થાન હોતું નથી તેથી એક પ્રદેશરૂપ અને બે પ્રદેશ આદિ રૂપ આધાર અનેક હોવાને કારણે તે અસંખ્યાત આધાર રૂપ સ્થાનોમાં તે પ્રત્યેક દ્રવ્ય અસંખ્યાત રૂપે રહે છે. (તેથી તે પ્રત્યેક અસંખ્યાત જ છે. આ રીતે ભિન્ન ભિન્ન સ્થાનોમાં રહેલા એક સમયની અને બે સમયની સ્થિતિવાળાં તે પ્રત્યેક દ્રવ્યમાં અસંખ્યાતનું કથન દોષરહિત જ છે.) ।।સૂ૦૧૩૧।।

क्षेत्रद्वार और स्पर्शनाद्वार का निरुपण

હવે સૂત્રકાર ક્ષેત્રદ્વાર અને સ્પર્શનદ્વારનું કથન કરે છે.—

" णेगमववहाराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वीदव्वाइं) સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો, (अणाणुपुव्वीदव्वाइं) સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્યો, (अवत्तव्वगदव्वाइं) અને સમસ્ત અવક્તવ્યક દ્રવ્યો (लोगस्स किं संखिज्जइ भागे होज्जा) શું લોકના સંખ્યાતમાં ભાગમાં રહે છે, (असंखिज्जइभागे होज्जा) કે અસંખ્યાત ભાગમાં રહે છે, (संखेज्जेसु भागेसु वा होज्जा) કે સંખ્યાત ભાગોમાં રહે છે, (असंखेज्जेसु भागेसु वा होज्जा) કે અસંખ્યાત ભાગોમાં રહે છે, (सव्वलोए वा होज्जा ?) કે સમસ્ત લોકમાં રહે છે ?

ઉત્તર–(आनुपुव्वीदव्वाइं एगं दव्वं पडुच्च संखेज्जइभागे वा होज्जा, असंखेज्जइभागे वा होज्जा, संखेज्जेसु भागेसु वा होज्जा, असंखेज्जेसु वा भागेसु होज्जा, देसूणे वा लोए होज्जा) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગમાં રહે છે, કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગમાં રહે છે, કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગોમાં રહે છે, તથા કોઇ એક આનુપૂર્વી દ્રવ્ય દેશોનલોકમાં રહે છે.

અહીં " આનુપૂર્વી દ્રવ્ય (ત્રણ આદિ સમયની સ્થિતિવાળું દ્રવ્ય) લોકના સંખ્યાત આદિ ભાગોમાં રહે છે. " એવું જે કથન કરવામાં આવ્યું છે તેનું કારણ એ છે કે તે સંખ્યાત આદિ ઉપર્યુક્ત ભાગોમાં તેની અવગાહના સંભવિત હોય છે. તથા જે સમયે ત્રણ આદિ સમયની સ્થિતિવાળો સૂક્ષ્મ પરિણામયુકત સ્કન્ધ દેશોનલોકમાં અવગાહિત થાય છે–રહે છે–તે સમયે એક આનુપૂર્વી દ્રવ્ય દેશોનલોકવર્તી હોય છે, એવું સમજવું જોઈએ.

શંકા–આપ જે સૂક્ષ્મ પરિણામયુક્ત ત્રણ આદિ સમયની સ્થિતિવાળા સ્કન્ધ રૂપ એક આનુપૂર્વી દ્રવ્યને દેશોનલોકવ્યાપી કહ્યો છે, તો અમારો પ્રશ્ન એ છે કે તે સમસ્ત લોકમાં કેમ વ્યાપેલો (અવગાહિત) નથી?

ઉત્તર–એ વાત તો પહેલાં સ્પષ્ટ થઈ ચુકી છે કે અચિત્ત મહાસ્કન્ધ જ સર્વ લોકવ્યાપી હોય છે, અને તે અચિત્ત મહાસ્કન્ધ સર્વ લોકમાં વ્યાપક રૂપે એક સમય સુધી જ રહે છે. ત્યાર બાદ તેનો સંકોચ (ઉપસંહાર) થઈ જાય છે. આનુપૂર્વી દ્રવ્ય એક સમયની સ્થિતિવાળું હોતું નથી. તે તો ત્રણ આદિ સમયની સ્થિતિવાળું હોય છે. તેથી એવું જે દ્રવ્ય હોય છે તે તો દેશોન લોકમાં (એક પ્રદેશ પ્રમાણ ન્યૂન લોકમાં) જ અવગાહિત થાય છે, એવો નિયમ છે. તેથી જ એવું કહેવામાં આવ્યું છે કે ત્રણ આદિ સમયની સ્થિતિવાળું જે દ્રવ્ય હોય છે, તે દ્રવ્ય દેશોન લોકમાં અવગાહિત હોય છે.

શંકા–આપે કહ્યું તે અચિત્ત મહાસ્કન્ધની સ્થિતિ એક સમયની હોય છે, પરન્તુ આપનું તે કથન દોષયુક્ત લાગે છે, કારણ કે દંડ, કપાટ, મન્થાન આદિ અવસ્થાઓની ગણતરી કરતાં તેની સ્થિતિ આઠ સમયની થાય છે આ આ અચિત્ત મહાસ્કન્ધ, કેવલિસમુદ્ઘાતને ન્યાયે વિસ્રસાપરિણામને લીધે ચાર સમયોમાં સકળ લોકને વ્યાપ્ત કરી દે છે, અને ત્યાર બાદ ચાર સમયોમાં જ તે પોતાનો ઉપસંહાર કરે છે એટલે કે પોતાની અંદર જ સમાઈ જાય છે. આ રીતે કાળપ્રમાણનો વિચાર કરવામાં આવે તો તેની સ્થિતિ આઠ સમયની થાય છે. છતાં આપ તેની સ્થિતિ એક સમયની શા કારણે કહો છો? આ અચિત્ત સ્કન્ધ આઠ સમયોની સ્થિતિવાળો હોવાથી આનુપૂર્વી રૂપ જ છે. જો આનુપૂર્વી દ્રવ્ય રૂપ આ અચિત્ત સ્કન્ધ સર્વલોકવ્યાપી હોય, તો આનુપૂર્વી દ્રવ્યને આપ કેવી રીતે દેશોન લોકવ્યાપી બતાવો છો? આ રીતે આનુપૂર્વી દ્રવ્યને દેશોન લોકવ્યાપી કહેવું તે સંગત લાગતું નથી. તેને સર્વલોકવ્યાપી જ કહેવું જોઈએ.

ઉત્તર–દંડ, કપાટ અને મન્થાન આદિ જે અવસ્થાઓ છે તે ભિન્ન ભિન્ન છે, અને અવસ્થાઓના ભેદને લીધે અવસ્થાવાળી વસ્તુમાં પણ ભિન્નતા આવી જાય છે. આ પ્રકારે દંડ, કપાટ અને મન્થાન અવસ્થાવાળાં દ્રવ્યોથી અચિત્ત મહાસ્કન્ધમાં ભિન્નતા છે. અને તે એક જ સમયની સ્થિતિવાળો છે. એક સમયની સ્થિતિવાળા દ્રવ્યને આનુપૂર્વી રૂપ ગણાતું નથી પણ અનાનુપૂર્વી રૂપ જ ગણાય છે. આ પ્રકારે તે અચિત્ત મહાસ્કન્ધમાં આનુપૂર્વીતાનો અભાવ જ છે તેથી શંકા કર્તાએ એવી જે શંકા ઉઠાવી છે કે "અચિત્ત મહાસ્કન્ધ સર્વલોકવ્યાપી હોવાથી આનુપૂર્વી દ્રવ્યને પણ સર્વલોકવ્યાપી કહેવું જોઈએ" તે વાત ઉચિત નથી તે સાબિત થઈ જાય છે. અચિત્ત મહાસ્કન્ધ અનાનુપૂર્વી રૂપ હોવ થી તેની સર્વલોકવ્યાપિતાનો આધાર લઈને આનુપૂર્વી દ્રવ્યમા સર્વલોકવ્યાપિતા માની શકાય નહીં. તેથી એજ કથન સત્ય સિદ્ધ થાય છે કે આનુપૂર્વી દ્રવ્ય દેશોન લોકવ્યાપી હોય છે.

અથવા–ક્ષેત્રાનુપૂર્વીની જેમ અહીં પણ સર્વલોકવ્યાપી અચિત્ત મહાસ્કન્ધની વિવક્ષાની અપેક્ષાએ એક આનુપૂર્વી દ્રવ્યને એક આકાશના પ્રદેશમાં અપ્રધાનતાનો આશ્રય લઈને દેશોન લોકવ્યાપી સમજવું જોઈએ. આ કથનનું તાત્પર્ય એ છે કે અચિત્ત મહાસ્કન્ધ રૂપ એક આનુપૂર્વી દ્રવ્યને દેશોન લોકવ્યાપી માનવાને બદલે સર્વ લોકવ્યાપી માનવામાં આવે, તો અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોને રહેવાનું સ્થાન જ ન રહેવાને કારણે તેમનો અભાવ માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે અને જો એવું માનવામાં આવે કે અચિત્ત મહાસ્કન્ધ રૂપ એક આનુપૂર્વી દ્રવ્ય દેશોન લોકમાં વ્યાપ્ત થઈને રહેલું હોય

છે, તો આ રીતે અચિત્ત મહાસ્કન્ધ વડે પૂરિત (વ્યાપ્ત) થયેલા લોકમાં પણ ઓછામાં ઓછો એક પ્રદેશ એવો હોય છે કે જેમાં અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યને રહેવાને માટે સ્થાન મળી જાય છે. જો કે તે એક પ્રદેશમાં પણ આનુપૂર્વી દ્રવ્ય રહે છે, છતાં પણ તેમાં તેમને પ્રધાનરૂપે ગણી શકાય નહીં તે એક પ્રદેશમાં તો એક સમયની સ્થિતિવાળા અનાનુપૂર્વી દ્રવ્યની અને બે સમયની સ્થિતિવાળા અવક્તવ્યક દ્રવ્યની જ પ્રધાનતા માનવી પડે છે. એજ પ્રમાણે બીજી વાતોને પણ આગમની વિરુદ્ધ ન પડે એવી રીતે સમજી લેવી જોઇએ.

તથા-(नाणादव्वाइं पडुच्च नियमा सव्वलोए होज्जा) અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેઓ નિયમથી જ સર્વલોકમાં રહેલાં હોય છે, એમ સમજવું જોઈએ. એટલે કે ત્રણ આદિ સમયની સ્થિતિવાળાં અનેક આનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ સમસ્ત લોકમાં પણ હોય છે. તેથી જ અનેક આનુપૂર્વી દ્રવ્યોની અવગાહના બાબતમાં એવું કથન કરવામાં આવ્યું છે કે અનેક આનુપૂર્વી દ્રવ્યો સમસ્ત લોકમાં વ્યાપ્ત થઇને રહે છે.

(एवं अणाणुपुव्वी दव्वं) એવું જ કથન અનાનુપૂર્વી દ્રવ્યના વિષયમાં પણ સમજવું જોઇએ એટલે કે એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો એક અનાનુપૂર્વી દ્રવ્ય પણ લોકના અસંખ્યાત ભાગમાં રહે છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે સમજવો-જેવી રીતે ક્ષેત્રાનુપૂર્વીમાં એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકનાં અસંખ્યાત ભાગમાં રહે છે, એજ પ્રમાણે કાલાનુપૂર્વીમાં પણ તે લોકના અસંખ્યાતમાં ભાગમાં રહે છે, કારણ કે કાળની અપેક્ષાએ જેની એક સમયની સ્થિતિ હોય છે, તે ક્ષેત્રની અપેક્ષાએ પણ એક પ્રદેશમાં અવગાહિત (રહેલું) હોય છે. આ એક પ્રદેશમાં રહેવું, તેનું નામ જ લોકના અસંખ્યાતમાં ભાગમાં રહેવું છે.

(अहवंतरेण वा सव्वपुच्छासु होज्जा) અથવા સૂત્રકાર અન્ય પ્રકારે આનુપૂર્વી દ્રવ્યના વિષયમાં નીચે પ્રમાણે કથન કરે છે-જો કોઈ એવો પ્રશ્ન પૂછે કે અનાનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગમાં રહે છે, કે અસંખ્યાત ભાગોમાં રહે છે, કે સમસ્ત લોકમાં રહે છે?

તો આ પ્રશ્નનો એવો ઉત્તર આપી શકાય કે બે, ત્રણ, ચાર પ્રદેશવાળાં સ્કન્ધ આદિની જેમ અચિત્ત મહાસ્કન્ધની દંડ, કપાટ અને મન્થાન અવસ્થાઓ આકાર આદિની અપેક્ષાએ એક બીજીથી ભિન્ન ભિન્ન હોય છે આ પ્રકારે તે દંડાદિક અવસ્થાઓ એક એક સમયવર્તી હોવાને કારણે અલગ અલગ અનાનુપૂર્વી દ્રવ્ય રૂપ હોય છે. તેમાંનું કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના કેટલા ય ક્ષેત્રમાં રહે છે. જ્યારે આ પ્રકારની વિવક્ષા થાય છે, ત્યારે આ વિવક્ષાની અપેક્ષાએ એક અનાનુપૂર્વી દ્રવ્ય પ્રકારાન્તરની અપેક્ષાએ આ સૂત્રોક્ત સંખ્યેય ભાગાદિ પાંચે પ્રકારના ભાગોમાં ઉપલબ્ધ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે એક સમયની સ્થિતિવાળા અનાનુપૂર્વી દ્રવ્યની અવગાહનાનો વિચાર કરવામાં આવે, તો કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગમાં રહે છે, કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગમાં રહે છે, કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના સંખ્યાત ભાગોમાં રહે છે, કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય લોકના અસંખ્યાત ભાગોમાં રહે છે અને કોઈ એક અનાનુપૂર્વી દ્રવ્ય સર્વલોકમાં પણ રહે છે, અનેક અનાનુપૂર્વી દ્રવ્યોની

અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો તેઓ સર્વલોકવ્યાપી હોય છે, એમ સમજવું, કારણ કે એક સમયની સ્થિતિવાળાં અનાનુપૂર્વી દ્રવ્યોનું અસ્તિત્વ સર્વત્ર હોય છે. (एवं अवत्तगदव्वाणि वि जहा खेत्ताणुपुव्वीए) ક્ષેત્રાનુપૂર્વીમાં અવક્તવ્યક દ્રવ્યોની અવગાહના વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ સમજવું જોઈએ આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે– ક્ષેત્રાનુપૂર્વીમાં અવક્તવ્યક દ્રવ્યને લોકના અસંખ્યાત ભાગવર્તી બતાવ્યું છે, એજ પ્રમાણે અહીં કાલાનુપૂર્વીમાં પણ તેને લોકના અસંખ્યાત ભાગમાં રહેલું જ બતાવવામાં આવ્યું છે, કારણ કે કાળની અપેક્ષાએ જેની સ્થિતિ બે સમયની હોય છે, તે દ્રવ્ય લોકના બે પ્રદેશોમાં જ અવગાઢ હોય છે. આ પ્રકારે બે પ્રદેશમાં રહેવું તેનું નામ જ લોકના અસંખ્યાતમાં ભાગને વ્યાપ્ત કરવો અથવા બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય સ્વભાવથી જ લોકના અસંખ્યાતમાં ભાગને વ્યાપ્ત કરે છે, તેનાં કરતાં અધિક ભાગને તે વ્યાપ્ત કરતું નથી.

તથા–"आदेशान्तरेण वा–महाखंधवज्जमन्नदव्वेसु आइल्लचउपुच्छासु होज्जा" આ પ્રમાણે જે કહ્યું છે તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–બે સમયની સ્થિતિવાળું કોઈ એક અવક્તવ્યક દ્રવ્ય લોકના સંખ્યાત ભાગમાં અવગાઢ (રહેલું) હોય છે, કોઈ અસંખ્યાતમાં ભાગમાં અવગાઢ હોય છે, કોઈ સંખ્યાત ભાગોમાં અવગાઢ હોય છે, કોઈ અસંખ્યાત ભાગોમાં અવગાઢ હોય છે, પરન્તુ કોઈ પણ અવક્તવ્યક દ્રવ્ય સમસ્ત લોકમાં અવગાઢ હોતું નથી. મહાસ્કન્ધ જ સર્વલોકમા અવગાઢ હોય છે. આ મહાસ્કન્ધ આઠ સમયોમાં નિષ્પન્ન થાય છે–બે સમયેામાં નિષ્પન્ન થતો નથી આ રીતે આ મહાસ્કન્ધમાં બે સમયની સ્થિતિનો અભાવ હોવાને કારણે તેને અવક્તવ્યક દ્રવ્ય રૂપ ગણી શકાય નહીં આ રીતે અવક્તવ્યક દ્રવ્યની અવગાહનાનાં બાબતમાં પાંચમી વાત (સર્વલોકવ્યાપતા) સંભવી શકતી નથી તેથી જ "महाखंधवज्जं" આ સૂત્રાંશ મૂકવામાં આવ્યો છે. અનેક અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો એવું કથન ગ્રહણ કરવું જોઈએ કે–

કાલદ્વારકા નિરૂપણ

અનેક અવક્તવ્યક દ્રવ્યો સર્વલોકવ્યાપી હોય છે. આ પ્રકારે આ સૂત્રમાં ક્ષેત્રદ્વારની પ્રરૂપણા કરવામાં આવી છે. (फुसणा कालाणुपुव्वीए वि तहा-चेव भाणियव्वा) આ કાલાનુપૂર્વીમાં સ્પર્શના દ્વારનું કથન પણ ક્ષેત્રાનુપૂર્વીની જેમ જ સમજવું જોઈએ. ॥સૂ૦૧૩૨॥

હવે સૂત્રકાર કાલદ્વારનું કથન કરે છે—

"णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वीदव्वाइं) સમસ્ત આનુપૂર્વી દ્રવ્યો (कालओ) કાળની અપેક્ષાએ (केवच्चिरं होई?) કેટલા સમય સુધી રહે છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક આનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આનુપૂર્વી દ્રવ્યની (जहण्णेणं तिण्णि समया) જઘન્ય (ઓછામાં ઓછી) સ્થિતિ ત્રણ સમયની કહી છે અને (उक्कोसेणं असंखेज्जं कालं) ઉત્કૃષ્ટ (વધારેમાં વધારે) સ્થિતિ અસંખ્યાત કાળની કહી છે. આ કથનનો ભાવ એ નીચે પ્રમાણે છે–જે આનુપૂર્વી દ્રવ્યો છે તેમાં ત્રણ સમયની સ્થિતિવાળું દ્રવ્ય સૌથી ઓછું છે. તે ત્રણ સમય સુધી જ રહે છે, તે કારણે આનુપૂર્વી દ્રવ્યોની જઘન્ય સ્થિતિ ત્રણ સમયની કહી છે. તેની ઉત્કૃષ્ટ સ્થિતિ અસંખ્યાત કાળની કહેવાનું કારણ એ છે કે તે દ્રવ્ય અસંખ્યાત કાળ બાદ આનુપૂર્વી રૂપ પરિણામ રૂપે પરિણમિત રહેતું જ નથી.

(नाणादव्वाइं पडुच्च सव्वद्धा) અનેક આનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો આનુપૂર્વી દ્રવ્યોની સ્થિતિ સાર્વકાલિક છે, કારણ કે લોકના પ્રત્યેક પ્રદેશમાં વિવિધ આનુપૂર્વી દ્રવ્યોનો સદા સદ્ભાવ જ રહે છે.

પ્રશ્ન-(णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (अणाणुपुव्वीदव्वाइं) સમસ્ત અનાનુપૂર્વી દ્રવ્યો (कालओ) કાળની અપેક્ષાએ (केवच्चिरं) કેટલા સમય સુધી રહે છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે. તો (अजहन्नमणुक्कोसेणं) અનાનુપૂર્વી દ્રવ્ય અજઘન્ય અને અનુત્કૃષ્ટ કાળની અપેક્ષાએ એક સમય સુધી રહે છે. (नाणा दव्वाइं पडुच्च सव्वद्धा) અને અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો અનાનુપૂર્વી દ્રવ્યોની સ્થિતિ સાર્વકાલિક છે, કારણ કે લોકના દરેક પ્રદેશમાં તેમનો સદ્ભાવ રહે છે.

પ્રશ્ન–(अवत्तगदव्वाणं पुच्छा) અવક્તવ્યક દ્રવ્યોના વિષયમાં પણ એવો પ્રશ્ન પૂછવામાં આવ્યો છે કે નૈગમવ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્ય કાળની અપેક્ષાએ કેટલા સમય સુધી રહે છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च अजहण्णमणुक्कोसेणं दो समया, णाणा दव्वाइं पडुच्च सव्वद्धा) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો અજઘન્ય અને અનુત્કૃષ્ટ કાળની અપેક્ષાએ અવક્તવ્યક દ્રવ્ય બે સમય સુધી રહે છે. અને જો અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો અવક્તવ્યક દ્રવ્યોની સ્થિતિ સાર્વકાલિક છે, કારણ કે લોકના દરેક પ્રદેશમાં તેમનો સદા સદ્ભાવ રહે છે. એક સમયની સ્થિતિવાળું દ્રવ્ય અનાનુપૂર્વી રૂપ છે અને બે સમયની સ્થિતિવાળું દ્રવ્ય અવક્તવ્યક રૂપ છે. તે કારણે તે બન્ને જઘન્ય અને ઉત્કૃષ્ટની અપેક્ષાએ વિચાર કરવામાં આવ્યો નથી. ॥સૂ૦૧૪૩॥

સ૦ ૭૩

હવે સૂત્રકાર અન્તરદ્વારની પ્રરૂપણા કરે છે—

"णेगमववहाराणं" ઇત્યાદિ—

શબ્દાર્થ (णेगमववहाराणं) નૈગમવ્યવહાર નયસંમત (आणुपुव्वी दव्वाणं) સમસ્ત આનુપૂર્વી દ્રવ્યોનું (अंतरं) અંતર (વિરહકાળ) (कालओ) કાળની અપેક્ષાએ (कियच्चिरं) કેટલા સમયનું હોય છે?

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (जहण्णेणं) આનુપૂર્વી દ્રવ્યોનું જઘન્ય અંતર–જઘન્ય વિરહકાળ–(एगं समयं) એક સમયનું અને (उक्कोसेणं) વધારેમાં વધારે અંતર (दो समया) બે સમયનું હોય છે. (णाणादव्वाइं पडुच्च) અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો (णत्थि अंतरं) અંતર (વિરહકાળ) નથી આ કથનનું તાત્પર્ય એ છે કે ત્રણ આદિ સમયની સ્થિતિવાળું દ્રવ્ય પોતાના આનુપૂર્વી રૂપ પરિણામને છોડીને કોઇ અન્ય પરિણામ રૂપે એક સમય સુધી પરિણમિત રહીને ફરી ત્રણ આદિ સમયની સ્થિતિવાળા આનુપૂર્વી દ્રવ્ય રૂપે પરિણમિત થઈ જતું હોય, તો એવી પરિસ્થિતિમાં ત્યાં જઘન્ય અન્તર (વિરહકાળ) એક સમયનો ગણાય છે. પણ ત્રણ આદિ સમયની સ્થિતિવાળું કોઇ આનુપૂર્વી દ્રવ્ય પોતાના આનુપૂર્વી રૂપ પરિણામને છોડીને કોઇ અન્ય પરિણામ રૂપે બે સમય સુધી પરિણમિત રહીને ફરી ત્રણ આદિ સમયની સ્થિતિવાળા આનુપૂર્વી દ્રવ્ય રૂપે પરિણમિત થઈ જતું હોય, તો એવી પરિસ્થિતિમાં ત્યાં ઉત્કૃષ્ટ અન્તર બે સમયનું ગણાય છે. જો અન્ય પરિણામ રૂપે પરિણમિત થયેલું તે આનુપૂર્વી દ્રવ્ય ક્ષેત્રાદિ સંબંધના લેહથી બે સમય કરતાં અધિક સમય સુધી પણ રહે તો તે પરિસ્થિતિમાં પણ ત્યારે તે આનુપૂર્વીત્વનો અનુભવ કરે છે, અને આ સ્થિતિમાં ત્યાં અંતર જ સંભવી શકતું નથી વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ અંતર (વિરહકાળ)નો અભાવ જ કહેવાનું કારણ એ છે કે ત્રણ સમયની સ્થિતિવાળાં કોઈને કોઇ દ્રવ્યો લોકમાં સર્વદા મોજૂદ જ રહે છે.

પ્રશ્ન–(णेगमववहाराणं अणाणुपुव्वी दव्वाणं अंतरं कालओ केवच्चिरं होई?) નૈગમવ્યવહાર નયસંમત અનાનુપૂર્વી દ્રવ્યોનું અંતર કાળની અપેક્ષાએ કેટલા સમયનું હોય છે?

ઉત્તર-(एगं दव्वं पडुच्च) એક અનાનુપૂર્વી દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (जहन्नेणं दो समया) જઘન્ય અન્તર (ઓછામાં ઓછો વિરહકાળ) બે સમયનું (उक्कोसेणं असंखेज्जं कालं) ઉત્કૃષ્ટ અંતર (વધારેમાં વધારે વિરહકાળ) અસંખ્યાત કાળનું હોય છે. (णाणादव्वाइं पडुच्च णत्थि अंतरं) અનેક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો અંતર (વિરહકાળ) હોતું નથી આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–એક સમયની સ્થિતિ-

વાળું કોઇ એક અનાનુપૂર્વી દ્રવ્ય જ્યારે અન્ય પરિણામ રૂપે પરિણમિત થઈને બે સમય સુધી તે પરિણામ રૂપે પરિણમિત થયેલું રહીને ત્યાર બાદ પોતાની એજ પૂર્વસ્થિતિમાં આવી જાય, તો એવી સ્થિતિમાં ત્યાં જઘન્ય વિરહકાળ બે સમયનો ગણાય છે. અને જો તે એક સમય સુધી જ અન્ય પરિણામ રૂપે પરિણમિત થયેલું રહે છે, તો એવી પરિસ્થિતિમાં ત્યાં અંતર જ હોતું નથી, કારણ કે એવી દશામાં તે દ્રવ્યમાં અનાનુપૂર્વીત્વનો સદ્ભાવ જ રહે છે. અને બે સમય બાદ પણ જો અન્ય પરિણામ રૂપે પરિણમિત થયેલું જ રહે, તો ત્યાં જઘન્યતા માનવામાં આવતી નથી પરન્તુ જો તે દ્રવ્ય અસંખ્યાત કાળ સુધી અન્ય પરિણામ રૂપે પરિણમિત થયેલું રહીને, ત્યાર બાદ એક સમયની સ્થિતિવાળા પોતાના પૂર્વ પરિણામને પ્રાપ્ત કરે તો એવી પરિસ્થિતિમાં તે અનાનુપૂર્વી દ્રવ્યનો ઉત્કૃષ્ટ વિરહકાળ અસંખ્યાતકાળનો ગણાય છે.

શંકા–જુદાં જુદાં દ્રવ્ય અને ક્ષેત્રની સાથે સંબંધ થતો હોય તો અનંતકાળનું પણ અંતર સંભવી શકે છે. છતાં સૂત્રકારે ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાતકાળનું શા કારણે કહ્યું છે ?

ઉત્તર–કાલાનુપૂર્વીનું પ્રકરણ ચાલતું હોવાને કારણે અહીં કાળમાં જ પ્રધાનતા માનીને કથન કરવામાં આવ્યું છે. જો અહીં જુદાં જુદાં દ્રવ્ય અને ક્ષેત્રના સંબંધને લીધે અંતરકાળમાં બાહુલ્ય માનવામાં આવે, તો તે બાહુલ્ય તેમાં દ્રવ્ય અને ક્ષેત્રના દ્વારા જ આવેલું માનવું પડશે જો એ પ્રમાણે કરવામાં આવે તો કાળની પ્રધાનતાને બદલે દ્રવ્ય અને ક્ષેત્રની જ પ્રધાનતા માનવાનો પ્રસંગ ઉપસ્થિત થશે તેથી એક જ પરિણામાન્તરમાં જેટલો ઉત્કૃષ્ટકાળ થાય છે, તેને જ ઉત્કૃષ્ટ અંતર રૂપ માનવામાં આવે છે, અને તે ઉત્કૃષ્ટ અંતર ઉપર બતાવ્યા પ્રમાણે અસંખ્યાતકાળનું જ હોય છે. ત્યાર બાદ (અસંખ્યાત કાળ બાદ) વસ્તુ એક પરિણામ રૂપે અવસ્થિત (મોજૂદ) રહેવાનો જ નિષેધ છે. આ સમસ્ત કથન, સૂત્રની વિવક્ષાની વિચિત્રતાને લીધે, એવી રીતે અહીં લગાડવું જોઈએ કે આગમના આગળપાછળના કથનમાં કોઇ વિરોધ સંભવે નહીં અનેક અનાનુપૂર્વી દ્રવ્યોની અપેક્ષાએ અંતર–વિરહકાળ–નો અભાવ કહેવાનું કારણ એ છે કે લોકના પ્રત્યેક પ્રદેશમાં તેનો સદા સદ્ભાવ જ રહ્યા કરે છે.

પ્રશ્ન–(णेगमववहाराणं अवत्तव्वगदव्वाणं पुच्छा) નૈગમવ્યવહાર નયસંમત અવક્તવ્યક દ્રવ્યોના અંતરના વિષયમાં પણ અનાનુપૂર્વી દ્રવ્યના જેવો જ પ્રશ્ન સમજવો.

ઉત્તર–(एगं दव्वं पडुच्च) એક અવક્તવ્યક દ્રવ્યની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો (जहण्णेणं एगं समयं) જઘન્યની અપેક્ષાએ એક સમયનું, અને (उक्कोसेणं असंखेज्जं कालं) ઉત્કૃષ્ટની અપેક્ષાએ અસંખ્યાત કાળનું અંતર હોય છે. એટલે કે ઓછામાં ઓછો એક સમયનો અને વધારેમાં વધારે અસંખ્યાત કાળનો વિરહકાળ હોય છે. (णाणादव्वाइं पडुच्च णत्थि अंतरं) વિવિધ અવક્તવ્યક દ્રવ્યોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે, તો વિરહકાળ રૂપ અંતરનો અભાવ હોય છે.

હવે આ કથનનો ભાવાર્થ બતાવવામાં આવે છે, ધારો કે બે સમયની સ્થિતિવાળું કોઇ અવક્તવ્યક દ્રવ્ય પોતાના પરિણામનો ત્યાગ કરીને કોઈ

અન્ય પરિણામ રૂપે પરિણમિત થઈ જાય છે. ત્યાર બાદ તે એક સમય સુધી એજ દશામાં રહીને ફરી બે સમયની પોતાની પૂર્વસ્થિતિને પ્રાપ્ત કરી લે છે. તો એવી પરિસ્થિતિમાં જઘન્ય વિરહકાળ એક સમયનો ગણાય છે. પરન્તુ કોઈ અવક્તવ્યક દ્રવ્ય અન્ય પરિણામ રૂપે પરિણમિત થઈને અસંખ્યાત કાળ સુધી તે અન્ય પરિણામ રૂપે જ રહીને ત્યાર બાદ બે સમયની પોતાની પૂર્વસ્થિતિમાં આવી જાય છે, તો એવી પરિસ્થિતિમાં તે અવક્તવ્યક દ્રવ્યનું ઉત્કૃષ્ટ અંતર અસંખ્યાત કાળનું માનવામાં આવે છે. અનાનુપૂર્વીમાં જે પ્રકારની શંકા ઉઠાવવામાં આવી છે તે પ્રકારની શંકા અહીં પણ ઉઠાવી શકાય છે આ શંકાનું ત્યાં જે પ્રકારે નિવારણ કરવામાં આવ્યું છે એજ પ્રકારે અહીં પણ નિવારણ કરી શકાય છે,

વિવિધ દ્રવ્યોની અપેક્ષાએ અંતરનો અભાવ કહેવાનું કારણ એ છે કે લોકમાં અવક્તવ્યક દ્રવ્યોનો સદા સદ્ભાવ રહે છે. (भाग, भाव, अप्पाबहुं चेव जहा खेत्ताणुपुव्वीए तहा भाणियव्वाइं जाव से तं अणुगमे) ભાગદ્વાર, ભાવદ્વાર અને અલ્પબહુત્વદ્વારનું કથન ક્ષેત્રાનુપૂર્વીની જેમ જ અહીં પણ સમજવું જોઈએ એટલે કે ક્ષેત્રાનુપૂર્વીમાં જેવી રીતે સમસ્ત આનુપૂર્વી દ્રવ્યને બાકીનાં દ્રવ્યો કરતાં અસંખ્યાતગણું કહેવામાં આવ્યું છે, અને બાકીનાં દ્રવ્યોને (અનાનુપૂર્વી અને અવક્તવ્યક દ્રવ્યોને) આનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાત ભાગપ્રમાણ કહેવામાં આવેલ છે, એજ પ્રમાણે અહીં પણ ભાગદ્વારના વિષયમાં કથન ગ્રહણ થવું જોઈએ આ કથનનું વધુ સ્પષ્ટીકરણ નીચે પ્રમાણે સમજવું.

અનાનુપૂર્વી દ્રવ્ય એક સમયની સ્થિતિ રૂપ એક સ્થાનને પ્રાપ્ત કરે છે, અને જે અવક્તવ્યક દ્રવ્ય છે તે બે સમયની સ્થિતિ રૂપ એક સ્થાનને પ્રાપ્ત કરે છે, તથા જે આનુપૂર્વી દ્રવ્ય છે તે ત્રણ, ચાર, પાંચ આદિ સમયની સ્થિતિ રૂપ સ્થાનોથી લઈને અસંખ્યાત સમય પર્યન્તની સ્થિતિ રૂપ સ્થાનોમાંના એક એક સ્થાનને પ્રાપ્ત કરે છે. આ પ્રકારે આનુપૂર્વી દ્રવ્ય બાકીનાં બે દ્રવ્યો કરતાં અસંખ્યાતગણું અધિક સંભવી શકે છે અને બાકીના બે પ્રકારનાં દ્રવ્યો આનુપૂર્વી દ્રવ્યો કરતાં અસંખ્યાત ભાગપ્રમાણ ન્યૂન હોઇ શકે છે.

ભાવદ્વારમાં આનુપૂર્વી અને અવક્તવ્યક, આ ત્રણે દ્રવ્યોને આગળ કહ્યા પ્રમાણે સાદિપારિણામિક ભાવવતી કહ્યાં છે.

આ ત્રણેના અલ્પબહુત્વદ્વારનું કથન આ પ્રમાણે સમજવું-સમસ્ત અવક્તવ્યક દ્રવ્ય સ્વાભાવિક રીતે જ ઓછું હોવાને કારણે બાકીનાં બન્ને દ્રવ્યો કરતાં ઓછું છે. અવક્તવ્યક દ્રવ્યો કરતા અનાનુપૂર્વી દ્રવ્યો વિશેષાધિક છે અનાનુપૂર્વી દ્રવ્યો અને અવક્તવ્યક દ્રવ્યો કરતાં આનુપૂર્વી દ્રવ્ય અસંખ્યાત ભાગપ્રમાણ અધિકતાનું સ્પષ્ટીકરણ ઉપર ભાગદ્વારમાં જે પ્રમાણે કરવામાં આવ્યું છે તે પ્રમાણે અહીં પણ સમજી લેવું આ સમસ્ત કથનનું તાત્પર્ય એ છે કે આ ભાગાદિ દ્વારોના વિષયમાં સમસ્ત કથન ક્ષેત્રાનુપૂર્વીના જેવું જ સમજવું (जाव से तं अणुगमे) "આ પ્રકારનું અનુગમનું સ્વરૂપ

અનૌપનિધિકીકાલાનુપુર્વીકા નિરુપણ

છે." આ કથન પર્યન્તનું ક્ષેત્રાનુપૂર્વીના પ્રકરણમાંનું સમસ્ત કથન અહીં ગ્રહણ કરવું જોઈએ તેની સમાપ્તિ થતાં જ નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું આ પ્રકરણ સમાપ્ત થઈ રહ્યું છે, એ વાતને સૂચિત કરવાને માટે સૂત્રકાર આ પ્રમાણે કહે છે-(से तं णेगमववहाराणं अणोवणिहिया कालाणुपुव्वी) "નૈગમવ્યવહાર નયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું ઉપર બતાવ્યા પ્રમાણેનું સ્વરૂપ છે." ।।સૂ૦૧૩૪।।

હવે સૂત્રકાર સંગ્રહનયના મંતવ્ય અનુસાર અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું કથન કરે છે—"से किं तं संगहस्स" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी ?) હે ભગવન્! સંગ્રહનયમાન્ય અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी पंचविहा पण्णत्ता) સંગ્રહનયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વી પાંચ પ્રકારની કહી છે. "तं जहा" તે પાંચ પ્રકારો નીચે પ્રમાણે છે-(अट्ठपयपरूवणया भंगसमुक्कित्तणया, भंगोवदंसणया, समोयारे, अणुगमे) (૧) અર્થપદ પ્રરૂપણતા, (૨) ભંગસમુત્કીર્તનતા, (૩) ભંગોપદર્શનતા, (૪) સમવતાર અને (૫) અનુગમ આ સૂત્રની વ્યાખ્યા પહેલાં કહ્યા પ્રમાણે સમજવી ।।સૂ૦૧૩૫।।

"से किं तं संगहस्स" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं संगहस्स अट्ठपयपरूवणया ?) હે ભગવન્! સંગ્રહનયસંમત અર્થપદ પ્રરૂપણતાનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(एयाइं पंच वि दाराइं जहा खेत्ताणुपुव्वीए संगहस्स तहा कालाणुपुव्वीए वि भाणियव्वाणि) સંગ્રહનયસંમત ક્ષેત્રાનુપૂર્વીમાં આ પાંચે દ્વારોનું

અર્થપદરુપણ આદિકા નિરુપણ

જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન સંગ્રહનયસંમત આ કાલાનુપૂર્વીના પાંચે દ્વારોના વિષયમાં પણ સમજી લેવું. (णवरं ठिई अभिलावो जाव से तं अणुगमे) પરન્તુ ક્ષેત્રાનુપૂર્વીના કથન કરતાં આ કથનમાં નીચે પ્રમાણે વિશિષ્ટતા રહેલી છે-ક્ષેત્રાનુપૂર્વીના પ્રકરણમાં "त्रिप्रदेशावगाढ आनुपूर्वी, चतुष्प्रदेशावगाढ आनुपूर्वी," (આ પ્રકારે ભંગોનું કથન કરવામાં આવ્યું છે, ત્યારે સંગ્રહનયસંમત કાલાનુપૂર્વીમાં "तिसमयट्ठिइए आणुपुव्वी, चउसमयट्ठिइए आणुपुव्वी," ઇત્યાદિ પ્રકારે ભંગોનું કથન કરવું જોઈએ ક્ષેત્રાનુપૂર્વીના પ્રકરણગત પાઠનું કથન, "से तं अणुगमे" "આ પ્રકારનું અનુગમનું સ્વરૂપ છે. આ સૂત્રપાઠ પર્યન્ત કરવું જોઈએ. (से तं संगहस्स अणोवणिहिया कालाणुपुव्वी) આ પ્રકારનું સંગ્રહનયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વીનું સ્વરૂપ છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં સંગ્રહનયસંમત અનૌપનિધિકી કાલાનુપૂર્વીના અર્થપદ પ્રરૂપણતા આદિ પાંચ દ્વારોના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે– સંગ્રહનયસંમત ક્ષેત્રાનુપૂર્વીના પ્રકરણમાં આ પાંચ દ્વારો વિષે જેવું કથન કરવામાં આવ્યું છે, એવું જ કથન અહીં પણ ગ્રહણ કરવાનું કહ્યું છે. તે પ્રકરણના કથન કરતાં આ પ્રકરણના કથનમાં એટલી જ વિશેષતા છે કે તે પ્રકરણમાં પ્રદેશોની અપેક્ષાએ ભંગોનું કથન કરવામાં આવ્યું છે, પરન્તુ અહીં સમયોની અપેક્ષાએ આનુપૂર્વી આદિ દ્રવ્યોના ભંગોનું કથન કરવામાં આવ્યું છે, એમ સમજવું. ।।સૂ૦૧૩૬।।

હવે સૂત્રકાર ઔપનિધિકી કાલાનુપૂર્વીની પ્રરૂપણા કરે છે–

"से किं तं ओवणिहिया" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं ओवणिहिया कालाणुपुव्वी ?) હે ભગવન્! ઔપનિધિકી કાલાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(ओवणिहिया कालाणुपुव्वी) ઔપનિધિકી કાલાનુપૂર્વીના (तिविहा पण्णत्ता, तंजहा) નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે–(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી, અને (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(समए, आवलिया, आण, पाणू, थावे, लवे, मुहुत्त, अहोरत्त, पक्खे, मासे, उऊ. अयणे,) સમય, આવલિકા, આન, પ્રાણ, સ્તોક, લવ, મુહૂર્ત, અહોરાત્ર, પક્ષ, માસ, ઋતુ, અયન, (संवच्छरे, जुगे) સંવત્સર, યુગ, (वाससए) વર્ષશત, (वाससहस्से) વર્ષસહસ્ર, (वाससयसहस्से) વર્ષશત સહસ્ર (લાખવર્ષ) (पुव्वंगे, पुव्वे) પૂર્વાંગ, પૂર્વ (तुडियंगे, तुडिए,) ત્રુટિતાંગ, ત્રુટિત, (अडडंगे, अडडे) અટટાંગ, અટટ, (अववंगे, अववे) અવવાંગ, અવવ, (हुहुअंगे, हुहुए) હુહુકાંગ, હુહુક, (उप्पलंगे, उप्पले) ઉત્પલાંગ, ઉત્પલ (पउमंगे, पउमे) પદ્માંગ, પદ્મ, (णलिणंगे, णलिणे) નલિનાંગ, નલિન, (अत्थनिऊरंगे) અર્થનિપૂરાંગ, (अत्थनिऊरे) અર્થનિપૂર, (अउअंगे) અયુતાંગ, (अउए) અયુત, (नउअंगे, नउए) નયુતાંગ, નયુત, (पउअंगे) પ્રયુતાંગ, (पउए) પ્રયુત, (चूलिअंगे) ચૂલિકાંગ, (चूलिया) ચૂલિકા, (सीसपहेलिअंगे) શીર્ષપ્રહેલિકાંગ, (सीसपहेलिया) શીર્ષપ્રહેલિકા, (पलिओवमे) પલ્યોપમ, (सागरोवमे) સાગરોપમ, (ओसप्पिणी) અવસર્પિણી, (उस्सप्पिणी) ઉત્સર્પિણી, (पोग्गलपरियट्टे) પુદ્ગલપરિવર્ત્ત, (अईयद्धा) અતીતાદ્ધા, (अणागयद्धा) અનાગતાદ્ધા, (सव्वद्धा) સર્વાદ્ધા, આ ક્રમે પદોનો ઉપન્યાસ કરવો તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. કાળના સૌથી સૂક્ષ્મ અંશનું નામ 'સમય' છે. સૂત્રકાર પોતે જ તેનું સ્વરૂપ આગળ સમજાવવાના છે. તે સમયને આધારે જ આવલિકા આદિ કાલપ્રમાણોની

ગણતરી કરી શકાય છે, તેથી જ સૂત્રકારે સૌથી પહેલાં સમયનો ઉપન્યાસ કર્યો છે. અસંખ્યાત સમયોની એક આવલિકા થાય છે. સંખ્યાત આવલિકાઓનો એક નિઃશ્વાસ (નિઃશ્વાસ પ્રમાણ કાળ) થાય છે. સંખ્યાત આવલિકાઓ રૂપ જે ઉચ્છ્વાસ નિઃશ્વાસનો કાળ છે. તેનું નામ જ પ્રાણ છે. સાત પ્રાણોનો એક સ્તોક થાય છે સાત સ્તોકનો એક લવ થાય છે. ૭૭ લવનું એક મુહૂર્ત થાય છે. ૩૦ મુહૂર્તનું એક અહોરાત્ર (દિનરાત્રિ) થાય છે ૧૫ અહોરાત્રનું એક પક્ષ (પખવાડિયું) થાય છે. બે પક્ષોનો એક માસ થાય છે. બે માસની એક ઋતુ થાય છે. ત્રણ ઋતુનું એક અયન થાય છે. બે અયનોનું એક સંવત્સર (વર્ષ) થાય છે પાંચ સંવત્સરનો એક યુગ થાય છે. વીસ યુગના શતવર્ષ થાય છે દસ સો વર્ષપ્રમાણ કાળને વર્ષસહસ્ર કહે છે. સો હજાર (લાખ) વર્ષપ્રમાણ કાળને લાખવર્ષ કહે છે ૮૪ લાખ વર્ષોનું એક પૂર્વાંગ થાય છે, અને ૮૪ લાખ પૂર્વાંગોનું એક પૂર્વ થાય છે. એક પૂર્વના ૭૦૫૬૦૦૦૦૦૦૦૦૦ વર્ષ થાય છે. એજ વાત સૂત્રકારે "पुव्वस्स उ परिमाणं" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા પ્રકટ કરી છે. ૮૪ લાખ પૂર્વનું એક ત્રુટિતાંગ થાય છે એટલે કે ૭૦૫૬૦૦૦૦૦૦૦૦ વર્ષને ૮૪ લાખ વડે ગુણવાથી જેટલાં વર્ષ આવે છે, તેટલાં વર્ષપ્રમાણ કાળને એક ત્રુટિતાંગ કહે છે ૮૪ લાખ ત્રુટિતાંગનું એક ત્રુટિત થાય છે. ૮૪ લાખ ત્રુટિતોનું એક અટટાંગ થાય છે. ૮૪ લાખ અટટનું એક અવવાંગ થાય છે. ૮૪ લાખ અવવાંગોનું એક અવવ થાય છે. એક અવવના ૮૪ લાખ ગણાં કરવાથી એક હુહુકાંગપ્રમાણ કાળ બને છે. ૮૪ લાખ હુહુકાંગનું એક હુહુક બને છે હુહુકને ૮૪ લાખ વડે ગુણવાથી એક ઉત્પલાંગ થાય છે. ૮૪ લાખ ઉત્પલાંગોનો એક ઉત્પલ કાળ થાય છે ૮૪ લાખ ઉત્પલનું એક પદ્માંગ થાય છે અને ૮૪ લાખ પદ્માંગોનું એક પદ્મ થાય છે. તેના ૮૪ લાખ ગણાં કરવાથી એક નલિનાંગ થાય છે. એક નાલિનાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક નલિન આવે છે. નલિનના ૮૪ લાખ ગણાં કરવાથી એક અર્થનિપૂરાંગ આવે છે એક અર્થનિપૂરાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક અર્થનિપૂર આવે છે. એક અર્થનિપૂરના ૮૪ લાખ ગણાં કરવાથી એક અયુતાંગ, એક અયુતાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક અયૂત, એક અયૂતના ૮૪ લાખ ગણાં કરવાથી એક નયુતાંગ, એક નયુતાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક નયુત, એક નયુતના ૮૪ લાખ ગણાં કરવાથી એક પ્રયુતાંગ, એક પ્રયુતાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક પ્રયુત, એક પ્રયુતના ૮૪ લાખ ગણાં કરવાથી એક ચૂલિકાંગ, એક ચૂલિકાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક ચૂલિકા, એક ચૂલિકાના ૮૪ લાખ ગણાં કરવાથી એક શીર્ષપ્રહેલિકાંગ અને એક શીર્ષપ્રહેલિકાંગના ૮૪ લાખ ગણાં કરવાથી એક શીર્ષપ્રહેલિકા નામના કાળનું પ્રમાણ આવે છે.

ઉપરના કોષ્ટકને આધારે એક શિર્ષપ્રહેલિકાનાં વર્ષોની ગણતરી કરવામાં આવે તો ૧૯૪ આંકડાની સંખ્યા આવે છે. તે સંખ્યા નીચે પ્રમાણે છે–
૭૫૮૨૬૩૨૫૩૦૭૩૦૧૦૨૪૧૧૫૭૬૭૩૫૭૬૭૫૬૬૪૦૬૨૧૮૬૬૬૮૪૮૦૮
૦૧૮૩૨૬૬ આ ૫૪ આંકડા ઉપર જમણી તરફ ૧૪૦ શૂન્ય મૂકવાથી જે ૧૯૪ આંકડાની સંખ્યા આવે છે, તે સંખ્યા એક શિર્ષપ્રહેલિકાનાં વર્ષો બતાવે છે. આ પૂર્વોક્ત કાળપ્રમાણને આધારે કેટલાક રત્નપ્રભા નરકના નારકોના, ભવનપતિ દેવોના, વ્યન્તર દેવોના, અને સુષમદુષ્પમ આરામાં ઉત્પન્ન થયેલા મનુષ્યોના યથાસંભવ આયુનું પ્રમાણ કહી શકાય છે. શીર્ષપ્રહેલિકાની આગળ પણ સંખ્યાત કાળ છે. પરન્તુ અહીં તેનું કથન કરવામાં આવ્યું નથી કારણ કે તે અતિશય જ્ઞાનવર્જીત છદ્મસ્થ જીવો દ્વારા અસંવ્યવહાર્ય છે–છદ્મસ્થ જીવો દ્વારા તેનો વ્યવહારમાં ઉપયોગ થઈ શકે તેમ નથી સૂત્રકાર સર્ષપ (સરસવ) આદિની ઉપમા દ્વારા તે કાળપ્રમાણોનું આગળ ઉપર નિરૂપણ કરવાના છે. ઉપમા દ્વારા જ જેના સ્વરૂપને સમજાવી શકાય એમ છે એવાં પલ્યોપમકાળ અને સાગરોપમ કાળનું સ્વરૂપ સૂત્રકાર આગળ પ્રકટ કરવાના છે. દસ સાગરોપમ કોટિકોટિનો એક અવસર્પિણીકાળ થાય છે અને ઉત્સર્પિણી કાળનું પણ એટલું જ પ્રમાણ કહ્યું છે. અનંત અવસર્પિણીકાળનો એક પુદ્ગલપરાવર્ત કાળ થાય છે. અનંત પુદ્ગલપરાવર્તનો એક અતીતાદ્ધા–કાળ થાય છે એટલે કે અતિતાદ્ધામાં અનંત પુદ્ગલપરાવર્તકાળ હોય છે. એજ પ્રમાણે અનંત પુદ્ગલપરાવર્તનો એક અનાગતાદ્ધાકાળ થાય છે. જે સર્વાદ્ધા કાળ છે તે અતીત, અનાગત અને વર્તમાન, આ ત્રણે કાળના સંમિલિતકાળ રૂપ હોય છે. આ પ્રકારનું પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ છે.

હવે પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ પ્રકટ કરવામાં આવે છે—

પ્રશ્ન–(से किं पच्छाणुपुव्वी?) હે ભગવન્! પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(सव्वद्धा, अणागयद्धा जाव समए) સર્વાદ્ધા, અનાગતાદ્ધા ઇત્યાદિ ઊલટા ક્રમે સમય પર્યન્તના પદોનો વિન્યાસ (સ્થાપના) કરવો, તેનું નામ પશ્ચાનુપૂર્વી છે. (से तं पच्छाणुपुव्वी) આ પ્રકારનું પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ છે.

ઉત્તર–(एयाए चेव एगाइयाए एगुत्तरियाए अणंतगच्छगयाए सेढीए अण्णमण्णब्भासो दूरूवूणो) અનાનુપૂર્વીમાં સમયાદિ પદોનો એક એકની વૃદ્ધિથી ઉપન્યાસ કરવામાં આવે છે. ત્યાર બાદ આપસમાં (અંદરો અંદર) તેમના ગણ્યાં (તેમનો ગુણાકાર) કરવામાં આવે છે. આ પ્રકારે ગુણાકાર કરવાથી જે અનંત ભંગરૂપ રાશિ ઉત્પન્ન થાય છે તેમાંથી શરૂઆતનો અને અન્તનો એક, એમ બે ભંગો ઓછાં કરવામાં આવે છે. આ પ્રકારે અનાનુપૂર્વી અનંત ભંગરૂપ હોય છે. અહીં કાળનો અધિકાર ચાલી રહ્યો છે અને સમયાદિક કાળરૂપે પ્રસિદ્ધ છે. તેથી શિષ્યોને સમયાદિ રૂપ કાળનું આનુષંગિક રૂપે જ્ઞાન થઈ જાય તે હેતુથી સૂત્રકાર કાલાનુપૂર્વીના સ્વરૂપનું અન્ય પ્રકારે નિરૂપણ કરે છે–(अहवा ओवणिहिया कालाणुपुव्वी तिविहा पण्णत्ता) અથવા–ઔપનિધિકી કાલાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) પૂર્વાનુપૂર્વી, પશ્ચાનુપૂર્વી અને અનાનુપૂર્વી.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે-(एगसमयट्ठिइए, दुसमयट्ठिइए, तिसमयट्ठिइय जाव दससमयट्ठिइए, संखिज्जसमयट्ठिइए, असंखिज्जसमयट्ठिइए) એક સમયની સ્થિતિવાળાં, બે સમયની સ્થિતિવાળાં, ત્રણથી લઈને દસ પર્યન્તની સ્થિતિવાળાં, સંખ્યાત સમયની સ્થિતિવાળાં અને અસંખ્યાત સમયની સ્થિતિવાળાં જેટલાં દ્રવ્યવિશેષો તેઓ પૂર્વાનુપૂર્વી રૂપ છે.

પ્રશ્ન-(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્! પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(असंखिज्जसमयट्ठिइए जाव एगसमयट्ठिइए पच्छाणुपुव्वी) અસંખ્યાત સમયની સ્થિતિવાળાથી લઈને એક સમય પર્યન્તની સ્થિતિવાળાં જે દ્રવ્યવિશેષો છે, તે પશ્ચાનુપૂર્વી રૂપ છે. (से तं पच्छाणुपुव्वी) આ પ્રકારનું પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ છે.

પ્રશ્ન-(से किं तं अणाणुपुव्वी?) હે ભગવન્! અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(एयाए चेव एगाइयाए एगुत्तरियाए असंखिज्जगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दुरूवूणो अणाणुपुव्वी) એકથી લઈને અસંખ્યાત પર્યન્ત એક એકની વૃદ્ધિ કરતાં કરતાં અસંખ્યાત શ્રેણી સુધીનાં દ્રવ્યોનો ઉપન્યાસ કરવામાં આવે છે ત્યાર બાદ તે શ્રેણીઓનો પરસ્પરમાં ગુણાકાર કરવામાં આવે છે અને આ પ્રકારે જે અસંખ્યાત ભંગ રૂપ મહારાશિ ઉત્પન્ન થાય છે, તેમાંથી આદિ અને અન્તના બે ભાંગાઓ-પૂર્વાનુપૂર્વી અને પશ્ચાનુપૂર્વી રૂપ બે ભાંગાઓ-બાદ કરવામાં આવે છે આ પ્રકારનું અનાનુપૂર્વીનું સ્વરૂપ છે (से तं अणाणुपुव्वी) આ ઔપનિધિકી અનાનુપૂર્વી છે. (से तं ओवणिहिया कालाणुपुव्वी-से तं कालाणुपुव्वी) આ પ્રકારનું ઔપનિધિકી કાલાનુપૂર્વીનું સ્વરૂપ છે. તેના સ્વરૂપનું કથન સમાપ્ત થતાની સાથે જ પૂર્વપ્રકાન્ત કાલાનુપૂર્વીના સ્વરૂપનું કથન પણ સમાપ્ત થાય છે. ॥સૂ૦૧૩૭॥

અ૦ ૭૬

उत्कीर्तनानुपूर्वी का निरूपण

હવે સૂત્રકાર પૂર્વોક્ત ઉત્કીર્તનાનુપૂર્વીના સ્વરૂપનું નિરૂપણ કરે છે-"से किं तं उक्कित्तणाणुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं उक्कित्तणाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વપ્રકાન્ત ઉત્કીર્તનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(उक्कित्तणाणुपुव्वी तिविहा पण्णत्ता-तंजहा) ઉત્કીર્તનાનુપૂર્વીના

નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી.

"નામનું ઉચ્ચારણ કરવું" એટલે ઉત્કીર્તન આ ઉત્કીર્તનની (નામનું ઉચ્ચારણ કરવાની) જે પરિપાટી (પદ્ધતિ) છે, તેનું નામ ઉત્કીર્તનાનુપૂર્વી છે.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(उसभे, संभवे, चंदप्पहे, सुविही, सीयले, सेज्जंसे, वासुपुज्जे, विमले, अणंते, धम्मे, संती, कुंथू, अरे, मल्ली, मुणिसुव्वए, णमी, अरिट्ठणेमी, पासे, वद्धमाणे, से तं पुव्वाणुपुव्वी) ઋષભ, અજિત, સંભવ, અભિનંદન, સુમતિ, પદ્મપ્રભ, સુપાર્શ્વ ચંદ્રપ્રભ, સુવિધિ, શીતલ, શ્રેયાંસ, વાસુપૂજ્ય, વિમલ, અનન્ત, ધર્મ, શાન્તિ, કુન્થુ, અર, મલ્લી, મુનિસુવ્રત, નમિ, અરિષ્ટનેમિ, પાર્શ્વ અને વર્ધમાન, આ પ્રકારે પરિપાટી રૂપે નામોચ્ચારણ કરવું તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. તે ઉત્કીર્તનાનુપૂર્વીના પ્રથમ ભેદ રૂપ છે. ઋષભનાથ ભગવાન સૌથી પહેલાં થઇ ગયાં હોવાથી તેમના નામનું ઉચ્ચારણ સૌથી પહેલાં કરવામાં આવ્યું છે. ત્યાર બાદ અજિત આદિ તીર્થંકરો ક્રમશઃ થઇ ગયા હોવાથી તેમનાં નામોનું ક્રમશઃ ઉચ્ચારણ કરાયું છે.

પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે-ઉપર જે ક્રમે નામોચ્ચારણ કરાયું છે તેના કરતાં ઊલટા ક્રમે નામોચ્ચારણ કરવાથી પશ્ચાનુપૂર્વી બને છે. તેમાં વર્ધમાનથી લઇને ઋષભ પર્યન્તના પદોનું ઉચ્ચારણ કરાય છે આ રીતે 'વર્ધમાન' પદ પહેલું અને 'ઋષભ' પદ છેલ્લું આવે છે. અનાનુપૂર્વીમાં શરૂઆતના ઋષભ પદથી લઇને છેલ્લા વર્ધમાન પર્યન્તના ૨૪ પદોનો પરસ્પરની સાથે ગુણાકાર કરવામાં આવે છે અને તેથી જે મહારાશિ આવે છે તેમાંથી આદિ અને અન્ત રૂપ બે ભંગોને બાદ કરવામાં આવે છે. આ બે ભંગો બાદ કરવાથી જે ભંગો બાકી રહે છે, તે ભંગોરૂપ અનાનુપૂર્વી હોય છે.

શંકા-ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વી કરતાં આ ઉત્કીર્તનાનુપૂર્વીમાં શો તફાવત છે?

ઉત્તર-ઔપનિધિકી દ્રવ્યાનુપૂર્વીમાં દ્રવ્યોનો કેવળ વિન્યાસ જ પૂર્વાનુપૂર્વી આદિ રૂપે કરવામાં આવે છે, પરન્તુ આ ઉત્કીર્તનાનુપૂર્વીમાં તો એજ દ્રવ્યોનું આનુપૂર્વી આદિ રૂપે ઉચ્ચારણ કરવામાં આવે છે.

શંકા-આ શાસ્ત્રમાં આવશ્યકનો અધિકાર ચાલતો હોવાથી આ આનુપૂર્વીમાં સામાયિક આદિ અધ્યયનોનું જ ઉત્કીર્તન (ઉચ્ચારણ) કરાયું હોત તે ઉચિત ગણાત તેને બદલે અપ્રકાન્ત (પ્રકરણના વિષયથી બાહ્ય એવાં) ઋષભ આદિકોનું ઉત્કીર્તન સૂત્રકારે શા કારણે કર્યું છે?

ઉત્તર-એ વાત તો પહેલાં જ કહેવામાં આવી ચુકી છે કે શાસ્ત્ર સર્વવ્યાપક છે. એજ વાતનું સમર્થન કરવાને માટે અહીં ઋષભાદિકોનું ઉત્કીર્તન (નામોનું ઉચ્ચારણ) કરવામાં આવ્યું છે. આ ઋષભ આદિ તીર્થંકરોએ તીર્થની સ્થાપના કરી હતી. તેમનાં નામનું ઉચ્ચારણ કરનાર મનુષ્યનું દરેક પ્રકારે શ્રેય જ થાય છે. તેથી તેમનાં નામોનું ઉચ્ચારણ કરવું ઉચિત જ ગણી શકાય આ પ્રકારનાં બીજાં સ્થાનોમાં પણ આ પ્રકારનું જ સમાધાન સમજવું.

આ પ્રકારનું ઉત્કીર્તનાનુપૂર્વીનું સ્વરૂપ છે આ સૂત્રમાં આવેલાં બાકીનાં પદોનો અર્થ સુગમ હોવાથી અહીં તેમનું, વધુ સ્પષ્ટીકરણ કરવામાં આવ્યું નથી. ॥સૂ૦૧૩૮॥

ગણનાનુપુર્વી કા નિરુપણ

હવે સૂત્રકાર ગણનાનુપૂર્વીના સ્વરૂપનું નિરૂપણ કરે છે–

"से किं तं गणणाणुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं गणणाणुपुव्वी?) હે ભગવન્! ગણનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(गणणाणुपुव्वी तिविहा पण्णत्ता) ગણનાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે–(तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(पुव्वाणुपुव्वी, पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(एगो) એક, (दस) દસ, (सयं) સો, (सहस्सं) હજાર, (दससहस्साइं) દસ હજાર, (सयसहस्साइं) લાખ, (दससयसहस्साइं) દસ લાખ, (कोडी) કરોડ, (दस कोडीओ) દસ કરોડ, (कोडीसयं) અબજ, (दस कोडीसयाइं) દસ અબજ, (से तं पुव्वाणुपुव्वी) ઇત્યાદિ રૂપે ગણના કરવી તેનું નામ પૂર્વાનુપૂર્વી છે.

પ્રશ્ન–(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્ ગણનાનુપૂર્વીના બીજા ભેદ રૂપ પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(दसकोडीसयाइं जाव एगो) દસ અબજથી લઈને ઊલટા ક્રમે એક સુધીની ગણતરી કરવી (से तं पच्छाणुपुव्वी) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે.

પ્રશ્ન–(से किं तं अणाणुपुव्वी?) હે ભગવન્! ગણનાનુપૂર્વીના ત્રીજા ભેદ રૂપ અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणाणुपुव्वी) અનાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(एयाए चेव एगाइयाए एगुत्तरियाए दसकोडिसयगच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दूरूवूणा)

એકથી લઈને દસ અબજ પર્યન્તની એક એકની વૃદ્ધિવાળી શ્રેણીમાં સ્થાપિત સંખ્યાનો પરસ્પરની સાથે ગુણાકાર (સંયોજન) કરીને જે ભંગોની મહારાશિ ઉત્પન્ન થાય છે તેમાંથી આદિ અને અન્તના બે ભંગોને બાદ કરવાથી જે ભંગો બાકી રહે છે, તે ભંગોને (से तं अणाणुपुव्वी) અનાનુપૂર્વી રૂપ ગણવામાં આવે છે, (से तं गणणाणुपुव्वी) આ પ્રકારનું ગણનાનુપૂર્વીનું સ્વરૂપ છે. સૂત્ર ૧૩૬॥

સંસ્થાનાનુપુર્વી કા નિરુપણ

હવે સૂત્રકાર પૂર્વોક્ત સંસ્થાનાનુપૂર્વીનું નિરૂપણ કરે છે–

"से किं तं संठाणाणुपुव्वी ?" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं संठाणाणुपुव्वी ?) હે ભગવન્! પૂર્વોક્ત સંસ્થાનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(संठाणाणुपुव्वी तिविहा पण्णत्ता) સંસ્થાનાનુપૂર્વી ત્રણ પ્રકારની કહી છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–(पुव्वाणुपुव्वी पच्छाणुपुव्वी णाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी ?) હે ભગવન્! પૂર્વાનુપૂર્વીનું રૂપ કેવું છે?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે–(समचउरंसे, णोहमंडले, साई, खुज्जे, वामणे, हुंडे) સમચતુરસ્ર સંસ્થાન, ન્યગ્રોધમંડલ સંસ્થાન, સાદિ સંસ્થાન, કુબ્જ સંસ્થાન, વામન સંસ્થાન અને હુંડ સંસ્થાન, આ ક્રમે સંસ્થાનોનો વિન્યાસ કરવો તેને સંસ્થાનાનુપૂર્વીના પ્રથમ ભેદ રૂપ પૂર્વાનુપૂર્વી કહે છે.

સંસ્થાન એટલે આકાર આ આકારોની જે પરિપાટી તેનું નામ આનુપૂર્વી છે જો કે આ સંસ્થાન જીવ અને અજીવ વિષયક હોવાને કારણે મુખ્ય બે પ્રકારનું હોય છે, પરન્તુ "समचउरंसे" ઇત્યાદિ પદો દ્વારા અહીં જીવસંબંધી સંસ્થાનોને ગ્રહણ કરવામાં આવેલ છે,

સમચતુરસ્ર સંસ્થાન જે સંસ્થાનમાં (આકાર વિશેષમાં) નાભિની નીચેના અને નાભિની ઉપરનાં સમસ્ત અવયવો સામુદ્રિક શાસ્ત્રમાં બતાવ્યા પ્રમાણેના પોતપોતાનાં પ્રમાણવાળાં હોય છે–હીન અથવા અધિક પ્રમાણવાળાં હોતાં નથી, તે સંસ્થાનને સમચતુરસ્ર સંસ્થાન કહે છે. તેની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે–

"समं चतुस्रम् यस्य तत् समचतुरस्रम्" આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–આ સંસ્થાનમાં નાભિની ઉપરનાં અને નીચેનાં સમસ્ત અંગ ઉપાંગો સમસ્ત લક્ષણોથી યુક્ત હોય છે. કોઈ પણ અંગ ઉપાંગ ન્યૂન અથવા અધિકપ્રમાણવાળું હોતું નથી. પદ્મ સપ્રમાણ હોય છે તેમાં શરીરના ચારે ખૂણા બરાબર હોય છે આ સંસ્થાનમાં આરોહ અને અવરોહ-ચઢાવ અને ઉતાર–એક સરખો હોય છે. સામુદ્રિક શાસ્ત્રમાં સુંદર શરીરના જેટલાં લક્ષણો કહ્યાં છે, તે બધાં લક્ષણો આ શરીરના અંગઉપાંગોમાં જોવામાં આવે છે. આ સંસ્થા-

નવાળા મનુષ્યની ઊંચાઈ તેના ૧૦૮ આંગળપ્રમાણ હોય છે. આ સંસ્થાન બધાં સંસ્થાનોમાં મુખ્ય (૪) ગણાય છે. અને આ સંસ્થાન પંચેન્દ્રિય જીવના શરીરના એક આકારવિશેષ રૂપ હોય છે.

ન્યગ્રોધમંડલસંસ્થાન–વડના વૃક્ષને ન્યગ્રોધ કહે છે. તે વડના જેવું જે સંસ્થાન (આકાર) હોય છે તે સંસ્થાનનું નામ ન્યગ્રોધમંડલસંસ્થાન છે. જેમ વડનો ઉપરનો ભાગ સંપૂર્ણ અવયવોવાળો હોય છે, પણ નીચે એવો હોતો નથી, એજ પ્રમાણે આ સંસ્થાન નાભિથી ઉપરના ભાગમાં ઘણા વિસ્તારવાળું હોય છે, પરન્તુ નાભિની નીચેનો ભાગમાં ન્યૂનાધિક પ્રમાણવાળું હોય છે. માટે આ પ્રકારના સંસ્થાનનું નામ ન્યગ્રોધમંડલ સંસ્થાન છે.

સાદિસંસ્થાન નાભિની નીચેનો જે ઉત્સેધ નામનો શરીરનો ભાગ છે, તેને અહીં "આદિ" પદ વડે ગ્રહણ કરવામાં આવેલ છે. નાભિથી નીચેનો જે ભાગ કાયરૂપ આદિની સાથે રહે છે તેનું નામ 'સાદિ' છે. જો કે સમસ્ત શરીરો આદિ સહિત જ હોય છે, છતાં પણ અહીં જે સાદિ વિશેષણ લગાડવામાં આવ્યું છે, તે અન્યથાનુપપત્તિના બળથી વિશિષ્ટ પ્રમાણ લક્ષણોપેત આદિ વડે જ સંબંધિત હોય છે. તેથી જ તેને ઉત્સેધ બહુલ કહ્યું છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–જે સંસ્થાનમાં નાભિની નીચેનો ભાગ ઘણા વિસ્તારવાળો હોય, પરન્તુ નાભિની ઉપરનો ભાગ હીનપ્રમાણવાળો હોય છે, તે સંસ્થાનને સાદિ સંસ્થાન કહે છે.

કુબ્જસંસ્થાન–જે સંસ્થાનમાં શિર, ગ્રીવા, હાથ, પગ આદિ અંગો શાસ્ત્રોક્ત પ્રમાણવાળાં હોય, પરન્તુ ઉદર આદિ અંગો યથોક્ત પ્રમાણથી વિહીન હોય છે, તે સંસ્થાનને કુબ્જસંસ્થાન કહે છે.

વામનસંસ્થાન–જે સંસ્થાનમાં હૃદય, પેટ, અને પીઠ, આ અંગો સમસ્ત લક્ષણોથી યુક્ત હોય છે, પરન્તુ બાકીનાં અવયવો હીન લક્ષણવાળાં હોય છે, તે સંસ્થાનને વામનસંસ્થાન કહે છે. આ સંસ્થાન કુબ્જસંસ્થાન કરતાં વિપરીત લક્ષણોવાળું હોય છે.

હુંડસંસ્થાન–જે સંસ્થાનમાં શરીરનાં બધા અવયવો યથોક્ત લક્ષણોવાળાં હોવાને બદલે વિપરીત લક્ષણોવાળાં હોય છે, તે સંસ્થાનને હુંડસંસ્થાન કહે છે.

સમચતુરસ્ર સંસ્થાન સમસ્ત લક્ષણોથી યુક્ત હોય છે. તેથી તેમાં પ્રધાનતા માનીને તેનું કથન પહેલાં કરવામાં આવ્યું છે. બાકીનાં સંસ્થાનો શાસ્ત્રોક્ત લક્ષણો કરતાં ક્રમશઃ ઓછાં ઓછાં લક્ષણો ધરાવે છે તેથી તે સંસ્થાનોને ગૌણ ગણીને તેમનું કથન સમચતુરસ્રસંસ્થાનનું કથન કર્યા બાદ કરવામાં આવ્યું છે. આ પ્રકારનો કથનનો જે ક્રમ છે તેને જ અહીં પૂર્વાનુપૂર્વી રૂપ ગણવામાં આવેલ છે. હુંડ સંસ્થાનથી લઇને ઊલટા ક્રમે સમચતુ સ્ર પર્યન્તના સંસ્થાનોનો ક્રમ રાખવાથી પશ્ચાનુપૂર્વી રૂપ બીજી સંસ્થાનનુપૂર્વી બને છે

અનાનુપૂર્વી–સમચતુરસ્ર સંસ્થાનથી લઇને હુંડસંસ્થાન પર્યન્તની એક એકની વૃદ્ધિવાળી શ્રેણિમાં સ્થાપિત સંસ્થાનોનો પરસ્પરની સાથે ગુણાકાર (સંયોજન) કરવાથી જે ગુણિતરાશિ આવે તેમાંથી આદિ અને અન્તના બે ભંગોને બાદ કરવાથી જે ભંગસમૂહ બાકી રહે છે, તે ભંગસમૂહ રૂપ અનાનુપૂર્વી હોય છે.

શંકા–જો આ પ્રકારે આપ સંસ્થાનાનુપૂર્વીનું કથન કરો છો, તો સંહનન, વર્ણ, રસ, સ્પર્શ આદિકોની આનુપૂર્વીઓનું આપે કથન કરવું જોઇએ આ પ્રકારે આનુપૂર્વીઓ કહેવામાં આવે તો ૭૨માં સૂત્રમાં " આનુપૂર્વીઓ દસ હોય છે, " આ પ્રકારનું જે કથન કર્યું છે તે કેવી રીતે સંમત માની શકાય ?

ઉત્તર–પહેલાં આનુપૂર્વીમાં જે દસ વિધતા પ્રકટ કરવામાં આવી છે તે સંખ્યાતની નિયામકતા રૂપે પ્રકટ કરવામાં આવી નથી, પણ તે તો ઉપ-લક્ષણ માત્રની અપેક્ષાએ પ્રકટ કરવામાં આવેલ છે. તેથી દસ પ્રકારની આનુપૂર્વીઓ સિવાયની બીજી આનુપૂર્વીઓ પણ સંભવિત હોય છે, એવો તે કથનનો ભાવાર્થ સમજવો તેથી બુદ્ધિશાળી માણસોએ એવી આનુપૂર્વી-ઓને પોતાની બુદ્ધિથી જ ઉદ્ભાવિત કરી લેવી જોઈએ. ॥સૂ૦૧૪૦॥

સમાચાર્યાનુપુર્વીકા નિરુપણ

હવે સૂત્રકાર સામાચારી આનુપૂર્વીનું નિરૂપણ કરે છે–

" से किं तं सामायारी आणुपुव्वी " ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं सामायारी आणुपुव्वी ?) હે ભગવન્ ! પૂર્વોક્ત સામાચારી આનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(सामायारी आणुपुव्वी तिविहा पण्णत्ता, तंजहा) શિષ્યજનો દ્વારા આચરિત ક્રિયાકલાપ રૂપ સમાચારને સામાચારી આનુપૂર્વી કહે છે. તે સમા-ચાર જ સામાચારી રૂપ હોવાથી તેનું નામ સામાચારી પડયું છે. આ સામાચારી રૂપ જે આનુપૂર્વી છે તેને સામાચારી આનુપૂર્વી કહે છે. તેના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે–(पुव्वाणुपुव्वी पच्छाणुपुव्वी, अणाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (૨) પશ્ચાનુપૂર્વી અને (૩) અનાનુપૂર્વી.

પ્રશ્ન–(से किं तं पुव्वाणुपुव्वी ?) હે ભગવન્ ! પૂર્વાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(पुव्वाणुपुव्वी) પૂર્વાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ આ પ્રકારનું છે– (इच्छागारो, मिच्छागारो, तहक्कारो, आवस्सिया, निसीहिया, आपुच्छणा, पडिपुच्छणा, छंदणा, निमंतणा, उवसंपया) ઇચ્છાકાર, મિથ્યાકાર, તથાકાર, આવશ્યકી, નૈષેધિકી, આપ્રચ્છના, પ્રતિપ્રચ્છના, છન્દના, નિમંત્રણા અને ઉપસંપત્, આ ક્રમે પદોનો વિન્યાસ (સ્થાપના) કરવો તેનું નામ પૂર્વાનુપૂર્વી સામાચારી છે. હવે ઇચ્છાકાર આદિ પદોનો અર્થ સ્પષ્ટ કરવામાં આવે છે– કોઇની બળજબરી વિના–બહારના કોઇ પણ દબાણ વિના–વ્રતાદિક આચરવાની ઇચ્છા કરવી તેનું નામ ઇચ્છાકાર છે.

" મારા દ્વારા પ્રમાદ આદિને કારણે આ અકૃત્યનું જે સેવન થઈ ગયું છે, તે મારું અકૃત્ય નિષ્ફલ (મિથ્યા) હો," આ પ્રકારનો મનમાં વિચાર કરવો તેનું નામ મિથ્યાકાર છે. જ્યારે કોઇ અકૃત્યનું સેવન થઇ જાય છે ત્યારે ભવ્યપુરુષ મનમાં એવું ચિન્તવન કરે છે કે " આ મેં જે કર્યું છે તે ભગવાન દ્વારા અનુક્ત હોવાથી મિથ્યાભૂત છે. તેથી તે દુષ્કૃત્ય રૂપ જ છે. એવું દુષ્કૃત્ય મારા વડે સેવાઈ ગયું છે, પરન્તુ હવેથી હું તેનું સેવન નહીં કરું," આ પ્રકારનો વિચાર કરીને અસત્ ક્રિયાઓથી દૂર રહેવું– એની ક્રિયાઓ કરતાં પાછાં હઠવું, તેનું નામ મિથ્યાકાર છે.

સૂત્રનું વ્યાખ્યાન આદિ જ્યારે ચાલી રહ્યું હોય, ત્યારે ગુરુ જે વચનો કહે તેને સ્વીકારી લેવાં–" હે ગુરુદેવ! આપ જે કહો છો તે ખરું જ છે– આપની વાત યથાર્થ છે," આ પ્રકારનાં વચનોનું ઉચ્ચારણ કરવું તેનું નામ તથાકાર છે. એટલે કે વિતર્ક કર્યા વિના જ ગુરુની આજ્ઞાનો સ્વીકાર કરવો તેનું નામ તથાકાર છે.

આવશ્યકી–આવશ્યક કર્તવ્ય કરવાને માટે ઉપાશ્રયમાંથી બહાર જવાનું જો અવશ્ય કર્તવ્ય રૂપે ઉપસ્થિત થાય, તો " अवश्यं कर्तव्यमिदम् अतो गच्छामि" " આ કાર્ય અવશ્ય કરવા યોગ્ય છે," આ પ્રકારનો વિચાર કરીને બહાર જવાની આજ્ઞા પ્રાપ્ત કરવા માટે ગુરુની આગળ નિવેદન કરવું તેનું નામ આવશ્યકી છે. ઉપાશ્રયની બહારના કાર્યને પતાવીને જ્યારે સાધુ ઉપાશ્રયમાં પ્રવેશ કરે, ત્યારે તે પોતાના ઉપાશ્રયમાં પાછાં ફરવાની સૂચના આપે છે. આ પ્રકારે ઉપાશ્રયમાં પુનઃપ્રવેશની જે સૂચના અપાય છે તેને નૈષેધિકી કહે છે. આમ કરવાનું કારણ એ છે કે તેના આગમનની પ્રતીક્ષા કરતા બાકીના

સાધુઓને તેના આગમનની ખબર પડે છે અને તેના દ્વારા કોઇને ઉત્ત્રાસ ઉત્પન્ન થવાની સંભાવના રહેતી નથી.

આપ્રચ્છના–"હે ભગવન્! હું આ કામ કરું છું" આ પ્રકારે ગુરુ મહારાજને પૂછવું તેનું નામ આપ્રચ્છના છે.

પ્રતિપ્રચ્છના–કોઈ કામ કરવા માટે શિષ્ય ગુરુ પાસે આજ્ઞા માગે, અને તે કાર્યની ગુરુએ આજ્ઞા આપ્યા છતાં પણ કાર્ય કરતી વખતે આ પ્રમાણે ગુરુને ફરીથી પૂછવું તેનું નામ પ્રતિપ્રચ્છના છે

અથવા–બીજે ગામ જવાની ગુરુ દ્વારા આજ્ઞા મળી હોય. છતાં પણ બીજે ગામ ગમન કરતી વખતે શિષ્યે ફરીથી ગુરુની આજ્ઞા લેવી જોઇએ આ પ્રકારે પૂર્વે આજ્ઞા પ્રાપ્ત થઇ ગયા બાદ ગમન કરતી વખતે ગુરુને ફરી જે પૂછવામાં આવે છે તેનું નામ પ્રતિપ્રચ્છના છે પ્રત્યેક કાર્યમાં પણ આ પ્રતિપ્રચ્છના સંભવી શકે છે.

છંદના–પોતાના ભાગના આહારાદિને ભોજનાદિ રૂપે ગ્રહણ કરવાની અન્ય સાંભોગિક સાધુઓને વિનંતિ કરવી તેનું નામ છંદના છે. ગુરુની આજ્ઞા લઇને તે સાધુ યથારાત્નિક અન્ય સાધુઓને આ પ્રમાણે આગ્રહ કરે છે–"કૃપા કરીને આપ આ આહારાદિને ગ્રહણ કરો અને તેનો ઉપયોગ કરો." આ પ્રકારની સાધુ સામાચારીનું નામ છંદના છે.

નિમંત્રણા–પદાર્થની પ્રાપ્તિ થયાં પહેલાં કોઇ પણ સાધુને કોઈ પણ અન્ય સાધુ દ્વારા એવું જે કહેવામાં આવે છે કે અમુક પદાર્થ વહોરી લાવીને હું આપને આપીશ, આ પ્રમાણે કોઇ પણ વસ્તુ લાવી આપવાનો ભાવ છે તેમ કહેવું તેનું નામ નિમંત્રણા છે. "पुव्वगहिएण" ઇત્યાદિ સૂત્રપાઠ દ્વારા આ વાત જ પ્રકટ કરવામાં આવી છે.

ઉપસંપત્–શ્રુતાદિનો અર્થ શીખવાને માટે "હું આપનો જ છું," આ પ્રકારનાં વચનો દ્વારા અન્ય સાધુની આધીનતાનો સ્વીકાર કરવો તેનું નામ ઉપસંપત છે.

ધર્મ પરાનુપતાપમૂલક હોય છે. એટલે કે ધર્મ તેને જ કહી શકાય કે જેના દ્વારા કોઇ પણ પ્રાણીને કષ્ટ ન થાય ઇચ્છાકાર એજ પ્રકારનો ધર્મ છે, કારણ કે તેમાં જે વ્રતાદિકોનું આચરણ કરવાની ઇચ્છા કરાય છે, તેમાં અન્યની આજ્ઞા અથવા બળજબરી ચાલી શકતી નથી, કારણ કે એવી આજ્ઞા અને બળજબરી કરવામાં આવે તો અન્ય જીવને સંતાપ થાય છે કે થઈ શકે છે. તેથી વ્રતાદિકોની ચાહનામાં આત્માની પોતાની જ ઇચ્છા કાર્યસાધક બને છે. આ પ્રકારે ઇચ્છાકારમાં પ્રધાનતા હોવાને કારણે અહીં સૌથી પહેલાં ઉચ્છાકારનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે. જ્યારે કોઈ સાધુ કોઈ અકૃત્યનું સેવન કરે છે અથવા વ્રતાદિકોનો ભંગ કરે છે ત્યારે અન્ય જીવોને કષ્ટ નહીં આપનારા એવાં ગુરુજનો દ્વારા મિથ્યાદુષ્કૃત દેવામાં આવે છે, તેથી ઇચ્છાકારનો ઉપન્યાસ કર્યા બાદ મિથ્યાકારનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે. ઇચ્છાકાર અને મિથ્યાદુષ્કૃત, આ બન્નેનો સદ્ભાવ ત્યારે જ હોઈ શકે છે કે જ્યારે ગુરુનાં વચનો પર શિષ્યને વિશ્વાસ હોય છે ગુરુના વચનોનો શિષ્ય સ્વીકાર કરે છે, એ વાત તથાકાર વડે જ જાણી શકાય છે. તે કારણે મિથ્યાકાર પછી તથાકારનો પાઠ રાખવામાં આવ્યો છે.

ગુરુના વચનનો તથાકાર દ્વારા સ્વીકાર કરનાર શિષ્યે ઉપાશ્રયમાંથી કોઇ આવશ્યક કાર્ય નિમિત્તે બહાર જવા માટે ગુરુની આજ્ઞા લેવી જોઈએ, એજ વાતને સ્પષ્ટ કરવાને માટે તથાકાર પછી આવશ્યકીનો પાઠ રાખવામાં આવ્યો

છે. ઉપાશ્રયની બહાર ગયેલા સાધુએ નૈષેધિકીપૂર્વક જ ઉપાશ્રયમાં પ્રવેશ કરવો જોઈએ, એ વાતને પ્રકટ કરવા માટે આવશ્યકીના પાઠ પછી નૈષેધિકીનો પાઠ રાખવામાં આવ્યો છે. ઉપાશ્રયમાં પ્રવિષ્ટ થયેલો શિષ્ય જે કામ કરે તે કામ તેણે ગુરુમહારાજની આજ્ઞા લઈને જ કરવું જોઈએ, એ વાત પ્રકટ કરવાને માટે નૈષેધિકીના પાઠ પછી આપ્રચ્છનાનો પાઠ રાખવામાં આવ્યો છે. કોઈ પણ કાર્ય કરવા માટે શિષ્ય ગુરુની આજ્ઞા માગે અને ગુરુ તે કાર્ય કરવાની આજ્ઞા આપે, તે પછી થોડીવાર થોભીને તેણે ફરીથી કાર્યનો આરંભ કરતી વખતે ગુરુની ફરીથી આજ્ઞા માગવી તે બતાવવા માટે પ્રતિપ્રચ્છના (ફરી પૂછવા)નો પ્રસંગ ઉપસ્થિત થાય છે, તે કારણે સૂત્રકારે આપ્રચ્છના પછી પ્રતિપ્રચ્છનાનો પાઠ મૂક્યો છે. ગુરુમહારાજની આજ્ઞા લઇને જે આહારાદિ સાધુ લાવ્યો હોય તેના ઉપભોગને માટે અન્ય સાધુઓને માનપૂર્વક બોલાવવા જોઇએ, એ વાતને પ્રકટ કરવા માટે પ્રતિપ્રચ્છના પછી છન્દનાનો પાઠ રાખવામાં આવ્યો છે.

ગૃહીત અશનાદિના વિષયમાં જ છન્દના સંભવી શકે છે, પરન્તુ અગૃહીત અશનાદિકના વિષયમાં નિમંત્રણા સંભવી શકે છે, તે કારણે છન્દનાના પાઠ પછી નિમંત્રણાનો પાઠ રાખવામાં આવ્યો છે ઇચ્છાકારથી લઇને નિમંત્રણા પર્યન્તની જેટલી સામાચારી છે, તેમને જાણવાને માટે ગુરુની નિકટતાની જરૂર રહે છે, એ વાતને પ્રકટ કરવા માટે સૌથી છેલ્લો ઉપસંપત્નો ઉપન્યાસ કરવામાં આવ્યો છે. સામાચારીમાં ઇચ્છાકાર આદિ ક્રમે પદોની જે સ્થાપના કરવામાં આવે છે તેનું નામ પૂર્વાનુપૂર્વી છે. આ પદોને આ પ્રકારનો ક્રમ આપવાનું કારણ ઉપર પ્રકટ કરવામાં આવ્યું છે. (से तं पुव्वाणुपुव्वी) આ પ્રકારનું પૂર્વાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્! પશ્ચાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(उवसंपया जाव इच्छाकारो) ઉપસંપદાથી લઈને ઇચ્છાકાર પર્યન્તના ઊલટા ક્રમમાં પદોનો ઉપન્યાસ (સ્થાપના) કરવો (पच्छाणुपुव्वी) તેનું નામ પશ્ચાનુપૂર્વી છે.

પ્રશ્ન–(से किं त अणाणुपुव्वी) હે ભગવન્! અનાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अणाणुपुव्वी) અનાનુપૂર્વી સામાચારીનું સ્વરૂપ આ પ્રકારનું છે– (एयाए चेव एगाइयाए एगुत्तरियाए दसगच्छगयाए सेढीए अण्णमन्नब्भासोदुरूवूणो) ઇચ્છાકારથી લઈને ઉપસંપદા પર્યન્તના દસ પદોનો એક એક અધિક સંખ્યા લઈને પરસ્પરમાં ગુણાકાર કરવો જોઇએ આ પ્રકારે જે રાશિ પ્રાપ્ત થાય તેમાંથી આદિ અને અન્તના બે ભંગોની વિવક્ષા બાદ કરી નાખવી જોઇએ. આ બે ભંગો બાદ જતાં જેટલા ભંગો બાકી રહે છે તેટલા ભંગોરૂપ આ અનાનુપૂર્વી સામાચારી હોય છે. (से तं सामायारी अणुपुव्वी) સામાચારી આનુપૂર્વીનું આ પ્રકારનું સ્વરૂપ છે. ॥સૂ૦૧૪૧॥

હવે સૂત્રકાર ભાવાનુપૂર્વીનું નિરૂપણ કરે છે—

"से किं तं भावाणुपुव्वी" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं भावाणुपुव्वी?) હે ભગવન્! પૂર્વોક્ત ભાવાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે.

ઉત્તર-(भावाणुपुव्वी तिविहा पण्णत्ता-तंजहा) ભાવાનુપૂર્વીના નીચે પ્રમાણે ત્રણ પ્રકાર કહ્યા છે-(पुव्वाणुपुव्वी) (૧) પૂર્વાનુપૂર્વી, (पच्छाणुपुव्वी (૨) પશ્ચાનુપૂર્વી અને (अणाणुपुव्वी) (૩) અનાનપર્વી.

જેમના દ્વારા પદાર્થોનો વિચાર કરવામાં આવે છે, તેમનું નામ ભાવ છે. આ ભાવો અન્તઃકરણની પરિણતિવિશેષ રૂપ (પરિણામ રૂપ) હોય છે. અથવા આત્મા જે જે રૂપે હોય છે તે તે રૂપનું નામ ભાવ છે. એવાં તે ભાવો જીવના પરિણામવિશેષ રૂપ હોય છે. અને તે પરિણામવિશેષ ઔદયિક આદિ રૂપ હોય છે. તે પરિણામો રૂપ ભાવોની આનુપૂર્વીનું નામ ભાવાનુપૂર્વી છે.

પ્રશ્ન-(से किं तं पुव्वाणुपुव्वी?) હે ભગવન્! ભાવાનુપૂર્વીનો જે પૂર્વાનુપૂર્વી નામનો પહેલો ભેદ છે, તેનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર-(पुव्वाणुपुव्वी) તે પૂર્વાનુપૂર્વી આ પ્રકારની છે (उदइए) ઔદયિક, (उवसमिए) ઔપશમિક, (खाइए) ક્ષાયિક, (खओवसमिए) ક્ષાયોપશમિક, (पारिणामिए) પરિણામિક, (सन्निवाइए) અને સાન્નિપાતિક, આ ક્રમે પદોનો ઉપન્યાસ કરવો તેનું નામ પૂર્વાનુપૂર્વી ભાવાનુપૂર્વી છે.

આ ઔદયિક આદિ પદોનો અર્થ સૂત્રકાર દ્વારા આગળ પ્રકટ કરવામાં આવશે, તેથી અહીં તેમના સ્વરૂપનું નિરૂપણ કર્યું નથી. આ શાસ્ત્રમાં નરકાદિ રૂપ ચારે ગતિઓનું ઔદયિક ભાવ રૂપે પ્રતિપાદન કરવામાં આવશે તેથી ઔદયિક ભાવ રૂપ નરકાદિ ગતિઓનો સદ્ભાવ હોય, તો જ બાકીના ઔપશમિક આદિ ભાવો ઉત્પન્ન થઈ શકે છે આ પ્રકારે બાકીના ભાવોના આધાર રૂપ હોવાને લીધે ઔદયિક ભાવમાં પ્રધાનતા છે. તેથી જ સૂત્રકારે તેનો વિન્યાસ સૌથી પહેલાં કર્યો છે-એટલે કે તેને સૌથી પહેલું સ્થાન આપ્યું છે. બાકીના પાંચ ભાવોમાંનો ઔપશમિક ભાવ સ્તોક (અલ્પ) વિષયવાળો હોવાથી તે પોતે જ સ્તોક છે. (આ વાતનું સૂત્રકાર આગળ પ્રતિપાદન કરશે) તેથી સૂચીકટાહ ન્યાયે ઔદયિક ભાવ પછી ઔપશમિક ભાવને મૂકવામાં આવ્યો છે. ઔપશમિક ભાવ કરતાં અધિક વિષયવાળો હોવાને કારણે ક્ષાયિકભાવને ઔપશમિક ભાવ પછી મૂકવામાં આવેલ છે. વિષયોની અધિકતરતા અને અધિકતમતાને કારણે ક્ષાયિક ભાવ પછી અનુક્રમે ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોને મૂકવામાં આવ્યા છે. આ પૂર્વોક્ત ભાવોના દ્વિકસંયોગ આદિથી સાન્નિપાતિક ભાવ ઉત્પન્ન થાય છે, તેથી સૌથી છેલ્લો

સાન્નિપાતિક ભાવનો ઉપન્યાસ કરવામાં આવ્યો છે. (से तं पुव्वाणुपुव्वी) આ પ્રકારની આ ભાવોની પૂર્વાનુપૂર્વી છે.

પ્રશ્ન-(से किं तं पच्छाणुपुव्वी?) હે ભગવન્! ભાવાનુપૂર્વીની પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(पच्छाणुपुव्वी) પશ્ચાનુપૂર્વીનું સ્વરૂપ આ પ્રકારનું છે-(संनिवाइए जाव उदइए) પૂર્વાનુપૂર્વી કરતાં ઊલટા ક્રમના-એટલે કે સાન્નિપાતિક ભાવથી લઈને ઔદયિકભાવ પર્યન્તના-ભાવે ને પશ્ચાનુપૂર્વી કહે છે.

પ્રશ્ન-(से किं तं अणाणुपुव्वी?) હે ભગવન્! ભાવોની અનાનુપૂર્વીનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(एयाए चेव एगाइयाए एगुत्तरियाए छ गच्छगयाए सेढीए अन्नमन्नब्भासो दूरूवूणो) ઔદયિકથી લઈને સાન્નિપાતિક પર્યન્તના છ પદોનો પરસ્પરની સાથે ગુણાકાર કરવો, અને તેને લીધે જે રાશિરૂપ ભાંગાઓ આવે તેમાંથી આદિ અને અન્તના બે ભાંગાઓ બાદ કરવાથી જે ભાંગાઓ બાકી રહે છે, તે ભાંગાઓ રૂપ (अणाणुपुव्वी) અનાનુપૂર્વી સમજવી.

(से तं भावाणुपुव्वी) આ પ્રકારની ભાવાનુપૂર્વી હોય છે (से तं आणुपुव्वी) આ પ્રકારે નામાનુપૂર્વીથી લઈને ભાવાનુપૂર્વી પર્યન્તની દસે આનુપૂર્વીઓના સ્વરૂપનું નિરૂપણ અહીં પૂરું થાય છે, એ વાત સૂચિત કરવા માટે સૂત્રકારે "से तं आणुपुव्वी" આ પ્રકારનો સૂત્રપાઠ મૂક્યો છે (आणुपुव्वीविषयं समत्तं) આ પ્રકારે ઉપક્રમના આનુપૂર્વી નામના પ્રથમ ભેદનું નિરૂપણ અહીં સમાપ્ત થાય છે. ॥સૂ૦૧૪૨॥

ઉપક્રમનો બીજો ભેદ 'નામ' છે હવે સૂત્રકાર તે નામનું નિરૂપણ કરે છે-

"से किं तं णामे?" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं णामे?) હે ભગવન્! ઉપક્રમના બીજા પ્રકાર રૂપ નામ શું છે?

ઉપક્રમકે દુસરેભેદનામ કા નિરુપણ

ઉત્તર-(णामे दसविहे पण्णत्ते) તે નામના દસ પ્રકાર કહ્યા છે જીવગત જ્ઞાનાદિક પર્યાયો અને અજીવગત રૂપાદિક પર્યાયો પ્રમાણે જે પ્રત્યેક વસ્તુના ભેદથી નમે છે-ઝૂકે છે-એટલે કે તેમનું અભિધાયક (વાચક) હોય છે, તેનું નામ "નામ" છે. "जं वत्थुणोऽभिहाणं" ઇત્યાદિ ગાથા દ્વારા 'નામ' શબ્દની ઉપર પ્રમાણેની વ્યુત્પત્તિ જ પ્રકટ કરવામા આવી છે.

(तंजहा) નામના દસ પ્રકારો નીચે પ્રમાણે છે-(एगणामे, दुणामे, तिणामे, चउणामे, पंचणामे, छणामे, सत्तणामे, अट्ठणामे, नवणामे, दसणामे) (૧) એક નામ, (૨) બે નામ, (૩) ત્રણ નામ, (૪) ચાર નામ, (૫) પાંચ નામ, (૬) છ નામ, (૭) સાત નામ, (૮) આઠ નામ, (૯) નવ નામ અને (૧૦) દસ નામ.

જે એક નામથી સમસ્ત પદાર્થોનું કથન થઈ જાય છે, તેને "એકનામ" કહે છે. જેમ કે "सत्" "सत्" આ નામથી સમસ્ત પદાર્થોનું એક સાથે કથન થઈ જાય છે, કારણ કે એવો કોઇ પણ પદાર્થ નથી કે જે આ सत्

નામથી રહિત હોય તેથી 'સત્' એક નામરૂપ છે. એજ પ્રમાણે જે બે નામોથી સમસ્ત વિવક્ષિત પદાર્થોનું કથન થઇ જાય છે, તેમને બે નામ રૂપ સમજવા તથા જે ત્રણ નામોથી સમસ્ત વિવક્ષિત પદાર્થોનું કથન થઈ જાય છે, તે ત્રણ નામોને ત્રિનામ કહે છે. એજ પ્રમાણે ચતુર્નામથી લઈને દસ નામ પર્યન્તના નામના પ્રકારો વિષે પણ સમજવું. ॥સૂ૦૧૪૩॥

પૂર્વસૂત્રમાં નામના પ્રકારો પ્રકટ કરવામાં આવ્યાં હવે સૂત્રકાર નામના પ્રથમ પ્રકાર રૂપ એકનામના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं एगणामे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं एगणामे?) હે ભગવન્! પૂર્વપ્રકાન્ત એકનામ શું છે ? એટલે કે એકનામનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(णामाणि जाणिकाणि वि, दव्वाण, गुणाण, पज्जवाण च तेसिं आगम निहसे नामंति परूविया सण्णा ॥१॥ से तं एगणामे) એક જ અર્થને પ્રકટ કરનારું જે નામ હોય છે તેને 'એકનામ' કહે છે. તે એકનામનું સ્વરૂપ સૂત્રકારે ઉપરની ગાથા દ્વારા પ્રકટ કર્યું છે. તેનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–

જીવ અજીવ રૂપ ભેદવાળાં દ્રવ્યોના જ્ઞાનાદિક ગુણોના, રૂપાદિ ગુણોના, તથા નારકત્વ આદિ પર્યાયોના લોકમાં જેટલાં નામો રૂઢ (પ્રચલિત) છે, તે બધાં અભિધાનોની (નામોની) 'નામ' એવી એક સંજ્ઞા આગમ રૂપ નિકષ (કસોટી) કહેવામાં આવી છે. જેમ કે જીવ–જન્તુ, આત્મા, પ્રાણી ઇત્યાદિ. તથા જ્ઞાન, બુદ્ધિ, બોધ ઇત્યાદિ તથા નભ, નારાયણ, વ્યોમ, આકાશ, અંબર ઇત્યાદિ તથા રૂપ, રસ, ગંધ ઇત્યાદિ તથા નારક, તિર્યંચ, મનુષ્ય ઇત્યાદિ એક ગણું કૃષ્ણ, બે ગણું કૃષ્ણ ઇત્યાદિ આ બધાં અભિધાનોની "નામ" એવી એક સંજ્ઞા–આગમરૂપ કસોટી–કહી છે. તેથી તે સઘળા જીવ–જન્તુ આદિ અભિધનને એક નામત્વ સામાન્યની અપેક્ષાએ "એકનામ" શબ્દ દ્વારા પ્રકટ કરવામાં આવે છે આ રીતે એક પણ આ નામ વડે–શબ્દ વડે–વસ્તુઓના ગુણોનાં અને પર્યાયોનાં જે નામો લોકમાં રૂઢ થયેલા હોય છે, તે બધાંને "નામત્વ" આ એક સામાન્ય પદ વડે ગ્રહણ કરી શકાય છે. તેથી આ એક નામ શબ્દથી પણ લોકમાં રૂઢ એવા અભિધાનવાળી બધી વસ્તુઓ પ્રતિપાદિત થઇ જાય છે. તેથી તેને એક નામ કહે છે. (से तं एगणामे) આ પ્રકારનું એક નામનું સ્વરૂપ છે

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્રમાં, 'એક નામ શું છે," આ પ્રશ્નનું સ્પષ્ટીકરણ કર્યું છે. તેમણે આ સૂત્રમાં એ વાત સમજાવી છે કે સંસારમાં દ્રવ્યોનાં, પર્યાયોનાં અને ગુણોનાં જેટલાં લોકરૂઢ (લોકમાં પ્રચલિત) નામો છે, તે નામો ભલે જુદાં જુદાં છે, છતાં પણ નામત્વ સામાન્યના આશ્રયભૂત હોવાને કારણે તેઓ સૌ એક જ છે. આ રીતે નામત્વ સમાન્યની દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો તે બધાં નામો એકનામ રૂપ જ છે, કારણ કે જેટલા અભિધાન રૂપ પદાર્થો છે, તે સઘળા પદાર્થોમાં નામત્વ રૂપ સામાન્યનો સદ્ભાવ રહે છે. એજ વાત આગમ રૂપ કસોટીની ઉપમા દ્વારા

વ્યક્ત કરવામાં આવી છે. અહીં આગમને કસેાટી ઉપમા દેવાનું કારણ એ છે કે જેવી રીતે સેાનું, ચાંદી આદિના વાસ્તવિક સ્વરૂપનું પરિજ્ઞાન નિકષ-પટ્ટ (કસેાટી કરવાનેા પત્થર) વડે થાય છે, એજ પ્રમાણે સેાનાચાંદી જેવાં જીવાદિ પદાર્થો છે તેમના વાસ્તવિક સ્વરૂપનું પરિજ્ઞાન આગમ (શાસ્ત્ર) વડે જ થાય છે. તેથી તેમના સ્વરૂપના પરિજ્ઞાનના હેતુભૂત હેાવાને કારણે સૂત્રકારે આગમને અહીં નિકષ (કસેાટી પત્થર)ની ઉપમા આપી છે ॥સૂ૦૧૪૪॥

હવે સૂત્રકાર દ્વિનામના સ્વરૂપનું નિરૂપણ કરે છે—

"से किं तं दुनामे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं दुनामे?) હે ભગવન્! નામના બીજા પ્રકાર રૂપ દ્વિનામનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(दुनामे दुविहे पण्णत्ते) દ્વિનામ–દ્વિવિધનામ બે પ્રકારનું છે–અહીં દ્વિનામ પદ બે પ્રકારના અર્થમાં વપરાયું છે. તેથી બે પ્રકારનું જે નામ છે તેનું નામ દ્વિનામ છે. (तंजहा) નામના બે પ્રકારેા નીચે પ્રમાણે છે–(एगक्खरिए य अणेगक्खरिए य) (૧) એકાક્ષરિક અને (૨) અનેકાક્ષરિક જે નામ એક અક્ષર વડે નિષ્પન્ન થાય છે, તે નામને એકાક્ષરિક નામ કહે છે અને જે નામ અનેક અક્ષરેા વડે નિષ્પન્ન થાય છે, તેને અનેકાક્ષરિક નામ કહે છે.

જેમ કે "ही" (લજ્જા), "श्री" (લક્ષ્મી), "धी" બુદ્ધિ, 'श्री' આદિ એકાક્ષરિક દ્વિનામ છે. કન્યા, વીણા, લતા, માલા, આદિ અનેકાક્ષરિક દ્વિનામ છે. એજ વાત સૂત્રકારે આ સૂત્રપાઠ દ્વારા પ્રશ્નોત્તરપૂર્વક પ્રકટ કરી છે–

(से किं तं एगक्खरिए? एगक्खरिए अणेगविहे पण्णत्ते, तंजहा–ही, श्री, धी, थी, से तं एगक्खरिए। से किं तं अणेगक्खरिए? अणेगक्खरिए अणेगविहे पण्णत्ते–तंजहा-कण्णा, वीणा, लया, माला, से तं अणेगक्खरिए) આ સૂત્રપાઠનેા ભાવાર્થ ઉપર પ્રકટ કરવામાં આવ્યેા છે. એજ પ્રમાણે "बलाका, पताका" આ ત્રણ અક્ષરેાથી નિષ્પન્ન થતા નામનેા અનેકાક્ષર નિષ્પન્ન નામમાં જ સમાવેશ કરવેા જોઇએ આ પ્રકારે એકાક્ષર અને અનેકાક્ષર વડે નિષ્પન્ન થતા બે પ્રકારવાળા નામ વડે વિવક્ષિત સમસ્ત વસ્તુસમૂહનું પ્રતિપાદન થાય છે, તેથી તેને દ્વિનામ રૂપ ગણવામાં આવે છે. "द्वि रूपं सत् सर्वस्य नामेति द्विनाम" સર્વનું નામ બે રૂપવાળું હેાય છે, તેથી તે દ્વિનામ રૂપ છે એકાક્ષરિક અને અનેકાક્ષરિક, આ બે જ, નામનાં બે રૂપેા છે. "द्वयोः नाम्नोः समाहारः इति द्विनाम" આ પક્ષે પણ 'દ્વિનામ' એવી જ છાયા સમજવી જોઇએ હવે સૂત્રકાર બીજી રીતે દ્વિનામનું નિરૂપણ કરે છે—

(अहवा–दुनामे दुविहे पण्णत्ते) અથવા–દ્વિનામ બે પ્રકારના કહ્યા છે–(तंजहा) તે બે પ્રકારેા નીચે પ્રમાણે છે–(जीवनामे य, अजीवनामे य) (૧) જીવનામ અને (૨) અજીવ નામ.

પ્રશ્ન–(से किं तं जीवनामे?) હે ભગવન્! જીવનામ એટલે શું?

ઉત્તર–(जीवनामे अणेगविहे पण्णत्ते) જીવનામના અનેક પ્રકાર કહ્યા છે. (तंजहा) જેમ કે...(देवदत्तो जण्णदत्तो विण्हुत्तो सोमदत्तो) દેવદત્ત, યજ્ઞદત્ત, વિષ્ણુદત્ત, સેામદત્ત, વગેરે.

પ્રશ્ન-(से किं तं अजीवनामे?) હે ભગવન્! અજીવનામ એટલે શું ?

ઉત્તર-(अजीवनामे अणेगविहे पण्णत्ते) અજીવનામના અનેક પ્રકારો કહ્યા છે. (तंजहा) જેમ કે (घडो, पडो, कडो, रहो) ઘટ પટ, કટ (ચટાઇ), રથ વગેરે (से तं अजीवनामे) આ પ્રકારનું અજીવનામ હોય છે. (अहवा दुनामे दुविहे पण्णत्ते) અથવા દ્વિનામના બે પ્રકાર કહ્યા છે. (तंजहा) જેમ કે.... (विसेसिए य अविसेसिए य) (૧) વિશેષિત અને (૨) અવિશેષિત (अविसेसिए दव्वे, विसेसिए जीवदव्वे अजीवदव्वे य) દ્રવ્યને વિશેષિત રૂપ કહેવાય છે અને દ્રવ્યના જીવ અજીવ રૂપ ભેદોને વિશેષિત કહેવાય છે. 'દ્રવ્ય' એવું નામ અવિશેષિત દ્વિનામ છે. દ્રવ્ય બે પ્રકારનું હોય છે-(૧) જીવ દ્રવ્ય અને (૨) અજીવદ્રવ્ય આ જીવદ્રવ્ય અને અજીવદ્રવ્ય રૂપ નામને વિશેષિત દ્વિનામ કહે છે. વળી જીવ દ્રવ્ય અને અજીવ દ્રવ્યના અવિશેષિત અને અવિશેષિત નામના બે ભેદો તથા બીજાં પણ ઘણા ભેદો પડતા હોવાથી તે દ્રવ્યોના અનેક પ્રકાર હોય છે, આ વાત મૂળ સૂત્રમાંથી જ જાણી લેવી જેમ કે- (अविसेसिए जीवदव्वे, विसेसिए णेरइए तिरिक्खजोणिए मणुस्से, देवे) 'જીવદ્રવ્ય' આ નામ અવિશેષિત દ્વિનામ છે, તથા નારક, તિર્યંચ, મનુષ્ય અને દેવ, આ ચારે વિશેષિત દ્વિનામો છે.

(णेरइए अविसेसिए) 'નારક' આ નામને જો અવિશેષિત દ્વિનામ કહેવામાં આવે, તો (रयणप्पहाए, सक्करप्पहाए, वालुअप्पहाए, पंकपहाए धूमप्पहाए, तमाए, तमतमाए विसेसिए) રત્નપ્રભાના નારક, શર્કરાપ્રભાના નારક, વાલુકાપ્રભાના નારક, પંકપ્રભાના નારક, ધૂમપ્રભાના નારક, તમઃપ્રભાના નારક, અને તમસ્તમઃપ્રભાના નારકને વિશેષિત દ્વિનામ કહે છે. એજ પ્રકારે સૂત્રના અન્ત સુધીના પ્રત્યેક ભેદમાં અવિશેષિત અને વિશેષિત દ્વિનામની યોજના કરી લેવી જોઈએ સૂત્ર સુગમ હોવાથી પછીનાં પદોની વ્યાખ્યા આપવામાં આવી નથી જે જીવો તથાવિધ કર્મના ઉદયથી ગર્ભ વિના જ ઉત્પન્ન થઈ જાય છે, તે જીવોને સંમૂર્ચ્છિમ જીવો કહે છે. 'વ્યુત્ક્રાન્તિ' પદનો અર્થ 'ઉત્પત્તિ' થાય છે. જે જીવોની ઉત્પત્તિ ગર્ભજન્મથી થાય છે,

ત્રિનામકે સ્વરુપકા નિરુપણ

તે જીવોને ગર્ભવ્યુક્રાન્તિક જીવો કહે છે, જે જીવો સરકતાં સરકતાં ચાલે છે તે જીવોને પરિસર્પ કહે છે. પરિસર્પ જીવોના ઉરઃપરિસર્પ અને ભુજપરિસર્પ નામના બે ભેદ પડે છે. સર્પાદિક જે જીવો છાતીના બળથી સરકે તે જીવોને ઉરઃપરિસર્પ કહે છે. ગરોળી, નોળિયા આદિ જીવો ભુજાઓના બળથી સરકે (ચાલે) છે, તેથી તેમને ભુજપરિસર્પ કહે છે. આ પ્રકારનું આ દ્વિનામનું સ્વરૂપ છે. ॥સૂ૦૧૪૫॥

હવે સૂત્રકાર ત્રિનામનું નિરૂપણ કરે છે—

"से किं तं तिनामे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं तिनामे ?) હે ભગવન્! ત્રિનામ એટલે શુ ?

ઉત્તર–(तिनामे तिविहे पण्णत्ते) ત્રિનામના ત્રણ પ્રકાર કહ્યા છે. ત્રણ રૂપવાળું જે નામ છે, તેને ત્રિનામ કહે છે ત્રિનામ હોવાને લીધે જ તે ત્રણ પ્રકારનું છે. (तंजहा) તે ત્રણ પ્રકારો નીચે પ્રમાણે છે–(दव्वणामे, गुणनामे, पज्जवणामे) (૧) દ્રવ્યનામ, (૨) ગુણનામ અને (૩) પર્યાયનામ (પર્યાયનામ.)

જુદી જુદી પર્યાયોને જે પ્રાપ્ત કરે છે, તેનું નામ દ્રવ્ય છે. આ દ્રવ્યનું જે નામ છે તેને દ્રવ્ય નામ કહે છે. ગુણ શબ્દની વ્યુત્પત્તિ આ પ્રમાણે છે. "જે ગણાય તે ગુણ છે." તે ગુણનું જે નામ છે તેને ગુણનામ કહે છે. પર્યાયનું જે નામ છે, તેનું નામ પર્યાયનામ છે. આગળ ૧૪૬માં સૂત્રમાં સૂત્રકાર આ પર્યાયનામનું વર્ણન કરવાના છે.

પ્રશ્ન–(से किं तं दव्वनामे?) તે દ્રવ્યનામ શું છે ?

ઉત્તર–(दव्वणामे छव्विहे पण्णत्ते) દ્રવ્યનામ છ પ્રકારનું કહ્યું છે. (तंजहा) જેમ કે....(धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवत्थिकाए, पुग्गलत्थिकाए, अद्धासमए य) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય અને અદ્ધાસમય (કાળ) આ બધાં પદોની વ્યાખ્યા પહેલાં આપવામાં આવી છે, તેથી અહીં તેમની વ્યાખ્યા આપવામાં આવી નથી (से तं दव्वनामे) આ પ્રકારનું તે દ્રવ્યનામ છે.

પ્રશ્ન–(से किं तं गुणनामे?) હે ભગવન્! ગુણનામ કોને કહે છે?

ઉત્તર–(गुणनामे पंचविहे पण्णत्ते-तंजहा) ગુણનામ પાંચ પ્રકારનું કહ્યું છે. તે પ્રકારો નીચે પ્રમાણે છે–(वण्णणामे, गंधणामे, रसणामे, फासणामे, संठाणणामे) વર્ણનામ, ગંધનામ, રસનામ, સ્પર્શનામ અને સંસ્થાનનામ વસ્તુને જેના વડે અલંકૃત કરાય છે, તેને વર્ણ કહે છે. તે વર્ણનું જે નામ છે તેને વર્ણનામ કહે છે. સૂંઘવાથી જેનો અનુભવ થાય છે, તે ગંધ છે. આ ગંધનું જે નામ છે તેને ગંધનામ કહે છે. ચાખવાથી જેનો અનુભવ થાય તે રસ છે. એવા રસનું જે નામ છે, તે રસનામ છે. કોઈ પણ વસ્તુને અડકવું તેનું નામ સ્પર્શ છે. આ સ્પર્શનું જે નામ છે તેને સ્પર્શનામ કહે છે. સંસ્થાન એટલે આકાર આ સંસ્થાનના નામને સંસ્થાનનામ કહે છે.

પ્રશ્ન–(से किं तं वण्णणामे) હે ભગવન્! વર્ણનામનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર–(वण्णणामे पंचविहे पण्णत्ते) વર્ણનામ પાંચ પ્રકારના કહ્યાં છે. (तंजहा) જેમ કે....(कालवण्णणामे, नीलवण्णणामे, लोहियवण्णणामे, हालिद्दवण्णणामे, सुक्किलवण्णणामे) (૧) કૃષ્ણવર્ણનામ, (૨) નીલવર્ણનામ, (૩) લોહિત (રક્ત) વર્ણનામ, (૪) હારિદ્ર (પીળો) વર્ણનામ, અને (૫) શુક્લવર્ણનામ.

આ સિવાયના જે પૂસર આદિ વર્ણો છે, તેઓ ઉપર્યુક્ત વર્ણોના સંયોગથી જ ઉત્પન્ન થાય છે, તેથી તેમને સ્વતંત્ર વર્ણ રૂપ ગણી શકાય નહીં, તેથી અહીં તેમને સ્વતંત્ર પ્રકારો રૂપે બતાવવામાં આવેલ નથી સુરભિગંધ (સુગંધ) અને દુરભિગંધ (દુર્ગંધ)ના ભેદથી ગંધગુણના બે પ્રકાર પડે છે. જે ગંધ જીવોને પોતાની તરફ આકર્ષે છે તે ગંધને સુરભિગંધ અને જે ગંધ જીવોને પોતાની તરફ ખેંચવાને બદલે વિમુખ કરે છે એવી ગંધને દુરભિગંધ કહે છે. રસના નીચે પ્રમાણે પાંચ પ્રકાર છે–(૧) તિક્ત (તીખો), (૨) કટુક (કડવો), (૩) કષાય (તુરો), (૪) અમ્લ (ખાટો) અને (મધુર) કફ આદિ દોષોનો નાશ કરનાર જે રસ છે તેનું નામ તિક્તરસ છે. આયુર્વેદ શાસ્ત્રમાં તિક્તરસના સેવનના નીચે પ્રમાણે લાભો બતાવ્યા છે–યોગ્ય માત્રામાં

તિક્તરસનું જો સેવન કરવામાં આવે, તો કફ, અરુચિ, પિત્ત, તૃષા, કુષ્ઠ, વિષ અને જ્વરનો નાશ થાય છે અને બુદ્ધિની વૃદ્ધિ થાય છે. આ તિક્ત-રસનું જે નામ છે, તે તિક્તરસ નામ છે.

ગળાના રોગોને પ્રશાન્ત કરનારો અને મરિચ અને નાગર આદિમાં રહેનારો જે રસ છે, તે રસનું નામ કટુકરસ (કડવોસ્વાદ) છે. આયુર્વેદ શાસ્ત્રમાં આ કટુક રસના સેવનનું ફળ નીચે પ્રમાણે કહ્યું છે–યોગ્ય માત્રામાં જો કટુક રસનું સેવન કરવામાં આવે, તો શરીરના કોઈ પણ ભાગનો સોજો ઉતરી જાય છે, દીપક (પાચનક્રિયામાં મદદ રૂપ) હોય છે, રુચ્ય અને બૃંહણ (શક્તિવર્ધક) હોય છે તે વધારાના કફનો નાશ કરે છે.

રક્તદોષ આદિનો નાશક, બહેડા, આમળાં, કોઠાં આદિમાં રહેલો જે રસ છે તેને કષાય (તુરો) રસ કહે છે. તેનું જે નામ છે તે કષાયરસ નામ છે. આયુર્વેદમાં કષાયરસના સેવનનું ફળ નીચે પ્રમાણે કહ્યું છે–જો યોગ્ય રીતે સેવન કરવામાં આવે તો કષાયરસ રક્તદોષ, કફ, અને પિત્તનો નાશ કરે છે. તે રૂક્ષ, શીત, ગુણગ્રાહી અને રોચક હોય છે.

આમલી આદિમાં રહેલા રસને અમ્લરસ (ખાટોરસ્વાદ) કહે છે. તે અગ્નિદીપન (જઠરાગ્નિને સતેજ કરનારો) આદિ કરનારો હોય છે. આ રસનું જે નામ છે તે અમ્લરસ નામ છે. અમ્લરસના સેવનનું ફળ આ પ્રકારનું કહ્યું છે–આ રસ અગ્નિદીપક અને સ્નિગ્ધ હોય છે. સોજા પિત્ત અને કફનો નાશક હોય છે ક્લેદન, પાચન કરે છે. અને રુચ્ય (રુચિકર) હોય છે વળી આ રસ ગૂઢ વાયુનો અનુલોમક હોય છે.

પિત્તાદિકનું શમન કરનારો જે રસ છે તેનું નામ મધુરરસ છે. તે ખાંડ, સાકર, ગોળ આદિમાં રહેલો હોય છે. તેનું જે નામ છે તે મધુરરસ નામ છે તેના સેવનનું ફળ આ પ્રકારનું કહ્યું છે-મધુર રસ વાત, પિત્ત અને વિષનો નાશક હોય છે, ધાતુની વૃદ્ધિ કરનારો અને ગુરુ હોય છે બાલકો, વૃદ્ધો અને કમજોર માણસોને લાભકારી હોય છે, જીવનપ્રદ અને કેશવર્ધક હોય છે કેટલાક લોકો લવણરસ (ખારો સ્વાદ) ને પણ એક પ્રકારના સ્વતંત્ર રસ રૂપે ગણાવે છે. સિંધાલુણ, નમક, આદિમાં આ રસનો સદ્ભાવ હોય છે. આ રસ સ્તંભિત આહાર આદિનો વિધ્વંસ કરવાવાળા હોય છે. આહારવર્ધક અને બંધકોશનો નાશક હોય છે. આ રસ મધુર આદિ રસના સંસર્ગથી ઉત્પન્ન થતો હોવાને કારણે, તે રસોથી અભિન્ન જ ગણીને અહીં તેને સ્વતંત્ર પ્રકાર રૂપે ગણવામાં આવેલ નથી કારણ કે લવણરસના યોગથી જ અન્ય રસો સ્વાદિષ્ટ લાગે છે. તેથી તિક્તાદિ પાંચે રસોમાં લવણરસનો સમાવેશ થઇ જાય છે. તેથી જ સૂત્રકારે આ રસનું સ્વતંત્ર રૂપે કથન કર્યું નથી "से किं तं गंधनामे" આ સૂત્રથી લઇને "महुररसणामे" આ સૂત્ર પર્યન્તના સૂત્રપાઠનો ભાવાર્થ ઉપર પ્રકટ કરવામાં આવ્યો છે. (से तं रसणामे) આ પ્રકારનું રસનામનું સ્વરૂપ સમજવું.

પ્રશ્ન–(से किं तं फासणामे ?) હે ભગવન્ ! ગુણનામના ચોથા ભેદ રૂપ જે સ્પર્શનામ છે, તેનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(फासणामे अट्ठविहे पण्णत्ते) સ્પર્શનામ આઠ પ્રકારનું પ્રજ્ઞપ્ત થયું છે. સ્પર્શેન્દ્રિયની મદદથી જે અનુભવ થાય છે, તેનું નામ સ્પર્શ છે

આ સ્પર્શનું જે નામ છે તે સ્પર્શનામ છે. (तंजहा) તે સ્પર્શનામના આઠ પ્રકાર નીચે પ્રમાણે છે–(कक्खडफासणामे, मउयफासणामे, गरुयफासणामे, लहुयफासणामे, सीयफासणामे, उसिणफासणामे, णिद्धफासणामे, लुक्खफासणामे) (૧) કર્કશસ્પર્શનામ, (૨) મૃદુસ્પર્શનામ, (૩) ગુરુસ્પર્શનામ, (૪) લઘુસ્પર્શનામ, (૫) શીતસ્પર્શનામ, (૬) ઉષ્ણસ્પર્શનામ, (૭) સ્નિગ્ધસ્પર્શનામ (૮) રૂક્ષસ્પર્શનામ.

પાષાણ આદિમાં કર્કશ સ્પર્શનો સદ્ભાવ હોય છે. આ સ્પર્શ સ્તબ્ધતાના કારણભૂત બને છે. તેનું જે નામ છે તે કર્કશસ્પર્શનામ છે કોમલસ્પર્શનો અનુભવ કરાવનાર તિનિશલતા (વેત્રલતા) આદિના સ્પર્શને મૃદુસ્પર્શ કહે છે તેનું જે નામ છે. તે મૃદુકસ્પર્શનામ છે. જે વસ્તુના અધઃપતનમાં કારણભૂત બને છે એવા લોઢાના ગોળા આદિના સ્પર્શને ગુરુકસ્પર્શ કહે છે. આ સ્પર્શ દ્વારા વસ્તુ ભારે છે એવો અનુભવ થાય છે. આ ગુરુક સ્પર્શનું જે નામ છે તે ગુરુકસ્પર્શનામ છે. આંકડા તેલ આદિ હલકી વસ્તુઓના સ્પર્શને લઘુકસ્પર્શ કહે છે આ સ્પર્શ વસ્તુના તિર્યગ્ગમન, ઉર્ધ્વગમન અને અધોગમનમાં કારણભૂત બને છે, તેનું જે નામ છે તે લઘુકસ્પર્શનામ છે હિમ, બરફ આદિના સ્પર્શથી જે સ્પર્શનો અનુભવ થાય છે તે સ્પર્શને શીતસ્પર્શ કહે છે. શરીર ઠુંઠવાઇ જવામાં કે અકડાઈ જવામાં આ સ્પર્શ કારણભૂત બને છે. તેનું જે નામ છે, તે શીતસ્પર્શનામ છે. આહારને રાંધવા આદિમાં જે કારણભૂત થાય છે અને અગ્નિ આદિમાં જેનો સદ્ભાવ હોય છે, તે સ્પર્શને ઉષ્ણસ્પર્શ કહે છે તેનું જે નામ છે તે ઉષ્ણસ્પર્શનામ છે. તેલ, ઘી આદિ પદાર્થોમાં જે સ્પર્શનો સદ્ભાવ હોય છે તે સ્પર્શને સ્નિગ્ધસ્પર્શ કહે છે. પરસ્પર મળેલાં પુદ્ગલ દ્રવ્યોના એક બીજા સાથે સંશ્લિષ્ટ રહેવામાં આ સ્પર્શ કારણભૂત બને છે. તેનું જે નામ છે તે સ્નિગ્ધસ્પર્શનામ છે જે સ્પર્શ પુદ્ગલ દ્રવ્યોના સંબન્ધમાં કારણભૂત બને છે તે સ્પર્શને રૂક્ષસ્પર્શ કહે છે ભસ્મ આદિમાં આ સ્પર્શનો સદ્ભાવ હોય છે. તેનું જે નામ છે તે રૂક્ષસ્પર્શનામ છે (से तं फासणामे) આ પ્રકારનું આઠ પ્રકારના સ્પર્શનામનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(से किं तं संठाणणामे ? હે ભગવન્ ! સંસ્થાન નામનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(संठाणनामे पंचविहे पण्णत्ते) સંસ્થાનનામના પાંચ પ્રકાર કહ્યા છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે–(परिमंडलसंठाणनामे, वट्टसंठाणणामे, तं ससंठाणनामे, चउरंससंठाणनामे, आययसंठाणनामे) આકાર વિશેષનું નામ સંસ્થાન છે આ સંસ્થાનનામના પરિમંડલ સંસ્થાન નામ આદિ પાંચ પ્રકારો છે. આ સંસ્થાનોનું સ્વરૂપ જાણીતું હોવાથી અહીં તેમનું વર્ણન કરવામાં આવ્યું નથી સંસ્થાનનાં નામ આ પ્રમાણે છે-(૧) પરિમંડલસંસ્થાન (૨) વૃત્તસંસ્થાન, (૩) ત્રયસ્રસંસ્થાન, (૪) ચતુરસ્રસંસ્થાન અને (૫) આયતસંસ્થાન. (से तं संठाणनामे) આ પ્રકારનું સંસ્થાન નામનું સ્વરૂપ છે. (से तं गुणनामे) વર્ણ, રસ, ગંધ, સ્પર્શ અને સંસ્થાનનામ રૂપ ગુણનામનું આ પ્રકારનું સ્વરૂપ છે દ્રવ્યોનાં નામને દ્રવ્યનામ કહે છે અને વર્ણ રસ ગંધ, સ્પર્શ અને સંસ્થાનના નામને ગુણનામ કહે છે. ।।સૂ૦૧૪૬।।

હવે પર્યવનામની પ્રરૂપણા કરવામાં આવે છે—

"से किं तं पज्जवणामे" इत्यादि—

શબ્દાર્થ–(से किं तं पज्जवणामे?) હે ભગવન્! પર્યવનામનું સ્વરૂપ કેવું કહ્યું છે?

ઉત્તર–(पज्जवणामे अणेगविहे पण्णत्ते) પર્યવનામ અનેક પ્રકારના કહ્યાં છે. દ્રવ્યની જેમ જેનું અસ્તિત્વ સદા રહેતું નથી, પણ જે બદલાતી જ રહે છે તેનું નામ પર્યાય અથવા પર્યવ છે અથવા તે દ્રવ્યની ભિન્ન ભિન્ન અવસ્થાઓ રૂપ હોય છે. દ્રવ્યની એક ગણી, બે ગણી કાળાશ આદિ રૂપ આ પર્યાય હોય છે. "पज्जवणामे" આ પદની સંસ્કૃત છાયા 'પર્યાયનામ' થાય છે. તે પર્યાયનામનો અર્થ પણ પર્જવનામ થાય છે. આ રીતે પર્યાય અને પર્જવ, આ બન્ને સમાન અર્થી પદો છે.

(तं जहा) તે પર્યવનામના અનેક પ્રકારો છે જેમ કે (एगगुणकालए, दुगुणकालए, तिगुणकालए, जाव दसगुणकालए, संखिज्जगुणकालए, असंखिज्जगुणकालए, अणंतगुणकालए) એક ગુણકાલક, દ્વિગુણકાલક, ત્રિગુણથી લઈને દસગુણ પર્યન્તનું કાલક, સંખ્યાત ગુણકાલક, અસંખ્યાત ગુણકાલક અને અનંતગુણકાલક અહીં 'ગુણ' શબ્દ અંશનો વાચક છે. જે પરમાણુ આદિ દ્રવ્યમાં કાળાશનો એક અંશ હોય છે તે પરમાણુ આદિ દ્રવ્યને એકગુણ કાલક દ્રવ્ય કહે છે. એજ પ્રમાણે જે પરમાણુ આદિ દ્રવ્યમાં કાળાશના બે અંશ હોય છે તે પરમાણુ આદિ દ્રવ્યને દ્વિગુણકાલક દ્રવ્ય કહે છે એજ પ્રમાણે દસગુણકાલક પર્યન્તના દ્રવ્યોનો અર્થ પણ સમજવો જે દ્રવ્યમાં કાળાશના સંખ્યાત અંશ હોય છે તે દ્રવ્યને સંખ્યાત ગુણકાલક કહે છે જે દ્રવ્યમાં કાળાશના અસંખ્યાત અંશ હોય છે, તે દ્રવ્યને અસંખ્યાત ગુણ કાલક કહે છે અને જે દ્રવ્યમાં કાળાશના અનંત અંશ હોય છે તે દ્રવ્યને અનંતગુણ કાલક કહે છે. આ રીતે કાળાશના એક ગુણ અથવા અંશવાળું પરમાણુ આદિ દ્રવ્ય "એકગુણકાલક"નું સમાનાર્થી પદ છે. એજ પ્રમાણે દ્વિગુણકાલક આદિના વિષયમાં પણ સમજવું આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–ત્રણે લોકમાં જેટલો કાલકગુણ (કાળાશ) છે તેને ધારો કે અસત્કલ્પનાને આધારે એકત્ર કરવામાં આવે ત્યારબાદ તેમાંથી તે કૃષ્ણ વર્ણનો જઘન્ય (સૌથી નાનો) અંશ લઈ લો. આ જઘન્ય કૃષ્ણઅંશ પ્રમાણ કાળા દ્રવ્યને એકગુણ કાલક પરમાણુ આદિ દ્રવ્ય કહે છે. (एवं) એજ પ્રમાણે (नील, लोहिय, हालिद्दसुक्किल्ला वि भाणियव्वा) જે પરમાણુ આદિ દ્રવ્યમાં નીલ વર્ણનો એક અંશ હોય છે તેને એક ગુણ નીલક પરમાણુ આદિ દ્રવ્ય કહે છે જેમાં નીલવર્ણના બે અંશ હોય છે તેને દ્વિગુણનીલક દ્રવ્ય કહે છે એજ પ્રમાણે ત્રણ, ચાર આદિ દસ પર્યન્તના નીલવર્ણના અંશ જેમાં હોય છે તે દ્રવ્યોને ત્રણગુણ નીલક, ચારગુણનીલક, (यावत्) દસ ગુણનીકલ દ્રવ્ય કહે છે એજ પ્રમાણે સંખ્યાત, અસંખ્યાત અને અનંત અંશ નીલવર્ણ ધરાવતાં દ્રવ્યોને

અનુક્રમે સંખ્યાત ગુણનીકલ, અસંખ્યાત ગુણનીકલ અને અનંતગુણનીકલ દ્રવ્યો કહે છે. એજ પ્રમાણે જે પરમાણુ આદિ દ્રવ્યમાં લાલવર્ણનો એક અંશ હોય છે, તે પરમાણુ આદિ દ્રવ્યને એક ગુણ લોહિતક દ્રવ્ય કહે છે એજ પ્રમાણે દ્વિગુણલોહિતકથી લઈને અનંતગુણ લોહિતક પર્યન્તના પદોનો અર્થ જાતે જ સમજી શકાય એવો છે જે પરમાણુ આદિ દ્રવ્યમાં પીળાવર્ણનો એક અંશ હોય છે, તેને એક ગુણ પીતવર્ણવાળું કહે છે એજ પ્રમાણે દ્વિગુણ પીત વર્ણવાળાં દ્રવ્યોથી લઈને અનંતગુણપીતવર્ણવાળાં દ્રવ્યો વિષે પણ સમજવું એજ પ્રમાણે શુકલ વર્ણના એકથી લઈને અનંત પર્યન્તના અંશવાળા પરમાણુ આદિ દ્રવ્ય વિષે પણ સમજવું.

પર્યવનામના વધુ પ્રકારોને હવે પ્રકટ કરવામાં આવે છે—

(एकगुणसुरभिगंधे, दुगुणसुरभिगंधे, तिगुणसुरभिगंधे, जाव अणंतगुण सुरभिगंधे, एवं दुरभिगंधोऽवि भाणियव्वो) એક સુરભિગુણવાળું પરમાણુ આદિ (ઓછામાં ઓછા સુરભિના અંશવાળું પરમાણુ આદિ દ્રવ્ય), સુરભિના બે અંશવાળું, અને ત્રણથી લઈને અનંત પર્યન્તના સુરભિગંધના અંશોવાળાં પરમાણુ આદિ દ્રવ્યો પણ હોય છે એજ પ્રમાણે એકથી લઈને અનંત પર્યન્તના દુરભિગન્ધના અંશોવાળાં પરમાણુ આદિ દ્રવ્યો હોય છે જે પરમાણુ આદિ દ્રવ્યમાં દુર્ગંધનો ઓછામાં ઓછો અંશ–એક અંશ-હોય તે દ્રવ્યને એક ગુણ દુરભિગંધવાળું કહે છે. એજ પ્રમાણે બાકીનાં પદોનો અર્થ પણ સમજી લેવો.

રસની અપેક્ષાએ પર્યાયના નીચે પ્રમાણે પ્રકારો છે–એક ગુણતિક્ત રસવાળું પરમાણુ આદિ દ્રવ્ય એજ પ્રમાણે અનંત પર્યન્તના તિક્તગુણવાળાં પરમાણુ આદિ દ્રવ્યો પણ હોય છે. એજ પ્રમાણે એક ગુણ કટુકથી લઈને અનંતગુણ કટુક પર્યન્તના, એક ગુણ કષાયથી લઈને અનંત ગુણ કષાય એક ગુણ અમ્લરસથી લઈને અનંતગુણ પર્યન્તના અમ્લ રસવાળાં અને એક ગુણ મધુરથી લઈને અનંત પર્યન્તના મધુરગુણવાળાં દ્રવ્યો પણ હોય છે.

સ્પર્શની અપેક્ષાએ પર્યાયના નીચે પ્રમાણે પ્રકારો છે–એક ગુણ કર્કશ સ્પર્શવાળાથી લઈને અનંતગુણ કર્કશ સ્પર્શવાળા, એજ પ્રમાણે એક ગુણ મૃદુકથી લઈને અનંત ગુણ મૃદુક પર્યન્તના, એક ગુણથી લઈને અનેક ગુણ પર્યન્તના ગુરુ સ્પર્શવાળાં, એક ગુણથી અનેક ગુણ પર્યન્તના લઘુ સ્પર્શવાળાં, એક ગુણથી લઈને અનેક ગુણ શીતસ્પર્શવાળાં, એકથી લઈને અનેક ગુણ ઉષ્ણસ્પર્શવાળાં, એકથી લઈને અનેક ગુણ પર્યન્તના સ્નિગ્ધ સ્પર્શવાળાં અને એકથી અનેક ગુણ પર્યન્તના રૂક્ષસ્પર્શવાળાં, દ્રવ્યો પણ હોય છે કર્કશ, મૃદુ,

ગુરુ અને લઘુ, આ ચાર સ્પર્શોનો પરમાણુમાં સદ્‌ભાવ હોતો નથી, કારણ કે તે ચાર સ્પર્શોનો સદ્‌ભાવ બાદર અનંત પ્રદેશી સ્કન્ધમાં જ હોય છે.

શંકા–ગુણ અને પર્યાય વચ્ચે શો ભેદ છે? (આ પ્રશ્નનો ભાવાર્થ એ છે કે દ્રવ્યમાં ગુણ અને પર્યાયો એક સાથે જ રહેતાં હોય છે આ રીતે તે બન્ને એક જ હોવા છતાં પણ સૂત્રકારે ગુણ અને પર્યાયોનું જુદા જુદા વિષય રૂપે શા માટે કથન કર્યું છે?)

ઉત્તર–ગુણ અને પર્યાયો જો કે દ્રવ્યમાં એક સાથે રહે છે, છતાં પણ તે બન્નેમાં આ પ્રમાણે ભેદ છે–

ગુણતો દ્રવ્યોનો સહવર્તી હોય છે, પરન્તુ પર્યાયો ક્ષણ વિધ્વંસી હોવાને કારણે દ્રવ્યના સહવર્તી હોતા નથી વર્ણ, ગંધ, રસ આદિ સર્વદા સહવર્તી હોવાને કારણે તેમને ગુણ કહેવામાં આવે છે. પણ તેમની એક ગુણકાલત્વ આદિ ક્રમવર્તી અવસ્થાઓને પર્યાય કહેવામાં આવે છે. વર્ણ, ગંધ આદિ જે ગુણો છે તેમનો મૂર્ત વસ્તુમાંથી–પુદ્ગલમાંથી–કદી પણ નાશ (નવૃત્તિ) થતો નથી ગુણોના અંશોનું નામ પર્યાય છે. ગુણનો એક અંશ બે અંશોની અવસ્થામાં નિવૃત્ત થઈ જાય છે અને બે અંશ એક અંશની અવસ્થામાં પણ નિવૃત્ત થઇ જાય છે. તેથી તે ગુણાંશને પર્યાય રૂપ ગણવામાં આવે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે–ચારો કે કોઇ દ્રવ્યમાં ઓછામાં ઓછા પ્રમાણવાળા એટલે કે એક ગુણ (અંશ) કાળાશ આદિ ગુણ રહેલો હોય પરન્તુ બે અંશ (ગુણ) કૃષ્ણાદિ ગુણોનું તે દ્રવ્યમાં આગમન થતાં જ તે એક ગુણ કૃષ્ણાદિ ગુણોની નિવૃત્તિ થઇ જાય છે એજ પ્રમાણે કૃષ્ણાદિ ગુણોના બે અંશ રહેલા હોય; તો એક ગુણકૃષ્ણાદિ અવસ્થાની પ્રાપ્તિ થતાં જ તે બે અંશોની નિવૃત્ત થઈ જાય છે તેથી કૃષ્ણાદિ ગુણોના એક, બે, ત્રણ, ચાર, આદિથી લઈને સંખ્યાત, અસંખ્યાત અને અનંત પર્યન્તના બધા અંશો પર્યાય રૂપ છે, કારણ કે તેઓ ક્રમવર્તી હોય છે. કહ્યું પણ છે કે–("सहवर्ती") ઈત્યાદિ આ કથન દ્વારા એ વાત પ્રકટ કરવામાં આવી છે કે ગુણ સહવર્તી હોય છે. જેમ કે જીવના ચૈતન્ય, અમૂર્તત્વ આદિ ગુણો સહવર્તી છે. પર્યાયો ક્રમવર્તી હોય છે. જેમ કે જીવની નારક, તિર્યંચ આદિ પર્યાયો.

શંકા–જો એવું હોય, તો વર્ણાદિ સામાન્યમાં જ ગુણપણુ હોવું જોઇએ પરન્તુ કાળાશ આદિ જે વર્ણવિશેષો છે તેમાં ગુણપણાનો અભાવ હોવો જોઇએ, કારણ કે તેઓ અનિયમિત છે, અહીં શંકા કરનાર વ્યક્તિ એવું કહેવા માગે છે કે જેમ ગુણના એક અંશ, બે અંશ આદિ અનિયમિત હોવાથી તેમને પર્યાય રૂપ ગણવામાં આવે છે, એજ પ્રમાણે કૃષ્ણાદિ ગુણો પણ અનિયમિત હોય છે, તેથી તેમને પણ ગુણરૂપ માનવાને બદલે પર્યાય રૂપ જ માનવા જોઇએ.

આ શંકાનું સમાધાન આ પ્રમાણે કરી શકાય—

વર્ણસામાન્યના ભેદ રૂપ જે કૃષ્ણાદિ વર્ણો છે, તેઓ સામાન્ય રીતે ઘણા સમય સુધી દ્રવ્યની સાથે અવસ્થિત રહે છે (વિદ્યમાન રહે છે) તેથી કૃષ્ણાદિ વર્ણને દ્રવ્યના ગુણરૂપ માનવામાં આવેલ છે પરન્તુ પર્યાયો એ રીતે દ્રવ્યની સાથે લાંબા સમય સુધી રહેતા નથી આ રીતે અચિરસ્થાયી હોવાને કારણે તેમને દ્રવ્યના ગુણરૂપ માનવાને બદલે દ્રવ્યની પર્યાયો રૂપ માનવામાં આવે છે.

શંકા–આપે અહીં પુદ્ગલાસ્તિકાયના જ ગુણો અને પર્યાયોનું પ્રતિપાદન કર્યું છે. ધર્માસ્તિકાય આદિના ગુણો અને પર્યાયોનું તો આપે કથન જ કર્યું નથી પુદ્ગલાસ્તિકાયની જેમ ધર્માસ્તિકાય આદિકોમાં પણ ગતિ હેતુત્વ, સ્થિતિહેતુત્વ, અવગાહહેતુત્વ, ઉપયોગ અને વર્ત્તનાદિ ગુણોનો અને અનંત અગુરુ લઘુ આદિ પર્યાયોનો અહીં શા કારણે ઉલ્લેખ કરાયો નથી?

ઉત્તર–પુદ્ગલદ્રવ્યના ગુણો અને પર્યાયો ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા અનુભવી શકાય તેવાં હોવાથી તેમનું પ્રતિપાદન સરળતાપૂર્વક કરી શકાય છે પરન્તુ ધર્માસ્તિકાયાદિના ગુણ પર્યાયોનો ઇન્દ્રિયપ્રત્યક્ષ દ્વારા અનુભવ કરી શકતો નથી તેથી જ સૂત્રકારે અહીં પુદ્ગલ દ્રવ્યના જ ગુણો અને પર્યાયોનું પ્રતિપાદન કર્યું છે, બાકીનાં ધર્માસ્તિકાય આદિકોના ગુણો અને પર્યાયોનું પ્રતિપાદન કર્યું નથી તેથી જ જે કોઈ પણ નામ હશે તે કાં તો દ્રવ્યનું નામ હશે, કાં તો ગુણનું નામ હશે કાં તો પર્યાયનું નામ હશે તેનાં કરતાં આગળ બીજું કોઈ પણ નામ નહીં હોય તેથી સમસ્ત નામોનો આ ત્રિનામ વડે સંગ્રહ થઈ જવાથી, તેમને અહીં ત્રિનામ રૂપ કહેવામાં આવેલ છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ત્રિનામનું નિરૂપણ કર્યું છે આ સૂત્રમાં તેમણે એ વાત સ્પષ્ટ કરી છે કે ત્રણ પ્રકારનું જે નામ છે તે ત્રિનામ છે. નામના ત્રણ પ્રકાર નીચે પ્રમાણે છે–(૧) દ્રવ્યનામ, (૨) ગુણનામ, અને (૩) પર્યાયનામ જે કોઈ પણ નામ હશે કાં તો દ્રવ્યને આધારે હશે, કાં તો ગુણને આધારે હશે, કાં તો પર્યાયને આધારે હશે ધર્માસ્તિકાય આદિ જે નામો છે તેઓ દ્રવ્યાશ્રિત નામો છે એટલે કે દ્રવ્યોનાં જે નામ છે તે દ્રવ્યનામ છે. ગુણોનાં જે નામ છે તે ગુણનામ છે. તે ગુણનામ પાંચ પ્રકારના કહ્યા છે જો કે વર્ણ, રસ, ગંધ, અને સ્પર્શ રૂપ ચાર ગુણ હોય છે, પરન્તુ સંસ્થાન (આકાર)નો પણ પુદ્ગલ દ્રવ્યમાં સદા સદ્ભાવ રહે છે, તે કારણે અહીં સંસ્થાનને પણ ગુણ રૂપ ગણીને ગુણનામમાં પંચવિધતા પ્રકટ કરવામાં આવી છે. પાંચ પ્રકારના વર્ણોના, બે પ્રકારના ગંધોનાં, પાંચ પ્રકારના રસોના, આઠ પ્રકારના સ્પર્શોનાં અને પાંચ પ્રકારના સંસ્થાનોનાં (આકારોનાં) જે જે નામો છે તે ગુણનામ હોવા છતાં પણ જુદાં જુદાં વર્ણાદિ નામ રૂપ છે. આ પ્રકારે આ ગુણનામ ૨૫ પ્રકારના હોવા છતાં પણ એક ગુણનામમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. પર્યાયનામ નિયમિત નથી, કારણ કે પર્યાયો અનેકવિધ હોય છે રૂપ, રસ, ગંધ આદિ જેટલા ગુણો છે તેમાં વર્ણાદિના એક, બે, ત્રણ, ચાર, આદિથી લઈને ૧૦ પર્યન્તના અંશોનો, સંખ્યાત અંશોનો, અસંખ્યાત અંશોનો અને અનેક અંશોનો સદ્ભાવ હોઈ શકે છે. એકલા કૃષ્ણ વર્ણ રૂપ ગુણનો જ દાખલો લઈએ કોઈ પદાર્થમાં ઘણી ઓછી કાળાશ હોય છે, કોઈકમાં અધિક કાળાશ હોય છે, કોઈમાં અધિકતર કાળાશ હોય છે, તો કોઇમાં અધિકતમ કાળાશ હોય છે. આ કૃષ્ણ ગુણની ન્યૂનાધિકતાનો આધાર તેમાં રહેલી કાળાશના અંશો પર આધાર રાખે છે. કૃષ્ણ ગુણનો જે સૌથી જઘન્ય (ન્યૂનમાં ન્યૂન) અંશ છે તે એક અંશ રૂપ

ગણાય છે તે કૃષ્ણ ગુણાંશ કૃષ્ણ ગુણની પર્યાય રૂપ ગણાય છે. આ પર્યાયવાળું જે પરમાણુ આદિ દ્રવ્ય હોય છે તે કૃષ્ણ ગુણના એક અંશ રૂપ પર્યાયવાળું હોવાથી તેને એક ગુણ કૃષ્ણતાવાળું અથવા એક ગુણ કાલક પરમાણુ આદિ રૂપ કહેવામાં આવે છે. દ્વિગુણ આદિ કાલક દ્રવ્યપર્યાયના વિષયમાં પણ એજ પ્રકારનું સ્પષ્ટીકરણ સમજવું એજ પ્રમાણે અન્ય ગંધાદિ ગુણોના એક આદિ અંશોવાળા પરમાણુ આદિ દ્રવ્યોના નામ વિષેનું કથન પણ સમજવું જોઇએ.

અહીં કૃષ્ણાદિ ગુણોના એક અંશ, બે અંશ આદિને પર્યાયો રૂપ કહેવામાં આવેલ છે. અને તે પર્યાયોને આધારે એક ગુણ કાલક પરમાણુ, આદિ જે નામો આપવામાં આવ્યાં છે, તે પર્યાયાશ્રિત નામો છે પર્યાયાશ્રિત નામનાં પર્યાયની પ્રધાનતા રહે છે ગુણ અને પર્યાયમાં સહવર્તિત્વ અને ક્રમવર્તિત્વ (અનિયમિતત્વ)ની અપેક્ષાએ ભેદ હોય છે એટલે કે ગુણ સહવર્તી હોય છે અને પર્યાય ક્રમવર્તી હોય છે. ।।સૂ૦૧૪૭।।

પ્રકારાન્તસે ત્રિનામકા નિરુપણ

હવે સૂત્રકાર ત્રિનામનું બીજા પ્રકારે કથન કરે છે—
"तं पुण णामं तिविहं" ઇત્યાદિ—

શબ્દાર્થ–દ્રવ્ય વિષયક (तं पुण णामं) તે નામ (तिविहं) ત્રણ પ્રકારનું હોય છે. જેમ કે (इत्थी पुरिसं णपुंसगं चेव) (૧) સ્ત્રીનામ, (૨) પુરુષનામ (૩) નપુંસકનામ (एएसिं तिण्हं पि अंतमियपरूवणं वोच्छं) હવે આ ત્રણે પ્રકારનાં નામોની તેમના અંત્યાક્ષરો દ્વારા પ્રરૂપણા કરવામાં આવે છે એટલે કે સ્ત્રીલિંગ, આદિનાં નામોને અન્તે કયા કયા અક્ષરો આવે છે, તે પ્રકટ કરવામાં આવે છે-(तत्थ पुरिसस्स अंता आ, ई, ऊ, ओ चत्तारि हवंति) પુરુષનામો (પુલ્લિંગનામો, નરજાતિનાં નામો) ને અન્તે આ, ઇ, ઊ કે ઓ, આ ચારમાંનો કોઈ પણ વર્ણ (અક્ષર) હોય છે. (इत्थियाओ ओकारपरिहीणा) સ્ત્રીનામો (નારી જાતિનાં નામો) ને અન્તે 'ઓ' સિવાયના પૂર્વોક્ત વર્ણો એટલે કે આ, ઈ કે ઊ (हवंति) હોય છે એટલે કે આકારાન્ત, ઈકારાન્ત અને ઊકારાન્ત શબ્દો નારી જાતિનાં (સ્ત્રીલિંગ) હોય છે, તથા (अन्ताः) જે શબ્દને અન્તે (अंतिअ इंतिय उंतिय) અં, ઇં કે ઉં હોય છે, તે શબ્દોને (णपुंसगस्स) નપુંસક લિંગના (નાન્યેતર જાતિના) (बोद्धव्वा) સમજવા આ કથનનું તાત્પર્ય એ છે કે પ્રાકૃત ભાષામાં અં, ઇં અને ઉં અન્તવાળા શબ્દોને નપું-

સકલિંગના નામો ગણવામાં આવે છે. (एतेसिं तिण्हंपि य एतो णिद्दंसणे वोच्छामि) હવે આ ત્રણે લિંગના પદોના ઉદાહરણો આપવામાં આવે છે– (आगारंतो राया, ईगारंतो गिरी, य सिहरी य, ऊगारंतो विण्हू, ओगारंतो दुमो, अंतो उ पुरिसाणं) પુલ્લિંગના આકારાન્ત પદનું ઉદાહરણ "राया" (રાજા), છે. "गिरी" (ગિરિ) અને "सिहरी" (શિખરી) આ બે પદો ઈકારાન્ત નરજાતિનાં પદો છે. "विण्हू (વિષ્ણુ)" આ પદ ઊકારાન્ત નરજાતિનું પદ છે. "दुमो (વૃક્ષ, દ્રુમ)" આ પ્રાકૃત પદ ઓકારાન્ત નરજાતિનું પદ છે. (इत्थीण) સ્ત્રીલિંગ (નારીજાતિનાં) પદોના નીચે પ્રમાણે ઉદાહરણ છે–(आगारंता माला) "माला" આ પદ આકારાન્ત નારીજાતિનું છે, (ईगारंता सिरी य लच्छी य "सिरी" અને "लच्छी" આ બે પ્રાકૃત પદો ઈકારાન્ત–નારી જાતિનાં પદો છે, (ऊगारंता जंबू, बहूय) "जंबू" અને "बहू" આ બે પદો ઊકારાન્ત નારીજાતિનાં પદો છે. આ પ્રકારે આકારાન્ત, ઈકારાન્ત અને ઊકારાન્ત માલા આદિ પદોને સ્ત્રીલિંગ સમજવા જોઇએ હવે સૂત્રકાર નપુંસક લિંગના (નાન્યતર જાતિનાં) પદોના ઉદાહરણો આપે છે-(अंकारान्तं धन्नं) "धन्नं" આ પ્રાકૃત પદ અંકારાન્ત નપુંસક લિંગનું પદ છે. (इंकारान्तं नपुंसगं अत्थि) "अत्थि" આ પ્રાકૃત પદ ઈકારાન્ત નપુંસક લિંગનું પદ છે. (उंकारान्तं पीलुं महुं च) "पीलुं" અને "महुं" આ પદો ઉંકારાન્ત નપુંસક લિંગના પદો છે. જે શબ્દોને અન્તે "अं, ईं, કે उं" છે તે પદો (नपुंसगाणं) નપુંસકલિંગના હોય છે, આ વાત તો પહેલાં પ્રકટ કરવામાં આવી ચુકી છે. ત્રણે લિંગોનાં (જાતિના) આ જે પદોના ઉદાહરણો આપવામાં આવ્યા છે, તે વિભક્તિયુક્ત પ્રાકૃત શબ્દો છે. (से तं तिणामे) આ પ્રકારનું ત્રિનામનું સ્વરૂપ સમજવું.

ભાવાર્થ–પ્રાકૃત ભાષામાં ઉપર્યુક્ત ત્રણ લિંગ હોય છે. જે શબ્દને અન્તે "आ, ई, ऊ કે ओ" આ ચાર વર્ણમાંનો કોઈ પણ વર્ણ હોય છે તે પદો પુલ્લિંગ હોય છે જેમ કે આકારાન્ત "राया" પદ આ શબ્દની સંસ્કૃત છાયા "राजन्," થાય છે તેને ગુજરાતીમાં "રાજા" કહે છે. આ શબ્દ આકારાન્ત પુલ્લિંગનું ઉદાહરણ છે. "गिरी" અને "सिहरी" આ બે પદો ઈકારાન્ત પુલ્લિગના ઉદાહરણો રૂપે અહીં વપરાયાં છે. "गिरी" આ પ્રાકૃત પદની સંસ્કૃત છાયા "गिरी" થાય છે, "सिहरी" આ પદની સંસ્કૃત છાયા "शिखरी" થાય છે, ગુજરાતીમાં તેનો અર્થ પર્વત થાય છે "विण्हू" આ પદ ઊકારાન્ત પુલ્લિંગના ઉદાહરણ રૂપ છે. તેની સંસ્કૃત છાયા "विष्णु" થાય છે. "दुमो" આ પદ ઓકારાન્ત પુલ્લિંગના ઉદાહરણ રૂપ છે. તેની સંસ્કૃત છાયા "द्रुमः થાય છે તેને ગુજરાતીમાં "વૃક્ષ" કહે છે સંસ્કૃતમાં 'द्रुम' પદ અકારાન્તપુલ્લિંગ છે. આકારાન્ત સ્ત્રીલિંગ પદનું ઉદાહરણ "माला" પદ છે. તેની સંસ્કૃત છાયા પણ 'माला' જ થાય છે સંસ્કૃતમાં પણ આ શબ્દ આકારાન્ત સ્ત્રીલિંગ જ છે પ્રાકૃતમાં ઓકારાન્ત શબ્દને સ્ત્રીલિંગવાળો ગણવામાં આવતો નથી જેમ કે "देवो" બધાં ઓકારાન્ત પદો પુલ્લિંગ જ હોય છે "सिरी અને लच्छी" આ બન્ને પદો ઈકારાન્ત સ્ત્રીલિંગનાં ઉદાહરણો છે તેમની સંસ્કૃત છાયા અનુક્રમે "श्री" અને "लक्ष्मी" છે. સંસ્કૃતમાં પણ આ બન્ને પદો સ્ત્રીલિંગનાં જ

પદો છે. ઊકારાન્ત "जंबू" અને "बहू" આ બન્ને પ્રાકૃતમાં સ્ત્રીલિંગના શબ્દો છે સંસ્કૃત ભાષામાં પણ આ બન્ને શબ્દો સ્ત્રીલિંગ જ છે. જે શબ્દોના અન્ત્યાક્ષરો "अं" "इं" "उं" હોય છે, તે શબ્દો નપુંસકલિંગના હોય છે જેમ કે "अत्थि" આ પદ ઇંકારાન્ત, "महुं" પદ ઉંકારાન્ત અને "पीलुं" આ પદ ઉંકારાન્ત અને 'धन्नं' આ પદ અંકારાન્ત નપુંસકલિંગના પદો છે સંસ્કૃતમાં તેમના અર્થના વાચક અનુક્રમે "मधु", 'पीलु' અને "धन" છે આ પ્રકારનાં સ્ત્રીલિંગ, પુલ્લિંગ અને નપુંસકલિંગના શબ્દોમાંથી બનતાં નામોને અનુક્રમે સ્ત્રીનામ, પુલ્લિંગનામ અને નપુંસકનામ કહે છે. લિંગ (જાતિ) અનુસાર ત્રિનામનું આ પ્રકારનું સ્વરૂપ સમજવું. ॥સૂ૦૧૪૮॥

ચતુર્નામકા નિરુપણ

હવે સૂત્રકાર ચતુર્નામની પ્રરૂપણા કરે છે—

"से किं तं चउणामे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं चउणामे) હે ભગવન્! નામના ચોથાભેદ રૂપ ચતુર્નામનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(चउणामे चउव्विहे पण्णत्ते) ચતુર્નામ ચાર પ્રકારનું કહ્યું છે–(तंजहा) તે ચાર પ્રકારો નીચે પ્રમાણે છે–(आगमेण, लोवेणं, पयईए, विगारेणं) (૧) આગમનિષ્પન્ન નામ, (૨) લોપનિષ્પન્ન નામ, (૩) પ્રકૃતિનિષ્પન્ન નામ (૪) વિકારનિષ્પન્ન નામ.

પ્રશ્ન–(से किं तं आगमेणं) હે ભગવન્! આગમનિષ્પન્ન નામ કોને કહે છે? ઉત્તર–(आगमेणं वंकं, वयंसे, अइमुत्तए) વક્ર, વયસ્ય અને અતિમુક્તક, આ પદો આગમનિષ્પન્ન નામો છે. (से तं आगमेणं) આ પ્રકારનાં આગમનિષ્પન્ન નામો હોય છે

પ્રશ્ન–(से किं तं लोवेणं) હે ભગવન્! લોપનિષ્પન્ન નામ કેવું હોય છે?

ઉત્તર–(लोवेणं) લોપનિષ્પન્ન નામ આ પ્રકારના હોય છે–(ते एत्थ=तेऽत्थ, पडो एत्थ=पडोऽत्थ, घडो एत्थ=घडोऽत्थ) તેઅત્ર=તેડત્ર(તેત્ર, તે અને ત્ર વચ્ચે 'ડ' આવું જે નિશાન છે તેને અવગ્રહચિહ્ન કહે છે. આ પ્રકારનું નિશાન પછીના પદના 'અ' નો લોપ થયો છે એમ સૂચવે છે) પટોઅત્ર=પટોડત્ર, અને ઘટોઅત્ર=ઘટોડત્ર (આ પદોમાં અત્રના અ નો લોપ થવાથી અવગ્રહચિહ્ન મૂકવામાં આવ્યાં છે. (से तं लोवेणं) આ પ્રકારે લોપથી નિષ્પન્ન જે નામો હોય છે તેમને લોપનિષ્પન્ન નામો કહે છે.

પ્રશ્ન–(से किं तं पगईए?) હે ભગવન્! પ્રકૃતિભાવથી નિષ્પન્ન નામ કેવું હોય છે?

ઉત્તર–(पगईए) પ્રકૃતિભાવથી નિષ્પન્ન નામ આ પ્રકારનું હોય છે–(होइ इह, गद्दभे आवडंती, आलिक्खामो एण्हिं, अहो अच्छरियं) भवति इह, गर्दभे आपतन्ती, आलेक्ष्याम इदानीम्, अहो आश्चर्यम् (से तं पगईए), આ પ્રકારના આ પ્રયોગો પ્રકૃતિભાવનિષ્પન્ન નામના ઉદાહરણો પૂરાં પાડે છે.

પ્રશ્ન–(से किं तं विगारेणं) હે ભગવન્! વિકારનિષ્પન્ન નામ કેવું હોય છે?

ઉત્તર–(विगारेणं) વિકારનિષ્પન્ન નામ આ પ્રકારનું હોય છે–(दंडस्स×

अग्गं=दंडग्गं, सा+आगया=साऽऽगया, दहि+इणं=दहीणं, नई×इह=नईह, महु×उदगं=महूदगं, बहू×ऊहो=बहूहो) दंड+अग्र=दंडाग्र, सा+आगता=सागता, दधि×इदं=दधीदं, नदी×ईहं=नदीहं, मधु+उदक=मधूदक, वधू×ऊह=वधूहः (से तं विगारेणं) આ બધાં શબ્દો વિકારનિષ્પન્ન નામો છે. (से तं चउणामे) આ બધાં નામો પૂર્વોક્ત ચતુર્નામ રૂપ ગણાય છે.

ભાવાર્થ–ચતુર્નામના ચાર પ્રકાર છે–આગમનિષ્પન્ન, લોપનિષ્પન્ન, પ્રકૃતિનિષ્પન્ન, અને વિકારનિષ્પન્ન આગમ રૂપ અનુસ્વાર વડે જે જે શબ્દો બને તેમને આગમનિષ્પન્ન ચતુર્નામ રૂપ સમજવા જેમ કે પ્રાકૃત ભાષાના "वंकं, वयंसे અને अइमुंतए" આ શબ્દો આગમનિષ્પન્ન ચતુર્નામો છે. "वक्रादावन्तः" આ સૂત્ર એ વાત પ્રકટ કરે છે કે પ્રાકૃત ભાષામાં वक्रादि શબ્દોમાં આગમ રૂપ અનુસ્વાર હોય છે. "वंकं" આ પ્રાકૃત શબ્દની સંસ્કૃત છાયા "वक्रम्" છે. "वयंसे" આ પ્રાકૃત પદની સંસ્કૃત છાયા "वयस्यः" છે. "अइमुंतए" આ પ્રાકૃત પદની સંસ્કૃત છાયા "अतिमुक्तकः" છે. "वंकं" આ પદની જગ્યાએ "वल्कं," "वयंसे" આ પદની જગ્યાએ "वयस्से" અને "अइमुंतए" આ પદની જગ્યાએ "अइमुत्तए" આ રૂપોનો પણ પ્રયોગ થાય છે. પરન્તુ वंकं આદિ ઉપર્યુક્ત નામો–પ્રતિપાદન કરનારા ઉદાહરણ રૂપ શબ્દો–આગમનિષ્પન્ન નામો છે, કારણ કે આ નામો અનુસ્વારના આગમથી બનેલાં છે. "त्यदाद्यव्ययात् तत्स्वरस्य लुक्" આ સૂત્રમાં બતાવેલા નિયમ અનુસાર "ते+एत्थ" અને "पडो+एत्थ" આ પ્રાકૃત પદોમાં "एत्थ" પદના "ए" નો લોપ થવાથી "तेत्थ" અને "पडोत्थ", આ લોપનિષ્પન્ન નામો બન્યાં છે. "एदेतोः स्वरे स्यादेः" આ સૂત્રમાં બતાવેલા નિયમ પ્રમાણે "गड्डे आवडंती" અને "आलेक्खमो एहिं, होइ इह" આ પ્રકૃતિભાવ નિષ્પન્ન નામોમાં પ્રકૃતિભાવનો સદ્ભાવ રહે છે પ્રકૃતિભાવમાં મૂળરૂપમાં કોઈ પણ પ્રકારનો વિકાર થતો નથી પરન્તુ જે પ્રયોગ જેવા સ્વરૂપે હોય એવાં જ સ્વરૂપે રહે છે. "गर्त्ते+आवतन्ती" આ બે પદોની સન્ધિ થતાં સંસ્કૃત વ્યાકરણના નિયમ પ્રમાણે "ए" નો 'अव्' થવો જોઈએ, અને "आलेक्ष्याम+इदानीम्" આ પદોની સન્ધિ કરતાં अ+इ=ए આ નિયમ અનુસાર "आलेक्ष्यामेदानीम्" થવું જોઈએ, "भवति+इह" આ પદોમાં इ+इ=ई થવાથી 'भवतीह' થવું જોઈએ; પરન્તુ આ પદો પ્રકૃતિભાવ નિષ્પન્ન નામો હોવાથી, તે નામોમાં કોઈ પણ પ્રકારનો સન્ધિ રૂપ વિકાર થયો નથી.

"दंड+अग्गं सा+आगया दहि+इणं, नई+इह, महु+उदगं, अने बहू+ऊहो" આ બધાં પદોમાં સન્ધિ રૂપ વિકાર થઈને "दंडाग्रम्, सागया, दहीणं, नईह, महूदगं, बहूहो" ઇત્યાદિ વિકારનિષ્પન્ન નામો બન્યાં છે. કોઈ એક વર્ણને સ્થાને બીજા વર્ણનો પ્રયોગ થવો તેનું નામ વિકાર છે. જે નામોમાં આ પ્રકારનું પરિણમન થયું હોય છે, તે નામોને વિકારનિષ્પન્ન નામો કહે છે. "दंड+अग्गं" આદિ ઉપર્યુક્ત પદોમાં સન્ધિને કારણે વિકાર થઇ જવાથી "दण्डाग्र, साऽऽगया, दहीणं, नईह, महूदगं बहूहो આ પ્રકારનાં રૂપો બની ગયાં છે. લોકમાં જેટલાં શબ્દો છે, તેઓ આગમ આદિ પૂર્વોક્ત ચાર પ્રકારોમાંના કોઈ એક પ્રકારે નિષ્પન્ન થયેલાં હોય છે. તથા "डित्थ डवित्थ" આદિ જે શબ્દોને કોઈ કોઈ લોકો દ્વારા અવ્યુત્પન્ન માનવામાં આવે છે, પરન્તુ શાકટાયનના મત અનુસાર તેમને પણ વ્યુત્પન્ન જ માનવામાં આવેલ છે. કહ્યું પણ છે કે-"नाम च धातुजमाह निरुक्ते व्याकरणे शकटस्य च तोकम् यन्न पदार्थविशेषसमुत्थं, प्रत्ययतः प्रकृतेश्च तदूह्यम्" આ પ્રકારે સમસ્ત પદોનો આ આગમ આદિ ચારેમાં સમાવેશ થઈ જાય છે. તેથી આગમાદિ રૂપ ચતુર્નામ રૂપે અહીં તેમને પ્રતિપાદિત કરવામાં આવેલ છે. ॥સૂ૦૧૪૬॥

પાંચનામોકા નિરુપણ

હવે સૂત્રકાર પંચનામનું નિરૂપર કરે છે-

"से किं तं पंचनामे" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं पंचनामे ?) હે ભગવન્! પંચનામ કોને કહે છે ?

ઉત્તર-(पंचनामे पंचविहे पण्णत्ते) પંચનામ પાંચ પ્રકારના કહ્યા છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(नामियं, नेवाइयं, ओवसग्गियं, मिस्सं) (૧) નામિક, (૨) નૈપાતિક, (૩) આખ્યાતિક, (૪) ઔપસર્ગિક અને (૫) મિશ્ર.

વસ્તુનું વાચક હોવાને કારણે (आसेत्ति नामियं) "अश्व" પદ નામિકના ઉદાહરણ રૂપ સમજવું (खलुत्ति नेवाइयं) "खलु" પદ નિપાતોમાં વપરાતું હોવાને કારણે નૈપાતિકના ઉદાહરણ રૂપ સમજવું (धावइत्ति अक्खाइयं) "धावति" આ પદ ક્રિયાપ્રધાન હોવાને કારણે આખ્યાતિકના ઉદાહરણ રૂપ છે. (परित्ति ओवसग्गियं) "परि" આ ઉપસર્ગ છે. ઉપસર્ગ રૂપે તેનો પ્રયોગ થાય છે, તે કારણે તેને ઔપસર્ગિક કહે છે (संजए त्ति मिस्सं) સંયત પદ 'सम्' ઉપસર્ગ અને 'यत' પદના સંયોગથી બન્યુ હોવાથી તેને મિશ્રના ઉદાહરણ રૂપ ગણી શકાય આ નામિક આદિ પાંચે પંચનામો વડે સમસ્ત શબ્દોનો સંગ્રહ થઈ જાય છે, તેથી તેમને પંચનામ કહે છે. (से तं पंचनाम) આ પ્રકારનું પંચનામનું સ્વરૂપ સમજવું. ॥સૂ૦૧૫૦॥

હવે સૂત્રકાર છનામની પ્રરૂપણા કરે છે—

"से किं तं छण्णामे" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं छण्णामे ?) હે ભગવન્! નામના છઠ્ઠા પ્રકાર રૂપ છનામનું સ્વરૂપ કેવું કહ્યું છે ?

ઉત્તર-(छण्णामे छव्विहे पण्णत्ते) છનામના ૬ પ્રકારો કહ્યા છે (તે નામના

૬ પ્રકારો હોવાને લીધે જ અહીં તેને ષડ્નામ (છનામ કહ્યું છે) તે ૬ હોવો નીચે પ્રમાણે છે–

(उदइए, उवसमिए खइए, खओवसमिए, पारिणामिए, संनिवाइए) (૧) ઔદયિક, (૨) ઔપશમિક, (૩) ક્ષાયિક, (૪) ક્ષાયોપશમિક, (૫) પારિણામિક અને (૬) સાન્નિપાતિક.

શંકા–અહીં નામનું પ્રકરણ ચાલી રહ્યું છે. નામના અર્થોનું આ પ્રકરણ નથી આ પ્રકારના નામના પ્રકરણમાં તેના અર્થરૂપ ભાવોની પ્રરૂપણા કરવી તે ઉચિત લાગતું નથી છતાં આપે શા કારણે અહીં અર્થરૂપ ભાવોની પ્રરૂપણા કરી છે ?

ઉત્તર–નામ અને નામવાળા અર્થમાં અભેદ માનીને આ પ્રકારે નામાર્થની પ્રરૂપણા કરવી અયુક્ત નથી.

ઔદયિકભાવ–જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોના ફળ રૂપ વિપાકનો–અનુભવ કરવો, તેનું નામ ઉદય છે આ ઉદયનું નામ જ ઔદયિક છે. અથવા ઉદયથી નિષ્પન્ન થયેલો જે ભાવ છે તેનું નામ ઔદયિક છે. ઔદયિક પદ અહીં ઔદયિક ભાવનું જ વાચક છે. એજ પ્રમાણે ઔપશમિકભાવ, ક્ષાયિકભાવ, ક્ષાયોપશમિકભાવ, પારિણામિકભાવ અને સાન્નિપાતિક ભાવને પણ ઔપશમિક આદિ પદો વડે નિષ્પન્ન થયેલા સમજવા જોઇએ.

ઔપશમિક–કર્મો ઉદયાવસ્થામાં રહેલાં ન હોય, પણ ઉપશમાવસ્થામાં રહેલાં હોય, ત્યારે તે અવસ્થાને અનુદયાક્ષીણાવસ્થા કહે છે એજ અવસ્થાનું નામ ઉપશમ છે. જેમ રાખના ઢગલા નીચે અગ્નિ છુપાયેલો રહે છે, એજ પ્રમાણે ઉપશમ અવસ્થામાં કર્મોનો ઉદય હોતો નથી પણ તેમનું અસ્તિત્વ તો હોય છે જ આ ઉપશમનું નામ જ ઔપશમિક ભાવ છે અથવા આ ઉપશમ વડે જે ભાવ નિષ્પન્ન થાય છે તે ભાવનું નામ ઔપશમિક ભાવ છે કર્મોનો અત્યંત વિનાશ થવો તેનું નામ ક્ષય છે. તે ક્ષય જ ક્ષાયિક રૂપ સમજવો, અથવા આ ક્ષયથી જે ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવને ક્ષાયિકભાવ કહે છે કર્મોનો ક્ષય અને ઉપશમ થવો તેનું નામ ક્ષયોપશમ છે. તે ક્ષયોપશમ જ ક્ષાયોપશમિક છે. અથવા ક્ષયોપશમ વડે જે ભાવ ઉત્પન્ન થાય છે, તે ભાવનું નામ ક્ષાયોપશમિક ભાવ કે આ ભાવને થોડી થોડી બુઝાયેલી અગ્નિ જેવો સમજવો આ કથનનો ભાવાર્થ એ છે કે આ ક્ષયોપશમમાં કેટલાક સર્વઘાતિ સ્પર્દ્ધકોનો (અંશોનો) ઉદયાભાવી ક્ષય અને કેટલાક સર્વઘાતિ સ્પર્દ્ધકોનો સદવસ્થા રૂપ (વિદ્યમાનતા રૂપ) ઉપશમ થાય છે, અને દેશઘાતિ પ્રકૃતિ રૂપ જે સમ્યક્ પ્રકૃતિ છે તેનો ઉદય રહે છે તેથી આ ભાવને થોડી બુઝાયેલી અને થોડી ન બુઝાયેલી અગ્નિની ઉપમા આપવામાં આવી છે. તે તે રૂપે વસ્તુઓનું જે પરિણમન થાય છે તેને પરિણામ કહે છે. તે પરિણામ જ પારિણામિક ભાવ છે. અથવા તે પરિણામ વડે જે ભાવ ઉત્પન્ન થાય છે, તેને પારિણામિકભાવ કહે છે આ પાંચ ભાવોનું જે દ્વિકસંયોગ આદિ સંયોગ રૂપે મિલન (સંયોગ) થાય છે, તેનું નામ સન્નિપાત છે. તે સન્નિપાત જ સાન્નિપાતિક ભાવ રૂપ છે અથવા તે સન્નિપાત વડે જે ભાવ ઉત્પન્ન થાય છે, તેનું નામ સાન્નિપાતિક ભાવ છે. ॥સૂ૦૧૫૧॥

આગલા સૂત્રમા આઠાયક આઠ જ ભાવો પ્રકટ કરવામાં આવ્યા છે, તે ભાવોના સ્વરૂપનું હવે સૂત્રકાર નિરૂપણ કરે છે—

"से किं तं उदइए" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं उदइए?) હે ભગવન્! નામના છ ભેદમાંના પહેલા ભેદ રૂપ ઔદયિક ભાવનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર-(उदइए दुविहे पण्णत्ते) ઔદયિક ભાવ બે પ્રકારનો કહ્યો છે. (तंजहा) તે બે પ્રકાર નીચે પ્રમાણે સમજવા-(उदइए य उदयनिप्फण्णे य) (૧) ઔદયિક અને (૨) ઉદયનિષ્પન્ન.

પ્રશ્ન-(से किं तं उदइए?) હે ભગવાન્! ઔદયિકનું સ્વરૂપ કેવું હોય છે.

ઉત્તર-(अट्ठण्हं कम्मपयडीणं उदएणं उदइए) જ્ઞાનાવરણીય આદિ આઠ કર્મપ્રકૃતિઓનો ઉદય ઔદયિક રૂપ સમજવો (से तं उदइए) આ રીતે ઔદયિકનું સ્વરૂપ સમજવું.

પ્રશ્ન-(से किं तं उदयनिप्फण्णे?) હે ભગવન્! ઉદયનિષ્પન્નનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર-(उदयनिप्फण्णे दुविहे पण्णत्ते) ઉદયનિષ્પન્નના બે પ્રકાર પડે છે. (तंजहा) તે પ્રકારો નીચે પ્રમાણે છે-(जीवोदयनिप्फण्णे य, अजीवोदयनिप्फण्णे य) (૧) જીવોદય નિષ્પન્ન, (૨) અજીવોદય નિષ્પન્ન.

પ્રશ્ન-(से किं तं जीवोदयनिप्फण्णे?) હે ભગવાન્! જીવમાં ઉદયથી જે ભાવ નિષ્પન્ન થાય છે, તે ભાવનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર-(जीवोदयनिप्फण्णे अणेगविहे पण्णत्ते) જીવમાં ઉદયથી જે ઔદયિક-ભાવ ઉત્પન્ન થાય છે, તે અનેક પ્રકારનો હોય છે (तंजहा) જેમ કે....(णेरइए, तिरिक्खजोणीए, मणुस्से, देवे, पुढविकाइए जाव तसकाइए, कोह कसाई जाव लोहकसाइ, इत्थीवेदए, पुरिसवेदए, णपुंसगवेदए, कण्हलेसे जाव सुक्कलेसे, मिच्छादिट्ठी, सम्मदिट्ठी, मीसदिट्ठी, अविरए, असण्णी, अण्णाणी, आहारए, छउमत्थे, सजोगी, संसारत्थे, असिद्धे) નારક, તિર્યંચોનિક, મનુષ્ય, દેવ, પૃથ્વીકાયિક આદિ સ્થાવર, ત્રસકાયિક, ક્રોધકષાયીથી લઈને લોભકષાયી પર્યન્તના. સ્ત્રીવેદક, પુરુષવેદક, નપુંસકવેદક, કૃષ્ણલેશ્યાથી લઈને શુક્લલેશ્યા પર્યન્તની લેશ્યાવાળા, મિથ્યાદૃષ્ટિ, સમ્યક્દૃષ્ટિ, મિશ્રદૃષ્ટિ, અસંજ્ઞી, અજ્ઞાની, આહારક, છદ્મસ્થ, સયોગી, સંસારસ્થ અને અસિદ્ધ, આ બધાં જીવોદય-નિષ્પન્ન ઔદયિક ભાવો છે. નૈરયિક આદિ શબ્દોને ભાવપરક સમજવા જોઇએ નારકત્વ આદિ પર્યાયો કર્મોના ઉદયથી જ જીવમાં નિષ્પન્ન (ઉત્પન્ન) થાય છે, તેથી તેમને જીવોદયનિષ્પન્ન કહેવામાં આવેલ છે.

શંકા-નારકત્વ આદિ ઉપર્યુક્ત પર્યાયો સિવાયની નિદ્રાપંચક (નિદ્રા, નિદ્રાનિદ્રા, પ્રચલા, પ્રચલાપ્રચલા, સ્ત્યાનગૃદ્ધિ), વેદનીય અને હાસ્યાદિક અનેક કર્મોદય જન્ય પર્યાયો છે. છતાં સૂત્રકારે તે પર્યાયોને ગણાવવાને બદલે માત્ર નારકાદિ પર્યાયોને જ કેમ ગણાવેલ છે?

ઉત્તર-સૂત્રકારે તો અહીં ઉદાહરણ રૂપે નારકાદિ પર્યાયોને જીવોદય-નિષ્પન્ન ઔદયિક ભાવ રૂપે ગણાવેલ છે. કેવળ ઉપલક્ષણ રૂપે જ આ પ્રમાણે કરવામાં આવ્યું છે. પરન્તુ તે સિવાયની કર્મોદય જન્ય જેટલા પર્યાયો છે, તેમને પણ અહીં ગ્રહણ કરી શકાય છે.

શંકા-કર્મોદય જનિત આ નારક આદિ પર્યાયોને ઔદયિક ભાવમાં ભલે

સમાવિષ્ટ કરવામાં આવે, પરન્તુ લેશ્યાઓ ઔદયિક હોવાનું સંભવી શકતું નથી, કારણ કે લેશ્યાઓને કર્મોદયજન્ય માનવામાં આવતી નથી છતાં પણ સૂત્રકારે શા કારણે ઔદયિક ભાવમાં તેનો સમાવેશ કર્યો છે?

ઉત્તર–લેશ્યાઓ યોગોના પરિણામ–પ્રવૃત્તિ–રૂપ હોય છે અને ત્રણે પ્રકારના યોગ શરીરનામ કર્મજન્ય હોય છે. તેથી યોગ અને શરીરનામ કર્મોદય આ બન્ને દ્વારા જન્ય હોવાને કારણે લેશ્યાઓનો ઉપર્યુક્ત ઔદયિક ભાવમાં સમાવેશ કરવામાં કોઇ દોષ જણાતો નથી કોઈ કોઈ લોકો એવું માને છે કે–જેવી રીતે આઠ કર્મોના ઉદયથી સંસારીપણાની અને અસિદ્ધત્વની પ્રાપ્તિ થાય છે, એજ પ્રમાણે લેશ્યાયુક્તત્વ પણ પ્રાપ્ત થાય છે. (से तं जीवोदयनिप्फण्णे) આ પ્રકારનું જીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(से किं तं अजीवोदयनिप्फण्णे?) હે ભગવન્! અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર–(अजीवोदयनिप्फण्णे अणेगविहे पण्णत्ते) અજીવમાં ઉદયથી નિષ્પન્ન ઔદયિકભાવ અનેક પ્રકારનો કહ્યો છે. (तंजहा) જેમ કે...(उरालियं वा सरीरं उरालियसरीरं–पओगपरिणामियं वा दव्वं) વિશિષ્ટ આકારમાં પરિણત થયેલું તિર્યંચો અને મનુષ્યોના દેહરૂપ ઔદારિક શરીર, અથવા ઔદારિક શરીરના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્ય આ બન્ને અજીવ–પુદ્ગલ દ્રવ્ય-માં ઔદારિક શરીર નામકર્મના ઉદયથી નિષ્પન્ન (ઉત્પન્ન) થાય છે. તેથી તે બન્નેને અજીવોદય નિષ્પન્ન ઔદયિકભાવ કહેવામાં આવે છે. (वेउव्वियं वा सरीरं, वेउव्वियसरीरपओगपरिणामियं वा दव्वं, एवं आहारगं सरीरं, तेयगं सरीरं, कम्मगं सरीरं च भाणियव्वं) એજ પ્રકારે વૈક્રિય શરીર, અથવા વૈક્રિય શરીરના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્ય, આહારક શરીર અથવા આહારક શરીરના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્ય, તૈજસ શરીર અથવા તૈજસ શરીરના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્ય અને કાર્માણ શરીર અથવા કાર્માણ શરીરના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્યના વિષયમાં પણ સમજવું ઔદારિક આદિ શરીરના વ્યાપારથી જે દ્રવ્ય ઔદારિક આદિ રૂપે પરિણમિત થાય છે, તેને સૂત્રકાર પોતે જ બતાવે છે–(पओगपरिणामिए वण्णे, गंधे, रसे, फासे) પ્રયોગપરિણામિત વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ છે. આ કથનનો ભાવાર્થ નીચે પ્રમાણે છે–ઔદારિક આદિ પાંચે શરીરોના વ્યાપારથી જે દ્રવ્ય નિષ્પાદિત થાય છે, તે વર્ણ, ગંધ, રસ અને સ્પર્શ રૂપ હોય છે. આ સિવાય જે આન, પ્રાણાદિકની શરીરમાં ઉત્પત્તિ થાય છે તેમને પણ ઉપલક્ષણની અપેક્ષાએ અહીં ગ્રહણ કરવા જોઈએ.

શંકા–જેવી રીતે નારકત્વ આદિ પર્યાયોનો જીવમાં સદ્ભાવ હોય છે, અને તે કારણે તો તે પર્યાયોનો જીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવમાં સમાવેશ કરવામાં આવ્યો છે, એજ પ્રમાણે શરીરનો પણ જીવમાં સદ્ભાવ હોય છે, તેથી તેમનો પણ જીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવોમાં સમાવેશ થવો જોઈતો હતો

છતાં અહીં તેને અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવ રૂપે શા કારણે ગણાવવામાં આવેલ છે ?

ઉત્તર–જો કે ઔદારિક આદિ શરીરોનો જીવમાં સદ્‌ભાવ હોય છે, છતાં પણ ઔદારિક આદિ શરીર નામકર્મનો વિપાક મુખ્યત્વે શરીર પુદ્ગલોમાં જ થાય છે. તેથી ઔદારિક આદિ પાંચ શરીરોને અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવ રૂપ કહેવામાં આવેલ છે. તેથી તે પ્રકારનું કથન નિર્દોષ જ ગણી શકાય. (से तं अजीवोदयनिप्फण्णे) આ પ્રકારનું અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવનું સ્વરૂપ સમજવું (से तं उदयनिप्फण्णे, से तं उदइए) આ પ્રકારે ઔદયિક ભાવની પ્રરૂપણા અહીં સમાપ્ત થાય છે આ પ્રરૂપણા દ્વારા બન્ને પ્રકારના ઔદયિક ભાવોની પ્રરૂપણા સમાપ્ત થઈ જાય છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર દ્વારા ઔદયિક ભાવનું કથન કર્યું છે. આ સૂત્ર દ્વારા તેમણે એ વાતનું પ્રતિપાદન કર્યું છે કે આઠ પ્રકારનાં કર્મોનો જે ઉદય છે તે ઔદયિક ભાવ રૂપ છે અને બીજું એ પણ પ્રકટ કર્યું છે કે આઠ પ્રકારના કર્મોના ઉદયથી જે ભાવ ઉત્પન્ન થાય છે તે પણ ઔદયિક ભાવ રૂપ છે તે કર્મોદય નિષ્પન્ન ઔદયિક ભાવના નીચે પ્રમાણે બે ભેદ કહ્યા છે–(૧) જીવોદય નિષ્પન્ન અને (૨) અજીવોદય નિષ્પન્ન. કર્મોના ઉદયથી જે ભાવ જીવમાં ઉદિત થાય છે તેને જીવોદયનિષ્પન્ન ઔદયિક ભાવ કહે છે. અને કર્મોના ઉદયથી જે ભાવ અજીવોમાં ઉત્પન્ન (ઉદિત) થાય છે, તેને અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવ કહે છે. જીવોદયનિષ્પન્ન ઔદયિક ભાવમાં ચારે ગતિઓ, ચારે કષાયો, ત્રણે વેદ, મિથ્યાદર્શન અજ્ઞાન, છએ લેશ્યાઓ, અસંયમ, અસિદ્ધભાવ આદિને ગણવામાં આવેલ છે, કારણ કે એ બધાં ભાવોનો જીવમાં જ સદ્‌ભાવ હોય છે. અને જ્ઞાનાવરણ આદિ કર્મોના ઉદયથી આ ભાવો નિષ્પન્ન થતા હોય છે જેમ કે મનુષ્યગતિ નામકર્મના ઉદયથી મનુષ્યગતિ, તિર્યંચગતિ નામ કર્મના ઉદયથી તિર્યંચગતિ, દેવગતિ નામકર્મના ઉદયથી દેવગતિ અને નરકગતિ નામકર્મના ઉદયથી નરકગતિ ઉત્પન્ન થાય છે. ચારે કષાયોની ઉત્પત્તિ પણ કષાયવેદનીયના ઉદયથી થાય છે આ કથનનું તાત્પર્ય એ છે કે–મોહનીય કર્મના બે પ્રકાર છે–ચારિત્રમોહનીય અને દર્શનમોહનીય દર્શનમોહનીયના નીચે પ્રમાણે ત્રણ ભેદ પડે

છે–સમ્યકત્વ, મિથ્યાત્વ અને તદુભય (સમ્યકત્વ મિથ્યાત્વ) ચારિત્ર મોહનીયના નીચે પ્રમાણે બે ભેદ પડે છે–(૧) કષાયવેદનીય અને (૨) નોકષાયવેદનીય જ્યારે કષાયવેદનીયનો ઉદય થાય છે ત્યારે ક્રોધ, માન, માયા અને લોભ રૂપ ચારે કષાયો ઉત્પન્ન થાય છે અને નોકષાયચારિત્ર મોહનીયનો ઉદય થાય ત્યારે ત્રણ વેદ (સ્ત્રી, પુરુષ અને નપુંસક રૂપ ત્રણ વેદ) નિષ્પન્ન થાય છે મિથ્યાત્વ મોહનીયના ઉદયથી મિથ્યાદર્શન ઉત્પન્ન થાય છે. જ્ઞાનાવરણીય કર્મના ઉદયથી અજ્ઞાનભાવ ઉત્પન્ન થાય છે લેશ્યાઓ યોગપરિણામ રૂપ ગણાય છે તેથી યોગજનક શરીર–નામકર્મના ઉદયના ફલરૂપ તેમને ગણી શકાય છે. ચારિત્રમોહનીયના સર્વઘાતિ સ્પર્દ્ધકોના (કર્મોના અંશોના) ઉદયથી અસંયત ભાવ ઉત્પન્ન થાય છે કોઈ પણ કર્મના ઉદયથી અસિદ્ધભાવ ઉત્પન્ન થાય છે. આ રીતે કર્મોદયને કારણે જીવમાં જે પર્યાયો ઉત્પન્ન થાય છે તે બધી પર્યાયોને ઔદયિક ભાવ રૂપ સમજવી જોઇએ.

અજીવમાં કર્મોદયને લીધે જે ભાવ ઉત્પન્ન થાય છે તે ભાવને અજીવોદય નિષ્પન્ન ઔદયિક ભાવ કહે છે. આ અજીવોદય નિષ્પન્ન ઔદયિકભાવ અનેક પ્રકારનો બતાવ્યો છે જેમ કે ઔદારિક આદિ શરીરો અથવા ઔદારિક આદિ શરીરોના વ્યાપારથી નિષ્પાદિત દ્રવ્ય આ શરીરાદિને અજીવોદય

ઔપશમિક ભાવકા નિરુપણ

નિષ્પન્ન ઔદયિક ભાવ રૂપે પ્રકટ કરવાનું કારણ એ છે કે ઔદારિક આદિ શરીર નામકર્મનો વિપાક મુખ્યત્વે આ શરીરપુદ્ગલોમાં જ થાય છે. તેથી તેમને પુદ્ગલવિપાકી પ્રકૃતિઓમાં પરિણમિત કરાયેલ છે. ।।સૂ૦૧૫૨।।

હવે સૂત્રકાર ઔપશમિક ભાવનું પ્રતિપાદન કરે છે––

"से किं तं उवसमिए" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं उवसमिए ?) હે ભગવન્ ! તે ઔપશમિકભાવનું સ્વરૂપ કેવું કહ્યું ?

ઉત્તર–(उवसमिए दुविहे पण्णत्ते) ઔપશમિક ભાવ બે પ્રકારનો કહ્યો છે (तंजहा) તે પ્રકારો આ પ્રમાણે છે–(उवसमे य उवसमनिप्फण्णे य) (૧) ઉપશમ અને (૨) ઉપશમનિષ્પન્ન.

પ્રશ્ન–(से किं तं उवसमे ?) હે ભગવન્! તે ઉપશમનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(उवसमे मोहणिज्जस्स कम्मस्स उवसमेणं) ૨૮ પ્રકારના સમસ્ત મોહનીય કર્મના ઉપશમને જ અહીં ઉપશમ ભાવ કહેવામાં આવ્યો છે. આઠ, નવ, દસ અને અગિયારમાં ગુણસ્થાન રૂપ ઉપશમ શ્રેણીમાં આ ઉપશમ ભાવનો સદ્ભાવ રહે છે (से तं उवसमे) આ પ્રકારનું ઉપશમનું સ્વરૂપ હોય છે.

પ્રશ્ન–(से किं तं उवसमनिप्फण्णे ?) હે ભગવન્! ઔપશમિક ભાવના બીજા ભેદ રૂપ ઉપશમ નિષ્પન્નનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(उवसमनिप्फण्णे अणेगविहे पण्णत्ते) ઉપશમ નિષ્પન્ન ઔપશમિક

ભાવ અનેક પ્રકારના કહ્યા છે. (तंजहा) જેમ કે–(उवसंते कोहे जाव उवसंते लोहे) ક્રોધ ઉપશાન્ત થવો, માનઉપશાન્ત થવું, માયાઉપશાન્ત થવી, લોભ ઉપશાન્ત થવો, (उवसंत पेमे) પ્રેમ (રાગ) ઉપશાન્ત થવો, (उवसंतदोसे) દ્વેષ ઉપશાન્ત થવો, (उवसंत दंसण मोहणिज्जे) દર્શનમોહનીયનું ઉપશાન્ત થવું, (उवसंतमोहणिज्जे) મોહનીય કર્મનું ઉપશાન્ત થવું, (उवसमिया सम्मत्तलद्धी) ઔપશમિકી સમ્યક્ત્વલબ્ધિ, (उवसमिया चरित्तलद्धी) ઔપશમિકી ચારિત્રલબ્ધિ (उवसंत कसाय छउमत्थवीयरागे) ઉપશાન્ત કષાય, છદ્મસ્થવીતરાગ, (से तं उपसमनिप्फण्णे) ઇત્યાદિ રૂપ આ ઉપશમનિષ્પન્ન ઔપશમિક ભાવ છે. (से तं उवसमिए) આ પ્રકારનું બન્ને પ્રકારના ઔપશમિક ભાવોનું સ્વરૂપ સમજવું.

ભાવાર્થ–આ સૂત્ર દ્વારા સૂત્રકારે ઔપશમિક ભાવના સ્વરૂપનું નિરૂપણ કર્યું છે. સૂત્રકારે ઉપશમ જનિત ઔપશમિક ભાવના બે પ્રકારો બતાવ્યા છે. એક પ્રકારનો ઔપશમિક ભાવ એવો હોય છે કે જે માત્ર મોહનીયકર્મના ઉપશમ રૂપ હોય છે. આ કથનનું તાત્પર્ય એ છે કે-કર્મોની દસ અવસ્થાઓમાંની એક ઉપશમ અવસ્થા પણ છે. જે કર્મપરમાણુઓની ઉદીરણા શક્ય હોતી નથી, એટલે કે જે કર્મપરમાણુઓ ઉદીરણાને માટે અયોગ્ય હોય છે, તેમને ઉપશાન્ત કહે છે આ અવસ્થાનો આઠે પ્રકારનાં કર્મોમાં સંભવ હોય છે. પ્રકૃતમાં (અહીં) આ ઉપશાન્ત અવસ્થાનું પ્રયોજન નથી, પરન્તુ અધઃકરણ આદિ પરિણામોથી જે મોહનીય કર્મનો ઉપશમ થાય છે, તેનું જ અહીં પ્રયોજન છે. તેથી જ "मोहनीयस्यैवोपशमः" આ પ્રકારનો પાઠ અહીં સમજવો જોઇએ કારણ કે અન્યત્ર એવો જ પાઠ આવે છે.

દર્શન મોહનીયકર્મના ત્રણ ભેદો અને ચારિત્રમોહનીયના પચીશ ભેદો મળીને મોહનીયકર્મના કુલ ૨૮ પ્રકાર છે આ સંપૂર્ણ મોહનીયકર્મનો ઉપશમ, ઉપશમ શ્રેણીમાં થાય છે તેથી મોહનીય કર્મના ઉપશમ રૂપ ઔપશમિક ભાવ ઉપશમ શ્રેણીમાં હોવાનું કહેવામાં આવ્યું છે. બીજા પ્રકારનો જે ઉપશમનિષ્પન્ન ઔપશમિક ભાવ છે, તે અનેક પ્રકારનો કહ્યો છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે–મોહનીયના ઉપશમથી દર્શનમોહનીય અને ચારિત્રમોહનીય, એ બન્ને ઉપશાન્ત થઇ જાય છે તેઓ ઉપશાન્ત થઈ જવાથી ક્રોધાદિક પણ ઉપશાન્ત થઈ જાય છે આ પ્રકારનું ઔપશમિક ભાવના સ્વરૂપનું વિવેચન અહીં કરવામાં આવ્યું છે. ।।સૂ૦૧૫૩।।

ક્ષાતિક ભાવકા નિરુપણ

હવે સૂત્રકાર ક્ષાયિક ભાવનું નિરૂપણ કરે છે—

"से किं तं खइए" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं खइए?) હે ભગવન્! પૂર્વપ્રકાન્ત ક્ષાયિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(खइए दुविहे पण्णत्ते) ક્ષાયિક ભાવ બે પ્રકારનો કહ્યો છે. (तंजहा) તે બે પ્રકારો નીચે પ્રમાણે છે–(खइए य खयनिप्फण्णे य) (૧) ક્ષય રૂપ ક્ષાયિક અને (૨) ક્ષયનિષ્પન્ન.

પ્રશ્ન–(से किं तं खइए?) હે ભગવન્! તે ક્ષાયિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(अट्ठण्हं कम्मपयडीणं खएणं) આઠ કર્મપ્રકૃતિઓના ક્ષયનું નામ જ ક્ષાયિક છે. (से तं खइए) ક્ષાયિકનું આ પ્રકારનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(से किं तं खयनिप्फण्णे?) હે ભગવન્! ક્ષાયિક ભાવના બીજા ભેદ રૂપ ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(खयनिप्फण्णे अणेगविहे पण्णत्ते) ક્ષયનિષ્પન્ન ક્ષાયિકભાવ અનેક પ્રકારનો કહ્યો છે. (तंजहा) જેમ કે...(उप्पण्णणाणदंसणधरे अरहा जिणे केवली) ઉત્પન્ન જ્ઞાનદર્શનધારી અર્હંત જિન કેવલી ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવ રૂપ છે. જેવી રીતે અરીસા ઉપરનો મેલ દૂર કરી નાખવામાં આવે તો અરીસામાં પદાર્થનું સ્પષ્ટ પ્રતિબિંબ દેખાય છે, એજ પ્રમાણે જ્ઞાનાવરણ અને દર્શનાવરણ રૂપ કર્મ મળ દૂર થઇ જવાને લીધે ઉત્પન્ન થયેલા નિર્મળ, અનંત જ્ઞાન અને અનંત દર્શનમાં ત્રિકાળવર્તી સમસ્ત જ્ઞેય પદાર્થો સ્પષ્ટ રૂપે દેખવા માંડે છે. એવા જ્ઞાન અને દર્શનના ધારક અર્હંત જિન કેવલી ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવ રૂપ છે. 'અરહા'–જેમને માટે જગતનો કોઈ પણ પદાર્થ ગોપ્ય (અદૃશ્ય) નથી અથવા જેમણે કામ, ક્રોધાદિ શત્રુઓનો નાશ કરી નાખ્યો છે એવાં તીર્થંકર ભગવાનોને અરહા અથવા અર્હંત કહે છે. કર્માદિ રૂપ શત્રુઓ પર વિજય મેળવનારા હોવાથી તેમને જિન કહ્યા છે. તેમનું જ્ઞાન સંપૂર્ણ હોવાથી તેમને કેવલી કહ્યા છે કેવલજ્ઞાન એટલે સંપૂર્ણજ્ઞાન.

હવે સૂત્રકાર પ્રત્યેક કર્મનો નાશ થવાથી જે જે નામ થાય છે, તેમનું નિરૂપણ કરે છે આ કથન સિદ્ધ પરમાત્માની અપેક્ષાએ કરવામાં આવ્યું છે એમ સમજવું, કારણ કે તેમના પ્રત્યેક કર્મનો ક્ષય થવાને કારણે તેઓ જ ક્ષાયિક ભાવ રૂપે નિષ્પન્ન થાય છે.

જ્ઞાનાવરણ કર્મ પાંચ પ્રકારનાં છે–

(૧) મતિજ્ઞાનાવરણ, (૨) શ્રુતજ્ઞાનાવરણ, (૩) અવધિજ્ઞાનાવરણ, (૪) મનઃપર્યવજ્ઞાનાવરણ અને (૫) કેવળજ્ઞાનાવરણ.

જીવ જ્યારે અર્હંત જિન કેવલી બને છે, ત્યારે તેના સમસ્ત જ્ઞાનાવરણ કર્મોનો નાશ થઈ જાય છે, તેથી તે (खीण आभिणिबोहिय णाणावरणे) ક્ષીણ આભિનિબોધિક જ્ઞાનાવરણવાળો, (खीण सुयणाणावरणे) ક્ષીણ શ્રુતજ્ઞાનાવરણ કર્મવાળો, (खीण ओहियणाणावरणे) ક્ષીણ અવધિજ્ઞાનાવરણ કર્મવાળો, (खीण मणपज्जवणाणावरणे) ક્ષીણ મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મવાળો અને (खीण केवलणाणावरणे) ક્ષીણ કેવલજ્ઞાનાવરણ કર્મવાળો થઈ જાય છે તે કારણે સમસ્ત જ્ઞાનાવરણીય કર્મોનો ક્ષય થઈ જવાને કારણે તેના આ પાંચ નામો નિષ્પન્ન થાય છે. (૧) ક્ષીણાભિનિબોધિકજ્ઞાનાવરણ. (૨) ક્ષીણશ્રુતજ્ઞાનાવરણ, (૩) ક્ષીણાવધિજ્ઞાનાવરણ, (૪) ક્ષીણ મનઃપર્યવજ્ઞાનાવરણ અને (૫) ક્ષીણ કેવલજ્ઞાનાવરણ એજ પ્રમાણે (अणावरणे, निरावरणे, खीणावरणे, णाणावरणिज्जकम्मविप्पमुक्के) જ્યારે સમસ્ત આવરણ કર્મનો નાશ થઈ જાય છે ત્યારે તે આત્મા નિર્મળ આકાશમાં રહેલા પૂર્ણચન્દ્રના સમાન વિમલ પ્રકાશવાળો બની જાય છે. આ રીતે અવિદ્યમાન આવરણવાળો હોવાને લીધે તેનું "અનાવરણ" નામ નિષ્પન્ન થાય છે આ 'અનાવરણ' નામ રૂપ તેની અવસ્થા આવરણના ક્ષયથી ઉત્પન્ન થયેલી હોવાને કારણે ક્ષાયિક ભાવરૂપ ગણાય છે.

ભવિષ્યમાં કોઇ પણ પ્રકારનું આવરણ કર્મ તે આત્માને લાગવાનું નથી, તેથી તે આત્મા નિરાવરણ અવસ્થા સંપન્ન બની જાય છે. તેથી તેનું 'નિરાવરણ' નામ નિષ્પન્ન થઈ જાય છે એજ પ્રમાણે તે આત્મા નિઃસત્તાભૂત આવરણવાળો (આવરણના અસ્તિત્વ વિનાનો) બની જવાને કારણે ક્ષીણ મલાવરણવાળા ઉત્કૃષ્ટ મણિની જેમ "ક્ષીણાવરણ" આ નામવાળો બની જાય છે આ પ્રકારે વિવિધ પ્રકારે જ્ઞાનાવરણીય કર્મમાંથી વિપ્રમુક્ત થયેલા તે આત્માને પૂર્વોક્ત સમસ્ત નામો જ્ઞાનાવરણીય કર્મના ક્ષયની અપેક્ષાએ કહેવામાં આવ્યાં છે જો કે શબ્દનયની અપેક્ષાએ તે નામો વચ્ચે કોઇ પણ ભેદ ન હોવાને કારણે આ શબ્દોને પર્યાયવાચી શબ્દો જ ગણી શકાય છે, પરન્તુ સમભિરૂઢ નયની અપેક્ષાએ તેમના વાચ્યાર્થમાં ભિન્નતા હોવાના કારણે તેમની વચ્ચે ભેદ (અંતર–તફાવત) છે, એમ સમજવું જોઈએ.

હવે સૂત્રકાર દર્શનાવરણીય કર્મના ક્ષયની અપેક્ષાએ જે નામો નિષ્પન્ન થાય છે તેમનું કથન કરે છે–(केवलदंसी) આત્મા પરથી જ્યારે દર્શનાવરણીય કર્મો સર્વથા નિર્મૂળ થઈ જાય છે ત્યારે તે આત્મા, ક્ષીણાવરણવાળા દર્શન વડે સામાન્ય રૂપે સમસ્ત જ્ઞેય પદાર્થોને દેખી શકે છે, તેથી તેને 'કેવલદર્શી' કહેવામાં આવે છે. (सव्वदंसी) ક્ષીણદર્શનાવરણવાળો થઈ જવાને કારણે તે આત્મા સમસ્ત પદાર્થોનો દ્રષ્ટા બની જાય છે, તેથી તેને "સર્વદર્શી" કહેવામાં આવે છે. (खीणनिद्दे, खीणनिद्दा निद्दे, खीणपयले, खीणपयलापयले, खीण थीणगिद्धी, खीण चक्खुदंसणावरणे, खीण अचक्खुदंसणावरणे, खीण ओहिदंसणावरणे, खीण केवलदंसणावरणे, अणावरणे निरावरणे, खीणावरणे) તે આત્માના નિદ્રાવરણીય કર્મનો નાશ થઈ જવાને લીધે તે 'ક્ષીણનિદ્ર' કહેવાય છે, તેના નિદ્રાનિદ્રા દર્શનાવરણીય કર્મ નિર્મૂળ થઈ જવાથી તે 'ક્ષીણનિદ્રાનિદ્ર' કહેવાય છે. તેના પ્રચલા દર્શનાવરણીય કર્મ નષ્ટ થઈ જવાથી તેને 'ક્ષીણ-

પ્રચલ' કહેવાય છે. તેના પ્રચલા પ્રચલા દર્શનાવરણીય કર્મ નષ્ટ થઈ જવાથી તેને ક્ષીણપ્રચલાપ્રચલ કહેવાય છે, તેના સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણીય કર્મનો ક્ષય થઇ જવાથી તેને 'ક્ષીણસ્ત્યાનગૃદ્ધિ' કહેવાય છે. તે આત્માના ચક્ષુર્દર્શનાવરણીય કર્મનો નાશ થઇ જવાથી તેને 'ક્ષીણચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે. તેના અચક્ષુર્દર્શનાવરણ કર્મનો નાશ થઇ જવાથી તેને 'ક્ષીણઅચક્ષુર્દર્શનાવરણ' કહેવાય છે. તેના અવધિદર્શનાવરણ કર્મનો ક્ષય થઈ જવાથી તેને 'ક્ષીણાવધિદર્શનાવરણ' કહેવાય છે તેના કેવલ દર્શનાવરણ કર્મનો નાશ થઈ જવાથી તેને 'ક્ષીણકેવલદર્શનાવરણ' કહેવાય છે એટલે કે દર્શનાવરણ કર્મોનો સંપૂર્ણતઃ નાશ થઈ જવાને કારણે તે આત્માના પૂર્વોક્ત નામો નિષ્પન્ન થાય છે.

નિદ્રાપંચકનાં લક્ષણ નીચે પ્રમાણે સમજવાં—

"सुहपडिबोहा" ઇત્યાદિ-જે કર્મના ઉદયથી સુખપૂર્વક જાગી શકાય એવી નિદ્રા આવી જાય છે, તે કર્મને નિદ્રાદર્શનાવરણ કર્મ કહે છે જે કર્મના ઉદયથી નિદ્રામાંથી જાગવાનું અત્યંત દુષ્કર થઈ જાય છે, તે કર્મને નિદ્રાનિદ્રા દર્શનાવરણ કર્મ કહે છે જે કર્મના ઉદયથી બેઠાં બેઠાં કે ઊભાં ઊભાં નિદ્રા આવી જાય છે, તે કર્મને પ્રચલાદર્શનાવરણ કર્મ કહે છે. જે કર્મના ઉદયથી ચાલતાં ચાલતાં નિદ્રા આવી જાય છે, તે કર્મને પ્રચલાપ્રચલા દર્શનાવરણ કર્મ કહે છે 'સ્ત્યાનગૃદ્ધિ' આ પદ મહાનિદ્રાનું વાચક છે. આ પ્રકારની નિદ્રાવસ્થામાં જાગૃત અવસ્થામાં જે કામો કરવાનો વિચાર કરવામાં આવ્યો હોય તે કામ કરવાનું સામર્થ્ય પ્રકટ થઈ જાય છે. જે જીવમાં અતિ સંક્લિષ્ટ કર્મનો ઉદય હોય છે, એજ જીવમાં આ સ્ત્યાનગૃદ્ધિ દર્શનાવરણનો સદ્ભાવ રહે છે સ્વાભાવિક બળ કરતાં કેટલાય ગણું અધિક બળનો આ પ્રકારની નિદ્રામાં અનુભવ થાય છે.

આગળ જ્ઞાનાવરણ કર્મના અભાવની અપેક્ષાએ અનાવરણ, નિરાવરણ અને ક્ષીણાવરણ, આ પદોનો અર્થ પ્રકટ કરવામાં આવ્યો છે એજ પ્રકારે અહીં દર્શનાવરણ કર્મના અભાવને અનુલક્ષીને અનાવરણ, નિરાવરણ અને ક્ષીણાવરણનો અર્થ સમજી લેવો જોઈએ.

(दंसणावरणिज्जकम्मविप्पमुक्के) સૂત્રકારે દર્શનાવરણીય કર્મના ક્ષયની અપેક્ષાએ કેવળદર્શીથી લઈને નિરાવરણ પર્યન્તના ઉપર્યુક્ત નામો પ્રકટ કર્યાં છે.

હવે વેદનીય કર્મના ક્ષયની અપેક્ષાએ જે નામો નિષ્પન્ન થાય છે, તે પ્રકટ કરવામાં આવે છે-(खीणसायावेयणिज्जे खीण असायावेयणिज्जे) વેદનીય કર્મના બે પ્રકાર પડે છે-(૧) સાતાવેદનીય કર્મ અને (૨) અસાતાવેદનીય કર્મ જે કર્મના ઉદયથી જીવને સુખનો અનુભવ થાય છે, તે કર્મને સાતાવેદનીય કર્મ કહે છે જે કર્મના ઉદયથી જીવને દુઃખનો અનુભવ થાય છે, તે કર્મને અસતાવેદનીય કર્મ કહે છે આ બન્ને પ્રકારના વેદનીય કર્મોનો ક્ષય થઈ જવાથી જીવ "ક્ષીણસાતાવેદનીય" અને "ક્ષીણાસાતાવેદનીય" બની જાય છે. (अवेयणे, निव्वेयणे) વેદનીય કર્મનો ક્ષય થઇ જવાથી આત્મા વેદનારહિત બની જાય છે. "अवेदन" પદ અલ્પવેદનાનું પણ વાચક છે, કારણ કે 'अवेदन' પદમાં જે 'अ' ઉપસર્ગ છે તે અલ્પતાના અર્થમાં પણ પ્રયુક્ત થાય છે. તેથી સૂત્રકારે 'निर्वेदन' પદના પ્રયોગ દ્વારા એ વાત પ્રકટ કરી છે કે વેદનીય કર્મનો સર્વથા ક્ષય થવાથી આત્મા સર્વપ્રકારની વેદનાથી રહિત થઈ જાય છે. (खीणवेयणे) કાલાન્તરે (ભવિષ્યમાં) પણ તે જીવને વેદનાનો અનુભવ કરવો પડતો નથી તેથી તે જીવને "ક્ષીણવેદન" કહ્યો છે.

(सुभासुभवेयणिज्ज कम्मविप्पमुक्के) શુભ અને અશુભ વેદનીય કર્મથી વિમુક્ત થયેલા તે જીવના ક્ષીણસાતાવેદનીય આદિ પૂર્વોક્ત નામો સમજવાં.

હવે સૂત્રકાર મોહનીય કર્મના ક્ષયથી આત્માનાં જે જે નામો નિષ્પન્ન થાય છે તેમનું નિરૂપણ કરે છે—

(खीण कोहे जाव खीण लोहे) મોહનીય કર્મના નીચે પ્રમાણે બે પ્રકાર પડે છે–(૧) દર્શનમોહનીય અને (૨) ચારિત્ર મોહનીય મિથ્યાત્વ, સમ્યક્ત્વ. મિથ્યાત્વ અને મિશ્રના ભેદથી દર્શનમોહનીય કર્મ ત્રણ પ્રકારના કહ્યાં છે. ક્રોધાદિક કષાય અને હાસ્યાદિક નોકષાયના ભેદથી ચારિત્ર મોહનીય કર્મ બે પ્રકારનું કહ્યું છે. આ બન્ને પ્રકારના મોહનીય કર્મનો આત્મામાંથી ક્ષય થઇ જવાથી આત્માનાં નીચેનાં નામો નિષ્પન્ન થાય છે- ક્ષીણક્રોધ, ક્ષીણમાન, ક્ષીણમાયા અને ક્ષીણલોભ આ નામનો અર્થ સુગમ હોવાથી તેમના વિષે વધુ સ્પષ્ટતા કરવાની જરૂર નથી. (खीण पेज्जे) પ્રેમ શબ્દ માયા અને લોભનો બોધક છે. મોહનીય કર્મનો નાશ થઈ જવાથી જીવના માયા અને લોભ નષ્ટ થઇ જાય છે, તેથી તે જીવને 'ક્ષીણપ્રેમા' કહેવાય છે. (खीण दोसे) એજ પ્રમાણે મોહનીય કર્મનો નાશ થઇ જવાથી આત્માનો દ્વેષ ભાવ પણ નષ્ટ થઇ જાય છે તેથી તે આત્માનું "ક્ષીણદ્વેષ" નામ નિષ્પન્ન થાય છે. (अमोहे निम्मोहे, खोणमोहे) મોહનીય કર્મનો અભાવ થઇ જવાથી આત્માનાં 'અમોહ,' 'નિર્મોહ,' અને ક્ષીણમોહ નામો પણ નિષ્પન્ન થાય છે અલ્પ મોહવાળામાં પણ અમોહ શબ્દનો પ્રયોગ થાય છે. પરન્તુ અમોહ શબ્દનો એવો અર્થ અહીં ગ્રહણ કરવાનો નથી. અહીં તો મોહનીય કર્મનો સર્વથા ક્ષય થઇ જવાને લીધે આત્મામાં મોહનો સર્વથા અભાવ જ ગ્રહણ કરવાનો છે. જે કારણે તે આત્મામાં આ અમોહનો સદ્ભાવ છે એજ કારણે નિર્મોહનો પણ સદ્ભાવ છે. કદાચ કોઇ એવી શંકા ઉઠાવે કે કાળાન્તરે નિર્મોહી આત્મામાં મોહનો ઉદય થઇ જવાથી તે મોહોદયયુક્ત પણ બની શકે છે, તો તે આશંકાનું નિવારણ કરવાને માટે સૂત્રકારે 'ક્ષીણમોહ' પદનો પ્રયોગ કર્યો છે, આ પદ દ્વારા સૂત્રકારે એ વાત પ્રકટ કરી છે કે જે જીવમાં અપુનર્ભાવિમોહોદય (ભવિષ્યમાં ફરી ઉદયમાં ન આવે એવો અમોહ) હોય છે, તે જીવને જ અહીં 'અમોહ' અને 'નિર્મોહ' નામવાળો કહ્યો છે. (मोहणिज्जकम्मविप्पमुक्के) મોહનીય કર્મથી સંપૂર્ણતઃ વિમુક્ત થયેલા જીવના ક્ષીણક્રોધથી લઈને ક્ષીણમોહ પર્યન્તનાં ઉપર્યુક્ત નામો સમજવાં.

હવે સૂત્રકાર આયુકર્મના ક્ષયથી આત્માના જે જે નામો નિષ્પન્ન થાય છે, તેમનું નિરૂપણ કરે છે—

આયુકર્મના ચાર પ્રકાર છે–(૧) નરકાયુ, (૨) તિર્યંગાયુ, (૩) મનુષ્યાયુ અને (૪) દેવાયું. (खोणणेरइयाउए, खीणतिरिक्खजोणि आउए, खीणमणुस्साउए, खीण देवाउए) નરકાયુષ્કનો ક્ષય થઇ જવાને લીધે જીવ 'ક્ષીણનરકાયુષ્ક' બની જાય છે, તિર્યગ્યોનિક આયુષ્યનો ક્ષય થઇ જવાથી જીવ "ક્ષીણતિર્યગ્યોનિકાયુષ્ક" બની જાય છે, મનુષ્ય આયુષ્કનો ક્ષય થઇ જવાથી જીવ "ક્ષીણમનુષ્યાયુષ્ક" થઈ જાય છે અને દેવાયુષ્કનો ક્ષય થઇ જવાથી જીવ "ક્ષીણદેવાયુષ્ક" થઇ જાય છે. આ પ્રકારે ચારે ગતિના આયુષ્યનો ક્ષય થઈ જવાથી જીવના ઉપર્યુક્ત ચાર નામો નિષ્પન્ન થાય છે. (अणाउए, निराउए, खीणाउए) આયુકર્મનો ક્ષય થઇ જવાથી જીવનાં "અનાયુષ્ક," "નિરાયુષ્ક" અને "ક્ષીણાયુષ્ક" આ ત્રણ નામોપણ નિષ્પન્ન થાય છે. તદ્ભવ સંબંધી (તે

ભવનુ) જેનું આયુષ્ય નષ્ટ થઇ ગયું હોય છે એવા જીવને પણ અનાયુષ્ક કહી શકાય છે. પરન્તુ એવા અનાયુષ્કની વાત અહીં કરવામાં આવી નથી અહીં તો એવા અનાયુષ્કની વાત કરવામાં આવી છે કે જેના આયુકર્મનો સદંતર ક્ષય થઇ ચુકયો હોવાને કારણે જે નિરાયુષ્ક બની ગયેલો છે એટલે કે અહીં નિરાયુષ્ક (આયુષ્યરહિત) જીવને જ અનાયુષ્ક પદ વડે ગ્રહણ કરવામાં આવેલ છે. કદાચ અહીં કોઈ એવી શંકા ઉઠાવે કે એવી નિરાયુષ્ક અવસ્થા તો જીવની શૈલેશી અવસ્થામાં થઈ જાય છે, પરન્તુ આ અવસ્થાવાળો જીવ સંપૂર્ણ રૂપે નિરાયુષ્ક બનતો નથી; છતાં પણ 'નિરાયુષ્ક' આ નામનો પ્રયોગ, થોડું આયુ બાકી હોવા છતાં પણ ઔપચારિક રૂપે કરવામાં આવે છે. આ આશંકાને દૂર કરવાને માટે સૂત્રકારે "क्षीणायुष्क" પદ મૂકયું છે તેથી આત્માને અનાયુષ્ક, અને નિરાયુષ્ક રૂપે ત્યારે જ ગણી શકાય કે જયારે આયુકર્મનો સંપૂર્ણપણે ક્ષય થઈ ગયો હોય છે. (आयुकर्मविप्पमुक्के) આ પ્રકારે આયુકર્મનો સર્વથા અભાવ થઈ જવાથી આત્માનાં क्षीणनरकायुष्क આદિ ઉપર્યુક્ત નામો નિષ્પન્ન થાય છે.

હવે નામકર્મના ક્ષયથી આત્માના જે જે નામો નિષ્પન્ન થાય છે, તે નામોની સૂત્રકાર પ્રરૂપણા કરે છે—

(गइजाइसरीरंगोवंगबंधणसंघायणसंठाणअणेगबोंदिबिंदसंघायविप्पमुक्के) નામકર્મના નીચે પ્રમાણે બે મુખ્ય ભેદ કહ્યા છે. (૧) શુભનામકર્મ અને (૨) અશુભનામકર્મ. પરન્તુ વિશેષ રૂપે વિચાર કરવામાં આવે તો ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ આદિના ભેદથી નામ કર્મના ૪૨ ભેદ પડે છે, તથા આ ૪૨ ભેદો સિવાયના કેટલાક વધુ ભેદો પણ પડે છે તેના આ સઘળા ભેદો વિષેની માહિતી અન્ય શાસ્ત્રોમાંથી મેળવી લેવી અહીં તો સૂત્રકારે આ નામકર્મનો ક્ષય થઇ જવાથી આત્માના જે જે નામો નિષ્પન્ન થાય છે તેમનું જ કથન કર્યું છે. નારક આદિ ચાર ગતિઓની પ્રાપ્તિના કારણભૂત જે કર્મ છે તેનું નામ ગતિનામકર્મ છે એકેન્દ્રિય આદિ પાંચ જાતિના કારણભૂત જે કર્મ છે તેને જાતિનામકર્મ કહે છે. ઔદારિક આદિ શરીરના કારણરૂપ જે કર્મ છે તેનું નામ શરીરનામકર્મ છે. ઔદારિક અંગોપાંગ, વૈક્રિય અંગોપાંગ અને આહારક અંગોપાંગની રચનાના કારણભૂત જે કર્મ છે તેને અંગોપાંગ નામકર્મ કહે છે. જેવી રીતે કાષ્ઠાદિના ટુકડાઓને લાખ આદિ દ્રવ્યો વડે પરસ્પરની સાથે જોડવામાં આવે છે, એજ પ્રમાણે પાંચ ઔદારિક શરીર આદિના પુદ્ગલોને પરસ્પરની સાથે જોડનારું જે કર્મ છે તેનું નામ બંધન નામ કર્મ છે, યોગ્ય કાષ્ઠને વીણી વીણીને ગોઠવનાર કારીગર (સુથાર)ની જેમ, એજ કર્મપુદ્ગલોને પરસ્પરની સાથે બાંધવાને માટે અન્યોન્ય સાંનિધ્ય રૂપ સંઘાતમાં જે કર્મ કારણભૂત બને છે–એટલે કે બદ્ધ પુદ્ગલોને શરીરના વિવિધ આકારોમાં ગોઠવનારું (સ્થાપિત કરનારું) જે કર્મ છે તેનું નામ સંઘાત કર્મ છે. જેવી રીતે કમાડ આદિનાં પાટિયાંઓને લોઢાની પાટી પરસ્પરની સાથે બાંધી દે છે, એજ પ્રમાણે ઔદારિક શરીરનાં હાડકાંઓને પરસ્પરની સાથે બાંધી દેનારું જે કર્મ છે તેને સંહનન નામકર્મ કહે છે એટલે કે આ નામકર્મ અસ્થિબંધની વિશિષ્ટ રચના રૂપ હોય છે. જે કર્મ અવયવોની વિશિષ્ટ રચના રૂપ શરીરની આકૃતિ બનાવવામાં કારણભૂત બને છે તે કર્મનું નામ સંસ્થાન નામકર્મ છે. આ સંસ્થાન નામકર્મ સમચતુરસ્રાદિ સંસ્થાનમાં કારણભૂત બને

છે અનેક શરીરોના સમૂહરૂપ જે સંઘાત છે તેને અનેક શરીરવૃંદ સંઘાત કહે છે. તે અનેક શરીરવૃંદ સંઘાત શરીરની અનેકતા રૂપ હોય છે અથવા જીવની સાથે રહે છે. તેથી આ જન્માન્તરીય શરીરોની અપેક્ષાએ વિચાર કરવામાં આવે તો એક જીવમાં ઔદારિક, તૈજસ અને કાર્મણ, આ ત્રણ શરીરોનો સદ્ભાવ હોય છે આ દૃષ્ટિએ વિચાર કરવામાં આવે તો શરીરની અનેકતા રૂપ અનેક શરીરવૃંદ સંઘાતનું પ્રતિપાદન થઇ જાય છે ઉપર્યુક્ત ગતિ આદિ શબ્દોમાં દ્વન્દ્વ સમાસ છે. આ ગતિ આદિથી જે જીવ વિપ્રમુક્ત થઈ ગયેલો હોય છે તે જીવને ગતિ, જાતિ, શરીર, અંગોપાંગ, બન્ધન, સંઘાત, સંહનન, સંસ્થાન અને અનેક શરીરવૃન્દસંઘાતવિપ્રમુક્ત ગણવામાં આવે છે. એટલે કે એવા જીવના ગતિવિપ્રમુક્ત જાતિવિપ્રમુક્ત આદિ નામો નિષ્પન્ન થાય છે. ગતિ, જાતિ, શરીર આદિમાં જે શરીર શબ્દ છે તેનો અર્થ શરીરનામકર્મ છે. આ નામકર્મના ઉદયથી ઔદારિક આદિ શરીરોની રચના થાય છે. તથા– "અનેક શરીરવૃન્દ" આ પદમાં જે 'શરીર' શબ્દ આવ્યો છે તે શરીર શબ્દ શરીર નામકર્મના કાર્યભૂત તે ઔદારિક આદિ શરીરોનો વાચક છે. આ પ્રકારે તેમની વચ્ચે ભિન્નતા સમજવી જોઇએ. (खीणसुभणामे) નામકર્મનો નાશ થતાં જ તીર્થંકર, શુભ, સુભગ, સુસ્વર, આદેય, યશ કીર્તિ યુક્ત આદિ જે શુભ નામો હોય છે તેમનો પણ નાશ થઈ જાય છે, તેથી એવા જીવનું "क्षीणु शुभनामा" આ નામ નિષ્પન્ન થાય છે. (खीण असुभणामे) એજ પ્રમાણે નામકર્મનો નાશ થતાં જ નરકગતિ, અશુભ, દુર્ભગ, દુઃસ્વર, અનાદેય, અયશઃકીર્તિક આદિ અશુભ નામોનો પણ નાશ થઇ જાય છે તેથી એવા જીવનું "क्षीणुशुभनामा" નામ નિષ્પન્ન થાય છે. (अणामे, निण्णामे, खीणनामे) વળી નામકર્મ નિર્મૂળ થઈ જવાથી જીવના "अनाम, निर्नाम, अने क्षीणुनाम" આ નામો પણ નિષ્પન્ન થાય છે. આ ત્રણે શબ્દોનો ભેદ અમોહ, નિર્મોહ અને ક્ષીણમોહના જેવો જ સમજવો. (सुभासुभणामकम्मविप्पमुक्के) જ્યારે આત્મા શુભાશુભ નામકર્મથી સર્વથા રહિત થઇ જાય છે ત્યારે તેના ગતિવિપ્રમુક્તથી ક્ષીણુનામ પર્યન્તના ઉપર્યુક્ત નામો નિષ્પન્ન થાય છે.

હવે સૂત્રકાર ગોત્રકર્મનો ક્ષય થઇ જવાથી આત્માના જે જે નામો નિષ્પન્ન થાય છે, તેમનું નિરૂપણ કરે છે—

(खीण उच्चागोए खीण नीयागोए) ગોત્રકર્મના નીચે પ્રમાણે બે પ્રકાર પડે છે–(૧) ઉચ્ચગોત્ર, (૨) નીચગોત્ર જે કુળમાં જન્મ થવાથી પ્રતિષ્ઠા મળે છે, એવા કુળમાં જન્મ અપાવનાર કર્મને ઉચ્ચગોત્ર કર્મ કહે છે શક્તિ હોવા છતાં પણ–યોગ્યતા હોવા છતાં પણ પ્રતિષ્ઠા ન મળે એવા કુળમાં જન્મ અપાવનાર કર્મને નીચ ગોત્રકર્મ કહે છે ગોત્રકર્મનો ક્ષય થતાંની સાથે જ ઉચ્ચ અને નીચ, આ બન્ને પ્રકારના ગોત્રનો નાશ થઈ જાય છે તેથી જેના ગોત્રકર્મનો નાશ થઇ ગયો છે એવા જીવના "क्षीणोच्चगोत्र" અને "क्षीणनीचगोत्र" નામો નિષ્પન્ન થાય છે. (अगोए, निग्गोए, खीणगोए) વળી એવા આત્માને "अगोत्र" "निर्गोत्र" અને "क्षीणगोत्र" પણ કહેવામાં આવે છે. આ પદોની વ્યાખ્યા 'अमोह' આદિની વ્યાખ્યાને આધારે સમજી શકાય એવી છે.

હવે સૂત્રકાર અન્તરાય કર્મના અભાવથી આત્માના જે જે નામો નિષ્પન્ન થાય છે, તેમનું કથન કરે છે—

દાનાન્તરાય આદિના ભેદથી અન્તરાયકર્મ પાંચ પ્રકારના કહ્યા છે. (खीणदाणंतराए, खीणलाभंतराए, खीणभोगंतराए, खीणउवभोगंतराए, खीणवीरियंतराए) જીવના દાનાન્તરાયકર્મનો ક્ષય થઈ જવાથી 'क्षीणदानान्तराय,' લાભાન્તરાય કર્મનો ક્ષય થઈ જવાથી "क्षीणलाभान्तराय," ભોગાન્તરાયનો ક્ષય થઈ જવાથી "क्षीणभोगान्तराय," ઉપભોગાન્તરાયનો ક્ષય થઈ જવાથી "क्षीणउपभोगान्तराय," અને વીર્યાન્તરાયનો ક્ષય થઈ જવાથી "क्षीणवीर्यान्तराय" આ પ્રકારનાં જીવનાં નામો નિષ્પન્ન થાય છે. (अणंतराए, णिरंतराए, खीणंतराए) તથા જીવના અન્તરાય કર્મનો ક્ષય થઇ જવાથી તેના "अनंतराय," 'निरन्तराय' અને 'क्षीणान्तराय' આ નામો નિષ્પન્ન થાય છે. क्षीणदानान्तरायથી લઈને क्षीणान्तराय પર્યન્તના ઉપર્યુક્ત નામે આત્માને ત્યારે જ ઓળખી શકાય છે કે જ્યારે તેના અન્તરાય કર્મનો સંપૂર્ણતઃ ક્ષય થઇ ગયો હોય છે.

(सिद्धे, बुद्धे, मुत्ते, परिणिव्वुए, अंतगडे, सव्वदुक्खप्पहीणे) જ્ઞાનાવરણથી લઈને અન્તરાય પર્યન્તના પ્રત્યેક કર્મનો નાશ થવાથી જીવના જે ભિન્ન ભિન્ન નામો નિષ્પન્ન થાય છે. તેમનું નિરૂપણ કરીને હવે સૂત્રકાર, આઠે કર્મોનો સર્વથા વિનાશ થવાથી જીવના જે જે નામો નિષ્પન્ન થાય છે, તે નામોને પ્રકટ કરે છે–

આઠે પ્રકારના કર્મોનો જ્યારે સર્વથા ક્ષય થઈ જાય છે ત્યારે જીવના સમસ્ત પ્રયોજનો સિદ્ધ થઈ જાય છે તેથી એવા જીવનું "सिद्ध" 'सिद्ध'

નામ નિષ્પન્ન થાય છે. એવો જીવ કેવળજ્ઞાન અને કેવળદર્શનથી યુકત થઇ જવાને કારણે "બુદ્ધ" ગણાય છે. એવો જીવ બાહ્ય અને આભ્યન્તર પરિગ્રહરૂપ બન્ધનમાંથી મુકત થઇ જાય છે તેથી તેને "મુકત" કહેવામાં આવે છે. એવો જીવ સર્વપ્રકારના પરિતાપોથી નિર્વૃત થઇને શીતલીભૂત થઈ જાય છે, તેથી તેનું 'પરિનિર્વૃત' નામ નિષ્પન્ન થાય છે. સકળ સમીહિતોમાં સર્વોત્કૃષ્ટ સમીહિત તો માત્ર મોક્ષ જ ગણાય છે, તે મોક્ષની પ્રાપ્તિ થઈ જવાના કારણે તે આત્મામાં પરિનિર્વૃતતા સમજવી એવો જીવ સમસ્ત સંસારનો અન્તકારી બને છે તેથી તેને "અન્તકૃત" કહે છે. એવા જીવના શારીરિક અને માનસિક સમસ્ત દુઃખોનો આત્યંતિક (સંપૂર્ણતઃ) ક્ષય થઈ જવાને કારણે તેને સર્વદુઃખ પ્રહીણ કહે છે. આ પ્રકારે આઠે કર્મોનો સર્વથા ક્ષય કરી નાખનાર જીવના નીચે પ્રમાણે નામો નિષ્પન્ન થાય છે–(૧) સિદ્ધ' (૨) બુદ્ધ, (૩) મુકત, (૪) પરિનિર્વૃત, (૫) અન્તકૃત અને (૬) સર્વદુઃખપ્રહીણ.

હવે આ સૂત્રનો ઉપસંહાર કરતા સૂત્રકાર કહે છે કે—

(से तं खयनिप्फण्णे) આ પ્રકારનું ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવનું સ્વરૂપ છે. (से तं स्वइए) ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવનું નિરૂપણ સમાપ્ત થવાથી ક્ષાયિક ભાવના સ્વરૂપનું નિરૂપણ પણ અહીં પૂરું થાય છે.

ભાવાર્થ—સૂત્રકારે આ સૂત્રદ્વારા ક્ષાયિક ભાવનું નિરૂપણ કર્યું છે. તેમાં તેમણે ક્ષાયિક ભાવના બે પ્રકાર બતાવ્યા છે. જ્ઞાનાવરણીય આદિ આઠ પ્રકારનાં કર્મોનો જે ક્ષય છે તેને ક્ષાયિક રૂપ પહેલો પ્રકાર ગણવામાં આવે છે. જ્ઞાનાવરણીય આદિ કર્મોના ક્ષયથી નિષ્પન્ન થતાં ક્ષાયિક ભાવને ક્ષયનિષ્પન્ન રૂપ બીજા પ્રકારનો ક્ષાયિક ભાવ કહ્યો છે. કર્મોના ક્ષયથી નિષ્પન્ન થતો ક્ષાયિક ભાવ અનેક પ્રકારનો કહ્યો છે. પાંચ પ્રકારના જ્ઞાનાવરણ કર્મના ક્ષયથી, નવ પ્રકારના દર્શનાવરણ કર્મના ક્ષયથી, બે પ્રકારના વેદનીય કર્મના ક્ષયથી, ૨૮ પ્રકારના મોહનીય કર્મના ક્ષયથી, ચાર પ્રકારના આયુકર્મના ક્ષયથી, ૪૨ પ્રકારના નામકર્મના ક્ષયથી, બે પ્રકારના ગોત્રકર્મના ક્ષયથી, અને પાંચ પ્રકારના અન્તરાય કર્મના ક્ષયથી સૂત્રોક્ત જેટલાં નામ નિષ્પન્ન થાય છે, તેમને ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવ રૂપે ગણવા જોઇએ, કારણ કે તે નામો ભિન્ન ભિન્ન પ્રકારનાં કર્મોના ક્ષયથી નિષ્પન્ન થાય છે.

આ સૂત્રમાં ક્ષયનિષ્પન્ન ક્ષાયિક ભાવોમાં ક્ષયનિષ્પન્ન ક્ષાયિક નામોનું જે કથન કરવામાં આવ્યું છે, તે અપ્રાસંગિક નથી. તેનું કારણ નીચે

પ્રમાણે છે-ક્ષયથી ઉત્પન્ન થયેલી અવસ્થાના પરિણામને ક્ષાયિક ભાવ ગણાય છે. તે આત્માની નિજ સ્વાભાવિક અવસ્થા છે. તેમાં જે જે પરિણામો છે, તે બધાં પરિણામો શુદ્ધ આત્મસ્વરૂપ છે. તે પરિણામોનો વિચાર કરીને જે નામો બતાવવામાં આવ્યાં છે તેઓ નામ, સ્થાપના કે દ્રવ્યરૂપ નથી, પરન્તુ ભાવરૂપ છે. કર્મોનો ક્ષય થઇ જવાથી આત્માનું જે મૌલિક મૂલ રૂપ પ્રકટ થઇ જાય છે, એજ મૌલિક રૂપના તેઓ વાચક છે. તેથી તે નામોનું ક્ષાયિક ભાવના પ્રકરણમાં વિવેચન કરવું તે અનુચિત અથવા અપ્રાસંગિક નથી, પરન્તુ ઉચિત અને પ્રાસંગિક જ છે. જેમ કે કેવળજ્ઞાનાવરણ કર્મનો સંપૂર્ણ ક્ષય થઈ જતાં જ આત્મામાં કેવળજ્ઞાનગુણ પ્રકટ થઇ જાય છે. કેવળજ્ઞાનાવરણનો નાશ થતાં જ ક્ષાયોપશમિક ચાર જ્ઞાન ક્ષાયિક રૂપ થઈ જાય છે, એટલે કે આ ચારે જ્ઞાન કેવળજ્ઞાનમાં જ સમાવિષ્ટ થઈ જાય છે. ત્યારે તે આત્માનું "ક્ષીણકેવળજ્ઞાનાવરણ" આ નામ નિષ્પન્ન થઈ જાય છે. તે નામ, સ્થાપના અથવા દ્રવ્યરૂપ હોતું નથી, પરન્તુ ભાવનિક્ષેપ રૂપ જ હોય છે, કારણ કે તે પ્રકારની પર્યાય તે આત્મામાં નિષ્પન્ન થઈ ચુકી હોય છે, અને આ નામ તેનું જ વાચક છે. એજ પ્રમાણે બાકીનાં કર્મોના ક્ષયથી નિષ્પન્ન થયેલાં નામોના વિષયમાં પણ સમજવું. તેથી જ ક્ષાયિક ભાવના પ્રકરણમાં સૂત્રકારે તેમનો નિર્દેશ કર્યો છે. ॥સૂ૦ ૧૫૪॥

ક્ષાયોપશમિક ભાવકા નિરુપણ

હવે સૂત્રકાર ક્ષાયોપશમિક ભાવનું નિરૂપણ કરે છે—
"से किं तं खओवसमिए" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं खओवसमिए?) હે ભગવન્ પૂર્વપ્રકાન્ત ક્ષાયોપશમિકનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(खओवसमिए दुविहे पण्णत्ते, तंजहा) ક્ષાયોપશમિક ભાવના નીચે પ્રમાણે બે પ્રકાર કહ્યા છે-(खओवसमे य खओवसमनिप्फण्णे य) (૧) ક્ષયોપશમ રૂપ ક્ષાયોપશમિક અને (૨) ક્ષયોપશમ નિષ્પન્ન ક્ષાયોપશમિક.

પ્રશ્ન—(से किं तं खओवसमे?) હે ભગવન્! તે ક્ષાયોપશમનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર—(खओवसमे चउण्हं घाइकम्माणं खओवसमेणं) કેવળજ્ઞાનના પ્રતિબન્ધક-કેવળજ્ઞાનને પ્રકટ થતું રોકનારાં-જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અન્તરાય, આ ચાર ઘાતિયા કર્મોનો જે ક્ષયોપશમ રૂપ ભાવ છે, તેને ક્ષયોપશમ કહે છે. આ કથનનું તાત્પર્ય નીચે પ્રમાણે છે-વિવક્ષિત જ્ઞાનાદિક ગુણોનો ઘાત કરનારા ઉદય પ્રાપ્ત કર્મનો ક્ષય (સર્વથા અપગમ) અને અનુદીર્ણ એજ કર્મનો ઉપશમ (વિપાકની અપેક્ષાએ ઉદયાભાવ), આ પ્રકારનો ક્ષયથી ઉપલક્ષિત જે ઉપશમ છે, તેનું નામ જ ક્ષયોપશમ છે.

શંકા—ઔપશમિક ભાવમાં ઉદયપ્રાપ્ત કર્મનો સર્વથા ક્ષય થાય છે અને

અનુદય પ્રાપ્ત જે કર્મ છે તેનો ક્ષય પણ થતો તથી અને ઉદય પણ થતો નથી પરન્તુ ઉપશમ જ થાય છે. એજ પ્રકારે ક્ષાયોપશમિક ભાવમાં પણ ઉદીર્ણ કર્મનો ક્ષય અને અનુદીર્ણ કર્મનો ઉપશમ થતો હોય છે. તો પછી ઔપશમિક અને ક્ષાયોપશમિકમાં શો ભેદ છે ?

ઉત્તર–ક્ષયોપશમ ભાવમાં કર્મનો જે ઉપશમ કહેવામાં આવ્યો છે તે વિપાકની અપેક્ષાએ જ ઉદયાભાવ (ઉદયનો અભાવ) રૂપ ઉપશમ બતાવવામાં આવ્યો છે, પ્રદેશની અપેક્ષાએ બતાવવામાં આવ્યો નથી. પ્રદેશની અપેક્ષાએ તો ત્યાં કર્મનો ઉદય જ છે. પરન્તુ ઔપશમિક ભાવમાં જે ઉપશમ બતાવવામાં આવ્યો છે, તે વિપાક અને પ્રદેશ, આ બન્નેની અપેક્ષાએ બતાવવામાં આવ્યો છે એટલે કે ઔપશમિક ભાવમાં કર્મનો વિપાકોદય હોતો નથી, પણ પ્રદેશોદય હોય છે. નીરસ કરાયેલાં કર્મદલિકોનું વેદન પ્રદેશોદય રૂપ છે અને રસવિશિષ્ટ દલિકોનું વિપાકવેદન વિપાકોદય રૂપ છે. જ્ઞાનાવરણીય, દર્શનાવરણીય, મોહનીય અને અંતરાય, આ ચાર પ્રકારનાં કર્મોનો જ ક્ષયોપશમ થાય છે, અન્ય કર્મોનો ક્ષયોપશમ થતો નથી. (से तं खओवसमे) આ પ્રકારનું ક્ષયોપશમનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(से किं तं खओवसमणिप्फण्णे ?) હે ભગવન્! ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(खओवसमनिप्फण्णे अणेगविहे पण्णत्ते) ક્ષયોપશમનિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવ અનેક પ્રકારનો કહ્યો છે. (तंजहा) જેમ કે....(खओवसमिया आभिणिबोहियाणणलद्धी जाव खओवसमिया मणपज्जवणाणलद्धी) ક્ષાયોપશમિકી આભિનિબોધિક જ્ઞાનલબ્ધિ મતિજ્ઞાનને આભિનિબોધિક જ્ઞાન કહે છે. આ મતિજ્ઞાનની પ્રાપ્તિનું નામ આભિનિબોધિક જ્ઞાનલબ્ધિ છે. મતિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી આ આભિનિબોધિક જ્ઞાનલબ્ધિની પ્રાપ્તિ થાય છે તેથી તેને ક્ષાયોપશમિકી કહેવામાં આવી છે. એજ પ્રમાણે શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી શ્રુતજ્ઞાનલબ્ધિની, અવધિજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અવધિજ્ઞાન લબ્ધિની અને મનઃપર્યવજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મનઃપર્યવજ્ઞાન લબ્ધિની પ્રાપ્તિ થાય છે. તે કારણે તે લબ્ધિઓને ક્ષયોપશમિક કહેવામાં આવી છે અહીં સૂત્રકારે કેવળજ્ઞાન લબ્ધિનો ઉલ્લેખ કર્યો નથી, કારણ કે કેવળજ્ઞાનાવરણ કર્મના ક્ષયથી જ કેવળજ્ઞાન લબ્ધિની પ્રાપ્તિ થાય છે, ક્ષયોપશમથી તેની પ્રાપ્તિ થતી નથી.

(खओवसमिया मइ अण्णाणलद्धी, खओवसमिया सुय अण्णाणलद्धी, खओवसमिया विभंगणाणलद्धी) મતિ અજ્ઞાનાવરણના ક્ષયોપશમથી મતિ અજ્ઞાન, શ્રુતઅજ્ઞાનાવરણના ક્ષયોપશમથી શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાનાવરણના ક્ષયોપશમથી વિભંગજ્ઞાનની પ્રાપ્તિ થાય છે. તેથી તેમને ક્ષાયોપશમિકી મત્યજ્ઞાનલબ્ધિ, ક્ષાયોપશમિકી શ્રુતાજ્ઞાનલબ્ધિ અને ક્ષાયોપશમિકી વિભંગજ્ઞાનલબ્ધિ કહેવામાં આવેલ છે. કુત્સિત જ્ઞાનનું નામ અજ્ઞાન છે. કુત્સિતના અર્થમાં પણ નઞ્ (નકાર વાચક) નો પ્રયોગ થાય છે. જેમ કે કુત્સિતશીલ, અશીલ આદિ.

(खओवसमिया चक्खुदंसणलद्धी) क्षायोपशमिकी चक्षुः दर्शनलब्धि, (अचक्खुदंसणलद्धी, ओहिदंसणलद्धी) अचक्षुदर्शनलब्धि अने अवधिदर्शनलब्धि पण क्षयोपशम निष्पन्न क्षायोपशमिक भावरूप छे, कारण के चक्षुःदर्शनावरण कर्मना क्षयोपशमथी चक्षुःदर्शनलब्धिनी प्राप्ति थाय छे, अचक्षुर्दर्शनावरण कर्मना क्षयोपशमथी अचक्षुर्दर्शनलब्धिनी प्राप्ति थाय छे अने अवधिदर्शनावरणना क्षयोपशमथी अवधिदर्शनलब्धिनी प्राप्ति थाय छे. (एवं सम्मदंसणलद्धी, मिच्छादंसणलद्धी, सम्ममिच्छादंसणलद्धी) એज प्रमाणे सम्यक्दर्शनलब्धि, मिथ्यादर्शनलब्धि, सम्यग्मिथ्यादर्शनलब्धि, (खओवसमिया सामाइयचरित्तलद्धी, एवं छेयोवट्ठावणलद्धी, परिहारविसुद्धिलद्धी) क्षायोपशमिकी सामायिक चारित्रलब्धि, छेदोपस्थापनालब्धि, परिहारविशुद्धिकलब्धि, (सुहुमसंपराय चरित्तलद्धी, एवं चरित्ताचरित्तलद्धी) सूक्ष्म संपराय चरित्रलब्धि, चारित्राचारित्रलब्धि, (खओवसमिया दाणलद्धी, एवं लाभलद्धी, भोगलद्धी, उपभोगलद्धी) क्षायोपशमिकी दानलब्धि, लाभलब्धि, भोगलब्धि अने उपभोगलब्धि, (खओवसमिया वीरियलद्धी) क्षायोपशमिकी वीर्यलब्धि, (एवं पंडियवीरियलद्धी, बालवीरियलद्धी, बालपंडियवीरियलद्धी) क्षायोपशमिकी पंडितवीर्यलब्धि, बालवीर्यलब्धि अने बालपंडितवीर्यलब्धि.

(खओवसमिया सोइंदियलद्धी जाव खओवसमिया फासिंदियलद्धी) क्षायोपशमिकी श्रोत्रेन्द्रियलब्धिथी लईने क्षायोपशमिकी स्पर्शेन्द्रियलब्धिपर्यन्तनी पांच प्रकारनी लब्धिओ, (खओवसमिए आयारंगधरे) क्षायोपशमिक आचारांगधारी, (एवं सुयगडंगधरे, ठाणंगधरे, समवायंगधरे, विवाह पण्णत्तिधरे, नायाधम्मकहाधरे, उवासगदसाधरे, अणुत्तरोववाइयदसाधरे, पण्हावागरणधरे, विवागसुयधरे,) એજ प्रमाणे क्षायोपशमिक सूत्रकृतांगधारी, स्थानांगधारी, समवायांगधारी, विवाहप्रज्ञप्ति (व्याख्याप्रज्ञप्ति)धारी, उपासकदशाधारी, अन्तकृतदशाधारी, अनुत्तरौपपातिकदशाधारी, प्रश्नव्याकरणधारी विपाकश्रुतधारी, (खओवसमिए दिट्ठिवायधरे) क्षायोपशमिक दृष्टिवादधारी, (खओवसमिए नवपुव्वी) क्षायोपशमिक नवपूर्वधारीथी लईने (खओवसमिए जाव चउद्दसपुव्वी) क्षायोपशमिक चौद पूर्वधारी पर्यन्तना जीवो, (खओवसमिए गणी) क्षायोपशमिक गणी, (खओवसमिए वायए) अने क्षायोपशमिक वाचक (से तं खओवसमनिप्फण्णे) आ બધા क्षायोपशम निष्पन्न भावो छे. (से तं खओवसमिए) क्षायोपशमिकनुं आ प्रकारनुं स्वरूप छे.

भावार्थ–आ सूत्र द्वारा सूत्रकारे क्षायोपशमिक भावना स्वरूपनुं विवेचन कर्युं छे तेमां तेमणे એવું प्रतिपादन कर्युं छे के એક तो क्षायोपशम ज क्षायोपशमिक छे अने બીજું क्षयोपशमनिष्पन्न क्षायोपशमिक छे. चार घातिया कर्मोना क्षयथी उपलक्षित जे उपशम छे, तेनुं नाम क्षायोपशमिक छे. क्षायोपशमिक ज्ञाननुं आवरण करनारा जे कर्मो छे तेमां सर्वघाति स्पर्द्धको अने देशघाति स्पर्द्धको रूप બન્ને प्रकारना स्पर्द्धकोनो सद्भाव रहे छे.

તેથી તેમનો ક્ષયોપશમ થાય છે. નવ નોકષાયોમાં કેવળ દેશઘાતિ સ્પર્દ્ધકો (કર્મદલિકો)નો જ સદ્ભાવ હોય છે, તેથી તેમનો ક્ષયોપશમ થતો નથી કેવળજ્ઞાનાવરણ આદિ પ્રકૃતિઓમાં કેવળ સર્વઘાતિ સ્પર્દ્ધકોનો જ સદ્ભાવ હોય છે, તેથી તેમનો ક્ષયોપશમ પણ થતો નથી જો કે પ્રત્યાખ્યાનાવરણ અને અપ્રત્યાખ્યાનાવરણ કષાય સર્વઘાતિ જ છે, પરન્તુ તેમને અપેક્ષાકૃત દેશઘાતિ માની લેવામાં આવેલ છે, તેથી અનંતાનુબંધી આદિનો ક્ષયોપશમ સંભવિત બની જાય છે. અઘાતિયા કર્મોમાં તો દેશઘાતિ અને સર્વઘાતિ રૂપ વિકલ્પ જ સંભવી શકતો નથી, તેથી તેમના ક્ષયોપશમનો તો પ્રશ્ન જ ઉદ્ભવતો નથી આ પ્રકારે સૂત્રકારે ક્ષયોપશમની સામાન્ય યોગ્યતાનું અહીં વિવેચન કર્યું છે ક્ષયોપશમ અને ઉપશમ વચ્ચે નીચે પ્રમાણેનું અંતર સમજવું– ક્ષયોપશમમાં કેટલાક સર્વઘાતિ સ્પર્દ્ધકોનો ઉદયાભાવી ક્ષય રહે છે અને કેટલાક સર્વઘાતિ સ્પર્દ્ધકોના સદવસ્થારૂપ ઉપશમ રહે છે તથા દેશઘાતિ સ્પર્દ્ધકોનો ઉદય રહે છે પરન્તુ ઉપશમમાં તેમનો ઉદય રહેતો નથી પણ ઉપશમ જ રહે છે.

હવે સૂત્રકાર એ વાત પ્રકટ કરે છે કે કયાં કયાં કર્મોના ક્ષયોપશમથી કયા કયા ભાવ પ્રકટ થાય છે–મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, અવધિજ્ઞાનાવરણ અને મનઃપર્યવજ્ઞાનાવરણ કર્મોના ક્ષયોપશમથી અનુક્રમે મતિજ્ઞાન, શ્રુતજ્ઞાન, અવધિજ્ઞાન અને મનઃપર્યવજ્ઞાન પ્રકટ થાય છે. સૂત્રમાં જે 'લબ્ધિ' પદ વપરાયું છે તેનો અર્થ 'પ્રાપ્તિ' સમજવો 'લબ્ધિ' પદ સ્ત્રીલિંગમાં હોવાથી તેની સાથે 'ક્ષાયોપશમિકી' આ પદનો પણ સ્ત્રીલિંગમાં જ પ્રયોગ કરવામાં આવ્યો છે મતિજ્ઞાન આદિકોની પ્રાપ્તિ ત્યારે જ થાય છે કે જ્યારે તે પ્રત્યેક જ્ઞાનના આવારક (આવરણ કરનારાં) કર્મોનો ક્ષયોપશમ થાય છે. તેથી તેમની તે પ્રાપ્તિને ક્ષાયોપશમિકી કહી છે. કેવળજ્ઞાનને ક્ષયોપશમિક ગણવામાં આવતું નથી, તેને તો ક્ષાયિક જ ગણવામાં આવે છે, કારણ કે કેવળજ્ઞાનાવરણ કર્મના ક્ષયથી જ કેવળજ્ઞાનની પ્રાપ્તિ થાય છે.

શંકા–જો કેવળજ્ઞાનાવરણ કર્મના ક્ષયને લીધે કેવળજ્ઞાન પ્રાપ્ત થતું હોય, તો એવું શા માટે કહેવામાં આવે છે કે જ્ઞાનાવરણ કર્મનો ક્ષય થવાથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે?

ઉત્તર–આત્માનો સ્વભાવ કેવળજ્ઞાન છે તેના ઉપર કેવળજ્ઞાનાવરણ કર્મનું આવરણ હોય છે છતાં પણ તે પૂરેપૂરું આવૃત થઈ શકતું નથી અતિ મન્દ જ્ઞાન પ્રકટ જ થતું રહે છે, કે જેને મતિજ્ઞાનાવરણ આદિ કર્મ આવૃત કરે છે. તેથી એ વાત સ્પષ્ટ થાય છે કે કેવળજ્ઞાનને પ્રકટ ન થવા દેવામાં જ્ઞાનાવરણના પાંચે ભેદો કારણભૂત બને છે કેવળજ્ઞાનાવરણ કર્મ કેવળજ્ઞાનને સાક્ષાત રૂપે રોકે છે અને મતિજ્ઞાનાવરણ આદિ ચાર કર્મો તેને પરંપરા

રૂપે રહે છે. તેથી "જ્ઞાનાવરણકર્મના ક્ષયથી કેવળજ્ઞાન ઉત્પન્ન થાય છે." એવું કહેવામાં આવે છે.

મતિઅજ્ઞાનાવરણ, શ્રુતઅજ્ઞાનાવરણ અને વિભંગજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી અનુક્રમે મત્યજ્ઞાન, શ્રુતાજ્ઞાન અને વિભંગજ્ઞાન પ્રકટ થાય છે. અહીં "અજ્ઞાન" પદ દ્વારા જ્ઞાનાભાવ સમજવાનો નથી કારણ કે જ્ઞાનાભાવ રૂપ અજ્ઞાન તો ઔદયિક ભાવરૂપ છે, અને જ્ઞાનાવરણ કર્મના ઉદયથી તે ભાવ ઉત્પન્ન થાય છે. પરન્તુ કુત્સિતજ્ઞાનને અજ્ઞાન કહે છે. જ્યારે મતિજ્ઞાન આદિ મિથ્યાદર્શનના ઉદયથી દૂષિત હોય છે, ત્યારે તેમને કુત્સિત જ્ઞાનરૂપ ગણવામાં આવે છે. 'વિભંગ' પદમાં જે "ભંગ" પદ છે તે અહીં અવધિવાચક છે. આમ તો તે પદ પ્રકારભેદનું વાચક ગણાય છે. અને "વિ" પદ વિરૂપકુત્સિત અર્થનું વાચક છે. વિભંગજ્ઞાનની વ્યુત્પત્તિ આ પ્રમાણે થાય છે-"विरूपः भंगः विभंगः विभंग एव ज्ञानं विभंगज्ञानम्" આ વિભંગમાં જે જ્ઞાનપણું છે તે અર્થપરિજ્ઞાનાત્મકતાની અપેક્ષાએ છે. મિથ્યાદૃષ્ટિ દેવાદિકોના અવધિજ્ઞાનને વિભંગજ્ઞાન કહે છે. ચક્ષુર્દર્શનાવરણ, અચક્ષુર્દર્શનાવરણ અને અવધિદર્શનાવરણ કર્મના ક્ષયોપશમથી અનુક્રમે ચક્ષુર્દર્શન અચક્ષુર્દર્શન અને અવધિદર્શન પ્રકટ થાય છે. તેથી તેમને પણ ક્ષાયોપશમિક કહેવામાં આવેલ છે. મિથ્યાત્વકર્મના ક્ષયોપશમથી ક્ષયોપશમિક સમ્યગ્દર્શનની પ્રાપ્તિ થાય છે. એજ પ્રમાણે બીજી બધી સૂત્રોક્ત લબ્ધિઓમાં પણ યથાસંભવ ક્ષાયોપશમિકતા સમજી લેવી. વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી વીર્યલબ્ધિ પ્રકટ થાય છે. એજ પ્રમાણે પંડિતવીર્ય લબ્ધિ, બાલ વીર્યલબ્ધિ અને બાલપંડિતવીર્ય લબ્ધિને પણ ક્ષાયોપશમિક જ સમજવી જોઈએ. પંડિતપદ અહીં સાધુજનનું, બાલપદ અવિરતયુક્તજનનું અને બાલપંડિતપદ દેશવિરત જનનું વાચક છે. તેમને પોતપોતાના વીર્યાન્તરાય કર્મનો ક્ષયોપશમ થવાથી પંડિતવીર્ય લબ્ધિ આદિની પ્રાપ્તિ થાય છે.

સમ્યગ્મિથ્યાદર્શન લબ્ધિ સમ્યક્ત્વના એક ભેદ રૂપ છે. તેથી મિથ્યાત્વ કર્મના ક્ષયોપશમથી તે લબ્ધિની પ્રાપ્તિ થાય છે, સામાયિક ચારિત્ર લબ્ધિ, છેદોપસ્થાપનલબ્ધિ, પરિહાર વિશુદ્ધિક લબ્ધિ, સૂક્ષ્મ સંપરાય લબ્ધિ અને ચારિત્રાચારિત્ર લબ્ધિ, આ બધી લબ્ધિઓની પ્રાપ્તિ ચારિત્રમોહનીય કર્મના ક્ષયોપશમને લીધે થાય છે, તેથી તેમનામાં ક્ષાયોપશમિકતા સમજવી જોઈએ. કર્મોનું નિવારણ કરવા માટે સંયત જે અન્તરંગ અને બહિરંગ પ્રવૃત્તિ કરે છે તેનું નામ ચારિત્ર છે. એટલે કે આત્મિક શુદ્ધ દશામાં સ્થિર રહેવાનો પ્રયત્ન કરવો તેનું જ નામ ચારિત્ર છે. પરિણામ શુદ્ધિના

તરતમ ભાવની અપેક્ષાએ અને નિમિત્ત ભેદની અપેક્ષાએ ચારિત્રના સામાયિક આદિ પાંચ વિભાગ પાડવામાં આવ્યા છે. તેનું વધુ સ્પષ્ટીકરણ આ પ્રમાણે છે– સમ્યકત્વ, જ્ઞાન, સંયમ અને તપની સાથે અભેદ સ્થાપિત કરવાની–એટલે કે સમભાવમાં સ્થિર રહેવાને માટે સમસ્ત અશુદ્ધ પ્રવૃત્તિઓનો ત્યાગ કરવાની આત્મપરિણામોની વૃત્તિ રાખવી તેનું નામ સામાયિક છે આ સામાયિક ચારિત્રની પ્રાપ્તિનું નામ સામાયિક ચારિત્ર લબ્ધિ છે. સામાયિક ચારિત્રની આરાધનામાં રાગદ્વેષનો નિરોધ કરીને સઘળાં આવશ્યક કર્તવ્યોમાં સદા સમભાવ જ રાખવો પડે છે. તેના નિયતકાળ અને અનિયતકાળ રૂપ બે ભેદો છે જેમનો સમય નિશ્ચિત છે એવાં સ્વાધ્યાય આદિને નિયતકાળ સામાયિક કહે છે. જેમનો સમય નિયત નથી એવા ઇર્યાપથ આદિને અનિયતકાળ સામાયિક કહે છે. જેમ અહિંસાવ્રતને સઘળાં વ્રતોનું મૂળ માનવામાં આવે છે, એજ પ્રમાણે સામાયિક ચારિત્રને સઘળાં ચારિત્રોનું મૂળ માનવામાં આવે છે. "હું જીવનપર્યન્ત સર્વ સાવદ્યયોગોથી વિરત થઉં છું" આ એક વ્રતમાં સમાવેશ થઇ જવાને કારણે સામાયિક વ્રતને એક જ વ્રત ગણવામાં આવ્યું છે. અને એજ એક વ્રત પાંચ રૂપે વિવક્ષિત થવાને કારણે છેદોપસ્થાપના ચારિત્ર કહેવાય છે. પ્રથમ દીક્ષા લીધા બાદ વિશિષ્ટ શ્રુતનો અભ્યાસ કરી લીધા બાદ વિશેષશુદ્ધિને નિમિત્તે જે જીવનપર્યન્તની પુનઃ દીક્ષા લેવામાં આવે છે અને પ્રથમ લીધેલી દીક્ષાનો છેદ કરીને (ત્યાગ કરીને) ફરી નવેસરથી જે દીક્ષાનું આરોપણ કરવામાં આવે છે, તેનું નામ છેદોપસ્થાપન ચારિત્ર છે. જેમાં વિશિષ્ટ પ્રકારના તપઃ પ્રધાન આચારનું પાલન કરવામાં આવે છે, તેનું નામ પરિહારવિશુદ્ધિ ચારિત્ર છે. જે ચારિત્રમાં ક્રોધાદિ કષાયોનો ઉદય રહેતો નથી, પરન્તુ લોભનો અંશ અતિ સૂક્ષ્મ પ્રમાણમાં બાકી રહી જાય છે એવા ચારિત્રનું નામ સૂક્ષ્મ સંપરાય ચારિત્ર છે. દસમાં ગુણસ્થાનમાં જ આ ચારિત્રનો સદ્ભાવ રહે છે અંશતઃ ચારિત્ર અથવા દેશચારિત્રને ચારિત્રાચારિત્ર કહે છે. અનન્તાનુબંધી આદિ આઠ પ્રકારના કષાયના ક્ષયોપશમ આદિથી તેનો આવિર્ભાવ થાય છે. સર્વવિરતિ રૂપ ચારિત્ર અનન્તાનુબંધી આદિ ૧૨ પ્રકારના કષાયના ક્ષયોપશમ આદિથી આવિર્ભૂત (પ્રકટ) થાય છે. અન્તરાય કર્મના પ્રકાર રૂપ દાનાન્તરાય, લાભાન્તરાય, ભોગાન્તરાય, ઉપભોગાન્તરાય અને વીર્યાન્તરાય કર્મના ક્ષયોપશમથી અનુક્રમે દાનલબ્ધિ, લાભલબ્ધિ, ઉપભોગલબ્ધિ અને વીર્યલબ્ધિની પ્રાપ્તિ થાય છે. એજ પ્રમાણે શ્રોત્રેન્દ્રિયથી લઇને સ્પર્શેન્દ્રિયલબ્ધિ પર્યન્તની પણ પાંચ લબ્ધિઓ કહી છે. આ પાંચે લબ્ધિઓ દ્રવ્યેન્દ્રિયની અપેક્ષાએ કહી નથી, પણ ભાવે-

ન્દ્રિયની અપેક્ષાએ કહી છે ભાવેન્દ્રિયો લબ્ધિ ઉપયોગના ભેદથી બે પ્રકારની છે મતિજ્ઞાનાવરણ, શ્રુતજ્ઞાનાવરણ, ચક્ષુઃદર્શનાવરણ અને અચક્ષુઃદર્શનાવરણના ક્ષયોપશમથી તેમની લબ્ધિ થાય છે. આ કથનનો ભાવાર્થ એ છે કે મતિજ્ઞાનાવરણીય કર્મ આદિના ક્ષયોપશમ રૂપ જે એક પ્રકારનું આત્મિક પરિણામ છે, તે લબ્ધીન્દ્રિય રૂપ છે અને લબ્ધિ, નિવૃત્તિ તથા ઉપકરણ, આ ત્રણે મળવાથી રૂપાદિ વિષયોનો જે સામાન્ય અને વિશેષ બોધ થાય છે તે ઉપયોગેન્દ્રિય રૂપ છે ઉપયોગેન્દ્રિય મતિજ્ઞાન તથા ચક્ષુ અચક્ષુ દર્શન-રૂપ છે એજ પ્રમાણે આચારાંગ આદિ ૧૨ અંગને ધારણ કરવા રૂપ તથા વાચક રૂપ જે પર્યાયો છે તે શ્રુતજ્ઞાન સ્વરૂપ છે શ્રુતજ્ઞાનાવરણ કર્મના ક્ષયોપશમથી શ્રુતજ્ઞાન પ્રાપ્ત થાય છે, તેથી આચારાંગધર આદિ ૧૨ પર્યાયો પણ ક્ષાયોપશમિક છે. આ પ્રકારનું ક્ષયોપશમ નિષ્પન્ન ક્ષાયોપશમિક ભાવનું સ્વરૂપ છે. ॥સૂ૦૧૫૫॥

પારિમાણિક ભાવકા નિરુપણ

હવે સૂત્રકાર પારિણામિક ભાવના સ્વરૂપનું નિરૂપણ કરે છે-

"से किं तं पारिणामिए" ઈત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं पारिणामिए ?) હે ભગવન્! પારિણામિક ભાવનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર-(पारिणामिए दुविहे पण्णत्ते, तंजहा) પારિણામિક ભાવના નીચે પ્રમાણે બે પ્રકાર કહ્યા છે-(साइ पारिणामिए य अणाइ पारिणामिए य) (૧) સાદિ પારિણામિક અને (૨) અનાદિ પારિણામિક જે પરિણામમાં દ્રવ્યની પૂર્વ અવસ્થાનો સર્વથા પરિત્યાગ થતો ન હોય એવી રીતે એક અવસ્થામાંથી બીજી અવસ્થાઓ થતી રહે, એવા પરિણમનને સાદિપરિણામ કહે છે કહ્યું પણ છે કે-"परिणामो" ઈત્યાદિ એજ વાત બીજી જગ્યાએ પણ આ પ્રમાણે જ કહી છે-એક અવસ્થામાંથી બીજી અવસ્થા રૂપ પરિણમન થવું તેનું નામ પરિણામ છે એટલે કે સ્વરૂપમાં સ્થિત રહિને ઉત્પન્ન તથા નષ્ટ થવું તેનું નામ પરિણામ છે સર્વથા વ્યવસ્થાન અથવા સર્વથા વિનાશને પરિણામ કહી શકાય નહીં પરિણામનું બીજું નામ પર્યાય છે. જે દ્રવ્યનો જે સ્વભાવ છે તે સ્વભાવમાં રહીને જ તેનું પરિણમન (પરિવર્તન) થાય છે. જેમ કે મનુષ્ય બાલકમાંથી યુવાન અને યુવાનમાંથી વૃદ્ધ બને છે, પરન્તુ તે મનુષ્યત્વનો પરિત્યાગ કરતો નથી. એજ પ્રમાણે પ્રત્યેક દ્રવ્ય પોતાની મર્યાદામાં રહીને જ પરિણમન પામતું રહે છે. તે સર્વથા નિત્ય પણ નથી અને સર્વથા ક્ષણિક પણ નથી. નૈયાયિક આદિ ભેદવાદી દર્શન જે ગુણ અને દ્રવ્યનો સર્વથા (એકાન્ततः) ભેદ માને છે તેમની માન્યતા પ્રમાણે દ્રવ્ય તો સર્વથા અવિકૃત જ રહે છે, અને તેમાં ગુણની ઉત્પત્તિ તથા વિનાશ થતો રહે છે. તેનું નામ જ પરિણામ છે. બૌદ્ધ મતવાદીઓ વસ્તુ માત્રને ક્ષણસ્થાયી અને નિરન્વય વિનાશી માને છે. તેમના મત પ્રમાણે પરિણામનો અર્થ આ પ્રમાણે થાય છે-"ઉત્પન્ન થઈને વસ્તુનો સર્વથા નાશ થઈ જવો તેનું નામ પરિણામ છે" આ માન્યતાઓનું ખંડન કરવા માટે સૂત્રકારે અહીં આ પ્રકારનું કથન કર્યું છે-"न च सर्वथा विनाशः परिणामः" તેથી "अर्थान्तरगमनपरिणामः" આ પરિણામનું લક્ષણ જ યુક્તિયુક્ત લાગે છે. એવું જે પરિણામ છે, એજ પારિણામિક છે. અથવા તે પરિણામથી જે નિષ્પન્ન છે, તેનું નામ જ પારિણામિક છે.

પ્રશ્ન—(से किं तं साइ पारिणामिए ?) હે ભગવન્ ! સાદિ પારિણામિકનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર—(साइपारिणामिए अणेगविहे पण्णत्ते) સાદિ પારિણામિક ભાવ અનેક પ્રકારનો કહ્યો છે. (तंजहा) જેમ કે-(जुण्णसुरा, जुण्णगुलो, जुण्णघयं, जुण्णतंदुला चेव) જીર્ણસુરા, જીર્ણગોળ, જીર્ણ ઘી, અને જીર્ણતંદુલ. જૂના સુરામાં, ગોળમાં, ઘીમાં અને તંદુલમાં જે જીર્ણપર્યાય રૂપ પરિણામ આવ્યું છે, તે સાદિ પારિણામિક ભાવ રૂપ છે, કારણ કે જીર્ણતાના કાળની પૂર્વ કોટિ જાણી શકાય છે. સુરાદિ દ્રવ્ય નવી પર્યાય અને જીર્ણપર્યાય, એ બન્ને અવસ્થાઓમાં પણ અનુગત રૂપે રહે છે જ્યારે નવીનતા પર્યાય આ દ્રવ્યોમાંથી નિવૃત્ત થઈ જાય છે ત્યારે તે દ્રવ્યોમાં જીર્ણતા પર્યાય આવી જાય છે, આ વાત સૌને માટે સ્પષ્ટ છે. તે કારણે જ સૂત્રકારે જીર્ણ વિશેષણ યુક્ત સુરાદિક દ્રવ્યોને સાદિ પારિણામિક ભાવના દૃષ્ટાન્તો રૂપે અહીં પ્રકટ કરેલ છે.

શંકા—એ વાત તો અમે માની લઇએ છીએ કે સુરાદિક દ્રવ્યોમાં જીર્ણાવસ્થામાં સાદિ પારિણામિકતા હોય છે, કારણ કે તે દ્રવ્યોમાં જીર્ણ અવસ્થાના સમયની પૂર્વકોટિ જ્ઞાત થઇ જાય છે, પરન્તુ તેમની જે નવ્ય (નવીન) અવસ્થા છે, તેમાં સાદિ પારિણામિકતા કેવી રીતે માની શકાય તેમ છે ? તેના સમયની પૂર્વકોટિ તો જ્ઞાત હોતી નથી ?

ઉત્તર—એવી વાત શક્ય નથી, કારણ કે નવીન પર્યાયના સમયની પૂર્વ કોટિ પણ જ્ઞાત થઈ જાય છે. તે આ પ્રકારે સમજવું-સુરાદિ દ્રવ્ય રૂપ જે નવીન પર્યાય છે તે સુરાદિજનક કારણ દ્રવ્યોમાંથી જ ઉદ્ભવી હોય છે. તેથી તેમાં પણ સાદિ પારિણામિકતાનો સદ્ભાવ રહે છે. આ કથનનો ભાવાર્થ એ છે કે સુરાદિજનક જે દ્રવ્યો છે તેઓ જ સુરાદિરૂપ પરિણામમાં પરિણમિત થઈ જાય છે, તેથી તેમની આ સુરાદિરૂપ પર્યાય સાદિ પર્યાય રૂપ જ છે, અને જ્યારે કાલાન્તરે આ સાદિ રૂપ પર્યાય તે દ્રવ્યોમાંથી નિવૃત્ત થઈ જાય છે, ત્યારે તેની નિવૃત્તિ થતાં જ તે દ્રવ્યોમાં જીર્ણતા રૂપ પર્યાય આવી જાય છે, આ પ્રકારે સુરાદિ દ્રવ્યોમાં નવીનતા (નવ્યતા) અને જીર્ણતા સાદિ પરિણામ રૂપ જ ગણી શકાય છે, જો એ વાત માનવામાં ન આવે કે ઉપાદાનકારણ દ્રવ્ય જ કાર્ય રૂપે પરિણમિત થાય છે, તો કાર્યની ઉત્પત્તિ જ થઇ શકે નહીં

તથા-(अब्भया य अब्भरुक्खा, संझा, गंधव्वणगरा य) અભ્ર (મેઘ), અભ્રવૃક્ષ (વૃક્ષાકારે પરિણમિત થયેલા મેઘ) સંધ્યા (દિવસ અને રાત્રિનો સંધિકાળ કે જેમાં આકાશ કૃષ્ણ, નીલાદિ રૂપે પરિણમિત થઇ જાય છે), ગંધર્વનગર (ઉત્તમોત્તમ પ્રાસાદોથી શોભતા નગરની આકૃતિ જેવાં બનેલાં આકાશપુદ્ગલો), (उक्कावाया) ઉલ્કાપાત (આકાશખંડમાં સરકતો તેજઃપુંજ), (दिसादाहा) દિગ્દાહ (કોઈ એક દિશામાં આકાશની અંદર પ્રજ્વલિત અગ્નિનો આભાસ થવો), (गज्जिया) મેઘની ગર્જના, (विज्जू) વિજળી, (णिग्घाया), નિર્ઘાત (વિજલી પડવી), (जूवया) યૂપક (શુકલ પક્ષનો ત્રણ દિવસનો બાલચન્દ્ર), (जक्खादित्ता) યક્ષાદીપ્ત (આકાશમાં દેખાતી પિશાચાકૃતિ જેવી અગ્નિ), (धूमिया) ધૂમિકા (ધૂમસ) (महिया) મહિકા (જલકણ યુક્ત ધુમાડા જેવો ઘાઢ ધૂમસ)

(रयुग्घाया) रजोदुद्घात (दिशाओमां धूळ उडवी ते) (चंदोवराग) चन्द्रोपराग (चन्द्र-ग्रहण), (सूरोवराग) सूर्यग्रहण, (चंदपरिवेसा, सूरपरिवेसा) चन्द्रपरिवेष (चन्द्रने फरतुं गोळाकारमां परिणत थयेला पुद्गलपरमाणुओनुं गोळाकारनुं मंडळ), सूर्यपरिवेष (सूर्यनी आसपास चारे दिशामां गोळ चूडलीना आकारे परिणत थयेलां पुद्गलपरमाणुओनुं गोळाकारनुं मंडळ (पडिचंद) प्रतिचन्द्र (उत्पात सूचक बीजा चन्द्रनुं देखावु), (पडिसूरा) प्रतिसूर्य (उत्पात सूचक बीजा सूर्यनुं देखावुं), (इंदधणू) मेघधनुष (आकाशमां चोमासामां जे समरंगी कामठी देखाय छे ते), (उद्गमच्छा) उदक मत्स्य (मेघधनुष्यना खंड), (कविहसिया) कपिहसित (आकाशमांथी कयारेक संभळाता अतिरौद्र कडाका), (अमोहा) अमोघ (सूर्योदय अने सूर्यास्त वखते सूर्यना किरणो द्वारा उत्पन्न थती रेखाविशेष), (वासा) भरत आदि क्षेत्र. (वासधरा) हिमवान् आदि पर्वत, (गामा, णगरा, घरा, पव्वया पायाळा) ग्राम, नगर, घर, पर्वत, पातालकलश, (भवणा) भवन, (निरया) नरक, (रयणप्पभा) रत्नप्रभा, (सक्करप्पभा) शर्कराप्रभा, (वालुयप्पभा) वालुकाप्रभा, (पंकप्पहा) पंकप्रभा, (धूमप्पहा) धूमप्रभा, (तम-प्पहा) तमःप्रभा, (तमतमप्पहा) तमस्तमःप्रभा, (सोहम्मे जाव अच्चुए) सौध-र्मथी लईने अच्युत पर्यन्तना कल्पो, (गेवेज्जे अणुत्तरे) ग्रैवेयको, अनुत्तर विमानो, (इसिप्पब्भारा) ईषत्प्राग्भारा, (परमाणु पोग्गले) परमाणु पुद्गल (दुप-एसिए जाव अणंतपएसिए) द्विप्रदेशिकथी लईने अनंतप्रदेशिक पर्यन्तना स्कंधो, (से तं साइ पारिणामिए) आ बधांने सादिपारिणामिक भाव रूप समजवा.

शंका–वर्षधर आदि पर्वतो तो शाश्वत छे, कारण के तेओ कदी पण पोतपोताना अस्तित्वनो परित्याग करता नथी छतां सूत्रकारे तेमने सादि पारिणामिक शा कारणे कह्या छे ?

उत्तर–वर्षधर आदिकोमां जे शाश्वतता प्रकट करवामां आवी छे तेनुं कारण एछे के तेओ तेमना आकार मात्रनी अपेक्षाओ ज सदा अवस्थित रहे छे. तेनो अर्थ एवो थतो नथी के तेमनामां परिणमन ज थतुं नथी तेमनामां परिणमन तो जरूर थतुं ज रहे छे वर्षधरादिक पौद्गलिक छे पुद्गलो तो असंख्यात काळ बाद परिणमन करे ज छे. हालना वर्षधर आदिकोमां जे पुद्गलो हालमां छे. तेओ त्यां वधारेमां वधारे असंख्यात काळ सुधी रहेशे, त्यार बाद तेओ त्यांथी चवीने जशे आगळ ८५मां सूत्रमां आ वात स्पष्ट करवामां आवी छे ते सूत्रमां एवुं प्रतिपादन करवामां आव्युं छे के "नैगमव्यवहार नयसंमत आनुपूर्वी द्रव्य काळनी अपेक्षाओ एक द्रव्यनी दृष्टिओ विचार करवामां आवे तो ओछामां ओछा एक समय सुधी अने वधारेमां वधारे असंख्यात काळ सुधी आनुपूर्वी द्रव्य रूपे रहे छे." चवेला थयेला ते पुद्गलोने स्थाने अन्य पुद्गलो संगत थईने ते रूपे परिणमी जशे तेथी पुद्गलोनी आ परिवृत्ति (परिणमन)ने कारणे वर्षधरादिकोमां पण सादि पारिणामिकतानुं कथन विरुद्ध पडतुं नथी.

સાન્નિપાતિક ભાવકા નિરુપણ

પ્રશ્ન-(से किं तं अणाइ पारिणामिए?) હે ભગવન્! અનાદિ પારિણામિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(अणाइ पारिणामिए धम्मत्थिकाए, अधम्मत्थिकाए, आगासत्थिकाए, जीवत्थिकाए, पुग्गलत्थिकाए, अद्धासमए, लोए, अलोए, भवसिद्धिया, अभवसिद्धिया) ધર્માસ્તિકાય, અધર્માસ્તિકાય, આકાશાસ્તિકાય, જીવાસ્તિકાય, પુદ્ગલાસ્તિકાય, અદ્ધાસમય (કાળ), લોક, અલોક, ભવસિદ્ધિક અને અભવસિદ્ધિક, આ ભાવો અનાદિ પારિણામિક છે ધર્માસ્તિકાય આદિ અનાદિ કાળથી જ ધર્માસ્તિકાય આદિ રૂપે પરિણત હોવાને કારણે તેમને અનાદિ પારિણામિક ભાવો કહ્યા છે. (से तं अणाइ पारिणामिए) આ પ્રકારનું અનાદિ પારિણામિક ભાવનું સ્વરૂપ છે. (से तं पारिणामिए) સાદિ પારિણામિક અને અનાદિ પારિણામિક ભાવોનું નિરૂપણ સમાપ્ત થવાથી પારિણામિક ભાવનું કથન અહીં પૂરું થાય છે. ॥સૂ૦૧૫૬॥

હવે સૂત્રકાર સાન્નિપાતિક ભાવની પ્રરૂપણા કરે છે—

"से किं तं सण्णिवाइए" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं सण्णिवाइए?) હેભગવન્! પૂર્વપ્રક્રાન્ત સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર-(सण्णिवाइए एएसिं चेव उदइए उवसमिय-खइय-खओवसमिय-पारिणामियाणं भावाणं दुगसंजोएणं, तियसंजोएणं, चउक्कसंजोएणं, पंचकसंजोएणं जे निप्फज्जइ) ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક, અને પારિણામિક, આ પાંચ ભાવોના દ્વિકસંયોગ, ત્રિકસંયોગ ચતુષ્કસંયોગ અને પંચક સંયોગથી જે ભાવો નિષ્પન્ન થાય છે તે બધા ભાવોને સાન્નિપાતિક ભાવો કહે છે આ રીતે દ્વિકસંયોગ જન્ય ૧૦ ભાવો, ત્રિકસંયોગ જન્ય ૧૦ ભાવો, ચતુષ્કસંયોગ જન્ય પાંચ ભાવો અને પંચકસંયોગ જન્ય એક ભાવ નિષ્પન્ન થાય છે. આ પ્રકારે કુલ ૨૬ સાન્નિપાતિક ભાવો થાય છે. ॥સૂ૦૧૫૭॥

દ્વિકાદી સંયોગકા નિરુપણ

બબ્બે ભાવોના સંયોગથી જે ૧૦ ભાવો નિષ્પન્ન થાય છે, તેમને સૂત્રકાર પ્રકટ કરે છે—"एत्थणं जे ते" ઇત્યાદિ—

શબ્દાર્થ-(एत्थ णं जे ते दस दुगसंयोगा, तेणं इमे) બબ્બે ભાવોના સંયોગથી જે દસ ભાવો નિષ્પન્ન થાય છે તે નીચે પ્રમાણે છે-(अत्थिणामे उदइय उवसमिय निप्फण्णे) (૧) ઔદયિક અને ઔપશમિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिणामे उदइयखाइयनिप्फण्णे२) (૨) ઔદયિક અને ક્ષાયિકના સંયોગથી નિષ્પન્ન થયેલો ભાવ (अत्थिणामे उदइय खओवसमनिप्फण्णे३) (૩) ઔદયિક અને ક્ષાયોપશમિકના સંયોગથી નિષ્પન્ન થયેલો ભાવ (अत्थिणामे उदइय पारिणामियनिप्फण्णे) (૪) ઔદયિક અને પારિણામિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिणामे उवसमियखइयनिप्फण्णे) (૫) ઔપશમિક અને ક્ષાયિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिणामे उवसमियखओवसमियनिप्फण्णे) (૬) ઔપશમિક અને ક્ષાયોપશમિકના સંયોગથી નિષ્પન્ન થયેલો ભાવ (अत्थिणामे उवसमियपारिणामियनिप्फण्णे) (૭) ઔપશમિક અને પારિણામિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिणामे खइयखओवसमियनिप्फण्णे) (૮) ક્ષાયિક

અને ક્ષયોપશમિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिण मे खइय पारिण मिय-निप्फण्णे) (૯) ક્ષાયિક અને પારિણામિકના સંયોગથી નિષ્પન્ન ભાવ (अत्थिणामे खओवसमियपारिणामियनिप्फण्णे) (૧૦) ક્ષાયોપશમિક અને પારિણામિકના સંયોગથી નિષ્પન્ન ભાવ આ પ્રકારે ઔદયિકની સાથે ઔપશમિક આદિ ચારના સંયોગથી ૪ ભંગ, ઔપશમિક ભાવની સાથે ક્ષાયિક આદિ ત્રણ ભાવના સંયોગથી ૩ ભંગ, ક્ષાયિકભાવની સાથે ક્ષાયોપશમિક આદિ બે ભાવના સંયોગથી ૨ ભંગ તથા ક્ષાયોપશમિકની સાથે પારિણામિક ભાવના સંયોગથી એક ભંગ બને છે આ રીતે દ્વિકસંયોગી કુલ ૧૦ ભંગ બને છે.

આ પ્રકારે આ ભંગોનું સામાન્ય કથન કરીને હવે સૂત્રકાર દરેક ભંગના સ્વરૂપનું વિવેચન કરે છે–

પ્રશ્ન–(कयरे से णामे उदइयउवसमियनिप्फण्णे?) હે ભગવન્! ઔદયિક અને ઔપશમિક ભાવના સંયોગથી જે સાન્નિપાતિક ભાવરૂપ ભંગ નિષ્પન્ન થાય છે. તેનું સ્વરૂપ કેવું હોય છે?

ઉત્તર–(उदइयउवसमियनिप्फण्णे) ઔદયિક અને ઔપશમિક ભાવના સંયોગથી જે સાન્નિપાતિક ભાવરૂપ ભંગ ઉત્પન્ન થાય છે તે આ પ્રકારનો છે–(उदइएत्ति मणुस्से उवसंता कसाया) ઔદયિક ભાવમાં મનુષ્યત્વ–મનુષ્ય-ગતિ અને ઔપશમિકભાવમાં ઉપશાન્ત કષાયને ગણાવી શકાય. અહીં 'મનુષ્યગતિ' આ પદ ઉદાહરણ રૂપે વપરાયેલું હોવાથી તેના દ્વારા તિર્યંચ આદિ ચારે ગતિઓ, જાતિ અને શરીરનામાદિ કર્મોને પણ ગ્રહણ કરવામાં આવેલ છે. કારણ કે અહીં તેમનો પણ સદ્ભાવ રહે છે ઔપશમિક ભાવમાં કષાય ઉપશાન્ત હોય છે આ વાત પણ ઉદાહરણ રૂપે જ આપવામાં આવી છે, કારણ કે ઔપશમિક ભાવમાં દર્શન મોહનીય અને નોકષાયમોહનીય, આ બન્ને પ્રકારના કર્મોનો પણ ઉપશમ રહે છે. (एसणं से णामे उदइय उवसमियनिप्फण्णे) આ પ્રકારનો આ ઔદયિકૌપશમિક નામનો પ્રથમ સાન્નિ-પાતિક ભાવ રૂપ ભંગ છે. આ પ્રથમ ભંગમાં "મનુષ્યગતિ અને ઉપશાન્ત કષાય" આ પ્રકારનું જે કથન કરવામાં આવ્યું છે, તે કથન માત્ર વિવક્ષારૂપ જ છે, કારણ કે એવો સાન્નિપાતિક ભાવ કોઈ પણ જીવમાં સંભવિત હોતો નથી જે જીવમાં મનુષ્યગતિ છે અને કષાય ઉપશમિત છે, આ પ્રકારે તેના ઔદયિક અને ઔપશમિક, આ બન્ને ભાવોના સંયોગથી નિષ્પન્ન ઔદયિકૌ-પશમિક નામનો પ્રથમ સાન્નિપાતિક ભાવ તો ત્યારે જ માની શકાય કે જ્યારે તે જીવમાં અન્ય કોઈ ભાવનો સદ્ભાવ જ ન હોય ઔદયિકૌપશમિક ભાવની સાથે ત્યાં ક્ષાયોપશમિક ભાવ રૂપ ઇન્દ્રિયો અને પારિણામિક ભાવ રૂપ જીવત્વનો પણ સદ્ભાવ રહે છે. કોઈ કોઈ જીવમાં આ ઔદયિકૌપશમિકની સાથે ક્ષાયિક સમ્યક્ત્વ પણ સંભવિત હોય છે. આ પ્રકારનો વિચાર નવમાં ભંગ સિવાયના સમસ્ત ભંગોમાં સમજવો જોઈએ, કારણ કે જે નવમો ભંગ છે તે સિદ્ધ ભગવાનની અપેક્ષાએ ગ્રહણ કરવાનો છે. સિદ્ધ ભગવાનમાં ક્ષાયિક સમ્યક્ત્વ અને પારિણામિક ભાવ રૂપ જીવત્વનો સદ્ભાવ રહે છે. તે સિવાયના અન્ય ભાવોનો તેમનામાં સદ્ભાવ હોતો નથી તેથી જ સિદ્ધ જીવોમાં નવમાં ભંગ રૂપ એક સાન્નિપાતિક ભાવનો સદ્ભાવ કહ્યો છે તે સિવાયના જે નવ

ભંગો છે તેમનો ઉલ્લેખ તો માત્ર પ્રરૂપણાની અપેક્ષાએ જ કરવામાં આવ્યો છે, કારણ કે સિદ્ધ જીવો સિવાયના જે સંસારી જીવો છે તે જીવોમાં તો ઓછામાં ઓછા ત્રણ ભાવો અવશ્ય હોય છે. જે ગતિમાં તેમનો સદ્ભાવ છે તે ગતિ તથા ઇન્દ્રિયો અને જીવત્વગતિ ઔદયિક ભાવ છે ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે.

ભાવાર્થ–બધ્ધે ભાવોનો સંયોગ થવાથી જે દસ સાન્નિપાતિક ભાવો નિષ્પન્ન થાય છે, તેમના વિષયમાં સૂત્રકારે આ સૂત્રમાં વિવેચન કર્યું છે. પહેલા ચાર દ્વિભાવ સંયોગી સાન્નિપાતિક ભાવોમાં ઔદયિક ભાવ પ્રધાન રૂપે રહે છે. ઔદયિક ભાવની સાથે ઔપશમિકથી લઈને પારિણામિક પર્યન્તના ચાર ભાવોનો સંયોગ કરીને પહેલા ચાર ભંગ (ભાંગાઓ) બને છે. તેમાં ઔદયિક અને ઔપશમિક ભાવોના સંયોગથી પહેલો સાન્નિપાતિક ભાવ રૂપ ભંગ બન્યો છે જેમ કે...આ મનુષ્ય ઉપશાન્ત કષાય છે. એટલે કે આ મનુષ્ય ઉપશાન્ત ક્રોધી, ઉપશાન્ત માની, ઉપશાન્ત માયી અને ઉપશાન્ત લોભી છે. આ પ્રકારનું કથન કરવાથી પહેલો સાન્નિપાતિક ભાવ આ પ્રકારે ગ્રહણ થાય છે અહીં ક્રોધ ઉપશાન્ત થયેલો હોવાથી ઔપશમિક ભાવનો, અને મનુષ્ય કહેવાથી મનુષ્ય ગતિ કર્મના ઉદયને લીધે ઔદયિક ભાવનો સદ્ભાવ બતાવ્યો છે. એજ પ્રમાણે ઉપશાન્ત માની મનુષ્ય, ઉપશાન્ત માયી મનુષ્ય અને ઉપશાન્ત લોભી મનુષ્ય, આ ત્રણે પ્રકારના કથનમાં પણ ઔદયિક અને ઔપશમિક ભાવોના સંયોગથી નિષ્પન્ન સાન્નિપાતિક ભાવ જ ઘટિત થઈ જાય છે. "ઔદયિક ક્ષાયિક સાન્નિપાતિક ભાવ" નામના બીજા ભંગનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે છે–"આ મનુષ્ય ક્ષીણ કષાય છે."

"ઔદયિક ક્ષાયોપશમિક" નામના ત્રીજા સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત– "મનુષ્ય પંચેન્દ્રિય છે." ઔદયિક પારિણામિક નામના ચોથા સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત–"મનુષ્ય જીવ છે."

ઔપશમિક ભાવની સાથે અનુક્રમે ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવના સંયોગથી પાંચમાં, છઠ્ઠા અને સાતમાં સાન્નિપાતિક ભાવ રૂપ ત્રણ ભંગો નિષ્પન્ન થાય છે.

"ઔપશમિક ક્ષાયિક" નામના પાંચમાં સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત– "આ ઉપશાન્ત લોભી દર્શનમોહનીય કર્મનો ક્ષય થઈ જવાથી ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે."

"ઔપશમિક ક્ષાયોપશમિક" નામના છઠ્ઠા સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત–"આ ઉપશાન્ત માની આભિનિબોધિક જ્ઞાની છે."

"ઔપશમિક પારિણામિક" નામના સાતમાં સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત–"ઉપશાન્ત માયા કષાયવાળો ભવ્ય."

ક્ષાયિક ભાવની સાથે અનુક્રમે ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવનો સંયોગ કરવાથી આઠમાં અને નવમાં સાન્નિપાતિક ભાવ રૂપ બે ભંગો બને છે.

"ક્ષાયિક ક્ષાયોપશમિક" નામના આઠમાં સાન્નિપાતિક ભંગનું દૃષ્ટાન્ત– ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ શ્રુતજ્ઞાની અને 'ક્ષીણકષાયી ભવ્ય' ક્ષાયિક પારિણામિક નામના નવમાં સાન્નિપાતિક ભંગના દૃષ્ટાન્ત રૂપ છે.

ક્ષાયોપશમિક ભાવ અને પારિણામિકભાવના સંયોગથી ૧૦ મો સાન્નિપાતિક ભંગ બને છે. "અવધિજ્ઞાની જીવ," આ ભંગના દૃષ્ટાન્ત રૂપ છે.

આ પ્રકારે બે ભાવોના સંયોગથી કુલ ૧૦ ભંગ બને છે. તેમાં જે નવમો ભંગ (ક્ષાયિક પારિણામિક નામનો ભંગ) છે, તે સિદ્ધ જીવોને લાગૂ પડે છે. આ ભંગ જ ખરી રીતે સંભવી શકે છે તેથી આ ભંગ જ શુદ્ધ નિર્દોષ ભંગ રૂપ છે. બાકીના જે નવ ભંગો છે તેમનું તો અહીં વિવક્ષા માત્ર રૂપે જ (પ્રરૂપણા કરવા માટે જ) કથન કરવામાં આવ્યું છે, કારણ કે તે ભાવોમાં અન્ય ભાવોનો સંબંધ પણ શક્ય હોય છે જેમ કે "આ મનુષ્ય ઉપશાન્ત ક્રોધી છે." અહીં મનુષ્યમાં મનુષ્યગતિ નામકર્મનો ઉદય છે, તેથી ઔદયિક ભાવનો સદ્ભાવ છે, અને ક્રોધનો ઉપશમ હોવાથી ઔપશમિક ભાવનો પણ સદ્ભાવ છે. પરન્તુ સાથે સાથે તે મનુષ્યમાં બીજા ભાવો પણ મૌજૂદ હોય છે, કારણ કે સમસ્ત સંસારી જીવોમાં ઓછામાં ઓછા ત્રણ ભાવોનો તો અવશ્ય સદ્ભાવ હોય છે. ॥સૂ૦૧૫૮॥

દ્વિકઆદી ત્રિકસંયોગજ સાંનિપાતિકભાવકા નિરુપણ

ત્રણ ભાવોના સંયોગથી જે સાન્નપાતિક ભાવો બને છે તેમનું સૂત્રકાર હવે નિરૂપણ કરે છે—"તત્થ णं जे ते" ઇત્યાદિ –

શબ્દાર્થ–(तत्थ णं जे ते दसतिगसंजोगा तेणं इमे...) ત્રણ ત્રણ ભાવોના સંયોગથી જે દસ સાન્નિપાતિક ભાવો બને છે તે નીચે પ્રમાણે છે–(अत्थि-णामे उदइयउवसमिय–खइयनिप्फण्णे१) (૧) ઔદયિક, ઔપશમિક અને ક્ષાયિક, આ ત્રણે ભાવોના સંયોગથી બનતો "ઔદયિકૌપશમિક ક્ષાયિક સાન્નિપાતિક ભાવ," (अत्थि णामे उदइयउवसमियखओवसमियनिप्फण्णे) (૨)

ઔદયિક, ઔપશમિક અને ક્ષાયોપશમિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો " ઔદયિકૌપશમિક ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थिणामे उदइयउवसमियपारिणामियनिप्फण्णे३) (૩) ઔદયિક, ઔપશમિક અને પારિણામિક આ ત્રણ ભાવોના સંયોગથી બનતો "ઔદયિકૌપશમિક પારિણામિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थि णामे उदइयखइयखओवसमियनिप्फण्णे) (૪) ઔદયિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थि णामे उदइयखइयपारिणामियनिप्फण्णे) (૫) ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો "ઔદયિક ક્ષાયિક પારિણામિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थि णामे उदइयखओवसमियपारिणामियनिप्फण्णे) (૬) ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોના સંયોગથી બનતો " ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थि णामे उवसमियखइयखओवसमियनिप्फण्णे) (૭) ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો " ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવ. "

(अत्थि णामे उवसमियखइयपारिणामियनिप्फण्णे) (૮) ઔપશમિક, ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો " ઔપશમિક ક્ષાયિક પારિણામિક નામનો સાન્નિપાતિક ભાવ. "

(अत्थिणामे उवसमिय खओवसमिय पारिणामिय निप्फण्णे) (૯) ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો " ઔપશમિક ક્ષાયોપશમિક પારિણામિક નામનો સાન્નિપાતિક ભાવ. "

(अत्थिणामे खइयखओवसमियपारिणामियनिप्फण्णे) (૧૦) ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો " ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક નામનો સાન્નિપાતિક ભાવ. "

પ્રશ્ન-(कयरे से णामे उदइयउवसमियखइयनिप्फण्णे ?) હે ભગવન્ ! ઔદયિકૌપશમિક ક્ષાયિક નામનો જે પહેલો ત્રિકભાવ સંયોગી સાન્નિપાતિક ભાવ છે તે કેવો છે ?

ઉત્તર-(उदइयउवसमियखइयनिप्फण्णे) ઔદયિક ઔપશમિક ક્ષાયિક નામનો જે પહેલો ત્રિકભાવસંયોગી સાન્નિપાતિક ભાવ છે તે આ પ્રકારનો છે-(उदइए त्ति मणुस्से उवसंता कसाया खइयं संमत्तं) મનુષ્ય ગતિ ઔદયિક ભાવ છે, કષાયોનો ઉપશમ ઔપશમિક ભાવ છે અને ક્ષાયિક સમ્યક્ત્વ

ક્ષાયિક ભાવ છે. (एसणं से णामे उदइयउवसमियखइयनिप्फण्णे) આ પ્રકારનો આ ઔદયિકૌપશમિક ક્ષાયિક નિષ્પન્ન નામનો સાન્નિપાતિક ભાવ છે.

પ્રશ્ન–कयरे से णामे उदइयउवसमियखओवसमियनिप्फण्णे ? હે ભગવન્! ઔદયિકૌપશમિક સાન્નિપાતિક ભાવ કેવો છે ?

ઉત્તર–(उदइयउवसमियखओवसमियनिप्फण्णे) ઔદયિકૌપશમિક–ક્ષાયોપશમિક નામનો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે-(उदएत्ति मणुस्से, उवसंता-कसाया, खओवसमियाइं इंदियाइं) મનુષ્ય ગતિ ઔદયિક ભાવ છે, ઉપશાન્ત કષાયો ઔપશમિક ભાવ છે અને ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ છે. (एसणं से णामे उदइयउवसमियखओवसमियनिप्फण्णे) આ પ્રકારનો આ ઔદયિકૌશમિક ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવ છે.

પ્રશ્ન–(कयरे से णामे उदइयउवसमियपारिणामियनिप्फण्णे ? હે ભગવન્! ઔદયિકૌપશમિક પારિણામિક નામનો ત્રીજો સાન્નિપાતિક ભાવ કેવો છે ?

ઉત્તર–(उदइयउवसमियपारिणामियनिप्फण्णे ?) ઔદયિકૌપશમિક પારિણા-મિક નામનો ત્રીજો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે–(उदइयएत्ति मणुस्से, उवसंता कसाया, पारिणामिए जीवे) મનુષ્ય ગતિ ઔદયિક ભાવ છે, કષાયોની ઉપશાન્તિ ઔપશમિક ભાવ છે અને જીવ પારિણામિક ભાવ છે. (एसणं से णामे उदइयउवसमियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનું ઔદયિકૌપશ-મિક પારિણામિક નામના સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(कयरे से णामे उदइयखइयखओवसमियनिप्फण्णे) હે ભગવન્! ઔદયિક ક્ષાયિક અને ક્ષાયોપશમિક આ ત્રણે ભાવોના સંયોગથી બનતા ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક નામના ચોથા સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(उदइयखइयखओवसमियनिप्फण्णे) ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશ-મિક નામના ચોથા સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ આ પ્રકારનું છે–(उदइए त्ति मणुस्से, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं) મનુષ્ય ગતિ ઔદયિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે અને ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે. (एसणं से णामे उदइयखइयखओवसमियनिप्फण्णे) આ પ્રકારનું ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક નામના સાન્નિપાતિક ભેદનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(कयरे से णामे उदइयखइयपारिणामियनिप्फण्णे ?) હે ભગવન્! ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક ભાવોના સંયોગથી બનતા પાંચમાં સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે ?

ઉત્તર–(उदइयखइयपारिणामियनिप्फण्णे) ઔદયિક ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો પાંચમો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે–(उदइए त्ति मणुस्से, खइयं सम्मत्तं, पारिणामिए जीवे) મનુષ્ય ગતિ ઔદયિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે અને જીવ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे खइयपारिणामियनिप्फण्णे) આ પ્રકારનું ઔદયિક ક્ષાયિક પારિણામિક નામના સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(कयरे से णामे उदइयखओवसमियपारिणामियनिप्फण्णे ?) હે ભગવન્! ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણે ભાવોના સંયોગથી બનતા છઠ્ઠા સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(उदइयखओवसमियपारिणामियनिप्फण्णे) ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતા છઠ્ઠા સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ આ પ્રકારનું છે–(उदइए मणुस्से खओवसमिाइं इंदियाइं, पारिणामिए जीवे) મનુષ્યગતિ ઔદયિક ભાવરૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે અને જીવ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे उदइयखओवसमियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનો ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક નામનો સાન્નિપાતિક ભાવ છે.

પ્રશ્ન–(कयरे से णामे उवसमियखइयखओसमियनिप्फण्णे ?) હે ભગવન્! ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક, આ ત્રણેના સંયોગથી બનતા સાતમાં સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(उवसमिय खइयखओवसमियनिप्फण्णे) ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતા સાતમાં સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ આ પ્રકારનું છે–(उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं) ઉપશમિત થયેલા કષાયો ઔપશમિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે અને ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે. (एसणं से णामे उवसमियखइयखओवसमियनिप्फण्णे?) આ પ્રકારનો ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક નામનો સાન્નિપાતિક ભાવ હોય છે.

પ્રશ્ન–(कयरे से णामे उवसमिय खइयपारिणामियनिप्फण्णे?) હે ભગવન્! ઔપશમિક, ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતા આઠમાં સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ કેવું છે?

ઉત્તર–(उवसमियखइयपारिणामियनिप्फण्णे) ઔપશમિક, ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે–(उवसंता कसाया, खइयं सम्मत्तं, पारिणामिए जीवे) ઉપશમિત

થયેલા કષાયો ઔપશમિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે અને જીવ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे उवसमियखइय-पारिणामियनिप्फण्णे) આ પ્રકારનો ઔપશમિક ક્ષાયિક પારિણામિક નામનો સાન્નિપાતિક ભાવ છે.

પ્રશ્ન-(कयरे से णामे उवसमियखओवसमियपारिणामियनिप्फण्णे ?) હે ભગવન્! ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો નવમો સાન્નિપાતિક ભાવ કેવો છે?

ઉત્તર-(उवसमिय खओवसमियपारिणामियनिप्फण्णे) ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો નવમો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે-(उवसंता कसाया, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे) ઉપશમિત કષાયો ઔપશમિક ભાવ રૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે અને જીવ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे उवसमियखओवस-मियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનો ઔપશમિક ક્ષાયોપશમિક અને પારિણા-મિક નામનો સાન્નિપાતિક ભાવ છે.

પ્રશ્ન-(कयरे से णामे खइयखओवसमियपारिणामियनिप्फण्णे ?) હે ભગવન્! ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો દસમો સાન્નિપાતિક ભાવ કેવો છે?

ઉત્તર-(खइय खओवसमियपारिणामियनिप्फण्णे) ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો દસમો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે-(खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे) ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે અને જીવ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे खइय खओवस-मियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનું ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતા દસમાં સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ છે.

ભાવાર્થ-ત્રણ ભાવોના સંયોગથી જે દસ સાન્નિપાતિક ભાવ રૂપ ૧૦ ભંગ બને છે, તેમનું સૂત્રકારે આ સૂત્રમાં નિરૂપણ કર્યું છે ઔદયિક અને ઔપશમિક ભાવોની સાથે અનુક્રમે ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોનો સંયોગ કરવાથી પહેલા ત્રણ ભંગ બન્યા છે.

(૧) "ઔદયિકૌપશમિક સાન્નિપાતિક ભાવ" રૂપ પહેલા ભંગનું ઉદાહરણ આ પ્રમાણે છે-"આ મનુષ્ય ઉપશાન્ત ક્રોધાદિ કષાયવાળો છે અને ક્ષાયિક સમ્યક્દૃષ્ટિ છે." મનુષ્ય પદ અહીં મનુષ્યગતિનું વાચક છે. મનુષ્ય ગતિ ઔદયિક ભાવ રૂપ હોય છે, કારણ કે મનુષ્યગતિ નામકર્મના ઉદયથી

મનુષ્ય ગતિની પ્રાપ્તિ થાય છે. ઉપશાન્ત ક્રોધાદિ કષાયવાળો કહેવાથી ઔપશમિક ભાવ ઘટિત થાય છે અને ક્ષાયિક સમ્યક્ત્વ યુક્ત કહેવાથી ક્ષાયિક ભાવ ઘટિત થાય છે એજ પ્રમાણે બીજા અને ત્રીજા ભંગોનો ભાવાર્થ પણ સમજી શકાય એવો છે.

(૨) "ઔદયિકૌપશમિક ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવ" રૂપ બીજા ભંગનું ઉદાહરણ આ પ્રમાણે છે–

'આ મનુષ્ય ઉપશાન્ત કષાયવાળો પંચેન્દ્રિય જીવ છે.'

(૩) ઔદયિકૌપશમિક પારિણામિક સાન્નિપાતિક ભંગનું ઉદાહરણ.

"આ મનુષ્ય ઉપશાન્ત કષાયવાળો જીવ છે."

ત્યાર પછીનો ચોથો અને પાંચમો ભંગ આ પ્રમાણે બને છે–અહીં ઔદયિકભાવની સાથે ઔપશમિક ભાવ લેવાને બદલે ક્ષાયિક ભાવ લેવો અને ઔદયિક અને ક્ષાયિક ભાવની સાથે અનુક્રમે ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોનો સંયોગ કરવાથી ચોથો અને પાંચમો ભંગ બને છે.

(૪) ઔદયિક ક્ષાયિક ક્ષાયોપશમિક સાન્નિપાતિક ભાવનું ઉદાહરણ "ક્ષીણ કષાયી મનુષ્ય શ્રુતજ્ઞાની."

(૫) ઔદયિક ક્ષાયિક પારિણામિક સાન્નિપાતિક ભાવનું દૃષ્ટાન્ત–"જેના દર્શનમોહનીય આદિ કર્મ ક્ષીણ થઇ ગયાં છે એવો મનુષ્ય જીવ."

જે સાન્નિપાતિકભાવમાં ઔદયિક ભાવની સાથે ઔપશમિક અને ક્ષાયિક, આ બે ભાવોને લેવાને બદલે બાકીના બે ભાવો લેવામાં આવે છે એવો છઠ્ઠો ભંગ નીચે પ્રમાણે છે–" ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક સાન્નિપાતિક ભાવ તેનું દૃષ્ટાન્ત નીચે પ્રમાણે છે–" મનુષ્ય મનોયોગી જીવ છે."

બાકીના ચાર ભંગ આ પ્રકારે બન્યા છે–આ ચારે ભંગમાં ઔદયિકભાવ સિવાયના ચાર ભાવોમાંના ત્રણ ત્રણ ભાવોના સંયોગથી ચાર ભંગ બન્યા છે,

ઔપશમિક અને ક્ષાયિક, આ બે ભાવો સાથે ક્ષાયોપશમિક ભાવના સંયોગથી સાતમો ભંગ અને પારિણામિકભાવના સંયોગથી આઠમો ભંગ બન્યો છે.

નવમાં ભંગમાં ઔપશમિક ક્ષાયોપશમિક અને પારિણામિક ભાવોના સંયોગથી જે સાન્નિપાતિક ભાવ બને છે તે ગ્રહણ કરવો અને દસમાં ભંગમાં ક્ષાયિક ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી બનતો સાન્નિપાતિક ભાવ ગ્રહણ થયો છે. આ પ્રકારે કુલ ૧૦ ભંગ બને છે.

ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક ભાવોના સંયોગથી નિષ્પન્ન પાંચમા સાન્નિપાતિક ભાવનો તો માત્ર કેવલીઓમાં જ સદ્ભાવ હોય છે, કારણ કે

કેવલીઓમાં મનુષ્ય ગતિ રૂપ ઔદયિક ભાવનો, જ્ઞાનદર્શન રૂપ ક્ષાયિક ભાવનો અને જીવત્વ રૂપ પારિણામિક ભાવનો સદ્ભાવ રહે છે આ રીતે કેવલીઓમાં આ ત્રણ ભાવોનો જ સદ્ભાવ રહે છે. તેમનામાં ઔપશમિક ભાવનો સદ્ભાવ હોતો નથી કારણ કે ઔપશમિક ભાવ મોહનીય કર્મના ઉપશમ પર આધાર રાખે છે. કેવલીઓમાં મોહનીય કર્મનો સદ્ભાવ જ હોતો નથી કેવલીઓમાં ક્ષાયોપશમિક ભાવનો પણ સદ્ભાવ હોતો નથી કારણ કે ક્ષાયોપશમિક ભાવ ઇન્દ્રિયાદિ પદાર્થ રૂપ મનાય છે છે ઇન્દ્રિયાદિ રૂપ પદાર્થ કેવલીઓમાં હોતા નથી, કારણ કે તેઓ ઇન્દ્રિયાતીત હોય છે. "अतीन्द्रिया केवलिनः" એવું સિદ્ધાન્તકથન છે. આ કથનનું તાત્પર્ય એ છે કે કેવલીઓનું જ્ઞાન ઇન્દ્રિયાતીત (અતીન્દ્રિય) હોય છે આ પ્રકારે ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક, આ ત્રણે ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો પાંચમો ભંગ માત્ર કેવલીઓમાં જ સંભવી શકે છે.

ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થતા સાન્નિપાતિક ભાવ રૂપ છઠ્ઠો ભંગ નારકાદિ ચારે ગતિઓમાં સંભવી શકે છે, કારણ કે નારકાદિ ગતિઓને ઔદયિક માનવામાં આવે છે. આ ગતિના જીવોમાં જે ઇન્દ્રિયો હોય છે તે ક્ષાયોપશમિક ભાવ રૂપ ગણાય છે. અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ ગણાય છે આ રીતે ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો છઠ્ઠો ભંગ નારકાદિ ચારે ગતિઓમાં સંભવી શકે છે.

પાંચમાં અને છઠ્ઠા ભંગ સિવાયના આઠે ભંગોની કોઇ પણ જગ્યાએ શકયતા હોતી નથી તેથી માત્ર પ્રરૂપણા કરવા નિમિત્તે જ તે ભંગોનું કથન અહીં કરવામાં આવ્યું છે, એમ સમજવું.।।સૂ૦ ૧૫૯।।

ચતુષ્કસંયોગજ સાંનિપાતિક ભાવકા નિરુપણ

ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થતા સાન્નિપાતિક ભાવોનું સૂત્રકાર હવે નિરૂપણ કરે છે–"तत्थणं जे ते पंच" ઇત્યાદિ—

શબ્દાર્થ–(तत्थणं जे ते पंच चउक्कसंजोगा तेणं इमे) ચાર ભાવોના સંયોગથી બનતા ચતુષ્કસંયોગી પાંચ ભંગ બને છે, તે ચતુષ્કસંયોગી પાંચ ભંગો નીચે પ્રમાણે છે–(अत्थिणामे उदइय-उवसमिय–खइय-खओवसमियनिप्फण्णे) પહેલો ભંગ–ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને ક્ષાયોપશમિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો સાન્નિપાતિક ભાવ (अत्थिणामे उदइय, उवसमिय, खइय, पारिणामिय, निप्फण्णे) બીજો ભંગ–ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો સાન્નિપાતિક ભાવ.

(अत्थिणामे उदइय-उवसमिय–खओवसमिय–पारिणामियनिप्फण्णे) ત્રીજો ભંગ–ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો સાન્નિપાતિક ભાવ.

ચોથો ભંગ–(अत्थिणामे उदइय–खइय–खओवसमिय–पारिणामियनिप्फण्णे) ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો સાન્નિપાતિક ભાવ.

પાંચમો ભંગ-(अत्थिणामे उवसमिय–खइय खओवसमिय–पारिणामिय

निप्फण्णे) औपशमिक, क्षायिक, क्षायोपशमिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी बनतो सान्निपातिक भाव.

प्रश्न-(कयरे से णामे उदइयउवसमियखइयखओवसमियनिप्फण्णे?) हे भगवन्! औदयिक, औपशमिक, क्षायिक अने क्षायोपशमिक, आ चार भावोना संयोगथी बनता सान्निपातिक भाव રૂપ પહેલા ભંગનું સ્વરૂપ કેવું છે?

उत्तर-(उदइय उवसमियखइयखओवसमियनिप्फण्णे) औदयिक, औपशमिक, क्षायिक अने क्षायोपशमिक, आ चार भावोना संयोगथी જે સાન્નિપાતિક ભાવ રૂપ ભંગ બને છે તે આ પ્રકારનો છે-(उदइयत्ति मणुस्से, उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं) આ સાન્નિપાતિક ભાવમાં મનુષ્ય ગતિ औदयिक भाव રૂપ છે, ઉપશાન્ત કષાય औपशमिक भाव રૂપ છે, क्षायिक सम्यक्त्व क्षायिक भाव રૂપ છે અને ઇન્દ્રિયો क्षायोपशमिक भावરૂપ છે. (एस णं से णामे उदइय उवसमियखइयखओवसमियनिप्फण्णे) આ પ્રકારનો તે औदयिक, औपशमिक, क्षायिक अने क्षायोपशमिक, आ चार भावोना संयोगथी बनतो सान्निपातिक भाव छे.

प्रश्न-(कयरे से णामे उदइयउवसमियखइयपारिणामियनिप्फण्णे) हे भगवन्! औदयिक, औपशमिक, क्षायिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी निष्पन्न थतो જે સાન્નિપાતિક ભાવરૂપ બીજો ભંગ છે તેનું સ્વરૂપ કેવું છે?

उत्तर-(उदइयउवसमियखइय पारिणामियनिप्फण्णे) औदयिक, औपशमिक क्षायिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी बनता सान्निपातिक भावनुं स्वरूप आ प्रकारनुं छे-(उदइए त्ति मणुस्से, उवसंता कसाया, खइयं सम्मत्तं, पारिणामिए जीवे) આ સાન્નિપાતિક ભાવમાં મનુષ્યગતિ औदयिक भाव રૂપ છે, ઉપશાન્ત કષાયો औपशमिक भाव રૂપ છે, क्षायिक सम्यक्त्व क्षायिक भाव રૂપ છે અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे उदइयउवसमियखइयपारिणामियनिप्फण्णे) આ પ્રકારનું औदयिक औपशमिक क्षायिक अने पारिणामिक આ ચાર ભાવોના સંયોગથી બનેલા સાન્નિપાતિક ભાવ રૂપ બીજા ભંગનું સ્વરૂપ છે.

प्रश्न-(कयरे से णामे उदइयउवसमियखओवसमियपारिणामियनिप्फन्ने) हे भगवन्! औदयिक, औपशमिक,, क्षायोपशमिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी बनता सान्निपातिक भाव રૂપ ત્રીજા ભંગનું સ્વરૂપ કેવું છે?

उत्तर-(उदइयउवसमियखओवसमियपारिणामियनिप्फण्णे) औदयिक, औपशमिक क्षायोपशमिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी बनतो त्रीजे सान्निपातिक भाव आ प्रकारनो छे-(उदइएत्ति मणुस्से, उवसंता कसाया, खओवसमियाइं इंदियाइं. पारिणामिए जीवे) त्रीजा प्रकारना सान्निपातिक भावमां मनुष्यगति औदयिक भाव રૂપ છે, ઉપશાન્ત કષાયો औपशमिक भाव રૂપ છે, ઇન્દ્રિયો क्षायोपशमिक भाव રૂપ છે અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से णामे उदइयउवसमियखओवसमियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનો આ "औदयिकौपशमिक क्षायोपशमिक पारिणामिक" नामनो त्रीजे ભંગ છે.

प्रश्न-(कयरे से णामे उदइयखइयखओवसमियपारिणामियनिप्फण्णे?) हे भगवन्! औदयिक, क्षायिक क्षायोपशमिक अने पारिणामिक, आ चार भावोना संयोगथी बनता चोथा प्रकारना सान्निपातिक भावनुं स्वरूप केवुं छे.

ઉત્તર–(उदइयखइयखओवसमियपारिणामियनिप्फण्णे) ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતા સાન્નિપાતિક ભાવનું સ્વરૂપ આ પ્રકારનું છે, એટલે કે ચોથો ભંગ આ પ્રકારનો છે–(उदइए त्ति मणुस्से, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे) આ ચોથા પ્રકારના સાન્નિપાતિક ભાવમાં મનુષ્યગતિ ઔદયિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ-રૂપ છે અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે. (एस णं से णामे उदइयखइय-खओवसमियपारिणामियनिप्फण्णे) આ પ્રકારનું ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશ-મિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતા "ઔદયિક ક્ષાયોપશમિક પારિણામિક" નામના ચોથા ભંગનું સ્વરૂપ છે.

પ્રશ્ન–(कयरे से णामे उवसमियखइयखओवसमियपारिणामियनिप्फन्ने?) હે ભગવન્! ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો પાંચમાં પ્રકારનો સાન્નિપાતિક ભાવ કેવો છે?

ઉત્તર–(उवसमियखइयखओवसमियपारिणामियनिप्फण्णे) ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો પાંચમો ભંગ આ પ્રકારનો છે–(उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं' पारिणामिए जीवे) આ સાન્નિપાતિક ભાવમાં ઉપશાન્ત કષાયો ઔપશમિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે. (एसणं से नामे उवसमियखइयखओवसमिय, पारिणामियनिप्फण्णे) આ પ્રકારનો ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી બનતો "ઔપશમિક ક્ષાયિક ક્ષાયોપશમિક પારિણામિક" નામનો પાંચમો ભંગ સમજવો.

ભાવાર્થ–ચાર ચાર ભાવોના સંયોગથી બનતા પાંચ ભંગોનું સૂત્રકારે આ સૂત્ર દ્વારા નિરૂપણ કર્યું છે. પહેલો ભંગ આ પ્રકારે બન્યો છે–પાંચ ભાવે.માંના છેલ્લા પારિણામિક ભાવ સિવાયના સંયોગથી પહેલો ભંગ બન્યો છે.

બીજો ભંગ–ક્ષાયોપશમિક ભાવ નામના ચોથા ભાવને છોડીને બાકીના ચાર ભાવોના સંયોગથી બીજો ભંગ બન્યો છે.

ત્રીજો ભંગ–ક્ષાયિક ભાવ નામના ત્રીજા ભાવ સિવાયના ચારે ભાવોના સંયોગથી ત્રીજો ભંગ બન્યો છે.

ચોથો ભંગ–ઔપશમિક નામના બીજા ભાવને છોડી દઈને બાકીના ચાર ભાવોના સંયોગથી ચોથો ભંગ બન્યો છે.

પાંચમો ભંગ–ઔદયિક નામના પહેલા ભાવને છોડી દઈને બાકીના ચાર ભાવોના સંયોગથી પાંચમો ભંગ બન્યો છે.

ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી જે ત્રીજો ભંગ બને છે–જે ત્રીજા પ્રકારનો સાન્નિપાતિક ભાવ નિષ્પન્ન થાય છે તેનો નારક આદિ ચારે ગતિઓમાં સદ્ભાવ હોય છે ત્યાં નારક આદિ ગતિ ઔદયિક ભાવ રૂપ છે. આ ગતિઓમાં પ્રથમ સમ્યક્ત્વના પ્રાપ્તિ કાળે જ ઉપશમ ભાવનો સદ્ભાવ હોય છે, મનુષ્ય ગતિમાં તો ઉપશમ શ્રેણીમાં ઔપશમિક સમ્યક્ત્વનો સદ્ભાવ હોય છે ઇન્દ્રિયો ક્ષાયોપ-

શમિક ભાવ રૂપ અને જીવત્વ પારિણામિક ભાવરૂપ હોય છે. આ પ્રકારે ત્રીજો ભંગ બધી ગતિઓમાં શક્ય બને છે. આ સૂત્રમાં "उदइएत्ति मणुस्से उवसंता कसाया" આ પ્રકારનો જે પાઠ આપવામાં આવ્યો છે તે મનુષ્ય ગતિની અપેક્ષાએ આપવામાં આવ્યો છે. ઉપશમ શ્રેણીમાં મનુષ્યત્વનો ઉદય અને કષાયોનો ઉપશમ હોય છે. મૂલોક્ત પાઠ ઉપલક્ષણ છે એવું સમજવું જોઇએ.

એજ પ્રમાણે ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ ચાર ભાવોના સંયોગથી જે ચોથો ભંગ બને છે, તેનો પણ નારક આદિ ચારે ગતિઓમાં સંભવ હોય છે, એમ સમજવું ત્રીજા ભંગના જેવું જ કથન અહીં પણ સમજવું જોઈએ, પરન્તુ ત્રીજા ભંગમાં જે ઉપશમ સમ્યક્ત્વ કહ્યું છે તેને બદલે અહીં ક્ષાયિક સમ્યક્ત્વ સમજવું જોઇએ ચારે ગતિઓમાં ક્ષાયિક સમ્યક્ત્વનો સદ્ભાવ સંભવી શકે છે. નારક, તિર્યંચ અને દેવ, આ ત્રણ ગતિઓમાં પૂર્વપ્રતિપન્ન જીવમાં જ ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. પરન્તુ મનુષ્યગતિમાં તો પૂર્વપ્રતિપન્નમાં અને પ્રતિપદ્યમાનમાં ક્ષાયિક સમ્યક્ત્વ હોય છે. આ પ્રકારે અહીં ત્રીજો અને ચોથો, આ બે ભંગ જ વાસ્તવિક રૂપે વસ્તુગત સંભવિત હોય છે બાકીના ત્રણ ભંગો વાસ્તવિક રૂપે તો સંભવિત જ નથી છતાં પ્રરૂપણા કરવાના હેતુથી જ અહીં તે ભંગોનું નિરૂપણ કરવામાં આવ્યું છે. ॥સૂ૦૧૬૦॥

પાંચ ભાવોના સંયોગથી જે સાન્નિપાતિક ભાવ નિષ્પન્ન થાય છે, તેની સૂત્રકાર હવે પ્રરૂપણા કરે છે—"तत्थ णं जे से एक्के" ઇત્યાદિ—

શબ્દાર્થ–(तत्थणं जे से एक्के पंचगसंजोगे से णं इमे) પાંચે ભાવોના સંયોગથી જે એક ભંગ બને છે તે આ પ્રમાણે છે-(अत्थिणामे उदइयउवस-

પંચક સંયોગજ સાંનિપાતિક ભાવકા નિરુપણ

मिय खइयखओवसमियपारिणामियनिप्फण्णे) ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ પાંચે ભાવોના સંયોગથી બનતો "ઔદયિકૌપશમિક–ક્ષાયિક ક્ષાયોપશમિક" નામનો સાન્નિપાતિક ભાવ, આ એક જ ભંગ બને છે.

પ્રશ્ન–(कयरे से णामे उदइयउवसमियखइयखओवसमियपारिणामियनिप्फण्णे ?) હે ભગવન્ ! ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો સાન્નિપાતિક ભાવ કેવો છે ?

ઉત્તર–(उदइयउवसमियखओवसमियपारिणामियनिप्फण्णे) ઔદયિક, ઔપશમિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક, આ પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થતો સાન્નિપાતિક ભાવ આ પ્રકારનો છે-(उदइएत्ति मणस्से, उवसंता कसाया, खइयं सम्मत्तं, खओवसमियाइं इंदियाइं, पारिणामिए जीवे) આ સાન્નિપાતિક ભાવમાં મનુષ્યગતિ ઔદયિક ભાવ રૂપ છે, ઉપશાન્ત કષાયો ઔપશમિક ભાવ રૂપ છે, ક્ષાયિક સમ્યક્ત્વ ક્ષાયિક ભાવ રૂપ છે, ઇન્દ્રિયો ક્ષાયોપશમિક ભાવ રૂપ છે અને જીવત્વ પારિણામિક ભાવ રૂપ છે.

(एस णं से णामे जाव परिणामियनिप्फण्णे, से तं सन्निवाइए, से तं छण्णामे) આ પ્રમાણે આ પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ આ નામનું સાન્નિપાતિક સ્વરૂપ છે અહીં સુધી ઔદયિક ભાવથી માંડીને પારિણામિક ભાવ સુધીના પાંચ ભાવોના સંયોગથી જેટલા સાન્નિપાતિક ભાવો નિષ્પન્ન થાય છે. તેમનું પ્રતિપાદન કર્યું છે. આ પ્રમાણે આ છ પ્રકારના નામનું સ્વરૂપ-કથન પુરૂં થયું છે.

ભાવાર્થ-સૂત્રકારે આ સૂત્ર વડે પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ સાન્નિપાતિક ભાવનું કથન કર્યું છે. આ પંચક સંયોગ રૂપ સાન્નિપાતિક ભાવ તેમને જ સંભવે છે કે જે ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ થઈને ઉપશમ શ્રેણી પર ચઢે છે. બીજાઓને નહિ કારણ કે તેમને આ સન્નિપાતિભાવ પંચક રૂપ સાન્નિપાતિક ભાવનો અભાવ હોય છે અહીં એમ સમજવું જોઈએ કે દ્વિક-સંયોગમાં ક્ષાયિક અને પારિણામિક આ બે ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ જે આ નવમો ભંગ છે તે તેમજ ત્રિકસંયોગમાં ઔદયિક ક્ષાયિક, અને પારિણામિક આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ આ નામનો પાંચમો ભંગ અને ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક એ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ છઠો ભંગ તેમજ ચતુષ્ક સંયોગમાં ઔદયિક, ઔપશમિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ આ નામનો ત્રીજો ભંગ અને ઔદયિક, ક્ષાયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ આ નામે ચોથો ભંગ તથા પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ એક આ નામે ભંગ એ છ ભંગો જીવોમાં વાસ્તવિક રૂપે મળે છે અને એમના સિવાય જે ૨૦ ભંગો છે. તે વાસ્તવિક રૂપે પ્રાપ્ત થતા નથી આમ સમજવું જોઈએ ૨૦ ભંગો જ્યારે ભવ્યત્વ રહિત છે તો પછી એમનું કથન શા માટે કરવામાં આવ્યું છે ? આ શંકાનું નિરાકરણ આ પ્રમાણે છે કે આ ૨૦ ભંગો યોગ પ્રદર્શનના નિમિત્તથી કહેવામાં આવ્યા છે. એટલે કે આ પાંચ ભાવોના યોગથી કેવી રીતે કેટલા ભંગો થઈ શકે છે? આ સ્પષ્ટ કરવાના ઉદ્દેશથી જ કહેવામાં આવ્યાં છે. 'षण्णाम' સૂત્રમાં જે દ્વિકસંયોગ, ત્રિક-સંયોગ, ચતુષ્ક સંયોગ અને પંચક સંયોગ રૂપ ભંગો છે તે સિદ્ધોમાં કેવલિઓમાં, ચારે ગતિઓમાં અને ઉપશાંત મોહવાળા માણુસોમાં મળે છે. આમ સમજવું જોઈએ એટલે કે દ્વિકસંયોગવાળા ભંગોમાં જે ક્ષાયિક પારિ-ણામિક ભાવદ્વયથી નિષ્પન્ન નવમો ભંગ છે. તે સિદ્ધોમાં પ્રાપ્ત થાય છે. ત્રિકસંયોગવાળા ભાગોમાં જે ઔદયિક, ક્ષાયિક અને પારિણામિક આ ત્રણ ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ પંચમ ભંગ છે, તે કેવલિઓમાં પ્રાપ્ત થાય છે. ઔદયિક, ક્ષાયોપશમિક અને પારિણામિક આ ત્રણ ભાવોના સંયો-ગથી નિષ્પન્ન છઠો ભંગ ચારે ગતિઓમાં પ્રાપ્ત થાય છે ચતુષ્ક સંયોગવાળા ભંગોમાં ઔદયિક ઔપશમિક-ક્ષાયોપશમિક અને પારિણામિક આ ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ ત્રીજો ભંગ તેમજ ઔદયિક, ક્ષાયિક,

ક્ષાયોપશમિક અને પારિણામિક આ ચાર ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ ચોથો ભંગ આ બન્ને ભંગો પણ ચારે ગતિઓમાં પ્રાપ્ત થાય છે. તેમજ પાંચે ભાવોના સંયોગથી નિષ્પન્ન થયેલ એક ભંગ ઉપશાંત મોહી માણસોમાં જ પ્રાપ્ત થાય છે. આ વિષે સવિસ્તર વિવેચન પોતપોતાના ભંગ-સ્વરૂપમાં જોઈ લેવું જોઇએ આ પ્રમાણે સાન્નિપાતિક ભાવનું કથન છે. આ ભાવને કહ્યા બાદ છએ છ ભાવો કથિત થઈ ગયા. આ ભાવોનું કથન તેમના વાચકનામો વગર સંભવે જ નહિ એટલા માટે તે ભાવોના વાચક ઔદયિક વગેરે નામોનું પણ અહીં કથન થયું છે. આ છ નામોથી પણ ધર્માસ્તિકાયાદિક સમસ્ત વસ્તુઓનું ગ્રહણ થઈ જાય છે એટલા માટે આ બધી વસ્તુઓના છ પ્રકારના નામો હોવાથી છ નામો આ પ્રમાણે કહેવામાં આવ્યાં છે. ॥સૂ૦૧૬૧॥

સપ્તનામકા નિરુપણ

હવે સૂત્રકાર સપ્તનામની પ્રરૂપણા કરે છે.

"से किं तं सत्तनामे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ-(से किं तं सत्तनामे ?) હે ભદંત ! સપ્તનામ શું છે ? તે બતાવતાં કહે છે તે (सत्त सरा पण्णत्ता) સાત સ્વર સ્વરૂપ પ્રજ્ઞપ્ત થયેલ છે. એટલે કે સાત સ્વર જ સપ્તનામો છે. (तंजहा) તે સાત સ્વરો આ પ્રમાણે છે-(सज्जे रिभवे, गंधारे, मज्झिमे, पंचमे, सरे। धेवए चेव निस्साए सरा सत्त वियाहिया) ષડ્જ ઋષભ, ગાંધાર, મધ્યમ, પંચમ ધૈવત અને નિષાદ. નાસિકા, કંઠ, ઉરસ્થાન, તાલુ, જિહ્વા અને દંત આ છ સ્થાનોથી ઉત્પન્ન થવાના કારણથી પ્રથમ સ્વર ષડ્જ કહેવાય છે ઉક્તંચ પછી " नासा कण्ठ " વગેરે શ્લોક વડે એજ વાત સ્પષ્ટ કરવામાં આવી છે. ઋષભ બળદનું નામ છે. બળદના સ્વરની જેમ જે સ્વર હોય છે તેનું નામ ઋષભ છે. આનું લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે-નાભિસ્થાનથી જે વાયુ ઉપર ઉઠે છે તે કંઠ અને શીર્ષમાં જઈને અથડાય અને તેથી બળદની જેમ અવાજ થાય છે. એટલા માટે જ આ સ્વરનું નામ ઋષભ છે. ગંધને જે સ્વર પ્રાપ્ત કરે છે તેનું નામ 'ગાંધાર' સ્વર છે. આનું લક્ષણ આ પ્રમાણે સ્પષ્ટ કરવામાં આવ્યું છે. જે વાયુ નાભિસ્થાનથી ઉપર ઉઠીને હૃદય અને કંઠ સ્થાનમાં અથડાય છે તેમજ વિવિધ જાતના ગંધોનું વહન કરે છે એટલા માટે હૃદય અને કંઠને અથડાયા પછી જે સ્વર ઉત્પન્ન થાય છે તેનું નામ ગાન્ધાર છે. શરીરની વચ્ચે જે સ્વર હોય છે તેનું નામ મધ્યમ સ્વર છે આનું લક્ષણ આ પ્રમાણે છે નાભિસ્થાનથી ઉત્પન્ન થયેલ વાયુ

ઉરસ્થળ અને હૃદયમાં અથડાય છે અને પછી નાભિસ્થાનમાં આવીને મોટો અવાજ ઉત્પન્ન કરે છે, એટલા માટે આ સ્વરનું નામ મધ્યમસ્વર છે. અથવા પહેલાની જેમ જ ઉપરની તરફ ઉઠતો વાયુ ઉરસ્થળ અને કંઠમાં અથડાય છે પછી નાભિસ્થાનમાં પહોંચીને બહુ મોટો અવાજ ઉત્પન્ન કરે છે. આ પ્રમાણે મધ્યસ્થ હોવા બદલ આ સ્વર મધ્યમ કહેવાય છે. ષડ્ જ વગેરે સ્વરોમાં આ સ્વર પાંચમી સંખ્યાને પૂરે છે એટલા માટે આ સ્વરનું નામ પંચમસ્વર છે. અથવા નાભિ વગેરે પાંચ સ્થાનોમાં આ સ્વર સમાવિષ્ટ થઈ જાય છે. એથી આ સ્વર પંચમસ્વર કહેવાય છે આનું લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે નાભિસ્થાનમાંથી જે વાયુ ઉત્પન્ન થાય છે તે વક્ષસ્થળ હૃદય કંઠ અને મસ્તકમાં અથડાઈને પંચમસ્થાનમાં ઉત્પન્ન થાય છે. એટલા માટે આનું નામ આ પ્રમાણે રાખવામાં આવ્યું છે. જે સ્વર બાકી રહેલા સ્વરોનું અનુસંધાન કરે છે તે "ધૈવત" છે. અથવા સંગીત વિશારદોનો જે સ્વર છે. તે ધૈવત છે આનું લક્ષણ આ પ્રમાણે કહેવામાં આવ્યું છે. "अभिसन्धयते इत्यादि" આ શ્લોકનો અર્થ સ્પષ્ટ જ છે. જેમાં સ્વર સ્થિર થાય છે તેનું નામ નિષાદ સ્વર છે. આ સ્વર બધા સ્વરોને પરાભૂત કરે છે કેમ કે આનો દેવ આદિત્ય છે જે આ સાત સ્વર છે તે જીવ અને અજીવ બન્ને ને આશ્રિત રહે છે. આમ તીર્થંકર ભગવંતોએ કહ્યું છે.

શંકા–કાર્ય કારણોને અધીન હોય છે. આ સાત સ્વર રૂપ કાર્યના કારણો જિહ્વા વગેરે છે. આ જિહ્વા વગેરે કારણો દ્વીન્દ્રિય વગેરે ત્રસ જીવો અસંખ્યાત હોવાથી અસંખ્યાત છે અજીવ નિશ્રિત સ્વરોના વિષયની તો વાત જ શી કરવી? એટલા માટે સ્વરોના સાત પ્રકારો યોગ્ય કહેવાય નહિ.

ઉત્તર–વિશેષની અપેક્ષાથી સ્વર જો કે અસંખ્યાત છે છતાં એ આ બધા અસંખ્યાત સ્વરો સામાન્ય રૂપથી આ સાત સ્વરોમાં જ અન્તર્ભૂત થઇ જાય છે. અથવા સૂત્રકારે જે 'સાત સ્વરો છે' આમ કહ્યું તે સ્થૂલ સ્વરો અને ગીતને લઈને કહ્યું છે આમ જાણવું જોઈએ કેમ કે બીજા જેટલા સ્વરો છે તે બધા એજ સાત સ્વરોમાં સમાવિષ્ટ થઈ જાય છે એટલા માટે સ્વર સાત છે આ જાતના કથનમાં કોઈ પણ જાતનો દોષ નથી. ॥સૂ૦૧૬૨॥

કારણદર્શકપુર્વક સ્વરોકા નિરુપણ

આ પ્રમાણે સ્વરોનું નામની અપેક્ષાએ કથન કરીને હવે સૂત્રકાર તેજ સ્વરોનું કારણની અપેક્ષાએ કથન કરે છે–

"एएसिं णं सत्तण्हं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(एएसिं णं) આ (सत्तसराणं) સાત સ્વરોના (सत्त) સાત (सरट्ठाणा) સ્વરસ્થાનો (पण्णत्ता) કહેવામાં આવ્યાં છે. (तंजहा) તે આ પ્રમાણે છે (सज्जं च अग्गजीहाए) જીભના અગ્રભાગથી ષડ્જ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ (उरेणं रिसहं सरं) વક્ષસ્થળથી ઋષભ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ. (कंठुग्गएणं गंधारं) કંઠના અગ્રભાગથી ગાંધાર સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ (मज्झजीहाए मज्झिमं) જીભના મધ્યભાગથી મધ્યમ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ. (नासाए पंचमं) નાકથી પંચમસ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ. (दंतोट्ठेण य धेवयं) દન્તોષ્ઠથી ધૈવત સ્વરનું ઉચ્ચારણ કરવું જોઇએ (मुद्धाणेणं च णेसायं बूया) અને મૂર્ધાથી નિષાદ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઈએ. (सरट्ठाणा वियाहिया) આ પ્રમાણે સાત સ્વર સ્થાનોનું કથન કરવામાં આવ્યું છે.

(सत्तसरा जीवणिस्सिया पण्णत्ता) સાત સ્વરો જીવનિશ્રિત કહેવામાં આવ્યા છે (तंजहा) તે આ પ્રમાણે છે–(सज्जं रवइ मउरो) ષડ્જ સ્વર મયૂર–મોર–બોલે છે. (कुक्कुडो रिसहं सरं) કુકડો ઋષભ સ્વર બોલે છે. (मज्झिमं य गवेलगा) ગવેલક–મેષ–મધ્યમ સ્વર બોલે છે (अह कुसुमसंभवे काले कोइला पंचमं सरं) પુષ્પોત્પત્તિ કાલમાં–કોયલ પંચમસ્વર બોલે છે. (छट्ठं च सारसा कोंचा) છઠો ધૈવત સ્વર સારસ અને–ક્રૌંચપક્ષી વિશેષ બોલે છે. (सत्तमं नेसायं गया) સાતમો નિષાદ સ્વર હાથી બોલે છે (सत्तसरा अजीवनिस्सिया पण्णत्ता) સાત સ્વરો અજીવ નિશ્રિત કહેવામાં આવ્યા છે (तंजहा) તે આ પ્રમાણે છે–सज्जं रवइ मुयंगो) ષડ્જ સ્વર મૃદંગમાંથી નીકળે છે. (गोमुही रिसहं सरं) ગોમુખી–વાદ્ય વિશેષમાંથી ઋષભ સ્વર નીકળે છે. (संखो गंधारं रवइ) શંખમાંથી ગાંધાર સ્વર નીકળે છે. (झल्लरी मज्झिमं) ઝાલરમાંથી મધ્યમ સ્વર નીકળે છે. (चउचरणपइट्ठाणा गोहिया) ચારે પગ જેના જમીન પર મૂકવામાં આવે છે. એની ગોધિકા–વાદ્ય વિશેષમાંથી (पंचमं सरं) પંચમ સ્વર નીકળે છે (आडंबरो धेवयं) આડંબરમાંથી ધૈવત સ્વર નીકળે છે. (महाभेरीय सत्तमं) અને મહાભેરીમાંથી સાતમો જે નિષાદ નામે સ્વર છે કે નીકળે છે.

ભાવાર્થ–આ સૂત્ર વડે સૂત્રકારે સાત સ્વરોના સ્થાનોનું કથન કર્યું છે. ષડ્જ વગેરે સાત સ્વર જે જે સ્થાન વિશેષથી ઉત્પન્ન થાય છે. તે જિહ્વાગ્ર ભાગ વગેરે સાત સ્વરોત્પાદક સ્થાનો છે નાભિસ્થાનથી ઉત્થિત થયેલ અભિકારી સ્વર આભોગ (જાણ) થી કે અનાભોગ (અજાણ)થી જિહ્વા વગેરે સ્થાન સુધી પહોંચીને પોતાની જાતમાં એક વિશેષતા મેળવી લે છે. એટલા માટે જિહ્વા વિગેરે સ્થાન તે સ્વર માટે ઉપકારક હોય છે. એથી તે તે સ્વરનું સ્થાન કહેવાય છે. સૂત્રકારે એજ સાત સ્વર સ્થાનોનું અહીં સ્પષ્ટીકરણ કર્યું છે ષડ્જ સ્વર જિહ્વાગ્ર ભાગથી ઉચ્ચરિત કરવામાં આવે છે તેથી તેનું નામ જિહ્વાગ્ર ભાગ છે.

શંકા–ષડ્જ સ્વરનો ઉચ્ચાર કરતાં કંઠ વગેરે સ્થાનોના પણ આધાર લેવા પડે છે. તેમજ અગ્રજિહ્વા બીજા પણ કેટલાક સ્વરોના ઉચ્ચારણ માટે સહાયભૂત હોય છે. તો પછી ષડ્જ વગેરે સ્વરોમાંથી એક એક સ્વરનું અગ્રજિહ્વા વગેરે રૂપ એક એક સ્થાન પ્રતિનિયત કેવી રીતે કહેવાય?

ઉત્તર–જો કે ષડ્જ વગેરે બધા સ્વરો જિહ્વાગ્ર ભાગ વગેરે બધાં સ્થાનોનો ઉપયોગ કરે છે. છતાં એ વિશેષ રૂપથી દરેક સ્વર જિહ્વાગ્ર ભાગાદિક સ્થાનોમાંથી કોઈ એક સ્થાનને સમાશ્રિત કરીને જે વ્યક્ત (ઉચ્ચરિત) થાય છે. એટલા માટે તે સ્વરનું તે સ્થાન કહેવાય છે એજ અભિપ્રાયને લઈને અહીં સૂત્રકારે દરેક સ્વરનું એક એક સ્થાન કહ્યું છે. વક્ષસ્થળથી ઋષભ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઈએ આ કથનથી એજ વાત સ્પષ્ટ થાય છે કે ઋષભ સ્વરનું સ્થાન વક્ષસ્થળ છે સ્વરની નિષ્પત્તિમાં હેતભૂત જે ક્રિયા કંઠથી થાય છે, તેનું નામ કંઠોદ્ગત છે. એનાથી ગાંધાર સ્વર ઉચ્ચરિત થાય છે એથી ગાંધાર સ્વરનું નામ કંઠ છે. જિહ્વાના મધ્ય ભાગથી મધ્યમ સ્વરનું ઉચ્ચારણ થાય છે. એથી જિહ્વાનો મધ્ય ભાગ મધ્યમ સ્વરનું સ્થાન છે નાકથી પંચમ સ્વરનું ઉચ્ચારણ કરવું જોઈએ આ કથનથી આ વાત સ્પષ્ટ થાય છે કે પંચમ સ્વરનું સ્થાન નાસિકા છે. દન્તોષ્ઠ ક્રિયાથી ધૈવત સ્વર બોલવો જોઈએ આ કથનથી એજ વાત જણાય છે કે ધૈવત સ્વરનું સ્થાન દન્તોષ્ઠ છે મૂર્ધાથી નિષાદ સ્વર બોલવો જોઈએ એથી એ વાત જણાય છે કે, નિષાદ સ્વરનું સ્થાન મૂર્ધા છે એ જિહ્વાગ્ર ભાગ વગેરે સપ્તસ્વર સ્થાનો ભગવાને કહ્યા છે.

આ પ્રમાણે સપ્તસ્વરોના સ્થાન વિષે માહિતી આપીને સૂત્રકાર ફરી એ બતાવે છે કે–કયા કયા જીવો કયા કયા સ્વરથી બોલે છે? "ગવેલક"માં ગૌ અને એલક એ બે પ્રાણીઓ છે અથવા ગવેલકનો અર્થ મેષ પણ છે. કુસુમ સંભવકાલ એટલે વસંત ઋતુ છે જેનાં મુખ પર ગોશૃંગ, વગેરે સ્થાપિત કરવામાં આવે છે તેમજ જેનું બીજું નામ 'કાહલા' છે તે વાદ્યવિશેષ 'ગોમુખી' કહેવાય છે ચતુશ્ચરણ પ્રતિષ્ઠાના ગોધિકા પણ એક વાદ્યવિશેષ છે એનું નામ 'દર્દરિકા' છે. એ ચામડાથી બનાવેલું હોય છે 'આડંબર' પટહને કહે છે. જો કે મૃદંગ વગેરેથી ઉત્પન્ન સ્વરોમાં નાભિ, ઉરસ, કંઠ વગેરેથી ઉત્પત્તિ રૂપ વ્યુત્પત્યર્થ નીકળતો નથી, છતાં એ મૃદંગ વગેરે વાદ્યોથી ષડ્જ વગેરે સ્વરોની જેમ જ સ્વર ઉત્પન્ન થાય છે. એથી તેમને મૃદંગ રૂપ અજીવથી નિશ્રિત કહ્યા છે.॥સૂ૦૧૬૩॥

હવે સૂત્રકાર એ સાત સ્વરોના લક્ષણો કરે છે—

"एएसिं णं सत्तण्हं" ઇત્યાદિ—

શબ્દાર્થ–(एएसि णं सत्तण्हं सराणं) એ સાત સ્વરોના (सरलक्खणा) स्वरलक्षणम्–તે તે ગુણની પ્રાપ્તિની અપેક્ષાએ સ્વરતત્ત્વ (सत्त) સાત (पण्णत्ता) કહેવામાં આવ્યા છે (तंजहा) તેઓ આ પ્રમાણે છે (सज्जेण वित्तं लहई) ષડ્જ સ્વરથી માણસ આજીવિકા પ્રાપ્ત કરે છે (कयंच ण विणस्सइ) તેમજ ષડ્જ સ્વરવાળી વ્યક્તિ એના કૃતકર્મો નાશ પામતા નથી અર્થાત્ કાર્ય સિદ્ધ કરે છે. (गावो पुत्ता य मित्ता य नारीणं होइ वल्लहो) આને ગાયો પુત્ર અને મિત્ર હોય છે. સ્ત્રીઓને એ બહુજ પ્રિય હોય છે (रिसहेण उ एसिज्जं) ઋષભ સ્વરથી માણસ ઐશ્વર્ય–ઇશન શક્તિ સંપન્ન–હોય છે. (सेणावच्चं धणाणि य) આ સ્વરના પ્રભાવથી સેનાપતિત્વને, ધનને, (वत्थगंधमलंकारं इत्थिओ सयणाणिय) વસ્ત્રો, ગંધપદાર્થો, અલંકારો, સ્ત્રીઓ, તેમજ શયનોને મેળવે છે. (गंधारे गीय जुत्तिण्णा) ગાન્ધાર સ્વરથી ગાનારા માણસો (वज्जवित्ती कलाहिया) શ્રેષ્ઠ આજીવિકાવાળા હોય છે તેમજ કલાવિદોમાં શ્રેષ્ઠ ગણાય છે. (कइणोवण्णा हवंति) કાવ્યકાર હોય છે અથવા 'कइणो–कृतिनः' આ છાયા પક્ષમાં કર્તવ્યશીલ હોય છે પ્રાજ્ઞઃ–સદ્બોધ સંપન્ન હોય છે. (जे अण्णे सत्थपारगा) તેમજ પૂર્વોક્ત ગીત યુક્તિજ્ઞ વગેરેથી જે ભિન્ન હોય છે તેઓ સકલ શાસ્ત્રોમાં નિષ્ણાત છે. (मज्झिमसरसंपन्ना) જેઓ મધ્યમ સ્વર સંપન્ન હોય છે તેઓ (सुहजीविणो हवंति) સુખજીવિ હોય છે. (लायई पियई देई, मज्झिमस्सरमस्सिओ) સુખજીવી કેવી રીતે હોય છે ? એજ વાતને સૂત્રકાર હવે સ્પષ્ટ કરે છે–કે તેઓ પોતાની ઇચ્છા મુજબ તૃપ્તિદાયક સુસ્વાદુ ભોજન મેળવે છે. દૂધ વગેરે પીવે છે. બીજાઓને પણ એવી રીતે ખવડાવતા પીવડાવતા રહે છે. (पंचमस्सरसंपन्ना हवंति पुढवीवई) જેઓ પંચમ સ્વર સંપન્ન હોય છે તેઓ પૃથ્વીપતિ હોય છે. (सूरा संगहकत्तारो अणेगगणनायगा) શૂરવીર હોય છે, સંગ્રહ કરનાર હોય છે અને ઘણા ગણોના નેતા હોય છે (धेवयस्सरसंपन्ना) તેમજ જે ધૈવત સ્વરવાળા હોય છે. (हवंति कलहप्पिया) તે કલહ પ્રિય હોય છે લડાઈ, કંકાસ, તકરાર તેમને બહુ ગમે છે. (साउणिया वग्गुरिया सोयरिया, मच्छबंधा य) શાકુનિક–પક્ષીઓનો શિકાર કરનાર હોય છે વાગુરિક–હરણોની હત્યા કરનારા હોય છે સૌકરિક–સૂવરનો શિકાર કરે છે અને મત્સ્ય બંધ–માછલીઓને મારનાર હોય છે. (चंडाला) તેમજ ચાંડાલ–રૌદ્રકર્મા–છે, (मुट्ठिया) મુષ્ટિપ્રહાર કરનારા હોય છે. (सेया) અધમ જાતવાળા હોય છે (जे अन्ने पावकम्मिणो) તેમજ એમનાથી ભિન્ન જે પાપકર્મોમાં રત રહે છે તથા જે (गोघातगा) ગોવધ કરનાર હોય છે (जे चोरा) જેઓ ચોરી કરનારા છે. (णिसायं सरमस्सिओ) તે નિષાદ સ્વરનું ઉચ્ચારણ કરે છે સ્થાનાંગ પ્રમાણે જ આ પાઠ અહીં વ્યાખ્યાત કરવામાં આવ્યો છે–અને ત્યાંથી જ લેવામાં આવ્યો છે. ॥સૂ૦૧૬૪॥

સ્વરોકે ગ્રામ એવં મૂર્છનાકા નિરુપણ

હવ સૂત્રકાર આ સ્વરોના ગ્રામો અને દરેકે દરેક ગ્રામની મૂર્ચ્છનાઓ વિષે કથન કરે છે–" एएसिं णं सत्तण्हं सराणं " ઇત્યાદિ—

શબ્દાર્થ–(एएसिं णं सत्तण्हं सराणं) આ સાત સ્વરોના (तओ गामा पण्णत्ता) ત્રણ ગ્રામો કહેવાય છે (तंजहा) તે આ પ્રમાણે છે. (सज्जगामे, मज्झिमगामे गंधारगामे) ૧ ષડ્જગ્રામ, ૨ મધ્યમ ગ્રામ, ૩ ગાન્ધારગ્રામ. (सज्जगामस्स णं सत्तमुच्छणाओ पण्णत्ताओ) ષડ્જ ગ્રામની સાત મૂર્ચ્છનાઓ કહેવામાં આવી છે. (तंजहा) તે આ પ્રમાણે છે (मंगी कोरव्वीया हरी य, रयणीय सारकंता य छट्ठीय सारसी नाम सुद्धसज्जा य सत्तमा) ૧ મંગી, ૨ કૌરવીયા, ૩ હરિ, ૪ રજની ૫ સારકાન્તા, ૬ સરસી અને ૭ શુદ્ધષડ્જા (मज्झिम गामस्स णं सत्तमुच्छणाओ पण्णत्ताओ) મધ્યમ ગ્રામની સાત મૂર્ચ્છનાઓ કહેવાય છે. (तंजहा) તે આ પ્રમાણે છે (उत्तर-मंदा रयणी उत्तरा उत्तरा समा सुमोकंता य सोवीरा, अभीरू हवइ सत्तमा) ૧ ઉત્તરમંદા, ૨ રજની, ૩ ઉત્તરા, ૪ ઉત્તરસમા, ૫ સમરકાંતા ૬ સૌવીરા, ૭ અને અભીરુ (गंधारग्रामस्सणं सत्तमुच्छणाओ पण्णत्ताओ) ગાંધાર ગ્રામની સાત મૂર્ચ્છનાઓ કહેવામાં આવી છે. (तंजहा) તે આ પ્રમાણે છેઃ-(नंदी य खुड्डिया, पूरिमा य, चउत्थीय, सुद्धगंधारा उत्तरगंधारा वि य पंचमिया हवइ मुच्छा) ૧ નન્દી, ૨ ક્ષુદ્રિકા, ૩ પૂરિમા, ૪ શુદ્ધ ગાંધારા, ૫ ઉત્તર ગાંધારા (सुट्ठुत्तरायामा सा छट्ठी नियमसो उ णायव्वा अहं उत्तरायया कोडिमा य सा सत्तमी मुच्छा) ૬ સુષ્ઠુત્તરાયામા અને ૭ મૂર્ચ્છા ઉત્તરાયતા કોટિમા.

ભાવાર્થ–એનો ભાવાર્થ આ પ્રમાણે છે કે મૂર્ચ્છનાઓનો જે સમૂહ છે અને તે સમૂહથી યુક્ત જે ષડ્જ વગેરે ગ્રામો છે તે ત્રણ પ્રકારના કહેવામાં આવ્યા છે દરેકે દરેક ગ્રામમાં સાત મૂર્ચ્છનાઓ હોય છે. એથી સાતસ્વરોના જુદા જુદા વિશેષ સ્વરોને ઉત્પન્ન કરનારા ગાયકની જેમ ૨૧ મૂર્ચ્છનાઓ કહેવામાં આવી છે. ગાયક મૂર્ચ્છિત (બેભાન) થયેલાની જેમ અથવા જાણે કે મૂર્ચ્છિતની જેમ થઈને તમને કહે છે. એટલા માટે એઓ મૂર્ચ્છનાઓ કહેવાય છે મંગી વગેરે ૨૧ મૂર્ચ્છનાઓના સ્વર વિશેષ પૂર્વસંબંધી સ્વર પ્રાભૃતમાં કહેવામાં આવ્યા છે. હમણા તે સ્વર પ્રાભૃતથી નિર્ગત થયેલા શાસ્ત્રો વડે–કે જેમને ભરત વગેરે નાટ્યશાસ્ત્રકારોએ બનાવ્યા છે-જાણી શકાય છે. ॥સૂ૦૧૬॥

સ્વરકે ઉત્પત્તિ આદિ કા નિરુપણ

એ સાત સ્વરો કયાંથી પ્રગટ થાય છે વગેરે જે ચાર પ્રશ્નો છે તેમનું ઉદ્ભાવન કરતાં સૂત્રકાર તેમના જવાબમાં કહે છે કે—

" सत्तसरा कओ " ઇત્યાદિ—

શબ્દાર્થ–(सत्तसरा कओ संभवंति) પ્રશ્ન સાત-સ્વરો કયાંથી ઉત્પન્ન થાય છે ? (गीयस्स का हवंति जोणी) ગીતોના ઉત્પત્તિ સ્થાનો કયા છે ? (कइसमया उस्सासा?) ગીતના ઉચ્છ્વાસ કેટલા સમયના પ્રમાણવાળા હોય છે ? (कति वा गीयस्स आगारा) ગીતના આકારો કેટલા હોય છે ?

ઉત્તર–(सत्त सर नाभीओ हवंति) સાત સ્વરો નાભિયોથી ઉત્પન્ન થાય છે. (गीयं च रुयजोणियं) ગીત રુદિત યોનિક હોય છે (पायसमा उस्सासा)

પાદસમ ઉચ્છ્વાસ હોય છે. (गीयस्स तिण्णि आगारा) ગીતના ત્રણ આકાર હોય છે. (आइमिउ आरभंता, समुव्वहंता य मज्झगारंमि अवसाणे तज्जविंतो तिन्निय गीयस्स आगारा) સર્વ પ્રથમ ગીત મૃદુધ્વનિ યુક્ત હોય છે. મધ્ય-ભાગમાં તે તીવ્રધ્વનિ યુક્ત હોય છે અને છેવટે મન્દ્રધ્વનિ યુક્ત હોય છે.

ભાવાર્થ–સૂત્રકારે આ સૂત્ર વડે "ષડ્જ" વગેરે સાત સ્વરો કયાંથી ઉત્પન્ન થયા છે ? ગીતના ઉત્પત્તિ સ્થાનો કયા છે ? ગીતના ઉચ્છ્વાસોનું પ્રમાણ કેટલું છે ? અને ગીતનો આકાર કઈ જાતનો છે ? એ ચાર પ્રશ્નોના જવાબો આપવામાં આવ્યા છે આમાં તેમણે સ્પષ્ટ કર્યું છે કે પૂર્વોક્ત ષડ્જ વગેરે સાત સ્વરો નાભિસ્થાનમાંથી ઉત્પન્ન થયા છે ગીતની જાતિ રુદન જેવી હોય છે. અહીં ચેનિ શબ્દનો અર્થ જાતિ છે. છન્દનો પાદ (ચરણ) જેટલા સમયમાં સમાપ્ત થાય છે તેટલો જ સમય ગીતના ઉચ્છ્વાસોનો છે ગાયકો સૌ પહેલાં ગીતને મૃદુધ્વનિથી પ્રારંભ કરે છે. પછી મધ્યમાં મોટા સ્વરે તેને ગાય છે ત્યાર પછી અંતે મંદ્રધ્વનિમાં તેને સમાપ્ત કરે છે. એટલા માટે ગાતી વખતે પ્રારંભમાં સ્વર મૃદુ મધ્યમાં સ્વર તાર અને અંતમાં સ્વર મંદ હોય છે એથી મૃદુ, તાર, અને મન્દ્ર આ ત્રણ ધ્વનિ રૂપ આકાર ગીતના સમજવા જોઈએ. સૂત્ર૦૧૬૬૭

ગીતમેં હેય ઔર ઉપદેય કા નિરુપણ

હવે સૂત્રકાર ગીતમાં હેય અને ઉપાદેય વગેરેનું કથન કરે છે–

"छद्दोसे अट्ठगुणे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(छद्दोसे अट्ठगुणे तिण्णिय वित्ताइं दो य भणिईओ) છ દોષોને, આઠગુણોને, ત્રણ વૃત્તોને અને બે ભાણિતિયોને (जाणाहिइ) જે સારી રીતે જાણશે (सो) તે (सुसिक्खिओ) સુશિક્ષિત-ગાનકલામાં નિપુણ થયેલ કલાકાર (रंगमज्झंमि) રંગશાળામાં (गाहिइ) ગાશે ગીતમાં છ દોષો આ પ્રમાણે છે. (भीयं दुयं रहस्सं गायंतो माय गाहि उत्तालं कागस्सरमणुणासं च होंति गीयस्स छद्दोसा) જ્યારે ગાયક ગાવા માટે પ્રસ્તુત થાય છે ત્યારે તેને કહેવામાં આવે છે કે હે ગાયક ! તમે ગીત ગાવો તે બરાબર છે પણ તમે બીતા બીતા ગાશો નહિ ગાવામાં ખોટી ઉતાવળ કરશો નહિ એટલે કે જલ્દી જલ્દી ગાશો નહિ, અલ્પ સ્વરમાં ગાશો નહિ, ઉત્તાલ (તાલવગર) ગાશો નહિ, એટલે કે અતિતાલ થઈને કે અસ્થાનતાલ થઈને ગાશો નહિ. કાગડાના સ્વર જેવા સ્વરથી ગીત ગાશો નહિ નાકમાં ગાશો નહિ કેમકે આ બીત વગેરે છ ગીતના દોષો છે. આ પ્રમાણે ગીતના દોષોનું સ્પષ્ટીકરણ કરીને હવે સૂત્રકાર ગુણો વિષે કહે છે કે (पुण्णं रत्तं च अलंकियं च वत्तं तहा अविघुट्ठं. महुरं समं सुललियं अट्ठ गुणा-हौंति गीयस्स) જે ગીતમાં ગીતકાર સમસ્ત ગાયન કળાનું પ્રદર્શન કરે છે તે પૂર્ણ નામે ગુણ કહેવાય છે. ગાયક ગીત રાગથી ભાવિત થઈને જે ગીતને ગાય છે, તે રક્ત નામે ગુણ કહેવાય છે. જે ગીતમાં ગાયક બીજા વિશેષ સ્ફુટ સ્વરોથી ગીતને અલંકૃત કરે છે. તે અલંકૃત ગુણ કહેવાય છે. જે ગીતમાં ગાયક અક્ષરો અને સ્વરોને સ્ફુટ રૂપમાં ઉચ્ચારે છે તે વ્યક્ત નામે ગુણ કહેવાય છે વિકો-શન–ગુસ્સામાં ભરેલી વ્યક્તિની જેમ અથવા તો ઘાંટા પાડતી વ્યક્તિના સ્વરની જેમ જે ગાનારનો સ્વર હોય તે ગાન 'વિઘુષ્ટ' કહેવાય છે. જે ગાનમાં વિઘુષ્ટ ન

હોય ત્યાં 'અવિઘુષ્ટ' નામક ગુણ કહેવાય છે. વસન્તમાં મત્ત કોયલની કલ-કાકલીની જેમ જે ગીતમાં ગાયકનો સ્વર મધુર હોય છે, તે ગીતમાં મધુર સ્વર નામે ગુણ હોય છે જે ગીતમાં તાલ, વંશ, સ્વર વગેરેથી સમનુગત સ્વર હોય છે તે ગીતમાં 'સમ' નામક ગુણ હોય છે. સ્વરઘોલના પ્રકારથી, શુદ્ધાતિશયથી અથવા શબ્દ સ્પર્શનથી જે શ્રોત્રેન્દ્રિયને સુખ અર્પે છે અને એથી જે વિશેષ પ્રિય લાગે છે તે સુલલિત છે આ ગીતનો આઠમો ગુણ છે આ પ્રમાણે આ ગીતના આઠ ગુણો છે. આ ગુણોથી હીન ગીત ગીત કહી શકાય જ નહીં તે તો ગીતાભાસ છે. આ ગુણોની સાથે સાથે બીજા પણ કેટલાક ગીતના ગુણો છે તે આ પ્રમાણે છે-(उरकंठसिरपसत्थं) ઉરઃપ્રશસ્ત, કંઠપ્રશસ્ત અને શિરઃપ્રશસ્ત ગીતનો વિશાળ સ્વર જ્યારે વક્ષસ્થળમાં પરિણત થઇ જાય છે ત્યારે તે ઉરઃપ્રશસ્ત ગીત કહેવાય છે. ગીતનો આ ઉરઃપ્રશસ્ત ગુણ છે ગાનનો સ્વર જ્યારે કંઠપ્રદેશમાં ભરાઈ જાય છે અને તે અતિસ્ફુટ હોય છે ત્યારે તે કંઠપ્રશસ્ત ગીત કહેવાય છે ગાન નો આ કંઠપ્રશસ્ત ગુણ છે. જ્યારે ગાનનો સ્વર મસ્તકમાં જઇને તે અનુનાસિક વિનાનો થઈ જાય છે ત્યારે તે ગાન શિરઃપ્રશસ્ત કહેવાય છે ગાનનો આ શિરઃપ્રશસ્ત ગુણ છે. અથવા કફ રહિત હોવા બાદ ઉર, કંઠ, અને શિર આ બધા પ્રશસ્ત રહે છે તે વખતે ગવાયેલ ગીત પણ પ્રશસ્ત હોય છે એવું ગીત ઉરઃ કંઠ, શિરઃપ્રશસ્ત કહેવાય છે. (मउयरिभियपदबद्धं) તેમજ મૃદુક રિભિત અને પદ બદ્ધ આ પ્રમાણે પણ ગીતના ત્રણ ગુણો છે જે ગાન કોમળ સ્વરમાં ગવાય છે તે મૃદુક ગુણ યુક્ત ગાન કહેવાય છે જ્યાં અક્ષરોમાં ઘોલનાથી સંચરણ કરતો સ્વર ચાલતો રહે છે એવું તે ઘોલન બહુલ ગીત 'રિભિત' ગુણ યુક્ત ગીત કહેવાય છે જે ગીતમાં પદોની રચના વિશિષ્ટ હોય છે, તે 'પદ-બદ્ધ' ગીત છે. (समताल पडुक्खेवं) જે ગીતમાં તાલ-હસ્તતાલથી ઉત્પન્ન થયેલ શબ્દ અને પ્રત્યુત્ક્ષેપ-મૃદંગ કાંસ્ય વગેરેનો કે જે ગીતના માટે ઉપકારક હોય છે તેમનો ધ્વનિ અથવા નર્તકીઓનું પાદપ્રક્ષેપણ એ બન્ને જેમાં એકી સાથે હોય છે તે સમતાલ પ્રત્યુત્ક્ષેપ ગીત છે. આ ગીતનો ગુણ છે. (सत्तस्सरसीभरं गीयं) જે ગીતમાં સાતસ્વર અક્ષરોની સાથે સમાન હોય છે તે ગીત 'સપ્તસ્વર સીભર' કહેવાય છે. આ પ્રમાણે જે ગીત ગવાય છે તે સુગીત (ગીત) કહેવાય છે 'સપ્તસ્વર સીભર'માં જે સાત સ્વરો કહેલા છે તેઓ કોઈક સ્થાને આ પ્રમાણે પણ કહેવામાં આવ્યા છે-૧ અક્ષરસમ, ૨ પદસમ, ૩ તાલસમ, ૪ લયસમ, ૫ ગ્રહસમ, ૬ નિઃશ્વસિતોચ્છ્વાસતસમ, અને ૭ સંચારસમ, જે ગીતમાં દીર્ઘઅક્ષર પર દીર્ઘસ્વર, હ્રસ્વઅક્ષર પર હ્રસ્વ-સ્વર, પ્લુત અક્ષર પર પ્લુતસ્વર અને સાનુનાસિક પર સાનુનાસિક સ્વર હોય છે તે અક્ષરસમ છે. જે સ્વરમાં જે ગીત પદ અનુપાતી હોય છે, તે ગીત પદ જ્યારે ત્યાંજ ગાવામાં આવે છે, ત્યારે પદ સમસ્વરવાળું ગીત કહેવાય છે. જે ગીત પર સ્વરાભિહત હસ્તતલના તાલસ્વર ને અનુસરતા સ્વરથી ગવાય છે. તે ગીત તાલસમ સ્વરવાળું કહેવાય છે શૃંગ અથવા દારુ-કાષ્ટ વગેરે કોઈ પણ એક વસ્તુના બનેલા અંગુલી કોશથી તંત્રી વગેરે વગાડવાથી જે ધ્વનિ નીકળે છે તેનું નામ લય છે. તે લયને અનુસરનાર સ્વરથી જે ગીત ગવાય છે તે લયસમસ્વરવાળું ગીત કહેવાય છે. વંશ તંત્રી વગેરે વડે જે સ્વર પહેલાથી જ ગૃહીત કરવામાં આવે છે તેનું નામ ગ્રહ છે. આ ગ્રહના સમાન સ્વરથી જે ગીત ગવાય છે તે ગ્રહસમ સ્વર યુક્ત ગીત કહેવાય છે. નિઃશ્વાસ ઉચ્છ્વાસના પ્રમાણ મુજબ જે ગીત ગવાય છે તે નિઃશ્વસિતોચ્છ્વ-

સિત સમ છે વંશ તંત્રી વગેરેની ઉપર જ જે આંગળીના સંચારની સાથે સાથે ગવાય છે તે 'સંચારસમ' છે. આ પ્રમાણે આ બધા સાત થાય છે. અહીં એમ સમજવું જોઈએ કે દરેક ગીત સ્વર અક્ષર પદ વગેરે સાત સ્થાનોની સાથે સાથે તેમની સમાનતા મેળવતું સાત પ્રકારનું થઈ જાય છે. અહીં સૂત્રના ઉપાન્તમાં "तंतिसमं तालसमं" આ ગાથા વડે સાત સ્વરો કહેવામાં આવ્યા છે, તેમજ ગીતમાં જે સૂત્રબંધ કરવામાં આવે તે આઠ ગુણ યુક્ત જ હોવો જોઈએ આઠ ગુણો આ પ્રમાણે છે–(निद्दोसं सारमंतं च हेउ जुत्तमलंकियं उवणीयं सोवयारं च मियं महुरमेवयं) નિર્દોષ–અલીક, ઉપઘાતજનક વગેરે બત્રીશ દોષ રહિત થવું તે નિર્દોષ છે. સારવત્–વિશિષ્ટ અર્થથી યુક્ત હોય તે સારવત્ છે. સાંભળનારાઓને અનાયાસ જ ગીતના અર્થનું જ્ઞાન થાય એ વાતને ધ્યાનમાં રાખીને જે ગીતની રચના કરવામાં આવે છે તે 'હેતુયુક્ત' કહેવાય છે મતલબ એ છે કે ગીત પ્રાસાદ ગુણ યુક્ત હોવું જોઈએ ઉપમા વગેરે અલંકારોથી જે ગીત અલંકૃત હોય છે તે ગીત અલંકૃત ગુણવાળું કહેવાય છે. જે ગીત ઉપસંહારથી યુક્ત હોય છે તે ઉપનીત ગુણ યુક્ત ગીત કહેવાય છે જે ગીત ક્લિષ્ટ, વિરૂદ્ધ, અને લજ્જાસ્પદ પદાર્થ વાચક ન હોય અને અનુપ્રાસ યુક્ત હોય છે તે 'સોપચાર' ગીત કહેવાય છે. જે ગીતમાં વચનવિસ્તાર વધારે ન હોય એટલે કે જે ગીત સંક્ષિપ્ત અક્ષરો યુક્ત હોય છે, તે 'મિત' ગુણયુક્ત ગીત છે. જે ગીત સુશ્રાવ્ય શબ્દ અને અર્થવાળું હોય છે તે મધુર ગુણ યુક્ત ગીત કહેવાય છે. એવું જે ગીત હોય છે તેજ ગીત ગાવાલાયક હોય છે ગીતની ત્રણ ભણિતીઓ આ પ્રમાણે છે–(समं अद्धसमं चेव सव्वत्थ विसमं च यं, तिण्णि वित्तपयाराइं चउत्थं नोवलब्भइ) જે વૃત્તમાં ચારે ચરણોમાં સમ અક્ષરો હોય છે તે 'સમવૃત' છે જે વૃતમાં પ્રથમ–તતીય પાદમાં અને દ્વિતીય ચતુર્થ પાદોમાં સમાન અક્ષર હોય છે તે 'અર્દ્ધ–સમવૃત્ત' છે તેમજ જે વૃત્તમાં ચારેચાર ચરણોમાં અક્ષરોની વિષમતા રહે છે તે 'વિષમવૃત્ત' છે આ ત્રણે વૃત્તોના પ્રકાર છે એ શિવાય વૃત્તનો ચોથો પ્રકાર નથી. (सक्कया पायया चेव दुहा भणिईओ आहिया। सरमंडलंमि गिज्जंते पसत्था इसिभासिया) તેમજ ભણિતિ–ભાષા–સંસ્કૃત અને પ્રાકૃતના ભેદથી બે પ્રકારની કહેવામાં આવી છે એ ઋષિઓ વડે ભાષિત થયેલી છે એથી તેને પ્રશસ્ત ભાષા જાણવી જોઈએ એ પ્રશસ્ત ભાષા હોવા બદલ જ આ બન્ને જાતની ભાષાઓ ષડ્જ વગેરે સ્વર સમૂહોમાં ગવાય છે અહીં ગીત સંબંધી પ્રકરણ ચાલી રહ્યું છે એથી આ પ્રમાણે પૂછવામાં આવી રહ્યું છે કે કઇ સ્ત્રી કેવી રીતે ગાય છે? એજ વાતને સૂત્રકાર હવે પ્રકટ કરે છે. (केसी गायइ महुरं) કેવી સ્ત્રી મધુર સ્વરે ગીત ગાય છે? (केसी गायइ खरं च रुक्खं च) કઈ સ્ત્રી ગીતને ખર સ્વરથી ગાય છે? કઈ સ્ત્રી રુક્ષસ્વરથી ગીત ગાય છે? (केसी गायइ चउरं? केसी विलंबियं

दुतं केसी ?) કઈ સ્ત્રી ચતુરતાથી એટલે કે ગીતશાસ્ત્રમાં કથિત વિધિ મુજબ સ્વરવિધાનથી ગાય છે ? કઈ સ્ત્રી વિલંબિત-મન્થર-સ્વરથી ગીત ગાય છે ? કઈ સ્ત્રી દ્રુતતર સ્વરથી ગીત ગાય છે ? (विस्सरं पुण केरिसी) અને કઈ સ્ત્રી વિકૃત સ્વરથી ગીત ગાય છે એટલે કે સ્વરને વિકૃત કરીને ગાય છે ?

ઉત્તર-(सामा गायइ महुरं) શ્યામા-ષોડશ વાર્ષિકી એટલે કે સોળ વર્ષની સ્ત્રી મધુર સ્વરથી ગીત ગાય છે. (काली गायइ खरं च रुक्खं च) કાળી કૃષ્ણ રૂપવાળી-કાળાવર્ણની-સ્ત્રી ખર અને રૂક્ષ સ્વરથી ગાય છે. (गोरी गायइ चउरं) ગૌરવર્ણ સંપન્ના એટલે કે ગોરી સ્ત્રી ચતુરાઇથી ગીત ગાય છે. (काणा विलम्बं दुतं च अंधा) કાણી સ્ત્રી-એક આંખવાળી-સ્ત્રી મંદ સ્વરથી ગીત ગાય છે આંધળી સ્ત્રી દ્રુતસ્વરથી-ઉતાવળથી-ગીત ગાય છે. (विस्सरं पुण पिंगला) અને જે કપિલા કપિલવર્ણવાળી સ્ત્રી હોય છે તે વિકૃત સ્વરથી ગીત ગાય છે. (तंतिसमं तालसमं, पायसमं, लयसमं गहसमं च नीससिउससियसमं संचारसमं सरा सत्त)-તંત્રી સમ-તંત્રી વીણા-ના શબ્દ જેવો અથવા તેના સ્વરની સાથે મિશ્રિત થયેલો જે સ્વર છે તે 'તંત્રીસમ સ્વર' છે આ પ્રમાણે તાલ-સમ વગેરે માટે પણ 'ગેય' શબ્દનો સંબંધ સમજવો જોઇએ ગેયં અને સ્વરમાં અર્થ-ભેદ નથી એટલા માટે ગેયથી અહીં સ્વર લેવો જોઇએ આ પ્રમાણે સ્વરો સાત છે 'તાલ સમ'થી લઇને 'સંચાર સમ' સુધીના છ પદોની વ્યાખ્યા પહેલા કરવામાં આવી છે. (सत्तसरा तओ गामा मुच्छणा एक्कवीसई, ताणा एगूणपण्णासं सम्मत्तं सरमंडलं) આ પ્રમાણે ટૂંકમાં સમસ્ત સ્વરમંડળ-સાતસ્વર, ત્રણગ્રામ, એકવીશ મૂર્ચ્છના અને ૪૯ તાન-આ પ્રમાણે છે તંતા-તંત્રી, તાન, આ બધા પર્યાયવાચી શબ્દો છે ષડ્જ વગેરે સાત સ્વરોમાંથી દરેકે દરેક સાત તાનોથી ગવાય છે. એથી સમ તંત્રિકા યુક્ત વીણામાં ૪૯ તાનો હોય છે આમ એક તંત્રિકા યુક્ત વીણા અથવા ત્રિતંત્રિકાવાળી વીણામાં કંઠથી ગવાયેલ તાનો પણ ૪૯ હોય છે આ પ્રમાણે સાત

अष्टनाम का निरुपण

નામોથી આખા સ્વરમંડળનું ગ્રહણ સમજવું જોઇએ એથી 'સપ્તનામ' આમ કહેવાય છે. (से त्तं सत्तनामे) આ પ્રમાણે આ સપ્તનામો છે ॥સૂ૦૧૬૭॥

હવે સૂત્રકાર અષ્ટ નામનું નિરૂપણ કરે છે—

"से किं तं अट्ठनामे" ઇત્યાદિ—

શબ્દાર્થ–(से किं तं अट्ठनामे) હે ભદંત! આ અષ્ટનામ શું છે? (अट्ठ विहा वयणविभत्ती पण्णत्ता.)

ઉત્તર–આઠ પ્રકારની જે વચન વિભક્તિ છે તે અષ્ટનામ છે. જે કહેવામાં આવે છે, તે 'વચન' છે તેમજ કર્ત્તા, કર્મ વગેરે રૂપ અર્થ જેના વડે પ્રકટ કરવામાં આવે છે તે 'વિભક્તિ' છે. વચનો–પદોની જે વિભક્તિ છે તે વચન-વિભક્તિ છે. આમ તીર્થંકરોએ અને ગણધરોએ કહ્યું છે વચનવિભક્તિથી અહીં સુબન્ત રૂપ પ્રથમા વિભક્તિઓને પ્રકટ કરનારી વચન વિભક્તિ ગૃહીત થયેલી છે તિઙન્ત રૂપ આખ્યાત વિભક્તિ નથી (तंजहा) વચન વિભક્તિના આઠ પ્રકારો આ પ્રમાણે છે. (निद्देसे पढमा होइ) પ્રાતિપદિક અર્થ માત્રનું પ્રતિપાદન કરવું તેનું નામ નિર્દેશ છે. આ નિર્દેશમાં 'सु औ जस्' આ પ્રથમા વિભક્તિ હોય છે. (उवएसणे बिइया) કોઇ એક ક્રિયામાં પ્રવર્તિત થવા માટે ઇચ્છા ઉત્પન્ન કરવામાં 'अम्, औट् शस्' આ દ્વિતીયા વિભક્તિ હોય છે. "उवएसण" આ પદ ઉપલક્ષણ છે એનાથી "ग्रामं गच्छति" વગેરે પદોમાં એના વગર પણ દ્વિતીયા વિભક્તિ હોય છે. (करणम्मि तइया कया) કરણમાં "टा, भ्याम्, भिस्" આ તૃતીયા વિભક્તિ હોય છે (संपयावणे चउत्थी) સંપ્રદાનમાં ચતુર્થી "ङे, भ्याम्, भ्यस्" આ વિભક્તિ હોય છે. (अवायाणे पंचमी च) અપાદાનમાં "ङसि, भ्याम् भ्यस्," આ પાંચમી વિભક્તિ હોય છે (सस्सामिवायणे छट्ठी) સ્વ સ્વામી સંબંધ પ્રતિપાદન કરવામાં 'ङस् ओस् आम्' આ ષષ્ઠી વિભક્તિ હોય છે. (सण्णिहाणत्थे सत्तमी) સન્નિધાન અર્થમાં 'ङि ओस्, सुप्' આ સપ્તમી વિભક્તિ હોય છે. (आमंतणी अट्ठमाभवे) અભિમુખ કરવાના અર્થમાં સંબોધન રૂપ આઠમી વિભક્તિ હોય છે મતલબ આ છે કે 'અહીં સૂત્રકારે અષ્ટનામ એટલે શું? આ કહ્યું છે નામવિચાર વિષે જ પ્રસ્તાવ હોવા બદલ પ્રથમા વગેરે વિભક્ત્યંત નામનું જ ગ્રહણ કરવામાં આવ્યું છે આ નામ વિભક્તિ ભેદથી આઠ પ્રકારના હોય છે. પ્રથમા વિભક્તિ દ્વિતીયા વિભક્તિ વગેરેના ભેદથી વિભક્તિઓ આઠ છે આમાં ફક્ત પ્રાતિપદિકાર્થના પ્રતિપાદનમાં પ્રથમા વિભક્તિ હોય છે સંસ્કૃતમાં કારક વિભક્તિઓને પ્રકટ કરવામાં માટે સુ, ઔ, જસ્ વગેરે ૨૧ વિભક્તિના પ્રત્યયો છે.–છે એ સુપ્ પ્રત્યયો કહેવાય છે એ સુપ્ પ્રત્યયો જે શબ્દોમાં ઉમેરાય છે તે પ્રાતિપદિક કહેવાય છે સુપ્ પ્રત્યય ઉમેરાયા પછી જ પ્રાતિપદિક શબ્દોનો વાક્યમાં પ્રયોગ થઈ શકે છે. કરણમાં તૃતીયા વિભક્તિ હોય છે, એવું જે કહેવામાં આવ્યું છે તે તંત્ર (સિધ્ધાંત)થી કહેવામાં આવ્યું છે એટલા માટે તૃતીયા વિભક્તિ કર્ત્તામાં, ક્રિયામાં સ્વતંત્ર રૂપથી વિવક્ષિત દેવદત્ત વગેરે રૂપ અર્થમાં અને કરણમાં ક્રિયાની સિદ્ધિમાં પ્રકૃષ્ટતમ ઉપકારક હોય છે. 'कृत्यल्युटो बहुलम्' આ સૂત્ર મુજબ 'कृत्य' અને 'ल्युट्' પ્રત્યય કર્તા અને કરણ એ બન્નેમાં હોય છે આ પ્રમાણે 'करोति इति करणम्, क्रियते

अनेन इति करणम्' अहीं બન્ને સ્થાને લ્યુટ્ પ્રત્યય થયેલ છે. દાનરૂપ ક્રિયાના કર્મનો જેની સાથે સંબંધ કર્તાને ઈષ્ટ હોય તેમાં ચતુર્થી વિભક્તિ થાય છે. અપાય (જુદા થવું)ની અવધિભૂત પદાર્થનું નામ અપાદાન છે આમાં પંચમી વિભક્તિ થાય છે સ્વ સ્વામી સંબંધમાં સેવ્ય સેવક વગેરે ભાવ ગ્રહણ કરવામાં આવે છે સ્વનું તાત્પર્ય સેવક ભૃત્ય વગેરેથી છે અને સ્વામીનું સેવ્ય રાજા વગેરેથી સન્નિધાન અને આમન્ત્રણી આ સંબોધન શબ્દોનો અર્થ સ્પષ્ટ છે.

આ પ્રમાણે સૂત્રકાર સામાન્ય રૂપમાં ઉલ્લેખ કરીને હવે આ અષ્ટ-નામને સોદાહરણ સમજાવે છે. (तत्थ निद्देसे पढमा विभत्ति) નિર્દેશમાં પ્રથમા વિભક્તિ હોય છે. જેમ કે (सो इमो अहं वत्ति) 'તે,' 'આ' કે 'હું' (बिइया पुण उवएसे) ઉપદેશમાં બીજી વિભક્તિ હોય છે. જેમ કે (भण कुणसु इमं व तंवत्ति) જે તમે પ્રત્યક્ષમાં સાંભળ્યું છે, તેને કહો, આ સામેનું કામ કરો જે પરોક્ષમાં તમે સાંભળ્યું છે તેને કહો અથવા તે પરોક્ષકામને કરો. (तइया करणंमि कया) ત્રીજી વિભક્તિ કરણ કર્તા અને કરણમાં હોય છે જેમ કે (भणियं च कयं तेण मएत्ता) તેણે અને મેં કહ્યું અથવા તેણે અને મેં કર્યું આ ઉદા-હરણ કર્તામાં છે કરણમાં ઉદાહરણ આ પ્રમાણે છે–તે રથથી જાય છે વગેરે છે એવા ઉદાહરણો પોતાની બુદ્ધિથી કલ્પિત કરી લેવા જોઈએ (चउत्थि संपयाणंमि हवइ) ચતુર્થી વિભક્તિ સંપ્રદાનમાં હોય છે જેમ કે (हंदि णमो सहाए) હન્દિ! જિનેશ્વર માટે મારા નમસ્કાર અગ્નિ માટે સ્વધા અહીં 'હન્દિ' આ શબ્દ કોમલામંત્રણ માટે આવે છે આ પ્રમાણે 'दा' ધાતુના યોગમાં ચતુર્થી હોય છે જેમ કે તે મુનિ માટે દાન આપે છે. (अवायाणे पंचमी) અપાદાનમાં પંચમી હોય છે જેમ કે (अवणय गिण्ह य एत्तो इ उत्तिवा) આને દૂર કરો અથવા એનાથી લઈ લો. (सामि सबंधे) જ્યાં સ્વ સ્વામિ સંબંધ વાચ્ય હોય છે ત્યાં ષષ્ઠી વિભક્તિ થાય છે જેમ કે (गयस्स तस्स गयस्स इमस्सव) ગયેલ તેની અથવા ગયેલ આની આ વસ્તુ છે. (आहार कालभावे य सत्तमी पुण हवइ) આધારમાં, કાળમાં અને ભાવમાં સપ્તમી વિભક્તિ હોય છે જેમ કે-(सं इमम्मि) આ કુંડ વગેરેમાં બદર વગેરે ફળો છે આ આધારમાં સપ્તમી વિભ-ક્તિનું ઉદાહરણ છે હાલમાં સપ્તમી વિભક્તિનું ઉદાહરણ "मधौ रमते" કોયલ વસંતમાં આનંદ માણે છે ભાવમાં સપ્તમી વિભક્તિનું ઉદાહરણ "चारित्रेऽवतिष्ठते" આ સાધુ પોતાના ચારિત્રમાં જ સ્થિર છે. (आमंतणे अट्ठमी) આમંત્રણ અર્થમાં આઠમી વિભક્તિ હોય છે. (जहा) જેમ કે (हे जुव्वा-णत्ति!) હે યુવન્! તરુણ! અહીં નામવિચાર પ્રસ્તાવને લીધે પ્રથમા વગેરે વિભક્ત્યંત નામ જ ગ્રહણ કરવામાં આવ્યાં છે આ પ્રમાણે આઠ પ્રકારની વિભક્તિઓના ભેદથી નામ આઠ પ્રકારના હોય છે પ્રથમા વગેરે વિભક્ત્યંત

નામાષ્ટક સિવાય બીજું નામ નથી એટલા માટે આ નામાષ્ટકથી બધી વસ્તુઓનો સંગ્રહ થઈ જાય છે. એથી આ અષ્ટનામ આમ કહેવામાં આવ્યું છે (से तं अट्ठणामे) આમ આ આઠનામો છે. ॥સૂ૦૧૬૮॥

હવે સૂત્રકાર નવ નામનું કથન કરે છે—

"से किं तं नवनामे ?" ઇત્યાદિ—

શબ્દાર્થ—(से किं तं नवनामे ?) હે ભદન્ત ! તે નવપ્રકારનું નામ શું છે?

ઉત્તર—(नवनामे) નવ નામ આ પ્રમાણે છે. (णव कव्वरसा पण्णत्ता) કાવ્યના જે નવ રસો છે તેજ નવ નામથી પ્રજ્ઞપ્ત થયેલ છે. (तंजहा) તે નવ નામો આ પ્રમાણે છે. (वीरो सिंगारो, अब्भुओ य रोद्दो य होइ बोद्धव्वो। वेलणओ बीभच्छो हासो कलुणो पसंतो य) વીરરસ, શૃંગારરસ, અદ્‌ભુતરસ, રૌદ્રરસ, વ્રીડનકરસ, બીભત્સરસ, હાસ્યરસ, કરુણરસ અને પ્રશાન્તરસ.

કવિકર્મ કાવ્ય કહેવાય છે. અન્તરાત્માથી જે અનુભવાય છે તે રસ કહેવાય છે એ રસો તત્તત્સહકારી કારણોની સમીપતાથી ચિત્તમાં જે ઉત્કર્ષ વિશેષ ઉત્પન્ન કરે છે તે અનુરૂપ હોય છે કહ્યું પણ છે કે-"बाह्यार्थ इत्यादि—" બાહ્યાર્થના અવલંબનથી જે માનસિક ઉલ્લાસ હોય છે તે 'ભાવ' છે. તે ભાવનો ઉત્કર્ષ રસ છે કાવ્યમાં ઉપનિબદ્ધ થયેલ રસ કાવ્ય રસ શબ્દોનો વાચ્યાર્થ છે જે રસ માણસને વીરત્વપૂર્ણ કરે છે એટલે કે ત્યાગમાં, તપમાં અને કર્મરૂપ શત્રુઓના નિગ્રહ કાર્યમાં પ્રેરિત કરે છે તે વીર રસ છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે રસનું જે વીર વિશેષણ છે તે બીજા રસો કરતાં આમાં એજ વિશેષતા પ્રકટ કરે છે કે આ રસના સદ્‌ભાવમાં, ત્યાગમાં, તપશ્ચરણમાં અને કર્મરૂપ શત્રુનિગ્રહમાં વીરત્વપૂર્ણ આત્મપરિણામ હોય છે. અને તે પરિણામ તે માણસને તે તરફ આગળ વધવામાં પ્રેરણા આપે છે આ જાતના પરિણામની ઉદ્‌ભૂતિમાં ઉત્તમ પ્રકૃતિ (સ્વભાવવાળા) સંતોના ચરિત્ર શ્રવણ વગેરે જ કારણ છે. એટલા માટે આ રસ દાન વગેરેમાં ઉત્સાહના-પ્રકર્ષ માટે છે વીર, શૃંગાર વગેરે રસોની સાથે પણ રસ શબ્દનો સંબંધ બધે લગાડવો જોઈએ. (शृंग-प्राधान्यं इर्यति गच्छति इति शृंगारः—જે રસ પ્રધાનતયા વિષયો તરફ વાળે છે તે રસ શૃંગાર છે. એથી જ "शृंगारहास्यकरुण" "વગેરે શ્લોકમાં આ શૃંગાર રસનું સૌથી પહેલા ગ્રહણ કરવામાં આવ્યું છે. પણ અહીં સૂત્રમાં વીરરસનો પાઠ પહેલાં રાખવામાં આવ્યો છે. તેનું કારણ એ છે કે લોકોને તપ અને કર્મનિગ્રહ કરવામાં જે પ્રેરણાત્મક ગુણ હોય છે તે આ ફક્ત વીરરસમાં જ હોય છે. એટલા માટે આમાં બધાં રસોની અપેક્ષાએ પ્રાધાન્ય છે. કહ્યું પણ છે કે "त्यागेन इत्यादि" ત્યાગથી

કર્મરૂપ માલિન્ય વિલય-વિનાશ-ને પામે છે. ત્યાગથી જીવ નિર્મળ થાય છે. કૃત ત્યાગથી જ કેવળજ્ઞાનને મેળવીને આત્મા સિદ્ધિ પામે છે. એટલા માટે હજારો ગુણોં કરતાં પણ વધારે પડતો ત્યાગગુણ મનાય છે. તેમજ "परलोकातिगं धर्म तपःश्रुतम्" એટલે કે તપ અને શ્રુત પણ મોક્ષ આપનારા છે એથી અહીં સૂત્રમાં વીરરસનું સર્વપ્રથમ ઉપાદાન કરવામાં આવ્યું છે શ્રુત, શિલ્પ, અથવા ત્યાગ, તપ શૌર્ય કર્મ વગેરે જેના સૌ કરતાં વધારે છે, એવી ગમે તે વસ્તુ હોય-તો તે પણ અદ્‌ભુત કહેવામાં આવશે જ એ પૂર્વ વસ્તુના દર્શનથી કે શ્રવણથી જે રસ ઉદ્‌ભવે છે તે રસ પણ ઉપચારથી અદ્‌ભુત રસ કહેવાય છે. આ વિસ્મય રૂપ હોય છે. જે અતિદારૂણ હોવા બદલ રડાવે છે એટલે કે અશ્રુ વહેવડાવે છે તે રૌદ્ર છે. શત્રુઓ, મહારણ્ય, ગાઢતિમિર, વગેરે રૌદ્ર છે. એમના દર્શન વગેરેથી ઉદ્‌ભવેલ વિકૃત અધ્યવસાય-પરિણામ રૂપ રસ પણ રૌદ્ર છે જે લજ્જાજનક છે તે વ્રીડનક છે. આ રસ લજ્જાજનક વસ્તુ જોવા વગેરેથી ઉત્પન્ન થયેલ મનોગ્લાનિ વગેરે રૂપ હોય છે. એના સ્થાને બીજી જગ્યાએ ભયાનક રસ કહેવામાં આવ્યો છે. આ ભયાનક રસ સંગ્રામ વગેરે જોવાથી ઉત્પન્ન થાય છે એનો અન્તર્ભાવ રૌદ્ર રસમાં જ કરવામાં આવ્યો છે. એથી અહીં પૃથક્ કથન કર્યું નથી શુક્ર, શોણિત, ઉચ્ચાર-મલવિષ્ટા, પ્રસ્રવણ-મૂત્ર વગેરે જે અનિષ્ટ અને ઉદ્વેગજનક વસ્તુઓ છે એમને જોવાથી, સાંભળવા વગેરેથી જે જુગુપ્સાત્મક ભાવ ઉત્પન્ન થાય છે તેજ જુગુપ્સાપ્રકર્ષ રસ બીભત્સ રસ કહેવાય છે. હાસ્યજનક, વિકૃત અને અસંબદ્ધ એવા બીજા માણસોના વચનો સાંભળવાથી વેષ અલંકાર વગેરે જોવાથી જે મનઃપ્રકર્ષ વગેરે ચેષ્ટાત્મક રસ હોય છે તે હાસ્ય રસ છે. પ્રિયપદાર્થના વિયોગથી જન્ય દુઃખ વગેરે હેતુથી ઉદ્‌ભૂત થયેલ શોક પ્રકર્ષ સ્વરૂપ જ રસ છે તે કરૂણ રસ છે જેનાથી પ્રાણી ભયંકર રીતે રડે છે અથવા જેનાથી પ્રાણી કરૂણાપૂર્ણ થઈ જાય છે તે રસ કરૂણ રસ છે. કરૂણ શબ્દની આ બન્ને પ્રકારની વ્યુત્પત્તિ યોગ્ય જ કહેવાય પરમગુરૂજનોના વચન શ્રવણ વગેરે રૂપ હેતુથી ઉદ્‌ભૂત જે ઉપશમની પ્રકર્ષતા રૂપ રસ છે તે પ્રશાન્ત રસ છે. જેના વડે પ્રાણી ક્રોધ વગેરેથી ઉદ્‌ભવેલ ચિત્તવિક્ષેપાદિથી વિહીન થઈ જાય છે પ્રશાન્ત શબ્દની આ વ્યુત્પત્તિ છે. ॥સૂ૦૧૬૯॥

હવે સૂત્રકાર એજ રસોને લક્ષણો વગેરે દ્વારા સ્પષ્ટ કરવાની અપેક્ષાથી અહીં સર્વ પ્રથમ વીર રસનું કથન લક્ષણ નિર્દેશ પુરસ્સર કરે છે—

"तत्थ परिच्चायंमि" ઇત્યાદિ—

શબ્દાર્થ-(तत्थ) આ નવ રસોમાં (परिच्चायंमि य तवचरणसत्तुजण

લક્ષણપુર્વક વીરરસકા નિરુપણ

विणासे य) પરિત્યાગ કરવામાં, તપશ્ચરણ કરવામાં, અને શત્રુઓના વિનાશ કરવામાં (अणणुसयधिइपरक्कमलिंगो वीररसो होइ) અનનુશય, ધૃતિ, પરાક્રમ આ લક્ષણોવાળો રસ વીરરસ કહેવાય છે. અનુશય શબ્દનો અર્થ ગર્વ-અથવા પશ્ચાત્તાપ છે. આ જેનું લક્ષણ છે, તે અનુશય લિંગ છે. એ જેમાં હોતો નથી. તે અનનુશય લિંગ છે. દાન આપીને જે અહંકાર કે પશ્ચાત્તાપ કરતો નથી તે વીરરસ કહેવાય છે. તપશ્ચર્યામાં જે ધૈર્ય રાખે છે-પશ્ચાત્તાપ કરતો નથી તે વીરરસને લીધે જ. શત્રુજનના વિનાશાર્થે જે પરાક્રમ બતાવે છે વૈક્લવ્ય-વિકલતા-નબળાપણું બતાવતો નથી તે વીર રસને લીધે જ. આ સર્વે અનનુશય, ધૈર્ય અને પરાક્રમના લક્ષણોથી એમ જણાય છે કે ' આ માણસ વીરરસ યુક્ત છે. ' આ પ્રમાણે બીજે પણ સમજવું જોઇએ.

હવે સૂત્રકાર આ (वीरो रसो जहा) વીરરસ જે પ્રકારના દૃષ્ટાન્તથી જાણવામાં આવે છે તે પ્રકારના દૃષ્ટાન્તને આ ગાથા વડે સ્પષ્ટ કરે છે-(सो नाम महावीरो जो रज्जं पयहिऊण पव्वइओ, कामकोह महासत्तुपक्खनिग्घायणं कुणइ) ' જે રાજ્યના વૈભવને ત્યજીને દીક્ષા ગ્રહણ કરે છે અને દીક્ષિત થઈને જે કામ-ક્રોધ રૂપ મહાશત્રુનાં પક્ષને વિનષ્ટ કરે છે, તે ચોક્કસ મહાવીર હોય છે. વીરરસમાં જેવી પુરૂષ-ચેષ્ટા કહેવામાં આવે છે તેવી પુરૂષચેષ્ટા આ જાતના કાવ્યોમાં પ્રકટ કરવામાં આવે છે એટલે કે વર્ણવવામાં આવે છે. એથી ત્યાં વીરરસ જાણવો જોઇએ આ પ્રસ્તુતશાસ્ત્ર મોક્ષપ્રતિપાદક છે. એટલા માટે આ શાસ્ત્રમાં મહાપુરૂષ વડે વિજેતવ્ય કામ, ક્રોધ વગેરે શત્રુભાવો છે, તેમને જીતવાના જ વીરરસના ઉદાહરણો પ્રસ્તુત માનવામાં આવ્યાં છે. સામાન્ય માણસો વડે સાધ્ય એવા સંસારના કારણભૂત જે દ્રવ્યશત્રુનું દમન કરવું તે અહીં અપ્રસ્તુત છે. એથી જ સૂત્રકારે આ જાતનું ઉદાહરણ અહીં આપ્યું નથી આ પ્રમાણે બીજે પણ જાણવું જોઇએ. ॥સૂ૦૧૭૦॥

હવે સૂત્રકાર લક્ષણસહિત શૃંગારરસનું નિરૂપણ કરે છે—

" सिंगारो नाम रसो " ઇત્યાદિ—

શબ્દાર્થ-(सिंगारो नाम रसो रतिसंजोगाभिलाससंजणणो) શૃંગાર રસ રતિસંયોગાભિલાષજનક હોય છે. અહીં રતિથી કાર્યમાં કારણના ઉપચારથી

લક્ષણપુર્વક શૃંગારરસકા નિરુપણ

રતિના કારણ જે લલના વગેરે પદાર્થો છે તેમનું ગ્રહણ કરવામાં આવ્યું છે. તેમની સાથે સંગમની ઇચ્છાનો ઉદ્ભાવક આ શૃંગાર રસ હોય છે. (मंडणविलासविब्बोय, हास, लीला रमणलिंगो) અલંકારોથી શરીરને સુસજ્જિત-અલંકૃત-કરવું તેનું નામ ' મંડન ' છે. પ્રિયની પાસે જતાં જે સ્થાન, આસન, ગમન અને વિલોકનમાં વિકાર તેમજ ઔચિંતા-ક્રોધ, સ્મિત, ચમત્કાર, મુખવિકૃલવન હોય છે, તે વિભ્રમ છે અભિમતની પ્રાપ્તિમાં પણ ગર્વ (અહંકાર)થી અનાદર કરવો, તેમજ અપરાધીનું સ્રક-માળા-ચંદન વગેરેથી સંયમન કરવું, તાડન કરવું વિબ્બોક છે હાસ્ય-હસવું સકામ ગમન અને ભાવિત જે રમણીય ચેષ્ટાઓ છે, તે ' લીલા ' છે. અથવા જે સ્ત્રી પ્રિયસમાગમ મેળવી શકી નહીં તેવી સ્ત્રી પોતાના ચિત્તને પ્રસન્ન કરવા માટે પ્રિયના વેષનું ગતિનું દૃષ્ટિનું, હાસ્યનું, વાણીનું અનુકરણ કરે છે, તે ' લીલા ' છે.

ક્રીડા કરવી તે રમણ કહેવાય છે મંડન, વિલાસ, વિબ્બોક, હાસ્ય, લીલા તેમજ રમણ આ સર્વે શૃંગાર રસના ચિહ્નો છે.

હવે સૂત્રકાર (સિંગારો રસો જહા) શૃંગારરસ જેનાથી જણાય છે તેનું આ ગાથા વડે કથન કરે છે. (સામા) "श्यामा षोडशवार्षिकी" આ કથન મુજબ કોઈ સોળ વર્ષની અવસ્થાવાળી તરુણવયસ્કા-સ્ત્રી (सदुहामं) क्षुद्रघंटिका-ઓથી મુખરિત તેથી (जुवाणाणं) યુવકોના (हियउम्मादणकरं) હૃદયોને પ્રબલતમ સ્મર પીડાથી યુક્ત કરીને ઉન્મત્ત કરનાર (मेहला दामं) પોતાના કટિસૂત્રને (मदुरविलासमुल्लसियं) કામુકોના હૃદયને આહ્લાદક હોવા બદલ મધુર લાગે તેવા વિલાસો-સકામ ચેષ્ટા વિશેષોથી અતિશય મનોહારી લાગે તેમ (दाएती) તેને બતાવે છે. આ શૃંગાર રસમાં શૃંગાર પ્રધાન ચેષ્ટાઓનું પ્રતિપાદન થાય છે એથી આને શૃંગાર રસ કહેવામાં આવે છે. (धी धिमं सिंगारं) આ ઉપરોક્ત સ્વરૂપવાળા શૃંગાર રસને ધિક્કાર છે, ધિક્કાર છે. (जो उ) કેમ કે એ (साहूणं) સાધુ જનોને સર્વ વિરતિ સંપન્ન મુનિજનોના માટે (विवज्जियव्वो) ત્યાજ્ય કહેવામાં આવ્યો છે. કેમ કે આ (मोक्खगिह-अग्गलाओ) મોક્ષરૂપી ઘરની અર્ગલા છે. એથી (मुणिहि इमो नायरियव्वो) મુનિજનો આ રસનું સેવન કરે નહીં. ॥સૂ૦૧૭૧॥

હવે સૂત્રકાર લક્ષણ સહિત ત્રીજા અદ્‌ભુત રસનું કથન કરે છે—

"विम्हयकरो अपुव्वो अनुभूयपुव्वो" ઇત્યાદિ—

શબ્દાર્થ-(अपुव्व) પૂર્વે કોઈ પણ દિવસે ન અનુભવેલ અથવા તો

લક્ષણસહીત અદભુતરસકા નિરુપણ

(अनुभूयपुव्वो) અનુભવેલ (विम्हयकरो) કોઇ પણ અદ્‌ભુત પદાર્થને જોઇને જે આશ્ચર્ય થાય છે, તે આશ્ચર્યને ઉત્પન્ન કરનાર તે પદાર્થ વિસ્મયકારી કહેવાય છે. તેમજ તેના વડે જે રસ ઉત્પન્ન થાય છે, તે રસ પણ વિસ્મયકર કહેવાય છે આ અદ્‌ભુત રસનું લક્ષણ હર્ષ અને વિષાદની ઉત્પત્તિ થવી તે છે આશ્ચર્યોત્પાદક કોઇ શુભ વસ્તુને જોવાથી હર્ષ ઉત્પન્ન થાય છે. અને અશુભ વસ્તુને જોવ.થી વિષાદની ઉત્પત્તી થાય છે. એથી આ અદ્‌ભુત રસ આ બન્ને ચિહ્નો યુકત હોય છે. હવે સૂત્રકાર આ રસને જાણવા માટે ઉદાહરણો પ્રસ્તુત કરે છે. તેઓ કહે છે કે (अब्भुओ रसो) આ અદ્‌ભુત રસ આ પ્રમાણે છે-(जहा) જેમ કે (अब्भुयतरमिह एत्तो अन्नं किं अत्थि जीवलोगंमि) આ જીવલોકમાં એના કરતાં બીજી કઇ નવાઈ પમાડે તેવી વાત છે. કે (जं जिणवयणे तिकाल जुत्ता अत्था मुणिज्जंति) જે જિન વચનમાં સ્થિત ત્રિકાલ-અતીત-અનાગત અને વર્તમાનકાલીન સર્વ

સૂક્ષ્મ વ્યવહિત અને તિરોહિત પદાર્થો જાણી લેવાય છે સ્વભાવ વિપ્રકૃષ્ટ પરમાણુ વગેરે પદાર્થો સૂક્ષ્મ છે. કાલવિપ્રકૃષ્ટ રામ-રાવણ વગેરે પદાર્થો વ્યવહિત છે, દેશવિપ્રકૃષ્ટ સુમેરુપર્વત વગેરે પદાર્થો તિરોહિત છે. આ પ્રમાણે જેટલાં આગમ કથિત ત્રિકાલવર્તી અતીન્દ્રિય અને અમૂર્ત સ્વરૂપ જીવાદિ પદાર્થો છે, તે સર્વે જિન વચનના પ્રભાવથી પ્રત્યક્ષ તેમજ પરોક્ષ રીતે જાણી લેવાય છે. ॥સૂ૦૧૭૨॥

હવે સૂત્રકાર ચતુર્થ રૌદ્ર રસનું લક્ષણ સહિત કથન કરે છે—

" भयजणणरूव " ઇત્યાદિ—

શબ્દાર્થ-(भयजणणरूवसद्दंधयारचिंता कहा समुप्पण्णो) ભયોત્પાદક રૂપ, શબ્દ અને અંધકારની સ્વરૂપ પર્યાલોચના રૂપ સ્મૃતિથી, સ્વરૂપ કથન રૂપ કથાથી દર્શનથી ઉત્પન્ન થયેલ (संमोहसंभमविसायमरणलिंगो) તેમજ વિવેકરાહિત્ય રૂપ સંમોહ, વ્યાકુલતા રૂપ સંભ્રમ, શોકરૂપ વિષાદ અને પ્રાણ વિસર્જન રૂપ મરણ આ ચિહ્નો યુક્ત (रोद्दो रसो) રૌદ્ર રસ હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે આ રૌદ્ર રસ ભયોત્પાદક રૂપ વગેરેના સ્મરણથી ઉત્પન્ન થાય છે. આ સંમોહન ચિહ્નોથી જાણવામાં આવે છે મારૂં આ પ્રદેશમાં સમાગમન ઉચિત નથી, આ પ્રમાણે ચિંતા કરવી તે વિષાદ છે. ગજસુકુમાલને મારનાર સોમિલ બ્રાહ્મણની જેમ ભયોદ્વિગ્ન વ્યક્તિના પ્રાણોનું જે જલ્દી ઉત્ક્રમણ છે, તે મરણ છે.

શંકા-ભયોત્પાદક રૂપાદિકોને સ્મરણથી, કથનથી અને દર્શનથી ઉત્પન્ન થયેલ સંમોહાદિ લક્ષણોવાળો ભયાનક રસ જ હોય છે, ત્યારે એને રૌદ્ર રસ રૂપ શા માટે કહેવામાં આવ્યો છે ?

ઉત્તર-જો કે તમારા કહ્યા મુજબ તો આ ભયાનક રસ જ છે છતાં એ પિશાચ વગેરે રૌદ્ર વસ્તુને જોવા વગેરેથી તે ઉત્પન્ન થાય છે, એથી આમાં રૌદ્રત્વ વિવક્ષિત છે. કિંચ શત્રુજન વગેરેના દર્શનથી, તેમનું શિરશ્છેદન કરવા માટે તત્પર થયેલ વ્યક્તિઓને અને બકરા, સૂકર તેમજ કુરંગ-હિરણ વગેરે જાનવરોની હિંસા કરવા માટે પ્રવૃત્ત થયેલ વ્યકિતઓના જે રૌદ્ર રસ પરિણામ હોય છે અને જે ભ્રકુટી-ભંગ વગેરે ચિહ્નોથી જાણવામાં આવે છે તે પણ આ રૌદ્રરસ સ્વરૂપ જ હોય છે. માટે ઉપલક્ષણથી રૌદ્રરસ અહીં જ જાણવો જોઇએ નહિતર, રૌદ્રાધ્યવસાય રૂપ રૌદ્રરસ નિરાશ્રય માનવો પડશે એથી રૌદ્ર પરિણામ યુક્ત પુરૂષની ચેષ્ટાઓનું પ્રતિપાદક ઉદાહરણ જ અહીં સૂત્રકારે કહ્યું છે. ભય સંત્રસ્ત વ્યક્તિની ચેષ્ટાઓનું પ્રતિપાદન કરનાર

ઉદાહરણ તો પોતાની મેળે જ જાણી લેવું જોઇએ. જે રીતે રૌદ્ર રસનું જ્ઞાન થઇ શકે છે હવે સૂત્રકાર (રોદ્દોરસો જહા) તે પ્રમાણ આ પદો વડે ઉદાહરણો પ્રસ્તુત કરીને સ્પષ્ટ કરે છે. જેમ કે-(ભિउडी विडंबियमुहो संदट्ठोट्ठइयरुहिरमाकिण्णो) પશુ હિંસા માટે તત્પર થયેલા કોઇ ઘાતક માણસને કોઇ ધર્માત્મા પુરૂષ આ પ્રમાણે કહે કે અરે! આ તારૂં મોં ભમ્યું ભ્રુકુટીઓથી વિકરાલ બની રહ્યું છે-ક્રોધ વગેરેના આવેગથી તારા દાંત અધરોષ્ઠોને ભીંસી રહ્યા છે તારૂં શરીર લોહીથી ખરડાઈ રહ્યું છે. (भीमरसिय) તારા વચનો અતી ભયોત્પાદક છે. એથી મહાભયજનક શબ્દો બોલનાર તું, (असुरनिभो) અસુર જેવો થઇ ગયો છો અને (पसुं हणसि) પશુની હત્યા કરી રહ્યો છો. એથી (अइरोद्द) અતિશય રૌદ્ર રૂપ ધારીતું (रोद्दोऽसि) રૌદ્ર-પરિણામથી યુક્ત હોવા બદલ રૌદ્રરસ રૂપ છો તો તું યાદ રાખ કે નરકનિગોદ વગેરેના દુઃખો ભોગવવા પડશે. ॥સૂ૦૧૭૩॥

લક્ષણસહીત વ્રીડનકરસ કા નિરુપણ

હવે સૂત્રકાર પાંચમા વ્રીડનક રસનું લક્ષણસહિત કથન કરે છે—

"विणओवयारगुज्झ" ઇત્યાદિ—

શબ્દાર્થ-(विणओवयारगुज्झगुरुदारमेरावइक्कमुप्पण्णो) વિનય કરવા યોગ્ય માતાપિતા વગેરે ગુરુઓની સાથે અવિનયપૂર્ણ વ્યવહાર કરવાથી, મિત્ર વગેરેની ગુપ્ત વાત વગેરે રૂપ રહસ્યને બીજાઓની સામે પ્રકટ કરવાથી તેમજ પિતૃવ્ય (કાકા) અને કલાચાર્ય વગેરે માન્યજનોની ધર્મપત્નીઓ સાથે ઔચિત્યપૂર્ણ વ્યવહારના અતિક્રમ કરવાથી આ વ્રીડનક રસ ઉત્પન્ન થાય છે. (लज्जा संका करणलिंगो) લજ્જા અને શંકા ઉત્પન્ન થવી તે આ રસનું ચિહ્ન છે. એવો વ્રીડનક નામે રસ હોય છે. તાત્પર્ય આ પ્રમાણે છે કે વિનય યોગ્ય પૂજ્ય માતાપિતા વગેરે ગુરૂજનો સાથેનો ઉચિત વિનયોપચાર જ્યારે સ્વજનો વડે ઉલ્લંઘિત થાય છે ત્યારે તેમને લજ્જાની અનુભૂતિ થાય છે. તેઓ વિચાર કરે છે, કે 'અરે! અમે માતાપિતા વગેરેનું અપમાન કર્યું છે.' તેમજ માણસ પોતાના મિત્રોની ગુપ્ત વાત જ્યારે બીજાને કહે છે ત્યારે તેને ગુપ્ત વાત કહ્યા બાદ લજ્જાની અનુભૂતિ થાય છે અને તે વિચાર કરે છે કે 'અરે! મેં દુરાત્માએ આ કામ શું કામ કર્યું?' આ પ્રમાણે તે વ્રીડનક રસ ઉત્પન્ન થાય છે લજ્જામાં મસ્તક નીચે થવું અને શરીર સંકુચિત કરવું થાય છે 'મને કોઇ કંઈ કહેશે તો નહીં?' આ પ્રમાણે મનમાં જે આશંકાઓ ઉત્પન્ન થાય છે તે 'શંકા' છે લજ્જા અને શંકા ઉત્પન્ન થવી તેજ વ્રીડનક રસનું લક્ષણ છે આ રસનું જ્ઞાન કેવું હોય છે, સૂત્રકાર તે વિષયમાં કહે છે કે 'આ વ્રીડનકરસ આ પ્રમાણે છે. જેમ કે (किं लोइयकरणीओ लज्जणीअतरंति लज्जया मुत्ति) આ લૌકિક વ્યવહારથી વધારે કઇ લજ્જાસ્પદ વાત થઇ શકે છે? 'મને તો એનાથી બહુજ શરમ આવે છે.' (वारिज्जम्मि गुरुजणो परिवंदइ जं वहुप्पोतं) મને તો આનાથી બહુજ શરમ આવે છે (वारिज्जम्मि गुरुजणो परिवंदइ जं वहुप्पोत्त) વધૂ-વરના પ્રથમ-સમાગમ પછી ગુરૂજનો-સાસુસસરા વગેરે-વહુએ પહેરેલા વસ્ત્રના વખાણ કરે છે. આ ગાથાનું અવતરણ આ પ્રમાણે છે-કોઈ એક

કુલમાં એવી પ્રથા છે કે જ્યારે સુહાગરાત્રિમાં વધૂવરનો પ્રથમ-સમાગમ થાય છે ત્યારે તે સંગમમાં જે વધૂએ પહેરેલું વસ્ત્ર લોહીવાળું થઈ જાય છે તો તેથી એમ માનવામાં આવે છે કે તે સ્ત્રી પહેલા અકૃતસંગમાં રહી છે. એથી તે સતી છે. એવું લોકો માને છે તેથી વધૂના તે લોહીથી ખરડાયેલા વસ્ત્રને તેના સતીત્વની પ્રસિદ્ધિ માટે દરેકે દરેક ઘરમાં બતાવવામાં આવે છે તેના શ્વસુર વગેરે ગુરૂજનો ભારે સન્માનપૂર્વક તે વસ્ત્રોના ખૂબજ વખાણ કરે છે. આ જાતના લોકાચારને અનુલક્ષીને કોઇ એક વધૂના વસ્ત્રને ગુરૂજનો વડે પ્રશંસિત થતું જોઇને તે વધૂએ પોતાની સખીને આ પ્રમાણે કહ્યું છે કે– "किं लोइयकरणीओ इत्यादि" ॥सू०१७४॥

જૈનાચાર્ય શ્રી ઘાસીલાલજીમહારાજકૃત 'અનુયોગદ્વાર સૂત્ર' ની અનુયોગ-ચન્દ્રિકાટીકાનો પહેલો ભાગ સમાપ્ત.